

# શ્રી ભગવતી સૂત્ર સાર સંગ્રહ

ભાગ ત્રીજો

શાસનપતિ શ્રી મહાવીરસ્વામિને નમઃ
શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરાય નમઃ

# શ્રી ભગવતી સૂત્ર સાર સંગ્રહ
## ભાગ ત્રીજો
## ( શતક ૧૨ થી ૨૦ )




[illegible]
મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજના શિષ્યરત્ન
ન્યાય-વ્યાકરણ-કાવ્યતીર્થ
પંન્યાસ શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ
( કુમાર શ્રમણ )

પ્રકાશક :
**શ્રી જગજીવનદાસ કસ્તૂરચંદ શાહ**
C/O. શ્રી વિદ્યાવિજયજી સ્મારક ગ્રંથમાળા
Po. સાઠંબા ( સાબરકાંઠા )
વાયા : ધનસુરા A. P. Ry.

પ્રથમાવૃત્તિ : ૨,૦૦૦
ઇ. સ. ૧૯૭૯ : વિ. સં. ૧૯૩૫
વીર સં. ૨૫૦૫ : ધર્મ સં. ૫૭

*

**મૂલ્ય : રૂપિયા દસ**

મુદ્રક :
શાહ ગિરધરલાલ ફુલચંદ
સાધના મુદ્રણાલય
દાણાપીઠ પાછળ
ભાવનગર ૩૬૪૦૦૧



# સમર્પણ

શાંત સ્વભાવી, પ્રસન્નચિત્ત,

સમાજ હિતેચ્છુ,

પરમ પૂજ્ય

જૈનાચાર્ય

૧૦૦૮

**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના**

કરકમળોમાં

भाषानुवाद पूर्णोऽयं, सम्यग्दृष्टया विवेचितः ।
ग्रन्थः तार्तीयिको भागः पञ्चमाङ्गस्य पावनः ॥१॥

धर्म भक्ति सुशिष्यस्य जैनाचार्यस्य धीमतः ।
समर्प्यंते मया प्रेम्णा प्रेमसूरेः कराम्बुजे ॥२॥

विंशति शतक यावत् ग्रन्थेऽस्मिन् मे परिश्रमः ।
त्वदाशिषा सुसम्पन्नः भवत्वग्रेऽपि सा सदा ॥३॥

ભવદીય,

પં. પૂર્ણાનંદવિજયઃ

# जैनी वाणी स्तुति

जीयात् जीयात् सदा जीयात् जैनी वाणी जगत्त्रये ।
संसारताप दग्धानां जीवानां सौख्यदायिनी ।।१।।

महाधीरा च गम्भीरा त्रिलोकी द्रव्यसाधिका ।
वाणी तीर्थकृतां मान्या देवदानवमानवैः ।।२।।

अर्हद्‌वक्त्रप्रसूता या कर्मौघदाहने क्षमा ।
मोह क्रोध शमे मुख्या मोक्षमार्ग विधायिका ।।३।।

सन्मतिज्ञानलाभार्थे भाषानुवाद गुम्फिता ।
व्याख्याप्रज्ञप्तिः पूज्या सा पूर्णानन्दं ददातु मे ।।४।।

जैनीवाणी प्रथयतु सुख मादृशेभ्यो जनेभ्यः,
पूर्णानन्दा जिनवरमुखे शोभमाना सदैव ।
पापासक्तैर्विनय रहितैः क्रोधमायासुबद्धैः,
सेव्या पूज्या नहि भवति या दुर्जनैः सा सतीव ।।५।।

જગત્પૂજ્ય સ્વ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.



# विजयधर्मसूरी स्तुति

जातो यन्मुखभाभरैरभिभवाद् म्लानोऽन्तरिन्दुः शुचा
यद् देहद्युतितोज्जलन्नतितरां भस्मीबभूवस्मरः ।
यद् भाग्यार्जन चिन्तया सुरगणोऽस्वप्नोऽविनिद्रोऽभवत्
ज्ञानाद्वैतमतं पुनः प्रकटितं व्याप्तेर्भुवो यद्धिया ॥१॥

प्रौढप्रतापभाजो जगदुपकारा जयन्ति ते गुरवः ।
शास्त्रविशारद जैनाचार्य श्री विजयधर्मसूरीन्द्राः ॥२॥

प्रमाणपरिभाषा टीकाकार
न्यायविशारद, न्यायतीर्थ
मुनिराज श्री न्यायविजयजी



# ગુરુ વંદના

—બ્રહ્મચર્યધર્મની સાધનાથી જેમના મન, વચન અને શરીર પ્રબળ પુરૂષાર્થમય હતાં.

—આગમજ્ઞાન દ્વારા જેઓ પ્રવૃત્તિશીલ હોવા છતાં પણ પોતાના આત્મામાં સુવ્યવસ્થિત હતાં.

—સ્વાર્થત્યાગપૂર્વક જેઓ પરાર્થવ્યસની હતાં.

—જેમની વાણીમાં મીઠાસ, આંખોમાં ઓજ, કપાળમાં ચમક, હૃદયમાં દયા, હોઠ પર સરસ્વતી અને હાથમાં લક્ષ્મીદેવીનો વાસ સદૈવ હતો.

—જેમના જીવનમાં અહિંસાનો પ્રચાર, સંયમનું સ્થાપન અને તપનું આરાધન મુખ્ય હતું.

તે

પરમ પૂજ્ય ગુરુદેવ ૧૦૦૮
શ્રી વિદ્યાવિજયજી મહારાજને
મારી
ભાવભરી વંદના હોજો.

લી. સેવક
પૂર્ણાનંદવિજય



શાસનદીપક સ્વ. ગુરુદેવ શ્રી વિદ્યાવિજયજી મહારાજ



# લેખકીય નિવેદન

શતક ૧૨ થી ૨૦ સુધી વિસ્તૃત અને સર્વગ્રાહ્ય વિવેચનથી પૂર્ણ 'ભગવતી સૂત્ર સાર સંગ્રહ'નો ત્રીજો ભાગ પ્રકાશિત થતાં મારા આનન્દની સીમા રહેતી નથી. ૪૨ વર્ષના ચારિત્ર પર્યાયમાં જૈન વાણીમાં સર્વ શ્રેષ્ઠ દ્વાદશાંગી અને તેમાં પણ ભગવતીસૂત્રની યત્કિંચિત્ અંશે પણ હું સેવા કરી શકયો છું તથા પંડિતોથી લઇ સર્વસાધારણ જ્ઞાન જિજ્ઞાસુઓને એક ઉત્તમોત્તમ ભેટ આપી રહ્યો છું માટે આવા પવિત્ર કાર્યમાં મને શા માટે આનન્દ ન થાય? તેમ છતાં મારા કાર્યમાં જે ભાગ્યશાળીઓનો મને સહકાર મળ્યો છે તેમનો સૌનો હું ઋણી છું.

(૧) સ્વપ્નમાં પણ શ્રદ્ધેય, ધ્યેય, સ્મરણીય પરમપૂજ્ય ગુરુદેવશ્રી વિદ્યાવિજયજી મ.નો અસીસ આશીર્વાદ મારા ક્ષયોપશમનું મુખ્ય કારણ બન્યું છે તે વિના મારા જેવા નિઃસહાય અને પ્રમાદીને આવો ઉત્સાહ કયાંથી આવે?

(૨) મને બોલતો બંધ કરીને લેખનકાર્યમાં ઉતારનાર સ્વ. મનસુખલાલ મહેતા, આનાથી પહેલા પ્રકાશિત થયેલા ભગવતીસૂત્રના પ્રકાશકો, લેખકો તથા મારા કાર્યને પ્રોત્સાહિત કરનારા મુંબઇના સંઘો તથા બીજા પુણ્યશાલીઓનું સ્મરણ ભૂલાય તેમ નથી.

(૩) મારી વિનંતીને માન્ય કરી પ્રેસ કોપીનું ચેકિંગ તથા પ્રસ્તાવના લખી આપનાર પૂજ્ય આચાર્ય શ્રી વિજય-કીર્તિચન્દ્રસૂરીશ્વરજીનો ઉપકાર શી રીતે ભૂલાય ?

(૪) મને ભગવતીસૂત્રના યોગોદ્વહન કરાવનાર પૂજ્ય શાંતમૂર્તિ જૈનાચાર્ય શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ. તથા વિજય સુબોધસૂરીશ્વરજી મ.ની સ્મૃતિ ભૂલાય તેમ નથી.

(૫) મારા વિવેચનમાં ભગવતીસૂત્ર મૂળ અને ટીકાનો સંપૂર્ણ ભાવ ઉતારવામાં, તેમજ મારી યથામતિએ ન્યાય આપવામાં, મેં પ્રમાદ કર્યો નથી. તેમ છતાં મતિ અજ્ઞાનના કારણે યા પ્રેસ દોષના કારણે ક્ષતિ રહી ગઈ હોય તો વાંચકો દરગુજર કરે. વિવેચન કેવું રહ્યું છે ? તેનો નિર્ણયતો સારતત્ત્વને ગ્રહણ કરનારા વાંચકો જ જાણી શકશે ?

છેવટે મને બધી રીતે સહાયક થનારા વડિલોનું અભિવન્દન તથા બીજા સૌનું અભિનન્દન કરીને વિરામ પામું છું.

શાસનમાતા શ્રી પદ્માવતી માતાને મારી પ્રાર્થના છે કે, હું ચોથા ભાગમાં ભગવતીસૂત્રની પૂર્ણાહુતિ કરી શકું તે માટે મારા સહાયક બનજો.

૨૦૩૫, આષાઢી પૂર્ણિમા
શાંતાવાડી જૈન ઉપાશ્રય,
અંધેરી (વેસ્ટ), મુંબઈ-૫૮
પીન કોડ નં. ૪૦૦ ૦૫૮

લી.
પં. પૂર્ણાનન્દવિજય
(કુમારશ્રમણ)

પહેલા ભાગના
ઉદ્ઘાટન પ્રસંગે
ારીવલી–જામલીગલી)

ગ્રન્થ લેખક
તથા
ઉદ્ઘાટક શ્રીમાન્
ખુબચંદ રતનાજી



# પ્રકાશકીય નિવેદન

વાચકોના કરકમળમાં અમારૂં નિવેદનપત્ર મુકતાં અમને આજે આનંદનો પાર નથી. કેમકે નાનકડું અમારૂં ગામ અને સંઘ પણ નાનો છતાં અમારો ઉત્સાહ અત્યધિક હોવાથી, પરમ પૂજ્ય પંન્યાસજી શ્રી પૂર્ણાનંદવિજયજી (કુમારશ્રમણ) તથા વયોવૃદ્ધ મુનિરાજ શ્રી દેવવિજયજી મહારાજની પ્રેરણા પ્રાપ્ત કરીને અમારા સંઘે 'શ્રી વિદ્યાવિજયજી સ્મારક ગ્રંથમાળા' નામની સંસ્થા ઉભી કરી, તે સમયે અમારી હરણફાળનો ખ્યાલ અમને ક્યારેય આવેલો ન હતો કે સમાજને અતીવ ઉપયોગી નાના મોટા પ્રકાશનો સાથે દ્વાદશાંગીમાં સર્વશ્રેષ્ઠ, અર્થગંભીર, દ્રવ્યાનુયોગપૂર્ણ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ (ભગવતી સૂત્ર) ઉપર વિશાળ, વિશદ અને સર્વગ્રાહ્ય વિવેચનાત્મક ગ્રંથની અભૂતપૂર્વ ભેટ કરવાનો અવસર અમને પ્રાપ્ત થશે.

પરંતુ જીવનમાં સત્યશ્રદ્ધા, શાસનની વફાદારી અને ચતુર્વિધ સંઘની યથાશક્તિ સેવા કરવાનો નિખાલસ ભાવ વર્તતો હોય તો તે કાર્યોમાં શાસનદેવની કૃપા ઉતર્યા વિના કોઇ કાળે રહેતી નથી, અમારા માટે આમ જ થયું છે અન્યથા ભગવતી સૂત્ર સાર સંગ્રહના ત્રીજા ભાગનું પ્રકાશન કરવા માટે આવો અપૂર્વ લાભ અમને ક્યાંથી મળી શકવાનો હતો ?

બે ભાગ પ્રકાશિત કર્યા પછી તે ગ્રંથોની પ્રશંસાના પત્રો અને ઓર્ડરો પણ અમને મળતા રહ્યાં છે, પરિણામે અમારો ઉત્સાહ વધતો જ ગયો અને આજે શતક ૧૨ થી ૨૦ સુધીનો

ત્રીજો ભાગ ચતુર્વિધ સંઘના કરકમળોમાં અર્પિત કરી રહ્યાં છીએ. આશા અને વિશ્વાસ છે કે બંને ભાગની માફક આ પ્રસ્તુત ગ્રંથ પણ પ્રશંસનીય બનશે.

સ્વર્ગમાં બિરાજમાન, પરમ પૂજ્ય, ગુરુદેવ શ્રી વિદ્યાવિજયજી મહારાજનો અસીમ ઉપકાર અમારો સંઘ ક્યારેય ભૂલી શકે તેમ નથી. તેવી રીતે તેમના વરદ્ હસ્તે વિ. સં. ૧૯૯૪ના માગસર સુદિ ૧૦ના પવિત્ર દિવસે કરાંચી (સિંધ) મુકામે દીક્ષિત પંન્યાસજી શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ પણ ભૂલાય તેમ નથી.

શાસનદેવને ફરી ફરી એક જ પ્રાર્થના છે કે અમને તથા અમારા સાંઠબા સંઘને ઉત્તમોત્તમ સાહિત્યસેવા કરવાનો લાભ મળતો રહે.

અમારી પ્રવૃત્તિમાં સહાયક સંઘોનો તથા વ્યક્તિ વિશેષ પુણ્યશાલિઓનો અમે આભાર માનીએ છીએ અને પ્રાર્થીએ છીએ કે ભવિષ્યમાં પણ અમારી સેવાની કદર કરતા રહે.

ભાવનગર સાધના મુદ્રણાલયના માલિક શ્રી ગિરધરભાઇએ આ કામ પોતાનું સમજીને શીઘ્રતાથી કરી આપ્યું છે તે માટે આભાર.

જેકેટ ઉપરનો ત્રિરંગી સમવસરણનો બ્લોક પરમપૂજ્ય શાંતસ્વભાવી, જૈનાચાર્ય શ્રી દુર્લભસાગરજી મહારાજની અસીમ કૃપાથી અમે મેળવી શક્યા છીએ, તે માટે તેમનો ઉપકાર ભૂલાય તેમ નથી.

લી. જગજીવનદાસ કસ્તૂરચંદ શાહ
પ્રકાશક
સાઠંબા (સાબરકાંઠા)

સં. ૨૦૩૫,
આષાઢી પૂર્ણિમા

# પ્રસ્તાવના

શ્રી ભગવતીસૂત્ર સાર સંગ્રહના ભાગ ૧-૨ દળદાર ગ્રન્થરૂપે આ પહેલા પ્રગટ થઈ ચૂકયા છે અને હવે આ ત્રીજો ભાગ પણ લગભગ ૬૦૦ પૃષ્ઠોનો દળદાર-આકરગ્રન્થ તરીકે પ્રગટ થઈ જિજ્ઞાસુઓના કરકમળમાં રજૂ થઇ રહ્યો છે.

વિદ્વદ્વર્ય પંન્યાસજી શ્રી પૂર્ણાનન્દવિજયજી ગણીવરને તાત્ત્વિક વિષયને સરળ અને સાદી ભાષા શૈલીમાં રજૂ કરવાની કળા હસ્તગત થઇ છે, જેથી પ્રથમના બંને ભાગોની જેમ આ તૃતીય ભાગ પણ આ વિષયના જિજ્ઞાસુઓને ખૂબ જ ગમી જશે એ હકીકત છે.

શ્રી ભગવતીજી સૂત્ર એટલે દ્રવ્યાનુયોગનો અજોડ ખજાનો. મુખ્યત્વે ભગવતીજીમાં દ્રવ્યાદિ પદાર્થોની ઝીણવટભરી તાત્ત્વિક ચર્ચા-વિચારણા કરવામાં આવી છે, જો કે આમાં ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને કથાનુયોગ પણ પ્રસંગે પ્રસંગે નજરે ચડે છે, પણ તે ગૌણ છે.

શ્રી ભગવતી સૂત્ર સાર સંગ્રહના પહેલા, બીજા તથા આ ત્રીજા ભાગમાં પ્રથમ શતકથી લઈ વીસ શતક સુધીનું વિશદ વિવેચન કરવામાં આવ્યું છે. જયાં જેવું વિવેચન કરવું ઘટે ત્યાં તેવું વિશિષ્ટ વિવેચન પંન્યાસપ્રવરજીએ કર્યું છે અને જયાં ટૂંકાવવું જોઇએ ત્યાં ટૂંકાવ્યું પણ છે.

શ્રી ભગવતીજી સૂત્ર જેવા જટિલ અને ગહન વિષય પર કલમ ચલાવવી એ કંઇ સામાન્ય સાધુનું કામ નથી, તો તેના ઉપર લોકભોગ્ય અને વિદ્વદ્ભોગ્ય શૈલિમાં અને તેમાં પણ

શાસ્ત્ર અને સિદ્ધાંતને વળગી રહી, વફાદાર રહી વિશિષ્ટ અને તે પણ બોધપ્રદ તથા રસ શૈલિમાં નિરૂપણ-પ્રરૂપણ-વિવેચન કરવું એ કેટલું કઠિન અને કપરૂં કાર્ય છે, આ વસ્તુ સાધારણ જનતા ન સમજી શકે એ સ્વાભાવિક છે; માટે જ કહ્યું છે કે—

"વિદ્વાન્ એવ હિ જાનાતિ વિદ્વજ્જન પરિશ્રમમ્,
નહિ વન્ધ્યા વિજાનાતિ ગુર્વી પ્રસવવેદનામ્."

આવા ભગીરથ કાર્યમાં ગુરુકૃપા, શારદામૈયાની મહેર, જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષયોપશમ, અવિરત પરિશ્રમ, ખંત, ચીવટ અને કંઇક કરી છુટવાની તમન્ના ને ધગશ જોઇએ ત્યારેજ આવા શુભ કાર્યો નિર્વિઘ્ને પાર પડે છે, નહિતર "સારા કામમાં સો વિઘન" આદર્યા અધુરા રહે, એવું પણ બને છે.

વિવેચન પદ્ધતિમાં ભાષાનો ખોટો આડંબર કે વિદ્વતાનો ડોળ કરવામાં આવ્યો નથી. ભાષાશૈલિ સરળ, ગંગાના પ્રવાહની જેમ સ્વચ્છ અને સુંદર હોઈ આ ગ્રંથ આ વિષયના જ્ઞાન-પિપાસુ-જિજ્ઞાસુઓ માટે આશીર્વાદરૂપ નીવડશે એમ નિઃસંદેહ હું કહી શકું છું.

માતા જેમ બાળક પરના વાત્સલ્યથી ભોજનનો કોળીયો તયાર કરી એના મુખમાં મૂકે છે અને બાળક ગટક કરતો ગળે ઉતારી દે છે, તેમ લેખકે વાંચકો જિજ્ઞાસુઓ અને તત્ત્વ-પિપાસુઓ ઉપર અપાર ને અનહદ કરૂણા દાખવી વિષયને સાદી સરળ શૈલિમાં રજૂ કર્યો છે જેથી સ્હેલાઈથી સૌ કોઈ સમજી શકે અને તેનો લાભ લઈ શકે.

વર્તમાનકાળે આવા તાત્ત્વિક ને સાત્ત્વિક વિષયોની જિજ્ઞાસામાં ઘણી મોટી ઓટ આવી છે. જનતાને કથા-વાર્તા,

ટોળ ટપ્પા, ડીટેક્ટીવ કે શ્રૃંગારિક કાલ્પનિક નોવેલ–ઉપન્યાસ વગેરે વધુ ગમે છે, એનું વાંચન વધવાથી જનમાનસ વધુ ને વધુ વિકૃત બનતું જાય છે. જનતા આજે ઉલ્ટી ગંગાના પ્રવાહની જેમ ઉન્માર્ગે જઈ રહી છે.

દ્રવ્યાનુયોગના ઠોસ જ્ઞાતા તથા તેના વિવેચન કર્ત્તા વિદ્વાનો અતિ અલ્પ સંખ્યામાં છે, કારણ કે લોકરુચિ વ્યાવહારિક જ્ઞાન પ્રત્યે વધી રહી છે. B.A.,M.A.,C.A., ડોકટર, પ્લીડર અને માનવને લીડર બનવું છે. આ વ્યાવહારિક જ્ઞાનને ઉત્તેજન આપનારાઓની સંખ્યા વધી રહી છે. આ જ કરવા જેવું છે, જાણે આમાં જ ધર્મ છે, એમ સમજાવવામાં આવે છે. "ભણશે નહિ તો ખાશે શું? ભણશે નહિ તો ભૂખે મરશે? પણ આજે ભણેલા ભૂખે મરે છે કે વગર ભણેલા? નાસ્તિકોનો રાફડો ફાટ્યો છે. વર્તમાન કોલેજ જેવી શિક્ષણ સંસ્થાઓ નાસ્તિકોના કારખાના જ સમજવા. પાશ્ચિમાત્ય વિદ્વાન મેકોલેની ધારણા સાચે જ પાર પડી રહી છે. "સા વિદ્યા યા વિમુક્તયે" એ સૂત્રનું રહસ્ય ભૂલાઈ ગયું છે. પેટતો કૂતરા પણ ભરે છે, એમાં નવાઈ નહિ, પરંતુ નવાઇ કે આશ્ચર્ય એમાં છે કે જે કોઈ કાળે કર્યું નથી. Eat, drink and be marry is not the motto of my life. બસ ખાવું અને ભોગવવું એ જ જીવનનો સાર નથી. કેમકે જાનવરો પણ ખાય છે પીવે છે અને ભોગ ભોગવે છે; જાનવર અને માનવ જીવનમાં ફરક શું? માનવ–મહામાનવ બનવા માટે સર્જાયો છે, નહિ કે જેમ તેમ જીવન પૂરુ કરવા. માનવે પોતાની બુદ્ધિ, શક્તિ અને સમજનો સદુપયોગ કરી જીવન વિકાસ–આત્મ વિકાસ આત્માની પ્રગતિ કરી ઉર્ધ્વગમન કરવાનું છે.

આજે હોટેલ, હોસ્પીટલ, હાઈસ્કૂલ ને હોસ્ટેલની જરૂર

જણાય છે પણ મૂળમાંથી રોગ જ નાબૂદ કરી દે તેવી સંસ્થા તેમને હંબગ લાગે છે. કેળવણીની કોણ ના પાડે છે? કેળવણીની અત્યંત જરૂર છે, રોટલી પણ કેળવાયેલી હોય તો તરત ગળે ઉતરી જાય છે, કેળવાયેલું જાનવર પણ સર્કસમાં કેવું અદ્ભૂત કાર્ય કરી બતાવે છે જેથી પ્રેક્ષકો પણ આશ્ચર્યમુગ્ધ બન્યા વિના રહેતા નથી. પણ આધુનિક કેળવણી આત્મજ્ઞાન વગરની હોઇ માણસ આત્માને ભૂલી જાય છે. આ ભારતીય સંસ્કૃતિ એટલે ભારત દેશમાં ઠેર ઠેર જ્યાં જૂઓ ત્યાં આત્મા, પરમાત્મા, ધર્મ, કર્મ, પુણ્ય અને પાપની ચર્ચા વિચારણા થતી હતી, ત્યાં આજે કેવળ ભૌતિકવાદની બોલબાલા બોલાઇ રહી છે, પાશ્ચિમાત્ય દેશના 'આઇન્સ્ટાઈન' જેવા પ્રસિદ્ધ વિદ્વાનો આજે આત્મા જેવા પદાર્થોને માનવા લાગ્યા છે. વિજ્ઞાનનો આવિષ્કાર કંઈ મુડદાઓએ કર્યો નથી. વિજ્ઞાનના વિકાસમાં વૈજ્ઞાનિકો હવે માનવા લાગ્યા છે કે આની પાછળ કોઈ અકળ, અગમ્ય, અદૃશ્ય પદાર્થ કામ કરી રહ્યો છે, જેને આપણે ચેતન કહીએ છીએ. ઇથર જેવા પદાર્થો માનીને ધર્માસ્તિકાય આદિ પદાર્થોની નજીક તેઓ આવી રહ્યા છે. સમયની સૂક્ષ્મતાને પીછાણવા લાગ્યા છે, પરમાણુની શોધમાં લાગ્યા છે. જેમ જેમ વિજ્ઞાન વધતું જાય છે તેમ તેમ પાશ્ચાત્ય દેશોના વિદ્વાનોને જ્ઞાન, ભાન અને શાન આવે છે કે : આપણી શોધ ઘણી અધૂરી છે.

તેમ છતાં પણ દ્રવ્ય, ગુણ અને પર્યાયનું સંપૂર્ણ જ્ઞાન સર્વજ્ઞ ભગવંત સિવાય બીજો કોણ ધરાવી શકે? માટે જ સર્વજ્ઞ પરમાત્મા, વીતરાગદેવ એ જ ઉપાસ્ય છે, આરાધ્ય છે અને એમના જ વચનો ટંકશાળી સો એ સો ટકા સાચા અને પ્રમાણ છે. આવી આસ્થા દૃઢ બનાવવી જોઇએ. અત્યારે મનઃપર્યવ

કે કેવળજ્ઞાન નથી પણ અવધિજ્ઞાન શકય છે; માટે જ દૂરના પ્રદેશોમાં આશ્ચર્યકારી ઘટનાઓ બનતી સાંભળી રહ્યા છીએ.

આવા વિષમય વિષમ કાળના વિષમ વાતાવરણમાં આપણા સાધુ-સંતોને સજાગ બનવાની જરૂર છે. કયાંક સુખદ અને પ્રશસ્ય પ્રયત્નો થઈ રહ્યાં છે એ આનંદની વાત છે પણ પાછા પોતાના માનેલા ચોકઠામાં જો ગોઠવાઇ જશે તો પાછું પરિણામ વિપરીત આવશે. 'સાક્ષરા યદિ વિપરીતા ભવન્તિ તર્હિ રાક્ષસા ભવન્તિ' એવી દશા ન થાય માટે ગળથૂથીમાં જ 'નમો લોએ સવ્વસાહૂણં' 'મિત્તી મે સવ્વ ભૂએસુ' કોઇ પક્ષ-વિપક્ષ, આગ્રહ-કદાગ્રહ કે હઠાગ્રહમાં ન તણાઇ જવાય તેનું પુરૂં ધ્યાન રાખવાનું છે.

વિદ્વાન પંન્યાસજી શ્રી પૂર્ણાનંદવિજયજી ગણીવરનું હૃદય આમ પોકારી ઊઠયું છે. એટલે તેમણે ચોકીદાર બની "જાગતા રેજો"ની રોન મારી ગાઢ નિદ્રામાં પોઢેલા માનવીઓને ડિંડિમ નાદે જગાડવાનો પ્રયત્ન કર્યો છે.

દ્રવ્યાનુયોગનો વિષય જ એવો સરસ છે કે, આત્મા તેના ચિંતન મનન અને નિદિધ્યાસનમાં તન્મય બની જાય, ઓતપ્રોત ને એકાગ્ર બની જાય માટે જ સહસ્રાવધાની સૂરિપુરંદર શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજે ચિત્તને સ્થિર કરવાના ઉપાયમાં અધ્યાત્મ કલ્પદ્રુમ જેવા મહાગ્રન્થમાં જણાવ્યું છે કે "સ્વાધ્યાય યોગૈશ્વરણ ક્રિયાસુ" એટલે સ્વાધ્યાય ધર્મ જ ચિત્તને એકાગ્ર કરવાનું અમોઘ સાધન છે. શ્રી માષતુષમુનિ સ્વાધ્યાયમાં લીન બનતાં કેવળજ્ઞાન પામી ગયા કારણ કે સ્વાધ્યાય એ ઉત્કૃષ્ટતમ આભ્યંતર તપ હોવાથી સંવર અને નિર્જરાનો પ્રકૃષ્ટતમકારક છે. માટે જ ઘડી બે ઘડી સ્વાધ્યાય કરવાની જરૂર છે. નવું

જ્ઞાન પ્રાપ્ત થાય, જૂનાનું પરિવર્તન થાય અને જેમ જેમ સમ્યગ્જ્ઞાન વધે તેમ તેમ વધુ ને વધુ તત્ત્વ જિજ્ઞાસા થાય તથા તત્ત્વજ્ઞાનમાં વૃદ્ધિ થાય, જે મિથ્યાજ્ઞાનને નાશ કરવાનું સબળ કારણ છે. સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રને શુદ્ધતમ બનાવવા માટે સમ્યગ્જ્ઞાનથી અતિરિક્ત એકેય બીજો માર્ગ નથી.

આ ત્રીજા ભાગના પ્રારંભમાં બારમા શતકના પ્રથમ ઉદ્દેશામાં પરમાત્મા મહાવીરસ્વામીની શ્રાવસ્તી નગરીમાં પધરામણી, જીવાદિ નવ તત્ત્વોનું નિરૂપણ, શંખ અને પુષ્કલી શ્રમણોપાસકનો અધિકાર આવે છે. લેખકે અત્રે જીવ અજીવાદિ નવે તત્ત્વોની ચર્ચા ટુંકમાં પણ મુદ્દાસરનું વર્ણન કર્યું છે. ત્યાર બાદ બુદ્ધ જાગરિકા, અબુદ્ધ જાગરિકા તથા સુદર્શન જાગરિકાના વર્ણનમાં કેવળજ્ઞાનીઓને પહેલી, સર્વવિરતિધરોને બીજી અને સમ્યગ્દૃષ્ટિ જીવોને ત્રીજી જાગરિકાનું વર્ણન છે. તે પ્રસંગે કષાયોની ભયંકરતા અને એના કટુ વિપાકનું વિવેચન અત્યંત અસરકારક, સુસ્પષ્ટ અને સુવાચ્ય શૈલીએ થયું છે જે હૃદયસ્પર્શી બન્યું છે.

બીજા ઉદ્દેશામાં ઉદયન રાજાના ફઈબા શય્યાતરી શ્રીમતી જયંતી શ્રાવકાના પ્રશ્નો પર પ્રભુએ તેના સચોટ જવાબો આપી સુંદર પ્રકાશ પાથર્યો છે. પ્રશ્નો જાણવા જેવા છે, "લદ્ધટ્ઠા, ગહિઅટ્ઠા પુચ્છિટ્ઠા, અને વિનિચ્છિઅટ્ઠા" આ વાકયો અત્રે ચરિતાર્થ થયા છે.

આ રહ્યાં તેમના પ્રશ્નો–

જીવ ભારે શાથી બને? તેમજ હલકો શાથી બને? *જીવોનું ઉંઘવું સારૂં કે જાગવું? કોનું ઉંઘવું અને કોનું જાગવું સારૂં?* જીવના આઠે પ્રકાર તેમજ જીવો સબળ સારા

કે નિર્બળ? દક્ષ સારા કે પ્રમાદી? સંસાર એક દિ ખાલી થશે કે કેમ? ભવસિદ્ધિક તથા અભવસિદ્ધિક આદિનું વિવેચન હૃદયંગમ બન્યું છે. ત્રીજામાં નરકનું વર્ણન, વિષ્ણુઓના ભાગવતમાં પણ આ વિષય કેવી રીતે ચર્ચાયો છે? તથા જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય મર્યાદા વર્ણવાઈ છે. ચોથામાં પુદ્‌ગલોનું પરિણમન, તેની વિચિત્રતા, તેની અનંત શક્તિ, પરમાણુનું લક્ષણ, તેમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ કેટલા હોય છે? ચાર અને આઠ સ્પર્શીનું વર્ણન, સ્કંધ કોને કહેવાય? બે પ્રદેશથી લઈ યાવત અનંત અનંત સ્કંધો હોય છે, તેનું સંઘટન અને વિઘટન, ભેદ-છેદ, તેમાં વર્ણાદિ તથા પરિવર્તન કેવી રીતે થાય છે? પુદ્‌ગલપરાવર્ત કોને કહેવાય? અને તેના પ્રકારો. પાંચમામાં કષાયો, પાપસ્થાનકો અને લેશ્યા વગેરેનું વિવેચન છે. છઠ્ઠામાં સૂર્ય અને ચંદ્ર ગ્રહણનું રહસ્ય, વાસ્તવમાં ગ્રહણ શી ચીજ છે, પર્વરાહુ અને નિત્ય રાહુ કોને કહેવાય છે? તેમના વિમાનોનું વર્ણન, ગ્રહણ અશુભ શા માટે મનાય છે? તેનો સ્ફોટ તથા ચંદ્રબલ અને તારાબળનું સ્વરૂપ પણ દર્શાવાયું છે. સાતમા ઉદ્દેશામાં લોકનો વિસ્તાર, આકાર, પ્રકાર, શાશ્વત અને નિત્ય સ્થિતિ. નરકાવાસની સ્થિતિ, સંખ્યા તથા જીવની રખડપટ્ટી શા માટે? દેવોના ભોગ વિલાસનું પરિણામ. જીવ માત્ર સાથે થયેલા અનંત સંબંધો, નાટકમાં જેમ એકની એક વ્યક્તિ વિવિધ પાઠો ભજવે છે અને વિવિધ વેશપરિવર્તન કરે છે તેમ પ્રત્યેક જીવ કર્મોના પરિણામે કેવી કેવી ગતિમાં પરિભ્રમણ કરે છે અને કેવા કટુ વિપાકો ભોગવે છે ઇત્યાદિનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. નાગપૂજા શા માટે? દેવોના ચાર પ્રકાર-દ્રવ્યદેવ, નરદેવ, ધર્મદેવ, ભાવદેવ અને દેવાધિદેવનું સ્વરૂપ, તેમની જઘન્ય ઉત્કૃષ્ઠ આયુસ્થિતિ, વૈક્રિય શરીરની

વિચિત્રતા, દેવોનો વિરહકાળ તેમજ દ્રવ્યાત્મા, ઉપયોગાત્મા, ચારીત્રાત્મા, કષાયાત્મા, જ્ઞાનાત્મા, વીર્યાત્મા, યોગાત્મા અને દર્શનાત્મા, આમ આત્માના આઠ પ્રકારો દર્શાવી તેનું ટૂંકમાં સુંદર વિવેચન કર્યું છે.

તેરમા શતકમાં સાતે નરકના જીવોને છ લેશ્યા પૈકી કોને કેટલી લેશ્યા હોય છે? નરકાવાસો કેટલા? વિભંગજ્ઞાન એટલે? ભવનપતિ દેવોના આવાસોની સંખ્યા, તે આવાસો ક્યાં આવ્યા? વ્યંતર તથા વાણવ્યંતર દેવોની ઉત્પત્તિ, ઉદ્વર્તન, સત્તા તથા કોને કેટલી લેશ્યા હોય? તેમજ ચાર પ્રકારની ભાષા, દ્રવ્યમન અને ભાવમન. ભાષા અને મન રૂપી છે કે અરૂપી? સચિત્ત છે કે અચિત્ત? અને તેના પ્રકારો. ત્યાર બાદ પાંચ પ્રકારના શરીરનો વિષય આવે છે. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ્ અને કાર્મણ. આ શરીરો સચિત્ત છે કે અચિત્ત? રૂપી છે કે અરૂપી? છઠ્ઠા ઉદ્દેશામાં આ વિષયને ચર્ચી સાતમા ઉદ્દેશામાં શ્રી ગૌતમસ્વામી ભગવાનને મૃત્યુ વિષે પૂછતાં પરમાત્મા તેના જવાબમાં પાંચ પ્રકારના મરણ દર્શાવે છે. આવીચિક મરણ, અવધિ મરણ, આત્યંતિક મરણ, બાળ મરણ, અને પંડિત મરણ. પાછા તેના ત્રણ પ્રકારોનું વર્ણન કરવામાં આવ્યું છે. ઇત્યાદિ સરસ અને સ્પષ્ટ વિવેચન સાથે ઉદ્દેશો પૂર્ણ થાય છે. આઠમા ઉદ્દેશામાં કર્મની સત્તા, સ્થિતિબંધ, રસબંધ, પ્રદેશબંધ અને પ્રકૃતિબંધ આમ પ્રકાર બતાવી વિશેષ જિજ્ઞાસુઓને શ્રી પ્રજ્ઞાપના સૂત્રથી જાણી લેવાની ભલામણ કરવામાં આવી છે.

કર્મ પહેલા કે આત્મા પહેલો? આઠે કર્મની જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ, પૂર્વ કોને કહેવાય? રસબંધની વિચિત્રતાનું રોચક વર્ણન તેમજ રસઘાત, સ્થિતિઘાત અને ગુણ સંક્રમણ કોને

કહેવાય ? ત્યારબાદ નવમા ઉદ્દેશાના પ્રારંભમાં લાગેલા અતિચારોની આલોચના અને દોષોનું પરિમાર્જન કરવામાં આવે નહિ તો ? આત્મા વિરાધક બની જાય માટે દોષોની શુદ્ધિ અને આત્મ નિરીક્ષણની આવશ્યકતા છે. આ કારણે પ્રતિક્રમણની મહત્તા સ્વતઃ સમજાઈ જાય છે. તેરમા શતકના દશમા ઉદ્દેશામાં વેદના, કષાય, મારણાન્તિક, વૈક્રિય, આહારક અને તૈજસ નામે છ સમુદ્દ્ઘાતનો વિષય પહેલા ભાગમાંથી જોવાની ભલામણ સાથે શતક પૂર્ણ થાય છે.

ચૌદમુ શતક રાજગૃહી નગરીમાં ભગવાન મહાવીરસ્વામી સમવસર્યા ત્યાં શ્રેણિક મહારાજ પોતાના મહાન પરિવારની સાથે ભારે આડંબરથી પરમાત્માના દર્શનાર્થે આવે છે. શ્રી ગૌતમસ્વામી ભગવાનને ભાવિત અણગારના મરણ વિષે પૂછે છે. કઈ લેશ્યામાં કયા દેવલોકમાં કેટલી સ્થિતિનો દેવ થાય ? સર્વજ્ઞ પરમાત્મા ક્રમશઃ તે વિષયોનું સ્પષ્ટીકરણ કરે છે. આ રીતે એક પછી એક બારમા શતકથી લઈ અઢારમાં શતકમા આવતાં દશમા ઉદ્દેશામાં સોમિલદ્વિજના પ્રશ્નો અને ઉત્તરો ઉપરાંત તેણે સ્વીકારેલા બાર વ્રત ઉપર લેખકની કલમ ખરેખર સફળ થઈ છે. લોક હિતાર્થે જેની પાંચ હજાર નકલો જૂદી છપાવવામાં આવી છે. ૧૯-૨૦ શતકમાં બીજા ઘણા પ્રશ્નોત્તરો ઉપરાંત ધર્માસ્તિકાયાદિના પર્યાયોની વિસ્તૃત ચર્ચા છે. તેમાં પણ ધર્મના પર્યાયો, ચારિત્ર કોને કહેવાય ? અઢાર પાપસ્થાનકોની ચર્ચા જૂદા જૂદા આગમ પાઠો આપીને ઘણી જ ગંભીરતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે.

આમ ૯ શતકથી પરીપૂર્ણ પ્રસ્તુત પુસ્તકમાં યથાક્રમ પ્રત્યેક પ્રશ્નોનું સંક્ષેપ કે વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.

પ્રસ્તાવના તો ટૂંકી જ સારી એમ સમજીને પ્રસ્તુત પુસ્તક જ હૃદયંગમ કરવાની ભલામણ કરૂં છું.

આ ભાગમાં દ્રવ્યાનુયોગનો કેવો ભવ્ય અને દિવ્ય ખજાનો ઠાલવવામાં આવ્યો છે. આવા આકર સમા દ્રવ્યાનુયોગથી ભર્યા ભર્યા ગ્રંથોનું ચિંતન, મનન અને નિદિધ્યાસન કરતાં આત્મા કેટ કેટલા કર્મોની નિર્જરા કરી શકે છે તે સમજી શકાય તેવુ છે.

ત્રીજો ભાગ પ્રકાશિત થયા પછી સહેજે ચોથા પાંચમા ભાગની અભિલાષા રહે છે. વિદ્વાન પંન્યાસજી મહારાજે પોતાના સમયનો કેવો સદુપયોગ કર્યો છે, કેટલો પરિશ્રમ ઉઠાવ્યો છે, કેટ કેટલા ગ્રંથોનું દોહન–અવલોકન કર્યું હશે ? સાચે જ તેઓ સાધુ ધર્મની ક્રિયામાં, આચાર વિચારમાં પ્રવૃત્ત રહી "समयं मा पमायऐ" આ સૂત્રને ચરિત્રાર્થ કરી જીવનને અજવાળી રહ્યાં છે. તેઓ ભક્તોથી દૂર છે, નહિ તો આજે તો ઉંચા આવવું મુશ્કેલ છે.

છેલ્લે વિવેચન વિશારદ પંન્યાસજી મહારાજશ્રીને પુનઃ પુનઃ અભિનંદુ છું. સંશોધનની તક આપી મને સ્વધ્યાય કરવાનો લાભ આપવા બદલ આનંદ અનુભવું છું. પુનઃ પણ આવી અમૂલ્ય તક મને મળે તેવી અપેક્ષા રાખુંછું. શ્રી પંન્યાસ પ્રવર પૂર્ણાનંદવિજયજી ગણીવર દીર્ધાયુ જીવી શાસનપ્રભાવનામાં, સાહિત્ય પ્રચારના અને તાત્ત્વિક લેખનના કાર્યમાં ઉત્તરોત્તર વૃદ્ધિ અને પ્રગતિ સાધતા રહો, નિજના કલ્યાણ સાથે પરનું કલ્યાણ કરતા રહો. 'સ્વપર કાર્યાણિ સાધ્નોતીતિ સાધુઃ' આ વ્યાખ્યાને ચરિતાર્થ કરો એજ એક અંતરની અભિલાષા.

દહીસર — શ્રી લબ્ધિલક્ષ્મણસૂરિ શિષ્ય
તા. ૨૬–૬–૭૯ — **કીર્તિચંદ્રસૂરિ**

# પ્રસ્તુત ગ્રંથના લેખકની ટૂંકી જીવની

દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામીની ૭૪મી પાટને ઉજ્જવલ કરનારા શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મ-સૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય અને શાસનદીપક મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજ સાહેબના શિષ્યરત્ન પંન્યાસ શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજનો જન્મ રાજસ્થાનના પાલી જીલ્લા અન્તર્ગત સાદડી શહેરમાં થયો હતો, જે ગગનચુંબી જૈન મંદિરો અને શ્રદ્ધાશીલ શ્રાવકોથી સુશોભિત શહેર છે. તેના વડાવાસમાં રહેતા બાફના ગોત્રીય શેઠ નોમચંદજીના તેઓ સંસારી પુત્ર છે. તેમની માતાજીનું નામ મોંઘીબેન હતું અને તેમનું સંસારી નામ પુખરાજ હતું.

યૌવનના પ્રારંભ કાળમાં તેમણે સંસારની નિઃસારતા જોઈ લીધી અને દીક્ષા લેવાની ભાવના જાગી. મનસ્વી પુરૂષો ભાવનાને અમલમાં મૂકતા વાર લગાડતા નથી, તેથી તેઓ કરાંચીમાં બિરાજમાન મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજ પાસે જઈ પોતાની દીક્ષા લેવાની ભાવનાને પ્રકટ કરી અને ખૂબ જ ધૂમધામથી વિક્રમ સં. ૧૯૯૪ના માગસર શુદિ ૧૦ના દિવસે દીક્ષા લીધી અને તેમનું નામ પૂર્ણાનંદવિજયજી રાખવામાં આવ્યું.

દીક્ષિત થતાંની સાથે જ તેમણે અભ્યાસમાં પોતાનું મન પરોવ્યું અને ગુરુ વચનો પર અતૂટ શ્રદ્ધા હોવાથી તેઓ-શ્રીની આજ્ઞાનુસાર પંચ પ્રતિક્રમણ, ચાર પ્રકરણ, કર્મગ્રંથ,

તત્ત્વાર્થસૂત્ર આદિનો અભ્યાસ પૂર્ણ કરી સંસ્કૃત હૈમલઘુ પ્રક્રિયા વ્યાકરણ ચાલુ કર્યું, અને થોડા જ સમયમાં સંસ્કૃત ભાષા ઉપર સારો કાબુ મેળવ્યો. પરિણામે કરાંચીમાં જ પર્યુષણમાં હજારો માણસોની સમક્ષ કલ્પસૂત્ર સુબોધિકાના અમુક વ્યાખ્યાનો વાંચવામાં તેઓ સફળ થયા. પછી લઘુવૃત્તિ, દ્વયાશ્રય આદિનો અભ્યાસ કર્યો અને ગુરુ મહારાજની સાથે શીવપુરીમાં આવી ગુરુદેવના સમાધિ મંદિરની પવિત્ર છાયામાં પરીક્ષાના ધોરણે ત્યાંના વિદ્વાન પંડિતો પાસે અભ્યાસ કરવામાં તન્મય બન્યા. પરિણામે કેવળ છ વર્ષમાં લઘુવૃત્તિ, બૃહદ્વૃત્તિ, ન્યાયસંગ્રહ, ક્રિયારત્ન સમુચ્ચય, પંચ કાવ્યો અને સ્યાદ્વાદમંજરી, પ્રમાણીમીમાંસા, રત્નાકરાવતારિકા તથા તત્ત્વાર્થભાષ્યના ઊંડા પઠન-પાઠન સાથે કલકત્તા સંસ્કૃત એસોસીએશનની ડિગ્રી પરીક્ષાએ આપીને ન્યાય-વ્યાકરણ-કાવ્ય તીર્થના પદધારક બન્યા હતાં. સાથોસાથ અન્ય દર્શન ગ્રંથો ઉપરાંત જૈનાગમોમાં પણ પ્રવેશ કરી ચૂકયા હતાં. પોતાના ગુરુદેવની ઉપસ્થિતિ દરમ્યાન ચૌમાસાના વ્યાખ્યાનોમાં કર્મ ગ્રંથ જેવા નિરસ વ્યાખ્યાનોને પણ સરસ બનાવી શકયા હતાં અને ભગવતીસૂત્ર પણ વાંચી શકયા હતાં. પછી તો કેટલાય શહેરોમાં ભગવતી સૂત્ર જ તેમનો પ્રિયગ્રંથ બની ચૂકયો. ભણાવવાનો શોખ હોવાથી કેટલાય વિદ્યાર્થીઓને સિદ્ધહેમ અઢાર હજારી સુધીના અભ્યાસ, ન્યાયસંગ્રહ, શિશુપાલવધ, નૈષધ, કાદંબરી સ્યાદ્વાદ મંજરી અને તત્ત્વાર્થ ભાષ્ય ઉપરાંત દશવૈકાલિક ( હરિભદ્રસૂરિની ટીકા ) આચારાંગસૂત્ર ( શીલાકાચાર્યની ટીકા ) અનુયોગ દ્વાર સૂત્રાદિ પણ બીજાઓને ભણાવી શકયા હતાં. તેમણે જ્યોતિષનું તલસ્પર્શીજ્ઞાન જેમાં જાતક, તાજિક પ્રશ્ન પ્રકરણ ઉપરાંત આરંભ સિદ્ધિ પણ ભણાવી લીધી છે. પણ પોતે આગમાભ્યાસના કારણે જ્યોતિષનો પઠન-પાઠન

સિવાય બીજા કામે ઉપયોગ કર્યો નથી. અતૂટ શ્રદ્ધાપૂર્વક તેઓ માને છે જૈન મુનિઓને વ્યાપારના ધોરણે જ્યોતિષ, પત્રિકાઓ જન્મકુંડળીઓ, હાથ જોવા કે શંખ, નાળીયેરના ધંધા કરવા મહાપાપ છે, પતન છે. અને શાસનનો દ્રોહ છે. ઈત્યાદિ કારણે જ તેઓ ભગવતી સૂત્રના લેખનમાં મસ્ત છે.

પંન્યાસજીનો અને મારો સંબંધ વિદ્યાક્ષેત્રમાં ગુરુશિષ્ય તરીકે રહ્યો છે, અને આજે પણ તેમણે સંબંધ ટકાવી રાખ્યો છે. માટે કહી શકું છું કે તેઓ સરળ, વિદ્યાવ્યાસંગી અને ખૂબ જ પરિશ્રમી છે. નવરા બેસવામાં તેઓ સાધુતાનું પતન સમજે છે. માટે જ જ્યારે જાઓ ત્યારે તેઓ કંઈને કંઈ લખતાં-વાંચતા અને છેવટે ગોખતા જ હોય છે. આ અનુભવ મને એકલાને નહિ પણ ઘણાઓને થયો છે.

તેમના જીવનના ૨-૩ પ્રસંગો સૌને અનુકરણીય હોવાથી ટાંકી લેવામાં મને આનંદ થાય છે.

( ૧ ) પ્રતાપગઢ ( રાજસ્થાન )માં ગુમાનજીના મંદિરમાં પૂજ્ય પંન્યાસજી મહારાજનું ચાતુર્માસ હતું. એક દીગંબર મુનિજી પણ વર્ષાવાસ માટે પધાર્યા હતા. કાનજીસ્વામીના મત પ્રચારક એક જતિજી પણ ત્યાં આવ્યા હતા. દિગંબર મુનિજીનો વિચાર પંન્યાસજી સાથે ચર્ચા કરવાનો હતો અને બે ત્રણવાર પ્રયત્ન પણ કર્યો. પરંતુ પંન્યાસજીએ કહ્યું કે 'હું ચર્ચા કરવામાં બહુ માનતો નથી કેમકે-આજ સુધી થયેલા વાદ-વિવાદનું કોઈ પરિણામ આવ્યું નથી, તેથી એકેય વસ્તુનો નિર્ણય થયો નથી. છેવટે બંને પક્ષો વિતંડાવાદમાં ઉતરી જાય છે અને કલેશનું કારણ બને છે, જેની સાક્ષીરૂપે સેંકડો હજારો શ્લોકોથી ભરેલા ગ્રંથો મોજૂદ છે. આના કરતાં પ્રતાપગઢમાં જૈનોની સંખ્યા મોટી છે, સાધારણ જૈનોને શ્વેતાંબર દિગંબરનો

કોઈ ખ્યાલ નથી માટે એક પાટ પર બેસીને આપણે ચૌમાસામાં સાથે વ્યાખ્યાન આપીએ. તો સમાજને કંઈક ફાયદો જરૂર થશે. ' આ વાત ચાલતી હતી ત્યાં કાનજીસ્વામીના યતિજીએ દિગંબર મુનિના કાનમાં ફૂંક મારી કે–શ્વેતાંબર મહારાજને કાંઈ આવડતું લાગતું નથી એટલે ચર્ચાની વાતને ટાળી રહ્યા છે. જવાબમાં પંન્યાસજીએ કહ્યુ કે-યતિજી મહારાજ ! મને શું આવડે છે અને શું નથી આવડતું એ જવા દો. આ તમારા જ્ઞાન ભંડારમાંથી ગમે તે એક ગ્રન્થ કાઢીને મને આપો અને પરમદહાડેથી મારી પાસે અભ્યાસ કરવા બેસો, તેમાંથી એકાદ પંક્તિનો પણ જો હું અર્થ ન લગાવી શકું તો તે જ સમયે તમારી સામે ચોલપટ્ટો ઉતારીને દિગંબર ધર્મ સ્વીકાર કરી લઈશ અન્યથા તમારે શ્વેતાંબર બનવાનું રહેશે, બોલો છે શરત મંજૂર ? યતિજી નિરૂત્તર થયા અને સૌ ઘર ભેગા થયા.

( ૨ ) મધ્ય પ્રદેશના એક વ્યાપારી ક્ષેત્રના ચાતુર્માસ દરમ્યાન અધિક માસના કારણે ખરતરગચ્છના પર્યુષણ પહેલા શ્રાવણ મહિનામાં આવ્યા અને પંન્યાસજીએ તેમના સંઘની વિનંતીને માન્ય કરી કલ્પસૂત્ર અને બારસાસૂત્ર વાંચેલુ. ત્યારે ભાવનગરથી અભયચંદ ભગવાનદાસ ગાંધીએ તેમના ગુરુજીનું લખેલું ' પર્યુષણા વિચાર ' નામનુ પુસ્તક પંન્યાસજીને લાલ ઝંડી દેખાડવા માટે મોકલાવ્યું. જવાબમાં પંન્યાસજીએ લખેલું હતુ કે–" મારા ગુરુજીનું લખેલું પુસ્તક કેવળ ચર્ચાત્મક છે, પણ કલ્પસૂત્ર કે બારસાસૂત્ર બે વાર વાંચવામાં પાપ લાગતું હોય કે વિરાધના થતી હોય તેવો ભાવ આ પુસ્તકમાં નથી. કેમકે કલ્પસૂત્રમાં કેવળ તીર્થંકર પરમાત્માઓના ચરિત્રો જ છે, જેના વાંચનથી સંયમના પર્યાયો શુદ્ધ જ થાય છે "

( ૩ ) વિ. સં. ૨૦૧૩ના સુજાલપુર મંડીના ચાતુર્માસ દરમ્યાન સ્વ. મનસુખલાલ તારાચંદ મહેતા પણ પર્વારાધન

માટે આવેલા અને અઠ્ઠાઇની તપસ્યા સાથે આરાધન કરેલું. સંવચ્છરીના આગલા દિવસે મહારાજશ્રીએ સૌ સાથે મળીને વાર્ષિક પ્રતિક્રમણ કરવાનો ઉપદેશ આપેલો. સૌ મંજુર થયા અને તપાગચ્છ, ખરતરગચ્છ, અંચલગચ્છ, સ્થાનકમાર્ગી તેમજ એકાદ તેરાપંથી ભાઈ પણ પ્રતિક્રમણમાં જોડાયા અને થોડું સહન કરીને પણ પ્રતિક્રમણની મજા રહી ગઈ. પારણા પછી મુંબઇ આવેલા મનસુખભાઇએ મહારાજશ્રીને કાગળ દ્વારા જણાવેલું કે :—

"મુંબઈ, અમરેલી તથા બીજા શહેરોમાં સંવચ્છરી પ્રતિક્રમણ ઘણા કર્યાં, પણ જે આનંદ, હર્ષોલ્લાસ, મૈત્રીભાવ, વૈર શમનના ચિત્રો સુજાલપુર મંડીમાં આપશ્રીની હાજરી દરમ્યાન જોયા, તે બીજે ક્યાંય જોવા મળી શકયા નથી. જૈન સમાજને પ્રેરણા આપે તેવા રૂડા સમાચારો આપે 'જૈન પત્ર'માં આપવાની મનાઈ કરી, તેથી જ આપશ્રીનાં આંતર્-જીવનની સરળતા પરખાઇ જાય છે. કહેવું પડે છે કે 'જ્ઞાનસ્ય ફલં વિરતિ' આ સૂત્રને આપશ્રીએ જીવનમાં ચરિતાર્થ કર્યું છે; તે માટે અંતઃકરણથી મારી વંદના સ્વીકારશો."

આનાથી બીજી મૈત્રીભાવના કઇ ?

સમાજના એકીકરણનો પ્રસ્તાવ બીજો કયો ?

પંન્યાસજીશ્રી ગંભીર વિદ્વાન હોવા છતાં તેમનું પ્રાકૃતિક જીવન મિતભાષી રહ્યું હોવાથી ભગવતી સૂત્ર જેવા મહાન ગ્રંથની ભેટ સમાજને આપી શકયા છે. શાસન દેવને પ્રાર્થના છે કે તેઓ પ્રવૃત્તિશીલ બન્યા રહે.

લી.

**અમૃતલાલ તારાચંદ દોશી**

વ્યાકરણતીર્થ

### ભગવતીસૂત્ર સારસંગ્રહ ભાગ ત્રીજાની

# વિષયાનુક્રમણિકા

## શતક ૧૨


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| શ્રાવસ્તીનગરી | ૧-૯ |
| (જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવરાદિની ચર્ચા) | |
| શંખ શ્રાવકની વક્તવ્યતા | ૧૦ |
| જાગરિકા કેટલા પ્રકારે છે? | ૧૩ |
| કષાયોની મહાભયંકરતા | ૧૪-૨૪ |
| (ક્રોધ, માન, માયા અને લોભના વિશદ ચર્ચા) | |
| કૌશાંબી નગરી | ૨૬ |
| ભગવાનનું પુનિત આગમન | ૨૭-૪૩ |
| જયંતી શ્રાવિકા | |
| જીવ ભારે શાથી બને છે? ભવસિદ્ધિક જીવો માટેની વક્તવ્યતા, જીવોથી સંસારરિક્ત થશે? સંસારનો સર્જક કોણ? ઉંઘવું સારૂં કે જાગવું સારૂં? સબળત્વ અને નિર્બળત્વની ચર્ચા, દક્ષતા અને આલસ્યની ચર્ચા, શ્રોત્રેન્દ્રિયને વશ પડેલા જીવો કયું કર્મ બાંધે? | |
| શ્રેણિકનું વર્ણન | ૪૬ |
| ભગવાનની પધરામણી | ૪૯ |
| નરક માટેની વક્તવ્યતા | ૪૯ |
| ભાગવતમાં નારકનું વર્ણન | ૫૧ |
| પુદ્ગલોની સમર્થતા | ૫૮ |
| પરમાણુ | ૬૦ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સ્કંધોના વિભાગ | ૬૨ |
| પુદ્દગલોનો પરિવર્તનભાવ | ૬૪ |
| નારકોનો પુદ્દગલ પરાવર્ત | ૬૮ |
| દેવાધિદેવની વાણી | ૭૧ |
| પ્રાણાતિપાતાદિમાં વર્ણાદિ કેટલા ? | ૭૨ |
| કષાયાદિમાં વર્ણાદિની વિચારણા | ૭૪–૭૮ |
| ( ક્રોધના, માનના, માયાના અને લોભના પર્યાયો ) | |
| કર્મ એટલે શું ? | ૮૧–૮૫ |
| અવકાશાન્તર એટલે શું ? | ૮૬ |
| રાહુની વક્તવ્યતા | ૯૦–૯૮ |
| ( સૂર્ય ચંદ્રનું ગ્રહણ શું છે ? ચંદ્રને સુશ્રી અને સૂર્યને આદિત્ય કહેવાનું શું કારણ ? ગ્રહણની અશુભતા શા કારણે છે ? જ્યોતિષ દૃષ્ટિએ ગ્રહણ, સંક્રાંતિ પરત્વે ગ્રહણ ફળ, તારાબળ અને તેનું કોષ્ટક, તથા ચંદ્રબળ પરત્વે વિશદ ચર્ચા ) | |
| લોક વિસ્તાર અંગે વક્તવ્ય | ૧૦૦–૧૦૫ |
| ( લોકની વિસ્તૃતા, તેની શાશ્વત સ્થિતિ, લોકોની અનાદિતા, જીવોનો નિત્યભાવ, કર્મોની બહુલતા, જન્માદિની બહુલતા ) | |
| પ્રત્યેક યોનિમાં જીવોની અનંતવાર રખડપટ્ટી | ૧૦૬ |
| નરકાવાસોની સંખ્યા | ૧૦૭ |
| વાસનાત્યાજ્ય શા માટે ? | ૧૦૭ |
| દેવોના ભોગવિલાસોનું ફળ શું ? | ૧૧૦ |
| જીવ માત્ર સાથેનો અનંત સંબંધ | ૧૧૦ |
| સમસ્ત જીવો સાથે શત્રુ સંબંધ | ૧૧૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| નાગનો બીજા ભવે મોક્ષ | ૧૧૪ |
| હાથી અને સર્પ શા માટે પૂજ્ય છે? | ૧૧૫ |
| ત્યારે શું નાગપૂજા કરવી? | ૧૧૫ |
| બીજા જીવોની મોક્ષગામિતા | ૧૧૬ |
| જીવોની સદ્ગતિ અને દુર્ગતિ શા કારણે? | ૧૧૭ |
| વાંદરા (વાનર) આદિની ગતિ | ૧૧૮ |
| દેવોના પ્રકાર સંબંધી વક્તવ્યતા | ૧૨૧ |
| (ભવ્યદ્રવ્યદેવ, નરદેવ, ધર્મદેવ, દેવાધિદેવ, ભાવદેવ) | |
| પાંચેય દેવોમાં ઉત્પાદની વક્તવ્યતા | ૧૨૪ |
| પાંચેય દેવોની સ્થિતિ સંબંધી વક્તવ્યતા | ૧૨૬ |
| તેમની વિકુર્વણા માટેની વક્તવ્યતા | ૧૨૭ |
| (ઉત્પતિ, સ્થિતિ અને અલ્પબહુત્વકાળ, તથા ભાવ દેવોનું અલ્પ બહુત્વ) | |
| આત્મા કેટલા પ્રકારે છે? — | ૧૩૨ |
| સાપેક્ષવાદ | ૧૩૫ |
| (દ્રવ્યાત્મા, કષાયાત્મા, યોગાત્મા, ઉપયોગાત્મા, જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મા અને વીર્યાત્મા) | |
| આઠેય આત્માઓની પરસ્પર સંબંધિતા | ૧૪૧ |
| આત્માઓની અલ્પ–બહુલતા | ૧૪૪ |
| આત્માનું સ્વરૂપ શું છે? | ૧૪૫-૧૫૨ |
| નરકમાં સમ્યક્ત્વ પ્રાપ્તિના કારણો | ૧૫૩ |
| (જાતિસ્મરણ, ધર્મશ્રવણ, અને વેદનાનુભવ) | |
| રત્નપ્રભાદિ વિષે વક્તવ્ય વિશેષતા | ૧૫૫ |

વિષય | પૃષ્ઠ

## શતક ૧૩


| | |
|---|---|
| પ્રાક્કથન | ૧૫૯ |
| નરકમાં ઉત્પાદ | ૧૬૦ |
| ઉદ્વર્તના વિષયક વક્તવ્યતા | ૧૬૪ |
| નારક જીવોની નરકમાં કેટલી સંખ્યા | ૧૬૫ |
| રાવણે તીર્થંકર ગોત્ર બાંધ્યું નથી | ૧૭૦ |
| લેશ્યા પરત્વે નરક વક્તવ્યતા | ૧૭૧ |
| દેવલોક સંબંધી વર્ણન | ૧૭૪ |
| ( ઉત્પાદ માટેની વક્તવ્યતા, આવાસોની સંખ્યા ) | |
| નરક ગતિની વિશેષ વક્તવ્યતા | ૧૮૦ |
| ( મહાક્રિયાવાળા, મહાવેદનાવાળા, મહાઆશ્રવવાળા, સ્પર્શ, પરિધિ અને નિરયાંતદ્વાર ) | |
| લોક મધ્યદ્વાર વક્તવ્યતા | ૧૮૪ |
| દિગ્વિદિગ્ પ્રવહદ્વાર વક્તવ્યતા | ૧૮૫ |
| પરિવર્તન દ્વાર વક્તવ્યતા | ૧૮૬ |
| એકાસ્તિકાય પ્રદેશ સ્પર્શદ્વાર વક્તવ્યતા | ૧૮૭ |
| જીવાવગાઢ વક્તવ્યતા | ૧૮૯ |
| ( આસ્તિકાય પ્રદેશ, બહુ સમદ્વાર, લોક સંસ્થાન ) | |
| નારકોની ઉત્પતિ શું સાંતર છે ? | ૧૯૩ |
| ચમરચંચા રાજધાની ક્યાં છે ? | ૧૯૩ |
| વીતભય નગરનાં ઉદાયન રાજા | ૧૯૪ |
| રાજકુમારને આર્તધ્યાન | ૧૯૪ |
| ભાષા સંબંધી વક્તવ્યતા | ૨૦૧–૨૦૬ |
| મન માટેની વક્તવ્યતા | ૨૦૭ |
| કાય માટેની વક્તવ્યતા | ૨૦૯ |

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| મરણ વક્તવ્યતા | ૨૧૧ |
| (પાંચ પ્રકારના મરણ સંબંધી વિશેષ કથન) | |
| કર્મસત્તા | ૨૨૨ |
| જીવ પહેલા કે કર્મ પહેલા : | ૨૨૩-૨૨૮ |
| સંખ્યાતાદિ ગુણ સંક્રમણ | ૨૨૯ |
| અતિચારોની આલોચના ન કરવામાં આવે તો ? | ૨૩૧ |
| **શતક ૧૪** | |
| ભાવિતાત્મા મુનિઓનો ઉત્પાદ | ૨૩૫ |
| નરકમાં જવાવાળાની શીઘ્રગતિ કેવી હોય ? | ૨૩૭ |
| નરકને યોગ્ય જીવો શું અનંતરોપપન્નક હોય છે ? | ૨૩૯ |
| ઉન્માદ માટેની વક્તવ્યતા | ૨૪૦-૨૪૭ |
| નારક જીવોનો ઉન્માદ | ૨૪૮ |
| દેવોની વૃષ્ટિકાયકરણની વક્તવ્યતા | ૨૪૯ |
| દેવોની તમસ્કાયકરણ વક્તવ્યતા | ૨૫૦ |
| દેવોમાં શું વિનયાદિ કર્મો હોય છે ? | ૨૫૧ |
| નારકોની અવિનય સંબંધી વક્તવ્યતા | ૨૫૩ |
| દેવોમાં પણ અવિનયકરણની વક્તવ્યતા | ૨૫૫ |
| નારકોનાં દુઃખની વક્તવ્યતા | ૨૫૬ |
| પુદ્ગલ પરમાણુ શાશ્વત કે અશાશ્વત ? | ૨૫૭ |
| પરમાણુ ચરમ કે અચરમ | ૨૫૯ |
| પરિણામ ભેદની વક્તવ્યતા શું છે ? | ૨૬૦ |
| પરિણામોમાં ક્રમનું કારણ | ૨૬૧ |
| અગ્નિ વચ્ચે નારકાદિ પસાર થઈ શકે ? | ૨૬૪ |
| નારકોની દશ પ્રકારે અનિષ્ટતા | ૨૬૮ |
| નારકોની પુદ્ગલ વક્તવ્યતા | ૨૬૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| વૈમાનિક દેવેન્દ્રોની કામભોગની વક્તવ્યતા | ૨૭૨ |
| મહાવીરસ્વામી અને ગૌતમની તુલ્યતા | ૨૭૩ |
| ( અનુત્તરો શું જાણે છે ? તુલ્યતાના ભેદો ) | |
| અનગાર માટેની વક્તવ્યતા | ૨૭૭ |
| લવસત્તમ દેવની વક્તવ્યતા | ૨૭૮ |
| અનુતરૌપપાતિક દેવોની વક્તવ્યતા | ૨૭૯ |
| અંતર માટેની વક્તવ્યતા | ૨૮૨ |
| સાળવૃક્ષ વિશેષની વક્તવ્યતા | ૨૮૪ |
| અંબડ પરિવ્રાજકના સાતસો શિષ્યો | ૨૮૬ |
| ( અંબડની વક્તવ્યતા ) | |
| અવ્યાબાધ દેવોની વક્તવ્યતા | ૨૮૭ |
| દેવેન્દ્રની વિચિત્ર વિક્રિયા | ૨૮૭ |
| જૃંભક દેવો માટેની વક્તવ્યતા | ૨૮૮ |
| અનગાર વિશેષની વક્તવ્યતા | ૨૯૦ |
| પ્રકાશમાન પુદ્ગલો કેટલા ? | ૨૯૧ |
| નારકાદિને પુદ્ગલો 'આમ' હોય કે અનામ હોય ? | ૨૯૧ |
| સૂર્યપ્રભા માટેની વક્તવ્યતા | ૨૯૨ |
| મુનિ ભગવંતોની તેજોલેશ્યા માટેનું કથન | ૨૯૨ |
| **શતક ૧૫** | |
| ગોશાળાનું જીવન | ૨૯૯ |
| ક્રોધાંધ ગોશાળાનું મહાવીર તરફ આગમન | ૩૦૭ |
| રેવતી શ્રાવિકાની વક્તવ્યતા | ૩૧૨ |
| સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર મુનિઓની ગતિ | ૩૧૮ |
| ગોશાળાની ગતિની વક્તવ્યતા | ૩૧૮ |
| ગોશાળો મરીને ક્યાં જશે ? | ૩૨૧-૩૨૬ |

વિષય | પૃષ્ઠ

## શતક ૧૬


| | |
|---|---|
| ઉપકરણ અધિકરણી | ૩૨૭ |
| અગ્નિકાય માટેની વક્તવ્યતા | ૩૨૮ |
| જીવ અધિકરણી છે ? અધિકરણ સ્વરૂપ છે ? | ૩૩૧ |
| જીવ સાધિકરણી છે ? કે નથી ? | ૩૩૨ |
| જીવ શું આત્માધિકરણાદિ છે ? | ૩૩૩ |
| શરીર, ઈન્દ્રિયો અને યોગની વક્તવ્યતા | ૩૩૫ |
| જરા અને શોક માટેની વક્તવ્યતા | ૩૩૮ |
| ઈન્દ્ર સંબંધી વિશેષ વક્તવ્યતા | ૩૩૯ |
| અવગ્રહોની વક્તવ્યતા | ૩૩૯ |
| દેવેન્દ્રની ભાષા માટેની વક્તવ્યતા | ૩૪૦ |
| કર્મો ચેતઃકૃત છે ? | ૩૪૧ |
| જ્ઞાનાવરણીયના વેદન સમયે કેટલી પ્રકૃતિઓ હોય છે ? | ૩૪૩ |
| મુનિનું ઓપરેશન કરતાં વૈદ્યને ક્રિયાઓ લાગે ? | ૩૪૫ |
| નારકોની નિર્જરાથી મુનિરાજોની નિર્જરા વધારે છે ? | ૩૪૭ |
| આજે ઇન્દ્ર મહારાજ ઉતાવળથી કેમ ગયા ? | ૩૫૦ |
| પરિણામ પામતા પુદ્ગલો પરિણત કહેવાય ? | ૩૫૧ |
| ગંગદત્ત દેવનું આવવું અને શંકા રહિત થવું | ૩૪૨ |
| ગંગદત્તનો પૂર્વભવ | ૩૫૩ |
| સ્વપ્ન એટલે શું ? તેના પ્રકાર કેટલા ? | ૩૫૪ |
| સ્વપ્નાઓ કોને આવે ? | ૩૫૬ |
| દ્રવ્ય અને ભાવનિદ્રા | ૩૫૭ |
| વિશિષ્ટતમ સ્વપ્નાઓનું ફળ | ૩૬૦ |
| ઘ્રાણેન્દ્રિય શું ગુણોનો ગ્રાહક છે ? | ૩૬૩ |
| ઉપયોગ સંબંધી વિશેષ વક્તવ્યતા | ૩૬૪ |
| ઉપયોગ અને પશ્યતામાં તફાવત | ૩૬૫ |

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| લોકના ચરમભાગે શું જીવાદિ છે ? | ૩૬૬ |
| પરમાણુઓની શક્તિ વિશેષતા | ૩૬૭ |
| વરસતાં વરસાદના નિર્ણય કરનારને ક્રિયાઓ લાગે ? | ૩૬૮ |
| અલોકમાં દેવો શું હાથ પગ ફેલાવી શકે ? | ૩૬૯ |
| ઉદાયી હાથીની ગતિ આગતિ માટેની વક્તવ્યતા | ૩૭૬ |
| તાડ વૃક્ષ પર ચડનારને કેટલી ક્રિયાઓ લાગે ? | ૩૭૭ |
| શરીરાદિના કારણે કેટલી ક્રિયાઓ હોય ? | ૩૮૧ |

## શતક ૧૭

| | |
| --- | --- |
| સંયતાદિ ધર્મ—અધર્માદિમાં શું સ્થિત છે ? | ૩૮૫ |
| શ્રમણો શું પંડિત કહેવાય ? | ૩૮૭ |
| જીવ અને જીવાત્મા શું ભિન્ન છે ? | ૩૮૮ |
| ઉપર્યુક્ત વિષયમાં જૈન શાસનનું શું કહેવું છે ? | ૩૮૯ |
| રૂપી દેવ શું અરૂપી અવસ્થામાં રહી શકે છે ? | ૩૯૧ |
| અરૂપી આત્માને કર્મોનો બંધ કેવી રીતે થયો ? (રાગ, વેદ, આદિથી ચર્ચા) | ૩૯૩ |
| શૈલેશી પ્રાપ્ત અણગાર શું કંપે છે ? | ૩૯૮ |
| એજના કેટલા પ્રકારે છે ? | ૩૯૮ |
| ચલના સંબંધીની વક્તવ્યતા | ૩૯૯ |
| સંવેગાદિ ધર્મોનું ફળ શું છે ? | ૪૦૦ |
| પ્રાણાતિપાતાદિ ક્રિયાઓ શું જીવ કરે છે ? | ૪૦૪ |
| જીવો શું સ્વયંકૃત દુઃખોને ભોગવે છે ? | ૪૦૪ |
| ઇશાનેન્દ્રની સુધર્મા સભા ક્યાં આવી ? | ૪૦૬ |
| પૃથ્વીકાયિકો દેવલોકમાં પૃથ્વીકાયિકરૂપે ઉત્પન્ન થાય છે ? | ૪૦૬ |
| જીવ માત્ર પ્રથમ છે ? અપ્રથમ છે ? | ૪૧૦ |
| ચરમાચરમ માટેની વક્તવ્યતા | ૪૧૪ |

## શતક ૧૮

| | |
| --- | --- |
| કાર્તિક શેઠનું કથાનક | ૪૧૬ |
| શ્રાવકધર્મી કેવો હોય ? | ૪૧૬ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| મુનિસુવ્રતસ્વામીનું આવાગમન | ૪૧૯ |
| માકંદીપુત્ર અણગારના પ્રશ્નો | ૪૨૨ |
| સ્થાવર જીવો મનુષ્યાવતાર મેળવીને મોક્ષમાં જાય ? | ૪૨૨ |
| ચરમ કર્મની વક્તવ્યતા | ૪૨૩ |
| નિરતિશય છદ્મસ્થ બે મુનિઓની નિર્જરાને જાણે છે ? | ૪૨૪ |
| બંધ માટેની વક્તવ્યતા | ૪૨૫ |
| પાપકર્મોમાં ભેદની વક્તવ્યતા | ૪૨૫ |
| જીવના પરિભોગમાં શું શું આવે ? | ૪૨૭ |
| કષાયોની નિર્જરા માટેની વક્તવ્યતા | ૪૩૦ |
| યુગ્મો કેટલા છે ? | ૪૩૨ |
| નારકો શું કૃતયુગ્મ છે ? | ૪૩૨ |
| એક વિમાનમાં દેવોની વચ્ચે ફરક શા માટે ? | ૪૩૪ |
| બે નારકોની ગુરૂકર્મિતા શા કારણે ? | ૪૩૫ |
| ઉત્તર સમયમાં મરતો નારક કયુ આયુષ્ય ભોગવશે ? | ૪૩૬ |
| અમુક દેવ ઇચ્છા પ્રમાણે વિકુર્વણા કેમ કરી શકતો નથી ? | ૪૩૭ |
| ગોળ આદિમાં વર્ણાદિ કેટલા ? | ૪૪૦ |
| પરમાણુ પુદ્ગલમાં વર્ણાદિનું વર્ણન | ૪૨૨ |
| યક્ષાવેશમાં કેવળી શું મૃષાભાષા બોલે ? | ૪૪૪ |
| ઉપધિ કેટલા પ્રકારે છે ? | ૪૪૬ |
| પ્રણિધાન કેટલા પ્રકારે છે ? | ૪૪૭ |
| મદ્રુક શ્રાવક સંબંધી વક્તવ્યતા અને ચર્ચા | ૪૪૮ |
| મહર્દ્ધિક દેવોની વિકુર્વણા માટેની વિશેષતા | ૪૫૨ |
| દેવાસુર યુદ્ધ શું શાસ્ત્રસંમત છે ? | ૪૫૩ |
| દેવોના કર્મોની નિર્જરા | ૪૫૪ |
| ઉપયોગવંત મુનિને કઇ ક્રિયા લાગશે ? | ૪૫૫ |
| જૈન મુનિઓ શું બાળ છે ? | ૪૫૬ |
| છદ્મસ્થ શું પરમાણુ ને જાણે છે ? | ૪૫૮ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ભવ્ય દ્રવ્ય નૈરયિકાદિની વક્તવ્યતા | ૪૬૦ |
| આયુષ્યની સ્થિતિ કેટલી છે ? | ૪૬૨ |
| અસિધારા પર ચાલતા મુનિઓ શું છેદાય છે ? | ૪૬૪ |
| શું પરમાણુ વાયુકાયથી સ્પષ્ટ છે ? | ૪૬૪ |
| સોમિલ દ્વિજની વક્તવ્યતા | ૪૬૫ |
| ( આપશ્રીને યાત્રા શું છે ? યાપનીય એટલે શું ? અવ્યાબાધ એટલે શું ? પ્રાસુ આહાર એટલે શું ? સરિસવ, માષ, કુલત્થા શું ભક્ષ્ય છે ? ) | |
| ( જીવમાં એકત્વ, અનેકત્વ, અનિત્યત્વાદિની સિદ્ધિ ) | |
| દેશવિરતિ ધર્મ | ૪૮૩-૫૧૪ |
| ( પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ, અદત્તાદાન વિરમણ, મૈથુન વિરમણ, પરિગ્રહ પરિમાણ, આદિ બાર વ્રતોનું વિશદ વર્ણન ) | |

## શતક ૧૯

| | |
|---|---|
| હે પ્રભો ! લેશ્યાઓ કેટલી છે ? લેશ્યાઓ એટલે શું ? | ૫૧૫ |
| પાપના ત્યાગ પૂર્વક ધર્મધ્યાન શા માટે ? | ૫૧૭ |
| કૃષ્ણ લેશ્યાનો માલિક કૃષ્ણ લેશ્યાના ગર્ભને ઉત્પન્ન કરે ? | ૫૧૯-૫૨૩ |
| બાર દ્વાર વડે પૃથ્વીકાયિકોની વિશેષ વક્તવ્યતા | ૫૨૪ |
| પૃથ્વીકાયાદિની અવગાહનાનું અલ્પ બહુત્વ | ૫૨૮ |
| પાંચ સ્થાવરોમાં કોણ કોનાથી સૂક્ષ્મ છે ? | ૫૨૯ |
| પૃથ્વીકાયાદિમાં શરીરની વિશાળતા | ૫૩૦ |
| પૃથ્વીકાયિકોની અવગાહના કેટલી છે ? | ૫૩૧ |
| નારકો શું મહાવેદનાદિવાળા છે ? | ૫૩૨ |
| નારકો શું ચરમ છે ? કે પરમ છે ? | ૫૩૭ |
| વેદના કેટલા પ્રકારે અને કોને કેટલી વેદના ? | ૫૩૮ |
| નિવૃત્તિ ( કાય નિષ્પત્તિ ) કેટલા પ્રકારની છે ? | ૫૪૨ |
| કર્મ નિર્વૃત્તિ કેટલા પ્રકારની છે ? | ૫૪૪ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| શરીર નિર્વૃત્તિ કેટલા પ્રકારની છે ? | ૫૪૫ |
| ઇન્દ્રિય નિર્વૃત્તિ કેટલા પ્રકારની છે ? | ૫૪૬ |
| ભાષા, કષાય, વર્ણ, સંસ્થાન, સંજ્ઞા, જ્ઞાન નિર્વૃત્તિ | ૫૪૮–૫૫૨ |
| કરણ માટેની વિશેષ વક્તવ્યતા<br>( ઇન્દ્રિયકરણ, ભાષાકરણ, પુદ્ગલકરણ ) | ૫૫૪–૫૬૧ |


## શતક ૨૦


| | |
|---|---|
| બેઇન્દ્રિય જીવો પહેલા શું સાધારણ શરીર બાંધે છે ? | ૫૬૪ |
| પંચેન્દ્રિય જીવો શું પ્રાણાતિપાતમાં વર્તતા હોય છે ? | ૫૬૫ |
| આકાશાસ્તિકાય કેટલા પ્રકારે છે ? | ૫૬૮ |
| પાંચે દ્રવ્યોના પર્યાય નામો કેટલા છે ? | ૫૭૧ |
| ધર્મતત્ત્વના પર્યાયવાચક શબ્દો કેટલા છે ?<br>( ચારિત્ર એટલે શું ? પ્રાણાતિપાત એટલે શું ?<br>પ્રાણાતિપાત સ્વધર્મ નથી ) | ૫૭૧–૫૭૮ |
| ક્રોધનો ત્યાગ શી રીતે કરવો ? | ૫૭૯ |
| ક્રોધને ત્યાગવા માટેના કારણો ?<br>( પાપસ્થાનકોની વિશદ વ્યાખ્યાઓ ) | ૫૮૦–૬૦૨ |
| અધર્માસ્તિકાયના પર્યાયવાચક શબ્દો કેટલા છે ? | ૬૦૫ |
| આકાશાસ્તિકાયના પર્યાયો કેટલા ? | ૬૦૬ |
| જીવાસ્તિકાયના પર્યાયો કેટલા | ૬૦૮ |
| પુદ્ગલાસ્તિકાયના પર્યાયો કેટલા ? | ૬૧૦ |
| આત્મિક સુખ એટલે શું ? | ૬૧૨ |
| જીવમાં રહેલા ભાવોનું પરિણામ | ૬૧૫ |
| ગર્ભગત જીવને વર્ણાદિ કેટલા ? | ૬૨૧ |
| ઇન્દ્રિયોની વૃદ્ધિ કેટલા પ્રકારની છે ? | ૬૨૨ |
| પરમાણુમાં વર્ણાદિ કેટલા ? | ૬૨૩ |
| પરમાણુ કેટલા પ્રકારે છે ? | ૬૨૫ |

## ભગવતી સૂત્ર સાર સંગ્રહ : ભાગ બીજાના

# અભિપ્રાયો

....શ્રી ભગવતી સૂત્ર સાર સંગ્રહ, ભાગ–બીજાના પ્રકાશન પ્રસંગે અમો સહુની ભૂરિ ભૂરિ અનુમોદના સાથે શુભેચ્છા સ્વીકારશો.

આવી આવી સુંદર શ્રુતજ્ઞાનની ભક્તિ આપના જીવનમાં સતત ચાલ્યા કરે એ જ શાસન દેવને પ્રાર્થના.

પાલીતાણા —વિજય ધર્મસૂરિ તથા યશોવિજયજી
સાહિત્ય મંદિર ના સાદર અનુવંદના–વંદના
તા. ૨૩–૯–૭૭

*

....શ્રી ભગવતી સૂત્રના અનુવાદનું પુસ્તક તમારા તરફથી તૈયાર થયેલ મને મળ્યું. અનુવાદનું કામ ઘણું જ સુંદર બનેલ છે. જગહ જગહ પર ટીપ્પણીઓ પણ મૂલ સૂત્રના ભાવને વિશદ બનાવવામાં ઉપયોગી બની શકે તે પ્રમાણે વિસ્તૃતપણે લેવામાં આવી છે. ખરેખર આપનો આ પ્રયત્ન પ્રશંસનીય બની રહે છે. આથી આપનું આ કામ જલ્દીથી પૂર્ણ થાઓ એ જ ભાવના.

શ્રી ગોડીજી જૈન ઉપાશ્રય —રામસૂરિ
પાયધુની, મુંબઈ (ડેલાવાળા)

*

....શ્રી ભગવતી સૂત્રના તમારા દ્વારા સંપાદિત પ્રથમ ભાગનું અવલોકન કર્યું. તથા બીજા ભાગની પ્રસ્તાવનાનું પણ અવલોકન કર્યું. ખરેખર તે બંને ભાગમાં તમોએ ખૂબ જ વિદ્વતાનો અને જૈન દર્શનના દ્રવ્યાનુયોગના અભ્યાસનો ઉંડો

ઉપયોગ કર્યો છે. શ્રી જૈન શાસનના દ્રવ્યાનુયોગને ખૂબ જ ઝીણવટ ભરી રીતે રજુઆત કરવી તે કોઇ સામાન્ય વાત નથી.... આવા લોકભોગ્ય અનેક પુસ્તકોનું સંપાદન તથા પ્રકાશન આપશ્રી દ્વારા થાય એમ અમે ઇચ્છીએ છીએ.

શાંતિનાથ જૈન ઉપાશ્રય
કબુતરખાના
દાદર–મુંબઈ
તા. ૧૮–૮–૭૭

–આ. વિજય ભુવનચંદ્રસૂરિ

*

...ભગવતી સૂત્ર સાર સંગ્રહ, ભાગ–૨ મોકલ્યો તે મળ્યો. શતક છ થી અગ્યાર સુધી એમ છ શતકનું સારભૂત વિવેચન એમાં કરવામાં આવ્યું છે, તે ઘણું અનુમોદનીય છે. ભગવતી સૂત્ર જેવા ગંભીર સૂત્રના પરમાર્થને જાણનારા ઘણા વિરલ છે અને તેમાંય જાણીને લખનારા તો એથીય ઓછા. તમોએ એના ઉપર કલમ ચલાવીને યોગ્ય ન્યાય આપ્યો છે તે પ્રશંસનીય છે. સાથે સાથે આ વિષયના જિજ્ઞાસાવાળા આત્માઓને માટે આશીર્વાદરૂપ છે.

શાંતિનગર જૈન ઉપાશ્રય
આશ્રમ રોડ,
અમદાવાદ–૧૩

–વિજય હેમચંદ્રસૂરિ

*

....ભગવતી સૂત્ર સાર સંગ્રહ બીજા ભાગનો પ્રકાશન સમારોહ ભાદરવા સુદિ ૮ રવિવારે રાખ્યો છે, જાણી અનુમોદના સહ આનંદ. પ્રશંસનીય પ્રયાસ માટે હાર્દિક અભિનંદન. ઉત્તરોત્તર લોકોપયોગી પ્રકાશનો માટે તમોને શાસનદેવ સહાયક હો એ જ શુભેચ્છા.

ત્રિષષ્ટિ મૂળ ૮–૯ પર્વ પણ ઝડપથી તૈયાર થાય છે અને ભગવતીનો પહેલો ભાગ હિન્દીમાં પ્રેસમાં છે તે જાણી આનન્દ.

નૂતન ઉપાશ્રય, - આ. વિજયસૂર્યોદયસૂરિ
રાધનપુરી બઝાર,
ભાવનગર. ૨૧–૯–૭૭

*

શ્રી ભગવતી સૂત્ર સાર સંગ્રહનો ભાગ બીજો મલ્યો. પુસ્તકનું વિવેચન, રોચક શૈલીમાં તથા સરળ ભાષામાં સુંદર કરેલ છે. તમારો આ પ્રયાસ અનુમોદનીય અને શ્લાઘનીય છે.

સિરોહી ( રાજસ્થાન ) –આ. વિજયસુશીલસૂરિજી
જૈન ઉપાશ્રય, –ઉ. શ્રી ચન્દનવિજયજી ગણી
તા. ૪–૧૦–૭૭ –ઉ. શ્રી વિનોદવિજયજી ગણી

*

આપે ખૂબ પરિશ્રમપૂર્વક તૈયાર કરેલ ભગવતી સૂત્ર સાર–સંગ્રહ બીજા ભાગનું ઉદ્‌ઘાટન થવાનું જાણીને ખૂબ આનન્દ થયો.

આપશ્રીના સફળ પ્રયાસ બાબત આપશ્રીને ખૂબ ખૂબ અભિનન્દન સાથે આપશ્રીના હાથે આવું સાહિત્ય નિર્માણ થતું રહે તેવી ભાવના.

સાયન જૈન ઉપાશ્રય. –આ. વિજયસુબોધસૂરિ
મુંબઈ–૨૨
ભાદરવા સુદિ ૮ મંગળવાર

*

આપે મોકલાવેલ ભગવતી સૂત્ર સાર સંગ્રહ બીજો ભાગ મળેલ છે.

આ સમ્યક્જ્ઞાનના મહાન કાર્યની પાછળ આપે ઘણી જ મહેનત લીધેલ છે અને અત્યન્ત વિદ્વદ્ભોગ્ય મહાન સાહિત્યને બાળ જીવો માટે પણ ઉપયોગી બનાવેલ છે. આપશ્રીના પરિશ્રમ અને પુરુષાર્થને ધન્યવાદ ઘટે છે. આપનો ધર્મસ્નેહ સદા સ્મૃતિમાં રહે છે.

ઉદયપુર ( રાજસ્થાન ) —ભુવનવિજયજી ગણી
જૈન ઉપાશ્રય, ( અત્યારે વિજયભુવનરત્નસૂરિજી )
ભાદરવા વદિ ૭

*

આપના તરફથી ભગવતી સૂત્ર સાર સંગ્રહ ભાગ બીજો મલ્યો છે, તે સાભાર સ્વીકાર કર્યો છે. ગ્રન્થ બહુ જ ઉપયોગી છે. પહેલો ભાગ પણ મોકલાવશો.

નડિયાદ —મુનિરાજ શ્રી લલિતવિજયજી મ.
કારતક સુદિ ૭

*

ભગવતી સૂત્ર સાર સંગ્રહના બીજા ભાગનું પ્રકાશન જલ્દીથી કરવા બદલ સાચે જ તમે અભિનન્દન અને ધન્યવાદને પાત્ર છો.

દ્રવ્યાનુયોગના કિલષ્ટ વિષયને–સિદ્ધાંતોને વફાદાર રહીને સમયાનુરુપ પરિભાષા આપવા પૂર્વક જિજ્ઞાસુઓને રુચિકર બને તે રીતે સ્પષ્ટ કરવો તે કેટલું કઠિન છે એ તો એના અનુભવીઓ જાણે છે. આ ક્ષેત્રની સફળતાના સોપાનો પરની આપની પ્રગતિ અને આ વિષયનું ચિંતન ખુબ જ અનુમોદનીય અને આદર્શ છે. બીજા ભાગમાં વસ્તુલક્ષી સ્પષ્ટીકરણ તત્વજ્ઞાનના નવનીત સમું છે અને સ્વાધ્યાયશીલો માટે પથદર્શક છે.

આશા રાખીશું કે શેષ ભાગો તૈયાર કરવામાં તમારી કલમને જરા પણ થાક ન લાગે.

ન્યાતીનોરા —પં. મનોહરવિજયજી ગણી
સાદડી ( રાજસ્થાન )
તા. ૪–૧૧–૭૭

*

ભગવતી સૂત્રના શતકોનું ભાષાંતર કરીને ભાવિક ભપી આત્માઓ ઉપર ઉપકાર કર્યો છે. સૌ વાંચી મનન કરી કર્મનિર્જરા કરો એજ ભાવના.

દેવકીનંદન સોસાયટી, —વિજયપ્રસન્નચંદ્રસૂરિ
અમદાવાદ
સંવત ૨૦૩૩ ભાદરવા સુદિ ૧૨

*

....જૈન ધર્મના પિસ્તાલીશ આગમ છ વર્ગમાં વહેંચાયેલા છે. તેમાંનો પ્રથમ વર્ગ જેને 'અંગ' કહેવામાં આવે છે, તેના બાર પેટા વિભાગ છે. જે પૈકી પાંચમો પેટા વિભાગ તે "ભગવતી સૂત્ર" નામે પ્રચલિત છે.

'ભગવતી સૂત્ર'માં ભગવાન મહાવીરને ગણધર ગૌતમ સ્વામીએ પૂછેલ પ્રશ્નો અને તેના પ્રત્યુત્તરો છે.

થોડા વખત પહેલાં જ ભગવાન મહાવીરને ૨૫૦૦ વર્ષ થયા નિમિત્તે આપણે ત્યાં ઉજવણી થઈ. કાળની ગતિમાં ૨૫૦૦ વર્ષ એ નાનો સુનો સમય નથી. ૨૫૦૦ વર્ષ પૂર્વે ભગવાન મહાવીરે જે ધર્મોપદેશ આપ્યો તે સમજવામાં ભગવતી સૂત્ર સાર સંગ્રહ ખૂબ જ ઉપયોગી નિવડશે તેમાં મને જરા પણ શંકા નથી. ધર્મ ગ્રંથોમાં આપેલ ઉપદેશ

સમજવા માટે લોકભોગ્ય અને સરળ ભાષા આવશ્યક છે. મને લાગે છે કે આ દિશામાં પૂજ્ય ન્યાય, વ્યાકરણ, કાવ્યતીર્થ, પંન્યાસ શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ સાહેબનું આ પુસ્તક ખૂબ જ ઉપયોગી નિવડશે.

સુરત — નગીનદાસ એન. ગાંધી
(દ. ગુજરાત) ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ

....ભગવતી સૂત્ર સાર સંગ્રહ માટે તમે સારો એવો શ્રમ કરેલ છે એ તો ચોકખુ દેખાઇ આવે છે જ. લખાણ ચાલુ જ રાખશો. આ પ્રવૃત્તિ જ્ઞાનની આરાધના, પોતાના વિચારોની સ્પષ્ટતા તથા જે લોકો મૂળ આગમ કે તેની વૃત્તિ વાંચી શકવા માટે અસમર્થ છે તેમને માટે આ પુસ્તક વિશેષ ઉપયોગી થવાનું જ અને ગ્રંથકાર માટે તો આ પુસ્તક સદ્‌વિચારોની પ્રેરણા માટે વિશેષ અસાધારણ છે એમ કહેવામાં અતિશયોક્તિ કરતો નથી. હજી ૩૦ શતક બાકી છે તેના ઉપર તમે શાંતિથી સરસ પ્રકાશ પાડી શકશો....

૧૨/બ, ભારતી નિવાસ
સોસાયટી, અમદાવાદ—૬ —પં. બેચરદાસ જીવરાજ દોશી

*

....આપશ્રીએ મોકલેલ સાહિત્યપ્રસાદી ' ભગવતીસૂત્ર સાર સંગ્રહ ' ભાગ બીજાના પુસ્તકો મળેલ છે, જે બદલ આપશ્રીનો ઋણી છું.

આપણા મહત્ત્વપૂર્ણ શાસ્ત્રો 'આગમ દ્વાદશાંગી'ના એક અગત્યના અંગ 'ભગવતીસૂત્ર'નું સુંદર અને દળદાર પુસ્તક અને "સમવસરણ"માં બિરાજિત સર્વ જીવોને શાસન પ્રેમી બનાવવા દેશના આપતા તીર્થંકર ભગવંતનું સુંદર, આકર્ષક ને

આબેહુબ દૃશ્ય ખડું કરતું 'જેકેટ' પરનું ચિત્ર જોતાં જ પ્રથમ નજરે જ 'ગ્રંથ' ગમી ગયો છે.

પ્રસ્તુત પુસ્તકમાં ગણધર ગૌતમસ્વામીએ ભગવાન મહાવીરને પૂછેલા અનેક પ્રશ્નોના સ્વમુખે જ આપેલા ઉત્તરો રૂપે ભગવતીસૂત્ર સાર સંગ્રહમાં ૬થી૧૧ શતકના ઉદ્દેશકોમાં સરળ શૈલીમાં આલેખાયેલ શાસ્ત્રસાર વાંચતા-વિચારતા અંતર (હૃદય) આનંદ વિભોર ને ગદગદ બની ગયું. કેવી સુંદર દેશના અને કેવી સરસ રચના!

"ભગવતી"ના પ્રથમ ભાગની જેમજ આ દ્વિતિય ભાગમાં પણ આપશ્રીએ અત્યંત શ્રમ વેઠી, દિલ નિચોવી, ભગવતી સૂત્ર જેવા માર્મિક અને કઠીન વિષયને લોકભોગ્ય શૈલિમાં લખી એને સરળ બનાવેલ છે.

ભાવુક ને જિજ્ઞાસુ વાંચકોને આવા ગહન તત્ત્વજ્ઞાનનું સત્ત્વ સમજવામાં સરળતા રહેશે. ધ્યાન દોરે છે તો એ હકીકત કે 'પ્રથમ ભાગ' આપના ગુરુદેવે તૈયાર કરેલ નોંધો પરથી વિસ્તૃત કરીને રજુ કરેલ, જ્યારે આ 'બીજો ભાગ' તો આપશ્રીએ મનનપૂર્વક વિચારી સમજી એક સ્વતંત્ર કૃતિ તરીકે પ્રકાશિત કર્યો છે. તેમ છતાં 'ભગવતીજી'ની મૌલિકતાને માર્મિકતા સંપૂર્ણ રીતે સચવાઇ છે. આપશ્રીએ આપની આગવી સુંદર શૈલિમાં અલ્પજ્ઞાની બાળજીવોને એ સમજાય અને ગ્રાહ્ય બને એવી રસપ્રદ રીતે કરેલ રજુઆત ખરેખર પ્રશંસા માંગી લે છે.

આપશ્રીએ ઘણા 'ચાતુર્માસ'માં ભગવતી સૂત્ર વ્યાખ્યાન દ્વારા શ્રોતાઓને સુંદર રીતે સમજાવેલ છે, એટલે આપને તો 'ભગવતી સૂત્ર'નું વાંચન-મનન-ચિંતન ને પરિશીલન સહજ બની ગયું છે, જેના નિચોડરૂપે આ ગ્રંથ તૈયાર થયેલ હોઇ ઘણોજ સુવાચ્ય, સુગમ અને સરળ બન્યો છે. આ રીતે

'ભગવતીજી' સમજવામાં સરળ બનાવવા માટે અને 'જિનાગમ'ની પ્રભાવના કરવા બદલ આપશ્રીને ધન્યવાદ આપ્યા વિના રહી શકતો નથી.

પ્રસ્તુત ગ્રંથને ઉંડાણથી વાંચતા અને હૃદયથી સમજતાં, વિષયને આપશ્રીએ એવી પ્રવાહી શૈલીમાં રજુ કર્યો છે કે વાંચકને એ રસપ્રદ અને બોધપ્રદ જણાયા વિના રહેશે નહી, જે આપશ્રીની વિદ્વત્તા, વિશિષ્ટતા, વિષયનું ઉંડુજ્ઞાન, શ્રુત જ્ઞાનની ભક્તિ અને સમાજ પ્રત્યે ઉપકારકવૃત્તિ માટે ઘણું ઘણું કહી જાય છે, એ સંદર્ભમાં ચતુર્વિધ સંઘ આપનો ઋણી છે.

જ્યારે પ્રારંભ કર્યો છે અને આગળ વધ્યા છો (ભાગ ૧-૨-૩) ત્યારે થોડો વધારે શ્રમ વેઠી, માનસિક થાકને ગૌણ ગણી 'ભગવતીજી'ના બધા જ શતકોને આ રીતે રજુ કરી જૈન સમાજને ઉપકૃત કરશો એવી આશા-અપેક્ષા અસ્થાને નહિ ગણાય !

વધારાની મોકલેલ નકલો જિજ્ઞાસુ અને ધર્મ પ્રેમી મિત્રોને આપી છે, જેઓએ પણ વાંચીને બે મોઢે આપશ્રીની સુંદર શૈલી, ઉંડુ જ્ઞાન અને વિશિષ્ટ વિદ્વત્તાની પ્રશંસા કરી છે. આપશ્રીના ઘણા ખરા નાના મોટા પ્રકાશનો અવારનવાર વાંચવા મલ્યા છે જેમાં 'ભગવતીસૂત્ર સાર સંગ્રહ'નું આલેખન પ્રકાશન શિરમોર સમું જણાયું છે, જે બદલ અભિનંદન !

બાળ જીવોના હિતાર્થે અને શ્રુતજ્ઞાનની સેવાર્થે આપની આજ્ઞાંકિત લેખિની દ્વારા આગમ શાસ્ત્રોનો અને જૈન દર્શનનો લાભ સમાજને આપતા રહો એવી અંતરની અભ્યર્થના સહ વિરમું છું.

તા. ક. ભગવતીસૂત્ર સાર સંગ્રહ બીજો ભાગ જેમ જેમ વાંચતો ગયો તેમ તેમ વિષયોની સરળ સમજણ સાથે સમ્યગ્ દૃષ્ટિ ખીલતી ગઇ, શાસન પ્રત્યે રાગ વધતો ગયો. અને

આગમોનું ઉંડાણ જાણે, મારૂં અલ્પજ્ઞાન છતાં, આંબી શકાય તેવું જણાયું. આ પ્રસ્તુત પુસ્તકમાં વિષયની ઝીણવટભરી છણાવટ, સૂત્રોનું સચોટ અને સરળ શૈલીમાં વિવેચન અને સુંદર ભાષામાં અનુભવસિદ્ધ શૈલીમાં વિવેચન થયેલું હોવાથી જાણે આ ત્રિવેણી સંગમ લેખન માટે દાદ માંગી લે છે.

બધી રીતે પૂજ્ય પંન્યાસજી સારી રીતે સફળ બન્યા છે. માટે સૌને પ્રશંસનીય બને છે.

છેવટે પ્રત્યક્ષ નહી તો પણ તેમના ભગવતીસૂત્રોના ભાગોમાં ગૂંથાયેલી ભગવાન મહાવીરની અમૃતવાણીના રસાસ્વાદથી પણ સંઘ લાભ મેળવશે તેવી આશા અસ્થાને નથી.

પાલીતાણા —ડો. ભાઈલાલ એમ. બાવીશી
તા. ૮-૨-૭૮ (M.B.M.S, F.C.G.P.)
પાલીતાણા પ્રેસીડેન્ટ-ઇન્ડીયન મેડીકલ એસોસીએશન
તા. ૯-૬-૭૯ પાલીતાણા બ્રાંચ
કારોબારી સભ્ય-અ. ભા. જૈન શ્વે. કોન્ફ.-મુંબઈ
મેનેજીંગ ટ્રસ્ટી-શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી
જ્ઞાનવર્ધક ટ્રસ્ટ-પાલીતાણા
ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ-પાલીતાણા નગરપાલિકા
પ્રમુખ-શ્રી સિદ્ધક્ષેત્ર સામાયિક મંડળ
ભૂતપૂર્વ તંત્રી-વિદ્યાર્થી બંધુ, તણખા આદિ....

*

....આપશ્રી 'ભગવતી સૂત્ર' જેવા મહાશ્રુત સ્કંધ ઉપર ક્રમબદ્ધ વિવેચન એટલું સરળ અને વિશદ વિવરણ કરી રહ્યા છો કે, જેના બે દળદાર ભાગો પ્રકાશિત થઈ ચતુર્વિધ સંઘના કરકમળમાં આવી ગયા છે. તપ-બ્રહ્મચર્ય અને જ્ઞાન એ ત્રિયોગના સંગમથી આપશ્રીની વાણી અને

વિવરણમાં મોતીની માળા જેવી ઝલક, મધુરતા, રાગ દ્વેષ રહિતતા અને સ્વચ્છતા સ્પષ્ટ દેખાઇ આવે છે. એથી જ સ્પષ્ટ થાય છે કે આપશ્રીનું સાધુ જીવન શતદળ કમળની જેમ વિકસિત થઈ સુગંધી બનવા પામ્યું છે.

ઘણા મહિનાઓ સુધી આપશ્રી મારા ચક્ષુની પ્રત્યક્ષ રહ્યાં છો તથા ત્યારપછીના ઘણા વર્ષોથી આપની સાહિત્ય સેવા મારા માટે પરોક્ષ છતાં પણ પ્રત્યક્ષ રહી છે, તેથી આપનો પ્રવૃત્તિ માર્ગ મારા માટે તેમજ સમાજને માટે પણ આદરણીય, પ્રશંસનીય અને અનુકરણીય રહ્યો છે.

ત્રીજો ભાગ પણ તૈયાર થયો છે. આ સમાચાર જાણ્યા પછી આનન્દની સીમા રહી નથી.

શાસનદેવ તમને શતાયુ બનાવીને આજે આપશ્રી છો તેવા જ ભાવીકાળમાં પણ બન્યા રહો.

એજ અભ્યર્થના....

૪. મધુવન સોસાયટી, અમદાવાદ–૧૩

–હરિલાલ ધરમચંદ શાહ (B.A.)
ભૂતપૂર્વ ઇન્કમટેક્ષ ઓફીસર

*

भगवती सूत्र जैसे महान आगम से आपकी विद्वत्ता सामने प्रत्यक्ष है। राजस्थान गोडवाडवासियों व सभी को आपके सुलझे हुए विचारों के लिये गौरव है। भगवती के विवेचन में आप सभी में अग्रणी है ऐसो ( मेरी जानकारी अनुसार ) मेरी मान्यता है। भगवती सूत्र के दो भाग पढ़े। पहले भाग में मातृ स्वरूपा नारी को खूब मह-त्व दिया है आपने। दोनो भागो में अनेक उलझन पूर्ण प्रश्नों के उत्तरों से जो स्पष्टी करण है वह प्रशंसनीय है। जैसे महावीर गौतम, पू. महावीर सुदर्शन शेठ का सवाद प्रमाणीभूत है। धर्म कर्म के विवेचनों के साथ उनके मर्मको भी बताया गया है।

द्रव्यक्षेत्र-कालभावका विवरण खूब गहराई से लिखा गया है। विवेचनमें " सवी जीव करुं शासनरसी इसी भाव दया मन उल्लसी "के विचारोंसे जैन शासनकी विशालता प्रकट हुई है। अेक शब्द के कई अर्थ होते हैं-ऐसे स्थानों पर आपने सिद्धांतके अनुसार अर्थ घटाया है। सप्रदायमें रहते हुए भी आप सप्रदायिकतामें नहीं फंसे है। इसका ध्यान आपने अपनी रचनाओं में सर्वत्र रखा है। विद्वताके साथ आपने आत्मीय गुणोंका भी विकास किया है, अतः सर्व साधारण जीवोंकी दयनीय स्थितिको बतलाने में सफल हुए है। गुरुदेव श्री विद्याविजयजी महाराजके चरणोंमें आपने गहरा अभ्यास किया है उसकी प्रतीति आपकी डिग्रियोंसे होती है। ब्रह्मचारी होने के साथ तपस्वी ज्ञानी-ध्यानी व अभ्यासी है, जिसका प्रमाण आपके भिन्न भिन्न ग्रंथ है जिनमें भगवती सूत्र सर्वोपरी लगता है। शासनदेव से प्रार्थना है कि आप चिरायु बन कर शासन-समाज के हितचिंतक बने रहे.

गोडवाडवासियों की भुरि भूरि वन्दना स्वीकारे....

सादडी<br>(राजस्थान)<br>२४-४-७९

—फूलचद बाफना<br>भूतपूर्व मंत्री राज०<br>व सर्वोदय कार्यकर्ता

*

....सादर वन्दना ! आपके प्रेषित भगवती सूत्र सार संग्रहका दूसरा भाग अभी प्राप्त हुआ, आपने समय निकाल कर दूसरा भाग इतना जल्दी तैयार करके छपवा दिया, यह प्रसन्नता की बात है। यही तत्परता और सृजनशीलता आपमें बनी रहे यही भावना....

बीकानेर<br>३१-१०-७७

—अगरचदजी नाहटा

卐

ભગવતી સૂત્ર સાર સંગ્રહ ત્રીજા ભાગના

# સહાયકોની નામાવલિ

૮૫૦૦) પ્રાર્થના સમાજ જૈન સંઘ ટ્રસ્ટ

૨૫૦૦) કુંથુનાથ જૈન સંઘ ટ્રસ્ટ શાંતાક્રુઝ

૨૦૦૦) શ્રી ગોડી પાર્શ્વનાથ પેઢી વિજયવલ્લભ ચોક

૫૦૦) શ્રી વાલકેશ્વર રીજરોડ સંઘ ટ્રસ્ટ

૧૫૦૦) સૌ. કાંતાબ્હેન સાકળચંદ ખીમચંદ સુરત

૧૧૨૦) હર્ષદલાલ સાકળચંદ ધીયા
૧૪૮, વી. પી. રોડ, પ્રભુ નિવાસ

૧૦૦૦) રમેશભાઈ બાપુલાલ શાહ

૧૧૧૧) જવાહરલાલ મોતીલાલ માલેગામ પંચરત્ન

૧૦૦૦) પોપટલાલ ગૌતમદાસ

૪૦૦) શાંતિલાલ કેશવલાલ પંચરત્ન

૩૦૦) ભબુતમલ કપુરચંદ લેમિંગ્ટન રોડ

૫૦૦) દલીચંદ નાગરદાણુ જોગાણી ખીમત

---

૨૦૪૩૧) કુલ રૂપિયા

ॐ ह्रीं अर्हं ऐं नमः
शासनपति श्री महावीरस्वामिने नमः
शास्त्रविशारद, जैनाचार्यं, स्व. श्री विजयधर्मसूरीश्वराय नमः
श्री सरस्वती मात्रे नमोनमः

# શ્રી ભગવતી સૂત્ર સાર-સંગ્રહ

## ભાગ–૩

## શતક ૧૨ મું : ઉદ્દેશક–૧

### શ્રાવસ્તી નગરી :

"સાવત્થી નયરી ધણી શ્રી સંભવનાથ."

શુભ મુહૂર્તે સર્જન પામેલી ઘણી નગરીઓમાંથી શ્રાવસ્તી નગરીનો ઇતિહાસ પણ લાખો-કરોડો અને અબજો વર્ષ પુરાણો છે. આ અવસર્પિણી કાળમાં ચતુર્વિંશ તીર્થંકરોમાંથી ત્રીજા તીર્થંકર શ્રી સંભવનાથ ભગવંત આ પવિત્ર નગરીમાં જન્મ્યા હતા. અને ચરમ તીર્થંકર ભગવાન મહાવીરસ્વામીએ એક વર્ષાવાસ ( ચાતુર્માસ ) આ નગરીમાં કરીને ત્યાંની જનતાને બહુવિધ ધર્મનો લાભ આપ્યો હતો. શાસ્ત્રવચન છે કે, જ્યાં જ્યાં તીર્થંકર પરમાત્માઓનાં ચરણો પડે છે તે ભૂમિ, બાગ, ગામ અને નગરીમાં નવે નિધાનો પ્રગટ થાય છે, પુણ્યકર્મની ચરમ સીમાની આરાધના ઉપરાંત જનતાના મનમાંથી રાજસ અને તામસ ભાવની વિદાય થઈને સાત્ત્વિક ભાવોની અભિવૃદ્ધિ

થવા લાગે છે; પારસ્પરિક, કૌટુંબિક, સામાજિક અને સાંપ્રદાયિક કલુષિત ભાવનાઓનો અંત આવે છે. અને શુદ્ધ ધાર્મિકતા પોતાની બધી કળાઓ સાથે ખીલવા લાગે છે. અને કાચી ઘડીમાં જ કામીઓનો કામ, ક્રોધીઓનો ક્રોધ, માયાવીઓની માયા, લોભીઓનો લોભ, અને અહંકારીઓનો અહંકાર પલાયન થાય છે. આળસ, નિદ્રા, તંદ્રા અને નિંદાનાં નિવાસસ્થાનો ઉપર તાળાં લાગે છે અને જનતા તીર્થંકરદેવોના સમવસરણ તરફ આવવાને માટે ઉત્સાહિત થઈને સદ્‌ભાવપૂર્વક પોતપોતાના ઘેરથી પ્રસ્થાન કરે છે.

અનાદિ અનંત સંસારમાં રખડપટ્ટી કરનારા જીવાત્માઓ ત્યાં સર્વથા અદ્વિતીય વસ્તુનું દર્શન કરે છે, શ્રવણ કરે છે, તેનો અનુભવ કરે છે અને સૌનાં હૈયાં જાણે સમ્યક્ત્વના પ્રકાશમાં, જ્ઞાનની ગંગામાં અને સમ્યક્ચારિત્રના વેશ–પરિધાનમાં અલૌકિક આનંદનો અનુભવ કરે છે. અને માનવના મનમાં અનાદિ કાળથી રહેલાં વેર–ઝેર–ઇર્ષ્યા–અદેખાઈ, મમત્વ આદિ આત્મઘાતક દૂષણોની છેલ્લી વિદાય થાય છે.

શ્રાવસ્તી નગરીમાં ચાતુર્માસ માટે સ્થિરવાસ થયેલા ભગવાન મહાવીરસ્વામીના સમવસરણમાં કરોડોની સંખ્યામાં દેવો–દેવેન્દ્રો, દેવીઓ–ઈન્દ્રાણીઓ પોતાનાં જીવનની ધન્યતા અનુભવી રહ્યાં હતાં. દેશ–દેશાન્તરથી આવેલા રાજા–મહારાજાઓ, રાણીઓ, રાજપુત્રીઓ, શેઠ–શેઠાણીઓ મહાવીરસ્વામીનાં ચરણોમાં મહાવ્રત સ્વીકારીને પોતાનું કલ્યાણ કરતાં ધન્ય બની રહ્યાં હતાં. કેટલાક ભાગ્યશાળીઓ ગૃહસ્થાશ્રમમાં રહીને દેશવિરતિ–શ્રાવક ધર્મની આરાધના કરવામાં સદૈવ પ્રયત્નશીલ હતાં. આ પ્રમાણે અનેક આત્માઓને ધર્મ પમાડીને

પરમાત્મા ચાતુર્માસાન્તર અન્યત્ર વિહાર કરી ગયા.

ઔપપાતિક સૂત્રમાં વર્ણવેલી ઉપમાઓને ધારણ કરતી તે શ્રાવસ્તી નગરીમાં એક દિવસ ભગવાન મહાવીરસ્વામી ચતુવિધ સંઘ સાથે વિહાર કરતા પધાર્યા, જેમના ચરણોની સેવામાં દેવો તથા મનુષ્યો ઉપસ્થિત હતા.

(૧) દિવ્ય કામો-વિલાસો, સુગંધી જળની ભરેલી વાવડીઓ, વિમાનો અને પૌદ્ગલિક સુખો પાપોત્પાદક, પાપવર્ધક અને પાપ પરંપરક સમજીને સમ્યગ્જ્ઞાનપૂર્વક તેમની મોહમાયાનો યથાશક્તિ અમુક સમય સુધી ત્યાગ કરીને દેવ સમૂહ સદૈવ તત્પર હતો.

( ૨ ) ઘાતી કર્મરેણુના અંશ માત્રથી પણ સર્વથા રહિત બનેલા માટે કૃતકૃત્ય થયેલા કેવળજ્ઞાની મુનિઓ અને સાધ્વીજીઓ પણ સાથે હતાં.

( ૩ ) કેવળજ્ઞાનની ચરમ સીમા સુધી પહોંચી ગયેલા ચાર જ્ઞાનના, ત્રણ જ્ઞાનના ધારકો, શ્રુતકેવળી મુનિઓ, મહામુનિઓ, મહાયોગીઓ અને મહાતપસ્વીઓ પણ તીર્થંકરદેવની સેવામાં હતા.

( ૪ ) વૈભવ વિલાસોથી પૂર્ણરૂપે કંટાળી ગયેલા માટે સંસારરૂપ દાવાનલથી તપ્ત થયેલા મોક્ષાભિલાષી ગૃહસ્થાશ્રમીઓ પણ હાજર હતા.

( ૫ ) પહેલે ગુણસ્થાનકે રહેલાઓ પણ જેઓ ભદ્રિક, સરળ, નિરભિમાની અને સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ મેળવવા ઇચ્છુકો હતાં, તે પણ પરમાત્માની સેવામાં મોજૂદ હતા.

આ પ્રમાણે શ્રાવસ્તી નગરીના કોષ્ઠક નામે ચૈત્યોદ્યાનમાં ભગવંત સમવસર્યા.

તે સમયે, તે નગરીમાં 'શંખ' આદિ શ્રાવકો-મહાશ્રાવકો મોટી સંખ્યામાં રહેતા હતા, જેઓ ધનિક, મહાવ્યાપારી અને મોટી હાટ-હવેલીઓના સ્વામી હોવા ઉપરાંત નાનાં મોટાં વ્રતોને ધારણ કરીને યથાશક્તિ વ્રતો પાળનારા હતા. અને જૈન શાસનની અત્યુત્કટ શ્રદ્ધાવાળા હોવાથી કોઈનાથી પણ ગાંજ્યા જાય, ડરી જાય તેવા ન હતા. પોતાની સમ્યગ્ બુદ્ધિ અનુસાર રહીને સદ્વિવેકપૂર્વક પોતાનું જીવન સૌ ભૂતો, પ્રાણીઓ, સત્વો અને જીવો માટે હિતકારી બનાવેલું હોવાથી ગામમાં પ્રતિષ્ઠાવાળા અને સૌને માન્ય હતા, આદરણીય હતા. ન્યાયબુદ્ધિ જ તેમનું ધન હતું. સત્યવાદ અલંકારો હતા. ગૃહસ્થાશ્રમની મર્યાદાવાળું અહિંસાવ્રત કવચ હતું, અને જિનેશ્વરદેવની આજ્ઞા જ તેમનું શસ્ત્ર હતું. તથા જીવાદિ નવતત્ત્વોના યથાક્ષયોપશમ જાણકાર હોવાથી દિવસ અને રાત્રિનો મોટો ભાગ તત્ત્વોની ચર્ચા વિચારણા કરી નવું નવું જ્ઞાન મેળવવાની તમન્નાવાળા હતા. તે ચર્ચા નીચે મુજબ છે.

**(૧) જીવ તત્ત્વ** : હલન-ચલન-હાનિ-વૃદ્ધિ આદિ ક્રિયાઓથી પ્રત્યક્ષ અને અનુમાનગમ્ય જીવાત્મા શરીરથી સર્વથા પૃથક્ છે, જે પંચ ભૂતોથી ઉત્પાદિત નથી, પાણીના પરપોટાની જેમ ક્ષણિક નથી, મદ્ય આદિમાં રહેલી માદક શક્તિની માફક ભાડૂતી ચૈતન્યશક્તિવાળો નથી, અંગૂઠા કે જવ જેટલો નથી, કઠપૂતળીની જેમ ઈશ્વરના કે બ્રહ્માના ઇશારે નાચનારો નથી, પરંતુ અનંત શક્તિનો, સર્વતંત્ર સ્વતંત્ર, ચૈતન્યશક્તિથી પૂર્ણ, સમુદ્ઘાતને છોડીને શરીર-

વ્યાપી, રૂપ-રંગ-રસ અને સ્પર્શ વિનાનો, અરૂપી હોવા છતાં પણ શરીરના સહવાસે કથંચિત્ રૂપી આત્મા પ્રત્યેક શરીરમાં સ્પષ્ટ અનુભવાતું તત્ત્વ છે.

( ૨ ) **અજીવ તત્ત્વ :** સંસારનું ઉત્પાદન, હનન, પાલન કે સંચાલન ઈશ્વરને અધીન નથી પણ અજીવ તત્ત્વને અધીન રહેલું છે. જીવની જેમ અજીવ પણ અનંતશક્તિ સંપન્ન હોવાથી સંસારના સંચાલનમાં પૂર્ણ સમર્થ છે, જેના કારણે સંસારનો પ્રત્યેક પદાર્થ પોતપોતાની સેવા ( ધર્મ ) બરાબર બજાવી રહ્યો છે. માટે જ દેવવિમાનો સ્થિર છે, સમુદ્ર મર્યાદિત છે. વર્ષાદિ ઋતુઓ પોતાના સમયને ઉલ્લંઘી શકતી નથી. વનસ્પતિઓને પત્ર પુષ્પ અને ફળ આદિની પ્રાપ્તિ તથા પતન સમય પ્રમાણે જ થઇ રહ્યું છે. માતાની કુક્ષિમાં સંતાનનું આવવું, નવ મહિના ત્યાં રહેવું, અને યથા સમય સંસારના 'સ્ટેજ' ઉપર આવવું એ બધું યે આ અજીવ તત્ત્વને આભારી છે. આકાશમાં ઇંદ્રધનુષ્ય કોણે બનાવ્યું ? ઝાડ ઉપર ફળ કયાંથી આવ્યાં ? કોણે પકાવ્યાં ? માણસના મુખમાં જ દાંત કેમ છે ? આંખથી રસાસ્વાદ કેમ થતો નથી ? આના જેવા અગણિત પ્રશ્નોનો જવાબ એક જ છે કે અજીવ તત્ત્વની સત્તા સૌ કોઇને માન્ય કર્યા વિના છુટકો નથી.

( ૩ ) **પુણ્ય તત્ત્વ :** 'पुनात्यात्मानमिति पुण्यम्' આ વ્યુત્પત્તિથી, જેનાથી આત્માનો ઉત્કર્ષ સધાય, વિકાસ થાય અને સદ્ગતિ તથા સત્કર્મો તરફ આગળને આગળ પ્રસ્થાન કરાય તે પુણ્યતત્ત્વને આભારી છે. તે બે પ્રકારે છે. ૧. સાધારણ પુણ્ય, ૨. વિશેષ પુણ્ય.

( ૧ ) સાધારણ પુણ્ય-અંતરાત્માની મુદ્દલ ઇચ્છા ન હોવા

છતાં પરાધીનતાને લઈને ભૂખ–તરસ–ઠંડી–ગરમી સહન કરવી પડે. બ્રહ્મચર્યની ઇચ્છા ન હોવા છતાં તે પાળવું પડે, દેખાદેખી કે ખોરા ટોપરા જેવી દાનતથી પણ ઉપચારદૃષ્ટિએ દાન આપવું પડે, અથવા ઋદ્ધિ, સમૃદ્ધિની લાલસાએ કંઈક આપવું પડે ત સાધારણ પુણ્ય કહેવાય છે, જેનાથી બીજા ભવે પૈસો ટકો મળે, પણ જીવનમાં સમતા, મનમાં શાંતિ, હૈયામાં ઠંડક, આંખોમાં નિર્વિકારીતા અને કલેજામાં સ્વચ્છતા મળતી નથી. માનવશરીર મળે છે પણ માનવતા, સજ્જનતા અને મહાજનતા નથી મળતી. તોપછી આર્યદેશ, આર્યકુળ, આર્યભાષા કે જૈનત્વના સંસ્કારો ક્યાંથી મળવાના હતા?

(૨) વિશેષ પુણ્ય—સંસાર અને તેના વૈભવો–વિલાસો પાપ જ છે, એમ સમજીને સમ્યગ્જ્ઞાનપૂર્વક પોતાના સ્વાધીન દ્રવ્યનું સત્કાર્યોમાં–પવિત્ર કાર્યોમાં દાનપુણ્ય કરવાથી, યુવાવસ્થાની વિદ્યમાનતામાં જ વ્રત વિશેષથી શરીર, મન અને આત્માને પવિત્ર કરવાથી વિશિષ્ટ પ્રકારનું પુણ્ય બંધાય છે, જેનાથી ભવાંતરમાં આર્ય ખાનદાન અને જૈનત્વપૂર્વક જૈન ધર્મની આરાધના સુલભ બને છે. આર્ત્તધ્યાન તથા રૌદ્રધ્યાન વિનાનું જીવન મળે છે અને જીવનમાં ધાર્મિકતાની પ્રાપ્તિ સાથે શાંતિ–સમાધિ અને સ્થૈર્યની સુલભતા મળે છે. નવ પ્રકારે બંધાયેલું પુણ્ય ૪૨ પ્રકારના ઉત્તમ ફળને દેનારૂં બને છે.

**(૪) પાપ તત્ત્વ:** પુણ્ય તત્ત્વથી સર્વથા વિપરીત પાપતત્ત્વ કહેવાય છે. જે ક્રિયાઓ તથા માનસિક પરિણામોવડે આત્મા ભારે બને, દુઃખનું સંવેદન થાય, દુર્ગતિ તરફ પ્રસ્થાન કરે અને જીવનને દૂષિત કરે તે પાપ તત્ત્વ છે. "आत्मानं पातयति च नरकं प्रति प्रस्थापयतीति पापम्" હિંસા–જૂઠ–

ચૌર્ય–મૈથુન અને પરિગ્રહરૂપ મોટા પાપો દ્રવ્ય પાપ છે. અને ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, રતિ, અરતિ, અભ્યાખ્યાન, પૈશુન્ય, કલહ, પરપરિવાદ, માયા મૃષાવાદ અને મિથ્યાત્વ–ભાવ પાપ છે જે આત્માના કટ્ટર વૈરી છે. આ બંને પાપો કારણ વિશેષ વિના સદાને માટે પાપ જ છે. પાપી પેટ કે વ્યવહાર સંચાલનને ખાતર પણ દ્રવ્ય–પાપો અનિવાર્ય હોવાથી સેવવા પડે છે, પરંતુ પાછળનાં તેર પાપો નિરર્થક હોવાથી માનવ-જીવનમાં સૌ પ્રથમ ત્યાગવા લાયક છે. માટે જ તીર્થંકરોએ કહ્યું કે: "સૌથી પહેલાં પાપોને ત્યાગવા માટે અને તેમને કંટ્રોલમાં લેવા માટે અભ્યાસ કરવો જોઈએ."

**( ૫ ) આશ્રવ તત્ત્વ :** વર્ષાઋતુમાં વરસાદનું પાણી નદી નાળાં દ્વારા સરોવરમાં આવે છે, તેવી રીતે સંસારમાં પુણ્ય અને પાપકર્મો મન, વચન અને કાયારૂપી નળો દ્વારા માનવ-જીવનમાં પ્રવેશ કરે છે. "आश्रूयते–उपादीयते इति आश्रवः" એટલે કે કર્મો અને કર્મોની વર્ગણાઓ જેનાથી ગ્રહણ થાય તે આશ્રવ છે, જે શુભ અને અશુભ હોય છે. મન વચન અને કાયાની સરળતા શુભ આશ્રવ છે અને વક્રતા અશુભ આશ્રવ. પાંચ ઇન્દ્રિયોને સંયમિત રાખવી તે શુભ આશ્રવ, અને અસંયમિત રાખવી તે અશુભ આશ્રવ. ચારે કષાયોને નિયંત્રિત કરવા તે શુભ આશ્રવ, અને અનિયંત્રિત કરવા તે અશુભ આશ્રવ. વ્રતમય જીવન રાખવું તે શુભ આશ્રવ, વ્રત વિનાનું જીવન રાખવું તે અશુભ આશ્રવ. આ આશ્રવ તત્ત્વ સૌને માટે સર્વદા અને સર્વથા ત્યાગ કરવા લાયક છે. છતાં પણ જીવન-વ્યવહારમાંથી જ્યાં સુધી વક્રતા, અસંયમ તથા પાપ ભાવનાઓ કે પાપ ક્રિયાઓને દેશવટો આપવામાં ન આવે ત્યાં સુધી દાન, શિયળ, તપ અને પવિત્ર ભાવો સાથે પુણ્યકાર્યો પણ

કોઈ કાળે છોડવાં ન જોઈએ. માન્યું કે પુણ્યકર્મો પણ સોનાની બેડી જેવાં છે, તો પણ લોખંડની બેડી કરતાં તો કંઈક સારાં જ છે. અને જ્યારે આત્માના અધ્યવસાયો શુભ, શુદ્ધ, અતિ શુદ્ધ બનવાની તૈયારીમાં હોય છે અથવા બની ગયા હોય છે ત્યારે તો શુભ કે અશુભ બંને પ્રકારના આશ્રવો ત્યાજ્ય જ બને છે.

**( ૬ ) સંવર તત્ત્વ :** આશ્રવમાર્ગને બંધ કરવાની પ્રક્રિયાને સંવરતત્ત્વ કહેવાય છે, જે આત્માની અભૂતપૂર્વ મોક્ષાભિલાષિણી પુરુષાર્થ–શક્તિને આભારી છે. "बुद्धिः कर्मानुसारिणी" અર્થાત્ પોતાનાં પૂર્વભવીય કર્મોના કારણે માણસની બુદ્ધિ અને પરિસ્થિતિનું સર્જન થવા છતાં પણ આત્મા જ્યારે અનિવૃત્ત અને અપૂર્વકરણમાં પ્રવેશ પામે છે ત્યારે નરક કે તિર્યંચ અવતારમાંથી અને તે ગતિના ખરાબમાં ખરાબ સંસ્કારોને લઈને માનવશરીર પામેલો હોવા છતાં પોતાનાં કર્મોને, બુદ્ધિને પરાસ્ત કરવા ભાગ્યશાળી બને છે, તથા કેવળ જ્ઞાન કે તીર્થંકર પદને પણ પ્રાપ્ત કરવાની ક્ષમતા મેળવે છે. આઠે કર્મોમાં મોહકર્મનો ઉપશમ સુલભ હોવાથી માનવ જો તે કરવા ચાહે તો કરી શકે છે. માટે પૂર્વ ભવનાં પાપોને કારણે માણસમાં પાપબુદ્ધિ થાય છે, તે સમયે જૈનત્વને પામેલો ભાગ્યશાળી પોતાના આત્મપુરુષાર્થ વડે મોહબુદ્ધિ, ક્રોધબુદ્ધિ, માયાબુદ્ધિ કે કામબુદ્ધિનો ઉપશમ કરી નિર્જરા તત્ત્વ તરફ પ્રસ્થાન કરી શકે છે. ધ્યાનમાં રાખવાનું છે કે જીવનમાં સર્વથા નિકાચિત કર્મોનું વેદન તો અનિવાર્ય હોવાના કારણે ત્યાં બીજો વિકલ્પ પ્રાયઃ નથી; તો પણ માનવજીવનમાં બધા એ નિકાચિત કર્મો જ હોય છે તે માન્યતા ભ્રમપૂર્ણ છે. માટે ગમે તે ભવમાં ઉપાર્જિત મોહક્રોધાદિના કુસંસ્કારોને દબાવી દેવા

માંગતો માનવ અને પાપકર્મોનો ઉદય વિદ્યમાન હોવા છતાં પણ તે પાપોમાંથી પોતાના આત્માને બચાવી શકે છે.

(૭) **બંધ તત્ત્વ** : આશ્રવદ્વારા ઉપાર્જિત કરેલાં કર્મોને આત્માના પ્રત્યેક પ્રદેશ સાથે બાંધવાનું–મિશ્રિત કરવાનું કામ ઈશ્વરને અધીન નથી. પણ કર્મોને કર્યા પછી શુભ કે અશુભ લેશ્યામાં આગળને આગળ વધતો આત્મા પોતે જ કર્મોથી બંધાય છે. અર્થાત્ તે ભૂતપૂર્વનાં અનંતાનંત કર્મો અને પ્રતિસમયે કરાતાં નવાં કર્મો આત્માના પ્રત્યેક પ્રદેશ ઉપર જેનાથી ચોંટે છે તે બંધતત્ત્વને આભારી છે.

(૮) **નિર્જરા તત્ત્વ** : દૂધ અને સાકરની જેમ આત્માની સાથે એકમેક થયેલાં કર્મોને ખસેડવાં, ભગાડવાં, બાળી નાંખવાં અને ભસ્મીભૂત કરવાનું કામ આ તત્ત્વનું છે.

(૯) **મોક્ષ તત્ત્વ** : અને એક દિવસે સંપૂર્ણ કર્મોનો ક્ષય કરીને આત્મા મુક્ત થાય છે. કર્મોના બે ભેદ છે. ૧. ઘાતી કર્મ, ૨. અઘાતી કર્મ. ઘાતી કર્મ:–અનંત શક્તિના સ્વામી આત્માની સંપૂર્ણ શક્તિઓનો ઘાત કરનારું, દબાવી દેનારું કર્મ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય : આ ચાર ઘાતી કર્મ છે. અઘાતી કર્મ:–આત્માની અમુક શક્તિઓને જ દબાવે છે. કેવળજ્ઞાન મેળવવાને માટે ઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય અનિવાર્ય છે, અને તે વિના કોઈ પણ જીવ મોક્ષ મેળવી શકતો નથી.

ઉપર્યુક્ત પ્રમાણે પ્રતિદિન, પ્રતિક્ષણ તત્ત્વોની વિચારણા કરતાં તે શ્રમણોપાસકોમાં 'શંખ' નામનો મહાશ્રાવક અગ્રેસર હતો. તેને ઉત્પલા નામની મહાશ્રાવિકા ધર્મપત્ની હતી, જે

સર્વાંગ સુંદર અને પવિત્ર હતી. તે નગરીમાં પુષ્કલી નામે શ્રમણોપાસક હતો,જે ધનિક યાવત્ જીવાદિ તત્ત્વોનો જ્ઞાતા હતો.

## શંખ શ્રાવકની વક્તવ્યતા :

ભગવાન મહાવીરસ્વામી શ્રાવસ્તી નગરીમાં પધાર્યા જાણીને તે નગરીના બધા શ્રમણોપાસકો ખૂબ હર્ષ પામ્યા અને ભગવંતને વંદન–નમન કરીને યથાસ્થાને બેઠા. પ્રભુએ ધર્મોપદેશ આપ્યો અને પર્ષદા પોતપોતાને ઘેર ગઇ. ત્યાર પછી ‘ શંખ ’ શ્રાવકે બીજા બધા શ્રાવકોને આ પ્રમાણે કહ્યું કે : ‘ હે ભાગ્યશાળી શ્રાવકો ! આપણે બહુવિધ ભોજનપાન કરીને પાક્ષિક પૌષધ કરીએ જેથી આત્માનું વિશેષ પ્રકારે કલ્યાણ થાય. ’ બીજા શ્રાવકોએ પણ આ વાત માન્ય કરી. સૌ પોતપોતાને ઘેર ગયા. તેઓએ વિવિધ પ્રકારે આહાર, પાન, ખાદિમ અને સ્વાદિમ પદાર્થોને તૈયાર કર્યા; પરંતુ ‘ શંખ ’ શ્રાવકને નીચે જણાવ્યા પ્રમાણે વિચાર થયો—

“ વિવિધ પ્રકારે આહારપાન વગેરે કરીને કરાવીને પદાર્થોનો રસાસ્વાદ લીધા પછી પૌષધ કરવું મને શ્રેયસ્કર લાગતું નથી. તે માટે

૧. આહારપાણીનો ત્યાગ કરૂં.

૨. બ્રહ્મચર્યપાલનપૂર્વક પૌષધ કરૂં.

૩. મણિ–મોતી આદિ આભૂષણોનો મોહ છોડું.

૪. સગાં–સ્નેહીઓની માયાનો ત્યાગ કરૂં.

૫. શરીર શણગાર એટલે સ્નાન, માલિશ કે ઉદ્વર્તનનો ત્યાગ કરૂં.

૬. ઘાસના બનેલા સંથારાનો સ્વીકાર કરું."

ઈત્યાદિક વિચાર કરીને તે મહાશ્રાવક પૌષધશાળામાં આવ્યો. ભૂમિનું પ્રમાર્જન કર્યું. લઘુશંકા, મળોત્સર્ગ આદિ પતાવીને એકલો જ પૌષધવ્રતનો સ્વીકાર કરીને વિહરવા લાગ્યો.

બીજી બાજુ બધા શ્રાવકો ભોજનપાણી માટે 'શંખ' શ્રાવકની રાહ જોઈ રહ્યા છે. તે સમયસર નહીં આવવાથી પુષ્કલી શ્રાવકે સૌને કહ્યું, 'તમે બધા અહીં જ વિશ્રામ કરો. હું 'શંખ' શ્રાવકને બોલાવવા માટે તેમના ઘેર જાઉં છું.' આમ કહી તેણે 'શંખ' શ્રાવકના મકાન તરફ પ્રસ્થાન કર્યું. તેને આવતો જોઈ 'શંખ'ની ધર્મપત્ની "ઉત્પલા" હર્ષિત થઈને ઊભી થઈ સામે આવી. તેણે વંદન નમનપૂર્વક 'જય જિનેન્દ્ર' કહીને પુષ્કલી શ્રાવકને આસન ઉપર બેસાડ્યા, અને પૂછ્યું કે, 'હે શ્રાવક ભાઈ! તમારે આવવાનું શું પ્રયોજન છે?' ત્યારે પુષ્કલી શ્રાવકે કહ્યું, 'શંખ શ્રાવકને જમવા માટે આમંત્રણ આપવા આવ્યો છું.' ઉત્પલાએ કહ્યું કે, 'શંખ શ્રાવક અત્યારે પૌષધશાળામાં બ્રહ્મચારી થઈને પૌષધવ્રત સ્વીકારીને ધર્મધ્યાન સાધી રહ્યા છે.' પછી તે પુષ્કલી શ્રાવક પૌષધશાળામાં આવ્યો અને ગમનાગમનનું પ્રતિક્રમણ 'ઈર્યાવહી' સૂત્ર દ્વારા કરીને પૌષધવ્રતધારી 'શંખ' શ્રાવકને વંદન નમન કરીને તેણે કહ્યું કે 'હે દેવાનુપ્રિય! અમે ઘણા અશન-પાન ખાદિમ અને સ્વાદિમ તૈયાર કરાવ્યું છે. તો આપણે જઈએ અને ભોજન-પાણી પતાવીને પૌષધવ્રત સ્વીકારી ધર્મધ્યાનમાં વિહરીએ.' જવાબમાં 'શંખ' શ્રાવકે કહ્યું કે, 'હે ભાગ્યશાલિન્, વિપુલ પ્રકારે આહાર-પાનનો આસ્વાદ લીધા પછી અને સંસારની માયાને તે દિવસ પૂરતી છોડીને

પૌષધવ્રત લેવું મને યોગ્ય લાગતું નથી. પણ બધી માયાનો જ્ઞાનપૂર્વક ત્યાગ કરીને પૌષધવ્રત લેવું યોગ્ય લાગવાથી મેં પૌષધવ્રત સ્વીકારી લીધું છે. માટે તમે બધા તમારી ઈચ્છા પ્રમાણે અશન–પાન–ખાદિમ અને સ્વાદિમનું આસ્વાદન કરો અને સુખેથી વિહરો.'

ત્યાર પછી પુષ્કલી શ્રાવકે પૌષધશાળામાંથી બહાર આવીને બધા શ્રાવકો પાસે બનેલી વાત કહી સંભળાવી. બધા શ્રાવકો ભોજનપાણીમાં મસ્ત બન્યા.

પૌષધમાં સ્થિરચિત્ત થયેલા 'શંખ' શ્રાવકને રાત્રિના સમયે ધર્મજાગરણ કરતાં એવો વિચાર થયો કે, સૂર્યોદય સમયે ભગવાન મહાવીરસ્વામીને વંદન–નમન તથા પર્યુપાસન કરીને પછી પૌષધ પારીશ. આ પ્રમાણે પૌષધવેશમાં જ 'શંખ' શ્રાવક ઈર્યાસમિતિના પાલનપૂર્વક ભગવંત પાસે આવ્યા. આ બાજુ બધા શ્રાવકો સવારમાં સ્નાન પાણી પતાવીને સારાં વસ્ત્રો તથા આભૂષણો પહેરીને ભગવંતને વંદન–નમન કરવા આવ્યા, ધર્મોપદેશ સાંભળ્યો અને જ્યાં 'શંખ' શ્રાવક હતા ત્યાં જઈને કહ્યું કે, 'હે શંખ! તમારા કહેવાથી અમે ખાનપાન તૈયાર કર્યાં, કરાવ્યાં પણ તમે ન આવ્યા, તે ઠીક કર્યું નથી. કેમકે આમાં તો અમે અમારી મશ્કરી સમજીએ છીએ.' તે સમયે ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે, હે ભાગ્યશાળીઓ! તમે 'શંખ'ની

૧. **હીલના**–જાતિ કુલાદિના મર્મ પ્રકટ કરીને ભર્ત્સના કરવી.

૨. **નિંદા** કુત્સિક શબ્દોનું ઉચ્ચારણ કરી અનાદર કરવો.

૩. **ખિંસના**-હાથ મુખના વિકારપૂર્વક નિંદનીય શબ્દોથી કોપ કરવો.

૪. ગર્હા-બીજા સામે દોષ પ્રકટ કરવા.

૫. અપમાન-યોગ્ય આદર કર્યા વિના બીજાની માનહાનિ કરશો નહિ. કેમકે 'શંખ' શ્રાવકધર્મમાં પ્રીતિવાળા અને દૃઢ છે. તેમણે પૌષધ વ્રતમાં આખી રાત પ્રમાદનો ત્યાગ કરીને સુદૃષ્ટિ જ્ઞાનીનું જાગરણ કર્યું છે.

## જાગરિકા કેટલા પ્રકારે છે ?

પ્રશ્ન-હે પ્રભો ! જાગરિકા કોને કહેવાય અને તે કેટલી છે?

ભગવંતે કહ્યું કે, જાગરિકા ત્રણ છે, તે આ પ્રમાણે :—

(૧) બુદ્ધ જાગરિકા-ઉત્પન્ન થયેલા કેવળજ્ઞાન અને કેવળ-દર્શનના માલિકો અરિહંત પરમાત્માઓ બુદ્ધ જાગરિકા કરે છે, કેમકે તેમને પ્રમાદ અને નિદ્રાનો સર્વથા અભાવ હોય છે.

(૨) અબુદ્ધ જાગરિકા-જે મુનિરાજો પાંચ સમિતિથી સમિત અને ત્રણ ગુપ્તિથી ગુપ્ત છે, પરંતુ કેવળજ્ઞાનના માલિક નહીં થયેલા હોવાથી છદ્મસ્થ છે, અબુદ્ધ છે; માટે તેઓને અબુદ્ધ જાગરિકા કહી છે.

(૩) સુદર્શન જાગરિકા-જીવાજીવાદિ તત્ત્વોને જાણનારા સમ્યગ્દર્શની શ્રાવકોને સુદર્શન જાગરિકા કહી છે.

આ પ્રમાણે કહીને પ્રભુએ ત્રણ પ્રકારની જાગરિકા સમજાવી.

ત્યારપછી બીજા શ્રાવકોના ક્રોધાદિના ઉપશમન માટે 'શંખ' શ્રાવકે ભગવંતને પૂછ્યું કે, 'હે પ્રભો ! ક્રોધ કષાયને વશ થયેલો જીવાત્મા કયું કર્મ બાંધે ? શું કરે ? શેનો ચય

કરે ? અને ઉપચય કરે ?' જવાબમાં ભગવંતે કહ્યું કે, 'હે 'શંખ' શ્રાવક ! ક્રોધાવેશમાં આવેલો જીવાત્મા આયુષ્યકર્મને છોડીને શેષ જ્ઞાનાવરણીયાદિ સાતે કર્મોને ગાઢ કરે છે, મજબૂત કરે છે, નિકાચિત કરે છે. યાવત્ અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે.

## કષાયોની મહાભયંકરતા :

તીર્થંકર ભગવંતો બાર પર્ષદાની વચ્ચે પોતાના શ્રીમુખે ફરમાવતાં કહે છે કે, 'ચારે કષાયોના સેવનથી જીવ અનંત· સંસારી બને છે.'

ઘણીવાર સ્તવનમાં આપણે બોલીએ છીએ કે, હે પ્રભો ! "................રમતા નવ નવ વેષે." એટલે કે હે ઋષભદેવ પ્રભો ! એક દિવસ આપણે બંને સાથે રમ્યા હોઈશું, સાથે ખાધું પીધું હશે, છતાં પણ તમે તો આજે અનંતસુખના ધામ સિદ્ધશિલામાં બિરાજમાન છો અને હું અનંતદુઃખોની પરંપરાથી ભરેલા સંસારમાં રખડી રહ્યો છું. ઘણીવાર એવું પણ બનતું હોય છે કે એક દિવસે એક જ મુહૂર્તમાં દીક્ષિત થયા છતાં પણ એક મુનિરાજ કેવળજ્ઞાન મેળવીને મોક્ષમાં જાય છે અને બીજો મુનિ ચારિત્રધર્મની વિરાધના કરીને દુર્ગતિ તરફ પ્રસ્થાન કરે છે ત્યારે વિચાર કરવાનો અવસર આવે છે કે 'આવું શી રીતે બનતું હશે ?' જવાબમાં એમ કહેવાયું છે કે, 'કેવળજ્ઞાન મેળવવાને માટે બીજા કોઈનો પણ બાધ નથી, પરંતુ ચારે કષાયોરૂપી શત્રુઓનો બાધ છે. જ્યાં જ્યાં કષાયો, કષાયભાવો, કાષાયિક પ્રવૃત્તિ છે ત્યાં ત્યાં કેવળજ્ઞાન નથી જ." માટે જીવાત્માને કેવળજ્ઞાન

જોઈતું જ હોય અને તે મેળવવા માટે થોડી ઘણી શ્રદ્ધા હોય તો સૌથી પહેલા યથાશક્તિ કષાયોનો ક્ષય કરવા માટે કે તેમનો ઉપશમ કરવા માટે જ પ્રયત્ન કરવો જોઈએ. તે કષાયો ચાર પ્રકારના છે – અનંતાનુબંધી કષાય, અપ્રત્યાખ્યાન કષાય, પ્રત્યાખ્યાન કષાય અને સંજ્વલન કષાય. તે પ્રત્યેકના ક્રોધ માન માયા અને લોભના ભેદે સોળ ભેદ થાય છે.

જીવમાત્રની લેશ્યાઓ સમયે સમયે બદલાતી રહેવાના કારણે અનંતાનુબંધી કષાયમાં જીવન યાપન કરનાર જીવને પણ કોઈક સમયે અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન કે સંજ્વલન કષાયનો પણ રસાનુભવ થઈ શકવાના કારણે તે સમયમાં જ સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ સુલભ બનવા પામે છે. માટે જ અનંતાનુબંધી કષાયનો સ્વામી નરકમાં ગયા પછી પણ કોઈક સમયે સારાં નિમિત્તો મળતાં સમ્યક્ત્વને પ્રાપ્ત કરવા માટે લાયક બને છે. એટલું ધ્યાનમાં રાખવાનું કે 'અનંતાનુબંધી કષાયોની વિદ્યમાનતામાં કોઈ પણ જીવને કોઈ કાળે પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી, અને પ્રાપ્ત થયેલું સમ્યક્ત્વ ટકી પણ શકતું નથી.

આ પ્રમાણે આ પ્રથમ કષાયમાં જ્યારે અપ્રત્યાખ્યાન આદિ કષાયોનું મિશ્રણ થશે ત્યારે તેમને દેશવિરતિની પ્રાપ્તિ પણ સુલભ બને છે. ઉદાહરણરૂપે ચોથી નરકમાં રહેલા રાવણ અને લક્ષ્મણના જીવો છે, એમ એક કષાયનું બીજા કષાયમાં મિશ્રણ થતાં માનવના અધ્યવસાયો બદલાતા રહે છે. જેમ અનંતાનુબંધમાં અનંતાનુબંધ અપ્રત્યાખ્યાન પ્રત્યાખ્યાન અને સંજ્વલન. અપ્રત્યાખ્યાનમાં અનંતાનુબંધ અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજ્વલન. પ્રત્યાખ્યાનમાં અનંતાનુબંધ

અપ્રત્યાખ્યાન પ્રત્યાખ્યાન અને સંજ્વલન, સંજ્વલનમાં અનંતાનુબંધ અપ્રત્યાખ્યાન પ્રત્યાખ્યાન અને સંજ્વલન.

આ પ્રમાણે કષાયોની ભયંકરતા જોયા પછી પ્રત્યેક કષાય જીવનને શી રીતે બરબાદ કરે છે તે જોવાનું શેષ રહે છે.

(૧) ક્રોધ : कारणेऽकारणे वाऽतिक्रूराध्यवसायः क्रोधः।

(આચારાંગ સૂત્ર ૧૬૧)

કારણ હોય કે ન હોય તો પણ આત્મામાં આર્ત્તધ્યાન કે રૌદ્રધ્યાન વિષયક ક્રૂર અધ્યવસાય બન્યા રહે તે ક્રોધ કહેવાય છે.

(૨) तत्राऽऽत्मीयोपघातो क्रोध कर्म विपाकोदयात् क्रोधः

(આચરાંગ. ૧૭૦)

આત્માનાં બધાં ય સત્કર્મો, પુણ્યકર્મો, સદનુષ્ઠાનો, તપશ્ચર્યાઓ આદિનો સંપૂર્ણ ઘાત કરે તે ક્રોધ કહેવાય છે. જેમ લાખો મણ ઘાસ ભરેલા ગોદામમાં અગ્નિની ચિનગારી પડે અને આંખના પલકારામાં ઘાસ બળીને રાખ થાય તેવી રીતે क्रोधः पुनः क्षणेनापि पूर्वकोटयार्जितं तपः એક જ ક્ષણનો ક્રોધ કરોડો વર્ષોની તપશ્ચર્યા અને લાખો કરોડોનાં દાનપુણ્ય આદિને બાળીને ખાખ કરે તે ક્રોધ છે.

(૩) क्रोधनं क्रुध्यति वा येन स क्रोधः, क्रोध मोहनीय-सम्पाद्यो जीवस्य परिणति विशेपः क्रोध–मोहनीय कर्मैव.

(ઠાણા. ૧૯૩)

એટલે કે શરાબપાનવડે બેભાન બનેલા માનવને મતિજ્ઞાન કે માનવતા સાથે જેમ લેણા-દેણી રહેતી નથી, તેમ શરાબ-પાન જેવા મોહકર્મના ઉદયમાં માનવનો ક્રોધ કે તેના પરિણામો શાન્ત, ઉપશાન્ત કે દાન્ત થતા નથી. તેથી સંસારના કોઈ પણ ચેતન કે અચેતન પદાર્થોના નિમિત્તે માણસને ક્રોધનો ઉદય સદૈવ બન્યો રહે છે. શરાબપાનનો નશો સૌથી પહેલાં માનવની ઇન્દ્રિયોમાં માદકતા લાવીને તેના દિલ અને દિમાગને સર્વથા બેહોશ કરી મૂકે છે. તેમ મોહકર્મનો ઉદય કે તેની ઉદીર્ણાથી માનવની પાંચ ઇન્દ્રિયોમાં માદકતા આવતાં જ તેટલા સમય પૂરતો તે માનવ ઇન્દ્રિયોનો ગુલામ-સર્વથા ગુલામ અથવા પ્રકટ કે પ્રચ્છન્ન ગુલામ બન્યા વિના રહેતો નથી. જ્યાં ઇન્દ્રિયોની પ્રચ્છન્ન કે પ્રકટ ગુલામી વિદ્યમાન હોય છે ત્યાં ક્રોધનો ઉદયકાળ પણ ઉપસ્થિત થયા વિના રહેતો નથી.

(૪) अप्रीति लक्षण: क्रोधः । (ઉત્તરાધ્યયન : ૨૬૧)

લક્ષણ વડે લક્ષ્યની સિદ્ધિ થાય છે, જેમકે રસોડામાંથી નીકળતા ધૂમાડા વડે અગ્નિની નિશ્ચયતાને કોઈ તર્કવાદી કે વિતંડાવાદી પણ પડકારી શકતો નથી. કેમકે ધૂમાડો લક્ષણ છે અને અગ્નિ લક્ષ્ય છે. તેવી રીતે ચેતન કે અચેતન પદાર્થ પ્રત્યે રહેલી અપ્રીતિ-અપ્રેમ-અણગમો-નફરત કે ઉદાસીનતામાં કારણરૂપે ક્રોધની હાજરી અવશ્યમેવ હોય છે. અર્થાત્ છુપાઈ ગયેલા ચોરની જેમ માનવીના જીવનમાં રહેલા ક્રોધના કારણે માનવનો માનવ સાથે રહેલો પ્રીતિધર્મ, પ્રેમધર્મ, મૈત્રીધર્મ, વૈરાગ્યધર્મ કે સમ્યક્ત્વધર્મ તેટલા સમય પૂરતો કે જીવનના છેલ્લા શ્વાસ સુધી પણ સમાપ્ત થાય છે. માટે

અપ્રીતિ આદિ લક્ષણો વડે માનવ જીવનમાં રહેલો ક્રોધ નકારી શકાતો નથી.

બેશક, અપ્રીતિ આદિમાં નિર્મમત્વ લક્ષણથી લક્ષિત વૈરાગ્ય પણ કારણરૂપે હોઇ શકે છે, પરંતુ નિશ્ચયાત્મક દૃષ્ટિએ નિર્મમ માનવના જીવનમાં દ્વેષાત્મક અપ્રીતિ હોતી નથી, પણ દયાપૂર્ણ પ્રીતિ–પ્રેમ–મિત્રતાનો સાગર ઉછળતો હોય છે; જેમકે મહાવીરસ્વામીને ચંડકૌશિક કે સંગમ ઉપર, પાર્શ્વનાથને કમઠાસુર ઉપર, ખંધકમુનિના પાંચસો શિષ્યોને પાલક મંત્રી ઉપર, ગજસુકુમાલ મુનિને પોતાના સસરા ઉપર, મેતારજ મુનિને સોની ઉપર, ચન્દનબાળાને મૂળા શેઠાણી ઉપર કે રાજિમતીને પોતાના દિયર મુનિ ઉપર અપ્રીતિ–અપ્રેમ–નફરત કે રોષ ન હતો, પણ અદ્ભુત કરુણા હતી, મૈત્રીભાવ હતો, દયાની ચરમસીમા હતી. તેથી જ કહેવાયું છે કે સમ્યક્ત્વના લાગી ગયેલા કેસરીયા રંગથી પૂર્ણ રૂપે રંગાયેલા જીવાત્માને કોઈ પ્રત્યે પણ અપ્રીતિ–નફરત કે ઉદાસીનતા પણ હોતી નથી. માટે જ શાસ્ત્રવચન છે કે અપ્રીતિ લક્ષણથી ક્રોધ લક્ષિત થયા વિના રહેતો નથી.

( ५ ) क्रोधः अप्राति परिणामः (જીવા૦ ૧૫)

અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ કે અસંભવાદિ દોષથી રહિત લક્ષણ વડે લક્ષ્યની સિદ્ધિ અસંભવિત નથી, પરંતુ લક્ષ્યમાં લક્ષણની વિદ્યમાનતા હોવી જ જોઇએ તેવું નથી. લોખંડના ગોળામાં કે સગડીમાં અગ્નિરૂપ લક્ષ્ય તો છે, સાથોસાથ ધૂમાડા રૂપ લક્ષણની ગેરહાજરી પણ સ્પષ્ટ દેખાય છે. તેવી રીતે સ્વાર્થવશ કે સમયના ગણત્રીબાજ ઘણા એવા માનવોને

આપણે પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ કે તેઓ તેટલા સમય પૂરતા ઠાવકા, ગંભીર, હસમુખા અને પ્રેમભરેલી વાતો કરનારા સ્પષ્ટ દેખાઈ આવે છે. પણ....પણ.... તેમના હૈયામાં રોષનો અગ્નિ ભરેલો હોય છે. માટે જ બહારના ઠાવકા અને અંદરના માયાવી, બહારના ગંભીર પરંતુ હૈયામાં ચૂલા ઉપર ખદબદતી ખીચડીની જેમ ક્રોધ ઈર્ષ્યાદિથી બળતા હોય છે. બહારના હસમુખા અને અંદરના કાતિલ ઝેર જેવા આત્માઓ સમય જોઈને 'ઘા' કરનારા હોય છે. બહારથી પ્રેમપૂર્ણ વાર્તાલાપ કરે છે પણ અંદર ઈર્ષ્યા–અદેખાઈ કે વૈર–વિરોધનો વંટોળ ચડી ગયો હોઈને સમયની પ્રતીક્ષા કરનારા હોય છે. માટે આવી રીતના રહેણી અને કથનીમાં ફેરફારવાળા માનવોના ચહેરા ઉપર તત્કાળમાં અપ્રીતિરૂપ લક્ષણ ન પણ દેખાતું હોય તો પણ આત્માના પ્રતિપ્રદેશે ક્રોધનો ઉદયકાળ વર્તતો હોય છે. માટે કહેવાયું છે કે ક્રોધી માણસનાં જીવન અપ્રીતિ–આત્મક પરિણામવાળાં જ હોય છે. અપ્રીતિ એટલે આત્માની પરિણતિ, લેશ્યા, વિચારધારા કે તેના પરિસ્પંદો સમજવા.

માટે ભૂત, ચંડાળ કે કાળા નાગની ઉપમાને ધારણ કરતો ક્રોધ સૌથી પહેલા ત્યાજ્ય છે, સર્વથા ત્યાજ્ય છે.

પોતાના સત્તાવીશ ભવની અપેક્ષાએ ૧૬મા ભવમાં મહાવીરસ્વામીનો આત્મા વિશ્વભૂતિ નામે હતો. સંસારની ખટપટોના કારણે મુનિધર્મ સ્વીકાર્યો, તપશ્ચર્યા તપી, સંયમ પાળ્યો પણ વિશાખાનંદી ઉપરનો ક્રોધ કાબુમાં લઈ ન શકવાને કારણે મથુરા નગરીમાં ગાયને શીંગડા સાથે ઉછાળીને દૂર ફેંકી દીધી અને વિશાખાનંદીને મારવાનું નિયાણું કર્યું. અને ૧૮મા ભવે વાસુદેવના અવતારમાં અવતરી સાતમી નરકે

ગયા. ત્યાંથી સિંહના અવતારને પામી ચોથી નરકે ગયા. ઇત્યાદિ અગણિત ઉદાહરણોથી આપણે જાણી શકીએ છીએ કે 'ક્રોધાન્ધ માણસ હિંસક હોય છે, માટે તેના હૈયામાં મર્યાદાતીત પાપોની વિદ્યમાનતા હોય છે.' આ કારણે ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું છે કે, ક્રોધ–પાપના કારણે ભવભ્રમણ વધે છે, પરિણામે જીવ અસહ્ય અશાતાવેદનીય ભોગવનારો બને છે.

**( ૨ ) માનકષાય :–**

એમ કહેવાય છે કે ક્રોધકષાય કદાચ કાબુમાં લઈ શકાય પણ આઠ ફણાના કાળા ભયંકર નાગ જેવા માન કષાયને સ્વાધીન કરવો અત્યંત મુશ્કેલ છે.

લાભાંતરાય કર્મના ક્ષયોપશમથી મળેલી કંઈક પૌદ્‌ગલિક વસ્તુઓ, વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી મેળવેલી કંઈક શારીરિક શક્તિઓ, અને દાનાન્તરાય કર્મના ક્ષયોપશમથી બીજાને કંઈ આપ્યું હોય, અપાવ્યું હોય આદિ કાર્યો પ્રત્યે માનવના મનમાં કંઈક ઉષ્ણતા પ્રાપ્ત થાય છે, જેને લઈને સમુદ્રની આગળ બિંદુ જેવાં થોડાં ઘણાં થયેલાં પોતાના કાર્યો પ્રત્યે અભિમાન–અહંકાર–ગર્વ અને 'મેં આ કર્યું', તે મારે કરવું પડ્યું, અથવા મારા વિના આ કામો કોણ કરી શકે?' આવા ભાવોને જ માન–કષાય કહે છે. હવે શાસ્ત્રીય પદ્ધતિએ અભિમાનની ભયંકરતા તપાસીએ.

( १ ) मानो वन्दनाभ्युत्थानालाभ निमित्तः (દશવૈકાલિક: ૧૮૭)

શાલીભદ્ર શેઠ, વસ્તુપાલ, તેજપાલ, અનુપમાદેવી, જગડુશાહ, પેથડકુમાર, વિજય શેઠ, વિજયા શેઠાણી આદિને જે કંઈ ભૌતિક પદાર્થો મળ્યા હતા તેની આગળ આપણી પાસે

કંઈ નથી, છતાં પણ માનવની પાસે જેમ જેમ પૈસો અને સત્તા વધતાં જાય છે, તેમ તેમ તે માનવ સૌથી પહેલો દેવ-ગુરુને વંદન-નમન કરવાનો મળેલો અવસર ખોઈ નાંખે છે. અર્થાત્ સંસારભરનાં બધાંય કામો કરવા માટે તેની પાસે સમય છે. પણ અરિહંતદેવોની પૂજા-આરતિ વગેરે કરવા જેટલો સમય અને પંચ મહાવ્રતધારી ગુરુદેવોનાં ચરણે માં બેસીને તત્ત્વજ્ઞાન સમજવા જેટલો સમય તેમની પાસે હોતો નથી. માટે જ પોતે પોતાના શ્રીમુખે કહેતો રહે છે કે, 'સાહેબ ! આ સંસારની માયામાં ફસાયેલો હોવાથી પૂજા-પાઠ અને ધર્મધ્યાન શી રીતે કરું ?'

( ૨ ) मानः गर्वपरिणामः (જીવાભિગમ સૂત્ર : ૧૫)

પૂર્વભવના કરેલા માનકષાયના ઉદયથી અથવા પ્રાપ્ત થયેલા ભૌતિક પદાર્થોથી ઉદીરિત (ઉદીર્ણા) કરાયેલા માનકષાયને લઈ માનવજીવનમાં ગર્વિષ્ઠતાના પરિણામ થાય તેને માન કહે છે. "**गत्रणं गर्वः वा गिरतीव परमिति गवः**" ગર્વ શબ્દની આ વ્યુત્પત્તિમાં 'गृ' ધાતુ તુદાદિ ગણનો લેવો જેનો અર્થ છે બીજાનાં સત્કાર્યોને, બીજાની મોટાઈને, વિદ્વત્તાને, પુણ્યકર્મિતાને ગળી જવાં. આવા ગર્વના પરિણામોના મૂળમાં માનકષાય રહેલો છે. એની વ્યાખ્યા કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે આ પ્રમાણે કરી છે 'मत्समो कोऽपि नास्तीति मनन मानः' સારાંશ કે મારા જેવો કે મારાં જેવાં કાર્યો કરનારો બીજો કોઈપણ નથી. આવા અહંકારી ભાવો માન કષાયને કારણે થાય છે. માટે આવો ગર્વિષ્ઠ અહંકારી માણસ જ્યારે સડક ઉપરથી જતો હોય છે ત્યારે સૌ કોઈને પ્રત્યક્ષ અનુભવ થાય છે કે તે ચાલતો હોય જાણે છાતી ફુલાવતો ચાલે છે, અને અંદરના હૈયાથી જાણે

કહેતો હોય કે 'મારા જેવો બીજો કોઈ પણ શ્રીમંત નથી, દાનેશ્વરી નથી, વ્રતધારી નથી, ક્રિયાકાંડી નથી, વિદ્વાન નથી, વક્તા નથી, તપસ્વી નથી, રૂપાળો નથી, ખાનદાન નથી, તેમ જ પોલીટીકલ પણ નથી. એટલે જે કંઈ છે તે હું પોતે એકલો છું, મારા જેવો બીજો કોઈ નથી.'

( ३ ) मानो जाति आदि गुणवान् अह एव इति मननं-अवगमनं गम्यते वाऽनेनेति भाव: ( ઠાણા૦ ૧૯૩ )

( ४ ) मान: अहमिति प्रत्ययहेतु: ( ઉત્તરાધ્યયન૦ ૨૬૧ )

( ५ ) मान: जातिकुलरूपबलादिसमुत्थो गर्व:
( આચા૦ ૧૭૦ )

અર્થાત્ જાતિ, કુલ, લાભ, ઐશ્વર્ય, બળ, રૂપ, તપ અને જ્ઞાન આદિમાંથી અહં સંજ્ઞા પ્રગટે છે, જેના કારણે પોતાને મળેલી વિજલીના ચમકારા જેવી, નદીના પ્રવાહ જેવી, હાથીના કાન જેવી ચંચલ ઋદ્ધિ સમૃદ્ધિ આદિની પ્રશંસા કરવામાં જ દિવસનો મોટો ભાગ પૂર્ણ કરે છે. આ બધું માન કષાયના પાપે થાય છે, જે અઢાર પાપસ્થાનકોમાં સાતમું પાપ છે.

**( ૩ ) માયા કષાય :-**

અનુભવી યોગાચાર્યો તો એમ કહે છે, "માનરૂપી અજગરને નાથવામાં કંઈક પ્રયત્ન કરવો પડતો હશે, પરંતુ માયા-નાગણ તો બહુ જ અસાધ્ય હોવાથી ભલભલા યોગી-મહાયોગી-પંડિત-મહાપંડિત આદિને પણ પોતાની જાળમાં

ફસાવી દુર્ગતિ તરફ પ્રસ્થાન કરાવવામાં અદ્વિતીય છે. મહોપાધ્યાય યશોવિજયજી મ. તો ત્યાંસુધી કહે છે :-

'सुत्यजं रसलाम्पटय सुत्यज देहभूषणम् ।
सुत्यजाः कामभोगाद्याः दुस्त्यज दम्भसेवनम् ॥'

" કેશ લોચલ ધારણા સુણો સંતા જી,
ભૂમિ શય્યા વ્રત ત્યાગ ગુણવંતા જી;
સકળ સુકર છે સાધુને સુણ સંતા જી,
દુક્કર માયાત્યાગ ગુણવંતા જી. "

સારાંશ કે ઘી-દૂધ, મલાઈ, સાકર, ગોળ, દહીં આદિની રસલંપટતા, શરીર ઉપરનાં આભૂષણોનો શણગાર, કે સ્ત્રીઓનો સહવાસ તથા માથાના વાળનો લોચ, મેલાં કપડાં, ભૂમિ સંથારો પણ સાધકને સુકર અર્થાત્ સુખેથી પાળી શકાય તેવા હોય છે, પરંતુ આન્તર હૈયામાં રહેલી માયા નાગણ, માયા શલ્ય કે માયા મૃષાવાદનો ત્યાગ અત્યંત કઠણ છે.

અનંત સંસારની માયા પણ અનંત હોવાથી કયા સમયે, કેવા રૂપે, કયા નિમિત્તે, નૃત્યાંગનાની જેમ નૃત્ય કરતી માયા માનવની સામે જ્યારે આવશે ત્યારે તેને જાણવા માટે સંસારનો એકેય નજુમી (જ્યોતિષી) સમર્થ નથી, તેમ કોઇ પણ મંત્ર ત્યાં કામ આવવાનો નથી.

આ માયા આબાલ-ગોપાલ સૌના જીવનમાં હોવા છતાં પણ " ઘરડાંને ઝાઝેરી...." આ ટંકશાળી વચન જ સાક્ષી આપે છે કે સંસારને ભોગવીને થાકી ગયેલા, કંટાળી ગયેલા કે અશક્ત થયેલા ઘરડાંઓને તો આ માયા નાગણના ડંખ બહુ જ જોરથી લાગેલા હોય છે.

હવે આપણે શાસ્ત્રીય વચનથી માયા નાગણનાં પરાક્રમો જોઈએ :

(૧) स्वपरव्यामोहोत्पादकं शाठ्यं माया (ઉત્તરા૰ ૨૬૧)

સ્વ એટલે પોતાની જાતને અને પર એટલે બીજાને વ્યામોહ ઉત્પન્ન કરાવે તેવું શાઠ્ય, શઠતા, લુચ્ચાઈ અને પોલીટીકલ જીવન માયા છે.

(૨) सर्वत्र स्ववीर्यं निगूहनम् माया (આવ૰ ૪૩)

(૩) पदवंचनबुद्धिः माया (જ્ઞાતા૰ ૨૩૮)

(૪) परवंचनाभिप्रायः माया

(૫) अनार्जवम् माया (પ્રજ્ઞા૰ ૩૩૫)

(૬) मायाविषयं गोपनीयं प्रच्छन्नमकार्यं कृत्वा नो आलोचयेत् सा माया (ઠાણા૰ ૧૩૭)

ઈત્યાદિક સૂત્રોથી જણાય છે કે માયા અને માયાવી જીવન અસાધ્ય રોગની તુલનામાં આવે છે.

## (૪) લોભ કષાય :–

ભૂખડી બારશ જેવા લોભકષાયને રાક્ષસની ઉપમા આપવામાં આવી છે, જેમાં બધાંય દુર્ગુણો, પાપો, અપરાધો અને પ્રપંચોનો સમાવેશ શક્ય બને છે. નાટકના થિએટર પર એક જ વ્યક્તિ જેમ જુદાં જુદાં રૂપે આવે છે, તેમ લોભરાક્ષસ પણ વ્યક્તિના જીવનમાં જુદાં જુદાં રૂપે આવે છે. પુત્રલોભ, દ્રવ્યલોભ, સત્તાલોભ, વસ્ત્રાભૂષણલોભ, ઈજ્જતલોભ, વિષયવાસના લોભ ઇત્યાદિકરૂપે લોભ નામના રાક્ષસે જીવમાત્રને કે દેવમાત્રને

પોતાની દાઢમાં સમાવી દીધા છે. લોભની વ્યાખ્યાઓ શાસ્ત્રોમાં ભિન્નભિન્ન દેખાય છે.

(१) लोभ: गार्द्धयलक्षण: (જીવા ૧૫)

(२) लोभ: मूर्च्छा (પ્રશ્ન. ૪૨)

(३) लोभः चित्तविमोहनम् (પ્રશ્ન. ૯૭)

(४) लोभ: तृष्णापरिग्रह परिणाम: (આચા. ૧૭૦)

(५) लोभनं अभिकांक्षणम्, लुभ्यते वाऽनेनेति लोभ: (ઠાણા. ૧૭૩)

(६) द्रव्याद्यभिकांक्षा लोभ : (ઉત્તરા. ૨૬૧)

(७) लोभ: अभिष्वङ्ग: (દશ. ૧૦૭)

(८) गार्द्धयमभिकांक्षा (ઉત્તરા. ૨૯૭)

(९) लब्धवस्तु विपय गृद्धयात्मकम् (ઉત્તરા૦ ૬૧૪, ભગવતી. ૮૦૪)

દેવાધિદેવ મહાવીરસ્વામીએ કહ્યું, આ ચારે કષાયોનો માલિક પોતાના આત્માને વધારે ભારે બનાવીને સંસારમાં પરિભ્રમણ કરે છે. ત્યાર પછી શ્રાવસ્તી નગરીના બધાયે શ્રાવકો પ્રભુની વાત સાંભળીને ભય પામ્યા, ત્રાસ પામ્યા અને ઉદ્વેગ પામીને તેઓએ પ્રભુને વંદન કર્યું, નમન કર્યું. તથા જ્યાં શંખ નામે શ્રાવક હતો ત્યાં આવીને શંખને વંદન-નમન કરી ખમતખામણાં કર્યા અને સમવસરણથી બહાર આવીને પોતપોતાને ઘેર ગયા. શંખ શ્રાવક પણ ઋષિભદ્ર પુત્રની જેમ યાવત્ બધાંયે દુ:ખોનો ક્ષય કરીને કલ્યાણ પામશે.

**બારમા શતકનો પહેલો ઉદ્દેશો સમાપ્ત**

# શતક ૧૨ મું : ઉદ્દેશક—૨

## કૌશાંબી નગરી :

આ ચાલુ અવસર્પિણી કાળમાં ચોથો આરો લગભગ પૂરો થવા આવ્યો હતો, તે કાળે સાક્ષાત્ અરિહંત સ્વરૂપ, ચરમ તીર્થંકર તથા દ્રવ્યદેવ નરદેવ અને ભાવદેવથી પરિપૂજિત દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામી જ્યારે વિચરતા હતા, તે સમયે કૌશાંબી નામની નગરી હતી, જ્યાં ઉદાયન નામે રાજા હતો, જે સહસ્રાનીક રાજાનો પ્રપુત્ર, શતાનીક રાજાનો પુત્ર, ચેટક મહારાજાની પુત્રીનો પુત્ર, મૃગાવતીદેવીનો પુત્ર અને જયંતી શ્રમણોપાસિકાનો ભત્રીજો થતો હતો.

મૃગાવતીદેવી પણ સહસ્રાનીક રાજાની પુત્રવધૂ, મહાપરાક્રમી શતાનીક રાજાની ધર્મપત્ની, ચેડા રાજાની પુત્રી, ઉદાયન રાજાની માતા અને જયંતી શ્રાવિકાની ભોજાઈ થતાં હતાં. તેઓ સુકુમાર અંગોવાળાં સર્વાંગસુંદર અને સતિ શિરોમણિ હતાં. તથા ત્યાં જયંતી નામે શ્રમણોપાસિકા હતી, જે સહસ્રાનીક રાજાની પુત્રી, શતાનીક રાજાની બહેન, ઉદયન રાજાની ફોઈ અને મૃગાવતીદેવીનાં નણંદ થતાં હતાં.

તે દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામીનાં સાધુ સાધ્વીઓની પ્રથમ શય્યાતર શ્રાવિકા હતાં. ભગવાન મહાવીરસ્વામીના ઉદયકાળ પહેલાં ચેડા મહારાજા પાર્શ્વનાથ પ્રભુના અનન્ય ઉપાસક હતા. પછીથી કેવળજ્ઞાન પામેલા ભગવાન મહાવીરસ્વામીના અનન્ય ભક્ત બનવા ઉપરાંત અહિંસા—સંયમ તથા

તપોધર્મના આરાધક અને પ્રચારક બન્યા હતા. વૈશાલી ગણતંત્રના પ્રથમ અધિનાયક હતા. તેમની સાત પુત્રીઓમાંથી એક પુત્રી મૃગાવતી કૌશાંબીના રાજા શતાનીકને પરણ્યાં હતાં, જે અતિશય રૂપવંતી, શિયળવતી તથા તીર્થંકરદેવનાં પરમ અનુયાયિની હતાં. પોતાના પુત્ર ઉદાયનને રાજગાદી ઉપર બેસાડીને ચંદનબાળા પાસે દીક્ષિત થઇને પોતે કેવળજ્ઞાન મેળવ્યું અને ગુરુણીને પણ કેવળજ્ઞાન મેળવવામાં નિમિત્ત બન્યાં જ્યારે જયંતી શ્રાવિકા જે બાળવિધવા હતાં અને દેવાધિદેવ મહાવીરસ્વામીના શાસન પ્રત્યે અનહદ અનુરાગ ધરાવનાર હતાં, મુનિરાજો તથા સાધ્વીજી મહારાજોને માટે શય્યાતર હતાં એટલે કે કૌશામ્બી તરફ આવતાં સાધુ-સાધ્વીઓને પોતાની વસતિ ( મકાન ) આપીને શ્રદ્ધાસંવેગપૂર્વક ભક્તિ કરનારાં હતાં.

## ભગવાનનું પુનિત આગમન :

એક દિવસ ચતુર્વિધ સંઘ સાથે ભગવાન મહાવીરસ્વામી કૌશાંબી પધાર્યા અને ચન્દ્રાવતરણ ચૈત્યોદ્યાનમાં સ્થાપિત થયેલા સમવસરણમાં વિરાજીને ભગવાને ધર્મોપદેશ આપ્યો. ઉદ્યાનપાલકે જ્યારે આ સમાચાર ઉદાયન રાજાને આપ્યા ત્યારે રાજા ઘણા જ ખુશ થયા, અને પોતાના કુટુંબીજનોને બોલાવી કૌશાંબી નગરીને શણગારવા માટે આજ્ઞા આપી.

## જયંતી શ્રાવિકા :

રાજા ઉદાયનની ફોઈબા જયંતી શ્રાવિકાએ ભગવંતનું આગમન સાંભળ્યું અને તે હૃષ્ટ તુષ્ટ થઈ. મૃગાવતીદેવી પાસે આવીને તેણે કહ્યું કે, 'તીર્થંકર, અરિહંતદેવ, દેવાધિદેવ,

ભગવાન મહાવીરસ્વામી ગ્રામાનુગ્રામ વિહાર કરતા અહીં આવ્યા છે. તેમનું નામ સાંભળતાં જ અનંત પુણ્ય બંધાય છે. તો તેમને કરેલું વંદન, નમન પર્યુપાસન અને તેમના શ્રીમુખે સાંભળેલા શબ્દોથી થતા લાભનું તો પૂછવું જ શું ? માટે તૈયાર થાઓ, પ્રમાદ છોડો, આલસ્ય ત્યાગો અને આપણે બધા ભગવાનના સમવસરણમાં જઈ માનવજીવન સફળ બનાવીએ.' એમ કહીને પોતાના સેવકો પાસે ઉત્તમમાં ઉત્તમ રથ તૈયાર કરાવ્યો, તેમાં બેસી સમવસરણ તરફ પ્રસ્થાન કર્યું અને સમવસરણને દેખતાં જ રથ નીચે ઉતરીને અંદર પ્રવેશ કર્યો. ત્રણ પ્રદક્ષિણા કરી, તથા નમન-વંદન કરી યથાયોગ્ય સ્થાને બેસીને એકાગ્ર ચિત્તે ધર્મોપદેશ સાંભળ્યો. દેશનાન્તે વિધવા, મહા-વિદુષી, જીવાજીવાદિ તત્ત્વોના જાણનાર, અરિહંતો પ્રત્યે અનન્ય રાગ ધરાવનાર, જૈન સાધુ સાધ્વીજીના પરમોપાસિકા, જૈનશાસનની આરાધનામાં પૂર્ણ જાગૃત, સુંદર વક્તૃત્વશાળી, ઉત્તમ વ્યક્તિત્વશાળી જયંતી શ્રાવિકા સમયે સમયે ભગવાન મહાવીરસ્વામીને પ્રશ્નો પૂછવા લાગ્યા અને ભગવાને તે પ્રશ્નોના જવાબો આપ્યા. ત્યારે શંકા–આકાંક્ષા–વિચિકિત્સા વિનાના થયેલા તે શ્રાવિકા પરમાનંદ પામીને અતિશય સ્વસ્થ થયા. દેશનાન્તે પ્રભુ સન્મુખ બે હાથ જોડી માથું નમાવીને તેમણે પૂછેલા પ્રશ્નો નીચે પ્રમાણે છે.

## જીવ ભારે શાથી બને છે ?

પ્રશ્ન–૧ હે પ્રભો ! કયા કાર્યો કરવાથી જીવ ભારે બને છે ? વજનદાર બને છે ? જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે 'હે જયંતી શ્રાવિકા ! પ્રાણાતિપાત મૃષાવાદ યાવત્ મિથ્યાત્વ નામના પાપ-સ્થાનકોનાં સેવનથી, સેવન કરાવવાથી અને મન વચન કાયાથી

તેમનું અનુમોદન પ્રશંસાદિ કરવાથી જીવ ભારે કર્મી બને છે. ભારે વજનદાર પદાર્થો જેમ નીચેની તરફ જાય છે તેમ તેવા જીવો અધોગતિ એટલે નરકગતિ તથા તિર્યંચગતિમાં જ જાય છે, જ્યાં સ્પષ્ટ અસ્પષ્ટ વેદનાઓ ભોગવવાની હોય છે, અને કદાચ આવા જીવો મનુષ્યગતિમાં આવે તો પણ નીચ જાતિ અને નીચ કુળમાં જન્મ લેવા ઉપરાંત ખાનપાન રહેઠાણ આદિમાં ઘણા જ દરિદ્ર હોવાથી તિર્યંચો કરતાં સખ્ત મજૂરી કરવા છતાં પણ ભૂખ્યા પેટે ઊઠે છે અને ભૂખ્યા પેટે સૂવે છે. પહેરવાનાં કપડાં નથી, રહેવા માટે સ્થાન નથી, સૂવા માટે જમીન નથી તથા અત્યંત ગંદા સ્થાનોમાં, ઝૂંપડપટ્ટીમાં, સર્વથા કાચા કાગળ આદિનાં ઝૂંપડાઓમાં ટૂંકી–સર્વથા ટૂંકી જમીનમાં જ રહેવાનું હોય છે. ઠંડી, ગરમી અને વરસાદની ત્રણેય મોસમ તેમને માટે વગર મોતે મોત જેવી હોય છે. કદાચ થોડું ઘણું પુણ્ય જોર કરે તો સારા સ્થાને જન્મી શકે છે, પણ પૂર્વભવમાં કરેલાં પાપોને લઈને અર્થ અને કામનાં સાધનો સાથે બારમો ચંદ્ર હોવાથી તેઓ આખોય દિવસ આર્તધ્યાનમાં અને રાતે તડફડિયાં મારતાં જીવનનો મોટો ભાગ પૂર્ણ કરે છે. આનાથી વધારે પુણ્ય કદાચ હોય તો ભૌતિક સાધનો સારા પ્રમાણમાં મળતાં હોવા છતાં પણ કૌટુમ્બિક કલેશ, પડોશીઓ સાથે કલેશ ભોગવવો પડે છે, તથા પાપસેવન અમર્યાદિત હોવાથી એકબીજાના હાડવૈરી બનીને એકબીજાના મોતને માટે શસ્ત્રો ચલાવે છે, અથવા ભયંકરમાં ભયંકર જીભાજોડી દંતકલેશ તથા હાથોહાથ મારામારીમાં રીબાતા રીબાતા રૌદ્રધ્યાનમાં જ જિંદગી પસાર કરે છે. તેના કારણે મેળવેલા પુણ્યકર્મોનાં સાધનો પણ ભોગવી શકાતા નથી. ભોગવાતા હોય તો તેમાંથી

આનંદ અને આશીર્વાદ મેળવી શકાતો નથી, અને પુનઃ પુનઃ પાપસ્થાનકોના સેવનથી પાછા દુર્ગતિ તરફ પ્રસ્થાન કરી કેટલાંય કાળચક્રો પૂરાં થાય તો પણ ચરમાવર્તમાં પ્રવેશી શકતા નથી, અને સમ્યગ્દર્શનનો પ્રકાશ મેળવવા સમર્થ બનતા નથી. જાત્યાંધ માણસ જેમ કંઈ પણ જોઈ શકતો નથી તેમ આવા જીવોના જન્મ સમયે ગમે તેટલા તીર્થંકરો થાય તો પણ તેમને ધર્મ પ્રત્યે રુચિ થતી નથી અને સમ્યગ્માર્ગમાં આવી શકતા નથી.' આ પ્રમાણે ભગવાનની વાત સાંભળીને પર્ષદા પાપભીરૂ બની ધર્મધ્યાનમાં ઉદ્યમવંત બની.

## ભવસિદ્ધિક જીવો માટે વક્તવ્યતા :

પ્રશ્ન–૨ જયંતી શ્રાવિકા પૂછે છે: 'હે પ્રભો! જીવોને ભવસિદ્ધિકપણું સ્વાભાવિક છે કે પારિણામિક છે?'

ભગવંતે કહ્યું કે, "ભવસિદ્ધિકત્વ સ્વાભાવિક જ હોય છે, પારિણામિક હોતું નથી. જીવનું ચૈતન્ય સ્વાભાવિક છે. પહેલાં ચૈતન્ય હતું નહીં પણ ઇશ્વરની માયાથી તેમાં ચૈતન્ય આવે છે. અથવા સમવાય સંબંધથી ચૈતન્ય આવે છે. એ બધી મિથ્યા વાણી હોવાથી તર્કસંગત કે આગમ સંગત નથી. જ્યારે બાલત્વ, યૌવન, વૃદ્ધત્વ, સ્થૂળત્વ, કૃશત્વ એ બધા પારિણામિક ભાવો છે, જે આવે છે ને જાય છે. બાલકમાં બાલત્વ આવે છે ને એક દિવસ તે સર્વથા ચાલ્યું પણ જાય છે. ત્યારે ચૈતન્યમાં વૃદ્ધિ કે હ્રાસ ભલે થાય તો પણ જીવમાંથી ચૈતન્ય કોઈ કાળે અને કોઈનાથી પણ જતું નથી. પત્થરમાં મૂર્તિ કે સ્તંભ આદિ પરિણામોમાં ફેરફાર કાળને લઈને થતા હશે, તો પણ એમાં રહેલું સ્વાભાવિક કાઠિન્ય ફેરફાર પામતું નથી. પારિણામિક

ભાવોમાં પણ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય કે કાળ દ્રવ્યનો ચમત્કાર રહેલો છે, નહીં કે ઇશ્વરનો!

ચૈતન્યની જેમ ભવસિદ્ધિકપણું પણ જીવમાં સ્વાભાવિક છે. ભવસિદ્ધિક એટલે? તે જાણી લઇએ. સ્તવનમાં આપણે ગાઇએ છીએ કે, "સિદ્ધિ નિવાસ લહે ભવસિદ્ધિ તેમાં શું પાડ તમારો? તો ઉપકાર તમારો વહીએ જો અભવ્ય સિદ્ધને તારો, એ પ્રભુજી ઓલંભડે મત ખીજો." ત્યારે સમજવાનું એ છે કે ભવસિદ્ધિક એટલે શુ ?

(१) भवैः सिद्धिर्यस्याऽसौ भव्य सिद्धिको भव्यः (રાજ૦ ૪૭)

(२) भवे सिद्धिर्यस्याऽसौ भवसिद्धिकः भव्यः (પ્રજ્ઞા૦ ૩૯૩)

(३) भवैः सख्या तैरसंख्या तैरनन्ते र्वा सिद्धिर्यस्याऽसौ भव्यः (પ્રજ્ઞા૦ ૫૧૩)

(४) भवा भाविनी या सिद्धिः निवृत्ति येषां ते भवसिद्धिकाः (ઠાણા૦ ૩૦)

[ અલ્પ પરિચિત શબ્દકોષ : ભાગ-૪ ]

ઉપરના સૂત્રાંશોથી જાણી શકાય છે કે, જે જીવ આજે, કાલે, બે-ત્રણ કે પાંચ ભવે, સંખ્યાતા અસંખ્યાતા કે અનંતાભવે પણ સિદ્ધિ મેળવશે તે ભવસિદ્ધિક કહેવાય છે. આનાથી વિપરીત અભવ્યસિદ્ધિકો હોય છે, જે કોઈ કાળે અને કોઈની સહાયતાથી પણ મોક્ષ મેળવી શકવાના નથી.

આંબાના ઝાડ ઉપર રહેલી કેરી સમય આવતાં પોતાની મેળે જ ઝાડ ઉપર જ રહ્યા રહ્યા પાકે છે, જ્યારે કૃત્રિમરૂપે પકાવવાનાં નિમિત્ત મળતાં તે કેરી ૪-૬ દિવસ વહેલી પાકી

જાય છે. તેવી રીતે ભવસિદ્ધિક અવસ્થાને પણ કાળલબ્ધિ અને ભાવલબ્ધિ નિમિત્તરૂપ હોય છે. ભગવાન મહાવીરસ્વામીને મોક્ષમાં જવા માટે કાળલબ્ધિ ન પાકી હોવાથી સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી ઠેઠ ૨૧ ભવો સુધી મોક્ષની મર્યાદાભૂમિમાં તેઓ આવી શક્યા નથી. માટે ત્રીજા ભવે ચારિત્ર મોહનીયના કારણે સંયમભ્રષ્ટ થયા; જ્યારે શિષ્યસંપત્તિના લોભે દર્શન મોહનીયના ચક્રાવે ચડ્યા અને સમ્યક્ત્વથી પણ ભ્રષ્ટ થયા. વચલા બાર ભવો સુધી ફરીથી સમ્યગ્દર્શન મેળવવાને માટે સમર્થ બની શક્યા નથી. સોળમે ભવે ફરીથી ચારિત્રવંત થયા પણ મોક્ષમર્યાદાથી દૂર હોવાના કારણે ક્રોધાવેશમાં ધૂઆં પૂઆં થઈને નિદાનગ્રસ્ત બન્યા. અઢારમા ભવે નિયાણાનાં ફળ ભોગવીને સાતમી નરકે ગયા. વીશમા ભવે સિંહના ભવે જન્મી એકવીશમા ભવમાં ચોથી નરકે ગયા. આ પ્રમાણે નયસારના ભવમાં સમ્યક્ત્વ મેળવ્યા પછી પણ એકવીશ ભવ સુધી ઘણા ભયંકરમાં ભયંકર–અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વ મોહનીય સંબંધી કર્મો ભોગવાયાં પછી બાવીશમા ભવમાં મોક્ષની મર્યાદામાં આવી શક્યા છે. તેથી પાપસ્થાનકોના માર્ગ બંધ થયા, સંવરનાં દ્વાર ઉઘડ્યાં અને પોતાના હૈયામાં જ બિરાજમાન અરિહંત સ્વરૂપનો સાક્ષાત્કાર કરી શક્યા. પછી તો ઉત્તરોત્તર આગળની શ્રેણીઓમાં ચડતા ગયા અને સત્તાવીશમા ભવમાં કાળ લબ્ધિ અને ભાવ લબ્ધિનો સમાગમ થતાં મહાવીરસ્વામીનો આત્મા અનંત સુખોનો ભોક્તા બનવા પામ્યો. માટે જ કહેવાયું છે કે, 'વહેલા કે મોડા ભવસિદ્ધિકો મોક્ષમાં જનારા થશે અને અભવ્યસિદ્ધિકો હરહાલતમાં મોક્ષ તરફ પ્રસ્થાન કરી શકવાના નથી.' કારણ આપતાં કહેવાયું છે કે, 'જેમ ભવસિદ્ધિક સ્વાભાવિક છે તેમ અભવ્યસિદ્ધિક પણ

સ્વાભાવિક છે, જેમાં કોઇ જાતનો ફરક પડે નહિ તેને સ્વાભાવિક કહે છે. અભવ્યસિદ્ધિક–અભવ્ય જીવોનો સ્વભાવ જ એવો છે કે તે મનુષ્ય–અવતાર મેળવે, આર્યદેશ મેળવે, આર્યકુળ મેળવે તો પણ કોઇ કાળે તેમનાં હૈયાં ધર્મની આરાધના કરવા માટે તૈયાર થતા નથી. કદાચ દેવગતિનાં સુખો ભોગવવા માટે કે મનુષ્ય અવતારમાં રાજા મહારાજા થવા માટે દીક્ષા લે તો પણ ભાવથી કોરા ધાકોર હોવાને કારણે "જૈનત્વ"ને પ્રાપ્ત કરવા માટે સ્વપ્નમાં પણ તૈયાર થઇ શકતા નથી. કોરડુ મગનો સ્વભાવ જ એવો છે કે તેના માટે હજારો મણ લાકડાં કે પાણી બાળી નાંખીએ તો યે તેમાં નરમાશ આવતી નથી. જેમ પુષ્કારાવર્તમાં મગશૈલ ન ભીંજે....', ગધેડો ગમે તેવાં સ્વપ્નો સેવે કે મારે શિંગડાં હોય તો સારૂં! પણ કુદરતની આગળ તેનાં સ્વપ્નો શી રીતે ફળશે? માટે આવાં બીજા ઉદાહરણોમાં પણ જવાબ એક જ છે કે ભવસિદ્ધિકો પોતાના સ્વભાવથી મોક્ષમાં જાય છે અને અભવસિદ્ધિકો તથાપ્રકારનો સ્વભાવ ન હોવાના કારણે મોક્ષમાં જતા નથી.

## જીવોથી સંસાર રિક્ત થશે?

જયંતી શ્રાવિકા ફરીથી ભગવાનને પૂછે છે કે, હે પ્રભો! તથાપ્રકારના સ્વભાવને લઇને આજે કાલે, ભવાંતરે કે અનંત ભવે પણ યદિ જીવાત્માઓ મોક્ષમાં જશે તો સંસારવર્તી બધાયે ભવસિદ્ધિકો મોક્ષમાં ગયા પછી સંસાર ખાલી થાય? જવાબમાં પ્રભુએ ફરમાવ્યું કે 'હે શ્રાવિકે! આ તમારો અર્થ સમર્થ નથી, વ્યાજબી નથી; કેમકે અનંતાનંત જીવોથી ભરેલો આ સંસાર કોઇ કાળે પણ ખાલી થઈ શકે તેમ નથી. જીવોની અનંતાનંતતા પહેલા ભાગમાં જોઇ લેવી. છતાં પણ એક ઉદા-

હરણથી ફરી જાણીએ. અત્યાર સુધી આપણા મસ્તક ઉપરથી અનંતાનંત સમયનો ભૂતકાળ પસાર થઇ ગયો છે અને એક એક સમય ઘટી રહ્યો છે તે ભવિષ્યકાળ પણ અનંતાનંત છે. વર્તમાન કેવળ એક જ સમયનો છે. આમ ત્રણે કાળના સમય કરતાં પણ હે શ્રાવિકે! જીવરાશિ અનંતાનંતગુણ વધારે હોવાથી ક્યારે ય પણ સંસાર ખાલી થવાનો નથી.'

## સંસારનો સર્જક કોણ?

જયંતી શ્રાવિકા ભગવાનને પૂછે છે, 'હે પ્રભો! સંસારનો સર્જક કોણ?'

જેની ઉત્પત્તિ હોય છે, તેનો નાશ થાય છે. જ્યારે સંસાર અનાદિ કાળનો અને અનંતકાળ સુધી રહેનારો હોવાથી કોઇનાથી ઉત્પાદ્ય નથી. સ્વયં જન્મ મરણના ચક્રે ફસાયેલો બ્રહ્મા સંસારનો ઉત્પાદક કેવી રીતે બની શકે? તેનાં જ શાસ્ત્રો કહી રહ્યાં છે કે અત્યાર સુધીના સંસારમાં આવા બ્રહ્માઓ અને ઈન્દ્રો પણ ઢગલાબંધ થયા છે અને મર્યા છે. માટે બ્રહ્મા સૃષ્ટિના સર્જક નથી. વિષ્ણુ રક્ષક હોય તો પોતાની દ્વારિકા નગરીને પણ કેમ બચાવી ન શકયા? અને શંકર ભગવાન તો સૌને સુખ–શાંતિ આપનારા હોવાથી કોઈ કાળે પણ કોઇને મારી શકતા નથી. માટે જીવમાત્રને પોતાના શુભાશુભ કર્મો ભોગવવા પડે છે, માટે પોતાની મેળે જ જીવ સંસારનો સર્જક છે, રક્ષક છે અને મારક છે. લાખો–કરોડો માણસોની આંખો જ સાક્ષાત્કાર કરી રહી છે કે જીવ પોતે પોતાની મેળે જ જન્મે છે, જીવતો રહે છે અને મરે છે.

કદાચ કોઈ કહી શકે કે, 'પિતા (Father) પુત્રને જન્મ

દેનાર છે.' પણ આ વાત જૈન શાસનમાં પ્રામાણિક નથી. કેમકે પિતાનું શુક્રપતન યદિ પુત્રોત્પત્તિમાં કારણભૂત હોય તો જ્યારે શુક્રપતન થાય ત્યારે માતાની કુક્ષિમાં પ્રતિદિન સંતાનને આવવું જોઈએ. પણ આવું કોઈ કાળે થયું નથી, થતું નથી અને ૩૩ કરોડ દેવી દેવતાઓની સહાયતા મળે તો પણ થવાનું નથી. આના અનુસંધાનમાં કોઈ એમ કહી શકે છે કે 'પતિત થતાં પિતાના શુક્ર સાથે માતાના રજનું મિશ્રણ થવું અત્યાવશ્યક છે,' આવી દલીલનો જવાબ એ હોઈ શકે કે 'માતા પિતાની શારીરિક શક્તિ, ખોરાક, ઔષધાદિ છેક સુધી એક સરખા હોવા છતાં પણ પ્રતિદિન શુક્ર અને રજનું મિશ્રણ થવામાં અને તેમાં પ્રતિદિન એક એક સંતાનને કુક્ષિમાં આવવામાં કયો બાધ આવતો હશે? તે બંનેનું મિશ્રણ આજે, કાલે કે પરમ દહાડે થતું નથી અને વર્ષે બે વર્ષે કે ત્રણ વર્ષે કેમ થતું હશે? કોણ કરતું હશે? કેવી રીતે કરતું હશે? અને આજે જ મિશ્રણ ન થાય તેમાં કયું કારણ? ત્રીજો વાદી એમ કહે છે કે, 'મિશ્રણ થવામાં ઇશ્વરની મરજી કારણભૂત છે.' તો આ વાત પણ સંગત નથી. કારણ કે જગત્કર્તા ઇશ્વર માતાપિતાના આવતી કાલના સંભોગમાં શુક્ર અને રજ ભેગાં કરે તો આજના સંભોગમાં જ ભેગાં કરે તો તેને શો વાંધો આવે એમ છે? જેથી ચાલીસ ચાલીસ દિવસ સુધી ખાધેલા સાલમપાક, બદામપાક, કેસરિયા દૂધ અને ઘી રોટલાથી બનેલાં વીર્ય અને રજ બેકાર તો ન જાય? મૈથુન કર્મમાં સહજરીતે માનસિક ક્લિષ્ટ પરિણામો જ હોય છે, તો બિચારા પુરુષોનાં સત્કર્મો બગાડીને તેમનાં વીર્ય અને રજનો નાશ કરાવવામાં ઈશ્વરને મજા આવતી હોય તો તે પરમાત્મા શી રીતે કહેવાશે? કેમકે આવા જીવો જે બીજાની મશ્કરી કરે, તેમનાં સત્કાર્યોને બગાડે

તે પરમાત્મા કહેવાય! માટે આ બધા પ્રશ્નો અને ઉત્તરો સર્વથા નિરર્થક છે. જ્યારે સત્યાંશ એ છે કે શુક્ર અને રજના મિશ્રણમાં માતાપિતાની હોંશિયારી શક્તિ કે ખોરાક કામમાં આવતાં નથી, પણ માતાની કુક્ષિમાં જન્મ લેનારો જીવાત્મા પોતાના પૂર્વભવના ઋણાનુબંધનો ત્યાં જ પૂર્ણ કરીને જે સમયમાં નવાં માતાપિતા સાથેનો ઋણાનુબંધ ચાલુ થશે તે જ સમયે પોતાની મેળે જ જન્મ લેનારા પુત્રના ઋણાનુબંધના કારણે માતાપિતાના સંભોગમાં શુક્ર અને રજ ભેગાં થાય છે અને સંતાન પોતાની મેળે કુક્ષિમાં આવીને નવ મહિનાની ગંદી કોટડી(કારાવાસ)માં કેદ થઈ જાય છે, અને ભવ ભવાંતરનાં ઉપાર્જિત કરેલાં રાગ–દ્વેષ, સુખ દુઃખ, સંયોગ–વિયોગના સંબંધો બીજા જીવ સાથે જેવી રીતે ભોગવવાના છે ત્યાંસુધી સંસારના સ્ટેજ ઉપર પોતાની નાટક લીલા રમે છે અને વેર–ઝેર, મારફાડ, હસવું રડવું આદિ કર્મો આ ભવ પૂરતાં ભોગવાયાં પછી તે જ સમયે પોતાની મેળે મૃત્યુ પામે છે, અને આ ભવનાં કરેલાં કર્મોને ભોગવવાને માટે બીજા ભવના નવા સંસારની તૈયારી કરે છે. માટે કહેવાય છે કે સંસારનો સર્જક, રક્ષક અને મારક આ જીવાત્મા પોતે જ છે. તે સર્વતંત્ર સ્વતંત્ર છે.

## ઊંઘવું સારૂં કે જાગવું સારૂં ?

જયંતી શ્રાવિકા પૂછે છે કે, 'હે પ્રભો! સુપ્તત્વ (ઊંઘવું) સારું કહેવાય કે જાગતા રહેવું સારું કહેવાય?'

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે 'હે શ્રાવિકે! કેટલાક જીવો ઊંઘતા રહે તે જ સારું છે, અને કેટલાક જીવો જાગતા

રહે તે સારું છે.' આનું કારણ આપતાં ભગવંતે કહ્યું કે, 'જે જીવો

अधर्मानुगा–મનુષ્યાવતાર પામીને પણ જેઓ અધર્મ્ય-ખાન–પાન, રહેણી કરણી અને ભાષા વ્યવહારમાં તત્પર રહેવાથી.

अधार्मिक–સમ્યક્શ્રુત અને સમ્યક્ચારિત્ર વિનાનું જીવન જીવનાર હોવાથી.

अधर्मेष्ठा–સમ્યક્શ્રુત અને સમ્યક્ચારિત્ર પ્રત્યે શ્રદ્ધા વિનાના અને ધાર્મિક જનતા તથા તેમનાં સદનુષ્ઠાનોમાં જરા પણ રસ વિનાના હોવાથી.

अधर्माख्यायी–ધર્મ અને ધર્મના પ્રસંગોને વિકૃત કરી પાપભાષા બોલનારા.

अधर्मप्रलोकी–ધાર્મિક વ્યવહારનો સર્વથા અપલાપ કરીને હિંસા અસત્ય–ચોરી–મૈથુન અને પરિગ્રહ રૂપ અધર્મને જ ધર્મ તરીકે માનનારા.

अधर्मरागी દેવ, ગુરુ, ધર્મના પ્રત્યે રાગનું દેવાળું કાઢી જૂઠા પ્રપંચી ખુશામતીયા અને લબાડ માણસોને ચાહનારા.

अधर्मसमुदाचारी–અધર્મ્ય આચાર–વિચારમાં જીવન પૂર્ણ કરનારા.

अधर्मजीविका-જેનાથી ભયંકર પાપ બંધાય તેવા વ્યાપાર અને વ્યવહાર કરનારા હોવાથી.

—આ પ્રમાણે આઠેય પ્રકારના જીવો ઊંઘતા રહે, સૂતા રહે તે જ સારું છે. જેથી ચરાચર સંસારમાં રહેલા

ભૂતોને–જીવોને–સત્વોને, "परियावणियाए, सोयावणयाए, जूरावणयाए, तिप्पावणयाए, पिट्टावणयाए—આ છ પ્રકારે પીડા ઉપજાવી શકે તેમ નથી. કોઈ જીવને મરણરૂપ દુઃખ દેવું, ઈષ્ટ વિયોગ કરાવવો, શોક સંતાપ દેવો, બીજાના શરીર પર અસર થાય તેવી રીતે આંખમાંથી આંસુ પડાવવાં, હાથ, લાકડી કે લાતથી બીજાને મારવા, અને ઘણા પ્રકારે પીડા ઉપજાવવી તે હિંસા છે, પાપ છે. અને હિંસક માણસ આખાય સંસારનો શત્રુ છે. જેના માથે શત્રુઓ વધારે હોય છે તે ભવાંતરમાં પણ મહાદુઃખી બને છે. આ કારણે જ તે માણસો ઊંઘતા રહે તો ઘણાં પાપોથી પોતાની જાતને બચાવી શકે છે.

હવે એનાથી વિરૂદ્ધ જે ભાગ્યશાળીઓ ધાર્મિક છે, ધર્મના વાતાવરણને ઉત્પન્ન કરે તેવી ભાષા બોલે છે, અહિંસક ભાવોના માલિક છે, તેમનું જાગતા રહેવું વધારે સારું છે. 'સંસારને વિષમય બનાવવા કરતાં અમૃતમય બનાવવો જોઈએ.' આદિ નીતિવાક્યો કરતાં પણ પોતાના આત્માને હિંસા–અસત્ય–ચૌર્ય–મૈથુન અને પરિગ્રહાદિ પાપકર્મો રૂપ વિષકુંડમાંથી બહાર કાઢી અહિંસા–સંયમ તથા સદાચારરૂપ અમૃતકુંડમાં લઈ જવો એ વધારે સારૂં અને સત્ય તત્ત્વ છે. બેશક ! જીવનવ્યવહારમાં વધારે ઊંઘવું હરહાલતમાં પણ સારું નથી, તેમ છતાં સંસાર વ્યવહાર કરતાં પણ ધાર્મિકતા વધુ ઉત્કૃષ્ટ છે. અહિંસક–સત્યવાદી અને પ્રામાણિક માનવ સૌથી પહેલા ધાર્મિક છે.

## સબળત્વ અને નિર્બળત્વ માટેની વક્તવ્યતા :

એવી જ રીતે દયાના સાગર, જીવમાત્રની વૃત્તિઓના પૂર્ણજ્ઞાતા, ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે, 'યદિ જીવન

વ્યવહારમાં હિંસ, અસત્ય, ક્રૂર કર્મિતા અને માયા–પ્રપંચમાં રહેલા હોય તેવા માણસો નિર્બળ, અશક્ત રહેવામાં જ તેમનું કલ્યાણ છે, જેથી ઘણા હિંસાદિ પાપોમાંથી બચી શકશે. જે ભાગ્યશાળીઓ અહિંસક છે, સત્યવાદી છે, પરોપકારી છે અને પારકાને માટે જીવનારા છે, તેઓ મન વચન તથા કાયાથી શક્ત બને તે સારું છે.

વ્યવહારદૃષ્ટિએ જાગૃત અને સશક્ત હોવા છતાં પણ જેમની વૃત્તિ અને પ્રવૃત્તિમાં વિનય નથી, બીજાને પોતાની વસ્તુ આપવાની વૃત્તિ નથી, અથવા ઘરના ખૂણામાં બેસીને "સંસારમાં મારો કોઈ શત્રુ નથી, હું પણ કોઈનો શત્રુ બનવા માંગતો નથી. ઘેર ઘેર દૂધ રોટલાનું ભોજન સૌને પ્રાપ્ત થાઓ. સંસારમાં કોઈ ભૂખ્યો તરસ્યો અને ઠંડીમાં ધ્રુજતો તથા વિના મોતે મરનારો કોઈ હોય નહિ." આવી પવિત્ર અને પૈસા ખર્ચ્યા વિનાની ભાવના પણ ભાવી શકતો નથી તેવા જીવની જાગરણશીલતા અને શક્તિઓ કેવળ પાપોત્પાદન પાપવર્ધન અને ઉદરભરણ સિવાય બીજા કયા કામે આવશે? માટે જાગરણશીલતા સાથે ધાર્મિકતા, પરમદયાળુ પરમાત્મા સાથે તાદાત્મ્યતા અને ઉદ્દાત્ત ભાવના હોય, તેમ શરીરની સશક્ત અવસ્થા સાથે સદાચાર, પરોપકાર અને પરસ્ત્રીત્યાગની ભાવના હોય તો તેવા ભાગ્યશાળી જીવોની પ્રશંસા દેવો પણ કરશે, કિન્નરીઓ પણ તેમનાં ગીતડાં ગાશે અને સંસારની સ્ત્રીઓ પણ રાસગરબા ગાશે.

## જીવોને દક્ષતા મળે તે સારું કે પ્રમાદ–આલસ્યની પ્રાપ્તિ થાય તે સારું?

હવે જયંતી શ્રાવિકાનો અંતિમ પ્રશ્ન એ છે કે 'હે

પ્રભો ! જીવોને દક્ષતા મળે તે સારૂં કે પ્રમાદ–આલસ્યની પ્રાપ્તિ થાય તે સારૂં ?'

જીવોને આશ્રયીને પ્રભુએ જવાબ આપતા ફરમાવ્યું કે "કેટલાક જીવોને દક્ષતા મળે તે સારૂં છે, અને કેટલાકને આલસ્યની પ્રાપ્તિ થાય તે સારૂં છે. જે જીવો ધર્મને અનુસરનારા, ધર્મ્યભાષા બોલનારા, ન્યાયમાર્ગને અનુસરનારા અને પથ્યભોજી હોય તેઓ દક્ષ બને તે સારૂં છે અને તેનાથી વિપરીત વૃત્તિના માનવોને માટે આલસ્યદેવના ઉપાસક બનવામાં જ સારૂં છે."

પોતાનામાં અને પોતાનાં સંતાનોમાં દક્ષતા–હોંશિયારી આવે તેમ સૌ કોઇ ઇચ્છે છે, જ્યારે આલસ્યને કોઇપણ ઇચ્છતો નથી. જ્યારે ભગવાન મહાવીરસ્વામી જીવોને આત્મકલ્યાણને સામે રાખીને તે જીવો પાપથી બચે, રાગદ્વેષ–કલેશ અને કંકાસથી બચે તે માટે અધાર્મિક આદિ માનવોની દક્ષતાને નકારી કાઢે છે.

હવે આપણે દક્ષ અને દક્ષતાનો તાત્ત્વિક અર્થ વિચારીએ.

(૧) अविलम्बितकारित्वं दाक्ष्यं (ઉત્તરા૦ ૪૯)

(૨) कार्याणामविलम्बितकारी दक्षः (ઔપ. ૬૫)
(જીવા. ૧૨૨)

(૩) शीघ्रकारी दक्षः (અનુયોગ. ૧૭૭)

(૪) आशुकारित्वं दक्षत्वं (આવશ્યક. ૩૪૬)

ઈત્યાદિ આગમીય વચનોથી એક જ ભાવ જણાય છે કે પોતાને શિરે આવેલાં કાર્યોને શીઘ્રતાથી કરે તે દક્ષ કહેવાય છે.

વિના વિલંબે કાર્ય કરવાની હુશિયારી તે દક્ષતા કહેવાય છે.

જીવમાત્ર પોતપોતાનાં કર્મોના ઋણાનુબંધને લઈને કરજદારી કે લેણદારી અથવા રાગાત્મક કે દ્વેષાત્મક કંઈ ને કંઈ કાર્યો લઈને જ અવતરે છે. યદ્યપિ ખાન–પાન અને પોતાના કુટુંબની સાર–સંભાળનાં કાર્યો તો અભણ–નાસ્તિક કે મિથ્યાત્વી તથા મોહમાયામાં ગળાડૂબ થયેલા બધાય ખંત પૂર્વક કરે છે અને પોતાના ઋણાનુબંધનો પાઈ પાઈનો હિસાબ ભરપાઈ કરી સંસારમાં જેવા આવ્યા હતા તેવા જ પાછા અનંત સંસારમાં ગરકાવ થઈ જાય છે. ગોળ–બજારમાં જન્મેલા મંકોડા ગમે ત્યારે જન્મ્યા હોય છે અને ગોળનો સ્વાદ લીધો ન લીધો ત્યાં તો બીજાના પગે કચડાઈને મરી જાય છે. તેમનો ઈતિહાસ લખનાર કોઈ નથી, તેવી રીતે પોતાનાં શરીર કે કુટુંબ પૂરતો જ જેમણે પોતાનો વ્યવહાર રાખ્યો છે તેવા મનુષ્યો પણ મહાપુરુષોની જીભ ઉપર આવ્યા વિના, ઈતિહાસકારોનાં પાનામાં ચમકયા વિના, કવિઓના કાવ્યનું પાત્ર બન્યા વિના, તથા ચિત્રકારોના ચિત્રમાં ઉતર્યા વિના જ મંકોડાની જેમ જેવા જન્મ્યા તેવા જ મરતા હોય છે, અને બે–ચાર કલાક કે દિવસો પછી તો તેઓને યાદ કરનાર પણ કોઈ હોતું નથી. પરંતુ તેવા પ્રકારના અનંતાનંત જીવો કરતાં વધારે શક્તિઓના સંગ્રહ સ્વરૂપ, દેવદુર્લભ મનુષ્યઅવતારને મેળવ્યા પછી જેમણે પોતાના જીવનમાં સદ્બુદ્ધિ અને સદ્વિવેક સાથે દીર્ઘદર્શિતાને સ્થાન આપ્યું હશે તેવા ભાગ્યશાળીઓનાં જીવનમાંથી—

( १ ) स्वोदरंभरित्व જાય છે અને परोदरंभरित्व આવે છે.

(૨) સ્વાર્થસાધનાને બદલે પરાર્થસાધના આવે છે.

(૩) ટૂંકી દૃષ્ટિ જાય છે અને વિશાળ દૃષ્ટિ અવે છે.

(૪) પૌદ્ગલિક દૃષ્ટિ વિદાય લે છે અને આધ્યાત્મિકતા આવે છે.

(૫) અને છેવટે સમ્યગ્દર્શનનો ઉદયકાળ પ્રગટે છે.

—ત્યારે જ માનવ સાચા અર્થમાં માનવ બને છે.

અરિહંતદેવનું શાસન કહે છે કે, તેવા સમયે જ પોતાનાં સત્કાર્યો, પુણ્યપવિત્ર કાર્યો કરવામાં જેમની બુદ્ધિ સ્ખલિત થાય નહિ, મનમાં મૂંજવણ ન થાય અને પોતાના નિશ્ચયબળથી ડગે નહિ તેવા માણસો જ દક્ષ કહેવાય છે. અને તેમની દક્ષતા પોતાનું, પારકું, સમાજનું, દેશનું ભલુ કરવામાં યશસ્વિની બને છે.

યદ્યપિ જેમના જીવનમાં ચોરી, બદમાશી, જૂઠ, પ્રપંચ અને કાળાં ધોળાં હોય છે તેઓ પણ પોતાનાં કાર્યોમાં કુશળ અને સાવધાન જ હોય છે, પરંતુ વિચારવાનું એ છે કે જે ચતુરાઇ, ચાલાકી, પોલીસી (માયા–મૃષાવાદ) આદિથી જીવનમાં દુર્ગુણ વધે, માનવતા પરવારી જાય તેવી ચતુરાઇ, ચાલાકી, ભણતર કે ગણતર પણ પોતાને માટે સમાજને માટે કે દેશને માટે પણ શા કામનાં? આ કારણે જ ભગવંતે કહ્યું કે, 'ધાર્મિક વ્યક્તિઓને મળેલી દક્ષતા સારા માટે છે અને જે વ્યક્તિઓને મળેલી દક્ષતા સારા માટે છે અને જે વ્યક્તિઓમાં ધાર્મિકતા-આદિ નથી તેઓ આળસુ, કમજોર, અશક્ત બન્યા રહે તેથી પોતાને, સમાજને કે દેશને કંઇપણ હાની થવાની નથી.

સારાંશ કે:–

धर्म्ये न्याय्ये सदाचारे, पुण्ये पवित्रकर्मणि ।
सर्वेषां हितकार्ये च दक्षो जनः प्रशस्यते ।।१।।

जिनाज्ञा पालने चैव गुरोः ऋणाद्विमोचने ।
वैरत्यागे दयादाने दक्षजनः प्रशस्यते ।।२।।

अन्यथा

पापवादे च पैशून्ये हिंस्रे द्रोहे च कर्मणि ।
कार्पण्ये मोहकार्ये च प्रमादिता प्रशस्यते ।।३।।

[ શ્લોકાસ્ત્રયો મદીયાઃ ]

અનંતજ્ઞાનના સ્વામી ભગવાન મહાવીરસ્વામીએ આપેલા જવાબો સાંભળીને જયંતી શ્રાવિકા ઘણા જ સંતુષ્ટ થયા છતાં "हर्षस्योपरि हर्षः ।" આ ન્યાયે તે દિવસ પૂરતો છેલ્લો પ્રશ્ન નીચે પ્રમાણે કર્યો.

## શ્રોત્રેન્દ્રિયને વશ પડેલા જીવો કયું કર્મ બાંધે ?

'હે દેવાધિદેવ! આપ શ્રીમાન તો 'નિર્જિત કંદર્પ, દીર્ણાંગજ, હતમોહકર્મા' આદિ સમર્થ અને સત્ય વિશેષણોથી યુક્ત હોવાથી સંસારની માયાથી ઉત્પન્ન થયેલા કામભોગોના મૂળિયાઓને સર્વથા ભસ્મ કરી દીધેલાં હોવાથી વીતરાગ છો, નિરંજન છો. પરંતુ "અમે તો સંસાર નીવેશે હો પ્રભુજી ........" એટલે અમને તો હજી કામો અને ભોગો છે. તેથી

આપ ફરમાવો કે-"શ્રોત્રેન્દ્રિયને વશ પડેલા જીવો કેવાં કર્મ બાંધે?"

જવાબમાં ભગવંતે કહ્યું કે, 'હે જયંતી, જેમ ક્રોધાદિને માટે કહ્યું તેમ ઇન્દ્રિયોને વશવર્તી જીવોને માટે પણ સમજી લેવું. એટલે કે તેઓ શિથિલ બાંધેલા સાતે કર્મોને દૃઢ બંધનવાળા કરીને અનંત સંસારમાં પરિભ્રમણ કરનારા થાય છે.

શાસ્ત્રોમાં ઇન્દ્રિયોને ઘોડાની ઉપમા આપવામાં આવી છે. શરીરરૂપી રથ ઘોડા જેવી પાંચે ઇન્દ્રિયો સાથે સંલગ્ન હોવાથી આત્મારૂપી રથકાર (ગાડી હાંકનાર) જ્યારે જ્યારે કષાયોને અધીન, વિષય વાસનામાં મસ્ત, જૂઠ પ્રપંચનો ખેલાડી અને મોહરૂપી મદિરાપાનથી છકીને પાગલ જેવો બની જાય છે ત્યારે ઇન્દ્રિયોરૂપી ઘોડાઓ પણ ભારે તોફાનમાં આવીને શરીરરથની સ્થિતિને સાવ બેડોળ કરી નાંખે છે. અને એક વાર, બે વાર કે ત્રણ વાર ઇન્દ્રિયાદિના ગુલામ બનેલા આત્માને પુનઃ શેઠ બનવામાં બહુ જ મુશ્કેલી અનુભવવી પડે છે, જબ્બર પુરુષાર્થ ખેડવો પડે છે, જે સમ્યગ્જ્ઞાનની લગામ અને સમ્યક્ચારિત્રની ચાબુક વિના સર્વથા અશક્ય છે.

સંસારના અનંતાનંત જીવો કરતાં કર્ણેન્દ્રિય પ્રાપ્ત પંચેન્દ્રિય જીવોની સંખ્યા થોડી જ હોય છે, કેમકે અગણિત પુણ્યકાર્યોને લઇને જીવાત્માને કર્ણેન્દ્રિયની પ્રાપ્તિ થાય છે, જેનાથી તે પંચેન્દ્રિય સંજ્ઞાથી સંજ્ઞિત બને છે. માણુસ થોડો વિચાર કરે કે જેની પ્રાપ્તિમાં અગણિત પુણ્યકર્મો કામ કરી રહ્યાં હોય તેવું પંચેન્દ્રિયપણું પ્રાપ્ત થયા પછી તેનો દુરૂપયોગ શા માટે કરું? સંભવ છે કે જીવાત્માને આવા

પવિત્ર વિચારો સમયે સમયે આવતા પણ હોય છે, પરંતુ મોહરાજાએ પોતાના સૈનિકોને જીવાત્માની ચારે બાજુ એવી રીતે ગોઠવી દીધા હોય છે કે તેનાથી બચવું તેને માટે પ્રાયઃ અશકય બને છે. ત્યારે જ તો પદ્માસનમાં ધ્યાનસ્થ મહાપુરુષને પણ યુવતીનાં ઝાંઝરનો ઝણકાર ચકડોળે ચાડાવી દે છે. સ્વાધ્યાયમાં રત થયેલા અથવા જિનેન્દ્ર ભગવંતનાં મીઠાં મધુરાં સ્તવનોને લલકારનારાઓનાં મનમાં સ્ત્રીનું સંગીત ચંચલતા લાવી શકે છે. આવા તો અગણિત અનુભવો આપણે કરેલા છે. કર્ણેન્દ્રિયાદિ ઇન્દ્રિયોના ગુલામ હોવાના કારણે જ કોઈ પણ સારાં પવિત્ર કાર્યોમાં આપણે મગ્ન થઈ શકતા નથી. ચડતી યુવાનીમાં દીક્ષિત થયા તો શિક્ષિત થવામાં ઇન્દ્રિયોની ગુલામી વિઘ્નરૂપ બને છે. ઘઉંના રંગ જેવી લાલિમા શરીર પર હોવી જોઇએ પણ સ્પર્શેન્દ્રિય કે ચક્ષુરિન્દ્રિયાદિની પરવશતાના કારણે ધોયેલા ચોખાના દાણા જેવા ફીક્કાને ફીક્કા જ આપણે રહ્યા છીએ. રસ નીકળી ગયેલી શેરડી જેવી વૃદ્ધાવસ્થામાં જે રોગો, શિથિલતા તે યુવાન માણસોને સતાવે છે. ઇત્યાદિ કારણોમાં પૂર્વભવની અસાતાવેદનીયને કલ્પવા કરતાં આપણી ઇન્દ્રિયોની ગુલામીની કલ્પના જ વધુ બંધ બેસે છે.

આ બધા ભાવોને જાણનારા કેવલી ભગવંતે કહ્યું કે, "ઇન્દ્રિયોને વશવર્તી આત્મા કોઈ કાળે પણ કષાય વિનાનો હોઈ શકતો નથી, અને કષાયી આત્મા પ્રતિસમયે ઢગલાબંધ નવાં કર્મો તો બાંધે જ છે. સાથો સાથ પહેલાનાં બાંધેલા કર્મોને નિકાચિત કરીને ભવભવાંતરને માટે ભયંકર અસાતાવેદનીયને ઉપાર્જે છે."

વિવેકી આત્મા કેવળ પાંચ જ મિનિટ માટે નીચેના

વિચારો કરે કે—

(૧) મેળવેલું આ શરીર ભાડાના મકાન જેવું છે, માટે મારે ગમે ત્યારે પણ બદલવું પડશે જ.

(૨) આજે, કાલે કે વર્ષે જે વસ્તુ મારી નથી તેના માટે મારે આટલો બધો મોહ રાખવાનું શું પ્રયોજન ?

(૩) શરીરને માટે બધું ય કરવા છતાં પણ આ શરીર નાશવંત છે, રોગીષ્ટ છે, આંખોને ન ગમે તેવી ગંદકી અને દુર્ગંધથી ભરેલું છે, અને અમૃત જેવા ભોજન-પાનને પણ વિષ્ટા–મૂત્ર–પરસેવો–કફ–પિત્ત અને વાયુમાં પરિણમિત કરનારૂં છે.

(૪) જ્યારે મારો આત્મા સર્વતંત્ર સ્વતંત્ર હોવાથી ભોક્તા છે અને શરીર ભોગ્ય છે. ભોગ્ય એટલે ભોગવવાનું અને ભોગવાતું શરીર એક દિવસ જીર્ણ–શીર્ણ થવાથી ભોગવવા લાયક નહિ રહેનારૂં; માટે મારા પૂર્વભવનાં પુણ્યકર્મોનો સર્વનાશ થાય તેવી પરતંત્રતા મારે શા કામની ?

(૫) લોહીનો સંબંધ ધરાવનાર યાવત્ માતાપિતા પણ જીવાત્માના હાડવૈરી બની શકે છે. પરંતુ જ્ઞાન અને વિદ્યાનો સંબંધ ધરાવનાર તીર્થંકરદેવો, ગણધર ભગવંતો, આચાર્યો અને પરમપવિત્ર મુનિરાજો અપરાધીઓના પણ શત્રુ બનતા નથી. માટે તેમના બતાવેલા મોક્ષમાર્ગનો આશ્રય લઈ હું "મારા આત્માના હિત માટે કંઈક કરૂં." એવી પવિત્ર ભાવના રાખી તદનુસારે જીવન ઘડવામાં મને પોતાને કે સંસારવ્યવહારને પણ હાનિ થઈ શકતી નથી.

(૬) આહાર, વિહાર અને નિહારની નિયમિતતાને કારણે જીવમાત્ર તંદુરસ્ત બન્યો રહે તેવી પવિત્ર ભાવનાથી જ

"ભોગોપભોગ વિરમણ વ્રત"ની અનુપમ ભેટ જૈન શાસને કરેલી છે. તો હું પણ તે વ્રતની મર્યાદામાં આવીને મારાં મનવચન તથા કાયા પવિત્ર બનાવું!

(૭) વૈદકશાસ્ત્ર પણ કહે છે કે ઘણી વનસ્પતિઓ એવી છે કે જે ખાવાથી ખાનારનું લોહી બગડે, માંસ બગડે, હાડકાં બગડે. યાવત્ શુક્ર અને રજ બગડે છે; તો પછી જૈન શાસનને જ માન્ય કરીને તેવી અભક્ષ્ય વસ્તુઓના ભોગોપભોગનું વિરમણ કરવામાં જ એકાન્તે મારૂં હિત સમાયેલું છે.

ઇત્યાદિક વિચારો કેવળ પાંચ મિનિટને માટે પણ જે ભાગ્યશાળી પોતાના મનમાં કરશે, તેમને તારવાને માટે જૈન-વાણી પૂર્ણ સમર્થ છે. હવે બીજા ઉદ્દેશાને સમાપ્ત કરતાં પહેલાં એ વાત પર આપણે લક્ષ્ય આપીએ કે જયંતી શ્રાવિકા છેવટે દેવાનન્દાની જેમ દીક્ષા લઇ પોતાનાં કર્મોનો ક્ષય કરી મોક્ષમાં બિરાજમાન થશે.

બારમા શતકનો બીજો ઉદ્દેશો સમાપ્ત



# શતક ૧૨ મું : ઉદ્દેશક-૩

## શ્રેણિકનું વર્ણન :

ઇતિહાસના પાને વંચાય છે કે કૃષ્ણ રાજાની દ્વારિકાને તથા રાવણ રાજાની સુવર્ણમયી લંકાને પોતાનાથી ચઢિયાતી બીજી એકેય નગરી ન હોવાના કારણે સીમાતીત ગર્વ હતો. પણ મગધ દેશના રાજા શ્રેણિકની રાજગૃહી નગરીને જોયા પછી લાજની મારી દ્વારિકા સમુદ્રમાં ડૂબી અને લંકા બળીને ખાખ થઈ ગઇ. અને બિચારી દેવોની અમરાવતી તો શરમની મારી સ્વર્ગમાં જઇને રહી. એવી મગધ દેશની રાજધાની રાજગૃહી અદ્વિતીય હતી. ત્યાં શ્રેણિક નામે રાજા હતો. ઔપપાતિક સૂત્ર પ્રમાણે તે ઘણો જ રૂપાળો હતો, તેની જીભ સાકર જેવી મીઠી હતી, તરવાર યમરાજાની જીભ જેવી હતી. એક આંખમાં જૈન શાસનનો રંગ ભર્યો હતો ત્યારે બીજી આંખમાં જૈનત્વના વિરોધીઓને પરાસ્ત કરવાની ઝંખના હતી. ભગવાન મહાવીરસ્વામીની અમૃતમયી વાણીને સાંભળવા માટે તેના કાન હંમેશાં તૈયાર જ રહેતાં. પરંતુ બીજાનાં પાપો તથા ભુંડાઇને સાંભળવા માટે તેની પાસે કાન જ ન હતા. જાણે કે સ્વામી ભાઇઓને કંઈક આપવાના જ ઇરાદાથી હોય તેમ તેના હાથ ઢીંચણ સુધી લાંબા હતા. હાથીના ગંડસ્થળમાં મોતી હશે કે કેમ? તે તો પરમાત્મા જાણે, પણ આ રાજાના દાંત તો શ્વેતતામાં મોતીઓને પણ ઝાંખા પાડે તેવા હતા. એવા આ રાજાને ઘણી રાણીઓ હતી તેમાં ચેલ્લણા રાણી મુખ્ય પટ્ટરાણી હતી.

## ભગવાનની પધરામણી :

ભગવાન મહાવીરસ્વામી ચતુર્વિધ સંઘ સાથે ગ્રામાનુગ્રામ વિહાર કરતાં રાજગૃહી નગરીમાં પધાર્યા છે, તે વાત સાંભળતાં જ મેઘના કારણે મયૂર, આંબાની મંજરીને જોઇને કોયલ જેમ પ્રસન્નચિત્તવાળા થાય છે તેમ રાજગૃહી નગરીના રાજા ખુશ ખુશ થઇને ઉદ્યાન પાલકને ભેટ સ્વરૂપ ઘણું દ્રવ્ય આપે છે. પછી તો રસ્તાઓ સાફ કરાવ્યા. હાટ–હવેલીઓ શણગારવામાં આવી, તોરણપતાકાઓ બંધાવવામાં આવ્યાં, અને પોતપોતાના ઘેરથી નીકળી રાજા–રાણીઓ, રાજપુત્રો, નગરશેઠો, શેઠાણીઓ, તેમની પુત્રીઓ, કુળવધૂઓ અને બીજી પણ પ્રજા સમવસરણ તરફ આવતી થઇ. વિનય અને વિવેકપૂર્વક યથાસ્થાને બેસી ગયેલી બાર પર્ષદાને સંબોધીને પ્રભુએ ધર્મોપદેશ આપતાં કહ્યું કે, ' નરક, સ્વર્ગ અને મોક્ષ કેવળ માનવના હાથની વાત છે. માટે અનાદિ કાળના આ સંસારમાં અનંતીવાર નરકભૂમિઓમાં તથા તિર્યંચ અવતારોને પામેલા હે ભાગ્યશાળીઓ, તમે સમજો! વિચારો! અને હૃદયની દૃઢતાપૂર્વક ધર્મ્ય નિર્ણય કરીને દુર્ગતિનાં દ્વાર બંધ કરવા માટે પ્રયત્નશીલ બનો.' તે સમયે પ્રભુ–સન્મુખ ઊભા રહીને ગૌતમસ્વામીએ પૂછયું કે, ' હે પ્રભો! આપના શાસનમાં નરક પૃથ્વીઓ કેટલી કહી છે?'

## નરક માટેની વક્તવ્યતા :

જવાબમાં પ્રભુએ ફરમાવ્યું કે, ' નરક પૃથ્વીઓ સાત છે,' તે આ પ્રમાણે :—

| સંખ્યા. | પૃથ્વીનાં નામો. | તેનાં ગોત્રનાં નામો. |
|---|---|---|
| ૧ | ધર્મા | રત્ન પ્રભા |
| ૨ | વંશા | શર્કરા પ્રભા |
| ૩ | શૈલા | વાલુકા પ્રભા |
| ૪ | અંજના | પંક પ્રભા |
| ૫ | રિષ્ટા | ધૂમ પ્રભા |
| ૬ | માઘવ્યા | તમઃ પ્રભા |
| ૭ | માઘવી | મહા તમઃ પ્રભા |

આપણે જાણીએ છીએ કે વ્યક્તિનું નામ જૂદું હોય છે અને સંબોધન બીજા નામે થાય છે. પ્રથમ ગણધર શ્રી ઇન્દ્રભૂતિ જન્મનું નામ છે અને ગૌતમ તેના ગોત્રનું નામ છે. એટલે કે ઘણી વ્યક્તિઓ પોતાના ગોત્રના નામે જ પ્રસિદ્ધ હોય છે, તેવી રીતે નરક ભૂમિઓ પણ પોતાના ગોત્રના નામે જ પ્રસિદ્ધ હોવાથી રત્નપ્રભા આદિના નામે સંબોધાય છે. જેમકે રત્નપ્રભામાં રત્નોની, શર્કરા પ્રભામાં કાંકરાઓની, વાલુકાપ્રભામાં રેતીની, પંકપ્રભામાં કાદવની, ધૂમપ્રભામાં ધૂમાડાની, તમઃપ્રભામાં અંધકારની અને મહા તમઃપ્રભામાં ગાઢ અંધકારની–અધિકતા હોવાથી તેમનાં નામો સાર્થક છે. છઠ્ઠી અને સાતમી એટલે તમઃ અને મહા તમઃપ્રભામાં પ્રભાનો અર્થ દ્યુતિ કે કાંતિ લેવાનો નથી, પરંતુ અંધકારનો જ અર્થ લેવાનો છે.

નરક ભૂમિઓ પ્રાપ્ત થવામાં પહેલાના ભવોમાં સ્વાર્થાન્ધ, લોભાંધ, વિષયાંધ કે મોહાંધ બનીને બીજા જીવો સાથે વધારે પડતા આચરેલાં વૈર–વિરોધ–મારફાડ, ઇર્ષ્યા, અદેખાઇ, ચોરી, બદમાસી, ચાડી, વિશ્વાસઘાત, ક્રૂર મશ્કરી, દ્રોહ, પ્રપંચ કે બીજા સાથે જીભાજોડી આદિના કારણે નરકભૂમિમાં ઉત્પન્ન

થયેલો જીવ તે તે કર્મોને તે તે પ્રકારે અથવા તેનાથી વધારે પ્રમાણમાં ભોગવે છે. તેમનું અવધિજ્ઞાન તેમને માટે અત્યંત દુ:ખદાયી બનવા પામે છે. તે જ્ઞાન દ્વારા તે જાણી શકે છે કે, ' સામેથી આવતો બીજો નારક મારો દુશ્મન હતો, મારી ચાડી ખાતો હતો, મારા વ્યાપારને હાનિ કરતો હતો, ગયા ભવમાં આ મારી જેઠાણી હતી, સાસુ હતી, અને મારા ઉપર આટલો ત્રાસ ગુજારતી હતી. ' ઇત્યાદિ તે ભવની મિનિટ મિનિટની હકીકતો અવધિજ્ઞાનદ્વારા યાદ આવે છે અને પરસ્પર બંને નારકો લાકડી, બરછી, ભાલા, તલવાર, ગોફણ, પત્થર આદિ વડે લડી મરે છે, અને અસુર ગતિને પ્રાપ્ત થયેલા પરમાધામીઓ તેમનાં કરેલાં પાપોને યાદ દેવડાવીને તે નારકોને ગરમાગરમ સીસું પીવડાવે છે, કુહાડીથી લાકડાની છાલ ઉખાડે તેમ ચામડી ઉતારે છે, કાકડી અને બીજાં શાકની જેમ તેમને ચીરે છે, પછી તેમાં મીઠું મરચું નાંખે છે, ચણા આદિની જેમ ભઠ્ઠીમાં શેકે છે, ત્યાંથી બહાર કાઢીને ગરમાગરમ તેલની કડાઈમાં નાંખે છે, હાથ–પગ કાપે છે, આંખ–નાક છેદે છે. આંગળીના નખ આખાને આખા કાઢી નાંખે છે. મોટા મોટા સર્પો, વિંછીઓ, દીપડાઓ, બિલાડાઓ કૂતરાઓ આદિ દ્વારા ભયંકર જીવલેણ વેદનાઓ આપે છે. ઈત્યાદિ સર્વથા અસહ્ય વેદનાને ભોગવતાં નારક જીવો ત્યાં લાંબા કાળ સુધી રહે છે.

## ભાગવતમાં નારકનું વર્ણન :

જીવ માત્રને પાપોનો ભય રહે તે માટે ભાગવત(વૈષ્ણવોનું શાસ્ત્ર)માં આવેલ નારકનાં દુ:ખોનું વર્ણન પણ જાણી લઇએ. ત્યાં ૨૧ અને પ્રકારાન્તરે ૨૮ નારકોનું વર્ણન છે, તેનાં નામો **આ પ્રમાણે છે** : તામિસ્ર, અંધતામિસ્ર, રૌરવ,

મહારૌરવ, કુંભીપાક, કાળસૂત્ર, અસિપત્રવન, સુકરાભિમુખ, અન્ધકુપ, કૃમિભોજન, સંદશ, તપ્તસૂર્મિ, વજ્રકંટ, શાલ્મલી, વૈતરણી, પૂયોદ, પ્રાણરોધ, વીશસન, લાલાભક્ષ, સારમેયાદન, અવીચિ, અયઃપાન, ક્ષારકર્દમ, રક્ષોગણ ભોજન, શૂલપ્રોત, દંદશૂક, અવટ નિરોધન, પર્યાવર્તન, સૂચિમુખ.

(ભાગવત : અધ્યાય ૨૬.)

હવે ઉપર્યુક્ત નારકોના અર્થ પણ જોઈએ :

(૧) તામિસ્ર—છલ પ્રપંચ કરી બીજાનાં ધન, પુત્ર, પુત્રી કે તેની સ્ત્રીનું હરણ કરનાર આ નરક ભૂમિમાં આવે છે. જ્યાં ખોરાક કે પાણી પીવા મળતું નથી, લાકડીના મારવડે યમદૂતો તેમને મારે છે અને નારકો બેભાન બને છે.

(૨) અંધતામિસ્ર—બીજાને વિશ્વાસમાં રાખીને તેની સ્ત્રી સાથે ભોગવિલાસ કરનાર આ નરકમાં આવે છે. અહીં યમદૂતો બહુ જ માર મારે છે, જેનાથી નારકીની બુદ્ધિ અને દૃષ્ટિમાં ભયંકર વેદનાઓ થાય છે અને તે કપાતા મૂળિયાવાળા ઝાડ જેવી અચેતન સ્થિતિને પ્રાપ્ત કરે છે.

(૩) રૌરવ—જે માણસ શરીર-ધન-પુત્ર-પરિવાર મારાં છે, એવી માયામાં બીજાં પ્રાણીઓનો દ્રોહ કરીને માયા ભેગી કરનારને આ નરક મળે છે અને એકલો જ ભયંકર દુઃખ ભોગવે છે.

(૪) મહારૌરવ—મનુષ્યલોકમાં માયાવશ બનીને બીજા જીવોને જે રીતે માર્યા હોય, સંતાપ્યા હોય, રોવડાવ્યા હોય તે મરાયેલા અને દુઃખી બનેલા જીવો આ નરકભૂમિમાં 'રૂરૂ' નામે પશુઓનો આકાર લઈને તે તે જીવોને ભયંકર રીતે

રીબાવે છે. રૂંરૂં પશુઓ તેમને ફાડે છે અને તેમના શરીરનાં માંસને ખાય છે.

(૫) કુંભીપાક—જેણે પોતાના શરીરનું જ પોષણ કર્યું હોય તેમ બીજાં પશુઓને કે પક્ષીઓને જીવતાં પકડી તેમને રાંધે છે, ખાય છે, તેઓ આ નરકભૂમિમાં આવે છે. અને યમદૂતો તેમને તપાવેલા તેલની કડાઈમાં નાંખીને તળે છે.

(૬) કાળસૂત્ર—આ નરકભૂમિ તપી ગયેલા તાંબા જેવી હોવાથી, કાળસૂત્ર કહેવાય છે. જે મનુષ્યો દેવ-ગુરુ-ધર્મનો દ્રોહ કરે, તેઓ આ નરકભૂમિમાં આવે છે અને ભયંકર ગરમીમાં ભૂખ તરસ ને સહન કરતો બળું બળું થતો જીવન યાપન કરે છે.

(૭) અસિપત્રવન—હિંસા, જૂઠ, ચોરી, મૈથુન આદિ પાપો કરીને આ નરકમાં અવાય છે. જ્યાં યમદૂતોનો માર ખાતો તે જીવ ચારે બાજુ તલવાર જેવા ધારદાર તાડપત્રોથી વિંધાય છે અને યમદૂતો તેમાં ફેંકી દે છે, જ્યાં વેદનાનો પાર નથી.

(૮) સૂકરમુખ—નિરપરાધી માણસોને ધનસત્તા-યૌવન-સત્તા, કે રાજસત્તાના ઘમંડમાં આવીને મારે છે તે આ નરકનો મહેમાન બને છે. ત્યાં સશક્ત યમદૂતો તેને શેરડીના સાંઠાની જેમ ઘાણીમાં નાંખીને પીલે છે.

(૯) અંધકૂપ—જે માણસો માંકડ, જૂ, મચ્છર આદિ જીવોને મારે છે, તે આ નરકભૂમિમાં આવીને તે તે જીવો દ્વારા ભયંકર વેદના ભોગવે છે.

(૧૦) કૃમિકુંડ (કૃમિ ભોજન)—ધાર્મિકતાથી દૂર રહેલો માનવ, ઘરના ઓટલે આવેલા સાધુ-સંત-અતિથિ આદિને કંઈ પણ આપ્યા વિના ભોજન કરે છે તે માનવ આ લાખ યોજનવાળા કૃમિકુંડમાં જન્મે છે, જ્યાં કીડાઓનું ભોજન કરે છે, અને બીજા કાગડાઓનું પોતે ભોજ્ય બનીને ચીસો નીકળી પડે તેવી વેદનાઓ ભોગવે છે.

(૧૧) સંદશ—જે માણસો સુખી જીવનમાં પણ બીજાઓની ચોરી કરે, તેમને વિશ્વાસમાં લઈને ઠગે, ખોટાં તોલ-માપ રાખે તે આ નરકભૂમિમાં આવે છે; જ્યાં યમદૂતો ધગધગતા સાણસાઓથી પકડીને તેમની ચામડી ઉતારી લે છે.

(૧૨) તપ્તસુર્મી—જે કામવાસનાના ગુલામ થઈને અમર્યાદ ભોગ ભોગવે છે, અગમ્ય, ગુરુ પત્ની, મિત્ર પત્ની, પુત્ર પત્ની, હલકા આચારવાળી અને હલકી જાતિની સ્ત્રી સાથે કે તેવા પુરુષ સાથે વિષયનું સેવન કરે તો તેમને આ નરકભૂમિમાં ચાબુકોના માર પડે છે. અને તપાવેલી લોઢાની પુતળી સાથે પુરુષને તથા તપાવેલા પુરુષના પુતળા સાથે સ્ત્રીને ભેટાડે છે.

(૧૩) વજ્ર કંટક—માનવાવતારને પામીને પણ જે પશુઓ સાથે વ્યભિચાર કરે છે, તેમને યમદૂતો વજ્ર જેવા કાંટાવાળા, સીમળાના ઝાડ પર ચડાવીને નીચે ખેંચે છે.

(૧૪) વૈતરણી—જે રાજપુરુષો-સત્તાધારીઓ ધર્મ-કર્મની મર્યાદા છોડી સ્વચ્છંદી બને છે, તેઓ આ સ્થાનમાં જન્મીને જળજીવો દ્વારા ભયંકર યાતનાઓ ભોગવે છે. વૈતરણી નદી જેમાં વિષ્ટા, મૂત્ર, પરું, લોહી, વાળ, નખ,

હાડકાં, મેદ, માંસ તથા ચરબી ભરેલાં ગંદા તત્ત્વો છે, ત્યાં છેલ્લા શ્વાસ સુધી મહાયાતના ભોગવે છે.

(૧૫) પૂયોદ—જે પુરુષો સારી ખાનદાનીમાં જન્મીને શૂદ્ર જાતિની સ્ત્રી સાથે સ્વચ્છંદ વિહાર કરે છે, અને આચાર–વિચાર તથા નિયમોનો ત્યાગ કરે છે, લજ્જાનો ત્યાગ કરી સ્વેચ્છાચારી બને છે, તેઓ પણ વિષ્ટા, મળ, મૂત્ર, પરૂં, ચરબી, માંસ આદિથી ભરેલા સમુદ્ર જેવા પૂયોદ નામના નરકમાં પડે છે અને તે જ વસ્તુઓનું ભક્ષણ કરી મહાવેદનાને ભોગવવા પાત્ર થાય છે.

(૧૬) પ્રાણરોધ—જે સારા ખાનદાનમાં જન્મીને પણ પોતાને ત્યાં કૂતરા–પોપટ આદિને પાળે છે, બીજા પંખી, પશુઓનો શિકાર કરે છે, અને ધર્મકર્મ વિના જીવન જીવે છે, તેઓ આ નરકમાં જન્મે છે, જ્યાં યમદૂતો તેમને બાણવડે તથા બીજાં શસ્ત્રવડે વીંધે છે.

(૧૭) વૈશસ્–અગ્નિમાં પશુઓનો વધ કરનાર આ નરકમાં જન્મે છે, ત્યાં તેઓ રીબાઈ રીબાઈને સમય પૂરો કરે છે.

(૧૮) લાલાભક્ષ–જે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય પુરૂષ પોતાની સહજાતીય સ્ત્રીને કામમોહિત કરીને પોતાનું વીર્ય પીવડાવે છે તેઓ આ નરકમાં જન્મે છે અને યમદૂતો તેમને રેતઃ કૂલ્યા નામની નદીમાં નાંખે છે અને વીર્ય પીવડાવે છે.

(૧૯) સારમેયાદન—જે ચોર–બદમાસ માણસો ગામડાંને લૂંટે છે, બાળે છે, તેમને યમદૂતો ૭૨૦ કૂતરાઓવડે બધી રીતે હેરાન કરે છે.

(૨૦) અવીચિ—કોઇની સાક્ષીમાં, લેવડ-દેવડમાં, દાન પ્રસંગમાં, અસત્ય બોલનાર અહીં જન્મે છે, ત્યાં પર્વતો ઉપર નારકોને ચઢાવીને નીચે ફેંકવામાં આવે છે

(૨૧) અયઃપાન—શરાબપાન કરનાર તથા સોમરસ પીનારા આ નરકમાં આવે છે, ત્યાં તેમને નીચે પટકી તેમની છાતીને યમદૂતો પગથી દબાવી ગરમાગરમ ગજવેલનો રસ પીવડાવે છે.

(૨૨) ક્ષારકર્દમ—પોતે અધમ આચારવાળો હોવા છતાં અભિમાની બનીને બીજા મહાપુરૂષોનું અપમાન કરે છે, તેને અહીં ઊંધે માથે લટકાવીને મારવામાં આવે છે.

(૨૩) રક્ષોગણભોજન—જે પુરૂષો યજ્ઞમાં પુરૂષોનો હોમ કરે છે અને સ્ત્રીઓ નરપશુઓનું માંસ ખાય છે, તેઓ આ નરકભૂમિમાં જન્મીને યમદૂતોવડે માર ખાય છે.

(૨૪) શૂલપ્રોત—જીવોને મારીને તેમના રમકડાં બનાવીને તેમને દુઃખ આપે છે, તેઓ નરકમાં પણ તેવી જ વેદના ભોગવે છે.

(૨૫) દંદશૂક—ઘણા ક્રૂર સ્વભાવવાળા થઇને બીજા જીવોને મારનારાઓને નરકમાં પાંચ તથા સાત મુખવાળા સર્પો તેમને ઘણા હેરાન કરે છે.

(૨૬) અવટ નિરોધન—બીજા જીવોને ખાડામાં, કોઠી આદિમાં પૂરે છે, તેમની પણ નરકમાં આવ્યા પછી આવી જ દશા થાય છે.

(૨૭) પર્યાવર્તન–ઘરે આવેલા અતિથિઓને ક્રોધ આદિથી હેરાન કરનારને નરકમાં કાગડા, ગીધડા આદિ તેમની આંખો કાઢી નાખીને હેરાન કરે છે. [ભાગવત : 'સસ્તું સાહિત્ય']

આ પ્રમાણે આપણે નરકના દુઃખો જાણ્યાં.

દેવાધિદેવ ભગવંતની સત્ય વાણી સાંભળીને પર્ષદાએ ઘણાં પાપોથી બચવા માટેનો નિર્ણય કર્યો, અને સૌ વંદન નમન કરી પોતપોતાને સ્થળે ગયાં.



# શતક ૧૨ મું : ઉદ્દેશક–૪

## પુદ્ગલોની સમર્થતા :

રાજગૃહી નગરીમાં આ ઉદ્દેશો ચર્ચાયો છે, જેમાં પુદ્ગલપરાવર્તનનો વિષય અત્યંત જ્ઞેય, તેમજ તીર્થંકર સિવાય બીજાને માટે સર્વથા અનાખ્યેય, તેમજ પુદ્ગલોમાં રહેલી અનંત શક્તિઓની જાણકારી પ્રત્યેક જીવને અત્યંત આવશ્યક હોવાથી ચાર જ્ઞાનના માલિક ગૌતમસ્વામીએ પુદ્ગલ પરાવર્તન સંબંધી પૂછેલા પ્રશ્નોને દયાના સાગર ભગવાન મહાવીરસ્વામીએ ખૂબ જ ઉદારતાપૂર્વક સ્પષ્ટ કર્યા છે.

પુદ્ગલો અજીવ હોવાના કારણે સ્વતઃ જડ હોવા છતાં પણ તેમની અનંત શક્તિઓના સંચાલનમાં પોતે સમર્થ છે. પુદ્ગલોની રચનામાં કે તેમના ભંગાણમાં કયાંય પણ ઈશ્વરીય તત્ત્વનો અનુભવ કોઇએ કર્યો નથી, કરી શકે તેમ નથી અને કરશે પણ નહિ. માતાની કુક્ષિમાંથી બહાર આવનાર સંતાન ૩–૩॥ રતલનું જ હોય છે અને એક દિવસે ૩–૩॥ મણનું શી રીતે થઈ જતું હશે? તેના પ્રત્યેક અંગોપાંગ આદિમાં ફેરફાર થવાનું કારણ શું? તત્કાળ જન્મેલા બાળકનાં નાક, આંખ, કાન, હાથ, પગ આદિ અવયવો જે સાવ નાના હતાં તેને પ્રતિસમયે થોડા થોડા પણ મોટા કોણ કરતું હશે? ત્રણ મણના શરીરમાં આવેલા તાવથી તેના શરીરમાં ઘટાડો થઈ રૂપરંગમાં ફેરફાર શી રીતે થાય છે? કેમકે આત્માના પ્રદેશોમાં હાનિ–વૃદ્ધિ થતી નથી, ત્યારે શરીરનાં પુદ્ગલોમાં અને તેના સ્કંધોમાં હાનિવૃદ્ધિ કરનાર કોણ? આ અને આવી અસંખ્યાત

કે અનંત વાતો એટલા માટે જાણવા લાયક છે જે વિના માણસ માત્રનું જ્ઞાન અધૂરૂં અને સંદિગ્ધ, વિપરીત કે અનિર્ણયાત્મક જ રહેવા પામે છે. આનાથી આત્માની બીજી કમજોરી કોઈ નથી.

સંસારમાં સમ્યગ્જ્ઞાન કરતાં મિથ્યાજ્ઞાનનાં સ્થાનકો ઘણાં હોય છે, અને તેના પ્રચારકો પણ ઘણા હોય છે. તે કારણે તેમની જાળમાં ફસાયેલો માણસ કાં તો પૂર્વગ્રહની ગાંઠમાં બંધાય છે કાં સર્વથા અજ્ઞાન અથવા વિપરિત જ્ઞાનના ચક્રાવે ફસાઈને મેળવેલા દેવદુર્લભ મનુષ્ય અવતારને ખારો ઝેર બનાવે છે. આ કારણે સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવા માટે અરિહંતદેવોની દ્વાદશાંગી સિવાય બીજું એક પણ સાધન નથી.

એક બે ત્રણ ચારથી લઈ અનંતાનંત પુદ્ગલોના અનંત સ્કંધોને આ સંસારમાં આપણે સૌ પ્રત્યક્ષ કરી રહ્યા છીએ. એક ઈંટ પણ કેટલાય પુદ્ગલ પરમાણુઓનો સ્કંધ છે અને અસંખ્યાત ઇંટોનો બનેલો દશ કે બાર માળનો બંગલો પણ પુદ્ગલ સ્કંધ કહેવાય છે. આપણું શરીર-હાથ–નાક–આંખ–કાન અને વાળ આદિ બધાયે અગણિત પરમાણુઓના બનેલા પુદ્ગલ સ્કંધો છે. આપણે જે આહાર કરીએ છીએ તે પણ અગણિત પુદ્ગલ સ્કંધો છે અને ખાધેલો ખોરાક વિષ્ટા–મૂત્ર–પરસેવા આદિ દ્વારા બહાર કાઢીએ છીએ અને શરીરમાં શેષ રહેલા લોહી માંસ, હાડકાં, ચરબી, મજ્જા અને શુક્ર ધાતુમાં પણ અગણિત પુદ્ગલ પરમાણુઓ રહેલા છે, જેમના ઉપકારથી આપણે જીવિત રહીએ છીએ અને એક દિવસે અનંત પુદ્ગલ પરમાણુઓનું બનેલું આપણું શરીર–પરમાણુઓનો સ્કંધ અનંત લાકડારૂપ પરમાણુ સ્કંધોમાં બળીને રાખમાં પરિણત થાય છે. દશ માળના મકાનમાં અનંત પુદ્ગલ સ્કંધો ભેગા

થયા છે તે એક દિવસ નૈસર્ગિક કે નૈમિત્તિક કારણથી જમીનદોસ્ત થાય છે અને તેની ઇંટોથી બીજા સ્કંધનું નિર્માણ થાય છે અને માટી–ચૂનો ખાડામાં પુરાય છે. વળી પાછા એક દિવસે ખાડામાંથી તે પુદ્ગલો બહાર આવે છે અને તેનાથી બીજો સ્કંધ રચાય છે. આવી રીતે પુદ્ગલો ભેગા થાય છે, છૂટા થાય છે. માટે જૈન શાસને કહ્યું છે કે : 'પ્રતિસમયે ભેગા થાય અને છૂટા પડે તે પુદ્ગલ કહેવાય છે.'

## પરમાણુ :

"परमाश्च तेऽणवश्च परमाणवो निर्विभागद्रव्यरुपा: स्कन्धपरिणामरहिताः केवला: परमाणव: "

[ પ્રજ્ઞા૦ ૧૦, જીવા૦ ૭ ]

જેનો બીજો ભાગ ન થઈ શકે તે પરમાણુ છે, જે આખાયે સંસારના નિર્માણનું મૂળ કારણ છે. આ પરમાણુમાં વર્ણ–ગંધ અને રસ એકેક હોય છે અને સ્પર્શ ચાર હોય છે: સ્નિગ્ધ, રૂક્ષ, શીત ને ઉષ્ણ.

પરમાણુમાં રહેલા ચારે સ્પર્શોમાંથી સ્નિગ્ધ (ચિકાશવાળો), રૂક્ષ ( લુખો )–આ બે પરમાણુઓ પોતાની યોગ્યતાને લઇને જ્યારે ભેગા મળે છે ત્યારે દ્વયણુક સ્કંધ બને છે, અને તેમાં જ્યારે એક–બીજો પરમાણુ મળતાં ત્ર્યણુક સ્કંધ કહેવાય છે. આ પ્રમાણે ચાર–પાંચ–સાત યાવત્ અનંત કે અનંતાનંત સુધી ભેગા મળેલા પરમાણુઓનો સ્કંધ સંખ્યાત–અસંખ્યાત–અનંત કે અનંતાનંત પરમાણુઓનો સ્કંધ કહેવાય છે. પરમાણુમાં સ્નિગ્ધતા કે રૂક્ષતા કેટલી જોઇએ? તે બીજા ભાગમાં " પુદ્ગલોના બંધની વિસ્તૃત વિવેચના " પ્રકરણમાંથી જાણી શકાશે.

## સ્કંધની વ્યાખ્યા :

" प्रायो ग्रहणदानादि व्यापारसमर्थरूपत्व अथवा वर्णादिमत्त्वबद्धत्त्वयो: सतोः सूक्ष्मबादरपरिणामपरिणति रूपत्वं स्कंधस्य लक्षणम् " [ આર્હતદર્શન દીપીકા ૨૨૮ ]

" चतुःस्पर्शादिमत्त्वे सति सूक्ष्मपरिणाम परिणति रूपत्वं सूक्ष्मस्कंधस्य लक्षणम् " [ આર્હતદર્શન દીપીકા ૨૨૯ ]

" अष्टस्पर्शादिमत्त्वे सति सूक्ष्मपरिणामपरिणति रूपत्वं बादरस्कंधस्य लक्षणम् " [ આર્હતદર્શન દીપિકા ૨૩૦ ]

એટલે કે પરમાણુ કોઇનાથી લઈ શકાતો નથી, કોઇને આપી શકાતો નથી. સ્કંધ લઈ શકાય છે, અને આપી શકાય છે. અથવા સૂક્ષ્મ કે બાદર રૂપે રહેલો હોય તે સ્કંધ કહેવાય છે.

ચાર સ્પર્શ અને સૂક્ષ્મ પરિણામવાળો હોય તે સૂક્ષ્મ સ્કંધ છે અને આઠ સ્પર્શ તથા બાદર પરિણામવાળો હોય તે બાદર સ્કંધ કહેવાય છે. ગમે તેટલા પરમાણુઓનો સૂક્ષ્મ સ્કંધ અતીન્દ્રિય–અચાક્ષુષ હોવાથી તે સૂક્ષ્મ છે જ્યારે બાદર પરિણામને પામેલો સ્કંધ જ ઇન્દ્રિયગ્રાહ્ય હોવાથી ચાક્ષુષ છે.

સૂક્ષ્મ કે બાદર જે નામકર્મની પ્રકૃતિના ભેદમાં છે તે અહીં સમજવાની જરૂર નથી કારણ કે કર્મોની સત્તા તો ચૈતન્યશક્તિસમ્પન્ન જીવાત્માને હોય છે, જ્યારે સ્કંધો અજીવ છે માટે સૂક્ષ્મ પરિણતિને ભજેલા સ્કંધો જ સૂક્ષ્મ સ્કંધ અને બાદર પરિણતિને ભજેલા સ્કંધો બાદર સ્કંધ સમજવાના છે.

## સ્કંધોના વિભાગ :

આપણે પહેલાં જાણી ગયા છીએ કે પરમાણુ માત્ર કારણરૂપે જ હોય છે અને સ્કંધો કારણ અને કાર્યરૂપે પણ હોય છે. ઘણા પરમાણુઓ મળીને સ્કંધ બને છે માટે સ્કંધ કાર્ય થયું અને "ભેદાદણુ:" આ સૂત્રથી સ્કંધ તૂટતાં તૂટતાં પુનઃ પરમાણુ બને છે, એટલે કે પરમાણુઓ માટે સ્કંધો કારણરૂપે પણ છે. આનુષંગિક આટલી વાત જાણ્યા પછી હવે આપણે ભગવતીસૂત્રનાં મૂળ સૂત્રોને તથા ટીકાકારને જાણીએ.

ગૌતમસ્વામીજીએ ભગવંતને પૂછ્યું કે 'હે પ્રભો! જ્યારે બે પુદ્ગલ પરમાણુઓ ભેગા મળે છે ત્યારે તેમના સંયોગથી શું ઉત્પન્ન થાય છે?' જવાબમાં પ્રભુએ કહ્યું કે 'હે ગૌતમ! ભેગા મળેલા તે બંને પરમાણુઓ પોતાના પરમાણુત્વને ત્યાગીને દ્વિપ્રદેશિક (દ્વયણુક) સ્કંધરૂપે બને છે અને સંબોધાય છે. (આ પ્રમાણે આગળ પણ જાણી લેવું) હવે તે દ્વિપ્રદેશિક સ્કંધ નિમિત્ત મળતાં જ્યારે પાછા છૂટા પડે છે ત્યારે તેના એક ભાગમાં એક પરમાણુ અને બીજા ભાગમાં એક પરમાણુ એમ બે ભાગમાં એક એક પરમાણુ વિભક્ત થાય છે. અહીં અને આગળ પણ એટલું ધ્યાનમાં રાખવાનું કે કોઈ કાળે અને કોઇની શક્તિથી પણ એક પરમાણુના બે ભાગ થઇ શકતા નથી તેથી દ્વિપ્રદેશિક સ્કંધમાંથી એક તરફ ૧।। પરમાણુ અને બીજી તરફ ૦।। પરમાણુનો વિભાગ સર્વથા અશક્ય છે, કેમકે પરમાણુ પોતે જ અવિભાજ્ય હોવાથી આદિ, મધ્ય કે અંતમાં તે પોતે જ છે અર્થાત્ પરમાણુ કોઇની આદિમાં, મધ્યમાં કે અંતમાં નથી. આ કારણે જ પરમાણુને ૧/૨ ૧/૪ ૧/૮ આદિ ભેદ હોઈ શકતા નથી.

ત્રિપ્રદેશિક સ્કંધનો ભેદ થતાં એક તરફ એક પરમાણુ અને બીજી તરફ બે પરમાણુ રૂપ બે વિભાગ અને એક એક પરમાણુરૂપ ત્રણ વિભાગ પડે છે.

ચતુષ્પ્રદેશિક સ્કંધનો ભેદ થાય ત્યારે તેના બે ત્રણ અને ચાર વિભાગ પડે છે. બે વિભાગમાં એક તરફ એક પરમાણુ અને બીજી તરફ ત્રિપ્રદેશિક સ્કંધ અથવા બંને તરફ દ્વિપ્રદેશિક સ્કંધના બે વિભાગ. ત્રણમાં એક એક પરમાણુરૂપે બે અને બીજી તરફ દ્વિપ્રદેશિક સ્કંધ અથવા બંને તરફ દ્વિપ્રદેશિક સ્કંધના બે વિભાગ. ત્રણમાં એક એક પરમાણુ રૂપે બે અને બીજી તરફ દ્વિપ્રદેશિક સ્કંધ. ચારમાં એક એક પરમાણુના ચાર વિભાગ.

પંચ પ્રદેશિક સ્કંધના ૧-૪, ૨-૩, ૧-૧-૩, ૧-૨-૨, ૧-૧-૧-૨, અને ૧-૧-૧-૧-૧ આવી રીતે છ, સાત, આઠ, નવ, દશ આદિ પરમાણુ સ્કંધના વિભાગો કલ્પી લેવા.

સંખ્યાત પુદ્ગલ પરમાણુનો સ્કંધ જ્યારે વિભક્ત થાય છે ત્યારે બે-ત્રણ યાવત્ સંખ્યાત વિભાગોમાં તે વિભક્ત થાય છે. જેમ ૧ + સંખ્યાત, ૨ + સંખ્યાત, ૧ + ૧ + સંખ્યાત, ૧ + ૨ + સંખ્યાત, ૧ + ૧ + ૧ + સંખ્યાત, ૧ + ૨ + ૨ + ૩ સંખ્યાત.

આ પ્રમાણે અસંખ્યાત અને અનંત પ્રદેશી સ્કંધ માટે જાણવું. જેમકે એક તરફથી લઈ સંખ્યાત પરમાણુ સ્કંધ અને બીજી તરફ બે થી લઈ સંખ્યાત પ્રદેશી સ્કંધ અથવા અનંત પ્રદેશી સ્કંધ લેવો.

## પુદ્ગલોનો પરિવર્તનભાવ :

ગૌતમસ્વામીના પ્રશ્નના ઉત્તરમાં ભગવંતે કહ્યું કે, 'હે ગૌતમ ! આ બધા પુદ્ગલ પરમાણુઓનું સંહનન (સ્કંધ રૂપે ભેગા થવું) અને વિઘટન (જુદા જુદા વિખરાઈ જવું) એટલે કે આજે અત્યારે એક પરમાણુ સર્વથા પૃથક્ છે, તે યથા સમયે બીજા પરમાણુ યાવત્ સંખ્યાત અસંખ્યાત કે અનંત પરમાણુઓની સાથે સંમિશ્રણ થાય છે અને અદૃષ્ટ નિમિત્તોને લઈને પાછા છુટા પડે છે જે બીજા સ્કંધ સાથે ભેગા મળે છે. તેને જ જૈન શાસન પુદ્ગલોનો પરિવર્તનભાવ કહે છે એટલે કે–તેમનામાં પ્રતિક્ષણે પરાવર્તન થતું રહે છે અને આ રીતનો પરિવર્તનભાવ અનંતાનંત તરીકે કહેવાય છે. અનંતને અનંતથી ગુણીએ તો અનંતાનંત થાય છે. આ પરિવર્તન-ભાવ કોઈની પણ શરમ કે અપેક્ષા રાખ્યા વિના અનાદિ-કાળથી અનંત કાળ સુધી થયા છે, થાય છે અને થતા રહેશે.

જીવોને ઉત્પન્ન થવામાં યોનિના સ્થાને પુદ્ગલોનો પરિવર્તનભાવ અવશ્યંભાવી હોય છે, કેમકે પુદ્ગલો જીવને આશ્રિત હોવાથી અને જીવમાત્ર પોત પોતાનાં કર્મોને અધીન હોવાથી પોત પોતાનાં નિયાણાંઓને અધીન બની જીવમાત્ર પોતાને યોગ્ય પુદ્ગલોનું ગ્રહણ કરે છે અને રાગદ્વેષપૂર્વક બાંધેલાં કે બંધાઈ ગયેલાં નિયાણાંઓને ભોગવવાનો સમય જ્યારે પરિપક્વ થાય છે ત્યારે તે જીવને તેવા જ પુદ્ગલોનો પરિવર્તનભાવ નસીબમાં રહે છે. ઉદાહરણ કલ્પીને વાત કરવી હોય તો એક જીવાત્માએ પહેલાના કોઈક ભવમાં બીજા જીવાત્મા સાથે વૈરનાં નિયાણાં બાંધ્યા અને આ ભવમાં તેનો પરિપાક થવાનો સમય પણ પાકયો છે, માટે સંયમી–સદાચારી–ધાર્મિક–સમતાશીલ–નિરોગી

અવસ્થાને ભોગવનારા માતા-પિતા હોવા છતાં પણ જે સમયે પૂર્વભવનો વૈરાનુબંધવાળો જીવ માતાની કુક્ષિમાં આવવાનો હોય છે તે સમયે શુક્ર અને રજનાં પુદ્ગલોનું પરિણમન (સંમિશ્રણ) તામસિક કે રાજસિક હોવું જોઇશે. ઘણીવાર આપણે જાણીએ છીએ કે માતા-પિતા સશક્ત હોય, મૈથુન માત્રમાં ગર્ભાધાન કરાવવાની ક્ષમતાવાળા હોય અને સાથોસાથ સમતા અને સાત્વિક વૃત્તિવાળા હોય તેમ છતાં પણ ગર્ભાધાનના સમયે કુક્ષિમાં આવનારા જીવાત્માનાં કર્મોને કારણે જ માતા-પિતાની સમતા-સાત્વિકતા તેટલા સમય પૂરતી તિરોભૂત થાય છે, પરિણામે મૈથુન કર્મમાં બલાત્કાર-ક્રોધભાવ-વૈરભાવ, ભયગ્રસ્તતાનો પ્રાદુર્ભાવ થાય છે અથવા તે સમયે મૈથુનકર્તા પિતાને વૈર ભય-ક્રોધ કે આર્તધ્યાન વર્તતું હોવાથી તેના-શુક્રનાં પરમાણુઓ પણ તામસિક અને રાજસિક બનીને પતિત થાય છે. અથવા પોતાના શરીરમાં રહેલા શુક્ર કે રજના ખજાનામાં જે તામસિક ભાવથી કે તામસિક રાજસિક પદાર્થોના ભોજનથી જે શુક્ર કે રજ બન્યું હશે તે સમયે તેમનું જ મિશ્રણ થશે, જ્યાં તે જીવાત્માને જન્મ લેવાનો છે. માટે તે સમય પૂરતા તો માતા-પિતા પણ વૈભાવિક ભાવમાં ઓતપ્રોત બની મૈથુનસેવી બનશે અને તે જીવ ગર્ભમાં આવશે. કારણકે વૈરઝેર બાંધેલા કે મનુષ્ય અવતારથી મરીને નરક તિર્યંચ ગતિમાં જનારા જીવાત્માઓ નિયાણામાં ફસાઇ ગયેલા હોવાથી સાત્વિક શુક્ર કે રજના મિશ્રણમાં જન્મ લઇ શકતા નથી.

ત્રિપૃષ્ટ વાસુદેવનો આત્મા જે મહાવીરસ્વામીનો જ આત્મા છે તે જ્યાં સુધી પોતાના માતા-પિતા સદાચારી અને નીતિ ન્યાયના રસ્તે હતા ત્યાં સુધી તેમની ખાનદાનીમાં જન્મ્યા નથી; કેમકે તેવા સમયે તો મોક્ષગામી કે સ્વર્ગગામી અચલ

નામે બલદેવે જન્મ લીધો છે અને મહાવીરસ્વામીનો આત્મા તે ખાનદાનમાં ક્યારે જન્મ્યો છે તે જાણો છો? જ્યારે વાસુદેવનો પિતા પુરુષવેદના અતિરેકમાં વર્તતો હતો ત્યારે પોતાની પુત્રી સાથે સંસારની માયા માંડ્યા પછી તેની કુક્ષિમાં જન્મ ધારણ કરે છે અને તામસિક પુદ્ગલ પરાવર્તમાં જન્મ લેતા ત્રિપૃષ્ટ વાસુદેવ (૧૮ મા ભવનો મહાવીરસ્વામીનો આત્મા) મરીને સાતમી નરકે જાય છે. માટે જ કહેવાયું છે કે જે જે જીવાત્માને જે સમયે નિયાણાપૂર્વક બાંધેલા શુભાશુભ કર્મોને ભોગવવાનાં હોય છે ત્યારે પુદ્ગલ પરાવર્ત પણ તે રીતે જ પોતાની મેળે સર્જાઇ જાય છે. આપણા જીવનના જ પ્રતિસમયનાં ઉદાહરણો ઉપર ખ્યાલ કરીએ તો ઉપરની વાત સહજ સમજાઇ જશે.

જે ખોરાક આપણે ખાઇએ છીએ તે બધાય ખોરાકમાંથી લોહી બનતું નથી કેમકે લોહીને બનવા માટે જે પુદ્ગલોમાં લાયકાત હોય છે તેમાંથી જ લોહીનું નિર્માણ થવા પામશે. પછી તે ખાધેલો ખોરાક દૂધ હોય, મલાઇ, મેવા, મિષ્ટાન્ન હોય કે ફરસાણ હોય તેમાંથી રસ બનશે અને તે રસમાંથી બહુ જ થોડાનું લોહી બને છે. બાકીનો બધો એ ખોરાક મલ–મૂત્ર, પરસેવો, કફ, નખ, વાળ આદિ દ્વારા બહાર ફેંકાઇ જવા પામશે. લોહીમાંથી લાયકાતવાળા પુદ્ગલો જ યાવત્ શુક્રમાં પરિણત થશે. સારાંશ કે બધા એ પુદ્ગલો બધા એ કામોમાં આવતા નથી. તેવી રીતે અનંતાનંત પુદ્ગલો પણ જીવાત્માને માટે કામમાં નથી આવતા, પણ પોતાના શરીરની રચના આદિની લાયકાતવાળા સૂક્ષ્મ પુદ્ગલો જ જીવાત્મા ગ્રહણ કરે છે જે શુભાશુભ કર્મો ભોગવવામાં સહાયક બને છે.

ગૌતમસ્વામીએ પૂછ્યું કે, 'હે પ્રભો! પુદ્ગલ પરાવર્ત

કેટલા પ્રકારે છે ?' જવાબમાં ભગવંતે કહ્યું કે, ' હે ગૌતમ, તેના સાત પ્રકાર છે.'

૧. ઔદારિક પુદ્ગલ પરાવર્ત.
૨. વૈક્રિય પુદ્ગલ પરાવર્ત.
૩. તૈજસ્ પુદ્ગલ પરાવર્ત.
૪. કાર્મણ પુદ્ગલ પરાવર્ત.
૫. મનઃ પુદ્ગલ પરાવર્ત.
૬. ભાષા પુદ્ગલ પરાવર્ત.
૭. શ્વાસોચ્છ્વાસ પુદ્ગલ પરાવર્ત.

ઉપર્યુક્ત સાતેય પુદ્ગલ પરાવર્તોમાં સંપૂર્ણ જીવરાશિનો સમાવેશ થઈ જાય છે-જેમ કે સૂક્ષ્મ-બાદર-પર્યાપ્ત-અપર્યાપ્ત એકેન્દ્રિય જીવથી લઇને સંમૂર્ચ્છિમ કે ગર્ભજ પંચેન્દ્રિય જીવોને ઔદારિક પુદ્ગલોથી બનેલ ઔદારિક શરીરની પ્રાપ્તિ થાય છે. દેવ-નારક આદિ જીવોને વૈક્રિય પુદ્ગલ પરાવર્તને લઇને વૈક્રિય શરીરની પ્રાપ્તિ થાય છે. સિદ્ધશિલામાં પ્રવેશ કરવાના એક સમય પહેલાં અનંતાનંત જીવોને તૈજસ્ અને કાર્મણ પુદ્ગલ પરાવર્તને લઇને તૈજસ્ અને કાર્મણ શરીર હોય છે. તથા પુણ્યકર્મના સિતારા જેના ચમકયા હોય છે તેને જ મન, વચન અને શ્વાસોચ્છ્વાસના પુદ્ગલોની પ્રાપ્તિ થાય છે. જ્યારે ગાય, હાથી, કૂતરા, ઘોડા આદિ જીવોને પંચેન્દ્રિયત્વ પ્રાપ્ત થયા છતાં, પોતાના માલિકોને ઘણી ઘણી વાતો કહેવા ઇચ્છતાં છતાં કર્મસત્તા આગળ લાચાર બનેલા તે જીવો મનમાં ઘણી મૂંઝવણો અનુભવી રહ્યા છે, છતાં એક પણ અક્ષર તેઓ બોલી શકતા નથી.

પોતાના રાગદ્વેષથી ઉપાર્જિત શુભાશુભ નિયાણાંઓનો જ્યારે સમય પરિપાક થાય છે, એટલે કે જે જીવો સાથે આપણને રાગદ્વેષના સટ્ટાબજારમાં સત્કર્મોનો અને પુણ્યકર્મોનો જુગાર રમવાનો હોય છે તે સમયે જ તે જીવ ઔદારિકાદિ શરીર ધારણ કરવા માટે માતાની કુક્ષિમાં આવે છે અને સંસારના સ્ટેજ પર આવીને પોતાનાં રચેલાં માયાજાળનાં નાટકોને રમવાનો પ્રારંભ કરે છે અને જ્યારે રામાયણ પૂરી થઇ કે આ ભાઈ સાહેબ પાછા કર્મોની જેલમાં કારાવાસના કેદી થઇને બીજા સંસારમાં ખેલ કરનાર મદારીની જેમ ચાલ્યો જાય છે.

## નારકોનો પુદ્ગલ પરાવર્ત :

'હે પ્રભો! નારકોને કેટલા પુદ્ગલ પરાવર્તોનો સદ્ભાવ કહ્યો છે?' ગૌતમસ્વામીના આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાને કહ્યું, 'તેમને ઉપર કહ્યા મુજબ સાત પ્રકારના પુદ્ગલ પરાવર્તોનો સદ્ભાવ છે. તે અસુરકુમારોથી છેક વૈમાનિકો સુધીના દેવો માટે પણ જાણવો.'

'હે પ્રભો! નારક જીવોમાંથી એક એક નારકે કેટલા પુદ્ગલ પરાવર્તો કર્યા છે?' 'હે ગૌતમ! ભૂત(અતીત)કાળ અનાદિ છે, જીવાત્મા પણ અનાદિ છે, અને જીવની સંસાર-દશા પણ અનાદિની છે. માટે એક એક નારકને આ પુદ્ગલ પરાવર્તનો અનંત થઇ ચૂકયા છે.' ભવિષ્ય માટેની વાત કહેતાં ભગવંતે કહ્યું કે 'જીવાત્મા દુરભવિક તથા અભવિક હોવાના કારણે કેટલાક નારકોને પુદ્ગલ પરાવર્તોનો સદ્ભાવ હોય છે અને બીજા જીવો જે નરકમાંથી નીકળીને મોક્ષમાં જવાના છે તેમને નથી. તથા બીજાઓને જઘન્યથી બે, ત્રણ કે ચાર અને વધારે સંખ્યાત અસંખ્યાત–કે અનંત થશે.

અસુરકુમારોથી લઈને વૈમાનિક દેવો સુધી નારકોની જેમ જાણવું.

એ જ રીતેવૈક્રિય–તૈજસ–કાર્મણ–મન–વચન અને શ્વાસોચ્છ્વાસ પુદ્‌ગલપરિવર્તનો નારકથી વૈમાનિક સુધી ભૂતકાળમાં અનંત થયા છે અને ભાવિકાળમાં જઘન્યથી બે ત્રણ કે ચાર અને ઉત્કૃષ્ટથી સંખ્યાત, અસંખ્યાત અને અનંત હોય છે.

‘નરકાવાસમાં રહેતા નારક જીવોમાંથી એક એક નારકને ભૂતકાળમાં ઔદારિક પુદ્‌ગલ પરિવર્તનો કેટલાં કહ્યાં છે?’ ભગવાને જવાબમાં કહ્યું કે, ‘નારકને તે ઔદારિક પુદ્‌ગલોનો અભાવ હોવાથી ભૂતભાવિમાં એકેય નથી.’

એજ પદ્ધતિએ નારકને પૃથ્વીકાય અવસ્થામાં ઔદારિક પુદ્‌ગલ–પરિવર્તો ભૂતકાળમાં અનંત થયા છે અને ભાવિમાં નારકોની જેમ સમજવાં. એ જ પ્રમાણે અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ કે મનુષ્ય અવસ્થામાં એક એક નારકના ભૂતકાલીન ઔદારિક પુદ્‌ગલ પરાવર્તો અનંતા થયા છે અને ભવિષ્યકાળમાં કોઇકને સદ્‌ભાવ હોય છે અને કોઈકને નથી હોતો. આ પ્રમાણે આ વિષય મૂળ સૂત્રમાં સ્પષ્ટ અને વિસ્તારથી આલેખાયો છે.

આજ વાત ગૌતમસ્વામીજી બીજી રીતે પ્રભુને પૂછે છે કે, ‘હે પ્રભો! આપશ્રી કયા કારણે કહો છો, ‘આ ઔદારિક પુદ્‌ગલ પરિવર્તન છે. આ ઔદારિક પુદ્‌ગલ પરિવર્તન છે? તો તેમનું સ્વરૂપ શું છે?’ જવાબમાં ભગવંતે કહ્યું કે, ‘જે કારણે ઔદારિક શરીરમાં રહેલ આ જીવાત્માએ તેને યોગ્ય પુદ્‌ગલ દ્રવ્યોને ઔદારિક શરીરરૂપે ગ્રહણ કર્યા છે તથા જીવ

પ્રદેશોની સાથે તેમને બાંધ્યાં છે. અન્ય અન્ય ગ્રહણ રૂપે તેમને પોષિત કર્યાં છે, પૂર્વ પરિણામમાંથી અન્ય પરિણામ રૂપે તેમને પરિણત કર્યાં છે, સ્થિર કર્યાં છે, જીવાત્માએ પોતે તે પુદ્‌ગલોનો પોતાના પ્રતિપ્રદેશમાં પ્રવેશ કરાવ્યો છે તથા સંલગ્ન અને અભિસમન્વાગત એટલે રસાનુભૂતિની અપેક્ષાએ પ્રાપ્ત કર્યા છે, ઔદારિક શરીરને યોગ્ય તે પુદ્‌ગલોનો રસાનુભવ કર્યો છે અને નિર્જીર્ણ અર્થાત્ ક્ષીણ રસવાળા કર્યાં છે, માટે કહેવાય છે કે આ પૌદ્‌ગલિક પરાવર્ત છે, આ પૌદ્‌ગલિક પરાવર્ત છે.

વૈક્રિય શરીરમાં રહેલો જીવ વૈક્રિય શરીરના નિર્માણને યોગ્ય પુદ્‌ગલ દ્રવ્યોને વૈક્રિય શરીરરૂપે ગ્રહણ–બદ્ધ–સ્પૃષ્ટ–વિહિત–પ્રસ્થાપિત–નિવિષ્ટ-અભિનિવિષ્ટ આદિ કર્યાં છે. યાવત્ શ્વાસોચ્છ્‌વાસ સુધી સમજવું. બધાં પુદ્‌ગલ પરાવર્તો કરતાં વૈક્રિય પુદ્‌ગલ–પરાવર્તો અલ્પ હોય છે. તેના કરતાં ભાષા પુદ્‌ગલ પરાવર્તો અનંતગણાં છે.

મનઃપુદ્‌ગલ પરાવર્તો તેનાથી વધારે છે.

શ્વાસોચ્છ્‌વાસ પરાવર્તો તેનાથી પણ વધારે છે.

ઔદારિક પરાવર્તો અનંતગુણા છે. તૈજસ્ તેનાથી પણ અનંતગુણા છે. અને કાર્મણ પરાવર્તો તેનાથી પણ અનંતગુણા છે.' ભગવતની વાણીને પ્રશંસતા ગૌતમસ્વામીએ કહ્યું કે, 'હે પ્રભો! આપની વાણી સત્ય ને યથાર્થ છે.'

શતક ૧૨નો ચોથો ઉદ્દેશો પૂર્ણ

# શતક ૧૨મું : ઉદ્દેશક-૫

## દેવાધિદેવની વાણી :

આ ઉદ્દેશો રાજગૃહી નગરીમાં ચર્ચાયો છે.

"अर्हद्वक्त्रप्रसूता गणधररचिता द्वादशांगी विशाला"

જીહ્વાઇન્દ્રિયના માલિકો બે ઇન્દ્રિય જીવોથી લઇ પંચેન્દ્રિય જીવો સુધીના હોય છે, તેમાં જે મિથ્યાત્વી, દૂરભવી કે અભવી હોય તેમની ભાષામાં પદાર્થની યથાર્થતા સંબંધીનું સત્ય વચન ઔપચારિક દૃષ્ટિએ કદાચ હોઈ શકે છે, પરંતુ નૈશ્ચયિક દૃષ્ટિએ હોતું નથી. કેમકે જે પદાર્થ કોઇ કાળે જોયેલો ન હોય તેનું વર્ણન શી રીતે કરાશે ?

ભવ્યાત્માઓ પણ જ્યાં સુધી છદ્મસ્થ હોય (ક્ષાયોપશમિક મતિજ્ઞાન–શ્રુતજ્ઞાન–અવધિજ્ઞાન કે મનઃપર્યવજ્ઞાન ) ત્યાં સુધી તે મહાપુરૂષો, સમ્યગ્દર્શન વિનાના યોગી–મહાયોગી–પંડિત –મહાપંડિત–તપસ્વી–મહાતપસ્વી–ધ્યાની–મહાધ્યાની કરતાં લાખોવાર શ્રેષ્ઠ છે, પૂજ્ય છે, છતાં પણ પદાર્થની યથાર્થતાને જાણી શકતા નથી અને કહી શકતા નથી.

મોહનીય કર્મના ભેદ–પ્રભેદનો સમૂળ નાશ કર્યા પછી બીજા ત્રણ ઘાતી કર્મોનો ક્ષય થતાં ઉત્પન્ન થયેલા કેવળજ્ઞાનના માલિકો–અરિહંતદેવોના શ્રીમુખે જે વાણી પ્રકટ થાય છે તેમાં અસત્યનો એકેય અંશ હોતો નથી. ચંદ્ર ઉપરથી બધાં વાદળાં ખસી ગયા હોય તો શરદપૂર્ણિમાનો પ્રકાશ ( ચાંદની ) સૌને ઠંડક અને પ્રકાશ આપી શકે છે, અને ઔષધિઓમાં અમૃતત્વનું

દાન કરી શકે છે, તે જ પ્રમાણે જ્ઞાનાવરણીય કર્મોનો એકેય અંશ જેમના આત્મામાં નથી તે પુણ્ય પુરૂષો જ સંસારને–તેના પદાર્થોને–તત્રસ્થ અનંત પર્યાયોને, જીવમાત્રનાં કર્મોને, તેમની ગતિ–આગતિઓને સર્વથા સત્યસ્વરૂપે જોઈ શકવા માટે પૂર્ણ સમર્થ હોય છે. આવા તીર્થંકરદેવોના વરદ હસ્તે જે ગણધર ભગવંતોના મસ્તક પર વાસક્ષેપ પડે છે, ત્યારે તેઓની આત્મિક લબ્ધિઓ પણ પૂર્ણરૂપે વિકસિત થતાં જ આંખના પલકારે દ્વાદશાંગીની રચના કરવા માટે સમર્થ બને છે, મતલબ કે તીર્થંકર ભગવંતોના શ્રીમુખે આર્થિકરૂપે પ્રસારિત થયેલી વાણીને ગણધર ભગવંતો શબ્દોમાં રચે છે માટે જ દ્વાદશાંગી સર્વશ્રેષ્ઠ છે, દેવપૂજ્ય છે, દાનવોને પણ માન્ય છે.

તે દ્વાદશાંગીમાં ભગવતી સૂત્ર (વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ–विवाह पण्णत्ति) અતીવ વિશાળ છે, જેમાં જીવ માત્રના સમય અને સ્થાનની અપેક્ષાએ મુખ્યતયા ચાર જ્ઞાનના સ્વામી ગૌતમસ્વામીએ પ્રશ્નો પૂછ્યા છે અને દેવાધિદેવ મહાવીરસ્વામીએ જવાબો આપ્યા છે, જેમાં કોઈ પણ પ્રશ્ન અને જવાબ 'न प्रष्टव्यं न व्याकरणीयम्' એટલે કે 'અત્યારે આ પ્રશ્નોનો અવકાશ નથી, એમનું સ્પષ્ટીકરણ કરવા યોગ્ય નથી.' એવી ભાષાને અવકાશ નથી, માટે અગમ નિગમના બધાયે પ્રશ્નોત્તરો આ સૂત્રમાં સંગ્રહાયેલા છે... આ કારણે ભગવંતની વાણી સાંભળીને પર્ષદા હર્ષ પામે છે. અર્ધાવનત કે પૂર્ણાવનત થઈને પરમાત્મા દેવાધિદેવનાં ચરણોનો સ્પર્શ કરે છે, તથા તે ચરણોની ભવાંતરમાં પણ ચાહના કરે છે.

## પ્રાણાતિપાતાદિમાં વર્ણાદિ કેટલાં ?

ગૌતમસ્વામીએ પૂછ્યું કે, 'હે પ્રભો ! પ્રાણાતિપાત–

મૃષાવાદ- અદત્તાદાન-મૈથુન અને પરિગ્રહમાં કેટલા વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ હોય છે?' જવાબમાં ભગવંતે કહ્યું કે, "પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને ચાર સ્પર્શની વિદ્યમાનતા પ્રાણાતિપાતાદિકમાં હોય છે."

બધાંય દૂષણોથી રહિત જીવનું લક્ષણ જેમ ઉપયોગ છે તેમ પુદ્ગલ દ્રવ્યનું પણ લક્ષણ બતાવતાં જૈન શાસને કહ્યું કે 'वर्णगंधरसस्पशवन्तः पुद्गलाः' અર્થાત્ જેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની વિદ્યમાનતા અવશ્યંભાવિની છે તે પુદ્ગલ છે. એટલે કે પરમાણુથી લઈને મોટા સૂક્ષ્મ કે બાદર સ્કંધોમાં આ ચારેય હોય છે.

પ્રાણાતિપાતાદિમાં જ્યારે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની વિદ્યમાનતા સ્વીકાર્ય છે માટે તેમનાથી થતું કર્મબંધન અર્થ અહિ સંગત રહેશે. તેથી તે પદોનો અર્થ 'प्रमत्तयागात् प्राणव्यपरोपण' આદિ ન કરતાં પ્રાણાતિપાત-મૃષાવાદ-અદત્તાદાન-મૈથુન અને પરિગ્રહથી ઉપાર્જન કરેલાં કર્મો તથા પ્રાણાતિપાતાદિનો જનક ( ઉત્પાદક ) ચારિત્ર મોહનીય કર્મ લેવાનું છે. કેમકે તે કર્મના ઉદયથી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની તીવ્રતા-તીવ્રતરતા કે તીવ્રતમતાને લઇને પ્રાણાતિપાતાદિ કાર્યોમાં જીવાત્માની પ્રવૃત્તિ હોય છે. એ પ્રમાણે મૃષાવાદના જનક કર્મને અથવા મૃષાવાદ વડે જન્ય કર્મને, માલિકની નહિ આપેલી વસ્તુનું આદાન કરવું તે અદત્તાદાન છે, તેનાથી જન્ય કર્મને અથવા તેના જનક કર્મને, અબ્રહ્મ( મૈથુન )થી જન્ય કર્મને અથવા તેના જનક કર્મને, અને પરિગ્રહ જન્ય કે જનક કર્મને ઔપચારિક રીતે પ્રાણાતિપાતાદિ કહે છે, અને કર્મ માત્ર પુદ્ગલ હોવાથી તેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની વિદ્યમાનતા

કોઈ કાળે પણ નકારી શકાતી નથી. પુદ્ગલમાં પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને ચાર સ્પર્શ હોય છે. સ્પર્શની સંખ્યા આઠની હોવા છતાં પણ પ્રાણાતિપાતાદિ કર્મ પુદ્ગલોમાં સ્પર્શ ચાર જ હોય છે.

## કષાયાદિમાં વર્ણાદિની વિચારણા :

ગૌતમસ્વામીજીના પ્રશ્નથી ભગવંતે કહ્યું કે ' દશ પર્યાયોને ધારણ કરનારા ક્રોધમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની સંખ્યા ઉપર પ્રમાણે છે, કેમકે ક્રોધના અધ્યવસાયોનો જનક ( ઉત્પાદક ) ચારિત્રમોહનીય કર્મ પુદ્ગલ છે.

### ક્રોધના પર્યાયો :

ક્રોધ એ સામાન્ય છે અને બીજા પર્યાયો તેનાં વિશેષણો છે. તેમનો વિચાર ક્રમશઃ કરીએ.

૧. કોપ—ક્રોધના ઉદયકાળે નિજસ્વભાવથી ચલાયમાન થવું તે.

૨. રોષ—શાંત ન થતાં ક્રોધની પરંપરા આગળ ચાલે તે.

૩. દોષ—ક્રોધાવેશમાં આવીને સ્વપરના દોષ બોલવા તે.

૪. દ્વેષ—બીજા પ્રત્યે અપ્રીતિભાવ રાખવો તે.

૫. અક્ષમા—પારકાના અપરાધોને સહન ન કરવા તે.

૬. સંજ્વલન—વારંવાર ક્રોધાગ્નિથી બળ્યા કરવું.

૭. કલહ—પરસ્પર જીભાજોડી કરવી અને ઊંચા સાદે ( અવાજે ) અનુચિત અસભ્ય વાગ્વ્યવહાર કરવો તે.

૮. ચાંડિક્ય—ક્રોધમાં આવીને રૌદ્ર આકાર ધારણ કરવો. એટલે કે વિશેષ પ્રકારના ક્રોધોદયમાં માનવનું મુખ–આંખ–હોઠ–હાથ આદિ શરીરના અવયવો દાનવ જેવા થાય તે.

૯. ભંડન—ડંડા આદિ સાધનોથી બીજાને મારવાની તૈયારી કરવી અથવા ગાલીપ્રદાન કરીને લડવું તે.

૧૦. વિવાદ—પરસ્પર વિરુદ્ધ વચન વ્યવહાર કરવો તે.

**માનના પર્યાયો :**

૧. માન—ચારિત્ર મોહનીય કર્મના કારણે ઉત્પન્ન અભિમાનને 'માન' કહેવાય છે અને શેષ તેના પર્યાય છે.

૨. મદ—'हर्षमात्र" (ટીકાકાર) અર્થાત્ પૂર્વભવીય વીર્યાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાન્તરાયના ક્ષયોપશમના કારણે, શુભનામ કર્મ પ્રકૃતિ, ઉચ્ચ ગોત્ર કે શુભ વેદનીય કર્મના ઉદયકાળે જીવાત્માને જે હર્ષોન્માદ થાય છે તેને 'મદ' કહે છે. શરાબપાન, અફીણના કસુંબા કે ભાંગ પીવાથી જે ઉન્માદ થાય છે તેના કરતાં ભૌતિક વસ્તુઓથી ઉત્પન્ન થતા મદથી I am all in all, and you are nothingના વૈકારિકભાવ જાગતાં 'બધી વાતે હું જ છું' તેવો ઉન્માદ જાગી જાય છે. તેવી રીતે પૂર્વના પુણ્યોદયે મળેલી સારી વસ્તુઓને કારણે પણ માણસને ઉન્માદ જાગે છે, વધે છે, અને સંસારના સ્ટેજ પર છાતી કાઢીને બેફામ વર્તે છે.

૩. દર્પ—दृप्तता (ટીકાકાર) 'दृपौ च हर्षमोहनयोः' "दृप्" ધાતુથી दृप्त શબ્દ બન્યો છે જે હર્ષ અને મોહનના અર્થમાં પ્રયુક્ત છે. હર્ષનો અર્થ ઉપર જણાવી ગયા છીએ જ્યારે 'મોહન'નો અર્થ 'ગર્વ' થાય છે. 'गिरति–अपरमति

ગર્વઃ' એટલે કે પોતાનાથી ઓછી શક્તિવાળાઓને ઘુરકયા કરવું તે ગર્વ.

૪. સ્તંભ—કોઈને પણ નમવું નહિ તે.

૫. ગર્વ—અહંકાર

૬. આત્મોત્કર્ષ—બીજાથી પોતાને ઊંચો માનવો.

૭. પરપરિવાદ—બીજાને નિન્દિત કરવા માટે તેનામાં દુર્ગુણોની કલ્પના કરવી અને પ્રસારિત કરવી.

૮. અપકર્ષ—ગર્વિષ્ઠ બનીને બીજાને હીન બતાવવાની ચેષ્ટા કરવી તે.

૯. ઉત્કૃષ્ટ-બીજા કરતાં પોતાને બધી રીતે સારો માનવો.

૧૦. ઉન્નામ—અત્યાર સુધી બીજાને નમ્યા પણ હવેથી બીજાને નમવાનું છોડી દેવું.

૧૧. ઉન્નય—અહં પોષવાને માટે નીતિ, ન્યાય, પ્રામાણિકતાને દેશવટો આપવો.

૧૨. દુર્નામ—ખોરા ટોપરા જેવા ભાવ રાખીને ગુરુ આદિને નમવું.

ભગવંતે કહ્યું, 'હે ગૌતમ! ઉપર્યુક્ત માન કષાયમાં પણ પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને ચાર સ્પર્શ રહેલા છે.'

## માયાની વક્તવ્યતા અને પર્યાયો :

ચારિત્રમોહ કર્મના કારણે જીવ માયાવી બને છે અને માયા પ્રપંચના કારણે ચારિત્રમોહનીય કર્મનું બંધન થાય છે.

**માયાના પર્યાયો :**

૧. માયા—કપટ, અજ્ઞાન, અવિદ્યા.

૨. ઉપધિ—જેનાથી દુર્ગતિ પ્રાપ્ત થાય અથવા જે માણસને ઠગવો છે તેની પાસેથી સ્વાર્થ સાધતાં પહેલાં નમ્રતા બતાવીને પછી ઠગવું.

૩. નિકૃતિ—જેને ઠગવો છે તેને પહેલાં આદર દેવો, વિશ્વાસમાં લેવો અને પછી ઠગવો.

૪. વલય—વ્યક્તિ તથા સમષ્ટિ(સમાજ)ને ઠગવા માટે, લૂંટવા માટે કે તેના ગજવા ખાલી કરાવવા માટે પોતાની ભાષાને વક્ર અને ગૂઢ બનાવવી.

૫. ગહન—જેની સાથે ઠગાઈ કરવી છે તે માણસને ઠેઠ સુધી અંધારામાં રાખવો અને આપણી માયાજાળની ખબર પડવા દેવી નહિ.

૬. નૂમ—બીજાને ઠગવા માટે નીચ–અસભ્ય અને અવ્યવહાર્ય માર્ગ લેવો અથવા બ્રહ્મા પણ ન જાણી શકે તેવી ગુપ્તતા (પોલીસી, માયામૃષાવાદ) રાખવી.

૭. કલ્ક—જીવવધાદિ પાપોનું સેવન કરીને પણ બીજાને ઠગવો.

૮. કુરૂપ—નિંદિત અસામાજિક કાર્યો કરીને, કરાવીને પણ બીજાને ઠગવો અને પોતાનો સ્વાર્થ સાધી લેવો.

૯. જિહ્મતા—બીજાને ઠગવા માટે વિશેષ પ્રકારે મોહચેષ્ટા કરવી.

૧૦. કિલ્બિષ—દેવ જેવા મનુષ્ય જીવનમાં પણ સ્વાર્થ

સાધવા માટે પોતાની શક્તિ અને પ્રવૃત્તિ કિલ્બિષ અર્થાત્ બહારથી સાકરના ગાંગડા જેવી અને અંદરથી હલાહલ ઝેર જેવી બનાવીને બીજાને ઠગવો.

૧૧. આદરણ—ઠગવા યોગ્ય માણસ સાથે પ્રારંભમાં લેવડ-દેવડમાં સચ્ચાઈ રાખી તેને વિશ્વાસમાં લીધા પછી બરાબર છેતરવું.

૧૨. ગૂહન—ઠેઠ સુધી પોતાના અભિપ્રાયને બીજો જાણી ન જાય તેવી રીતે પોતાના ચહેરાને, ભાષાને, આકારને ઠાવકો રાખવો.

૧૩. વંચનતા—બીજાને ઠગવા માટેના વિચારો કરતાં રહેવું.

૧૪. પ્રતિ કુંચન—સામેવાળાની સરળ અને સત્ય ભાષાને પણ પોતાની વાક્જાલમાં લપેટીને છેતરવું.

૧૫. સાનિયોગ—પોતાની વાક્છટાથી ગ્રાહકને સારો માલ દેખાડીને ખરાબ સડેલો માલ પકડાવવો.

આ પ્રમાણે ૧૫ પર્યાયોથી યુક્ત માયામાં પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને ચાર સ્પર્શ રહેલા છે.

## લોભ કષાયની વક્તવ્યતા અને પર્યાયો :

ચારિત્ર મોહનીય કર્મના કારણે લોભ કષાયનો ઉદય થાય છે અને લોભ લાલચમાં ફસાયેલો માણસ ચારિત્રમોહ કર્મનો બંધક છે. લોભ એ સામાન્ય છે જ્યારે શેષ તેના વિશેષણો છે અર્થાત્ લોભમાં ફસાવવા માટેનાં કારણો છે.

૧. ઇચ્છા—પદાર્થમાત્રને મેળવવાની ઇચ્છા તે લોભ છે.

૨. મૂર્છા—પ્રાપ્ત થયેલા પદાર્થનું સંરક્ષણ કરવાની ભાવના.

૩. કાંક્ષા—પ્રાપ્ત નહિ થયેલી વસ્તુને મેળવવાને માટે પ્રયત્ન.

૪. ગૃદ્ધિ—પ્રાપ્ત થયેલી સંસારની માયા પ્રત્યે આસક્તિ.

૫. તૃષ્ણા—પ્રાપ્ત થયેલી વસ્તુઓનો વ્યય ન થાય તેની કાળજી.

૬. ભિધ્યા—પદાર્થોને ભેગા કરવામાં જ મસ્ત રહેવું.

૭. અભિદ્યા—ચિત્તની ચલાયમાન સ્થિતિ અથવા અદૃઢ અધ્યવસાય.

૮. આશંસના—મારા પુત્રપરિવારાદિને અમુક વસ્તુની પ્રાપ્તિ થાય તે માટે પ્રબળ ઈચ્છા કરવી.

૯. પ્રાર્થના—ઈચ્છિત પદાર્થ કે તેના વિષયોને પ્રાપ્ત કરવા માટે બીજાની દાઢીમાં હાથ નાંખવો.

૧૦. લાલપનતા—વારંવાર યાચના કરતાં રહેવું.

૧૧. કામાશા—મનગમતાં રૂપ, ખાદ્ય, પેય તથા શબ્દોને મેળવવા માટે પ્રયત્નો કરવા.

૧૨. ભોગાશા—મનગમતા રસ સ્પર્શ અને ગંધ માટેના પ્રયત્નો કરવા.

૧૩. જીવિતાશા—અધિક જીવતા રહેવા માટે જ્યોતિષીઓ પાસે ફાંફાં મારતાં રહેવું.

૧૪. મરણાશા—અમુક પ્રસંગો પ્રાપ્ત થયે મરવાની ઇચ્છા કરવી.

૧૫. નન્દીરાગ—પ્રાપ્ત થયેલી ઋદ્ધિ–સમૃદ્ધિ–યુવાવસ્થા અને સત્તામાં હર્ષ ધારણ કરવો.

ઉપર્યુક્ત લોભમાં પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને ચાર સ્પર્શ હોય છે.

ઉપર પ્રમાણે પ્રેમ–દ્વેષ–કલહ–અભ્યાખ્યાન–પૈશૂન્ય–રતિઅરતિ–માયામૃષાવાદ અને મિથ્યાદર્શન આદિમાં પણ સમજવું કેમકે પ્રેમ આદિના સેવનથી પુનઃ પુનઃ ચારિત્રમોહનીય કર્મની ઉપાર્જના થાય છે. અથવા પૂર્વભવના નિકાચિત કે અનિકાચિત રૂપે ઉપાર્જિત થયેલા ચારિત્ર મોહનીય કર્મની ઉદયાવસ્થામાં અથવા ઉદીર્ણા કરણ વડે ભડકાવી દીધેલા મોહથી પ્રેમ આદિની પ્રાપ્તિ થાય છે.

૧. પ્રેમ—જેનાથી પુત્ર પૌત્ર આદિને જોઈ જોઈ સ્નેહરાગની ઉત્પત્તિ થાય છે.

૨. દ્વેષ–જે વ્યક્તિ કે પુદ્ગલ પદાર્થથી સ્વાર્થ સધાતો નથી તેના પ્રત્યે થયેલા અપ્રીતિભાવને દ્વેષ કહે છે.

૩. કલહ–કામરાગથી ઉત્પન્ન થયેલા પ્રણયથી અથવા બીજાની મશ્કરી આદિથી ઉત્પન્ન થનારાં જીભાજોડી, મૂઠામૂઠી, દંડાદંડી કે આંખોની લડાઈને કલહ કહે છે.

૪. અભ્યાખ્યાન—સામેવાળા શત્રુમાં અથવા આપણી સાથે સ્પર્ધા કરનાર વ્યક્તિમાં અછતા દોષોનું આરોપણ કરવું તે અભ્યાખ્યાન છે.

૫. પૈશૂન્ય—બીજાની ચાડી ખાવી.

૬. રતિઅરતિ—મનગમતા શબ્દ, રસ, ગંધ અને સ્પર્શ

પ્રત્યે રુચિ અને અણગમતા પદાર્થો પ્રત્યે અરુચિ રાખવી તે રતિ-અરતિ છે.

૭. પરપરિવાદ—બીજાની નિંદા કરવી.

૮. માયામૃષાવાદ—માયા કપટપૂર્વક જૂઠું બોલવું.

૯. મિથ્યાદર્શન—વિપરિત શ્રદ્ધા.

ભગવંતે કહ્યું કે આમાં પણ ઉપર પ્રમાણે રૂપ, રસ, ગંધ, સ્પર્શ જાણી લેવા.

પ્રશ્ન—'હે પ્રભો ! પ્રાણાતિપાતાદિ ૧૮ પાપોનું વિરમણ (ત્યાગ) રૂપ જે ભાવ છે તે શું વર્ણાદિકમય છે ?' જવાબમાં 'ના' કહેતાં ભગવંતે કહ્યું કે, 'ત્યાગભાવમાં આત્માની ઉપયોગમયતા મુખ્ય કારણ હોવાથી આત્માની જેમ ઉપયોગ પણ અરૂપી હોવાથી વર્ણાદિ રહિત છે.

## ધર્મ એટલે શું ?

પદાર્થ માત્ર લક્ષણોવડે લક્ષિત હોય છે માટે જેનું લક્ષણ નથી તે સર્વથા અસત્ છે. જ્યારે આત્મા લક્ષણવાળો હોવાથી સત્ છે, શાશ્વત છે. ત્યારે આત્માનું લક્ષણ શું ? ઉત્તરાધ્યયન સૂત્રમાં 'वत्थुसहावो धम्मो' અર્થાત્ પદાર્થનો સ્વભાવ જ તેનો ધર્મ છે. સ્વભાવથી અતિરિક્ત ધર્મ હોતો નથી પાણીની શીતળતા, અગ્નિની ઉષ્ણતાની જેમ આત્માનુ લક્ષણ(સ્વભાવ)ઉપયોગ છે. આવા ઉપયોગમાં સ્થિર થયેલા આત્માને પરભાવ-વિભાવ કે અધર્મમાં જવાનું બની શકે તેમ નથી. માટે પ્રાણાતિપાત યાવત્ મિથ્યાશલ્ય ૧૮ પાપસ્થાનકો આત્માનો સ્વભાવ નથી પણ પરભાવો છે-પરધર્મ છે. જે કર્મો આચરવાથી આત્માને ગ્લાનિ-મ્લાનિ થાય તે તેનો ધર્મ હોઇ શકે નહિ. હિંસક માણસ

પણ હિંસા, જૂઠ, ચોરી કર્યા પછી તેના મનમાં કાંઇક જરૂર થાય છે કે આ મેં સારૂં નથી કર્યું. મૈથુનમાં મસ્ત બનેલો આત્મા પણ 'पतनान्ते शोचयतीति शुक्रम्' આ વ્યુત્પત્તિથી વીર્યપતન થયા પછી આત્માને ગ્લાનિ–મ્લાનિ કંઈક અંશમાં પણ થાય છે. પરિગ્રહીનો આત્મા તો દુઃખોમાંથી બહાર આવી શકતો નથી. ક્રોધી માણસને તમે કોઈ કાળે પણ સુખી જોઇ શકવાના નથી, જ્યારે અહંકારી માનવના માથા ઉપર સવા શેર માનવનો ડંડો પડે છે ત્યારે ભાઇસા'બ ધૂઆં પૂઆં થતાં આખી દુનિયાના ધમપછાડા કરવા લાગી જાય છે. માયાવી અને લોભી માણસોનાં આર્ત્તધ્યાન ક્યારેય પણ ઘટતા જણાશે નહિ. આ પ્રમાણે જેમના સેવનથી આન્તર્ હૃદયમાં કંઈક પીડા થાય, તે આત્માના સ્વભાવરૂપે હોઈ શકે નહિ; અથવા જે કાર્ય કરવા માટે આત્માને પુરૂષાર્થ વિશેષ કરવો પડે તે તેનો સ્વભાવ કઇ રીતે થઇ શકે? જેમ કે અહિંસા માટે કંઇપણ પ્રયત્ન કરવાની જરૂર નથી જ્યારે હિંસા–જૂઠ–ચોરી–મૈથુન–પરિગ્રહ આદિને માટે સૌને કંઇને કંઈ પુરૂષાર્થ કરતાં આપણે જોઇએ છીએ. અને આ પાપોના સેવન પછી સૌ કોઇને રોતાં–રીબાતાં, આંસુ કાઢતાં કે હૈયા વરાળ કાઢતાં પણ જોઇ શકીએ છીએ. માટે પ્રાણાતિપાતાદિ આત્માનો સ્વભાવ નથી પણ અધર્મ હોવાથી પરભાવ–વિભાવ કે વૈકારિક ભાવો છે.

અનાદિ કાળથી મોહના મદિરાપાનમાં બેભાન બનેલો આત્મા બકરાના ટોળામાં રહેલા સિંહના બચ્ચાની જેમ પોતાનો સ્વધર્મ–સ્વભાવ કે સ્વઘર ભૂલી ગયો છે, માટે જ મગજનો અસ્થિર માણસ જેમ વાતે વાતે ભૂલો કરે છે તેમ આત્મા પણ મોહ મદિરાના ઘેનમાં પ્રાણાતિપાતાદિ તરફ શીઘ્રતાથી પ્રસ્થાન કરે છે.

નરકાદિમાં અસહ્ય વેદનાઓ ભોગવતાં મગરનાં આંસુની જેમ કરેલા અફસોસનો જીવન વ્યવહારમાં વિશેષ અર્થ સરતો નથી. માટે જે સમયે જે સ્થાને પ્રાણાતિપાતનો સંભવ રહે, મૃષાવાદનો પ્રસંગ બને, ચૌર્ય કર્મની અનુકૂળતા આવે, મૈથુન કર્મ માટે એકાન્ત મળે, કે પરિગ્રહ માટે તમારી ચાલાકી સોળે કળાએ ખીલી ઊઠે તેવા સમયે આપણો આત્મા પોતાના સ્વભાવમાં ( ઉપયોગમાં ) જાગૃત થઈ જાય અને જબરદસ્ત પુરૂષાર્થ આદરીને પ્રાપ્ત થયેલાં પાપોને લાત મારી દેતો પોતાના સ્વભાવમાં વર્તતો આત્મા પૂર્વનાં પાપોને–કર્મોને પણ ખંખેરી નાંખવા સમર્થ બને છે.

તોફાન કરતા કાબુલી ઘોડાને વશ કરવા માટે લગામ–ચાબુક અને સવારની આવશ્યકતા અવશ્યંભાવિની છે. લગામ અને ચાબુક વિનાનો સવાર ગમે તેવો જબરો હશે તો પણ ઘોડાને વશ કરવા જતાં તે પોતે જ પટકાઈ જશે અને હાડકાં તૂટતાં હોસ્પિટલનો અતિથિ બનશે. લગામ અને માણસ હોય પણ ચાબુક ન હોય તો પણ અમુક પ્રસંગે ઘોડાને વશ કરવા જતાં પુરૂષને પરસેવો પણ આવી જાય છે. અથવા ચાબુક અને માણસ હોય તો એ લગામ વિનાના ઘોડાને વશ કરવાની કલ્પના સર્વથા નિરર્થક છે. આ રીતે સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રની ત્રિપુટી ભેગી મળશે ત્યારે જ આત્મારામને પોતાનો ઇષ્ટ સ્વાર્થ સાધતાં વાર લાગશે નહિ.

પ્રાણાતિપાતાદિ ઘોડાઓ સાથે આત્માનો સંબંધ ઘણો જૂનો છે, છતાં પણ તેમનો દુષ્ટ સ્વભાવ જાણવા માટે આત્માએ કોઈ કાળે પ્રયત્ન કર્યો નથી. પરંતુ જ્યારે ત્યારે પણ પ્રાપ્ત થયેલા સમ્યગ્ જ્ઞાનથી પાપસ્થાનક રૂપી ઘોડાઓને બરાબર

યથાર્થ રૂપે જાણશે અને સમ્યગ્ દર્શન દ્વારા આવા દુષ્ટ ઘોડાઓ મારા કામના નથી માટે સર્વથા ત્યાજ્ય છે એવું નક્કી કરશે અને અવસર આવ્યે સમ્યક્ ચારિત્રની ચાબુક ફટકારીને તે ઘોડાઓને સર્વથા કાબુમાં લેશે ત્યારે ભાવમાં–સ્વભાવમાં આવેલો આત્મા ગુણ સ્થાનકોની શ્રેણીને એક પછી એક સર કરતો જશે અને કેવળજ્ઞાન મેળવવા માટે ભાગ્યશાળી બનશે. આ કારણે દેવાધિદેવ પરમાત્મા કહે છે કે પાપોનું વિરમણ ( ત્યાગ ) અથવા તેને કાબુમાં લેવા માટે સમ્યક્ ચારિત્રનો અભ્યાસ જ આત્માના મોક્ષ માટે સબલ સાધન છે. આ સમ્યક્ ચારિત્રની આરાધના જીવનમાં જેમ જેમ થતી જશે તેમ તેમ અનાદિ કાળનું ચારિત્ર મોહનીય કર્મ પાતળું પડશે અને એક દિવસે સર્વથા ક્ષય પામશે. અને અનંત શક્તિઓને આત્મસાત્ કરતો આપણો આત્મા કેવળજ્ઞાનના પ્રકાશમાં ઝગમગી ઊઠશે.

ચારિત્ર મોહનીય કર્મનો ક્ષય થતાં ક્ષાયિક ચારિત્ર અને ક્ષયોપશમ થતાં ક્ષાયોપશમિક ચારિત્રની પ્રાપ્તિ થાય છે. યદિ આ બંનેની સંભાવના ન હોય તો ભાગ્યશાળી પાપભીરૂ આત્માએ યથાશક્તિ ને યથાપરિસ્થિતિએ પણ જેટલા અંશોમાં પાપોનાં દ્વાર બંધ થઈ શકતા હોય તે પ્રમાણે કરવું. આજે થોડું કરીશું તો આવતી કાલે વધારે કરવાનો ઉત્સાહ રહેશે અને એક દિવસ સંપૂર્ણ પાપનાં દ્વારો બંધ થશે.

**પ્રશ્નોત્તર** —આત્માના સ્વભાવ રૂપ ઓછે વત્તે અંશે પ્રાપ્ત થયેલી ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મણિકી અને પારિણામિકી બુદ્ધિ પણ જ્ઞાન સ્વરૂપ હોવાથી વર્ણાદિ વિનાની છે,

ઔત્પાતિકી—શાસ્ત્ર, કર્મ કે અભ્યાસ આદિથી નિરપેક્ષ કોઈપણ પ્રસંગે કે વ્યવહારમાં આત્માને સ્વાભાવિકી સ્ફૂરણા થાય તે ઔત્પાતિકી બુદ્ધિ છે.

વૈનયિકી—વિદ્યાગુરુ, ધર્મગુરુ આદિ જ્ઞાનવૃદ્ધોની સેવા-ચાકરી કરતાં કરતાં જે બુદ્ધિ ઉત્પન્ન થાય તે વૈનયિકી બુદ્ધિ કહેવાય છે.

કાર્મણિકી—કાર્ય કરતાં જે સહજબુદ્ધિ ઉદ્ભવે તે કાર્મણિકી.

પારિણામિકી—સંસારના ઘણા ખારા મીઠા પ્રસંગો જોયા પછી તથા હજારો લાખો માનવોનાં સત્કર્મો–અસત્કર્મો જોયા પછી આ બુદ્ધિ થાય છે. યદ્યપિ આમાં મતિજ્ઞાનના ક્ષયોપશમની સાપેક્ષતા રહેલી જ છે તો પણ બુદ્ધિના ચાર ભેદ સ્વતંત્ર છે.

**પ્રશ્નોત્તર :**—અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા, તથા ઉત્થાન, કર્મ, બળ, વીર્ય અને પુરૂષકાર–પરાક્રમ જીવના ધર્મ હોવાથી અપૌદ્ગલિક છે.

**પ્રશ્નોત્તર :**—મતિ જ્ઞાનાવરણ, શ્રુત જ્ઞાનાવરણ, અવધિ જ્ઞાનાવરણ, મનઃપર્યવ જ્ઞાનાવરણ અને કેવળ જ્ઞાનાવરણ; આ પાંચે પૌદ્ગલિક હોવાથી વર્ણાદિવાળા છે. અને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવળજ્ઞાન આત્મિક હોવાથી વર્ણાદિવાળાં નથી.

**પ્રશ્નોત્તર :**—'હે પ્રભો ! સાતમી તમસ્તમ પ્રભા નરકભૂમિની નીચે રહેલું આકાશ ખંડ રૂપ અવકાશાન્તર વર્ણાદિકવાળું હોય છે?' જવાબમાં ભગવાને 'ના' કહી છે. કેમકે આકાશ અરૂપી હોવાથી તેને ગંધ, રસ અને સ્પર્શ નથી.

## 'અવકાશાન્તર એટલે શું ?'

જવાબમાં કહેવાયું કે, 'પૃથ્વીઓ કાચબા કે શેષનાગ ઉપર નથી ટકી કેમકે તે બંને તિર્યંચયોનિનાં જીવડાં હોવાના-કારણે પૃથ્વીનો ભાર ઉપાડવા માટે સર્વથા અસમર્થ છે. તેમનાં શરીરમાં ૩૩ કરોડ દેવતા પણ અવતરિત થાય તો ય પ્રકૃતિ-જન્ય વાતોમાં ફેરફાર થઇ શકે તેમ નથી.

ત્યારે જૈન શાસનમાં તેની મર્યાદા શી છે ?

નારક પૃથ્વીઓ એકની નીચે બીજી, તેના નીચે ત્રીજી આ ક્રમે સાત પૃથ્વીઓ છે. અસંખ્ય દ્વીપ અને સમુદ્રની વચ્ચે થાળીના આકાર જેવો ( પૃથ્વીનો નારંગી જેવો આકાર હોતો નથી. ) જમ્બૂદ્વીપ છે. અને શરીરમાં રહેલી નાભિની જેમ બરાબર અધવચ્ચે લાખ યોજનની ઊંચાઇવાળો મેરૂપર્વત છે. તેની સમતલ ભૂમિથી એક લાખ એંશી હજાર યોજન જાડાઇ-વાળી પહેલી નરક ભૂમિ છે અને તે ઘનોદધિ ઉપર સ્થિત છે, ઘનોદધિ પણ ઘનવાત ઉપર અને તે પણ તનુવાત ઉપર સ્થિત છે. તથા તનુવાતની નીચે જે આકાશ છે તે જ અવકા-શાન્તરના નામે સંબોધાય છે. ત્યાર પછી બીજી નરક પૃથ્વીનો પ્રારંભ થાય છે. યાવત્ સાતમી નરક પૃથ્વી સુધી આ ક્રમ છે અને તેની નીચેના આકાશને સાતમું અવકાશાન્તર કહેવાય છે. તેના ઉપર તનુવાત વલય, તેના ઉપર ઘનવાત વલય અને તેના ઉપર ઘનોદધિ વલય છે. તેના ઉપર સાતમી નરક પૃથ્વી છે. આ પ્રમાણે સાતમી અને છઠ્ઠી નરક પૃથ્વીની સૌથી નીચે છઠ્ઠું અવકાશાન્તર, છઠ્ઠું તનુવાત, છઠ્ઠું ઘનવાત અને તેના ઉપર ઘનોદધિવલય છે અને તે ઉપર છઠ્ઠી પૃથ્વી છે. આ પ્રમાણે યાવત્ પહેલી પૃથ્વી સુધી સમજી લેવું.

બધાએ ઘનોદધિની પ્રત્યેકની જાડાઈ ૨૦ હજાર યોજનની છે અને ઘનવાત તથા તનુવાત અસંખ્યાત હજાર યોજનની મોટાઈવાળા છે, નીચે નીચે મોટાઈ વધારે સમજવી.

અવકાશાન્તર માટે પ્રશ્ન હોવાથી પ્રભુએ કહ્યું કે, 'તે અમૂર્ત હોવાથી વર્ણાદિ રહિત છે. પરંતુ તનુવાત, ઘનવાત, ઘનોદધિ અને પૃથ્વીમાં પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને આઠ સ્પર્શ છે, જ્યારે કર્મપુદ્‌ગલો સૂક્ષ્મ પરિણામવાળાં હોવાથી ચાર સ્પર્શવાળાં કહ્યાં છે. બાકીનાં બધાં બાદર પરિણામી હોવાથી તેમને આઠ સ્પર્શ છે. જેમાં જમ્બૂદ્વીપ, લવણસમુદ્ર, ગ્રૈવેયિક, અનુત્તરો, ઈષિત્ પ્રાગ્ભારાપૃથ્વી, નરકાવાસો, અસુરકુમારાદિ દેવાવાસો આદિ બધાએ પુદ્‌ગલ–પરિણામોમાં આઠ સ્પર્શ સમજવા.

નારક જીવો તૈજસ્ અને વૈક્રિય પુદ્‌ગલોની અપેક્ષાએ આઠ સ્પર્શવાળા છે અને કાર્મણ શરીરની અપેક્ષાએ ચાર સ્પર્શવાળા છે. કેમકે કાર્મણ શરીર સૂક્ષ્મ પરિણામવાળા પુદ્‌ગલરૂપ હોય છે. યદ્યપિ જીવ અમૂર્ત–અરૂપી હોવાથી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિના હોવા છતાં પણ અહીં શરીરની અપેક્ષાએ એ વાત કરી છે. આ પ્રમાણે અસુરકુમાર આદિ તથા પૃથ્વીકાયિક, અપ્કાયિક, તૈજસ્કાયિક, વનસ્પતિકાયિક અને વિકલેન્દ્રિયોને પણ સમજવા.

મનુષ્ય પણ કાર્મણ શરીરની અપેક્ષાએ ચાર સ્પર્શવાળો છે. શેષ શરીરની દૃષ્ટિએ આઠ સ્પર્શ સમજવા.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને કાળ વર્ણાદિ રહિત છે, જ્યારે પુદ્‌ગલાસ્તિકાય મૂર્ત હોવાના કારણે વર્ણાદિ સંહત છે.

**પ્રશ્નોત્તર** :—જ્ઞાનાવરણ, દર્શનાવરણ આદિ આઠે કર્મો ચાર સ્પર્શવાળાં હોય છે?

આ કર્મોનો ઉદય તીવ્ર, તીવ્રતર અને તીવ્રતમ હોય છે. ત્યારે જીવાત્માની ૧૮ પાપસ્થાનકોમાં વિશેષ પ્રવૃત્તિ હોય છે. અને પુનઃ કર્મોની પરંપરા વધે છે. આવી સ્થિતિમાં જે ભાગ્યશાળી અરિહંત વીતરાગ દેવો પ્રત્યે શ્રદ્ધાળુ બનશે તેઓનો ચારિત્ર મોહનીય કર્મનો ઉપશમ થશે તેમ તેમ બાકીનાં કર્મોનો ઉદય પણ પ્રાયઃ કરી નિષ્ફળ થશે. એટલે કે નવાં કર્મોનું બંધન અટકી જશે અને તેમ થતાં પુરૂષાર્થી બનેલો આત્મા એક દિવસ કર્મોનાં બધાંયે મૂળિયાંને સમૂળ નાશ કરી કેવળ-જ્ઞાન મેળવશે.

કૃષ્ણલેશ્યા માટે જવાબ આપતાં ભગવંતે કહ્યું કે, દ્રવ્ય-લેશ્યાની અપેક્ષાએ આઠ સ્પર્શ હોય છે. અને ભાવલેશ્યા તો આત્મપરિણામ સ્વરૂપ હોવાથી વર્ણાદિરહિત હોય છે. દ્રવ્ય-લેશ્યા પુદ્ગલોના આલંબનવાળી હોવાથી પૌદ્ગલિકી છે જ્યારે ભાવલેશ્યા આત્મિક છે માટે વર્ણાદિક રહિત છે. એ જ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, ચક્ષુદર્શની, અચક્ષુદર્શની, અવધિ-દર્શની, કેવળદર્શની, પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, આહારાદિ ચારસંજ્ઞાવર્ણાદિ રહિત છે. જીવના આન્તર્ પરિણામની અપેક્ષાએ એ ભાવો અમૂર્ત હોવાથી વર્ણાદિરહિત કહેવાયા છે. મનોયોગ–વચનયોગ ચાર સ્પર્શવાળા છે, જ્યારે બાદર પરિણામી કાય-યોગ આઠ સ્પર્શવંત છે.

છ દ્રવ્યોમાંથી પુદ્ગલાસ્તિકાય જ મૂર્ત એટલે રૂપી છે. તેથી વર્ણાદિ સહિત છે અને બાકીના પાંચ અમૂર્ત હોવાથી વર્ણાદિ રહિત છે.

પરમાણુ પુદ્ગલને એક વર્ણ, એક રસ, એક ગંધ અને બે સ્પર્શ હોય છે.

જીવાસ્તિકાય જીવની અપેક્ષાએ વર્ણાદિ રહિત હોવાથી આત્મા કાળો-ધોળો, ઠીંગણો, કે ઓસવાલ, પોરવાલ, શ્રીમાળી, ક્ષત્રિય, બ્રાહ્મણ, સ્ત્રી-પુરૂષ, ગુજરાતી, મારવાડી, કાઠિયાવાડી, કે કચ્છી નથી. છતાં પણ શરીરને લઈને તેવા સંબોધનો થાય છે. શરીર નાશવંત છે. આત્મા શાશ્વત છે એમ સમજી શરીરની સાધના કરવા કરતાં આત્માની સાધના કરવી.

બીજુ શરીર ગ્રહણ કરવા માટે જ્યારે આ જીવાત્મા ગર્ભમાં આવે છે ત્યારે ગર્ભવ્યુત્ક્રાન્ત જીવ પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને આઠ સ્પર્શવાળો હોય છે.

જૈન શાસનની યથાર્થવાદિતા છે કે વસ્તુસ્થિતિ જે પ્રમાણે છે તેને તે પ્રકારે જ પ્રરૂપવી. સર્વથા એકાન્તવાદે કે ક્ષણિકવાદે એકેય પદાર્થનો નિર્ણય સત્ય સ્વરૂપે થઈ શકે તેમ નથી અને છેવટે કર્મોના કારણે જીવાત્મા ભવભ્રમણ કરે છે.

શતક ૧૨નો પાંચમો ઉદ્દેશો પૂર્ણ

# શતક ૧૨ મું : ઉદ્દેશક–૬

## રાહુની વક્તવ્યતા :

આ ઉદ્દેશામાં રાહુદેવ સંબંધી પ્રશ્નોત્તરો છે. બાહુબળના સ્વામી શ્રેણિક રાજાથી શાસિત, બુદ્ધિનિધાન અભયકુમાર દ્વારા સુરક્ષિત, શાલીભદ્ર જેવા શ્રેષ્ઠિવર્યોથી દીપ્ત તથા દયાના સાગર, પતિતપાવન, ભગવાન મહાવીરસ્વામીથી ઉપદિષ્ટ "જૈનત્વ"ના રંગથી રંગાયેલી રાજગૃહી નગરીમાં માનવમાત્રને જૈનત્વ પ્રાપ્ત કરાવવાની ઉત્કટ ભાવનાવાળા અને પૂર્વગ્રહથી ગ્રસિત મતિની કુવાસનામાંથી સૌને સમ્યક્‌જ્ઞાનનો પ્રકાશ દેખાડવા માટેની તમન્નાવાળા ગૌતમસ્વામીએ ભગવંતને પૂછ્યું કે, 'હે પ્રભો! નરકાદિ ગતિઓને પ્રાપ્ત કરનારા જીવાત્માઓ મતિ અને શ્રુતના અજ્ઞાની હોવાથી કુશાસ્ત્રોના ચક્રાવે ચડીને પૂર્વગ્રહથી એટલા બધા ગ્રસિત હોય છે કે તેથી સાવ સરળ વાતોને સત્ય સ્વરૂપે સમજવા માટે આદર રાખી શકતા નથી. કદાચ રાખતા હોય તો પણ પૂર્વગ્રહના ભૂતથી છુટકારો મેળવી શકતા નથી માટે જ અજ્ઞાની જીવો કર્મો બાંધે છે અને ભવાંતરને વધારે છે. અજ્ઞાનના નશામાં તેઓ વારંવાર બોલતા હોય છે–'રાહુ ચન્દ્રનો ગ્રાસ કરે છે–રાહુ ચન્દ્રનો ગ્રાસ કરે છે.' તો આ વિષયમાં સત્ય શું છે? જવાબમાં નરદેવ, દ્રવ્યદેવ, અને ભાવદેવથી પૂજાયેલા દેવાધિદેવે કહ્યું કે, "હે ગૌતમ! તેઓ જે એ પ્રમાણે કહે છે કે, "રાહુ ચંદ્રને ગ્રસે છે."–તે પ્રામાણિક કથન નથી. એટલે કે તેમનું માનવું અને કહેવું રતિ માત્ર પણ સાચું નથી. કેમકે જ્યાં ગ્રાસક ( બીજાને

ગળી જનાર ) અને ગ્રાસ્ય ( બીજા દ્વારા ગળાઇ જનાર ) ભાવ હોય ત્યાં તો તે વાતોની સંભાવના હોઇ શકે છે પરંતુ રાહુ અને ચંદ્રનાં વિમાનોમાં ગ્રાસ્ય ગ્રાસક ભાવ નથી પણ આછાદ્ય આછાદક ભાવ જ સંભવી શકે છે.

## સૂર્ય ચંદ્રનું ગ્રહણ શું છે ?

આ વિષયમાં હું એમ કહું છું, પ્રતિપાદન કરું છું, પ્રજ્ઞાપિત કરું છું, પ્રરૂપિત કરું છું કે, 'રાહુ' એ દેવ છે જે મહાઋદ્ધિ, મહાદ્યુતિ, મહાબળ, મહાયશ અને મહાસુખનો માલિક છે, જે ઉત્તમોત્તમ વસ્ત્રો, માળા, ચંદન આદિ સૌગંધિક પદાર્થોને તથા શ્રેષ્ઠ આભરણોને ધારણ કરનારો છે. તેનાં નવ નામો છે: શ્રૃંગારક, જટિલિક, સ્તંભ, ખરક, દર્દુર, મકર, મત્સ્ય, કચ્છપ અને કૃષ્ણસર્પ તથા પાંચ વર્ણનાં વિમાનો છે.

૧. કૃષ્ણ વિમાન—જે અંજન એટલે કાજલ કે મેશના રંગનું છે તે.

૨. નીલ વિમાન—લીલી તુંબડીના રંગનું.

૩. લાલ વિમાન—મજીઠ જેવી કાન્તિવાળું.

૪. પીત વિમાન—હળદરના રંગવાળું.

૫. શુકલ વિમાન—રાખના જેવા રંગવાળું.

હવે જ્યારે રાહુદેવ પોતાના કૃષ્ણ વિમાનમાં બેસીને ઝડપથી જાય છે અને પાછો ફરે છે, વિક્રિયા અને કામક્રીડા કરે છે ત્યારે અસ્વાભાવિક, અતિ ત્વરાયુક્ત ગતિ હોય છે એટલે કે તે સમયે વિસંસ્થૂલ ચેષ્ટાનો માલિક હોવાથી પોતાના વિમાનને બરાબર ચલાવી શકતો નથી તે કારણે પૂર્વ દિશામાં

રહેલી ચંદ્રની રોશનીને આચ્છાદિત કરતો તે રાહુ પશ્ચિમમાં રહેલા ચંદ્રની કળાને આવૃત્ત કરે છે, ત્યારે તે ચંદ્રની અપેક્ષાએ પૂર્વમાં હોય છે. એ જ રીતે ઉત્તર અને દક્ષિણ દિશાના બે આલાપકો સમજવા. એટલે ઉત્તર દિશામાં રહેલા ચંદ્રને અસ્વાભાવિક ગતિએ જતો રાહુ જ્યારે આવૃત્ત કરે છે ત્યારે રાહુ દક્ષિણમાં દેખાય છે અને દક્ષિણમાં સ્થિત ચંદ્રની કળાને આવૃત્ત કરે છે ત્યારે રાહુ ઉત્તરમાં દેખાય છે. એ પ્રમાણે ઈશાન ને નૈઋત્ય કોણ, અગ્નિ અને વાયવ્ય કોણ માટે ઉપર પ્રમાણે સમજવું.

હવે સૂત્રકાર સુધર્માસ્વામીજી પોતે જ કહે છે કે જ્યારે આવતો કે જતો, વિક્રિયા કે કામક્રીડા કરતો, રાહુ વારંવાર ચંદ્રની લેશ્યા–રોશનીને આચ્છાદિત કરે ત્યારે મનુષ્યલોકના અજ્ઞાન જીવો કહે છે કે, 'રાહુએ ચંદ્રમાને ગળી લીધો છે.' પણ આ તો નર્યો ભ્રમ જ છે. સાચી વાત એ છે કે તે સમયે રાહુએ ચંદ્રને આચ્છાદિત કર્યો હોય છે અને જ્યારે રાહુ ચંદ્રની પાસે થઈને જાય છે ત્યારે લોકો કહે છે કે રાહુએ ચંદ્રને પોતાની કુક્ષિમાં લઈ લીધો છે. અને જ્યારે ચંદ્રથી રાહુ આગળ નીકળી જાય છે ત્યારે 'ચન્દ્રથી રાહુ મુક્ત થયો' એમ લોકો કહે છે. પણ આ બધું ભ્રાન્તિવચન છે."

ભગવંતે કહ્યું કે, 'એક ધ્રુવ રાહુ અને બીજો પર્વ રાહુ' એમ રાહુ બે પ્રકારે છે.

ધ્રુવરાહુ–જે કૃષ્ણ વિમાનમાં બેસીને ચન્દ્રની સાથે જ રહે છે. એટલે કે તેનાથી ચાર આંગળ નીચે રહીને સંચરણ કરે છે તે.

પર્વરાહુ–જે અમાવસ્યા અને પૂર્ણિમામાં ચન્દ્ર સાથે

ઉપરાંગ સંબંધ કરે છે. ધ્રુવરાહુ કૃષ્ણ પક્ષની પ્રતિપદા (પડવો)થી લઈને અમાવસ્યા સુધી ચન્દ્રની પંદરમાં ભાગની એટલે કે આકાશમાં દેખાતા ચન્દ્રના વિમાનના પંદરમાં ભાગને આચ્છાદિત કરતો રહે છે. એટલું ખાસ જાણવાનું કે ઉપર આકાશના ભાગમાં જે સૂર્ય, ચન્દ્ર, નક્ષત્ર, તારા કે ગ્રહો દેખાય છે તે દેવો નથી પણ તેમનાં વિમાનો છે, જે ચલ છે. એટલે કે તેમનાં કર્મોની વિચિત્રતા જ એવી છે કે તેમનાં વિમાનો આંખના પલકારા જેટલા સમય પૂરતા પણ સ્થિર રહેતા નથી. તેમની સ્થિતિપણ તેવી હોય છે કે ચંદ્ર અને રાહુના વિમાનો પાસે પાસે જ સંચરણ કરે છે. અને તેવી સ્થિતિમાં એક બીજાની છાયા એક બીજા પર પડે એનો અર્થ એવો નથી થતો કે સામેવાળાએ સામેવાળાને ગળી લીધો કે કુક્ષીમાં લઈ લીધો.

મનુષ્ય લોકમાં પણ આપણે પ્રત્યક્ષ અનુભવીએ છીએ કે ગાંધીમાર્ગ ઉપર રહેલી કોઇ સોસાયટીમાં ત્રિવેદી ચતુર્વેદી કે મહાપંડિત પણ રહેતો હોય છે. અને તે જ સોસાયટીમાં હરિજન પણ રહેતો હોય છે. સાથોસાથ બંનેના કર્માનુસારે બંનેને એક જ સમયે ઘેરથી નીકળીને અરવિંદ મીલમાં જવાનું હોવાથી આખા માર્ગ ઉપર નાત, જાત, જ્ઞાન–વિવેક આદિના કોઈપણ સંબંધ વિનાના તે બંને લગભગ પગે ચાલતા કે બસમાં પણ સાથે જ જતા હોય છે અને આવતા હોય છે. વચ્ચે કોઈક સમયે એક સાથે જ બંનેની ગતી શીઘ્ર થતી હોય છે કે મંદ થતી હોય છે. તેમાં કારણ હોય તો એટલું જ છે કે તે બંનેના અદૃષ્ટ કર્મો એક જ ઓફિસ(ફર્મ)માંથી રોટલા કમાવવાના છે, અને ખવડાવવાનાં છે. છતાં પણ ત્રિવેદી ત્રિવેદી છે અને હરિજન હરિજન છે. એવું પણ નથી બનવાનું કે ત્રિવેદી હરિજન થઈ જાય કે હરિજન ત્રિવેદી થઈ જાય. તેવી રીતે

ચંદ્ર અને રાહુનાં પુણ્ય કર્મો જૂદાં જૂદાં, આયુષ્ય મર્યાદા જૂદી જૂદી તથા ગયા ભવની આ ગતિ કે આવતા ભવની ગતિ પણ જૂદી જૂદી હોઇ શકે છે. તેથી ચંદ્ર કે સૂર્ય જેવી ઈન્દ્રને ગળી જવા માટેની શક્તિ બિચારા રાહુમાં શી રીતે આવી શકે ?

આમ એક પછી એક કળાને આચ્છાદિત કરતો રાહુ અમાવાસ્યાના દિવસે પૂર્ણ રીતે આચ્છાદિત કરી લે છે. તેવી રીતે શુકલ પક્ષની પ્રતિપદાના દિવસે ચન્દ્રના પન્દરમા ભાગરૂપ એક કળાથી ખસતો ખસતો પૂર્ણિમાના દિવસે રાહુના આચ્છાદનથી ચન્દ્ર મુક્ત હોય છે, માટે તે ધ્રુવ રાહુ છે. જ્યારે પર્વ રાહુ જઘન્યથી છ મહિને ચન્દ્ર અને સૂર્યને આચ્છાદિત કરે છે અને વધારેમાં વધારે ૩।। વર્ષે આચ્છાદિત કરે છે.

## ચન્દ્રને સુશ્રી શા માટે કહેવાય છે ?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે, ' જ્યોતિષી દેવોનાં ઇન્દ્ર અને રાજા એવા ચન્દ્રમા પોતાના મૃગાંક વિમાનમાં ઘણા જ કાન્તિવાળા દેવો, દેવીઓ અને ઘણા જ શોભાયમાન આસન, શયન, સ્તંભ, પાત્ર આદિથી દીપ્ત તથા પોતે પણ સૌમ્યાકાર, મનોહર, સૌભાગ્યસમ્પન્ન, અને પ્રિયદર્શન હોવાથી ઘણા જ સુંદર છે. તે કારણે હે ગૌતમ! ચંદ્રને સુશ્રી કહેવાય છે.

## સૂર્યને આદિત્ય કહેવાનું શું કારણ ?

ભગવંતે કહ્યું કે, ' સમય મુહૂર્ત યાવત્ ઉત્સર્પિણી આદિ કાળ વ્યવહારનો પ્રવર્તક સૂર્ય છે એટલે કે હાલ કયું વર્ષ છે ? કયો માસ છે ? યાવત્ દિવસ, ઘડી, પળ, વિપળ–ઈત્યાદિ ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળની પ્રવૃત્તિ સૂર્યને આભારી હોવાથી આદિત્ય કહેવાય છે.

## ગ્રહણની અશુભતા શા કારણે છે ?

યદ્યપિ ગ્રહણ જેવી વસ્તુ જૈન શાસનને માન્ય નથી માટે તે સંબંધી કરાતો વ્યવહાર સમ્યગ્દૃષ્ટ નથી પણ મિથ્યાદૃષ્ટ જ છે, છતાં પણ વ્યવહારમાર્ગનો લોપ સમાજને તથા ધર્મને હાનિકર્તા હોઈ શકે છે. તેથી જે ગામમાં તમે રહેતા હોય ત્યારે તે ગામમાં તે વ્યવહારને માન્ય કરીને પણ તે પ્રમાણે વર્તવામાં નુકસાન નથી. અન્યથા મિથ્યાત્વીઓનું અપમાન અને જૈન શાસનની નિંદા થવાના પ્રસંગો ઘણીવાર ઉપસ્થિત થાય છે. ધાર્મિક જીવન પણ તેવું ન હોવું જોઈએ જેથી જીવનના પ્રત્યેક પ્રસંગે વિસંવાદિતા અને સમાજમાં વૈર–વિરોધ ઊભા થાય.

## જ્યોતિષની દૃષ્ટિએ ગ્રહણ :

આકાશમાં અસંખ્ય તારાઓમાંથી જે વધારે પ્રકાશિત છે તે નક્ષત્ર તારાઓ છે, જેમની સંખ્યા ૨૭ની છે અને તેમની બાર રાશિઓ બની છે એટલે સવા બે નક્ષત્રની એક રાશિ છે.

ગમે તે ક્ષેત્રમાં માણસ જ્યારે જન્મે છે, તે સમયે આકાશમાં જે નક્ષત્ર અને રાશિ ઉદિત હોય તે અનુસાર જાતક (જન્મ લેનાર)નું નામ રાખવામાં આવે છે.

પ્રતિદિન એક એક નક્ષત્રને ભોગવતો ચંદ્ર લગભગ ૨૭ દિવસે બારે રાશિ ઉપરનું પોતાનું ભ્રમણ પૂરૂં કરે છે. જાતકની જન્મ–પત્રિકામાં ને રાશિ ઉપર ચંદ્ર હોય અથવા બોલાતાં નામના આદિ અક્ષરની જે રાશિ હોય છે તે રાશિ તે જાતકની કહેવાય છે. તે રાશિથી પહેલી, ત્રીજી, છઠ્ઠી, સાતમી, દશમી, અને અગિયારમી રાશિ પર અને શુક્લ પક્ષમાં તેનાથી વધારે બીજી, પાંચમી, તથા નવમી રાશિ પર ચંદ્ર હોય છે ત્યારે

જાતકનું મન શાંત, સ્થિર અને પ્રસન્ન હોતાં તેને જૂદી જૂદી જાતના ફાયદાનો લાભ મળતો રહે છે. અને ચોથી, આઠમી, બારમી રાશિ પર ચંદ્ર હોય છે ત્યારે ધનની તંગી, ચોરનો ભય, અગ્નિનો ઉપદ્રવ, મનમાં કલેશ, શરીરમાં બિમારી વગેરે થતાં રહે છે.

## સંક્રાન્તિ પરત્વે ગ્રહણ ફળ :

ગ્રહણના સમયે રાહુદેવ જે રાશિમાં હોય તે રાશિ જાતકની રાશિથી ૩-૪-૮-૧૧ હોય તો સારૂં છે. તથા ૫-૯-૧૦-૧૨ જો હોય તો મધ્યમ, અને ૬-૭-૧ રાશિમાં ગ્રહણ થાય તો અશુભ ફળ છે. આવા સમયે નેમિનાથ પરમાત્માનું ધ્યાન કરવું, પૂજન કરવું શ્રેયસ્કર છે.

સૂર્ય લગભગ ત્રીસ દિવસોમાં રાશિ બદલે છે તેને સંક્રાંતિ કહે છે. તે સમયે જાતકને પોતાની રાશિથી ૪-૮-૧૨ સૂર્ય હોતાં તે સંક્રાંતિ તે જાતકને માટે સારી નથી, અને ૩-૬ ૧૦-૧૧મે સૂર્ય આવે ત્યારે જાતકને જુદી જુદી જાતના લાભો થતા રહે છે.

## તારાબલ :

અશુભ ગોચરમાં સંક્રાન્તિ થયે છતે પણ જાતકને ચંદ્ર તારા કે ચન્દ્રની શુભ અવસ્થા હશે તો અશુભ સંક્રાન્તિ પણ શુભ બને છે. કૃષ્ણ પક્ષની દશમ પછી ચંદ્રનું બલ લગભગ સમાપ્ત થાય છે. ત્યારે આંગળીના ટેરવા ઉપર રાશિ ગણવાથી શો ફાયદો ? માટે તેવા સમયે તારાબળ વધારે ઉપયુક્ત છે. પોતાના જન્મ કે નામના નક્ષત્રથી તેની ગણત્રી થાય છે. જેમકે કોઈનું જન્મનું કે નામનું નક્ષત્ર 'હસ્ત' હોય ત્યારે સાથેના કોષ્ટક પ્રમાણે ગણત્રી કરવી.

## તારાબળનું કોષ્ટક

| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જન્મતારા | હસ્ત | ચિત્રા | સ્વાતિ | વિશાખા | અનુરાધા | જ્યેષ્ઠા | મૂળ | પૂ. ષાઢા | ઉ. ષાઢા |
| કર્મતારા | શ્રવણ | ધનિષ્ઠા | શત૦ | પૂ. ભા. | ઉ. ભા. | રેવતી | અશ્વિ. | ભરણી | કૃતિકા |
| આધાન–તારા | રોહિણી | મૃગ | આર્દ્રા | પુનર્વસુ | પુષ્ય | અશ્લે. | મઘા | પૂ. ફા. | ઉ. ફા. |
| તારાનામ | જન્મ | સંપત્ | વિપત્ | ક્ષમા | યમા | સાધના | નિધના | મૈત્રી | પરમ મૈત્રી |
| ફળ | મધ્યમ | મધ્યમ | ખરાબ | સર્વશ્રેષ્ઠ | ખરાબ | સર્વશ્રેષ્ઠ | ખરાબ | મધ્યમ | સર્વશ્રેષ્ઠ |

આ પ્રમાણે હસ્ત નક્ષત્રના માલિકને ત્રીજી સ્વાતિ, શતભિષા, આર્દ્રા, સાતમી મૂળ અશ્વિની અને મઘા, પાંચમી અનુરાધા, ઉત્તર ભાદ્રપદા અને પુષ્ય, આ ત્રણે તારાઓના નવે નક્ષત્રો ખરાબ છે. વદિ ૧૦ થી સુદિ ૧ સુધીના દિવસોમાં ચંદ્રબળ જ્યારે કમજોર થાય છે ત્યારે હસ્ત નક્ષત્રવાળો યદિ પૂષ્ય મૂળ શતભિષા આદિ નક્ષત્રો જોઈને કૂદકા મારવા જાય તો સફળ ક્યાંથી થાય? સુદિ ૨ ના દિવસે જ્યારે ચંદ્રોદય થાય ત્યાર પછી તારાબળ ઉપર નજર નાંખવાની પણ જરૂર નથી.

## ચંદ્રબળ:

માનવજીવનમાં ચંદ્ર મનના સ્થાનને શોભાવે છે. વ્યવહારમાં પણ આપણે કહીએ છીએ કે જે ભાગ્યશાળીનું મન પ્રસન્ન અને સશક્ત હોય તેને દેવો પણ શું કરી શકવાના હતા? તે જ પ્રમાણે પ્રત્યેક કાર્યમાં ચંદ્રબળ જોવાનો આગ્રહ જરૂર રાખવો. તેમ છતાં પણ ઝડપી કાર્ય કરવાનું હોય અને ચંદ્ર અશુભ હોય તો તેની અવસ્થા જોઈને સમયનો નિર્ણય કરવો જોઈએ. અહોરાત્રમાં ચંદ્રની બાર અવસ્થા હોય છે તે આ પ્રમાણે–પ્રોષિતા, હ્રતા, મૃતા, જયા, હાસા, હર્ષા, રતિ, નિદ્રા, ભુક્તિ, જરા, ભયા અને સુખિતા. આમાંથી પ્રોષિતા, હ્રતા, મૃતા નિદ્રા, જરા અને ભયા આ છ અવસ્થામાં રહેલો ચંદ્ર વધારે અશુભ બને છે. માટે શુભ ચંદ્રની પણ આ છ અવસ્થા કાળજીપૂર્વક છોડી દેવી. જ્યારે બીજી અવસ્થા શુભ ફળ દેનારી હોવાથી અશુભ ચંદ્રમાં પણ આ અવસ્થાઓ સ્વીકાર્ય છે.

ચંદ્ર એક રાશિ પર લગભગ ૧૩૫ ઘડી એટલે ૫૪ કલાક રહે છે, તેનો દ્વાદશાંશ (બારમો ભાગ) ૧૧ ઘડી અને ૧૫

પલનો એટલે ૪ કલાક અને ૩૦ મિનિટનો છે. જે દિવસે ચંદ્રાવસ્થા જોવાની હોય છે, ત્યારે પંચાંગમાં તે દિવસની રાશિ જે હોય તેના પર ચંદ્ર ક્યારે આવ્યો અને ક્યારે સમાપ્ત થશે તે કલાક મિનિટોને ૧૨ થી ભાંગી જે કાળ આવે તે દ્વાદશાંશ કહેવાશે. ત્યારપછી તેના ભુક્ત સમયનો નિર્ણય કરી ભોગ્ય સમયમાં જે અવસ્થા લેવી હોય તેનો સ્વીકાર કરવો.

મેષ રાશિ પર ચંદ્ર હોય ત્યારે 'પ્રોષિતા' અવસ્થાથી બાર અવસ્થા ક્રમશઃ જાણવી. વૃષભરાશિ પર ચંદ્ર હોય ત્યારે 'હૃતા'ને પ્રારંભમાં લેવી અને ક્રમે ગણતાં બારમી અવસ્થા 'પ્રોષિતા' આવશે. યાવત્ મીન પર ચંદ્ર હોય તો પહેલી 'સુખિતા' અવસ્થા અને બારમી ભયા આવશે.

આ પ્રમાણે ચંદ્ર શુભાવસ્થામાં હોય ત્યારે અશુભ સૂર્ય પણ શુભ ફળદાયી બનશે. યાત્રાદિ શુભ કાર્યોમાં અવસ્થાને જોવા માટે આગ્રહ રાખવો.

ગોચર, જન્મ કે પ્રશ્નપત્રિકામાં બંને બાજુ પાપગ્રહની વચ્ચે ચંદ્ર હોય તો માનવીનું મન કમજોર, હતાશ હોવાથી હાનિપ્રદ રહે છે.

ત્યાર પછી સૂર્ય અને ચંદ્રના કામભોગોનું વર્ણન છે તે મૂળ સૂત્રથી જાણવું.

શતક ૧૨નો છઠ્ઠો ઉદ્દેશો પૂર્ણ

卐

# શતક ૧૨મું : ઉદ્દેશક–૭

## લોકવિસ્તાર અંગે વક્તવ્ય :

અનંત માતાપિતા, ભાઈભાભી આદિ પરિવાર કરતાં પણ કરોડોગુણા વધારે ઉપકારી પૂજ્ય દીક્ષાગુરુ, વિદ્યાગુરુ, અને ધર્મગુરુદેવોને નમસ્કાર કરીને આ ઉદ્દેશાનો આરંભ કરીએ છીએ.

ઉદયમાં વર્તતા પૌદ્‌ગલિક ભોગ તથા ઉપભોગનો ત્યાગ કરીને શ્રામણ્ય ધર્મને સ્વીકારનાર તથા સતીત્વ ધર્મની ચરમ સીમાને પ્રાપ્ત કરેલી ૩૬ હજાર સાધ્વીજીના ચરણકમળથી પવિત્ર થયેલી રાજગૃહી નગરીમાં ભગવંત મહાવીરસ્વામી પધાર્યા છે અને દેવરચિત સમવસરણમાં બિરાજમાન થઈને ધર્મોપદેશ આપતાં પ્રભુએ ફરમાવ્યું કે :–

'હે ભાગ્યશાળીઓ! આ સંસારને તથા તેની માયાને તમે બરાબર સમજો અને સમજીને તેનો ત્યાગ કરો.' ઉપદેશ સાંભળીને પર્ષદા પ્રસન્ન થઈ. ત્યાર પછી ગૌતમસ્વામીએ પ્રભુને પૂછ્યું કે, 'હે પ્રભો! આ લોક કેટલો વિશાળ છે?'

## લોકની વિસ્તૃતતા :

જવાબમાં ભગવંતે કહ્યું કે, 'હે ગૌતમ! આ લોક પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉર્ધ્વ અને અધો આ છએ દિશામાં અસંખ્યાત કોટાકોટી યોજન પ્રમાણ વિશાળ છે. અને વિસ્તૃત (લાંબો–પહોળો) છે. એક કરોડ (૧૦૦ લાખ)ને એક કરોડની સંખ્યાથી ગુણતાં જે સંખ્યા આવે તે કોટાકોટી કહેવાય છે. એવી અસંખ્યાત કોટાકોટી જાણવી. એટલે કે પૂર્વ દિશા તરફ આ

લોક અસંખ્યાત કોટાકોટી છે. આ પ્રમાણે છએ દિશામાં પૃથક્ પૃથક્ અસંખ્યાત કોટાકોટી જાણવી. આ કારણે જ લોકને અતિ ગહન, અગાધ, અપાર, અગમ્ય, અનાદિ, શાશ્વત અને અનુત્પન્ન આદિ સાર્થક વિશેષણો આપવામાં આવ્યા છે. અને જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય. પુદ્‌ગલાસ્તિકાય અને કાળ નામે છ દ્રવ્યો પણ શાશ્વતા છે, જે સંસારભરનાં કે દર્શનશાસ્ત્રનાં માન્ય જે કંઈ તત્ત્વો છે તે બધાંયે આ દ્રવ્યોમાં સમાવિષ્ટ થઇ જાય છે.

મૂળમાં તો જીવ અને અજીવનું મિશ્રણ જ સંસાર છે. સિદ્ધશિલામાં બિરાજમાન સિદ્ધાત્માઓ સિવાય કોઈ પણ જીવાત્મા અજીવ(પુદ્‌ગલ વિનાનો)એકાકી નથી અને અજીવ-(પુદ્‌ગલો)ને છોડીને જીવાત્માને ઉત્પન્ન થવા માટે બીજું એકેય સાધન નથી. માટે જ જીવ અને અજીવનું મિશ્રણ આ સંસાર. ઇશ્વરાદિ પર શક્તિથી સમ્પાદ્ય નથી પણ સર્વતંત્ર સ્વતંત્ર છે.

પ્રશ્ન—‘ હે પ્રભો ! ઉપર પ્રમાણેના અતિ વિસ્તૃત આ લોકમાં એક પુદ્‌ગલ પરમાણુ જેટલી પણ જગ્યા છે ? જ્યાં આ જીવાત્મા ઉત્પન્ન ન થયો હોય કે ન મર્યો હોય ? ’

જવાબમાં ભગવંતે કહ્યું કે : ‘ હે ગૌતમ ! તારો પ્રશ્ન સમર્થ નથી. અર્થાત્ આવું કોઈ કાળે સંભવતું નથી. ’ ‘ શા માટે આવું સંભવતું નથી ? ’ આના જવાબમાં કહેવાયું છે કે, ‘આવડા મોટા લોકમાં એક પણ પ્રદેશ એવો નથી જ્યાં જીવાત્મા ન જન્મ્યો હોય કે ન મર્યો હોય.’ આ જ વાતને ઉદાહરણ આપીને સમજાવતાં પ્રભુએ કહ્યું કે, કોઈ એક માણસ ૧૦૦ બકરા અને બકરીઓ આરામથી સમાઇ શકે તેવો એક વિશાળ વાડો બનાવે છે. તેમાં જઘન્યથી બે ત્રણ અને વધારેમાં

વધારે હજાર બકરા–બકરીઓને તેમાં પૂરી દે છે. માન્યું કે તે વાડો સો બકરીઓ આરામથી રહી શકે, ફરી શકે તેટલો જ છે, છતાં પણ હજારની સંખ્યામાં બકરીઓને રાખવામાં એવો આશય છે કે ત્યાં એક ઇંચ જેટલી જગ્યા પણ ખાલી રહેવા ન પામે. એવા વાડામાં પુષ્કળ ખાવા–પીવાનું સાધન મૂકી દેવામાં આવે છે જેથી તે વાડામાં કોઇ બકરો કે બકરી ભૂખ્યું તરસ્યું ન રહી શકે. આ પ્રમાણે છ મહિના સુધી તેમને તે વાડામાં રાખવામાં આવે. આ વાતથી સૂત્રકાર એમ પ્રતિપાદિત કરવા માંગે છે કે સો બકરીઓના બદલે હજાર બકરીઓ તે વાડામાં ઇચ્છા પ્રમાણે ઘાસ ખાશે, પાણી પીશે, જેથી તે વાડાનો એક પણ પ્રદેશ તેમનાં મૂત્ર, લીંડીઓ, કફ, નાકમાંથી નીકળતો પ્રવાહી પદાર્થ, પરૂ, વીર્ય, લોહી, રૂંવાટી, શીંગડાં કે તેમના નખવડે તે વાડાનો એક પણ પ્રદેશ કોરો રહેવાનો નથી. છતાં કલ્પી લઇએ કે કોઈ એકાદ પ્રદેશ તેમનાથી કોરો રહી ગયો હોય તો પણ લોકની શાશ્વત સ્થિતિ, સંસારના અનાદિભાવ, જીવનો નિત્યભાવ. કર્મોની અધિકતા અને જન્મ-મરણની બહુલતા આદિની અપેક્ષાએ વિચારીએ છીએ ત્યારે અતિશય વિશાળ આ લોકનો એક પુદ્દગલ પરમાણુ જેટલો પણ પ્રદેશ તેવો નથી જ્યાં જીવાત્મા જન્મ્યો ન હોય કે મર્યો ન હોય.

## (૧) લોકની શાશ્વત સ્થિતિ :

કદાચ કોઈ કહે, ‘લોક જેવું પહેલાં કંઈ પણ હતું જ નહીં.’ પરંતુ બ્રહ્માજીએ જ્યારે જેની આવશ્યકતા પડી ત્યારે તે તે ભાવોને ઉત્પન્ન કર્યા છે. બ્રહ્માજીનું મૂકેલું એક ઇંડુ ઘણા વર્ષો સુધી પડયું રહ્યું પછી તે ફૂટયું જેના એક ભાગ-માંથી પુરુષ અને બીજા ભાગમાંથી સ્ત્રીનું ઉત્પાદન થયું અને

બંનેનો સંયોગ થતાં માનવસૃષ્ટિ તૈયાર થઈ અને આ પ્રમાણે આખોયે સંસાર રચાયો; પરંતુ બ્રહ્માથી ઉત્પાદિત આ સૃષ્ટિને પોતે સંભાળવા માટે અશક્ત રહ્યા ત્યારે વિષ્ણુએ આનાં રક્ષણ ભરણ તથા પોષણની જવાબદારી પોતાના માથે લીધી. અને ઘણા કારણો ભેગા થયા ત્યારે શંકરજીએ સંસારનો સંહાર કર્યો. તે કારણથી લોકનો ઉત્પાદક બ્રહ્મા છે." પરંતુ આ બધી વાતોમાં કેવળી ભગવંતો કહે છે કે, લોક કોઈનાથી પણ ઉત્પાદિત ન હોવાના કારણે શાશ્વત છે, ત્યારે જ તો લોકાકાશના પ્રતિપ્રદેશમાં અનાદિ કાળથી જીવોની વિવિધ પ્રકારની ગતિ-આગતિ તથા જન્મ-મરણ સત્યાર્થ બની શકશે.

## (૨) લોકની અનાદિતા :

'જેની આદિ હોય તેનો જ અંત હોય છે.' આ ન્યાયથી બ્રહ્માએ યદિ સંસારને સર્જ્યો હોય તેમ માનવામાં આવે તો અંત સમયે બ્રહ્માંડના અનંતાનંત જીવો શું અજીવરૂપમાં પરિણમિત થશે ? અજીવ થઈને પણ તે ક્યાં જશે ? પૃથ્વી ઉપર રહેલા અસંખ્યાત પર્વતો, નદીઓ, મહાનદીઓ, પત્થરો, ઝાડો, કૂવાઓ, વાવો, તળાવો, કૂતરાઓ, ભૂંડો, કાગડાઓ, નારકો, દેવો, સમુદ્રો, ખાડીઓ આદિ અનંત પદાર્થો ભગવાનના પેટમાં શી રીતે સમાશે ? અનંતાનંત જીવોનો સંહાર કરીને પણ ભગવાન કયો ફાયદો મેળવશે ? તથા સાવ મૂર્ખ માણસ પણ પોતાના પુત્ર કે દત્તક પુત્રને મારતો નથી તો પછી શંકરના હાથે થતા સંહારને ઉદાસીન ભાવે જોનાર વિષ્ણુની દયા ક્યાં રહેશે ? ઈત્યાદિક પ્રશ્નોના જવાબો કોઈની પાસે છે જ નહિ.

માટે સંસારભરના દેવો દેવેન્દ્રો નાગકુમારો બ્રહ્મદેવો, અસુરેન્દ્રો દ્વારા પૂજિત છે. પાદપીઠ જેમની, અહિંસા-સંયમ

અને તપોધર્મ વડે જીવમાત્રના અનંત સુખોના રક્ષક, સમ્યગ્-દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગના ઉત્પાદક, મિથ્યાજ્ઞાન, અવિરતિ આદિ પાપકર્મોના સંહારક, પુરૂષોત્તમ, પુરૂષસિંહાદિ-સાર્થક વિશેષણોથી વિશેષિત ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું, 'હે ગૌતમ! આ સંસાર (લોક) અનાદિ કાળથી શાશ્વત હોવાથી તેના પ્રત્યેક પ્રદેશમાં જીવોની ગતિ–આગતિ તથા જન્મ-મરણની પરંપરા જે સૌ જીવોને માટે અનુભવગમ્ય છે તે અબાધિત બની રહેશે.

## (૩) જીવોનો નિત્યભાવ:

દીપકની જ્યોતિની જેમ જીવોને જો ક્ષણિક કે નાશવંત માનવામાં આવે તો તે જીવોના શેષ રહેલા કલેવરો (મૃત-શરીરો) લોકના પ્રત્યેક પ્રદેશમાં શી રીતે રહેશે? તેમને સ્થિર કોણ રાખશે?

જલકાયના જીવો જ નહિ હશે તો નદીનાળાં અને સમુદ્રોની શી દશા થશે? સમુદ્રમાં શેષનાગની શય્યા ઉપર ચાર મહિનાનો વિશ્રામ લેનાર વિષ્ણુને ઉંઘવાનું સ્થાન કયાં રહેશે?

વનસ્પતિકાયના જીવો જ અવિદ્યમાન હશે તો સંસાર-ભરનાં લીંબડા, આંબા, રાયણ, બાવળ, વડ, પીપળા આદિ ઝાડો જમીનમાં કેવી રીતે ઊભા રહેશે? તેમને ઊભા રાખવા માટે થાંભલાના ટેકા દેનાર પણ કયાંથી મળશે?

હાથી ઘોડા કૂતરા કાગડા તથા માણસો આદિના જીવોનો અનિત્ય ભાવ સ્વીકારતાં તેમનાં શેષ રહેલાં મુડદાંનો ઢગલો કયા સ્થાને કરવામાં આવશે? પરંતુ સંસારમાં આવું કદિ બન્યું નથી, બનતું નથી. અને બનશે પણ નહિ. માટે જીવને

શાશ્વત માનવાનું યુક્તિયુક્ત છે. વિતંડાવાદ, તર્કવાદ કે અનુમાનાદિ વિવાદોથી સંસારનું સત્ય સ્વરૂપ જાણી શકાય તેમ નથી; માટે જ અરિહંતોનું શાસન અજોડ હોવાથી સૌને માન્ય છે, કેમકે તેમનું શાસન જ 'देवदाणवनरिंदगणच्चिअस्स....'

જીવમાં નિત્યત્વ પણ સ્વાભાવિક રહેલું હોવાથી જીવાત્માનું સ્થાનાન્તર, રૂપાન્તર કે અવસ્થાન્તર શક્ય બને છે. એકાંત અનિત્ય માનવામાં તેની સિદ્ધિ બનતી નથી.

## (૪) કર્મોની બહુલતા :

જીવોની નિત્યતા માન્યા પછી તે જીવોમાં કર્મોની બહુલતા ન માનીએ તો સંસારની ચારે ગતિઓમાં પરિભ્રમણ સંભવી શકે તેમ નથી, અને પરિભ્રમણ તો છે જ. ત્યારે જ તો આજના વિદ્યમાન સંસારી જીવના માથા ઉપર અનંત ભૂતકાળ વ્યતીત થયો છે અને જાતિભવ્ય કે અભવ્ય જીવના માથા ઉપર અનંત ભવિષ્યકાળ રહેલો છે. આવી સ્થિતિમાં કર્મોની અલ્પતા જ માનવામાં આવે તો લાખ-કરોડ-સંખ્ય કે અસંખ્ય ભવોની રખડપટ્ટીની સંગતિ થઈ શકે નહિ. માટે સિદ્ધાત્માઓને છોડીને બીજા અનંતાનંત જીવો કર્મોની બહુલતાવાળા છે અને રહેશે.

## (૫) જન્માદિની બહુલતા :

કર્મોની બહુલતા માન્યા પછી જન્માદિની બહુલતા પણ માન્યા વિના ચાલી શકે તેમ નથી. અન્યથા સતયુગમાં જન્મીને કરેલાં કર્મોના અનુસારે કલિયુગમાં અસાતાદિક દુઃખો શી રીતે ભોગવાશે ? બીજાના પગમાં ઘુસાડેલો કાંટો ૯૦ ભવ પછી બુદ્ધદેવના પગમાં શી રીતે ઘુસ્યો ? ઋષભદેવજીના શાસનમાં બાંધેલું નીચ ગોત્રીય કર્મ મહાવીરસ્વામીને કેટલાયે

કરોડો સાગરોપમ પછી ઉદયમાં શી રીતે આવ્યું? માટે કર્મોની બહુલતા જેમ સ્વીકાર્ય છે તેમ જન્માદિની બહુલતાને પણ માનવાની જ રહી.

આ બધી ચર્ચાનો ફલિતાર્થ એ જ છે કે અનાદિ કાળથી પરિભ્રમણ કરતા જીવે કોઈપણ જાતિ, સ્થાન, કૂળ, યોનિ-આદિ શેષ રાખ્યાં નથી અને 'પ્લે ગ્રાઉન્ડ'ના ફૂટબોલની જેમ આપણો આત્મા ક્યાંય થંભ્યા વિના રખડપટ્ટી કરી રહ્યો છે.

## પ્રત્યેક યોનિમાં જીવોની અનંતવાર રખડપટ્ટી :

જિજ્ઞાસુ ગૌતમસ્વામીજીને સંબોધન કરતાં ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે, 'હે ગૌતમ! રત્નપ્રભા નામની પ્રથમ નરકના ૩૦ લાખ નરકાવાસોમાં આપણો જીવ કે જીવાત્માઓ તત્રસ્થ નારકની જેમ પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિકાય રૂપે અનેકવાર કે અનંતીવાર જન્મી ચૂક્યા છે. અનેકનો અર્થ બેથી લઈને અસંખ્યાતવાર સુધી, અને અનંત એટલે જે સંખ્યારૂપમાં ન ગણી શકાય તે. સાર એ છે કે આ જીવ પહેલી ભૂમિમાં પૃથ્વીકાયાદિ રૂપે અનેક અથવા અનંતવાર જન્મ્યો, મર્યો છે.

બીજી પૃથ્વીથી યાવત્ સાતમી સુધી અને દેવલોક, ઈશાન દેવલોક સુધી અનેક કે અનંતવાર જન્મ્યો, મર્યો છે. જ્યારે ત્રીજા દેવલોકથી નવ ગ્રૈવેયક સુધીમાં કેવળ દેવીરૂપને છોડીને બાકી બધાં રૂપે અનેક અથવા અનંતવાર જન્મ્યો છે. અને પાંચ અનુત્તરમાં દેવી રૂપે એકેયવાર અને દેવરૂપે અનંતવાર

જન્મ્યો નથી કેમકે વિજય, વૈજયંત, જયંત અને અપરાજિતમાં જન્મેલો જીવાત્મા બે ભવ કરી મોક્ષમાં જાય છે. અને સર્વાર્થસિદ્ધમાં એક ભવ કરી મોક્ષમાં જાય છે. તેથી પહેલાના ચારમાં બે વાર અને છેલ્લામાં એક જ વાર જન્મ્યો છે. શેષ સર્વત્ર અનેક કે અનંતની ગણત્રી સમજવી.

## નરકાવાસોની સંખ્યા :

| | |
|---|---|
| રત્નપ્રભા નરકમાં | ૩૦ લાખ આવાસ |
| શર્કરાપ્રભામાં | ૨૫ લાખ આવાસ |
| વાલુકાપ્રભામાં | ૧૫ લાખ આવાસ |
| પંકપ્રભામાં | ૧૦ લાખ આવાસ |
| ધૂમપ્રભામાં | ૩ લાખ આવાસ |
| તમ:પ્રભામાં | ૯૯૯૫ આવાસ |
| તમસ્તમપ્રભામાં | કેવળ પાંચ આવાસ |
| અસુરકુમારમાં | ૬૪ લાખ આવાસ |

બાકીના આવાસો 'સકલતીર્થ' સૂત્રાનુસાર જાણી લેવા.

## વાસના ત્યાજ્ય શા માટે ?

આ સૂત્રોનો ફલિતાર્થ એ છે કે દેવલોકમાં આ જીવાત્મા અનંતવાર જન્મ્યો છે અને સામાન્યરૂપે દેવોનું આયુષ્ય સાગરોપમ કે ઘણા સાગરોપમોનું હોય છે અને દેવીઓનું આયુષ્ય પલ્યોપમ કે તેથી વધારે હોય છે; માટે દેવલોકના એક જ અવતારમાં આ જીવાત્માએ એક ભવ પૂરતી સંખ્યાત કે અસંખ્યાત દેવીઓ સાથેના ભોગવિલાસો માણ્યા છે, ગુલાબજલ

કે અત્તરની ભરેલી વાવડીઓમાં સ્નાન પણ કર્યાં છે. કેમકે અસંખ્યાત કે અગણિત વર્ષોનું પલ્યોપમ હોય છે અને દશ કોડાકોડી પલ્યોપમનું એક સાગરોપમ હોય છે, એટલે કે એક કરોડ પલ્યોપમને એક કરોડ પલ્યોપમ સાથે ગણતા એક કોડાકોડી હોય છે. આવા દશ કોડાકોડી સમજવા. દેવલોકના એક જ અવતારની દેવીઓ ગણી શકાતી નથી તો પછી દેવલોકના અનંત ભવોમાં દેવીઓ સાથેના ભોગવિલાસો કોણ માપી શકે? તેવી રીતે નરકાવાસોમાં ત્રણે પ્રકારની વેદનાઓ પણ અનંતી વાર અને અનંતપ્રકારે ભોગવી છે. વનસ્પતિમાં આ જીવ અનંતીવાર છેદાયો, ભેદાયો, કપાયો, બફાયો અને છોલાયો છે. વિકલેન્દ્રિયમાં બીજાના પગ નીચે કચડાઈને કે બીજા પ્રકારે પણ અનંતી અનંતીવાર વિના મોતે મર્યો છે. તો પછી એક ભવ માટેનાં અત્યલ્પ સુખો કે દુઃખો તથા ભોગવિલાસો માટે શા સારુ રાજી કે નારાજ થતો હશે? આર્ત્તધ્યાન કરતો હશે?

થોડીક વિચારધારાને તેજ કરીએ અને એકાંતમાં બેસીને આત્માને સમજાવીએ કે હે જીવાત્મન્! તેં પોતે જ હીરાની બંગડી જેવી ચમકદાર, મોતીના પાણી જેવી દેદીપ્યમાન, પરવાળાં જેવાં હોઠ, નખ અને પગનાં તળિયાંવાળી, કપૂરની ગોટી જેવી ઉજળી, ગુલાબના અત્તર જેવી સુગંધે ભરેલી મલ, મૂત્ર, વિષ્ટા-ચરબી-પિત્ત-કફ-લોહી આદિની દુર્ગંધથી સર્વથા રહિત, માખણના પિંડ જેવી મુલાયમ શરીરવાળી, કમળનાં પાંદડાં જેવી વિશાળ આંખોવાળી, લવીંગ જેવી પાતળી કમરવાળી, શરીરનાં અંગોપાંગમાં કોઈ પણ જાતની ખોડખાંપણ વિનાની તેમજ ભોગ્ય અંગોમાં રતિમાત્ર પણ ફરક ન પડે તેવી, હૈયાના અતૂટ રાગવાળી, આયુષ્યપર્યંત ચરણસેવા કરનારી, એક નહિ પણ

અસંખ્ય–અનંત દેવીઓ સાથે સુંદર શય્યાઓમાં સ્વૈચ્છિક, રોક ટોક વિનાના ભોગવિલાસો તેં માણી લીધા છે. જ્યારે મનુષ્ય સ્ત્રી–સાથેના ભોગવિલાસો અત્યંત બિભત્સ, દુર્ગંધમય, અદર્શનીય અને આંખના પલકારે સમાપ્ત થનારા છે, તેમાં તારે અરિહંતોના ધર્મને તિલાંજલિ આપીને સાથોસાથ સત્કર્મોને બરબાદ કરીને, આવતા ભવ માટે પુણ્યકર્મોનું દેવાળું કાઢીને આસક્તિ ધારણ કરવા જેવું શું છે? સાગરોપમો કે પલ્યોપમો કે ૮૪ લાખ પૂર્વના આયુષ્યના ભોગવિલાસો પણ અમર ન રહ્યા તો પછી કેવળ ૨૫–૩૦ વર્ષના ભોગવિલાસો તારા આત્માને સંતોષ શી રીતે આપી શકશે? શી રીતે સમાધિ અપાવશે? માનસિક પ્રસન્નતા કે લૂંટાઈ ગયેલી શારીરિક શક્તિઓને પાછી અપાવશે? નિસ્તેજ બનેલો તારો ચહેરો ફરી ચમકદાર બનશે? હજારો મણ ઘી-દૂધ ખાધા પછી પણ તારી ભોક્તૃત્વશક્તિ વધશે? સાલમપાક, કોપરાપાક કે બદામપાક આદિ દ્રવ્યો તારા રૂપરંગને યથાસ્થિત કરી શકશે? આ બધાયે પ્રશ્નોના જવાબ 'ના' માં હોય તો પછી તારે શું કરવું જોઈએ તેનો વિચાર પંચમહાવ્રતધારીઓ પાસે બેસીને કરી લેજે, વિલંબ કરીશ નહિ; કેમકે વિષયવાસનાના ભોગવિલાસોમાં ખોવાઈ ગયેલું માનવજીવન પાછું ક્યારે મળશે તે કેવલી ભગવંતો જાણે.

આ પ્રમાણે જનાવર યોનિમાં અનંતાભવો સુધી ભોગવાઈ ગયેલા ભોગવિલાસો પછી રાધાવેધની સમાન મેળવેલો મનુષ્ય અવતાર, જનાવરોની જેમ વિવેક મર્યાદા વિનાના ભોગ-વિલાસોમાં પૂર્ણ કરવાથી તારા આત્માની દશા કેવી થશે? આનો નિર્ણય મુનિભગવંતો પાસેથી કરી લેજે.

## દેવોના ભોગવિલાસોનું ફળ શું ?

યદ્યપિ મનુષ્યોના ભોગવિલાસો કરતાં દેવયોનિના ભોગવિલાસો સારા છે એમ માની લઈએ તો પણ ચોરના હાથમાં પડેલી સુવર્ણની બેડી જેવા દેવોના અવતારોથી આત્માનું કલ્યાણ શી રીતે થશે ? સમજી લેવું જોઈએ કે આપણો આત્મા સર્વથા સર્વતંત્ર સ્વતંત્ર દ્રવ્ય છે. જ્યારે તેના પ્રતિપ્રદેશે રહેલી કર્મસત્તા સર્વથા જડ છે. જે વિજળીના ચમકારા જેવી, કપટી માણસના ધ્યાન જેવી, પીપળનાં પાન જેવી, અને નદીના પ્રવાહ જેવી હોવાથી જીવાત્માને મોહકર્મનું શરાબપાન કરાવીને દુર્ગતિનાં દ્વાર દેખાડશે અને પોતે છૂટી પડશે. આ પ્રમાણે વિષયવાસનાના પૂર્ણ ગુલામ બનેલા દેવોને ભવાંતરમાં વનસ્પતિકાયમાં જન્મ લેવા સિવાય બીજો માર્ગ નથી, જ્યાંથી સંખ્યાત, અસંખ્યાત કે અનંત તીર્થંકર પરમાત્માઓની ચોવીસીઓ પૂર્ણ થયે પણ બહાર નીકળવાનું નથી. માટે મુનિરાજોનો સહવાસ કરીને યથાશક્ય ભોગવિલાસોનો ત્યાગ કરવો એ જ માનવજીવનની સફળતા છે.

## જીવ માત્ર સાથેનો અનંત સંબંધ :

માનવ માત્રની શંકાઓના નિવારણ અર્થે ગૌતમસ્વામીના પૂછેલા પ્રશ્નોના જવાબ આપતાં ભગવાને ફરમાવ્યું કે ' હે ગૌતમ ! આ આપણો આત્મા સમસ્ત પ્રાણીઓના પુત્રરૂપે, પિતારૂપે, પતિરૂપે, પત્નીરૂપે, જમાઇરૂપે અને પુત્રીરૂપે અનેક કે અનંતવાર ઉત્પન્ન થયો છે અને સમસ્ત જીવો પણ આપણા પુત્ર, પિતા, પત્ની, પતિ કે પુત્રીરૂપે પણ અનંતવાર ઉત્પન્ન થયા છે. સારાંશ કે અનંત સંસારની અનંત માયામાં ફસાયેલો આપણો આત્મા અનેક કે અનંત માતા, પિતા, ભાઇ, પુત્રી,

પુત્રવધૂઓ કે જમાઈઓને પોતાનાં આત્મીય બનાવ્યાં છે. અત્યાર સુધીની અનંતાનંત માતાઓનાં પીધેલા દૂધને ભેગું કરવામાં આવે તો તેની આગળ ગંગા અને સિંધુ નદીના પ્રવાહો પણ સાવ પાતળા લાગશે, તેવી રીતે અનંતાનંત ભવોની માયાના કારણે ભોગવેલી હાડમારીઓ, વિયોગો, મારકાટ આદિને લઈને જેટલા પ્રમાણમાં આપણે રૂદન કર્યું છે તે પાણી જો ભેગું કરવામાં આવે તો ગંગા અને સિંધુ નદીના પ્રવાહ કરતાં પણ વધી જાય છે.

માણસને જ્યાં સુધી મોહ અને અજ્ઞાનનો નશો હોય છે, ત્યાં સુધી પોતાના ચાલુ ભવને જ શણગારવા માટે જિંદગી ખપાવી દે છે. પરંતુ જ્ઞાનીઓ કહે છે કે આ ભવની તારી પ્રાણપ્યારી બનેલી પત્ની જેની પાછળ તેં આખી જિંદગી માયાની મસ્તીમાં પૂર્ણ કરી છે, તે કદાચ ગત ભવોની કે આવતા ભવની તારી માતા પણ હોઈ શકે છે કે હોઈ શકશે, અને આ ભવની માતા આવતા ભવની પત્ની પણ બની શકશે; ઇત્યાદિ કારણોને લઈને અત્યંત રાગ કે દ્વેષ કોઈની સાથે રાખીશ નહિ; કેમકે આ સંસાર તો આ ભવ પૂરતો જ છે, અને પ્રાયઃ આ ભવનો એકેય મેમ્બર આવતા ભવને માટે તારા ઉપયોગમાં આવે તેમ નથી.

## સમસ્ત જીવો સાથે શત્રુ સંબંધ :

ભગવંતે કહ્યું કે, 'આપણો જીવ સમસ્ત જીવોનો શત્રુ, વૈરી, મારક કે વધક કે પ્રત્યનીક રૂપે અથવા સમસ્ત જીવો આપણા શત્રુ આદિ રૂપે અનેક કે અનંતવાર ઉત્પન્ન થયા છે.

આખોયે સંસાર આપણને જ્ઞાન પ્રાપ્ત કરાવવા માટે

ઉઘાડેલા પુસ્તકની જેમ પ્રત્યક્ષ છે. કૂતરાં, બીલાડાં, સાંઢ, પાડા, વાઘ, ઉંદરડાં, સર્પ, નોળિયા આદિનાં જાતિવૈર છે, હાડ વૈર છે. એકલા સર્પના શત્રુઓ કેટલા છે? મોર, નોળિયા કે વાંદરા આદિના હાથે ચીરાતા અને વિના મોતે રીબાતા મરતા સર્પોને તમે જોયા છે? મનુષ્ય અવતારમાં અવતરેલા આપણા શત્રુઓની પરંપરા આપણે સૌ પ્રત્યક્ષ અનુભવી રહ્યા છીએ. સગા બાપના હાથે મરાતો કે રીબાતો બેટો, કે સગા બેટાના હાથે મરાતો બાપ, તથા પત્નીઓના હાથે ટીપાતા રીબાતા, ગાળો ખાતા પુણ્યશાળી પુરૂષોને તમે ઓળખી કાઢશો? સંસારમાં સૌથી પ્રથમ આ જ જ્ઞાન–વિજ્ઞાન લેવા જેવું છે.

આવી રીતે આ જીવાત્મા રાજા રૂપે, મંત્રી રૂપે, પ્રજા રૂપે, શેઠ રૂપે, નોકર રૂપે પણ અનંતવાર જન્મ્યો છે અને મર્યો છે.

આ પ્રમાણે પરમ દયાળુ પરમાત્માની વાણી શ્રવણ ગોચર કરીને ગૌતમસ્વામી ઘણા જ પ્રસન્ન થયા અને પુનઃ પુનઃ પરમાત્માને ભાવ વંદના કરતાં પોતાની સાધનામાં સાવધાન થયા.

**શતક ૧૨ નો ઉદ્દેશો સાતમો પૂર્ણ.**

# શતક ૧૨ મું : ઉદ્દેશક–૮

## બે શરીર એટલે શું ?

તે કાળમાં અને તે સમયમાં રાજગૃહી નામની નગરી હતી. એક દિવસ ભગવાન મહાવીર ચતુર્વિધ સંઘ સાથે વિહાર કરતાં ત્યાં પધાર્યા અને શ્રેણિક રાજા અભયકુમાર આદિ વંદન કરવા માટે આવ્યા. પ્રભુએ ઉપદેશ આપ્યો. બારેય પર્ષદા હર્ષિત થઈ પોત પોતાને ઘેર ગઈ. તે સમયે જુદા જુદા પ્રશ્નો દ્વારા જનતાને જ્ઞાન તથા ચારિત્રની પ્રાપ્તિ થાય તે ઈરાદાથી ગૌતમસ્વામીએ ભગવંતને પૂછ્યું કે, 'હે પ્રભો ! કોઇક મોટી ઋદ્ધિવાળો, દ્યુતિવાળો, બલિષ્ઠ, યશસ્વી તથા મહા સુખસંપન્ન દેવ પોતાના દેવભવનું આયુષ્ય પૂર્ણ કરીને તથા ચ્યવીને બે શરીરવાળા નાગની યોનિ ( સર્પયોનિ )માં અથવા હાથીરૂપે શરીર ધારણ કરી શકે છે ?' ( દેવલોકમાંથી ચ્યવી સર્પના અવતારમાં જાય અને ત્યાંથી મનુષ્યત્વ મેળવીને મોક્ષમાં જાય તેને બે શરીરી કહેવાય છે. ) જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે, 'ગૌતમ ! તે દેવ બે શરીરવાળા નાગમાં ઉત્પન્ન થઈ શકે છે.'

અનંત સુખનું સ્થાન મોક્ષ મેળવવા માટે મનુષ્યભવ સિવાય બીજો એકેય ભવ નથી. હાથી ચાહે ગમે તેટલો બળવાન હોય કે સર્પ ચાહે ગમે તેટલો ક્રૂર હોય, અથવા દેવલોકનો દેવ પોતાની બધી શક્તિઓ કામે લગાડી દે તો પણ તેને મોક્ષની પ્રાપ્તિ થઈ શકતી નથી. એટલે કે મોક્ષ મેળવવા માટે પુણ્ય કે પાપ કામમાં આવતું નથી. પરંતુ તે બંનેનો સમૂળ નાશ કર્યા પછી જ મોક્ષ મેળવી શકાય છે.

બીજી વાત આ પ્રશ્નોત્તરથી જણાય છે કે બધાયે સર્પો નરકમાં જ જાય તેવું નથી. અર્થાત્ જંકશન સ્ટેશન પર આવવા માટે જેમ ચાર કે છ એ બાજુના રસ્તા ઉઘાડા હોય છે તેમ મનુષ્ય અવતાર પણ જંકશન છે. માટે ચારે ગતિઓના જીવો મનુષ્ય અવતાર મેળવી શકે છે.

## નાગનો બીજા ભવે મોક્ષ :

કદાચ કોઈ પ્રશ્ન કરે કે, 'દેવ સીધો મનુષ્ય અવતારમાં કેમ નથી આવતો ?' તો જવાબમાં એમ કહેવાયું છે કે, 'જન્મ લેવામાં કોઇની શક્તિ કે ઇચ્છા કામમાં આવતી નથી. પરંતુ પોતાના ઋણાનુબંધ જે જે સ્થાનોમાં જે જે જીવો સાથે ચુકવવાના હોય છે તથા ભવભવાંતરમાં બાંધેલા નિયાણાને વશ થઈ જીવને તે તે યોનિ સ્વીકારવી પડે છે. તેમાં કોઇનું કંઈ પણ ચાલી શકતું નથી.

મોહનીય કર્મની સ્થિતિ લગભગ ૭૦ કોડાકોડીની છે, સંભવ છે કે સર્પયોનિનો ત્યાગ કરી મનુષ્ય અવતારમાંથી મોક્ષ મેળવનાર ભાગ્યશાળીનો આત્મા બે ચાર ભવોમાં મોક્ષની યોગ્યતાવાળાં કર્મો કદાચ બાંધ્યાં હોય પણ તે પહેલાના ભવોમાં સર્પયોનિ માટેની લાયકાત પણ નિકાચિત કરી લીધી હોય અને તે કારણથી મોક્ષગામી આત્મા પણ તેવા ભયંકર નાગના અવતારને મેળવી શકે છે. પણ નવા ચિકણાં કર્મો બાંધવાની લાયકાત તેની નષ્ટ થઈ ગઈ હોવાથી સર્પ કે નાગ–અવતારમાં રહ્યા છતાં પણ ભયંકર કર્મોને બાંધ્યા વિના સીધા મનુષ્ય અવતારમાં આવે છે અને મોક્ષ મેળવે છે.

ચરાચર સંસારનાં કર્મોને તથા જીવોની ગતિ-આગતિને

*પ્રત્યક્ષ કરનારા અરિહંત પરમાત્માઓ કહે છે કે ' સર્પનું અને મનુષ્યનું શરીર આ બે શરીર કહેવાય છે, અને તે દેવ એવી રીતે બે શરીરવાળો થઇને મોક્ષે જાય છે.*

## હાથી કે સર્પ શા માટે પૂજાય છે?

ગૌતમસ્વામીના પ્રશ્નોનો જવાબ આપતાં ભગવંતે ફરમાવ્યું કે ' મોક્ષની લાયકાત મેળવેલો દેવ નાગ( સર્પ કે હાથી )ના અવતારને પામીને બીજાઓ દ્વારા ચંદન કેસર કે ધૂપવડે પૂજાય છે. ' ' હે નાગરાજ ! હે ગજરાજ ! ' આવા માનવાચક શબ્દો વડે સ્તુતિપાત્ર બને છે. તેમનું શરીર બીજાઓ દ્વારા પૂજ્ય બને છે. અને સારાં વસ્ત્રો તથા આભૂષણોવડે સત્કરણીય બને છે તથા વિનયદ્વારા સન્માનિત થાય છે. દેવભવના મિત્ર દેવો તેમનું પ્રાતિહાર્ય અર્થાત્ સર્પનો કે હાથીનો મહિમા જેમ વધે તેમ કરે છે. આ કારણે જ નાગને દેવરૂપ માનીને આજે પણ નાગરાજ પૂજાય છે અને હાથીની સૂંઢ પણ પૂજાય છે. તેમને સોના ચાંદીનાં આભૂષણોથી શણગારાય છે.

## ત્યારે શું નાગપૂજા કરવી?

સંભવ છે કે આજે જે રીતે નાગ( સર્પ )ની કે હાથીની પૂજા વગેરે થાય છે તેમાં ઉપર્યુક્ત કારણ કદાચ હોઇ શકે ! પણ મોટા ભાગે તો પ્રાયઃ સર્પો નારકીયા કીડા જ હોય છે. કેમકે લાખોમાં એકાદને છોડી બાકીના સર્પો મહાક્રોધી ક્રૂર–હિંસક હોવાથી પરઘાતક છે. મનુષ્ય અવતારમાં જેઓના વ્યાપાર–વ્યવહાર ભાષા આદિ બગડેલા હોય તેમને પોતાના કુટુંબના મેમ્બરોથી લઇને જગત સાથે પણ વૈર હોવાથી મરણાંતે સર્પના અવતારને પામે છે. અને ઘણા જીવો દ્વારા ભયભીત

બનેલા સર્પ છુપાઈને રહે છે. તેમ છતાં પણ કદાચ કર્મસંયોગે વાંદરાના હાથમાં સર્પ સપડાઈ જાય તો કાકડી અને કંકોડાની જેમ પથ્થર ઉપર છુંદાઈને મરે છે.

મોરની નજરે પડતાં મોર સર્પને પૂંછડીએ પકડીને આકાશમાં સાથે લઈ જાય છે, પછી ઉપરથી નીચે પટકે છે, જો જીવતો હોય તો ફરીથી પકડીને ઊંચે લઈ જાય છે. આમ સર્પરાજને રીબાઈ રીબાઈને મરવું પડે છે. અને નોળિયા સાથેની સર્પની લડાઈ તમે જોઈ છે? સચેતન, સહૃદય, આસન્ન ભવ્ય પુરૂષને સર્પ અને નોળિયાનું યુદ્ધ જોવામાં આવ્યું હશે તો કંપારી છૂટ્યા વિના નહીં રહી હોય. જ્ઞાની પૂર્વજો કહે છે કે, 'માંડવગઢનાં દટ્ટણ પટ્ટણ જોયા પછી માણસના જીવનમાં દાનેશ્વરિતા ન આવે, સમરાદિત્યની કથા સાંભળ્યા કે વાંચ્યા પછી માણસને ક્રોધના ઉપશમપૂર્વક વૈરાગ્યની પ્રાપ્તિ ન થાય તો, અને સર્પ અને નોળિયાની લડાઈ જોયા પછી 'બાંધેલાં વેરઝેર કેવાં ભયંકર પરિણામો લાવે છે' એમ વિચારતાં બધા જીવો સાથેના વેરઝેર શમાવી મિચ્છામિ દુક્કડં દેવાના ભાવ ન જાગે તો તેમને કમભાગી કે દૂરભવી સમજવા.' આ બધું જાણ્યા પછી ગતાનુગતિક દૃષ્ટિએ નાગપૂજા કે હાથીપૂજા કરવી જૈન શાસનને માન્ય નથી.

## બીજા જીવોની મોક્ષગામિતા :

દેવલોકમાંથી ચ્યવીને તેવા પ્રકારનો દેવ પૃથ્વીકાયિક 'મણિઓ'માં પણ ઉત્પન્ન થાય છે. અને અવતાર પૂર્ણ કરી બીજા અવતારે મનુષ્યત્વને પામી મોક્ષમાં જાય છે, કર્મવશ વનસ્પતિમાં આવી મનુષ્યાવતાર ધારીને બીજે ભવે પણ મોક્ષે

જાય છે. તે મણિ કે વૃક્ષમાં રહેલા જીવનો પૂર્વભવીય મિત્ર દેવ ત્યાં આવીને તે મણિની અને વૃક્ષની પૂજા-સત્કાર, સન્માન સાથે ચંદનથી પણ પૂજા કરે છે. વૃક્ષના મૂળમાં ચબુતરો વિશેષ કરી લીંપી ગુંપીને પણ તે ઝાડનો મહિમા વધારે છે. આ કારણે જ કદાચ મણિઓનો મહિમા વધ્યો હોય તેમ લાગે છે. અરિહંત-દેવોની અંજનશલાકા, પ્રતિષ્ઠા તથા કુંભસ્થાપનામાં પંચરત્નની પોટલી તો આજે પણ વપરાય છે. તથા અમુક ગ્રહો નડતા હોય તો અમુક અમુક મણિને વીંટીમાં નાંખીને આજે પણ પહેરે છે. તેમ છતાં આ રિવાજમાં પણ ગતાનુગતિકતા જોવામાં આવે છે. કેમકે બધા મણિઓ કંઈ તેવા પ્રકારના ભાગ્યશાળીઓના શરીર પર હોતા નથી.

## જીવોની સદ્ગતિ અને દુર્ગતિ શા કારણે ?

સંસારનું સર્જન, પરિસ્થિતિ અને હવામાન આદિ જીવોના શુભ અશુભ કર્મોને આધીન છે. તેવી રીતે મરણોત્તર ગતિ પણ કર્મને આધીન છે. જ્યાં સુધી કર્મોનો એક પણ અણુ જીવના પ્રદેશ સાથે છે ત્યાં સુધી ચાર ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ પણ અનિવાર્ય છે.

પુણ્યકર્મના ફળ સ્વરૂપે જીવનમાં સુખ-શાંતિ સમાધિ, પ્રસન્ન ચિત્ત આદિ હોય તે સદ્ગતિ અને તેનાથી વિપરીત દુર્ગતિ જાણવી. અર્થાત્ દુ:ખ-દારિદ્રય, ભૂખ-તરસ, ઠંડી-ગરમી આદિની વેદનાઓ જ્યાં પ્રચુર માત્રામાં ભોગવવી પડે છે તે દુર્ગતિ છે, જેમાં નારક અને તિર્યંચોના અવતાર સમજવા.

નરક ગતિમાં સ્વાભાવિકરૂપે દુ:ખની પરંપરા છે અને

તિર્યંચ અવતારમાં પરાધીનતા, અવિવેક, પૂર્વભવીય કુસંસ્કારોના કારણે તે જીવો પણ દુઃખી છે.

મનુષ્યાવતારને પામેલો જીવ પોતાની સત્કરણી અને સદ્વિચાર દ્વારા સદ્‌ગતિ અને અસભ્ય, હિંસક આદિ દુષ્ટ કરણીથી દુર્ગતિનો માલિક જેમ થાય છે, તેવી રીતે પશુ અવતારને પામેલા જીવોમાં પણ યદિ સંત સમાગમ, શુભ ભાવના કેળવીને પાપોને, પાપ ભાવનાઓને સર્વથા છોડી દે અથવા છોડવા માટેની તાલીમ મેળવે અથવા અમુક પ્રકારના પાપોને જાણી બૂઝીને પડતાં મૂકી દે તો તે તિર્યંચો પણ સદ્‌ગતિના સ્વામી બની શકે છે. બીજા ભાગના પુસ્તકમાં જેમ આપણે જાણી શકયા છીએ કે તિર્યંચો પણ દેશવિરતિ ધર્મને સ્વીકારી દેવલોકને કે મનુષ્યલોકને મેળવવા માટે ભાગ્યશાળી બને છે. અગણિત દૃષ્ટાંતો શાસ્ત્રનાં પાનાઓ પર સંગ્રહાયેલાં છે. જેમ કે ચંડકૌશિક નાગરાજ, હાથીના શરીરમાં રહેલો રૂપસેનનો જીવ, કાદંબરી અટવીમાં પાર્શ્વનાથ પ્રભુને પૂજતો મદોન્મત્ત હાથી, પરમાત્માની અક્ષતપૂજા કરતું કીર યુગલ, જટાયુ પક્ષી આદિ દૃષ્ટાંતો સૌની જીભ ઉપર રમી રહ્યા છે.

આખી જિંદગીમાં શુદ્ધ શ્રદ્ધાપૂર્વક એક જ સામાયિક કરનાર શ્રાવક, એક જ દિવસની દીક્ષા પાળતો મુનિ, મોક્ષ કે દેવગતિ પ્રાપ્ત કરી શકતો હોય તો જીવનના છેલ્લા શ્વાસ પર્યંત જૈન ધર્મની, પંચ મહાવ્રતધારી ગુરુદેવની અને દયાપૂર્ણ જૈન ધર્મની શ્રદ્ધા રાખનાર માટે શું કહેવાનું હોય ?

## વાંદરા આદિની ગતિ :

હવે આપણે પ્રશ્નોત્તરને જોઈ લઈએ. ગૌતમસ્વામીજી

પૂછે છે કે, ' હે પ્રભો ! ગોળાંગૂલ વૃષભ અર્થાત્ ગાયના પૂંછડા જેવો મોટો યૂથપતિ વાંદરો (ઘણી સંખ્યાની વાંદરીઓનો ભોક્તા), કુક્કુટ વૃષભ અર્થાત્ મોટો કુકડો અને મંડુક વૃષભ (મોટો દેડકો) આ ત્રણે તિર્યંચો યદિ.

નિઃશીલ ( સદાચાર રહિત )

નિર્વ્રત ( અણુવ્રત રહિત )

નિર્ગુણ ( ત્રણ ગુણવ્રત રહિત )

નિર્મર્યાદ ( સદાચારની મર્યાદા રહિત )

અપ્રત્યાખ્યાન ( પાપોના ત્યાગની ભાવનારહિત )

અને પૌષધોપવાસ વિનાના હોય તો તેઓ મર્યા પછી એક સાગરોપમની આયુષ્ય મર્યાદાવાળી રત્નપ્રભા નામની પહેલી નરક પ્રાપ્ત કરશે ?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે, 'ગૌતમ ! તે જીવો જે નરકગતિમાં ઉત્પન્ન થનારા હોય છે, તેમને નારક કહેવામાં વાંધો નથી. જેમ શ્રીમંતનો પુત્ર શ્રીમંત, રાજાનો પુત્ર રાજા અને કુમારી કન્યાને માતા કહી શકીએ છીએ યદ્યપિ અત્યારે શ્રીમંત પુત્ર શ્રીમંતના પર્યાયમાં, રાજપુત્ર રાજાના પર્યાયમાં અને કુમારી કન્યા માતૃત્વના પર્યાયમાં નથી તો પણ ભૂતકાળ અને વર્તમાનકાળનો અભેદ હોવાથી તેમને તેવા સંબોધનથી સંબોધી શકાય છે. તેવી રીતે તિર્યંચગતિમાં રહેલાઓને પણ નારક તરીકે કહી શકીએ છીએ. ઉપચારથી પુણ્યકર્મના ભોગવટામાં ગળાડૂબ થઈ મોટા પાયા પર આરંભસમારંભ

કરનાર મૈથુનકર્મમાં મસ્ત બનીને પરિગ્રહને અમર્યાદિત કરતા શ્રીમંતને પણ આપણે કહીએ છીએ કે, "આ બિચારા નારકીયા કીડા છે."

આજ પ્રમાણે સિંહ, વાઘ, રીંછ, તરસ, ગેંડા, પરાશર અને શરભ આદિ જીવોને માટે પણ જાણી લેવું; તથા ગીધ, કાગડા, વિલયઆદિ હિંસક પંખીઓ માટે પણ જાણવું.'

ભગવાન મહાવીરસ્વામીની સત્ય વાણી સાંભળીને ગૌતમસ્વામીજી કહે છે કે, હે પ્રભો ! આપની વાણી જ યથાર્થ છે, ગંભીર છે અને સત્યાર્થને પ્રકાશિત કરનાર છે.

શતક ૧૨ નો ઉદ્દેશો આઠમો પૂર્ણ.

# શતક ૧૨ મું : ઉદ્દેશક—૯

## દેવોના પ્રકાર સંબંધી વક્તવ્યતા :

સંસારનો પદાર્થ માત્ર ગુણપર્યાયાત્મક હોવાથી તેનો સમ્યગ્ નિર્ણય સાપેક્ષ દૃષ્ટિ વિના થઈ શકતો નથી. કેમકે મૂળ દ્રવ્યની અપેક્ષાએ તે સ્થિર છે અને ગુણપર્યાયોની અપેક્ષાએ તેમાં ઉત્પાદ અને વ્યય રહેલા છે. તેવી રીતે જુદા જુદા નિક્ષેપાઓથી પણ વસ્તુનો નિર્ણય સર્વાંગી થાય છે. એક જ વસ્તુનો વ્યક્તિનો જુદી જુદી અપેક્ષાએ નિર્ણય કરવો તેને નિક્ષેપ કહે છે.

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકરૂપે દેવોના ચાર ભેદ જ આપણે જાણતા હતા. પરંતુ અહીં બીજી બીજી અપેક્ષાએ દેવોના પાંચ ભેદ કહેવાયા છે. (૧) ભવ્ય દ્રવ્યદેવ, (૨) નરદેવ, (૩) ધર્મદેવ, (૪) દેવાધિદેવ, (૫) ભાવદેવ. હવે આ પાંચેય દેવોને આપણે વિસ્તારથી જાણીએ.

### (૧) ભવ્ય દ્રવ્ય દેવ :

હે પ્રભો! ભવ્ય દ્રવ્યદેવને ભવ્ય દ્રવ્યદેવ શા માટે કહો છો? અને આ પદનો અર્થ શો થાય છે?

જવાબમાં પરમાત્માએ ફરમાવ્યું કે, હે ગૌતમ! જે જીવો અત્યારે તિર્યંચ પંચેન્દ્રિયમાં કે મનુષ્યમાં રહેલા હોય અને અહીંથી બીજા ભવમાં દેવયોનિ પ્રાપ્ત કરવાની યોગ્યતા મેળવેલા ભાગ્યશાળીઓને ભવ્ય દ્રવ્યદેવ કહેવાય છે, યદ્યપિ અત્યારે તે દેવત્વને પ્રાપ્ત થયેલો નથી તો પણ 'भवितुमर्हति इति भव्यः' આ ઉક્તિથી ભવિષ્યમાં દેવત્વની યોગ્યતા થઈ

ગયેલી હોવાથી તે તિર્યંચ કે મનુષ્ય ભવ્ય દ્રવ્યદેવથી સંબોધાય છે. જેમ કે અત્યારે 'नमुत्थुणं' ગોખનાર બાળમુનિ ભવિષ્યમાં શ્રુતજ્ઞાની થશે તે કારણે પણ તે જ્ઞાની કહેવાય છે.

**(૨) નરદેવ :**

ગૌતમસ્વામીજીએ ભગવાન મહાવીરસ્વામીને પૂછેલી નરદેવની વ્યાખ્યાના જવાબમાં પ્રભુએ કહ્યું કે, 'જેમ 'पुरुषेषु सिंह इव सिंहः' કહેવાય છે, તેવી રીતે 'नरेषु–नरसमाजेषु देव इव देवः' માણસોમાં જે આરાધ્ય, સેવ્ય, દેવ જેવા રૂપાળા, પૃથ્વીની ચારે દિશાઓમાં પ્રભુત્વ ધરાવનાર, ચક્રરત્ન જેમને પ્રાપ્ત થયું હોય તેવા, નવ નિધાનો જેમનાં ચરણોમાં હોય તેવા, જેમના ભંડાર ભરપૂર હોય તેવા, ૩૨ હજાર મુકુટબંધી રાજાઓથી સેવિત, સમુદ્રપર્યંત પૃથ્વીના સ્વામી એવા ચક્રવર્તીને નરદેવ કહેવાય છે.'

**(૩) ધર્મદેવ :**

ગૌતમસ્વામીજીના પ્રશ્નના ઉત્તરમાં ધર્મદેવની વ્યાખ્યા આપતાં પ્રભુએ કહ્યું કે, 'જેઓ પાંચ સમિતિઓથી સમિત, ત્રણ ગુપ્તિથી ગુપ્ત હોય, દશ પ્રકારે સાધુધર્મમાં સ્થિર હોય તે ધર્મદેવ છે.' દુર્ગતિ તરફ જતા જીવને સદ્ગતિ તરફ લઈ જાય તે ધર્મ છે. 'स्वस्मिन् आत्मनि तिष्ठति स्वस्थः।' અર્થાત્ સંસારની માયામાંથી ઉત્પન્ન થતા તામસિક, રાજસિક, વૈકારિક, વૈભાવિક કે ઔદયિક આદિ ભાવો–વિચારો તથા આચારોનો ત્યાગ કરાવી સાત્ત્વિક, સ્વાભાવિક અને ક્ષાયોપશમિકતા સાથેની સ્વસ્થતા પ્રાપ્ત કરાવે તે ધર્મ છે. આવા કલ્યાણકારી ધર્મના પ્રરૂપક તીર્થંકરો જ હોય છે અને મુનિરાજો તે ધર્મના આરાધક હોવાથી ધર્મદેવ તરીકે સંબોધાય છે.

(૪) દેવાધિદેવ :

ગૌતમસ્વામીજીના પ્રશ્નના ઉત્તરમાં દેવાધિદેવની વ્યાખ્યા સ્પષ્ટ કરતાં પ્રભુએ કહ્યું કે, 'જેમનાં જીવનમાં પારમાર્થિક રૂપે ક્ષાયિકભાવે તથા સાદિ અનંત ભાગે "પરમાત્મતત્ત્વ" પ્રાપ્ત થવાથી જેઓ અજન્મા થયા હોય, અથવા 'देवानामपि देवा.' એટલે કે સામાન્ય જનથી પૂજાતા ભૂત, પ્રેત, રાક્ષસ, નાગકુમાર, બ્રહ્મદેવ, વ્યંતરદેવ, જ્યોતિષ્ક દેવ આદિ કરોડો કરોડો દેવોના પણ જે પૂજ્ય છે, દેવ છે તે દેવાધિદેવ કહેવાય છે. અથવા 'देवेष्वपि अधि-अधिका देवा: देवाधिदेवा:' અર્થાત્ લોકોત્તર ગુણોના ધારક દેવાધિદેવ કહેવાય છે. જ્યારે સામાન્ય દેવો સંસારવર્તી હોવાથી લૌકિક કહેવાય છે કેમકે તેઓ क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति । દેવગતિનું પુણ્ય ક્ષય થયે તેમને ફરીથી જન્મ લેવો સર્વથા અનિવાર્ય છે. જન્મીને પરણે છે, ભોગ વિલાસો માણે છે, વૃદ્ધ થાય છે, પાછા મરે છે. આ પ્રમાણે જન્મ જરા અને મૃત્યુના ચક્રાવે ચઢેલા હોવાથી સામાન્ય દેવો દેવાધિદેવને લાયક બનતા નથી. માટે જેઓએ તપશ્ચર્યા વિશેષથી કેવળજ્ઞાન મેળવેલું હોય તે જ દેવાધિદેવ કહેવાય છે. જેઓ સંસારવર્તી ત્રણે કાળના, ત્રણે લોકના અનંતપર્યાયોથી યુક્ત સંપૂર્ણ દ્રવ્યોને યથાર્થરૂપે જાણે છે, જુએ છે અને પ્રરૂપે છે તે અરિહંત, અર્હત્ સર્વજ્ઞ તીર્થંકર આદિ નામે સંબોધાય છે.

(૫) ભાવદેવ :

ગૌતમસ્વામીજીના પ્રશ્નના ઉત્તરમાં ભગવાને ફરમાવ્યું કે, 'દેવગતિ, દેવાયુ અને દેવ આનુપૂર્વી નામ કર્મના કારણે અત્યારે જેઓ દેવત્વના પર્યાયને ધારણ કરી રહ્યા છે તે ભાવ

દેવ કહેવાય છે, જેમાં નાગકુમાર, સુવર્ણકુમાર, વાયુકુમાર, ઉદધિકુમાર આદિ દેવો અને તેમના ઇન્દ્રો ભવનપતિ દેવ કહેવ ય છે. વ્યંતર, વાણવ્યંતર, કિંનર, કિંપુરુષ, યક્ષ, પ્રેત, ડાકણ, શાકિની, રાક્ષસ, તિર્યગ જૃંભક આદિ દેવો વ્યંતર કહેવાય છે. સૂર્ય ચંદ્ર નક્ષત્ર તારા અને ગ્રહ દેવો જ્યોતિષી દેવ છે. ૧૨ દેવલોકના વૈમાનિકો, ૯ ગ્રૈવયેક દેવો અને ૫ અનુત્તર દેવો જેમાં બ્રહ્મલોક પણ સમાવિષ્ટ છે તે વૈમાનિક કહેવાય છે. ઉપરના બધાયે દેવોને જન્મ છે, મરણ છે, આધિ વ્યાધિ અને ઉપાધિ છે; માટે કેવળજ્ઞાન વિનાના આ દેવો કોઇ કાળે પણ ૩૩ કરોડ દેવો ભેગા મળીને પણ કોઇને કેવળજ્ઞાન અપાવી મોક્ષ પ્રાપ્ત કરાવી શકતા નથી

## પાંચેય દેવોમાં ઉત્પાદની વકતવ્યતા :

(૧) ભવ્ય દ્રવ્યદેવ—

ગૌતમસ્વામીના પ્રશ્નથી ચારે ગતિના કયા કયા જીવો મૃત્યુ પામીને ઉપર કહેલા પાંચે દેવોમાં ઉત્પન્ન થાય છે તેની વિગત વિસ્તારથી કહેવામાં આવી છે.

પ્રશ્ન–'હે પ્રભો ! ભવ્ય દ્રવ્યદેવો કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ? શું નરકગતિમાંથી ? તિર્યંચગતિમાંથી ? મનુષ્ય-ગતિમાંથી ? કે દેવગતિમાંથી ચ્યવીને ભવ્ય દ્રવ્યદેવો થાય છે ? આ પ્રશ્ન છે અને આગળ પણ એજ પદ્ધતિના પ્રશ્નો છે.

જવાબમાં ભગવંતે કહ્યું કે, હે ગૌતમ ! ચારેય ગતિમાંથી નીકળીને જીવો ભવ્ય દ્રવ્યદેવ તરીકે ઉત્પન્ન થાય છે. ( અહીં અવાંતર ભેદો જાણવા માટે પ્રજ્ઞાપના સૂત્રનું છઠ્ઠું વ્યુત્ક્રાન્તિ પદ જોવા માટેની ભલામણ કરવામાં આવી છે. ) પૃથ્વીકાયિક

જીવોથી લઈ ચાર અનુત્તર સ્થાનેથી આવીને આ સ્થાન પ્રાપ્ત કરે છે. પરંતુ અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા અકર્મભૂમિજ પંચેન્દ્રિય તૈર્યંચ અને માનુષ્યો તથા અન્તર્દ્વીપના યુગલિકો તથા સર્વાર્થસિદ્ધ દેવો ભવ્ય દ્રવ્યદેવરૂપે જન્મતા નથી. કેમકે તેમનો ઉત્પાદ ભાવદેવ (દેવલોક) રૂપે થાય છે જ્યારે સર્વાર્થ-સિદ્ધો એકાવતારી જ હોવાથી નિયમા મોક્ષમાં જવાના હોવાથી તે ભવ્યદ્રવ્ય દેવ બનતા નથી. અને પહેલાના ચાર અનુત્તરો તો ભવ્ય દ્રવ્યદેવરૂપે બની શકે છે.

( ૨ ) નરદેવ—

નરક કે દેવગતિમાંથી આવેલા જીવો નરદેવરૂપે જન્મે છે પણ મનુષ્ય કે તિર્યંચ જીવો નરદેવ પદને પામતા નથી. નરકમાં પણ પહેલી નરક ભૂમિના જીવો અને દેવના સર્વાર્થસિદ્ધ સુધીના દેવો મનુષ્ય અવતાર પામીને નરદેવ(ચક્રવર્તી)પદ પામે છે.

( ૩ ) ધર્મદેવ—

ચારે ગતિના જીવો પોતપોતાના સ્થાનથી ચ્યવીને કે મરીને મનુષ્ય અવતાર પામી 'ધર્મદેવત્વ' પદ પામી શકે છે. કેવળ નીચે લખેલા જીવો ધર્મદેવ થઈ શકતાં નથી. છઠ્ઠી નરકના જીવો મનુષ્ય અવતાર પામી શકે છે પણ ચારિત્ર લઈ શકતા નથી. સાતમી નરક, તેજસ્કાય, વાયુકાય, અસંખ્ય આયુષ્યવાળા, અકર્મભૂમિ, કર્મભૂમિ તથા અન્તર્દ્વીપના યુગલિકો, મનુષ્યો અને તિર્યંચો મનુષ્ય અવતાર જ પામી શકતા નથી તો મુનિ-વેષની વાત જ ક્યાં રહી ?

( ૪ ) દેવાધિદેવ—

નરક અને દેવગતિમાંથી આવેલા જીવો દેવાધિદેવ પદને

મેળવે છે; એટલે કે તીર્થંકર બને છે. આનાથી સ્પષ્ઠ છે કે મનુષ્ય અથવા તિર્યંચ ગતિના જીવો મનુષ્ય અવતારને પામી શકે છે. પણ તીર્થંકર બની શકતા નથી. દેવગતિમાંથી પણ વૈમાનિકથી યાવત્ સર્વાર્થસિદ્ધ દેવ સમજવા. જ્યારે નરકમાં પહેલી ત્રણ નરક સમજવી. ભવનપતિ, વ્યંતર કે જ્યોતિષી દેવો તીર્થંકર બનતા નથી.

( ૫ ) ભાવદેવ—

ભાવદેવ માટે પ્રજ્ઞાપના સૂત્રના છઠ્ઠા પદ અનુસારે જાણી લેવું.

## પાંચે દેવોની સ્થિતિ સંબંધી વકતવ્યતા :

ભવ્ય દ્રવ્યદેવની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની છે. કેમકે અન્તર્મુહૂર્તના આયુષ્યવાળા પંચેન્દ્રિય તિર્યંચો દેવોમાં ઉત્પન્ન થાય છે. જ્યારે ઉત્તરકુરુ આદિ યુગલિકોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની છે અને નિયમા દેવલોકના જ મહેમાન છે.

નરદેવ બ્રહ્મદત્ત ચક્રવર્તીની અપેક્ષાએ જઘન્યથી ૭૦૦ વર્ષની અને ભરતની અપેક્ષાએ ઉત્કૃષ્ટથી ૮૪ લાખ પૂર્વની સમજવી.

ધર્મદેવની જઘન્ય સ્થિતિ અપ્રમત્ત સંયમના કારણે અન્તર્મુહૂર્તની અને પ્રમત્ત સંયમીની એક સમયની છે; કેમકે જેમનું આયુષ્ય અન્તર્મુહૂર્તનો શેષ હોય અને ચારિત્ર લીધું હોય તે દૃષ્ટિએ જઘન્ય સ્થિતિ ફલિતાર્થ થાય છે. જ્યારે ઉત્કૃષ્ટ સ્થિતિ દેશોનપૂર્વ કોટિની છે, તે તેટલા આયુષ્યવાળા જીવોના ચારિત્ર-ગ્રહણની અપેક્ષાએ સમજવી અને પૂર્વકોટિમાં જે દેશોનતા ( એટલે કંઈક કમ ) જે કહ્યું છે તે પૂર્વકોટીમાં

આઠ વર્ષ ઓછા થવાના કારણે કહ્યું છે. કેમકે દીક્ષાગ્રહણ આઠ વર્ષ વીત્યા પછી કરવામાં આવે છે. (છ વર્ષ અને ત્રણ વર્ષની ઉંમરના અતિમુક્તક તથા વૈરસ્વામીની દીક્ષાની વાત તો સર્વથા ગૌણ હોવાથી સૂત્રકારે તેની નોંધ લીધી નથી.)

દેવાધિદેવની જઘન્ય સ્થિતિ મહાવીરસ્વામીની અપેક્ષાએ ૭૨ વર્ષની અને ઋષભદેવની અપેક્ષાએ ઉત્કૃષ્ટથી ૮૪ લાખ પૂર્વની છે.

ભાવદેવોની જઘન્ય સ્થિતિ ૧૦ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની છે.

## તેમની વિકુર્વણા માટેની વકતવ્યતા :

ભગવાને ફરમાવ્યું કે, 'ભવ્ય દ્રવ્યદેવ, નરદેવ તથા ધર્મદેવ વૈક્રિય લબ્ધિસંપન્ન મનુષ્યો અને તિર્યંચ પંચેન્દ્રિયો પોતાની વૈક્રિય શક્તિથી એક તથા અનેક રૂપની વિકુર્વણા કરવા શક્તિમાન છે. જ્યારે એક રૂપની વિકુર્વણા કરે છે ત્યારે એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરીન્દ્રિય અને પંચેન્દ્રિય જીવના રૂપનું નિર્માણ કરી શકે છે અને અનેક રૂપ કરવા હોય તો એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી જીવોના સંખ્યાત–અસંખ્યાત રૂપો પોતાની સાથે સંબંદ્ધ કે અસંબદ્ધ સરખા કે અણસરખા વર્ણાદિથી યુક્ત વિકુર્વણા કરે છે અને તેમ કરીને તેઓ ઈચ્છાનુસાર પોતાનાં કાર્યો કરે છે.

દેવાધિદેવો યદ્યપિ વિકુર્વણા કરવા માટે પૂર્ણ સમર્થ છે તથાપિ સર્વથા કૃતકૃત્ય હોવાથી કોઇ દિવસ વિકુર્વણા કરતા નથી, કરી નથી અને કરશે પણ નહિ.

ભાવદેવો એક અથવા અનેક રૂપો કરે છે.

## તે દેવોની ઉત્પત્તિ માટેની વક્તવ્યતા :

'હે પ્રભો ! ભવ્ય દ્રવ્યદેવો પોતાના વિદ્યમાન ભવનો ત્યાગ કરીને ક્યાં અવતરે છે ?' આ પ્રશ્ન છે.

જવાબમાં પ્રભુએ કહ્યું કે 'તે નરક યાવત્ પંચેન્દ્રિય મનુષ્યમાં ઉત્પન્ન થતા નથી પરંતુ તેમનામાં દેવભવ સ્વભાવતઃ ભાવી હોવાના કારણે ચારે નિકાયના ગમે તે દેવલોકમાં જન્મે છે.

નરદેવો મનુષ્ય કે તિર્યંચમાં જન્મતા નથી પરંતુ વિષય વાસનામાં રચ્યાપચ્યા રહેવાથી નરકગતિમાં જાય છે. યદિ તેઓ મુનિવેષ સ્વીકારે તો ભાવદેવમાં જન્મે છે પરંતુ ગૃહસ્થવેષમાં નિયમા નરક છે. અને સાતે ય નરકો તેમના માટે ઉઘાડાં છે.

ધર્મદેવ(મુનિઓ તથા સાધ્વીઓ)ને માટે નિયમા દેવ-ગતિ જ છે. કેમકે દેવાયુના બંધવાળાને જ ચારિત્રની પ્રાપ્તિ શક્ય છે. દેવયોનિમાં પણ વૈમાનિક યાવત્ સર્વાર્થસિદ્ધ વિમાન છે.

ભાવસંયમીને માટે ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ દેવલોક નથી જ્યારે કેટલાક ધર્મદેવો કર્મોનો ક્ષય કરી મોક્ષમાં પણ જાય છે. જ્યારે દેવાધિદેવોને મોક્ષ સિવાય બીજે ક્યાંય પણ જન્મ નથી. ભાવદેવો ચ્યવીને પૃથ્વીકાયાદિમાં જન્મે છે અને અસુરકુમારથી લઈ ઈશાન દેવલોક સુધીના દેવો પણ પૃથ્વીકાયમાં જન્મી શકે છે.

## તેમની સ્થિતિ આદિનું વર્ણન :

કેવળ ધર્મદેવની સ્થિતિ જઘન્યથી એક સમયની છે. (શુભ ભાવોની પ્રાપ્તિ પછી જ મરણ પામે છે.) અને ઉત્કૃષ્ટ સ્થિતિ

દેશોનપૂર્વ કોટિની છે. વિરહકાળ માટે જાણવાનું કે ભવ્ય દ્રવ્યદેવને કાળ કરી પુનઃ તે પ્રર્યાયને પ્રાપ્ત કરવામાં ૧૦ હજાર વર્ષ ઉપર અન્તર્મુહૂર્તનો અંતર પડે છે. કેમકે ભવ્ય દ્રવ્યદેવ મરણ પામી ૧૦ હજારની સ્થિતિવાળો વ્યંતરદેવ થાય છે અને ત્યાંથી ચ્યવીને એક અંતરમુંહૂર્ત સુધી શુભ પૃથ્વીકાયાદિમાં ઉત્પન્ન થઈ પુનઃ ભવ્ય દ્રવ્યદેવ અવસ્થા પ્રાપ્ત કરે છે. માટે ૧૦ હજાર વર્ષ ઉપર એક અન્તરમુહૂર્તનો કાળ કહેવાયો છે. નરદેવોને ફરીથી નરદેવ થવામાં એક સાગરોપમ કરતાં સહેજ વધારે સમય લાગે છે. કેમકે ચક્રવર્તી મરીને પહેલી ભૂમિમાં એક સાગરોપમનું આયુષ્ય ભોગવીને પાછો નરદેવરૂપે થાય છે. ચક્રરત્ન ઉત્પન્ન થયા પછી જ તે નરદેવ કહેવાય છે અને તેની પ્રાપ્તિમાં થોડો સમય લાગી જવાના કારણે જ એમ કહેવાયું છે. જ્યારે નરદેવનો ઉત્કૃષ્ટ વિરહકાળ અર્ધપુદ્ગલ પરિવર્ત કહેવાયો છે. કેમકે સમ્યકૃદૃષ્ટિ જીવોને ચક્રવર્તીપદ પ્રાપ્ત થાય છે અને સમ્યક્ત્વ પ્રાપ્ત જીવોને વધારેમાં વધારે અર્ધપુદ્ગલ પરાવર્ત જ શેષ હોય છે. તો કોઈ જીવ પોતાના અંતિમ ભવમાં ચક્રવર્તીપદ પ્રાપ્ત કરે તો પહેલા અને અંતિમ ભવની વચ્ચે અર્ધપુદ્ગલ પરિવર્ત સમય પસાર થાય છે.

ધર્મદેવના વિરહકાળ માટે કહેવાયું છે કે, જઘન્યથી પલ્યોપમ પૃથક્ત્વ અને ઉત્કૃષ્ટથી અનંતકાળ સુધીનો હોય છે. અહીં ખાસ સમજવાનું કે અર્ધપુદ્ગલ પરાવર્તનકાળ કરતાં અનંતકાળ કંઈક ન્યૂન હોય છે. જઘન્યનું કારણ આપતાં કહેવાયું કે ચારિત્ર પાળીને સૌધર્મકલ્પમાં પલ્યોપમ પૃથક્ત્વ આયુષ્યવાળો દેવ થયો અને ત્યાંથી ચ્યવીને મનુષ્ય શરીર મેળવી ફરીથી ચારિત્ર સ્વીકારે તે આશયથી પલ્યોપમ પૃથક્ત્વ કહેવાયું છે. યદ્યપિ ચારિત્ર સ્વીકાર કરવામાં ધારો કે આઠ વર્ષની

ઉંમરમાં ચારિત્ર લીધું હોય તો પલ્યોપમ પૃથક્ત્વ કરતાં આઠ વર્ષ વધારે કહેવું જોઈતું હતું પણ તેમ કહ્યું નથી. માટે ચારિત્ર વિનાનો કાળ પલ્યોપમ પૃથક્ત્વમાં સમાવિષ્ટ સમજવો.

ભાવદેવનો વિરહકાળ જઘન્યથી અન્તર્મુહૂર્ત કહેવાનું કારણ એ છે કે દેવલોકથી ચ્યવીને કોઈક જીવ મનુષ્ય કે તિર્યંચ-રૂપે અવતરીને અન્તર્મુહૂર્તમાં જ કાળ કરીને પાછો દેવાવતાર મેળવી શકે. અને ઉત્કૃષ્ટથી વનસ્પતિની કાળમર્યાદા અનંત ઉત્સર્પિણીની હોવાથી દેવનો વિરહકાળ પણ તેટલો જ સમજવો. કેમકે વિષયવાસનામાં લુબ્ધ બનેલો દેવ વનસ્પતિકાયમાં જાય છે ત્યાં તેને તેટલો સમય રહેવાનું હોવાથી કદાચ તે જીવ પાછો દેવ બને તે અપેક્ષાએ આ સૂત્ર–વચન છે.

**અલ્પબહુત્વ કાળ :**

સૌથી થોડા નરદેવો હોય છે.
તેનાથી સંખ્યાતગણા વધારે દેવાધિદેવો હોય છે.
તેનાથી ધર્મદેવો સંખ્યાતગણા છે.
ભવ્ય દ્રવ્યદેવો તેમનાથી પણ અસંખ્યાત છે.
અને ભાવદેવો તેનાથી અસંખ્યાતગણા છે.

**ભાવદેવોનું અલ્પબહુત્વ :**

અનુત્તરૌપપાતિક ભાવદેવો સૌથી ઓછા છે.
ઉપરિત્રિકના ત્રણ ગ્રૈવેયકો તેનાથી સંખ્યાતગણા.
મધ્યમત્રિકના ગ્રૈવેયિકો તેનાથી સંખ્યાતગણા.
બારમા દેવલોકના સંખ્યાતગણા વધારે જાણવા.
પછી ક્રમશઃ આરણ અને આનતમાં સંખ્યાતગણા.

ત્યારપછી સહસ્રાર, મહાશુક્ર, લાંતક, બ્રહ્મલોક, માહેન્દ્ર, સનત્કુમાર, ઈશાનમાં ક્રમશઃ અસંખ્યાતગણા વધારે છે. સૌધર્મમાં સંખ્યાતગણા વધારે જાણવા. ભવનવાસી દેવો અસંખ્યાતગણા, તેનાથી વ્યંતરો અસંખ્યાતગણા અને જ્યોતિષો તેનાથી પણ અસંખ્યાતગણા વધારે જાણવા.

આ પ્રમાણે દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામીની વાણી સાંભળીને ગૌતમસ્વામી પ્રસન્ન થયા. ઈન્દ્રો અને દેવો ખુશ થયા અને સૌ કોઈ જૈનશાસનની આરાધના કરી નિર્જરા તત્ત્વ તરફ પ્રસ્થાન કરવા માટે કટિબદ્ધ થયા અને ભગવાન મહાવીરને ભાવ તથા દ્રવ્યવંદના કરી પોતપોતાના સ્થાને ગયા.

શતક ૧૨નો નવમો ઉદ્દેશો પૂર્ણ

# શતક ૧૨મું : ઉદ્દેશક–૧૦

## આત્મા કેટલા પ્રકારે છે ?

બારમા શતકના દશમા અને છેલ્લા ઉદ્દેશામાં ગૌતમ-સ્વામીજીએ આત્મા સંબંધી ભિન્ન ભિન્ન પ્રકારે પ્રશ્નો પૂછ્યા છે કારણ કે આ બ્રહ્માંડમાં સૌથી પહેલી જાણવા માટેની કોઈ વસ્તુ હોય તો તે આત્મા છે. તેના અભાવમાં પૂરા સંસારની મુસાફરી કરનારા, પ્લેનમાં ઉડનારા મોટા મોટા શ્રીમંતો, સત્તાધારીઓ અને ડીગ્રીધારીઓના જીવનમાં પણ અધૂરાપણું જ રહેવાનું છે. આત્માની ઓળખાણ વિનાના માણસને પરમાત્માની પણ ઓળખાણ સત્ય સ્વરૂપે શી રીતે થશે ? જેને પોતાના નિજત્વનું ભાન અને જ્ઞાન નથી તે પારકા પદાર્થોનું યથાર્થ અને પૂર્ણજ્ઞાન શી રીતે પ્રાપ્ત કરશે ? અને તે વિના તેની સાધના–ભક્તિ–ઉપાસના–તપ–જપ-ધ્યાન અને દાનાદિ ક્રિયાઓ ઘઉંના ખેતરમાં ઘાસની ઉત્પત્તિથી વધુ બીજું કયું ફળ આપશે ? ૮૪ લાખ જીવાયોનિમાંથી ઉત્કૃષ્ટતમ મનુષ્ય અવતારને પામ્યા પછી પણ માણસ દંભી, માયા મૃષાવાદી, હિંસક, દુરાચારી બનતો હોય તો તેનાં ઘણાં કારણોમાં મુખ્ય કારણ આત્માની ઓળખાણનો અભાવ એ જ છે. માટે જ આધ્યાત્મિક આચાર્યોનું એક જ કથન છે કે 'લાખો કરોડો પ્રકારના પૌદ્ગલિક પદાર્થોનું જ્ઞાન મેળવતાં પહેલાં તમે 'આત્મા'નું સત્યાર્થજ્ઞાન મેળવવા માટે જ પ્રયત્ન કરજો જેથી તમારી અજ્ઞાનગ્રંથિઓ છેદાશે, મિથ્યાજ્ઞાનનો ભૂતડો પલાયન થશે, વિપરીત જ્ઞાનરૂપી પિશાચને ઊભા રહેવાનું પણ સ્થાન નહિ મળે. તેમ જ કામરૂપી ગુંડો, માનરૂપી અજગર, માયા નામે નાગણ, લોભ નામે

રાક્ષસ તથા સંસારની માયારૂપ ડાકણ સર્વથા શક્તિહીન થયા પછી તમારે સ્વાધીન બનશે.

રૂપઘેલી તથા મોહઘેલી કોશા વેશ્યાને સમજાવતાં શ્રી સ્થૂલીભદ્ર મુનિરાજે કહ્યું હતું કે 'કોશા! તારા શરીરના રૂપરંગ કરતાં પણ તારો આત્મા વધારે રૂપાળો છે, તે તું કેમ જોતી નથી? સમજી લે જે કોશા! આ તારું નમણું શરીર, મદભરી કમર, લીંબુની ફાડ જેવી આંખ, લાલ હોઠ, અને યુવાનીનાં તોફાનમાં ચકડોળે ચડેલી આ તારી શરીરયષ્ટિ તો એક દિવસે રાખમાં મળી જશે. આ તારા કાળા ભંમર અને સુંવાળા વાળનો કાળી નાગણ જેવો ચોટલો ઘાસના પૂળાની જેમ ફરરર કરતાં બળીને ખાખ થશે. તેલની માલીશ કરીને મજબુત થયેલા અને માખણના પીંડ જેવાં ચમકદાર હાડકાં અને ચામડાં સૂકાં લાકડાંની જેમ અગ્નિદેવને શરણ થતાં ભસ્મસાત્ થશે. માટે ભાડાના મકાન જેવા તારા આ શરીરમાં રહેલા આત્મ-દેવની ઓળખાણ કર, જેથી તારો આત્મા તને અજર–અમર અને અનંત શક્તિના માલિક જેવો લાગશે. કોશા! ભોગ-વિલાસોના માધ્યમથી શરીરને પાપનું ઘર બનાવીશ નહિ. કેમકે કામદેવને તાંડવનૃત્ય કરવા માટે સ્ત્રીનું શરીર તો માયાનું મંદિર છે અને માછલાં જેવા જુવાન માણસોને પોતાના ચક્કરમાં ફસાવવા માટે જાળ છે, તે તું સમજ, બરાબર સમજ. એકાંતમાં આંખો બંધ કરીને તું તારા આત્માનો વિચાર કરજે, જેથી શરીરની મસ્તીની માયા તારી છૂટશે અને આત્મા સાથે માયા બંધાશે. કોશા! ક્ષણભંગુર શરીરને પંપાળવા કરતાં આત્માને પંપાળતી થજે.' અને એક દિવસ મદભરેલી કોશા વેશ્યાએ શ્રી સ્થૂલીભદ્રમુનિના ચરણોમાં

મસ્તક ઝુકાવી દીધું તથા વ્રતોના પાલનથી ઇતિહાસના પાને અમર બની ગઈ.

આ અને આવી બીજી કથાઓથી પણ આપણે જાણી શકીએ છીએ કે આત્માની ઓળખાણ જ સૌ પ્રથમ કરવાની જરૂર છે. કેમકે અરૂપી અદૃશ્ય અને અલક્ષ્ય આત્માનું સત્ય જ્ઞાન કરવું તેમાં ભલભલાએ ગોથાં ખાધાં છે. માટે જ સંસારની માયામાં પૂરેપૂરા રંગાયેલા સ્વાર્થાન્ધ પંડિતો કે મહાપંડિતો પણ આત્માની ઓળખાણ પોતે જ કરી શક્યા નથી, તો તેમના હજારો-લાખો શ્લોકોમાં તે બીજાઓને આત્મજ્ઞાન શી રીતે કરાવી શકશે? પરમાત્માના નામનાં ટીલાં ટપકાં કરવામાં આખી જિંદગી પૂર્ણ કરીને પણ તેઓ બીજાને આત્મજ્ઞાન સત્યરૂપે કરાવી શક્યા નથી. માટે જ સંસારમાં માંસાહાર, શરાબપાન, વેશ્યા ગમન, જુગાર, રમીની રમત, પરસ્ત્રી ગમન, પરપુરૂષ ગમન આદિ દૂષણો સંસારને કદરૂપો બનાવવા માટે કારણભૂત બન્યાં છે. તેથી ભાઈ-ભાઈના, પિતા-પુત્રના, નણંદ-ભાભીના, સાસુ-વહુના ક્લેશોથી માનવ-જાત સર્વથા કમજોર બની છે, પરિણામે આધ્યાત્મિક ગ્રન્થોનું વાચન છે પણ જીવન આસુરી છે. ભગવાનની બાહ્ય ભક્તિનાં ભક્તિવેડાં છે, પણ આત્મારામ કોરા ધાકોર જ રહેવા પામ્યા છે.

આ બધાં કારણોને લઇને દેવાધિદેવ, સર્વજ્ઞ, નિરંજન, તીર્થંકર ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે: હે આત્મન્! તું તારી જાતને પહેલાં ઓળખી લે. તારા ગુણો અને પર્યાયોનું યથાર્થ જ્ઞાન મેળવી લે. તારા વૈકારિક અને સ્વાભાવિક ભાવોનો નિર્ણય પહેલાં કરી લે. આ જ કલ્યાણ છે, મોક્ષ છે અને આત્મોન્નતિ માટેનું પ્રથમ સોપાન છે.

ભાવદયાના સ્વામી, જીવ માત્રના પરમ મિત્ર, માયાવી–પાપી–કામી–ક્રોધી માનવોના હિતેચ્છુ, કીડા–મકોડા–પૃથ્વી–પાણી-અગ્નિ–વનસ્પતિ આદિ જીવોને અભયદાન દેનારા, આંખોમાં અમી, જીભમાં મીઠાશ, હૃદયમાં દયા, કરણીમાં ક્ષમા અને ચાલવા ફરવામાં પૂર્ણ ઉપયોગી ગૌતમસ્વામીએ ભગવંતને પૂછ્યું કે, 'હે પ્રભો! આત્મા કેટલા પ્રકારે છે?'

જવાબમાં સ્યાદ્વાદના સ્વામી, નયવાદથી સાપેક્ષ ભાષા-વાદી ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે, 'હે ગૌતમ! આત્માના આઠ પ્રકાર(ભેદ) છે. સ્થાનાંગસૂત્રમાં 'एगे आया' 'આત્મા એક છે' કહીને ભગવતી સૂત્રમાં ભગવંત આત્માને આઠ પ્રકારે કહે છે. આમાં તથ્યાંશ એ છે કે નિરપેક્ષ એટલે કે દ્રવ્ય માત્રમાં અન્ય અન્ય બીજા અનંત ધર્મો(પર્યાયો)ની વિદ્યમાનતા પ્રત્યક્ષ જોવાઈ રહી હોય ત્યારે તેમની અપેક્ષા રાખ્યા વિના જ કેવળ ભાષાવ્યવહારમાં 'જ' 'एवमेव' 'ही' શબ્દનો પ્રયોગ કરીએ તો નિરપેક્ષ ભાષા હોવાથી જૂઠી ભાષા છે. અને આવો ભાષા-વ્યવહાર માણસના અને સમાજના જીવનમાં વૈર–વિરોધ–કલેશ આદિ દૂષણો ઊભાં કરે છે. માટે અનંતજ્ઞાની કેવળીઓની ભાષા નિરપેક્ષ નહિ પણ સાપેક્ષ હોય છે.'

## સાપેક્ષવાદ :

"एकस्मिन् वस्तुनि-पदार्थे-द्रव्ये पृथक् पृथक् अपेक्षाभिः सहितो यो वादः ( कथन ) स सापेक्षवादः ।"

એટલે કે કોઈ એક પદાર્થમાં રહેલી ભિન્ન ભિન્ન અવસ્થા-ઓનો ખ્યાલ રાખીને પદાર્થોનો નિર્ણય કરવો તે સાપેક્ષવાદ છે. એટલું ધ્યાન રાખવાનું કે પંચ મહાવ્રત–જેમ સંવરધર્મ

છે, તેમ સાપેક્ષવાદ કોઈ સ્વતંત્ર ધર્મ નથી કે મહાવીરસ્વામી જ તેના ઉત્પાદક કે વાચક નથી. પરંતુ વસ્તુમાત્રના સત્ય જ્ઞાનને મેળવવા માટે જુદી જુદી અપેક્ષાએ તેમાં રહેલા અસ્તિત્વધર્મોનો સ્વીકાર અને નાસ્તિત્વ પર્યાયોનો પરિહાર કરી ભાષાવ્યવહાર કરવો તે સાપેક્ષવાદ છે.

અનંતાનંત ચેતન કે અચેતન પદાર્થોથી પૂર્ણ હોવાથી પ્રત્યક્ષ દેખાતા આ બ્રહ્માંડને નિશાળ( School )ની ઉપમા આપવામાં આવી છે અને મનુષ્ય યોનિ પ્રાપ્ત મનુષ્યને વિદ્યાર્થીની ઉપમા આપી છે.

અનંત સંસારના માયા પ્રપંચના ઘેનમાં બેભાન બનેલો જીવાત્મા સંખ્યાત–અસંખ્યાત કે અનંતભવોમાં સ્પષ્ટ કે અસ્પષ્ટ અકથનીય વેદનાઓને ભોગવીને સારી રીતે થાકી ગયા પછી જ કોઈ એકાદ ભવમાં મનુષ્ય અવતાર પ્રાપ્ત કરવા માટે ભાગ્યશાળી બને છે. આવી પરિસ્થિતિમાં પણ તે ભાગ્યશાળી જો સત્યજ્ઞાન મેળવવા માટે પ્રયત્નશીલ ન બની શક્યો તો પાછો અનંત સંસારના ગર્તમાં પટકાઈ ગયા વિના રહી શકે તેમ નથી. અને આવી રીતે તો આ જીવાત્માએ અનંત વાર મનુષ્ય અવતારો મેળવ્યા અને ફોગટ ગુમાવી પણ દીધા છે.

આ ભવનો આંટો સાર્થક કરવો હોય, પરમાત્માની કૃપા મેળવવી હોય, સદ્‌ગતિઓના સ્વામી બનવું હોય, સંસારના બધાયે મનુષ્યો સાથે મૈત્રીભાવ કેળવવો હોય તો ભાષાવ્યવહારને સુધાર્યા વિના છુટકારો નથી; કેમકે અહિંસક–સત્યવાદી કે સદાચારી જીવનનો મૂળ પાયો જ ભાષાવ્યવહાર છે જેને સુધાર્યા વિના સંસારનો કોઈપણ માણસ મૈત્રીભાવ–પ્રમોદભાવ, કારુણ્યભાવ કે ઉપેક્ષાભાવને કેળવી શકવાનો નથી.

કેવળ મૈત્રીભાવના રાગડા તાણવા એ જુદી વાત છે અને જીવનના અણુઅણુમાં મૈત્રીભાવ કેળવવો તે જુદી વાત છે. આ બધી વાતોનું ધ્યાન રાખીને જ ભગવંતે કહ્યું કે, ' વ્રત–નિયમ–સદ્નુષ્ઠાન કે ધ્યાન આદિને ફલિતાર્થ કરવા માટે ભાષાવ્યવહારને સાપેક્ષ બનાવવાની તાલીમ સૌ પહેલાં લેવાની જરૂર છે. અન્યથા સૌની સાથે વેર–ઝેર–કલેશ–કંકાસ–મારકૂટ આદિ તત્ત્વોને જીવનમાં પ્રવેશ કરતાં અટકાવી શકાશે નહિ.

વસ્તુ એક જ છે, વાત એક જ છે, જેમકે ગૃહસ્થાશ્રમને ભોગવતા કંટાળી ગયેલા માનવોએ બીજા જાત ભાઈઓની કે દેશ-વાસીઓની સેવા કરવા માટે એક સંસ્થા ઊભી કરી. હવે આ લક્ષ્ય કે ધ્યેય બરોબર રહે ત્યાં સુધી વાંધો નથી પણ સ્વાર્થવૃત્તિના કારણે જ્યારે તે સંસ્થામાં ભંગાણ પડશે ત્યારે એક સંસ્થા-માંથી બીજી, ત્રીજી સંસ્થા ઊભી થઈને માનવસેવા માટે ઊભી થયેલી તે સંસ્થા જ માનવ સેવાને બદલે માનવ સમાજનો કે માનવતાનો દ્રોહ કરનારી બની જશે. આ કારણે જ સંસાર દુઃખી છે, શ્રીમંત દુઃખી છે, સત્તાધારી દુઃખી છે. અને સૌને વૈકુંઠવાસ, વિષ્ણુવાસ કે મોક્ષ અપાવનાર ભાગ્યશાળીઓ પણ પોતાનો ભાષાવ્યવહાર યદિ સાપેક્ષ બનાવવા ન પામે તો તે મહાદુઃખી છે.

વસ્તુની યથાર્થતા જાણવા માટે સાપેક્ષવાદ માપદંડ છે, જેની રૂપરેખા પહેલા અને બીજા ભાગમાં અપાઈ ગયેલી હોવાથી હવે આપણે મૂળ પ્રશ્નોત્તરની ચર્ચા કરીએ.

ગૌતમસ્વામીના પ્રશ્નના ઉત્તરમાં સ્યાદ્વાદી ભગવંત મહા-વીરસ્વામીએ પર્યાયાસ્તિક નયની અપેક્ષાએ આત્માના આઠ ભેદ કહ્યા છે તે આ પ્રમાણે :—

(૧) દ્રવ્યાત્મા, (૨) કષાયાત્મા, (૩) યોગાત્મા,
(૪) ઉપયોગાત્મા, (૫) જ્ઞાનાત્મા, (૬) દર્શનાત્મા,
(૭) ચારિત્રાત્મા, (૮) વીર્યાત્મા.

હવે આપણે ભાવાર્થ જાણીએ.

**(૧) દ્રવ્યાત્મા—**

જે અપરાપર પર્યાયોને તથા સ્વકીય અને પરકીય જ્ઞાનાદિ ગુણોને નિરંતર પ્રાપ્ત કરનાર તે દ્રવ્યાત્મા છે. "अतति-अधिगच्छति इति आत्मा" આ વ્યુત્પત્તિથી ઉપયોગ સ્વભાવી આત્મા પદાર્થોને નિરંતર જાણતો રહે અથવા જુદા જુદા પર્યાયોને લેતો જાય તેમ મૂકતો જાય તે દ્રવ્યાત્મા છે. અથવા કષાયાદિ પર્યાયોને ગૌણ કરે ત્યારે શુદ્ધ દ્રવ્યરૂપ પોતાના સ્વભાવને પ્રાપ્ત થયેલો આત્મા તે દ્રવ્યાત્મા છે.

દ્રવ્ય અને પર્યાયોનું મિશ્રણ જ સંસાર છે. તે કારણે જ સંસારનું કે તેના કોઇ પણ પદાર્થનું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય છે ત્યારે તેને બે દૃષ્ટિથી જોવું જોઇએ. અને તે તે શબ્દથી ભાષાવ્યવહાર કરવો જોઇએ. કેમકે સંસારભરના અનંતાનંત પર્યાયોમાં દ્રવ્યતત્ત્વની વિદ્યમાનતા કોઈ કાળે અને કોઈનાથી પણ નકારી શકાતી નથી. તેવી રીતે કોઇ પણ દ્રવ્ય પર્યાય વિનાનું હોઈ શકતું નથી. આ પ્રમાણે પદાર્થમાત્રમાં બંને તત્ત્વો (દ્રવ્ય પર્યાય) રહેલા જ છે ત્યારે તેમને બે દૃષ્ટિથી જોયા વિના છુટકો નથી.

એક દૃષ્ટિ છે દ્રવ્યાસ્તિક નયની. એટલે પદાર્થમાત્રમાં રહેલા પર્યાયોને ગૌણ કરીને કેવળ તેના દ્રવ્ય સંબંધી જ વિચારણા કરવી.

બીજી દૃષ્ટિ પર્યાયાસ્તિક નયની. એટલે વિદ્યમાન દ્રવ્યની વિચારણા ન કરતાં તે દ્રવ્ય જે જે પર્યાયોમાં રહેલું હોય તે પર્યાયોની જ વિચારણા કરવી.

જેમકે 'આત્મા નિત્ય છે.' આવો ભાષાવ્યવહાર એટલા માટે સત્ય છે કે દ્રવ્યની દૃષ્ટિએ આત્મતત્ત્વ નિત્ય તથા શાશ્વત જ છે.

અને 'આત્મા અનિત્ય છે.' આવો ભાષાવ્યવહાર પણ એટલા માટે સત્ય છે કે આત્મામાં રહેલા સહભાવી ગુણો અને ક્રમભાવી પર્યાયો પ્રતિ સમયે નવા નવા આવતા રહે છે અને જતા રહે છે, માટે પર્યાયો તરફ જ દૃષ્ટિ રાખીને 'આત્મા અનિત્ય છે.' આવો ભાષાવ્યવહાર પણ સત્ય હોય છે. દ્રવ્યત્વની અપેક્ષાએ આત્મા 'અરૂપી' છે પણ જુદા જુદા પર્યાયોના કારણે તેમાં હલન ચલન દેખાતું હોવાથી આત્માને 'રૂપી' કહેવામાં પણ જૈન શાસનને બાધ નથી. આમ બંને પ્રકારે કરાતો ભાષાવ્યવહાર જ સાપેક્ષ ભાષણ છે, જે સર્વથા સત્ય છે. આ સીધું સાદુ 'તત્ત્વ અનાદિ કાળથી ભાષામાં બોલાય છે અને સંસારનું પ્રાણી માત્ર પોતાની મેળે સમજી જાય છે. પરંતુ જ્ઞાન જ્યારે વક્ર મિથ્યાત્વ વાસિત, વિપરીત કે સંશયી બને છે ત્યારે આ સીધી સાદી વાત તેમાં રહેલા બીજા પર્યાયોનો સર્વથા તિરસ્કાર કરી કેવળ એક જ પર્યાયને જોવાની આદત. જેમકે-'આત્મા નિત્ય જ છે.' 'અરૂપી જ છે.' આવા પ્રકારનો ભાષાવ્યવહાર દ્રવ્યમાં રહેલા બીજા પર્યાયોની અપેક્ષા નહિ રાખતાં હોવાના કારણે નિરપેક્ષ ભાષાવ્યવહાર કહેવાય છે, જે સર્વથા જુઠો અને પ્રપંચી ભાષાવ્યવહાર છે, જેના કારણે સંસારના કલેશો, કંકાસો,

વિતંડાવાદો, ડંડા ડંડીના યુદ્ધો કોઈ કાળે પણ નાબુદ થઈ શકતા નથી. આમાં કેવળ આપણી અજ્ઞાનતા જ મુખ્ય કારણ છે. માટે જ કહેવાયું છે કે–

'दुनिया खूबसुरत है हमें जीना आया नहि,
हरचीजमें नशा भरा है हमें पीना आया नहि'।

આ બધા વાદવિવાદો મટાડવા માટે જ સાપેક્ષવાદ અમૃત તુલ્ય છે. આગળ કહેવાતા સાતે આત્માઓમાં આ દ્રવ્યાત્મા સદૈવ સ્થિત છે.

(૨) કષાયાત્મા—

આત્માના અનંત જ્ઞાનાદિ ગુણો સ્વાભાવિક હોવા છતાં પણ તે ગુણો દબાઈ જાય છે અને પોતાના સ્વકીય પર્યાયોને બદલે પરકીય પર્યાયોની જ્યારે વૃદ્ધિ થાય છે ત્યારે તે 'કષાયાત્મા' કહેવાય છે, જેમાં કષાયો અક્ષીણ અને અનુપશાંત હોય છે.

(૩) યોગાત્મા –

મન વચન તથા કાયાને યોગ કહેવાય છે, અને જ્યાં સુધી આત્માની સયોગી અવસ્થા છે ત્યાં સુધી તે આત્માના માનસિક વાચિક તથા કાયિક વ્યાપારો અવિચ્છિન્નપણે ચાલુ જ હોય છે. માટે તે ત્રણેના વ્યાપારવાળો આત્મા યોગાત્મા કહેવાય છે.

(૪) ઉપયોગાત્મા—

જીવનું લક્ષણ ઉપયોગ છે. પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શન આ પ્રમાણે જ્ઞાન દર્શનનો ઉપયોગ આત્માને

સતત હોય છે માટે ઉપયોગાત્મા કહેવાય છે. અથવા વિવક્ષિત વસ્તુનો ઉપયોગ ઉપયોગાત્માને હોય છે.

(૫) જ્ઞાનાત્મા—

જ્ઞાન આત્માનો સહભાવી ગુણ છે. માટે દર્શનને ગૌણ કરી જ્યારે જાતિ, ગુણ, કર્મઆદિ વિશેષણોથી યુક્ત તે જ્ઞાન બને છે, ત્યારે તેનો સ્વામી જ્ઞાનાત્મા કહેવાય છે.

(૬) દર્શનાત્મા—

જ્યાં વિશેષ બોધને ગૌણ કરી સામાન્ય એટલે જાતિ, ગુણ, કર્મ રહિત વસ્તુના જ્ઞાનને દર્શનાત્મા કહે છે.

(૭) ચારિત્રાત્મા—

'चर्यते आचयते इति चारित्रं तद्वान् चारित्रात्मा'

સર્વાંશે કે અલ્પાંશે અવિરતિનો ત્યાગ ચારિત્ર કહેવાય છે. આવું ચારિત્ર જેની પાસે હોય તે ચારિત્રાત્મા છે.

(૮) વીર્યાત્મા—

જ્યારે આત્મામાં ઉત્થાન, બળ આદિનો સંચાર થાય છે ત્યારે તે વીર્યાત્મા કહેવાય છે.

## આઠેય આત્માઓની પરસ્પર સંબંધિતા :

જે દ્રવ્યાત્મા હોય છે તે કષાયાત્મા હોય છે અથવા નથી હોતા. પણ જે કષાયાત્મા છે તે દ્રવ્યાત્મા નિયમા હોય છે; પરંતુ ક્ષીણ કે ઉપશાન્ત કષાયી કષાયાત્મા હોતા નથી. કષાય આત્માનો સ્વાભાવિક પર્યાય નથી, પણ મોહજન્ય વૈભાવિક

પર્યાય છે. માટે મોહકર્મથી ઘેરાયેલો આત્મા નિયમથી કષાયાત્મા હોય છે પરંતુ જ્યારે પોતાના વીર્યને જાગૃત કરી મોહરાજાના સૈનિકો સાથે રણમેદાનમાં જય-વિજય કરે છે ત્યારે ઉપર ઉપરના ગુણસ્થાનોને વરેલો તે આત્મા કષાયી હોતો નથી.

યોગાત્મા સાથે પણ દ્રવ્યાત્માને વૈકલ્પિક સંબંધ સમજી લેવો. કેમકે સિદ્ધાત્મા યોગ વિનાના છે. છતાં પણ દ્રવ્યાત્મા તો છે જ અને જે યોગાત્મા છે તે નિયમા દ્રવ્યાત્મા છે. સિદ્ધાત્માઓ પણ ઉપયોગવાળા હોવાથી ઉપયોગાત્મા અને દ્રવ્યાત્માનો તાદાત્મ્ય સંબંધ જાણવો.

સમ્યગ્દૃષ્ટિ જીવો જ્ઞાનાત્મા છે અને મિથ્યાદૃષ્ટિ જીવોને સમ્યગ્જ્ઞાનનો અભાવ હોવાથી તેઓ જ્ઞાનાત્મા નથી. માટે જ્યાં જ્ઞાનાત્મા છે ત્યાં નિયમા દ્રવ્યાત્મા છે જ. સિદ્ધના જીવો પણ જ્ઞાનાત્મા છે.

સિદ્ધાત્માની જેમ દ્રવ્યાત્મા અને દર્શનાત્મા પણ સંબંધિત છે. કેમકે દર્શનાત્મા જે ચક્ષુદર્શનાદિવાળા હોય છે તેમ તેઓ દ્રવ્યાત્મા પણ હોય છે. સિદ્ધાત્મા અને અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો સમ્યક્ચારિત્ર વિનાના હોવાથી દ્રવ્યાત્માને ચારિત્રાત્માની ભજના જાણવી.

સિદ્ધાત્મા સકરણ ( ઇન્દ્રિયો સહિત વીર્ય ) વીર્યવાળા નથી હોતા. શેષ સર્વે જીવો વીર્યવાળા છે.

જ્યાં કષાયાત્મા છે ત્યાં ઉપયોગાત્મા અવશ્ય હોય છે અને જ્યાં ઉપયોગરહિતતા છે ( કેવળ જડ પદાર્થો ) ત્યાં કષાયોની સદ્ભાવના નથી. તથા કેવળી ઉપયોગાત્મા છે પણ કષાયાત્મા નથી.

સકષાય મિથ્યાદૃષ્ટિમાં જ્ઞાનનો અભાવ છે અને સમ્યક્દૃષ્ટિમાં સદ્‌ભાવ છે માટે જ્યાં કષાય છે ત્યાં જ્ઞાનની ભજના. પણ જે જ્ઞાની હોય છે ત્યાં કષાયમુક્તિ અને કષાય સહિતતા પણ હોય છે.

કષાય અને દર્શનનો સંબંધ પણ ઉપર પ્રમાણે જાણવો.

કષાયોના સદ્‌ભાવમાં ચારિત્ર હોય છે અથવા નથી હોતું. જેમ પ્રમત્ત અર્થાત્ છઠ્ઠા ગુણસ્થાનકે રહેલા મુનિઓમાં ચારિત્ર હોય છે પણ કષાય માટે ભજના જાણવી. અસંયત એટલે સમ્યગ્દૃષ્ટિ અવિરત તથા મિથ્યાદૃષ્ટિમાં કષાય હોય છે પણ ચારિત્ર હોતું નથી. અને યથાખ્યાત ચારિત્ર સંપન્ન મુનિને ચારિત્ર હોય છે પણ કષાય નથી.

આ સૂત્રની ટીકામાં વિદ્વદ્‌વર્ય મુનિરાજ શ્રી ઘાસીલાલજી મહારાજે સ્વકીય ભગવતીસૂત્રના ૧૦.મા ભાગમાં ૩૭૦મા પાના પર " स्यान्नास्ति प्रमत्तयतीनामिव सकषायाणां " યદ્યપિ અભયદેવસૂરિજીના કથનને અનુકૂળ શબ્દો જ છે, છતાં પણ અભયદેવસૂરિજીના સમય દરમ્યાન યતિ શબ્દ મુનિવાચક હતો જે પંચ મહાવ્રત આદિ સંયમ ગુણોને સાર્થક કરતો હોવાથી તે સમયના-ઇતિહાસમાં યતિ શબ્દ મુનિનો પર્યાય મનાતો હતો. જ્યારે આ વર્તમાન સમયમાં જ્યારે ઘાસીલાલજી મહારાજ વિદ્યમાન હતા અને ભગવતીસૂત્ર પર સંસ્કૃત હિન્દી અને ગુજરાતી ટીકા લખી રહ્યા છે તે દરમ્યાન યતિ-સંસ્થા મુનિ સંસ્થાથી સર્વથા ભિન્ન છે, જેમનાં જીવનમાં વ્રતો નથી પણ સ્નાન પાણી, મોટર સવારી આદિ બધા યે સાવદ્ય કાર્યોની છૂટ છે અને મોટે ભાગે તો લગ્ન સંબંધવાળા છે, આવી સ્થિતિમાં યતિ શબ્દનો ઉપયોગ મુનિના પર્યાયમાં કરવો તે સર્વથા અયુક્ત છે.

અહીં પ્રમત્ત વિશેષણ લગાડવાથી અને પ્રમત્ત ગુણસ્થાનક છઠ્ઠું હોવાથી યતિ શબ્દ મુનિનો જ પર્યાય ઈષ્ટ છે. માટે યતિ શબ્દના સ્થાને મુનિ શબ્દ રાખવો જોઈતો હતો જેથી મુનિમાં બધા યે જૈન સંપ્રદાયના મુનિઓનો સમાવેશ થઈ જતો હતો અને આ ગુણસ્થાનકમાં કષાયોની વિદ્યમાનતા નકારવામાં આવી નથી. આમ છતાં પણ યતિ શબ્દ મૂકવામાં આવ્યો છે, તેનો અર્થ એ થશે કે પોતાના સંપ્રદાય સિવાયના, પ્રમત્તયતિ શબ્દમાં બીજા બધાયે જૈન સંપ્રદાયોનો સમાવેશ થશે જેઓ સકષાયી હોવાથી ચારિત્રના અભાવવાળા હોય છે. તથા ચારિત્રમાં કષાય પણ હોય છે. તેના અર્થમાં સામાયિકાદિ સમ્પન્ન મુનિઓ લીધા છે એટલે સામાયિકાદિમાં સ્થાનક મુનિઓ જ આવશે. અને તેમ થતાં બીજા બધા સંપ્રદાયના મુનિ જેમાં દિગમ્બર, મંદિરમાર્ગી, ખરતરગચ્છ, અચલગચ્છ, પાર્શ્વચંદ્રગચ્છ અને આગળ વધીએ તો તેરાપંથી મુનિઓ પણ જતિ મહારાજ જેવા જ હોય છે.

શબ્દપ્રયોગમાં કેવો ભ્રમ થઈ શકે છે?

કષાયાત્મા અને વીર્યાત્મા માટે જાણવાનું કે જ્યાં કષાયો છે ત્યાં વીર્યતા છે, પરંતુ કેવળી સવીર્ય હોવા છતાં પણ કષાયી નથી, એટલે વીર્યાત્માની સાથે કષાયોની ભજના જાણવી.

**આત્માઓની અલ્પ બહુલતા:-**

(૧) ચારિત્રાત્મા સૌથી થોડા છે જે સંખ્યાત છે.

(૨) જ્ઞાનાત્માઓ અનંત છે. સિદ્ધ અને સમ્યગ્દૃષ્ટિની અપેક્ષાએ.

(૩) તેનાથી કષાયાત્મા અનંતગુણા છે કેમકે સિદ્ધના જીવો કરતાં પણ કષાયના ઉદયવાળા ઘણા જ હોય છે.

(૪) તેનાથી યોગાત્મા વિશેષાધિક છે.

(૫) અયોગીની અપેક્ષાએ વીર્યાત્મા વિશેષાધિક છે.

(૬) ઉપયોગાત્મા, દ્રવ્યાત્મા અને દર્શનાત્માની સંખ્યા તુલ્ય છે, છતાં પણ વીર્યાત્માની અપેક્ષાએ વિશેષાધિક છે.

卐 卐 卐

## આત્માનું સ્વરૂપ શું છે?

ચાર જ્ઞાનના સ્વામી ગૌતમસ્વામીએ પૂછ્યું કે, 'હે પ્રભો! આત્માનું સ્વરૂપ શું છે?' તે માટેના ઘણા અગત્યના પ્રશ્નો પૂછ્યા છે, કેમકે કોઈ પણ દ્રવ્યનું સ્વરૂપ જાણ્યા વિના તેની યથાર્થતા જાણી શકાતી નથી અને તેના અભાવમાં તે દ્રવ્યની અસ્તિત્વ વિષયક શંકાઓ પણ અદૃશ્ય થઇ શકે તેમ નથી. આજના સંસારની આ જ દશા છે કે સૌ કોઇ, આત્મા આત્માની વાતો કરે છે. તેની વ્યાખ્યાઓ નક્કી કરે છે, તેને મેળવવા માટે થોડાં ઘણાં અનુષ્ઠાનો પણ કરે છે, પરંતુ અફસોસ સાથે કહીએ છીએ કે તેઓ હજુ સુધી આત્મજ્ઞાનના અભાવે (અનભિજ્ઞ) જેવી જોઇએ તેવી પ્રગતિ સાધી શકતા નથી અને ઘાણીના બળદની જેમ ઘણું ચાલીને પણ પાછા જ્યાં હતા ત્યાં ને ત્યાં આવીને માયાના ખૂંટે બંધાઈ જાય છે.

સમવસરણમાં બેઠેલા બધાઓને આત્માનું અસલી સ્વરૂપ જાણવામાં આવે તેવી ભાવદયાના કારણે જ ગૌતમસ્વામીએ

પૂછ્યું કે, 'હે પ્રભો! આત્મા શું જ્ઞાનસ્વરૂપ છે? જ્ઞાન અને આત્મામાં શી ભિન્નતા છે? જ્ઞાન એ જ આત્મા છે કે અજ્ઞાન આત્મા છે?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે, 'હે ગૌતમ! આત્મા કથંચિત્ જ્ઞાન સ્વરૂપ છે, પરંતુ જ્ઞાન તો સ્વયં આત્મા જ છે.'

હે ગૌતમ! જમીનમાંથી નીકળેલા હિરાના પત્થર જેવો આત્મા અનંતાનુબંધી ક્રોધ–માન–માયા અને લોભ અને મિથ્યાત્વના મેલ(કચરા)ના કારણે અનાદિકાળથી વ્યાપ્ત છે. અને જ્યાં સુધી તે કષાયોની હાજરી છે ત્યાં સુધી દર્શન-મોહનીય કર્મની તાકાત કોઈકાળે પણ ઓછી થતી નથી. તેવી સ્થિતિમાં તે આત્મા મિથ્યાત્વી હોય છે, જે આત્મદ્રવ્યનો ક્રમ ભાવી પર્યાય કહેવાય છે. યદ્યપિ આત્માની સાથે અનાદિકાળનો સહભાવી મિત્ર હોવા છતાં પણ અભવ્ય આત્માને છોડી બીજા આત્માઓ સાથે અંત સુધીનો મિત્ર નથી, માટે તે મિથ્યાત્વ આત્માનો સહભાવી ગુણ હોઈ શકે નહિ પણ ક્રમભાવી પર્યાય છે. જ્યારે જ્ઞાન સહભાવી ગુણ હોવાથી નિગોદ અવસ્થાથી લઈ સિદ્ધ શિલાપર્યંત પણ જ્ઞાન અને આત્મા જુદા હોઈ શકતા નથી.

દિવ્યશક્તિના સ્વામી સૂર્યનારાયણને પણ અષાઢ, શ્રાવણ મહિનાના વાદળાંઓ એવી રીતે ઘેરી લે છે કે જેનાથી સૂર્યનાં કિરણો ૨–૪–૬ દિવસ સુધી લગભગ અદૃશ્ય રહે છે. પરંતુ જોરદાર પવનના ઝપાટે જ્યારે વાદળાંઓ ચલાયમાન થાય છે ત્યારે સૂર્યનારાયણ પોતાની અજબગજબ શક્તિથી તે વાદળાઓને સર્વથા છિન્નભિન્ન કરી, પોતે આકાશમાં દેદીપ્યમાન થઈ જનતાને તથા આખા સંસારને પણ પ્રકાશમય બનાવી દે

છે. એ જ પ્રમાણે અનંતાનુબંધી કષાયોથી ઉત્પન્ન થયેલા તથા ભવભવાંતરની માયા વડે ખૂબ વધી પડેલા મિથ્યત્વરૂપી વાદળાંઓથી આત્મારૂપી સૂર્ય પણ આચ્છાદિત થયેલો હોવાથી તે મિથ્યાત્વી કહેવાય છે. પરંતુ પોતાની મેળે ઘસ-ડાઈ ઘસડાઇને ગોળાકારે થયેલા નદીના પત્થરની જેમ આ આત્મા પણ સ્વાભાવિક રીતે અથવા પોતાની પુરુષાર્થ શક્તિ વડે અનંતાનુબંધી કષાયોને પરાસ્ત કરે છે ત્યારે મિથ્યાત્વ-મોહનીય કર્મોનાં વાદળાંઓ પણ ધીમે ધીમે ખસતાં જાય છે અને આત્મા જ્યારે અનિવૃત્તિકરણ નામની શક્તિને પ્રાપ્ત કરે છે ત્યારે તો મિથ્યાત્વ બિચારું રંક જેવું બની જાય છે. અને અમુક મુદત સુધી અથવા સર્વકાળ સુધી પણ તે ગચ્છંતિ થાય છે ત્યારે આત્માને ઔપશમિક, ક્ષાયોપશમિક કે ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. અને આત્માની અનંત શક્તિને અવરોધ કરનારા મિથ્યાત્વજન્ય હિંસા કર્મ, ચૌર્ય કર્મ, મૈથુન કર્મ, પરિગ્રહ કર્મ તથા મૃષાવાદ કર્મ અને ક્રોધ-માનાદિ કર્મોના વેગ કમજોર પડે છે. તે સમયે અજ્ઞાન (જ્ઞાનાવરણીય કર્મ)નું પરિવર્તન થઇને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એટલે કે મિથ્યાત્વની હાજરીમાં જે જ્ઞાન હતું તેમાંથી અજ્ઞાનતત્ત્વ નાશ પામીને સમ્યક્તત્ત્વનો પ્રવેશ થતાં તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન બને છે.

આ કારણે જ ભગવંતે કહ્યું કે, 'આત્મા કથંચિત્ જ્ઞાન રૂપ છે અને કથંચિત્ અજ્ઞાન રૂપે છે.' કારણમાં કહેવાયું છે કે તદ્ તદ્ ગુણોની ઉપલબ્ધિ તે તે દ્રવ્યોમાં (ગુણીમાં) જ હોય છે. જ્ઞાન અરૂપી હોવાના કારણે ગુણ છે માટે ચૈતન્ય સ્વરૂપી આત્માનો જ તે ગુણ હોઈ શકે છે. જડ પદાર્થ રૂપી હોય છે માટે તેમનો ગુણ હોઇ શકતો નથી.

મિથ્યાત્વની ઉત્પત્તિ મોહકર્મને આભારી છે અને કર્મો જડજ હોય છે, માટે તેની હાજરીમાં થતું અજ્ઞાન આત્મરૂપ હોઈ શકે નહિ, પણ સમ્યગ્જ્ઞાન આત્માની ચૈતન્ય અને સમ્યક્ત્વ-શક્તિને આભારી હોવાથી તે આત્મરૂપ છે. આ જ વાતને આમ કહી શકીએ કે આત્મા સ્વદ્રવ્યની અપેક્ષાએ જ્ઞાની છે અને પરદ્રવ્યની અપેક્ષાએ અજ્ઞાની છે. જેમકે-સ્વકીય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ ઘટ-પટ આદિમાં અસ્તિત્વ ધર્મ છે અને પરદ્રવ્યાદિની અપેક્ષાએ નાસ્તિ ધર્મની વિદ્યમાનતા પણ નકારી શકાય તેમ નથી. જ્ઞાતાનો અભિપ્રાય કોઈ કાળે પણ એક સરખો રહેતો નથી. કોઈક સમયે જ્ઞેય પદાર્થની અમુક અપેક્ષાએ વાત કરે છે ત્યારે બીજા સમયે બીજી અપેક્ષાએ વાત કરે છે. એક પિતાએ પોતાના પુત્રને આદેશ આપતાં કહ્યું કે, 'તું કુંભારને ત્યાં જજે અને અમદાવાદનો, લાલ રંગનો, નાના આકારનો, પોષ મહિનાનો બનેલો, માટીનો ઘડો ખરીદીને લાવજે.' છોકરો કુંભારની દુકાને જાય છે અને તેના કહેવા મુજબ દુકાનદાર ઘડો બતાવે છે ત્યારે ખરીદનાર અસ્તિત્વ ધર્મની અપેક્ષા રાખ્યા વિના નાસ્તિત્વ પ્રકારથી જુદા જુદા પ્રશ્નો દુકાનદારને પૂછી શકે છે, કે, 'શું આ ઘડો ખંભાતનો તો નથી? પાટણનો તો નથી? સુવર્ણ અને ચાંદીનો નથી? ધોળા-પીળા કે કાળા રંગનો તો નથી? ચૈત્ર વૈશાખાદિ મહિનાઓનો ઘડાયેલો તો નથી? મારા કહેલા આકાર કરતાં મોટા આકારનો તો નથી ને? માટીનો છે તો રાજસ્થાન કે માળવાદિ દેશની માટીનો તો નથી? ચીમનભાઈ આદિ કુંભારના હાથે તો બનાવેલો નથી ને?' ઈત્યાદિ અગણિત પ્રશ્નો પૂછવા માટે ખરીદનાર છોકરો હક્કદાર છે, કેમકે તેના પિતાએ જે પ્રકારના ઘડાની ખરીદી

કરવાનું કહ્યું છે તેનાથી આ ઘડો વિરુદ્ધ તો નથી ને? તે માટે પૂછાય છે અને દુકાનદારને તેનો ખુલાસો કરવો પડે છે. આખા ય સંસારનો વ્યવહાર આ પ્રમાણે જ ચાલે છે.

તેવી રીતે આત્મા નામના દ્રવ્યનો જિજ્ઞાસુ જ્ઞાતા પણ પોતાના ગુરુને પૂછી શકે છે કે, 'આત્મા રૂપી છે? અરૂપી છે? નિત્ય છે? અનિત્ય છે? શરીરવ્યાપી છે? ચૈતન્ય સ્વરૂપી છે?' ઈત્યાદિ પ્રશ્નોનો જવાબ યદિ ગુરુ 'જ' લગાડીને આપે, કે આત્મા રૂપી જ છે, નિત્ય જ છે, અનિત્ય જ છે, ત્યારે જિજ્ઞાસુ શિષ્યના મનમાં ફરી પ્રશ્ન ઉદ્ભવશે કે, આત્મા જો રૂપી જ હોય તો ઘડાની જેમ દેખાતો કેમ નથી? અરૂપી જ હોય તો સૌના શરીરમાં શી રીતે હલન ચલન આદિથી પ્રત્યક્ષ અનુભવાય છે? અને શરીરની ચેષ્ટાઓથી અનુભૂત આત્મા અરૂપી શા માટે? નિત્ય જ હોય તો પ્રત્યેક આત્માનાં સુખદુઃખાદિનાં દ્વંદ્વોના આકારો જૂદા જૂદા શા માટે? અનિત્ય અને ક્ષણિક જ હોય તો કરાઈ ગયેલાં પાપોને ભોગવવા માટે નરકમાં જનાર કોણ? તથા પુણ્યનો ભોગવટો કરનાર કોણ? આવા પ્રકારના અગણિત પ્રશ્નોમાં યદિ નિરપેક્ષ ભાષાવ્યવહાર કરવામાં આવશે તો જિજ્ઞાસુની જ જિજ્ઞાસા શાંત થશે નહિ. તેમ થતાં સંસારના ભાગ્યમાં વિસંવાદ, વિવાદ, વેર-ઝેર, મારકાટ આદિ હિંસકવૃત્તિ અને પ્રવૃત્તિનું દાન રહેશે. માટે "*વચન વ્યવહાર સાપેક્ષ સાચો.*" *એટલે કે ધાર્મિક કે સામાજિક, કૌટુંબિક આદિ* પ્રત્યેક સમસ્યાઓને સાપેક્ષ દૃષ્ટિએ જોવી, સમજવી, બોલવી, સાંભળવી. આના સિવાય બીજે ક્યાંય પણ કલ્યાણ નથી, મોક્ષ નથી, તેમ શાંતિ-સમાધિ નથી.

સત્તાત્મક રૂપે આત્મા જ્ઞાની છે પરંતુ વ્યવહારાત્મક રૂપે તો ઉપરની વાત સર્વાંશે કે અલ્પાંશે પણ જુઠી જ પડે છે. કેમકે સંસારનો વ્યવહાર કેવળ સત્તાત્મક રૂપે નહિ પણ વ્યવહારાત્મક રૂપે ચાલે છે. સુવર્ણના કંદોરામાં કે હારમાં યદ્યપિ સો ટચનું સોનું છે તો પણ તેની કિંમત સો ટચના ભાવ પ્રમાણે કયાં મળે છે? તેવી જ રીતે આત્માનું સ્વરૂપ જ્ઞાન હોવાના કારણે તે જ્ઞાની છે એ વાત સાચી પરંતુ સત્તાત્મક રૂપે જ યદિ સંસારનું સંચાલન થતું હોય તો જ્ઞાની આત્મા, જૂઠ–પ્રપંચ, કલહ, હિંસા, મૈથુન, પરિગ્રહ ક્રોધ, માન, માયા અને લોભ આદિ વૈકારિક ભાવોના કારણે પોતાના સંસાર–વ્યવહારને કડવી તુંબડી જેવો શા કારણે બનાવે છે? માટે જુઠ પ્રપંચાદિ કાર્યો અજ્ઞાનજન્ય જ હોય છે અને તે અજ્ઞાન આત્માનું સ્વરૂપ ન હોવા છતાં પણ કેવળ વ્યવહારનયથી આત્મા અજ્ઞાની પણ કહેવાય છે. બસ! એ જ સુસંગત ભાષા-વ્યવહાર છે, જે સ્યાદ્વાદ અર્થાત્ સાપેક્ષ દૃષ્ટિ કેળવ્યા વિના પ્રાપ્ત થઈ શકે તેમ નથી.

જ્ઞાનમાં જેમ ભરતી ઓટ આવે છે તેવી રીતે અજ્ઞાનમાં પણ ભરતી ઓટ આવે છે, છતાં પણ કોઈક સમયે અજ્ઞાનનો સર્વથા ક્ષય પણ થઈ શકે છે. જ્યારે જ્ઞાનનો ક્ષય કોઈ કાળે નથી થતો, માટે નિગોદવર્તી આત્મા પણ જ્ઞાની છે. યાવત્ સિદ્ધશિલામાં બિરાજમાન સિદ્ધાત્માઓ પણ જ્ઞાની છે. યદ્યપિ નિગોદના જીવોનું જ્ઞાન મહદ્અંશે ઢંકાઈ ગયેલું હોય છે, અને સિદ્ધના જીવોનું જ્ઞાન સર્વથા પ્રકાશમાન છે. આ કારણે નિગોદ-વર્તી જીવો મહદ્ અંશે અજ્ઞાની છે પણ કેવળજ્ઞાની અને સિદ્ધાત્માઓમાં અજ્ઞાનનો એક પણ પરમાણુ નથી.

'द्रव्याश्रयाः गुणाः ।' એટલે કે ગુણો હંમેશા ગુણીને આશ્રિત થઈને જ રહેલા હોય છે. માટે તે ભિન્ન પણ નથી હોતા અને અભિન્ન પણ નથી. તેથી કથંચિત્ કોઈક અપેક્ષાએ ગુણી ગુણ વિનાનો પણ હોઈ શકે છે. જેમકે અજ્ઞાનાવસ્થામાં આત્મા જ્ઞાન વિનાનો નથી. અને જ્ઞાન ગુણ ગુણી એવા આત્માને છોડી રહી શકતો નથી, માટે અભિન્ન પણ છે, જેમકે લીમડાના ઝાડમાં વનસ્પતિત્વ છે પણ વનસ્પતિમાં લીમડા તત્ત્વ છે અને ન પણ હોઈ શકે. આંબાના ઝાડમાં વનસ્પતિ તત્ત્વ છે પણ લીંમડાનું તત્ત્વ નથી હોતું.

અહીં 'અજ્ઞાન' શબ્દમાં 'અ'નો અર્થ સર્વથા નિષેધમાં લેવાનો નથી પણ કુત્સિત અર્થમાં 'નઞ્'નો અર્થ ઘટાડવો. કેમકે પ્રત્યક્ષ દેખાતા સંસારમાં સદાચારી–દુરાચારી, દયાળુ–કસાઈ, સંતોષી–લોભી. કૃપણ–ઉદાર, અહિંસક–હિંસક. સત્યવાદી-મૃષાવાદી આદિ માનવોમાં બુદ્ધિ પણ છે અને જ્ઞાન પણ છે. પરંતુ એકમાં સદ્બુદ્ધિ અને બીજામાં દુર્બુદ્ધિ છે, એકમાં સમ્યક્ શ્રુતજ્ઞાન છે, બીજામાં મિથ્યાજ્ઞાન છે. માટે એક જ્ઞાન તરીકે સંબોધયું અને બીજું અજ્ઞાનથી સંબોધાયું.

શરાબના નશા જેવા મોહનીય કર્મના તીવ્રોદયમાં કે ઉદ્દીર્ણામાં જ્ઞાનાવરણીય કર્મની તીવ્રતા વધી જતાં માનવના વિચારોમાં ગંદાપણું–સંકીર્ણતા–સ્વાર્થાન્ધતા આદિ વધી જતાં તેમની બુદ્ધિ એટલે કે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પણ કુત્સિત થાય છે, માટે જ તે જ્ઞાન મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન શબ્દથી વ્યવહૃત થાય છે.

આંખમાં થયેલો કમળો સર્વત્ર પીળું પીળું દેખાડે છે પરંતુ સામેના માણસનાં કપડાં પીળાં નથી પણ સફેદ છે, તેવી

રીતે પીળા કાચના ચશ્માથી પણ સફેદ કપડાં પીળાં દેખાય છે. આ બધી વાતોમાં રોગ અને ચશ્મા કારણરૂપ છે, તેમ મિથ્યાત્વ અને અજ્ઞાન પણ આત્માનો ભયંકર રોગ છે જેની વિદ્યમાનતામાં પ્રત્યક્ષ દેખાતી સત્ય વસ્તુને પણ તે માનવા તૈયાર નથી.

હિંસા–જૂઠ–મૈથુન આદિનાં પાપો અને તેનાં કડવાં ફળો દેખાઈ રહ્યાં છે તો પણ માનવના જીવનમાં રહેલાં મતિઅજ્ઞાન, કે શ્રુતઅજ્ઞાન–તેને માનવા તૈયાર નથી.

૧. માંસાહાર નિર્દયી માણસોનું ભોજન છે.

૨. શરાબપાન નિર્ધ્વંસ પરિણામવાળાઓનું કૃત્ય છે.

૩. બકરા આદિ જનાવરોની હત્યા તે ક્રૂર માનવનું દુષ્કૃત્ય છે.

૪. જુગાર, રમી આદિની રમતો નવરા માણસોનું કામ છે.

ઈત્યાદિક પ્રત્યક્ષ દેખાતાં પાપોમાં ધર્મની ભાવના અથવા પાપને પાપ તરીકે નહિ માનવાની માનસિક દશામાં અજ્ઞાન જ કામ કરી રહ્યું છે.

પ્રશ્ન–'હે પ્રભો ! નરક ગતિના જીવાત્માઓ શું જ્ઞાન સ્વરૂપ છે ? અજ્ઞાન સ્વરૂપ છે ? અથવા તેમનું જ્ઞાન તેમના આત્માથી ભિન્ન હોયં છે ? અભિન્ન હોય છે ?'

જવાબ–ભગવંતે ફરમાવ્યું કે, 'ગૌતમ ! સમ્યગ્ દર્શનની અપેક્ષાએ નારકો જ્ઞાન સ્વરૂપ છે. મિથ્યાદર્શનના કારણે અજ્ઞાન છે. સારાંશ કે નરક ગતિમાં રહેનારા જીવોને પણ સમ્યગ્-દર્શનની દુર્લભતા નથી. કારણ કે કર્મોનો ઉદયકાળ પ્રાયઃ

કરીને નિમિત્તોની અપેક્ષા રાખતો હોય છે. ત્યારે નરકમાં કયા કારણે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે? જવાબમાં ભગવંતે નીચે મુજબના ત્રણ કારણે સમ્યક્ત્વની પ્રાપ્તિ કહી છે.

## નરકમાં સમ્યક્ત્વ પ્રાપ્તિના કારણો :

### ( ૧ ) જાતિ સ્મરણ—

'યદ્યપિ તે જીવો વિભંગ જ્ઞાનના સ્વામી હોવાથી પોતાના એક, બે, કે ત્રણ ભવોને જોવાની ક્ષમતાવાળા હોય છે, તો પણ મિથ્યાત્વના જોરે, વૈર કર્મોની લેવડદેવડમાં જ સમય પૂર્ણ થઈ જવાનાં કારણે પોતાના ગત ભવો માટેનો ઉપયોગ મૂકી શકતા નથી. તથાપિ કોઈક જીવોને ભવિતવ્યતાને લઈને આવું સ્મરણ થઈ આવે કે, 'પૂર્વ ભવમાં ધર્મબુદ્ધિથી મેં અનુષ્ઠાનોને સ્વીકાર્યાં હતાં, પરંતુ મોહવશ સ્વીકારેલા તે અનુષ્ઠાનોની આરાધના ન કરતાં વિરાધના કરી હતી. માટે મારે નરકગતિમાં આવવું પડ્યું છે.' આવી રીતે પૂર્વભવનું સ્મરણ થતાં જ ભાનમાં આવેલા નારકોને સમ્યક્ત્વની પ્રાપ્તિ સુલભ બને છે.

### ( ૨ ) ધર્મશ્રવણ—

યદ્યપિ નરકમાં ઋષિ-મહર્ષિ, સાધુ-સંત કે પંડિત-મહા-પંડિત હોતા નથી, તો પણ પૂર્વ ભવના સ્નેહવશ કે ધર્મના રાગથી બદ્ધ થયેલા મિત્રદેવો નરકમાં જઈને તેમને ઉપદેશ આપે છે અને નારકના જીવોને પૂર્વભવ ખ્યાલમાં આવતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

(૩) વેદનાનુભવ—

અત્યુત્કટ ત્રણ પ્રકારની વેદનાને ભોગવતા તે નારકોને, જો આવો ખ્યાલ આવે કે, 'પૂર્વભવમાં મિથ્યા મોહને વશ થઇને ભયંકરમાં ભયંકર રીતે આચરેલા, હિંસા-જૂઠ, ચોરી-મૈથુન-પરિગ્રહ આદિનાં પાપે હજારો લાખો કે કરોડો જીવો સાથે વૈરાનુબંધ બાંધ્યા છે. માટે તે પાપોને, વૈરોને ભોગવવા માટે નરકમાં ઉત્પન્ન થયો છું અને દુઃખો ભોગવી રહ્યો છું.' એમ સમજીને સાન-ભાનમાં આવેલા નારકોને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

આ પ્રમાણે સમ્યક્ત્વ પ્રાપ્ત નારકો જ્ઞાનસ્વરૂપ હોય છે. જ્યારે તે વિનાના નારકો અજ્ઞાનમય હોવાથી ફરી ફરી કર્મો બાંધે છે, ભોગવે છે અને સંસારની વૃદ્ધિ કરે છે.

અસુરકુમારથી લઇ સ્તનિતકુમાર દેવો સુધી સમજવું. સ્થાવરયોનિક અનંતાનંત જીવો મિથ્યાદષ્ટિ હોવાથી અજ્ઞાન સ્વરૂપ જ હોય છે. કેમકે સમ્યક્ત્વને સાથે લઇને કોઇપણ જીવ એકેન્દ્રિયત્વને પ્રાપ્ત કરતો નથી અને ગાઢ મિથ્યાત્વના કારણે ત્યાં રહે ત્યાં સુધી સમ્યક્ત્વને પામી શકવાનો નથી. કહેવાયું છે કે, 'એકેન્દ્રિય જીવો પ્રતિપન્ન કે પ્રતિપદ્યમાન સમ્યક્ત્વવાળા નથી હોતા.' માટે મિથ્યાત્વી હોવાને કારણે અજ્ઞાન છે, અને તેમનું અજ્ઞાન તેમના આત્માથી ભિન્ન નથી હોતું.

બેઇન્દ્રિય, ત્રીરિન્દ્રિય, ચતુરિન્દ્રિય પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય, વાણવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિક જીવો પણ નારકની જેમ ક્યારેક જ્ઞાનરૂપ અને ક્યારેક અજ્ઞાનરૂપ હોય છે.

દર્શન માટે ફરમાવતાં ભગવંતે કહ્યું કે, 'હે ગૌતમ!

આત્મા દર્શનરૂપ જ હોય છે, અને દર્શન પણ નિયમથી આત્મારૂપ જ હોય છે. કેમકે સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિમાં દર્શન સમાન જ હોય છે. અહીં દર્શનથી મિથ્યાદર્શન શબ્દની વ્યાખ્યા લેવાની નથી, પરંતુ દર્શનાવરણીયના ક્ષયોપશમથી પ્રાપ્ત થતી દર્શનશક્તિ લેવાની છે.

નારક જીવો, વિકલેન્દ્રિયો, પંચેન્દ્રિ તિર્યંચ મનુષ્યો તથા દેવોના જીવો પણ દર્શન સ્વરૂપવાળા હોય છે.

## રત્નપ્રભાદિ વિષે વકતવ્ય વિશેષતા :

પ્રશ્ન—'હે પ્રભો! રત્નપ્રભા પૃથ્વી શું સદ્રૂપ છે? અસદ્રૂપ છે?'

કર્મવશ બનેલો આત્મા પ્રતિસમયે તે તે પર્યાયોને સ્વીકારતો અને ત્યાગતો હોવાથી આત્મા સદ્રૂપ છે, કેમકે સદ્રૂપ પદાર્થ જ ભિન્ન ભિન્ન પર્યાયોને પ્રાપ્ત કરે છે, અને અસદ્રૂપ પદાર્થ તેમ કરતો નથી. માટે જ ગૌતમસ્વામીએ પૂછ્યું કે, રત્નપ્રભા પૃથ્વી શું સદ્રૂપ છે? અથવા અસદ્રૂપ છે?

જવાબ—પરમાત્માએ કહ્યું કે, 'રત્નપ્રભા પૃથ્વી કથંચિત્ (અમુક અપેક્ષાએ) સદ્રૂપ એટલે આત્મરૂપ છે, અને બીજી અપેક્ષાએ કથંચિત્ અસદ્રૂપ છે. અને તે બંનેને એક જ સમયમાં કહેવું હોય તો કથંચિત્ અવક્તવ્ય પણ છે. સરળાર્થ એ છે કે રત્નપ્રભા પૃથ્વી પોતાના સ્વભાવથી સદ્રૂપ છે અને પરસ્વભાવથી અસદ્રૂપ છે.

કોઈ પણ પૃચ્છક, અમુક દ્રવ્યને અસ્તિત્વ પર્યાયથી કે નાસ્તિત્વ પર્યાયથી પૂછી શકે છે. જેમકે–રામલાલે રતનલાલને

પૂછ્યું કે, 'કેસરીચંદ મરીને ક્યાં ગયો? ત્યારે જવાબ મળ્યો કે 'પહેલી નરકમાં ગયો છે.' ત્યારે ફરીથી પ્રશ્ન થયો કે, 'પહેલી ભૂમિ શું સુખકારી છે? ત્યાંના શરીરો શું રૂપાળા છે? ૩૩ સાગરોપમ, ૨૨ સાગરોપમ કે ત્રણ સાગરોપમની આયુષ્ય મર્યાદાવાળા છે? તે જીવો પરસ્પર સંપીને રહે છે? પરમાધામીઓ તો ત્યાં નથી જતાને?' ઇત્યાદિ પ્રશ્નોનો જવાબ દેવાય છે કે, નારકો અત્યંત દુઃખી છે, કદરૂપા છે. એક સાગરોપમની આયુષ્ય મર્યાદાવાળા અને પરસ્પર એક બીજાના વૈરી છે. પરમાધામીઓની વેદનાવાળા છે. પૂછનારે પરભાવ રૂપે (અસદ્ રૂપે) પૂછ્યું છે અને જવાબ દેનારાએ સ્વભાવ રૂપે (સદ્ રૂપે) જવાબ દીધો છે. એ પ્રમાણે સંસારના કોઈપણ દ્રવ્ય માટે વિધેયાત્મક કે નિષેધાત્મક રૂપે પ્રશ્ન સંભવી શકે છે, પરંતુ ઉત્તરદાતાને જે પદ્ધતિએ પ્રશ્નો પુછાયા હોય છે તેવી જ રીતે જવાબ દેવાના હોય છે. મતલબ કે દ્રવ્યમાત્ર સ્વરૂપથી સદ્રૂપ છે, અને પરભાવથી અસદ્રૂપ છે. આ બંને એક જ દ્રવ્યમાં વિદ્યમાન છે. ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે, 'હે ભાગ્યશાળીઓ! તમે પ્રત્યેક પ્રશ્નને બંને બાજુથી જોવાની આદત કેળવશો તો વસ્તુની યથાર્થતાને મેળવી શકશો. અવક્તવ્ય માટે જાણવાનું કે પદાર્થોમાં બંને રૂપો વિદ્યમાન હોવા છતાં કદાચ કોઈ પ્રશ્નકર્તા મનસ્વી હોવાના કારણે એમ પૂછે કે, 'રત્નપ્રભા પૃથ્વીમાં બંને દૃષ્ટિઓ હોવા છતાં પણ એક જ સમયે એક જ સાથે કહેવું હોય તો શી રીતે કહેવાય?' જવાબમાં ભગવંતે કહ્યું છે કે, 'શબ્દો આકાશ ગુણ નથી, પણ પુદ્ગલ હોવાથી તેની ઉત્પત્તિ ક્રમશઃ થાય છે, પણ એક સમયે ઘણા શબ્દો બોલી શકાતા નથી. તેથી અવક્તવ્ય શબ્દનો

વ્યવહાર કરવો, એટલે કે રત્નપ્રભા પૃથ્વી કથંચિત્ અવક્તવ્ય છે અર્થાત્ નિરંશકાળ સર્વથા નાજુક હોવાથી જે સમયે સદ્રૂપ શબ્દનો વ્યવહાર કરાય છે તે જ સમયે અસદ્રૂપ શબ્દ બોલી શકવા માટે અતીન્દ્રિયજ્ઞાની પણ સમર્થ નથી હોતા તો બીજાની શી વાત કરવી? આ વાત પોતાના આત્મત્વ કે અનાત્મત્વની અપેક્ષાએ જ સમજવાની છે. અર્થાત્ રત્નપ્રભા પૃથ્વી પોતાનાં ગુણ, પર્યાય કે નામની અપેક્ષાએ સદ્ રૂપ છે. પરંતુ બીજી શર્કરા પ્રભા આદિના ગુણ પર્યાય કે નામની અપેક્ષાએ રત્નપ્રભા અસદ્ રૂપ છે.

અવક્તવ્યતા એટલે રત્નપ્રભામાં અસ્તિત્વ અને નાસ્તિત્વ રૂપ બંને પર્યાયોનો સર્વથા અભાવ, કે અવાચ્યત્વ જ હોય છે એમ સમજવાનું નથી, પરંતુ તે બંને પર્યાયો એક સમયમાં બોલી શકાતા નથી માટે તેમનો અવક્તવ્ય શબ્દથી વ્યવહાર કર્યો છે. આ પ્રમાણે આગળ પણ સમજવું. તથા બીજી પૃથ્વીઓ, અનુત્તર વિમાન સુધીના દેવલોકો અને પુદ્ગલ માટે પણ સમજવું.

દ્વિપ્રદેશિક સ્કંધ માટે નીચે પ્રમાણે છ ભાંગા ઘટાવવા. કથંચિત્ સત્, કથંચિત્ અસત્, કથંચિત્ અવક્તવ્ય, કથંચિત્ ઉભયાત્મક, કથંચિત્ સત્ અવક્તવ્ય, કથંચિત્ અસત્ અવક્તવ્ય જ્યારે ત્રિપ્રદેશિક માટે સાતે ભાંગા જાણવા અને મૂળસૂત્રથી વધારે જાણવા ભલામણ છે.

**શતક ૧૨નો દશમો ઉદ્દેશો પૂર્ણ.**

## સમાપ્તિવચનમ્

જગત્પૂજ્ય નવયુગપ્રવર્તક, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય સ્વ. શ્રી ૧૦૦૮ શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.(કાશીવાળા)ના ઘણા શિષ્યોમાં અદ્વિતીય વક્તૃત્વ શક્તિધારક, પ્રાસાદિક લેખન સામગ્રીના સ્વામી, ઐતિહાસિક, ધાર્મિક, આગમીય આદિ ગ્રંથોના સર્જક, પંચ મહાવ્રતોના પાલક, અહિંસા–સંયમના પ્રચારક, શાસનદીપક સ્વ. મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મ. સા.ના શિષ્ય, ન્યાય, વ્યાકરણ, કાવ્યતીર્થ, ભગવતીસૂત્રાદિ આગમોના યોગોદ્વાહક, પન્યાસપદવિભૂષિત, ગણિવર્ય શ્રી પૂર્ણાનંદવિજયજીએ ( કુમારશ્રમણે ) પોતાના સ્વાધ્યાય માટે ભવભવાંતરમાં સમ્યગ્જ્ઞાનના સંસ્કારોની પ્રાપ્તિ થાય તે માટે ભગવતીસૂત્ર (વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ) જેવા ગહનાતિગહન, આગમ સૂત્રના બારમા શતકને દશ ઉદ્દેશાઓ સાથે પૂર્ણ કર્યું છે.

शुभं भूयात् सर्वेषां जीवानाम्
जैनत्वं प्राप्नुयुः सर्वे जीवाः ।

## ૧૨મું શતક પૂર્ણ



# શતક ૧૩મું : ઉદ્દેશક–૧

પ્રાક્કથમ :

હેય (ત્યાગ કરવા યોગ્ય) ઉપાદેય (સ્વીકાર કરવા યોગ્ય) અને જ્ઞેય (જાણવા યોગ્ય) પદાર્થોનું તલસ્પર્શી જ્ઞાન કેવળજ્ઞાની શ્રી અરિહંત પરમાત્માઓને જ હોય છે. કેમકે અનંત સંસારમાં રહેલા અભિલાપ્ય પદાર્થો પણ અરિહંત દેવ વિના બીજા કોઈને પૂર્ણરૂપે દશ્ય હોતા નથી, તો પછી સર્વથા અદશ્ય પદાર્થો, તેમનાં સ્થાનો, તેમની આયુષ્ય મર્યાદાઓ, તે સ્થાનથી જીવોનું નિષ્ક્રમણ કે પ્રવેશનઆદિ ચર્મચક્ષુઓને માટે અપ્રત્યક્ષ જ હોવાથી તેમનું વર્ણન યથાર્થ રીતે તેઓ શી રીતે કરી શકે ?

પદાર્થો આગમગમ્ય અને તર્કગમ્ય, બે જાતના હોય છે. તેમાં જે આગમગમ્ય છે તેમને સિદ્ધ કરવા માટે તર્ક, અનુમાન, હેતુ આદિનો સહારો લેવો સર્વથા અનુચિત જ નહિ પણ અક્ષમ્ય અપરાધ છે.

પ્રત્યક્ષ દેખાતા સંસારના ઘણા પદાર્થોને વડીલોના કહેવાથી જ સત્ય માનવા પડે છે. તો પછી સર્વથા અપ્રત્યક્ષ પદાર્થોને કેવળી પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા રાખીને સત્ય સ્વરૂપે સ્વીકારવામાં શો બાધ છે ?

જ્યાં સુધી આપણી બુદ્ધિ પહોંચી શકે ત્યાં સુધી અને છેવટે શ્રદ્ધાથી પણ અરિહંતદેવના વચનને સત્ય માનવું એમાં જ ડહાપણ છે, કલ્યાણ છે.

દેવાધિદેવ ચરમ તીર્થંકર ભગવાન મહાવીરસ્વામી અને તેમના સાનિધ્યમાં રહેનારા કેવળજ્ઞાનીઓ, ચતુર્જ્ઞાનીઓ,

તપસ્વી–મહા તપસ્વીઓ, તથા શિયળની સાક્ષાત્ મૂર્તિસમ સાધ્વીજી મહારાજોની ચરણરજથી પવિત્ર થયેલી રાજગૃહી નગરીમાં સમવસરણની સ્થાપના થયેલી છે. તેમાં બિરાજમાન ભગવંતના ચરણોમાં ઈન્દ્રો, દેવો, રાજા–રાણી, શેઠ–શેઠાણી ઉપરાંત અગણિત માનવ સમુદાય ઉપસ્થિત થઈને ભાવવંદન સાથે દ્રવ્યવંદન કરી સૌ કોઈ યથાસ્થાને બેસી ગયા છે. ભગવંતે દેશના આપતાં ફરમાવ્યું કે, 'હે જીવાત્માઓ! અનંત, અગાધ અને અગમ્ય સંસારમાં ચારેય ગતિઓ અનાદિ કાળની છે અને અનંતકાળ સુધી રહેશે. તેમાં જનારા અને તેમાંથી બહાર આવનારા જીવો પણ અનાદિકાળથી અનંતાનંત છે અને અનંતાકાળ સુધી અનંતાનંત સંખ્યામાં રહેશે. તે ચારે ગતિઓમાં નરકગતિ પણ શાશ્વતી છે. જે રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમસ્પ્રભા અને તમસ્તમપ્રભા નામે સાત નરક પૃથ્વીઓ છે. તેમાંથી રત્નપ્રભા પૃથ્વીમાં ૩૦ લાખ નરકાવાસો છે. જે સંખ્યાત યોજન વિસ્તારવાળા પણ છે અને અસંખ્યાત યોજન વિસ્તારવાળા પણ છે.'

## નરકમાં ઉત્પાદ :

પ્રશ્ન—'હે પ્રભો! રત્નપ્રભાના સંખ્યાત યોજન વિસ્તારવાળા ૩૦ લાખ નરકાવાસોમાં એક સમયમાં કેટલા જીવો જન્મ લે છે?

(૧) કાપોત લેશ્યાના માલિકો કેટલી સંખ્યામાં જન્મ લે છે?

(કૃષ્ણ લેશ્યાવાળા જીવો છઠ્ઠી અને સાતમી નરકમાં જાય છે, જ્યારે કાપોત લેશ્યાવાળા જીવો રત્નપ્રભામાં જાય છે.)

(૨) અર્ધપુદ્ગલ પરાવર્ત કરતાં પણ જેમનો સંસાર વધારે હોય છે તે કૃષ્ણપાક્ષિક જીવો કેટલા?

(૩) શુક્લપાક્ષિક જીવો કેટલી સંખ્યામાં નરકમાં જન્મ લે છે?

આ પ્રમાણે સંજ્ઞી, અસંજ્ઞી, ભવસિદ્ધિક, અભવસિદ્ધિક, આભિનિબોધિક (મતિજ્ઞાની), શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મતિ-અજ્ઞાની, શ્રુતાજ્ઞાની, વિભંગજ્ઞાની, ચક્ષુદર્શની, અચક્ષુદર્શની, અવધિદર્શની, આહારસંજ્ઞી, ભયસંજ્ઞી, મૈથુનસંજ્ઞી, પરિગ્રહસંજ્ઞી, સ્ત્રીવેદી, પુરૂષવેદી, નપુંસકવેદી, ક્રોધી, માની, માયી. લોભી, શ્રોત્રેન્દ્રિયોપયુક્ત, ચક્ષુરિન્દ્રિયોપયુક્ત, ઘ્રાણેન્દ્રિયોપયુક્ત, રસનેન્દ્રિયોપયુક્ત, સ્પર્શેન્દ્રિયોપયુક્ત, નોઇન્દ્રિયોપયુક્ત, મનોયોગી, વચનયોગી, કાયયોગી, સાકારોપયોગી અને અનાકારોપયોગી; આ પ્રમાણે ૩૯ પ્રકારના જીવો નરકમાં જઘન્યથી અને ઉત્કૃષ્ટથી કેટલી સંખ્યામાં જન્મ લે છે?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે, 'હે ગૌતમ! રત્નપ્રભાની પહેલી નરકભૂમિના સંખ્યાત યોજનવાળા ૩૦ લાખ નરકાવાસોમાં જઘન્યથી એક સમયમાં એક, બે, કે ત્રણ જીવો ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટ એટલે વધારેમાં વધારે સંખ્યાત જીવો જન્મે છે. અનંતાનંત જીવરાશિમાં જન્મ-મરણ સૌને માટે અનિવાર્ય અને નિયત હોવાથી એક સમયમાં એક જીવથી લઇને સંખ્યાત સુધીના જીવો પહેલી નરકમાં જન્મ મરણ કરે છે.

નરક ગતિ છે માટે તેમાં જવાવાળા જીવો પણ છે અને તેમાંથી નીકળવાવાળા પણ જીવો છે. માટે નરકગતિ પણ સર્વ સમયે સૌને માટે ઉઘાડી છે. કર્મસત્તાને કોઇની શરમ

નથી; માટે ચાલતા ધરતી ધ્રુજાવનારા હોય, મૂંછ પર લીંબુ રાખનારા હોય કે હીરા મોતીનાં આભૂષણોથી આભૂષિત હોય ઇત્યાદિ બધા જીવો યદિ મનુષ્યગતિમાં જન્મીને નરકગતિને યોગ્ય કર્મો કરશે તે બધાંને નરકગતિમાં જતા કોઈ પણ રોકનાર નથી. મનુષ્ય કે તિર્યંચગતિના જીવો યદિ કાપોત લેશ્યામાં રમણ કરનારા છે તો ઉપર પ્રમાણેની સંખ્યામાં નરકમાં જશે. આ પ્રમાણે કૃષ્ણપાક્ષિક, શુક્લપાક્ષિક, સંજ્ઞી, અસંજ્ઞી, ભવસિદ્ધિક, અભવસિદ્ધિક, મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની (જેમાં ચતુર્દશ પૂર્વધારી અને અગ્યારમા ગુણઠાણાના જીવોનો પણ સમાવેશ છે.), અવધિજ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, વિભંગ-જ્ઞાની જીવો પણ ઉપરની જેમ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી નરકમાં જનારા સમજવા.

**નોંધ :** સમ્યગ્દર્શનની સ્પર્શના આત્માને થયા વિના સમ્યક્ શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. માટે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી અથવા તેની હયાતી સુધી અથવા ત્યાંથી પતિત થઇને જ્યાં સુધી મિથ્યાત્વ ગુણઠાણે ન આવે ત્યાં સુધી કોઈ પણ જીવાત્મા નરકનું આયુષ્ય બાંધી શકતો નથી. ત્યારે આ ચાલુ પ્રશ્નોત્તરમાં સમજવાનું કે કોઈ જીવાત્માએ મિથ્યાત્વની અવસ્થામાં આરંભ–સમારંભને લઇને નરકાયુષ્ય બાધ્યું હોય અને પછીથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થયે છતે પણ તે જીવાત્મા નરકગતિમાં જઇ શકે છે. માટે જ કહેવાયું છે કે—

'શ્રેણિક જેવા તુમ ગુણરાગી, તો એ કર્મની બેડી ન ભાંગી.'

અવધિજ્ઞાની દેવનો જીવ દેવલોકમાંથી સીધો કારણાભાવે નરકમાં જતો નથી, પણ મનુષ્ય કે તિર્યંચ જીવને તપશ્ચર્યાદિ કારણે અવધિજ્ઞાન થયું હોય તો પણ ચારિત્રગુણની શુદ્ધિના

અભાવે નરકગતિમાં જવાની સંભાવના છે. મતિજ્ઞાની આત્મા ચાહે ગમે તેટલો બુદ્ધિશાળી હોય, તર્કવાદ દ્વારા બીજાને પરાસ્ત કરનારો હોય, અથવા ગમે તેવા વિકટ પ્રસંગોમાં પણ પોતાની બુદ્ધિ દ્વારા રસ્તો શોધી કાઢનાર હોય તો પણ યદિ તે ચારિત્રશુદ્ધ નથી તો તેમને પણ નરકની સંભાવના છે.

ચક્ષુદર્શની જીવો નરકમાં જતા નથી. કેમકે તે ભવપૂર્ણ થતાં ચક્ષુરિન્દ્રિયનો પણ ત્યાગ અવશ્યંભાવી હોવાથી ચક્ષુદર્શની જીવને નરક નથી. તો પણ એટલું સમજવાનું કે આંખ ભલે લીંબુની ફાડ જેવી કે કાજલ આંજેલી હોય, કાન પણ લાંબા હોય, જીભ પણ સારી હોય, સ્પર્શેન્દ્રિય માખણ જેવી મુલાયમ હોય તો પણ તેમના વિષયોના ભોગવટામાં ચારિત્રની શુદ્ધિનો ખ્યાલ રાખવામાં ન આવે તો ઇન્દ્રિયો ભલે આવતા ભવે સાથે ન આવે તો પણ આત્માને તો નરક ગતિ જ શેષ રહેવા પામશે. જ્યારે અચક્ષુદર્શનીને નરક કહી છે. અહીં અચક્ષુદર્શનથી ઇન્દ્રિય નિરપેક્ષ સામાન્ય ઉપયોગ પ્રતિપાદ્ય છે. અને નરકમાં ઉત્પત્તિ સમયે તેનો સદ્ભાવ રહે છે; માટે અચક્ષુદર્શીને નરક છે. અવધિદર્શની આહાર, ભય, મૈથુન અને પરિગ્રહસંજ્ઞાના માલિકો કાપોત લેશ્યાના સમયે આયુષ્યબંધ કરે તો રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્પન્ન થશે.

પુરુષવેદ કે સ્રીવેદના સ્વામીઓને નરક નથી પણ નપુંસકવેદીને નરક છે.

ક્રોધી, માની, માયી, લોભી જીવો નરકમાં જાય છે. જ્યારે પાંચે ઇન્દ્રિયો મરણોત્તર સાથે રહેતી નથી. માટે ઇન્દ્રિયોપયુક્ત જીવો નરકમાં જતા નથી અને નોઇન્દ્રિય મન રૂપ હોવાથી ભાવ મનનો માલિક નરકમાં જાય છે. નરકમાં

ઉત્પન્ન થતો જીવ અપર્યાપ્ત હોવાથી મન, વચનવાળો ન હોવાથી મનોયોગી, વચનયોગી નરકમાં જતો નથી. પણ સૂક્ષ્મ શરીર સદૈવ સહચારી હોવાથી કાયયોગીને નરક કહી છે. તેમ સાકારોપયોગી કે અનાકારોપયોગી જીવો પણ નરકમાં જાય છે. સંખ્યા સૌને માટે જઘન્યથી એકથી ત્રણ સુધી અને ઉત્કૃષ્ટથી સંખ્યાત જાણવી.

—નરકોમાં ઉત્પાદક નામક વિષય સમાપ્ત.

## ઉદ્વર્તના વિષયક વક્તવ્યતા :-

રત્નપ્રભા નામની પહેલી નરક ભૂમિના સંખ્યાત યોજનવાળા ૩૦ લાખ નરકાવાસોમાંથી એક સમયે નરકાયુષ્ય પૂર્ણ કરી કેટલા જીવો બહાર નીકળે છે, એટલે નરકમાંથી બહાર આવનારા જીવો કેટલા ? અહીં પણ ઉત્પાદની જેમ ૩૯ પ્રકારો વડે નિર્ણય કરવાનો છે.

પ્રશ્નનો ઉત્તર આપતાં ભગવંતે કહ્યું કે, ‘ હે ગૌતમ ! ઉત્પાદની જેમ જઘન્યથી એક, બે કે ત્રણ જીવો અને ઉત્કૃષ્ટથી સંખ્યાત જીવો એક સમયમાં કાપોત લેશ્યાવાળા, કૃષ્ણ અને શુકલપાક્ષિક અને સંજ્ઞી જીવો નરકભૂમિનો ત્યાગ કરી બહાર આવે છે. જ્યારે અસંજ્ઞી જીવોની ઉદ્વર્તના એટલા માટે નથી કે, તે પરભવના પ્રથમ સમયે જ થાય છે, અને નારક જીવો ત્યાંથી મરીને અસંજ્ઞી ભવ કરતા નથી.

ભવસિદ્ધિક, અભવસિદ્ધિક, મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની, નરકની જેમ જાણવા. પરંતુ નરકગતિના આયુષ્યક્ષયના સમયે વિભંગ જ્ઞાન અને ચક્ષુદર્શનનો અભાવ હોવાથી ઉદ્વર્તના

નથી. અચક્ષુદર્શનના જીવો તથા અવધિદર્શનની આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞી, પુરુષ, સ્ત્રી અને નપુંસક વેદી તથા ચારે કષાયી જીવો પણ કાપોત લેશ્યાની જેમ સમજવા. જ્યારે પાંચે ઇન્દ્રિયોપયુક્ત જીવોની ઇન્દ્રિયો ત્યાં જ સમાપ્ત થઈ જવાના કારણે ઉદ્વર્તના નથી. નોઇન્દ્રિય, કાયયોગી (કાર્મણ શરીરની અપેક્ષાએ) તથા સાકાર અને અનાકારોપયોગી જીવો નરકથી ઉદ્વર્તિત થાય છે પણ મનોયોગી, વચનયોગી જીવોનું ઉદ્વર્તન નથી.

## નારક જીવોની નરકમાં કેટલી સંખ્યા :

હે પ્રભો! પહેલી ભૂમિના સંખ્યાત યોજનવાળા ૩૦ લાખ નરકાવાસોમાં નારક જીવો કેટલી સંખ્યામાં છે? અર્થાત્ ઉત્પાદ અને ઉદ્વર્તનામાં કહેલા ૩૯ પ્રકારના જીવો નીચે લખેલા ભેદોમાં કેટલા છે?

(૧) અનંતરોપપન્નક–નરક ગતિમાં ઉત્પન્ન થવાના પ્રથમ સમયના નારક જીવો કેટલા?

(૨) પરંપરોપપન્નક—ઉત્પન્ન થયે બે સમયથી વધારે સમય થયો હોય તે જીવો કેટલા?

(૩) અનંતરાવગાઢ—વિવક્ષિત ક્ષેત્રમાં પ્રથમ સમયમાં અવગાઢ એટલે હાજર કેટલા?

(૪) પરંપરાવગાઢ—વિવક્ષિત ક્ષેત્રમાં પરંપરારૂપે જેમની હાજરીમાં બે સમયાદિ થયા હોય.

(૫) અનંતાહાર–નરકમાં જન્મ સમયે જ આહાર લેનારા કેટલા?

(૬) પરંપરાહાર—બે આદિ સમયોમાં આહાર લેનારા કેટલા ?

(૭) અનંતર પર્યાપ્તક-પ્રથમ સમયે પર્યાપ્તક કેટલા ?

(૮) પરંપરા પર્યાપ્તક—બે આદિ સમયોમાં પર્યાપ્તક કેટલા ?

(૯) ચરમ શરીર—અનંત સંસારમાં પરિભ્રમણ કરતા આ નરક ગતિનો ભવ જેમનો અંતિમ છે, એટલે કે નરકમાંથી નીકળીને સિદ્ધશિલા પ્રાપ્ત કરનારા કેટલા ?

(૧૦) અચરમ શરીર—વધારે ભવ કરનારા કેટલા ?

અનંત સંસારની અનંત માયાને પ્રત્યક્ષ કરનારા અનંતજ્ઞાની ભગવાન મહાવીરસ્વામીએ ફરમાવ્યું કે, 'હે ગૌતમ ! રત્નપ્રભાના સંખ્યાત યોજનવાળા ૩૦ લાખ નરકાવાસોમાં કાપોતલેશ્યા, કૃષ્ણપાક્ષિક, શુક્લપાક્ષિક અને સંજ્ઞી નારકો સંખ્યાત હોય છે. જ્યારે અસંજ્ઞી નારકો કયારેક હોય છે, અને કયારેક નથી હોતા. જ્યારે હોય છે ત્યારે જઘન્યથી એક બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાત હોય છે. કેમકે નરકમાં જતાં પહેલાં અસંજ્ઞી હોવાથી અપર્યાપ્તક અવસ્થાને લઈને અસંજ્ઞી કહ્યા છે. માટે તેમની સંખ્યા અલ્પ છે. ભવસિદ્ધિક, અભવસિદ્ધિક, મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, વિભંગજ્ઞાની, ચક્ષુદર્શની, અચક્ષુદર્શની, અવધિદર્શની, ચારે સંજ્ઞાના જીવો, નપુંસકવેદી અને ક્રોધ કષાયી જીવો સંખ્યાત છે. જ્યારે પુરૂષવેદી અને સ્ત્રીવેદી જીવો હોતા નથી. મહા ભયંકર પાપકર્મોને કરનારા જીવોને નરકમાં નપુંસક વેદ જ ભોગવવાનો હોય છે. તથા તેમને મારકૂટ, વૈર-

વિરોધ, કર્મોનો ઉદય હોવાથી ક્રોધની સંભાવના હોય છે. પણ માન કષાય કોઇક સમયે હોય છે અને કોઇક સમયે નથી હોતો.

પ્રત્યક્ષ દેખાતા આ સંસારમાં પણ આપણે અનુભવી રહ્યા છીએ કે ભયંકરમાં ભયંકર પાપકર્મો ભોગવનારા કે પાપ-કર્મોની ઉદ્દીર્ણામાં પૂર્ણ મસ્ત રહેનારા જીવોને માન–અપમાન કે સ્વમાન જેવું કંઇ હોતું નથી.

(૧) ગણિકાકર્મ–પરસ્ત્રીગમન કે પરપુરૂષગમન કરનારને પોતાના પુરૂષત્વનું કે સ્ત્રીત્વનું, ખાનદાન કે ધર્મનું સ્વાભિ-માન હોય એવું કોઇએ જોયું છે?

(૨) કસાઇખાને કે પોતાના ઘરમાં બકરાં, ઘેટાં, કુકડા આદિ જનાવરોનો વધ કરનારા કસાઇ, શિકારી, શરાબી, જુગારી, રમી રમનારા શ્રીમંત પુત્રો આદિ જીવાત્માઓમાં સ્વાભિમાન જેવું કંઇ પણ દેખાય છે ખરું? કેવળ મિથ્યા-ભિમાન કદાચ દેખાય છે.

(૩) ખોટાં તોલમાપ–વ્યાજના ધંધા કરનારાઓમાં, દાણ-ચોરી કે રાજ્ય વિરૂદ્ધ કર્મો કરનારાઓમાં તથા કસાઈ, શરાબી દુરાચારીઓ સાથે વ્યાપારાદિ કરવામાં જીવન યાપન કરનારા-ઓમાં પોતાના આર્યત્વનું, જૈનત્વનું રતિ માત્ર પણ અભિમાન હોય છે એવું કોઇએ જોયું? ક્યાંય પણ અનુભવાય છે?

કેવળ મિથ્યાભિમાન, હઠાગ્રહ, દુરાગ્રહ, સમાજમાં ભાંગ-તોડ કરવાના કુલક્ષણો સિવાય બીજું કંઈ પણ કોઈ જોઈ શકતુ નથી.

ઈત્યાદિ ઉદાહરણોથી જાણી શકાય છે કે તેવા જીવાત્માઓ મનુષ્યભવ પૂર્ણ કરીને જ્યારે નરકગતિના અતિથિ બન્યા

હોય છે ત્યારે તેમને અભિમાન ક્યાંથી હોય? અથવા હોય તો પણ અપ્રત્યક્ષ હોય છે. માયી અને લોભી પાંચે ઇન્દ્રિયોના ઉપર્યુક્ત જીવો સંખ્યાત હોય છે. નોઇન્દ્રિય જીવો અસંજ્ઞીની જેમ સમજવા. મનોયોગી, વચનયોગી, કાયયોગી સાકારોપયુક્ત અને અનાકારોપયુક્ત જીવો પ્રથમ પૃથ્વીમાં એક થી સંખ્યાત સુધી હોય છે. અનંતરોપયુક્ત જીવો અસંજ્ઞીની જેમ સમજવા.

પરંપરોપયુક્ત નારકો સંખ્યાત છે. આ પ્રમાણે અનંતરાવગાઢ અનન્તરાહારક, તથા અનન્તર પર્યાપ્તક જીવો પણ અસંજ્ઞીની જેમ સમજવા, અને પરંપરાવગાઢ, પરંપરાહારક તથા પરંપરાપર્યાપ્તક જીવો કાપોતલેશ્યાની જેમ સમજવા.

અસંખ્યાત યોજન વિસ્તૃત રત્નપ્રભાનું વર્ણન.

રત્નપ્રભા પૃથ્વીના અસંખ્યાત યોજન વિસ્તારવાળા ૩૦ લાખ નરકાવાસોમાં, ઉત્પાદ, ઉદ્વર્તના અને સત્તાના ત્રણે આલાપકોમાં જઘન્યથી એક બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત નારકો સમજવા. તે કાપોત લેશ્યાથી લઇને અનાકારોપયુક્ત સુધીના ૩૯ ભેદોના જીવો પૂર્વવત્ સમજવા. કેવળ અવધિજ્ઞાની કે અવધિદર્શની જીવો પ્રાયઃ કરીને તિર્થંકર હોવાના કારણે તેમના ત્રણેય આલાપકોમાં સંખ્યાત શબ્દનો પ્રયોગ કરવો. કેમકે—

તીર્થંકરો અસંખ્યાત નથી હોતા પણ સંખ્યાત હોય છે.

શર્કરાપ્રભાથી તમસ્તમપ્રભા સુધીનું વર્ણન ઉપર્યુક્ત પ્રમાણે જાણવું. અસંજ્ઞી જીવો રત્નપ્રભાથી આગળ જઈ શકતા નથી. માટે ત્રણે આલાપકો શર્કરાપ્રભામાં હોતા નથી.

મનને પ્રાપ્ત થયેલા પંચેન્દ્રિય મનુષ્યો પાસે તલવાર, ભાલા આદિ શસ્ત્રો કરતાં પણ 'મન' મોટામાં મોટું અને ભયંકર શસ્ત્ર મનાયેલું છે. જેથી તેના પાપે મનુષ્યો ઠેઠ સાતમી નરક ભૂમિ સુધી પણ જઈ શકે છે. અસંજ્ઞી જીવોને મન હોતું નથી; માટે તેઓ જો નરકમાં જાય તો પહેલી નરક ભૂમિથી આગળ જઈ શકતા નથી. આ બધી બાબતો ખ્યાલમાં રાખીને જ આધ્યાત્મિક મહાપુરુષો કહે છે કે 'શરીર, ઇન્દ્રિયો, વેષભૂષા કે બાહ્યપુદ્ગલોના ઠઠારાઓને શણગારવા કરતાં તમે તમારા મનને જ સારૂં અને સાચું શિક્ષણ આપજો. જેથી સંસ્કૃત *થયેલું તમારૂં મન તમારૂં કલ્યાણ કરશે. અને તમે જે સોસાયટી* સંસ્થા કે ટ્રસ્ટના મેમ્બર હશો ત્યાં પણ આધ્યાત્મિકતા ઉત્પન્ન કરી શકશો." અન્યથા કુસંસ્કારી, દુરાચારી તથા મિથ્યા મોહમાયાથી વાસિત તમારૂં મન તમને ઇર્ષ્યાળુ, ક્રોધી, મૈથુની, પરિગ્રહી, માયાવી, પ્રપંચી, ક્લેશિત બનાવશે. જેથી તમે તમારો નાશ નોતરશો અને જે સંસ્થાના તમે સેક્રેટરી, પ્રેસિડંટ, મેંબર, ખજાનચી કે સામાન્ય સંચાલક હશો તો પણ તે સંસ્થાને સર્વથા ડૂબાડી દેવાનું પાપ તમારા માથા પર આવશે. અને તે પાપોના કારણે નરક તરફ પ્રસ્થાન કરતાં તમને એકેય સંસ્થા, ટ્રસ્ટ પણ રોકી શકશે નહિ.

વાલુકાપ્રભા પૃથ્વીના ૧૫ લાખ આવાસો છે. તેમાં કાપોત અને નિલ લેશ્યાના માલિકોનો ઉત્પાદ છે. પંકપ્રભા પૃથ્વીના ૧૦ લાખ આવાસોમાં અવધિજ્ઞાની અને અવધિ દર્શનીની ઉદ્વર્તના હોતી નથી, કારણ કે સામાન્ય રીતે તીર્થંકરનો જીવ અવધિજ્ઞાની હોય છે. તે માટે તેમને માટે ચોથી નરકભૂમિમાં ઉત્પાદ પણ નથી અને ઉદ્વર્તના પણ નથી.

## રાવણે તીર્થંકર ગોત્ર બાંધ્યું નથી :

ઘણા સ્થળે 'રાવણે અષ્ટાપદ તીર્થપર તીર્થંકરગોત્ર બાંધ્યું' જે કહેવાયું છે તે સામાન્ય પ્રકારે સમજવું. પણ નિશ્ચયાત્મકરૂપે નહિ જ. કેમકે દ્વાદશાંગીમાં સર્વશ્રેષ્ઠ ભગવતી-સૂત્રના અનુસારે તીર્થંકરગોત્ર બાંધેલો જીવાત્મા ચોથી નરકમાં જતો નથી અને ત્યાંથી બહાર આવીને તીર્થંકરપદ મેળવતો નથી. રાવણ અને લક્ષ્મણ અત્યારે ચોથી નરકમાં છે. બીજી વાત એ છે કે ક્ષાયિક સમ્યક્ત્વ મેળવ્યા વિના કોઈ પણ જીવ તીર્થંકરગોત્ર બાંધતો નથી. અને રાવણ હજુ ક્ષાયિક સમ્યક્ત્વનો માલિક બનવા ભાગ્યશાળી થયો નથી. કેમકે તેને હજુ ૧૫–૧૬ ભવો શેષ છે. જ્યારે ક્ષાયિક સમ્યક્ત્વનો માલિક નિયમા ત્રીજે ભવે મોક્ષમાં જનારો હોય છે. કૃષ્ણ મહારાજ પાંચમે ભવે અને કોઈ એકાદ જીવની અપેક્ષાએ સાતમે ભવે પણ મોક્ષ કહેવાયો છે. તેથી રાવણે તીર્થંકરગોત્ર બાંધ્યું–આ વચન કેવળજ્ઞાનીના કથનના અનુસારે કેવળ વ્યવહારનયે જ માનવું.

ધૂમપ્રભામાં ત્રણ લાખ આવાસોમાં નીલ તથા કૃષ્ણ-લેશ્યાના જીવો છે.

તમસ્પ્રભાના ૯૯,૯૯૫ આવાસોમાં કૃષ્ણલેશ્યાના જીવો છે.

સાતમી નરકના પાંચ નરકાવાસોમાં તીવ્રતમ કૃષ્ણલેશ્યા છે, જે કાળ, મહાકાળ, રૌરવ, મહારૌરવ, અને અપ્રતિષ્ઠાન નામે સંખ્યાત અને અસંખ્યાત યોજન વિસ્તૃત છે, અને સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલા જીવોનો જ ઉત્પાદ હોવાથી મતિ-જ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની જન્મતા નથી; કેમકે સમ્યગ્-દર્શનના અભાવમાં ગમે તેટલું સમ્યગ્જ્ઞાન પણ મિથ્યાજ્ઞાનમાં

પરિવર્તિત થાય છે. બેશક, મિથ્યાત્વને લઈને સાતમી નરકમાં ગયેલા જીવાત્માઓને નિમિત્ત મળતાં પુનઃ સમ્યગ્દર્શનની સંભાવના રહેલી છે, અને ત્યાર પછી તેમનું મિથ્યાજ્ઞાન ફરીથી સમ્યક્જ્ઞાન થઈ જતું હોવાના કારણે ત્યાં પણ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનની સત્તા સંભવી શકે છે.

હે ગૌતમ! રત્નપ્રભાના સંખ્યાત યોજનવાળા ૩૦ લાખ નરકાવાસોમાં મિશ્ર દૃષ્ટિવાળા જીવોનો ઉત્પાદ અને ઉદ્વર્તન હોતા નથી. પણ સત્તાની અપેક્ષાએ કદાચ વિદ્યમાનતા હોઈ શકે છે, અને નથી પણ હોતી. હોય તો જઘન્યથી ત્રણ સુધી અને ઉત્કૃષ્ટથી સંખ્યાત સમજવા.

## લેશ્યા પરત્વે નરક વક્તવ્યતા :

જીવ માત્રને મરતી વખતે જે લેશ્યાનો ઉદય વર્તતો હોય તે પ્રમાણે સદ્ગતિ કે દુર્ગતિ પ્રાપ્ત થાય છે. કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યા દુર્ગતિદાયક છે, અને તેજ, પદ્મ તથા શુકલ લેશ્યા સદ્ગતિપ્રાપક છે. જેનું વર્ણન પ્રથમ ભાગમાં અપાઈ ગયું છે, તેમ છતાં સંક્ષેપમાં ફરી જાણી લઈએ.

૧. કાપોત લેશ્યામાં મરનાર પહેલી નરકમાં જશે.

૨. તીવ્રતર કાપોત લેશ્યામાં મરનારને માટે બીજી નરક છે.

૩. કંઈક કાપોત અને કંઈક નીલ લેશ્યાના માલિકને માટે ત્રીજી નરક.

૪. નીલ લેશ્યાનો માલિક ચોથી નરકનો અતિથિ છે.

૫. કંઈક નીલ અને કંઈક કૃષ્ણ લેશ્યામાં મરતો માણસ પાંચમી નરકે જાય છે.

૬. તીવ્રતર કૃષ્ણ લેશ્યાવાળો મરીને છઠ્ઠી નરકે જાય છે.

૭. તીવ્રતમ કૃષ્ણ લેશ્યાવાળો સાતમી નરકે જાય છે.

તેમ છતાં પણ જુદાં જુદાં નિમિત્તો મળતાં, મેળવતાં, જોવાતાં, અનુભવાતાં અથવા તેવા જ વાતાવરણમાં રહેતા જીવાત્માના લેશ્યા સ્થાનકો પ્રતિ સમયે બદલાતાં પણ રહેતાં હોય છે. ત્યારે જ નીલ અને કૃષ્ણ લેશ્યાના સ્વામી ચંડકૌશિક નાગરાજને મહાવીરસ્વામીના પ્રતિબોધ પછી પદ્મ લેશ્યાની ઝાંખી થતાં જ દેવલોકની પ્રાપ્તિ થઈ. પદ્મ લેશ્યાના માલિક સંગમદેવને કુતુહલના કારણે અશુભ લેશ્યા ઉદ્‌ભવી અને દયાના સાગર ભગવંત શ્રી મહાવીરસ્વામીને જીવલેણ ઉપસર્ગો કરવાની હીનવૃત્તિ પ્રાપ્ત થઇ.

માટે આ બધી વાતોનો ખ્યાલ કરીને ગૌતમસ્વામીના પૂછેલા પ્રશ્નનો જવાબ આપતાં ભગવંતે કહ્યું કે, " હે ગૌતમ ! લેશ્યાના અધ્યવસાયોના કારણે આત્મામાં પણ શુદ્ધિ અશુદ્ધિના વિચારો આવ્યા વિના રહેતા નથી. અન્યથા પ્રસન્નચંદ્ર રાજર્ષિ સાતમી નરક સુધી શી રીતે પહોંચે ? અને પાછા કેવળજ્ઞાનના માલિક શી રીતે બન્યા ? ભાવશુદ્ધિમાં મુનિરાજને ગોચરી વહોરાવતી ડોશીએ એક પછી એક દેવલોકને શી રીતે સર કર્યા ? અને લેશ્યા બદલાતાં ડોશી પાછા શી રીતે પડ્યા ? અત્યંત સમતાપ્રધાન સાધકને તમે કોઈક સમયે ક્રોધાવેશમાં જોયો છે ? તેમનાં ફફડતા હોઠ, લાલ ટમેટા જેવી આંખો, હાથ પગમાં ચાંચલ્ય, અને વધુ આગળ વધીએ તો ચરવળાની ડાંડી જ બીજાને મારવા કે ધમકાવવા માટે કામે નથી આવતી ? શિયળને જ ધન માનનાર સાધક જ્યારે રૂપાળા અને જુવાનીના ઝુલણે ઝુલતાં પાત્ર સામે આવીને ઊભાં હોય ત્યારે કર્મ-

ગ્રંથની ગાથાઓ જીભ પર ચાલતી હોવા છતાં પણ તે સાધકનાં હાથ પગ, આંખના ચાળાઓ સાથે ભાષાનો વળાંક કોઇક સમયે જોવા જેવો જ હોય છે.

મહાવીરસ્વામીએ કહ્યું કે, 'હે ગૌતમ! આ કારણે જ પદ્મલેશ્યા, તેજોલેશ્યા કે શુક્લલેશ્યામાં રમનાર સાધકને નિમિત્તો મળતાં કે નિમિત્તોની ઉદીર્ણાના સમયમાં કૃષ્ણલેશ્યાદિ આવતાં વાર લાગતી નથી, અને કૃષ્ણાદિ અશુભ લેશ્યામાં ગુલાંટ ખાતો માનવ યદિ કોઈક સમયે સંત સમાગમ અથવા પ્રભુ ભક્તિમાં બેસીને મસ્ત બને છે ત્યારે તે સમયની મર્યાદા પૂરતી પણ શુદ્ધ લેશ્યાને પ્રાપ્ત થતાં જ આંખના પલકારે પોતાનો આવતો ભવ સુધારી લેવા સમર્થ બને છે.

અહીં નરકનો વિષય હોવાથી મનુષ્ય અવતારમાં રહેનારો સાધક પ્રાણાતિપાતાદિ દ્રવ્ય પાપ અને ક્રોધાદિ ભાવપાપમાં પ્રવેશ કરતો તે સમય પૂરતી કૃષ્ણાદિ લેશ્યામાં આવીને આયુષ્યનું બંધન કરે તેના માટે નરક સિવાય બીજું સ્થાન નથી. આ કારણે જ ઉત્તરાધ્યયન સૂત્રમાં કહેવાયું છે કે, "ગૌતમ! ઓ મારા દીર્ઘાયુષ્યમાન્ ગૌતમ! તું એક સમય માટે પણ પ્રમાદ કરીશ નહિ."

પરમ દયાળુ ભગવાન મહાવીરસ્વામીની સૂક્ષ્મ અને સ્વચ્છ બુદ્ધિથી ગ્રાહ્ય પવિત્ર વાણી સાંભળીને ગૌતમ આદિ પર્ષદા અતીવ પ્રસન્ન થઈ અને પોતાને સ્થાને ગઇ.

**શતક ૧૩નો પહેલો ઉદ્દેશો પૂર્ણ**

# શતક ૧૩મું : ઉદ્દેશક-૨

## દેવલોક સંબંધી વર્ણન :

ગૌતમસ્વામીએ, 'હે પ્રભો ! દેવ કેટલા પ્રકારના છે?' એ પ્રશ્ન પ્રભુ મહાવીરસ્વામીને પૂછ્યો, તેના પ્રત્યુત્તરમાં ભગવંતે કહ્યું, 'દેવો ચાર પ્રકારના છે. (૧) ભવનપતિ, (૨) વ્યંતર, (૩) જ્યોતિષી, (૪) વૈમાનિક.

૧૮૦૦૦ યોજનની જાડાઈવાળી પ્રથમ ભૂમિના દશ હજાર યોજન નીચે ગયા પછી ભવનપતિના ભવનો છે. તેના દશ ભેદો છે. અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, અગ્નિકુમાર, વિદ્યુત્કુમાર, ઉદધિકુમાર, દ્વીપકુમાર, વાયુકુમાર, દિશાકુમાર, અને સ્તનિતકુમાર. તથા વાનવ્યંતર આઠ પ્રકારના, જ્યોતિષીક દેવો પાંચ પ્રકારના, વૈમાનિક દેવો બાર પ્રકારના, ગ્રૈવેયક દેવો નવ પ્રકારના અને અનુત્તર વિમાનો પાંચ પ્રકારના છે. પ્રથમ વિસ્તૃત ચર્ચા થઈ ગઈ છે.

ગૌતમસ્વામીના પ્રશ્નથી ભગવંતે કહ્યું કે, 'અસુરકુમારોના ૬૪ લાખ આવાસો સંખ્યાત અને અસંખ્યાત યોજનવાળા છે. જે સૌથી નાના ભવનો છે તે જમ્બૂદ્વીપ જેટલા મોટા છે. વચલા સંખ્યાત યોજનના અને શેષ ભવનો અસંખ્યાત યોજનના સમજવા.

## ઉત્પાદ માટેની વકતવ્યતા :

ભગવંતે કહ્યું કે, 'પહેલા ઉદ્દેશામાં નારકો માટે જે કહેવાયું છે, તે પ્રમાણે અહીં પણ સમજવું. અર્થાત્ લેશ્યાથી

લઇ અનાકારોપયુક્ત સુધી જઘન્યથી એક, બે, ત્રણ, અને ઉત્કૃષ્ટથી સંખ્યાત તથા અસંખ્યાત સમજવા. માત્ર નપુંસક વેદના માલિકોનો ઉત્પાદ દેવલોકમાં નથી.' કેમકે દેવભૂમિ પુણ્ય અને ભોગભૂમિ હોવાથી અહીં પુરુષવેદ ને સ્ત્રીવેદના સ્વામીઓ જ જન્મે છે. ઉદ્વર્તના માટે સમજવાનું કે અસંજ્ઞી જીવો પણ દેવલોકમાંથી ઉદ્વર્તિત થાય છે. કારણ આપતાં ભગવંતે ફરમાવ્યું કે 'અસુરકુમારથી લઇને બધાએ ભવનપતિ વ્યંતરો, જ્યોતિષીઓ અને પહેલા તથા બીજા દેવલોકના દેવો વિષય-વાસનામાં અત્યન્ત લંપટ બન્યા હોય તેઓ ભોગકર્મમાં તત્કાલીન પુણ્ય કર્મોનું દેવાળું કાઢી નાંખ્યું હોવાથી ત્યાંથી ચ્યવીને અસંજ્ઞી પૃથ્વીકાયિકાદિમાં ઉત્પન્ન થાય છે, જ્યાંથી કેટલીયે તીર્થંકર પરમાત્માઓની ચોવીશીઓ પૂર્ણ થવા છતાં પણ બહાર નીકળી શકતા નથી.

તીર્થંકર પરમાત્માઓ પણ દેવયોનિનો ત્યાગ કરી મનુષ્યા-વતાર પામીને તીર્થંકર થાય છે પરંતુ તેઓ અસુરકુમાર જેવા નિકૃષ્ટ દેવયોનિમાંથી ઉદ્વર્તિત થતા નથી. માટે અવધિજ્ઞાની અને અવધિદર્શની જીવો જે પ્રાયઃ કરી તીર્થંકર હોય છે તેમની ઉદ્વર્તના નિષેધ કરાયેલી છે.

અસુરકુમાર દેવલોકમાં સ્ત્રીવેદક અને પુરૂષવેદક જીવો સંખ્યાત કહ્યા છે. દેવલોકમાં લોભકષાયી જીવો હોય છે પરંતુ ક્રોધ માન અને માયા કષાયવાળા જીવો ક્યારેક હોય છે અને ક્યારેક નથી હોતા. જો હોય તો જઘન્યથી એક-બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાત હોય છે.

કૃષ્ણ, નીલ, કાપોત અને તેજોલેશ્યા આ ચાર લેશ્યાઓની સદ્ભાવના છે.

અસંખ્યાત યોજન વિસ્તૃત અસુરવાસોમાં ઉત્કૃષ્ટથી અસંખ્યાત સમજવું, શેષ નરકની જેમ.

## આવાસોની સંખ્યા :

| | ઉત્તર દિશામાં | દક્ષિણ દિશામાં | કુલ સંખ્યા |
|---|---|---|---|
| અસુરકુમાર | ૩૦ લાખ | ૩૪ લાખ | ૬૪ લાખ |
| નાગકુમાર | ૪૦ લાખ | ૪૪ લાખ | ૮૪ લાખ |
| સુવર્ણકુમાર | ૩૪ લાખ | ૩૮ લાખ | ૭૨ લાખ |
| વાયુકુમાર | ૪૬ લાખ | ૫૦ લાખ | ૯૬ લાખ |
| શેષ સર્વેમાં | ૩૬ લાખ | ૪૦ લાખ | ૭૬ લાખ |

પૃથ્વીની અંદર રહેલા મેરૂપર્વતની અપેક્ષાએ ભવનપતિઓના આવાસો પણ ઉત્તર દિશા અને દક્ષિણ દિશામાં વહેંચાઈ જવાથી આ ભેદો પડ્યા છે.

વાનવ્યંતરોના આવાસો અસંખ્યાત લાખ કહ્યા છે અને તેમનો વિસ્તાર સંખ્યાત યોજનનો છે, પણ અસંખ્યાત યોજનનો નથી. તેમાં પણ જે સૌથી નાના છે તે ભરતક્ષેત્ર ઐરાવત ક્ષેત્રની સમાન ૫૨૬ યોજનના છે. મધ્યના મહાવિદેહક્ષેત્ર તુલ્ય છે અને સૌથી મોટા આવાસો જમ્બૂદ્વીપ જેટલા મોટા છે, તથા ઉત્પાદ, ઉદ્વર્તના અને સત્તાવિષયક વર્ણન અસુરકુમારની જેમ સમજવું.

જ્યોતિષ દેવોના આવાસો અસંખ્યાત લાખ કહ્યા છે. ઉત્પાદ, ઉદ્વર્તના અને સત્તા વ્યંતરોની જેમ જાણવી. માત્ર આ દેવો તેજોલેશ્યાના સ્વામી જ જાણવા.

સૌધર્મ દેવલોકના ૩૨ લાખ વિમાનવાસો, સંખ્યાત અને અસંખ્યાત યોજનવાળા જાણવા. ત્રણે આલાપકો પૂર્વવત્ જાણવા અને અવધિજ્ઞાનના સ્વામી તીર્થંકરોનું ચ્યવન વિશેષમાં સમજવું.

કેમકે તીર્થંકરો વૈમાનિક દેવલોકથી ચ્યવીને માનવશરીર ધારે છે. અસંખ્યાત યોજન વિસ્તારવાળા વિમાનવાસોમાંથી અવધિજ્ઞાની અને અવધિદર્શની અસંખ્યાત નહિ પણ સંખ્યાત પ્રમાણમાં ચ્યવે છે; કેમકે તીર્થંકરો સંખ્યાત હોય છે. ઇશાન-સનત્કુમાર પણ પૂર્વવત્ જાણવા. માત્ર સનત્કુમાર નામના દેવલોકમાં સ્રીવેદકો ઉત્પન્ન થતા નથી, તેમજ અસંજ્ઞી જીવો પણ ત્યાં હોતા નથી, કેમકે આ દેવલોકમાં સંજ્ઞી જીવો જ ઉત્પન્ન થાય છે અને ઉદ્‌વર્તિત થાય છે.

માહેન્દ્ર, બ્રહ્મલોક, લાન્તક, મહાશુક્ર, અને સહસ્રાર પર્યંત કલ્પોમાં પણ પૂર્વવત્ જાણવું અને બારે કલ્પોમાં વિમાનોની સંખ્યા 'સકલતીર્થ' સૂત્રથી જાણવી.

પહેલા બીજામાં તેજોલેશ્યા, ત્રીજાચોથામાં અને પાંચમા કલ્પમાં પદ્મલેશ્યા અને ત્યાર પછી શુકલલેશ્યા હોય છે.

આનતમાં ૪૦૦ વિમાનવાસો સંખ્યાત અને અસંખ્યાત યોજનના છે અને આરણ અચ્યુતમાં ૩૦૦ વિમાનાવાસો છે. ગ્રૈવેયકમાં ૩૧૮ છે અને અનુત્તરવિમાનો પાંચ કહ્યાં છે. વિશેષતા એટલી જાણવી કે અનુત્તર વિમાનમાં કૃષ્ણપાક્ષિક, અભવસિદ્ધિક, મતિ-અજ્ઞાની, શ્રુત-અજ્ઞાની કે વિભંગજ્ઞાનીનો ઉત્પાદ નથી, ચ્યવન નથી અને સત્તા પણ નથી.

**શતક ૧૩નો ઉદ્દેશો બીજો પૂર્ણ.**

# શતક ૧૩મું : ઉદ્દેશક—૩

## દેવોની પરિચારણા :

ચારે નિકાયના દેવો મૈથુન સંજ્ઞાના માલિક હોવાથી તેમને પણ પરિચારણા ( મૈથુન ) હોય છે, જેનું વર્ણન પહેલા ભાગમાં આવી ગયું છે, તેથી ત્યાં જ જોઈ લેવાની ભલામણ છે.

નારકો જે સમયે નરકમાં ઉત્પન્ન થાય છે તે જ સમયે આહાર લે છે અને શરીરની રચના કરે છે. પરિચારણા માટે પ્રજ્ઞાપનાસૂત્રનું ૩૪મું પદ જોવાની સલાહ છે.

શતક ૧૩ નો ઉદ્દેશો ત્રીજો પૂર્ણ.

# શતક ૧૩ મું : ઉદ્દેશક-૪

## નરકગતિની વિશેષ વક્તવ્યતા :

નરકભૂમિઓ સાત છે. સૌથી છેલ્લી સાતમી નરકભૂમિમાં પાંચ આવાસો છે તે આ પ્રમાણે-કાળ, મહાકાળ, રૌરવ, મહારૌરવ અને અપ્રતિષ્ઠાન.

છઠ્ઠી નરકભૂમિના આવાસો કરતાં સાતમીના આવાસો લંબાઈ અને પહોળાઈની અપેક્ષાએ વધારે વિસ્તૃત છે. ક્ષેત્ર વિશાળ છે માટે વધારે અવકાશનો અનુભવ કરે છે. સાતમી નરકમાં નારકોની સંખ્યા ઓછી છે કેમકે છટ્ઠી ભૂમિમાં બીજી ગતિઓમાંથી આવનારા જીવોનો પ્રવેશ ચાલુ છે ત્યારે સાતમી માટે બધાયે જીવોનો પ્રવેશ નથી. તેથી છટ્ઠી કરતાં સાતમીના નારકો ઓછા છે. તેથી એક બીજાનું સંઘટ્ટન નથી, પીડન નથી અને ધક્કામુક્કી પણ નથી. તેમ છતાં સાતમીના નારકો મહાકર્મી, મહાક્રિયાવંત, મહા આશ્રવવાળા અને મહાવેદના ભોગવવાવાળા હોય છે. કારણમાં જણાવ્યું છે કે-

## મહાકર્મી જીવો :

મનુષ્યાવતારમાં કે મત્સ્યાવતારમાં તે જીવોએ મોહ, માયા, કામ, ક્રોધ આદિના કારણે મહા ભયંકર ચીકણાં અને નિકાચિત કર્મો બાંધેલાં છે અને જે પ્રકારે કર્મો ઉપાર્જેલાં હોય તે પ્રમાણે નરકમાં જઈને પણ તેઓ મહાકર્મી હોય છે. 'તાંદુલ' એટલે 'ચોખા-ચાવલ' તેના જેવડું શરીર ધરાવનાર તાંદુલ મત્સ્ય મોટા સમુદ્રમાં મગરમચ્છની આંખની પાંપણ ઉપર જ જન્મે છે. છતાં પણ માનસિક વિચારધારાઓ અત્યંત ક્લિષ્ટ

હોવાના કારણે બગાસાં ખાવાના સમયે મગરમચ્છના મુખમાં અસંખ્ય માછલાં પ્રવેશે છે અને બગાસું પૂરું થતાં તે માછલાં પાછાં બહાર નીકળી જાય છે દિવસમાં કેટલીયેવાર બનનારી આ સ્વાભાવિક ક્રિયા છે. પણ ‘ તેલીનું તેલ બળે અને મુસાભાઈનું પેટ ફાટે ’ આ ન્યાયે મહાભયંકર કૃષ્ણ લેશ્યાનો સ્વામી બનેલો તાંદુલ મત્સ્ય વિચારે છે કે, ‘ આ મગરમચ્છ કેટલો બેવકુફ છે ? આળસુનો પીર છે ? પ્રયત્ન વિના બગાસાં માત્રથી આટલાં બધાં માછલાં પેટમાં ગયાં પણ આ ભાઈ સાહેબે એક પણ માછલું ખાધા વિના પાછાં ઓકી દીધાં. આના સ્થાને હું હોઉં તો એક પણ માછલું જીવતું ન રહે. ’ આ બિચારા ચોખાના દાણા જેવા શરીરવાળા તાંદુલ મત્સ્યને બગાસું આવીને કેટલું આવશે ? હાથીના બગાસાંની તુલનામાં કીડીનું બગાસું કેટલું ? છતાં પણ કેવળ મનની આવી વિચારણા કરી સાતમી નરક ભૂમિમાં જાય છે. ત્યારે દેવદુર્લભ મનુષ્યઅવતારને મેળવીને જેઓ પૂરી જિંદગી સુધી અમર્યાદિત પરિગ્રહ, મૈથુન, માયા, પ્રપંચાદિ કાર્યોને માટે મન દ્વારા જુદી જુદી યોજનાઓ કરી રહ્યા હોય, જીભ દ્વારા તે કાર્યોને પ્રોત્સાહન દઈ રહ્યા હોય અને શરીર પાપકાર્યોમાં પૂર્ણરૂપે મસ્ત બનેલું હોય, તેવા જીવો આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં મરીને સાતમી નરકે જાય છે. માટે જ કહેવાયું છે કે તે જીવો ભયંકર કર્મોના માલિક હોય છે.

**મહા ક્રિયાવાળા :**

જે મહાકર્મી હોય છે તે મહા ક્રિયાવાળા પણ હોય છે, કેમકે જે પદ્ધતિએ કર્મો કર્યા હોય છે તે જીવોની ક્રિયાઓ પણ મારકાટ, વૈર–વિરોધ અને દ્વેષપૂર્વક જ હોય છે.

**મહા આશ્રવવાળા :**

અને જેમની ક્રિયાઓ ખરાબ હોય છે તેઓ ફરીથી પાપકર્મો ઉપાર્જવા માટે જ પ્રયત્નશીલ હોય છે. જેમ સારાં કર્મોની માયા બધાય છે તેમ પાપકર્મોની પણ માયા બંધાય છે. ઘણા જીવોને આપણે જાણીએ છીએ કે તેઓ નિરર્થક-સાવ નિરર્થક વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ કરતા જ રહે છે. અમુક પ્રસંગે જૂઠું બોલવાની આવશ્યકતા નથી છતાં માથું મારીને પણ ટાઢા પહોરનાં ગપ્પાં મારતા જ હોય છે. કંઈ પણ લેવા દેવા ન હોવા છતાં એક-બીજાને ધમકાવવા, મારવા કે ખાડામાં નાખવા માટે સાવ નવરા જ હોય છે.

**મહા વેદનાવાળા :**

સાતમી નરકના નારકોની વેદના એટલી બધી તીવ્ર હોય છે કે વેદના ભોગવતાં પહેલાં ડરના માર્યા ૫૦૦ ધનુષ્ય સુધી ઉપર ઉછળે છે અને ચારે બાજુના ભયને કારણે કંપાયમાન થાય છે.

છઠ્ઠી ભૂમિના નારકો કરતાં સપ્તમ ભૂમિના નારકો અલ્પ ઋદ્ધિ અને દીપ્તિવાળા હોય છે. છઠ્ઠી નરકમાં ૯૯૯૯૫ નરકાવાસો છે અને સાતમી કરતાં વધારે જીવો હોવાથી સંકડામણ આદિને વધારે ભોગવનારા હોય છે. બીજી નરકના જીવો પહેલી કરતાં વધારે દુઃખી પરંતુ ત્રીજી કરતાં ઓછા દુઃખી હોય છે. તેવી રીતે છઠ્ઠી નરકના જીવો સાતમી કરતાં ઓછા દુઃખી છે અને પાંચમી કરતાં વધારે દુઃખી છે.

**સ્પર્શ દ્વાર :**

ગૌતમસ્વામીના પ્રશ્નથી ભગવંતે કહ્યું કે, પ્રથમ ભૂમિના નારકો

પૃથ્વીકાયિક, અપૂકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક સંબંધી અનિષ્ટ, અકાન્ત, અપ્રિય, અમનોજ્ઞ અને અમનોમ આદિ સ્પર્શોનો અનુભવ કરનારા છે. શેષ નારકો માટે પણ જાણવું. કેવળ બાદર તેજસ્કાયિક જીવો મનુષ્ય લોકમાં જ હોય છે અને સૂક્ષ્મ તેજસ્કાયિક જીવો સ્પર્શેન્દ્રિય દ્વારા અગ્રાહ્ય હોય છે, માટે તેજસ્કાય જેવી બીજા પ્રકારની ઉષ્ણતા જે પરમાધામીઓથી ઉત્પાદિત હોય છે તેનો સ્પર્શ સમજવો.

પરિધિ દ્વાર :

રત્નપ્રભાની પરિધિ (સ્થૂળતા) શર્કરાપ્રભા કરતાં વધારે છે અને પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ તથા ઉત્તર વિભાગોમાં લંબાઈ અને પહોળાઈ નાની છે. કેમકે રત્નપ્રભાનો આયામ વિષ્કંભ (લંબાઈ અને પહોળાઈ) એક રજ્જૂ પ્રમાણ છે. અને શર્કરાપ્રભાનો આયામ વિષ્કંભ તેનાથી વધારે છે. રત્નપ્રભાની જાડાઈ એક લાખ એંશી હજાર યોજનની છે અને શર્કરાપ્રભાની એક લાખ બત્રીસ હજાર યોજનની છે, તેથી રત્નપ્રભા કરતાં શર્કરાપ્રભા નાની છે પણ લંબાઈ પહોળાઈમાં વધારે છે.

નિરયાન્ત દ્વાર :

સાતે નરક ભૂમિઓમાં જે નરકાવાસો છે તેની આસપાસ જે અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક જીવો છે તે પણ મહાકર્મ, મહાક્રિયા, મહાઆશ્રવ અને મહાવેદનાવાળા છે. યદ્યપિ પોતપોતાનાં નામ કર્મને લઇને જીવો તે તે સ્થાનોમાં જન્મ ધારણ કરે છે તેમ છતાં પણ તેમનાં પૂર્વભવીય કર્મો મહાભયંકર વૈરવાળાં હોય છે. ઇર્ષ્યા,

દ્વેષ, પ્રપંચ આદિના કારણે મહારૌદ્ર કર્મો ઉપાર્જ્યાં હોય છે, તેથી અકથનીય વેદનાઓ ભોગવવાને માટે તે તે સ્થાને જન્મ લીધા વિના છૂટકારો નથી. જેમકેઃ-અપ્કાય સ્થાવર નામ કર્મ એક સરખું હોવા છતાં પણ કેટલાક અપ્કાયિક જીવો ગંગા શત્રુંજય આદિ પવિત્ર સ્થાનોમાં જન્મે છે જેથી ત્યાંનું પાણી વીતરાગ દેવોના અભિષેક માટે તથા દીન-દુઃખી માણસોને પીવા માટે, ન્હાવા માટે અને બીજા પણ કામમાં આવે છે. જ્યારે નરકભૂમિમાં ઉત્પન્ન થયેલા તે જીવોનાં પુણ્યકર્મો ઘણા જ ઓછા હોવાથી ત્યાંનું પાણી નારકોને માટે ગંદુ બની જાય છે જેથી નારકો બિચારા તરસ મટાડી શકતા નથી અને ઉકરડાનું પાણી ગંદકી ફેલાવવા સિવાય બીજા શા કામનું ? તેજસ્કાય જીવો રસોઈ પકાવીને પણ સૌને તૃપ્ત કરે છે જ્યારે દવદાહ વનનાં વનને તો બાળે છે સાથોસાથ સેંકડો હજારો ત્રસ જીવોને પણ મોતને ઘાટ ઉતારે છે. વનસ્પતિકાયના સંસારને તમે જોઈ શકો છો ? સર્વતંત્ર સ્વતંત્ર કોઈની પણ બાધા વિનાના કેટલાક આંબાના, કેળ આદિનાં ઝાડો (વૃક્ષો) બગીચામાં શોભા વધારી રહ્યાં હોય છે ત્યારે અમુક સ્થળે રહેલા આંબાના ઝાડની લગોલગ બે-ત્રણ બાવળિયાનાં ઝાડ પણ ઊભેલાં હોવાથી વારેવારે તેની શૂળો આંબાના પાંદડાંઓને વીંધી રહી હોય છે. અથવા અમુક બાજુનાં પાંદડાં નિરાબાધ હોય છે તો ઝાડની બીજી બાજુના પાંદડાંઓ બાવળની શૂળથી પીડિત હોય છે, ઇત્યાદિક સંસારને જોયા પછી જ ભગવાન મહાવીરસ્વામીની વાણીની યથાર્થતા આપણે જાણી શકીએ છીએ કે, "પાપ અને પુણ્યકર્મનાં ચમત્કારો કેવા વિચિત્ર હોય છે ?" જે પ્રત્યક્ષ-ગમ્ય છે.

પ્રત્યક્ષ દેખાતા આ લોકમાં પણ ઘણી વનસ્પતિઓની

આસપાસ કાંટાના ઝાડ ઊગેલાં હોય છે અથવા તેવાં ગંદા સ્થાનમાં ઉગેલી હોય છે કે તેનો ઉપયોગ મુદ્દલ હોતો નથી. માટે કહેવાયું છે કે નરકભૂમિમાં ઉત્પન્ન થયેલો અપ્કાય, અગ્નિકાય, વાયુકાય કે વનસ્પતિકાય, મહાકર્મી, મહાઆશ્રવી, મહા ક્રિયાવંત અને મહા વેદનાવાળો હોવાથી ત્યાં રહીને પણ પાપકર્મોને ઉપાર્જન કરનારો હોય છે.

## લોકમધ્યદ્વાર વક્તવ્યતા :

પ્રશ્ન—કયા લોકનું મધ્ય ક્યાં આવ્યું છે?

જવાબમાં ભગવંતે કહ્યું કે—

'રત્નપ્રભા પૃથ્વીના આકાશાન્તર અસંખ્યાત ભાગનું ઉલ્લંઘન કરતાં જે સ્થાન આવે તે લોકની લંબાઈ પહોળાઈનો મધ્યભાગ છે.'

'પંકપ્રભા નામની ચોથી નરક પૃથ્વીના આકાશ ખંડના અર્ધભાગ કરતાં કંઈક વધુ ભાગને ઓળંગવાથી જે પ્રદેશ આવે તે અધોલોકનો મધ્યભાગ છે, એટલે કે મેરૂની મધ્યમાં રૂચક પ્રદેશની નીચે ૯૦૦ યોજનનું અંતર કાપ્યા પછી અધોલોક આવે છે, જે સાત રજ્જૂ પ્રમાણથી વધારે છે, તેનો મધ્યભાગ ચોથી અને પાંચમી પૃથ્વીના મધ્યનું અવકાશાન્તર અર્ધાથી વધારે ઓળંગ્યા બાદ અધોલોકનો મધ્યભાગ આવે છે.'

'સનત્કુમાર અને મહેન્દ્ર કલ્પોની ઉપર અને બ્રહ્મ કલ્પની નીચે રિષ્ટ વિમાનનું પ્રતર છે, તેમાં જ ઊર્ધ્વલોકની લંબાઈનો મધ્યભાગ છે. સારાંશ કે મેરૂપર્વતના રૂચક પ્રદેશથી ૯૦૦ યોજન ઊંચે ઊર્ધ્વલોક આવેલ છે. તેનો વિસ્તાર સાત

રજ્જૂ કરતાં થોડો ઓછો છે તેનો મધ્યભાગ રિષ્ટ નામક પ્રતરની સમીપમાં છે.'

'જંબૂદ્રીપમાં મેરૂપર્વતના સમમધ્યભાગમાં રત્નપ્રભા પૃથ્વીની ઉપર નીચેના બે ક્ષુદ્ર પ્રતરોની સમીપમાં તિર્યક્ લોકની લંબાઇનો મધ્યભાગ છે. સારાંશ કે રત્નપ્રભાના રત્ન-કાંડમાં સર્વ ક્ષુદ્રક બે પ્રતર છે, તેમાંથી જે ઉપરનું પ્રતર છે ત્યાંથી ઊર્ધ્વલોકનો પ્રારંભ થાય છે, અને નીચેનું જે પ્રતર છે ત્યાંથી અધોલોકનો પ્રારંભ થાય છે. આ બંને ક્ષુદ્ર પ્રતરોની પાસે અષ્ટ પ્રદેશિક રૂચક છે જે તિર્યક્લોકનો મધ્યભાગ કહેવાય છે. આ અષ્ટ પ્રદેશિક રૂચકમાંથી પૂર્વ દિશા, આગ્નેયી દિશા, દક્ષિણ દિશા, નૈઋત્ય દિશા, પશ્ચિમ દિશા, વાયવ્ય દિશા, ઉત્તર દિશા, ઇશાન દિશા, ઊર્ધ્વ દિશા અને અધોદિશાની પ્રાદુર્ભૂતિ થાય છે.

## દિગ્વિદિક્ પ્રવહદ્વાર વક્તવ્યતા :

એટલે કે પ્રત્યેક દિશા–વિદિશાનું ઉદ્ગમ સ્થાન કયું ? તેની આદિમાં પ્રદેશો કેટલા ? આકાર કેવો ? આદિ પ્રશ્નો છે અને ઉત્તરો છે. તે સંક્ષેપથી નીચે પ્રમાણે છે. ઐન્દ્રી એટલે પૂર્વ દિશાની પ્રાદુર્ભૂતિ રૂચકથી થાય છે, એટલે કે પૂર્વ દિશાની આદિમાં રૂચક છે. આદિમાં બે પ્રદેશ હોવાથી તે પૂર્વ દિશા દ્વિપ્રદેશોત્તર છે. લોકની અપેક્ષાએ અસંખ્યાત પ્રદેશવાળી છે, અલોકની દૃષ્ટિએ અનંત પ્રદેશી છે. લોકની અપેક્ષાએ સાદિ અને અવસાન સહિત છે, અલોકની અપેક્ષાએ સાદિ અને પર્યવસન રહિત છે. મૃદંગના આકારવાળી છે, અલોકની અપેક્ષાએ ગાડાના આગળના ભાગના લાકડા શકટૌધિ આકારે છે.

આગ્નેયી દિશાની આદિમાં રૂચક છે. એક પ્રદેશ તેની આદિમાં છે. આકાર મુક્તાવલિ જેવો છે. શેષ દિશા અને વિદિશાઓ પૂર્વ અને આગ્નેયીની જેમ જાણવી.

## પરિવર્તનદ્વાર વકતવ્યતા :–

'હે પ્રભો! લોક શું કહેવાય? એ પ્રશ્ન છે.

જવાબમાં ભગવંતે કહ્યું કે, 'આ લોક પંચાસ્તિકાય છે એટલે કે આખાયે બ્રહ્માંડ(લોક)માં અસ્તિકાયો પાંચ સંખ્યામાં છે. તેમની વિદ્યમાનતા જ્યાં હોય તે લોક છે.

૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય, ૩. આકાશાસ્તિકાય, ૪. જીવાસ્તિકાય, ૫. પુદ્દગલાસ્તિકાય. આમાં જીવાસ્તિકાયને છોડી બાકી બધા અજીવો છે.

ધર્માસ્તિકાયની સદ્દભાવનામાં જીવ માત્ર ગમનાગમન (એક સ્થાનેથી બીજે જવું તે ગમન અને પાછું આવવું તે આગમન.) કરી શકે છે. ધર્માસ્તિકાયના અભાવમાં ગમનાગમન શકય નથી. આ ઉપરાંત બોલવાની ક્રિયા–નેત્ર ઉઘાડવાની ક્રિયા તથા મન, વચન અને કાયાની પ્રવૃત્તિમાં ધર્માસ્તિકાયનો ઉપકાર છે. 'गइ लक्खणेणं धम्मत्थिकाए' એટલે કે જીવોની કે પુદ્દગલોની ગતિ આદિ ક્રિયામાં ધર્માસ્તિકાયની સહાયતા અનિવાર્ય છે.

જીવોને ઊભા રહેવાનું, બેસવાનું, પડખું નહિ બદલવાનું અને મનને એકાગ્ર કરવારૂપ તથા આના જેવી સ્થિરતારૂપ ક્રિયામાં અધર્માસ્તિકાયની સહાયતા છે. '**ठाणलक्खणेणं अहम्मत्थिकाए....**'

જીવ અને અજીવ દ્રવ્યોને આશ્રય આપે, સ્થાન આપે તે આકાશાસ્તિકાય છે. જેના એક પ્રદેશમાં એક પરમાણુ, બે પરમાણુ, સો પુદ્ગલપરમાણુ યાવત્ સ્કંધ પણ અવગાહિત થાય છે. જેમ એક રૂમ( ઓરડા )માં એકથી લઈ ઘણા દીવાઓનો પ્રકાશ સમાઈ જાય છે, અથવા ઔષધિથી મારેલા પારામાં એક તોલાથી સો તોલા સુવર્ણનો સમાવેશ થાય છે, તેવી રીતે પુદ્ગલ પરિણામની વિચિત્રતાને લઇ ગમે તેટલા પરમાણુઓ એક આકાશ પ્રદેશમાં પણ સમાવિષ્ટ થાય છે.

'अवगाहना लक्खणेणं आगासत्थिकाए'

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન આદિના અનંત પર્યાયોના ઉપયોગને ધારણ કરનાર જીવાસ્તિકાય છે. उवओग लक्खणेणं जीवे....'

પુદ્ગલાસ્તિકાયના સદ્ભાવમાં જીવમાત્રથી ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ્ અને કાર્મણરૂપ પાંચ શરીર, સ્પર્શેન્દ્રિયાદિ પાંચ ઇન્દ્રિયો તથા મન આદિ ત્રણ યોગો આદિની પ્રવૃતિ થાય છે.

'गहण लक्खणेणं पोग्गलिकाए'

## એકાસ્તિકાય પ્રદેશ સ્પર્શદ્વાર વક્તવ્યતા :

ધર્માસ્તિકાયનો એક પ્રદેશ, ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે?

આવી પદ્ધતિના આ પ્રશ્નો છે અને પ્રભુના જવાબો છે.

ભગવંતે કહ્યું કે, ધર્માસ્તિકાયનો એક પ્રદેશ જઘન્યથી,

ધર્માસ્તિકાયના ત્રણ પ્રદેશોવડે સ્પૃષ્ટ છે, લોકાન્ત કોણમાં રહેલો એક પ્રદેશ ઉપરના એક પ્રદેશથી અને આસપાસના બે પ્રદેશો એમ ત્રણથી સ્પૃષ્ટ છે. જ્યારે ઉત્કૃષ્ટથી ચારે દિશાના ચાર અને ઉર્ધ્વ અધઃ ના બે પ્રદેશ એમ છ પ્રદેશથી સ્પૃષ્ટ છે.

જ્યાં ધર્માસ્તિકાયનો પ્રદેશ છે ત્યાં અધર્માસ્તિકાયનો પણ પ્રદેશ હોય છે, માટે જઘન્યથી ચાર અને ઉત્કૃષ્ટથી સાત અધર્માસ્તિકાયના પ્રદેશો વડે સ્પૃષ્ટ છે. તે આ પ્રમાણે:–ધર્માસ્તિકાયનો એક પ્રદેશ, અધર્માસ્તિકાયના ઉપરના એક પ્રદેશવડે, આસપાસના બે અને ધર્માસ્તિકાયના સ્થાન પર રહેલા અધર્માસ્તિકાયના એક પ્રદેશ એમ ચાર વડે સ્પૃષ્ટ છે. જ્યારે વધારેમાં વધારે ધર્માસ્તિકાયના એક પ્રદેશની છ દિશામાં રહેલા અધર્માસ્તિકાયના છ પ્રદેશ અને ધર્માસ્તિકાયના સ્થાનપર રહેલ અધર્માસ્તિકાયના એક પ્રદેશ એવી રીતે ઉત્કૃષ્ટથી સાત પ્રદેશો વડે સ્પર્શાય છે.

આકાશાસ્તિકાયના સાત પ્રદેશો વડે ધર્માસ્તિકાયનો એક પ્રદેશ સ્પૃષ્ટ છે. અલોકાસ્તિકાયને પણ પ્રદેશ હોય છે.

જીવાસ્તિકાયના અનંત પ્રદેશો વડે ધર્માસ્તિકાયનો એક પ્રદેશ સ્પૃષ્ટ છે, કેમકે એક પ્રદેશની આસપાસ અનંત જીવોના અનંત પ્રદેશો વિદ્યમાન હોય છે. આ જ પ્રમાણે પુદ્ગલાસ્તિકાયના અનંત પ્રદેશો વડે ધર્માસ્તિકાયનો એક પ્રદેશ સ્પૃષ્ટ હોય છે. કેમકે–તેના અનંત પ્રદેશો ધર્માસ્તિકાયના એક પ્રદેશ પર અને તેની પાસે દિક્ત્રયાદિમાં રહે છે. અઢી દ્વીપમાં જ કાળ મર્યાદા હોવાથી કાળ દ્રવ્ય વડે કોઈક સમયે ધર્માસ્તિકાયનો પ્રદેશ સ્પૃષ્ટ હોય છે અને કોઈક સમયે નથી હોતો. આ રીતે આને લગતા બીજા વિકલ્પો મૂળ સૂત્રથી જાણવા.

અવગાહના દ્વાર :

આકાશાસ્તિકાયના એક પ્રદેશના સ્થાનમાં ધર્મ, અધર્મ અને આકાશનો એક એક પ્રદેશ જ રહે છે. જ્યારે જીવાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાયના અનંત પ્રદેશો રહે છે. કાળ દ્રવ્યનો પ્રદેશ કદાચ રહે છે અને કદાચ નથી રહેતો. કેમકે તેની મર્યાદા મનુષ્યલોકમાં જ છે.

અલોકાકાશના એકેય પ્રદેશમાં ધર્મ અધર્મ અસ્તિકાયનો એક પણ પ્રદેશ અવગાહિત નથી. તેવી રીતે જીવાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાય તેમ જ કાળદ્રવ્યનો પણ પ્રદેશ નથી. જીવાસ્તિકાયનો એક પ્રદેશ જે સ્થાને રહ્યો છે, ત્યાં બીજા જીવોના અનંત પ્રદેશો પણ રહે છે.

પુદ્‌ગલ પરમાણુના બે પ્રદેશોમાં યદિ તે બંને પ્રદેશો આકાશના એક પ્રદેશમાં રહેલા હોય તો ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાહે છે, અને તે બંને પરમાણુ જે પ્રદેશમાં અવગાહિત હોય તે ધર્માસ્તિકાયના પણ બે પ્રદેશ સમજવા.

જ્યાં ધર્માસ્તિકાય રહેલો હોય છે ત્યાં તેનો એક પણ પ્રદેશ હોતો નથી. કારણ કે ધર્માસ્તિકાય પોતાના સમસ્ત પ્રદેશો સાથે જ અવગાઢ હોવાથી તેનો એકપણ પ્રદેશ છૂટો રહેતો નથી. આ પ્રમાણે બીજે સ્થળે કલ્પી લેવું.

## જીવાવગાઢ દ્વાર વકતવ્યતા :

શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નથી ભગવંતે કહ્યું કે ' હે ગૌતમ ! જે સ્થાન પર પૃથ્વીકાયિક જીવો અવગાઢ હોય છે ત્યાં બીજા

સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવો અસંખ્યાત અવગાઢ હોય છે. જ્યાં એક હોય છે ત્યાં નિયમા અસંખ્ય હોય છે. આ પ્રમાણે સૂક્ષ્મ અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક જીવો પણ અસંખ્યાત હોય છે. જ્યારે વનસ્પતિકાયિક જીવો અનંત અવગાઢ હોય છે. આજ પ્રમાણે જ્યાં અપ્કાયિક અવગાઢ હોય છે ત્યાં પણ ઉપરની જેમ સમજવું અને જ્યાં એક વનસ્પતિ જીવ અવગાઢ હોય છે ત્યાં બીજા અનંત જીવો પણ સમજવા.

## અસ્તિકાય પ્રદેશ :

'હે પ્રભો! ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય કે આકાશાસ્તિકાયોના જે અસંખ્યાત પ્રદેશો કહ્યા છે તેમાં પુરુષો બેસવાને, ઉઠવાને, પડખું બદલવાને કે સૂવાને માટે સમર્થ હોઇ શકે છે?'

જવાબમાં ભગવંતે કહ્યું કે, 'ગૌતમ! તે પ્રદેશો ઉપર કોઈ પણ પુરુષ બેસી, ઊઠી કે સૂઈ શકે નહિ. જેમકે એક રૂમમાં એક, બે, સો કે હજારો દીવડાઓ જગમગી રહ્યા છે તો હે ગૌતમ! તે પ્રકાશ ઉપર જેમ કોઈ સૂઇ શકતો નથી, બેસી શકતો નથી, તેવી રીતે ધર્માસ્તિકાયાદિના પ્રદેશોમાં પણ બેસી શકાતું નથી, યાવત્ સૂઈ શકાતું નથી. કેમકે દ્રવ્યો અને પ્રદેશો અમૂર્ત છે. માટે અમૂર્ત ઉપર મૂર્ત પુરુષ યાવત્ સૂઇ શકતા નથી પરંતુ અનન્ત જીવો અવગાઢ રહી શકે છે.

## બહુ સમ દ્વાર વક્તવ્યતા :

લોક કયા સ્થાને સમભાગવાળો છે? એટલે કે હાનિવૃદ્ધિ વિનાનો છે? સંકીર્ણ છે?

જવાબમાં ભગવંતે કહ્યું કે, 'રત્નપ્રભાના ઉપરના

અધસ્તન પ્રતરો જે સૌ કરતાં લઘુતર છે, એક રજ્જૂ પ્રમાણ છે અને તિર્યગ્ લોકના મધ્યવર્તી છે તે સંકીર્ણ ભાગ છે. બ્રહ્મલોક જે લોક રૂપ શરીરની કોણી જેવો છે તે વિગ્રાહિક વક્ર ભાગ છે.

**લોક સંસ્થાન :**

સુપ્રતિષ્ઠિત આકારનો લોક છે અને તિર્યક્લોક સૌથી નાનો છે. ૧૮૦૦ યોજનની લંબાઇ છે. તેના કરતાં ઉર્ધ્વ લોક સાત રજ્જૂ કરતાં કંઈક ન્યૂન હોવાથી મોટો છે. અને સૌથી મોટો અધો લોક છે, કેમકે તે સાત રજ્જૂ કરતાં કંઇક વધારે છે.

શતક ૧૩ નો ઉદ્દેશો ચોથો પૂર્ણ.

# શતક ૧૩ મું : ઉદ્દેશક–૫

## નારકો સચિત્તાહારી છે ?

'હે પ્રભો ! નારકો શું સચિત્તાહારી છે? અચિત્તાહારી છે? કે મિશ્રાહારી છે ?'

ભગવંતે કહ્યું કે, 'હે ગૌતમ ! નારકો કેવળ અચિત્તાહારી એટલે અચિત્ત પદાર્થોનો આહાર કરનારા હોય છે. અસુરકુમાર માટે પણ આ જાણવું.'

દેવાધિદેવ પરમાત્માની સત્યાર્થ વાણી સાંભળીને ગૌતમ વગેરે ખુશ થયા અને દ્રવ્ય તથા ભાવવંદના કરી સ્વાધ્યાયમાં મસ્ત બન્યા.

શતક ૧૩નો ઉદ્દેશો પાંચમો પૂર્ણ.

# શતક ૧૩મું : ઉદ્દેશક–૬

## નારકોની ઉત્પત્તિ શું સાન્તર છે ?

રાજગૃહી નગરીમાં ગૌતમસ્વામીએ ભગવંતને પૂછ્યું કે, ‘હે પ્રભો ! નરક ગતિમાં ઉત્પન્ન થનારા નારકો શું સાન્તર ઉત્પન્ન થાય છે કે નિરંતર થાય છે ?’ ભગવંતે કહ્યું કે : ‘હે ગૌતમ ! નવમા શતકના ૩૨મા ઉદ્દેશામાં જે પ્રમાણે કહેવાયું છે તે પ્રમાણે અહીં સમજવાનું છે. સારાંશ કે નારકો સાન્તર અને નિરંતર પણ ઉત્પન્ન થાય છે. આ જ પ્રમાણે નાગકુમારાદિ, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિક માટે પણ સમજવું. જેમાં અન્તર એટલે અવકાશ રહે તે સાન્તર અને અન્તર ન હોય તે નિરંતર. જે સમયે એક જીવ નારક થયો છે તે જ સમયે બીજો નારક જન્મે તે નિરંતર અને બીજા સમયે જન્મે તે સાન્તર, અથવા એક ભવમાંથી બીજા ભવમાં જતાં જે અંતર પડે તે સાન્તર અને તેનાથી વિપરીત નિરંતર.

卐 卐 卐

## ચમરચંચા નામની રાજધાની ક્યાં છે ?

‘હે પ્રભો ! અસુરરાજ, અસુરેન્દ્ર ચમરની ચમરચંચા નામની રાજધાની ક્યાં આવી છે ?’

જવાબમાં ભગવંતે કહ્યું કે, ‘જંબૂદ્વીપના મેરૂપર્વતની દક્ષિણ દિશામાં તિર્ચ્છા અસંખ્યાત દ્વીપસમુદ્રોને પાર કર્યા પછી અરૂણવર દ્વીપ આવે છે. તેની બાહ્યવેદિકાના અંતિમ

છેડાથી અરૂણવર સમુદ્રમાં ૪૨ હજાર યોજનનું અંતર કાપ્યા પછી ચમરેન્દ્રનો તિગિચ્છકૂટ નામનો ઉત્પાત પર્વત આવે છે, તેનાથી દક્ષિણ દિશામાં ૬૫૫ કરોડ, ૩૫ લાખ, ૫૦ હજાર યોજન સુધી અરૂણોદક સમુદ્રમાં તિરછા ગયા પછી નીચે રત્નપ્રભા પૃથ્વીની અંદર ૪૦ હજાર યોજનનું અંતર પાર કરીને ચમરેન્દ્રની ચમરચંચા રાજધાની આવે છે. જેની લંબાઈ પહોળાઈ એક લાખ યોજનની છે.

પરિધિ ત્રણ લાખ, સોળ હજાર, બસો અઠ્ઠાવીસ યોજનથી વધુ છે. તે ચમરચંચા રાજધાનીથી નૈઋત્યકોણમાં ૬૫૫ કરોડ ૩૫ લાખ ૫૦ હજાર યોજન સુધી તિરછું અંતર આગળ વધતાં અસુરકુમારોના ઇન્દ્ર ચમરનો ચમરચંચા નામનો આવાસ પર્વત આવે છે, જેની લંબાઈ પહોળાઇ ૮૪ હજાર યોજનની છે, પરિધિ બે લાખ, ૬૫ હજાર, ૬૩૨ યોજન કરતાં કંઇક વધારે છે. ભગવંતે કહ્યું કે તે પર્વત ઉપર ઈન્દ્ર મહારાજ આવાસ કરતાં નથી પણ હરવાફરવા અને કામક્રીડા માટે જ આ પર્વત છે.' આમ કહીને ચતુર્વિધ સંઘ સાથે ભગવંતે વિહાર કર્યો.

卐 卐 卐

## વીતભય નગરના ઉદાયન રાજા :

તે કાળે તે સમયે ચંપા નામની નગરી હતી. પૂર્ણભદ્ર નામે ઉદ્યાન હતું. દેવ દેવેન્દ્રો અને ચતુર્વિધ સંઘની સાથે ગ્રામાનુગ્રામ વિહાર કરતાં ભગવાન શ્રી મહાવીરસ્વામી પધાર્યા. દેવરચિત સમવસરણમાં બિરાજિત ભગવાન ધર્મોપદેશ આપે છે. તે સમયે સિંધુ સૌવીર જનપદ(દેશ)માં વીતભય નામનું

નગર હતું. તેના ઈશાન કોણમાં મૃગવન નામનું ઉદ્યાન હતું. નંદનવનની ઉપમાવાળા તે નગરમાં તમામ ઋતુઓનાં પુષ્પો હંમેશાં વિકસિત રહેતાં હતાં. ત્યાં ઉદાયન નામે રાજા રાજ કરતો હતો, જે બાધા અને ઉપદ્રવોથી રહિત હતો. મહાહિમવાન પર્વતની જેમ નિર્ભય હતો. તે રાજાને પ્રભાવતી નામની પટ્ટરાણી હતી. તેનાં હાથપગનાં તળિયાં કોમળ અને ઈષત્ લાલ રંગનાં, શરીરની કાન્તિ સુવર્ણસમાન, કમળ જેવી સુગંધવાળી, નીલ અને કમળના પાંદડાં જેવી લાંબી આંખોવાળી, લાંબા કાન અને અણિયાળા નાકવાળી, દાડમની કળી જેવા દાંતવાળી, પૂર્ણિમાના ચંદ્ર જેવા મુખવાળી, એવી તે પટ્ટરાણીના વૈભવ વિલાસનો પાર નહિ છતાં જૈન શાસનના રંગમાં રંગાયેલા હૈયાવાળી હતી. પુત્ર પરિવારથી પૂર્ણ હતી તો પણ જૈન શ્રમણીઓનો સહવાસ રાણીને માટે અમૂલ્ય હતો. પતિનો પ્રેમ અતૂટ હતો તો પણ જૈન શાસનના પ્રેમમાં અતૂટ અને અનન્ય શ્રદ્ધાવાળી હતી. આ રાજારાણીને અભિજિત્ નામનો રાજકુંવર હતો. રાજનીતિમાં કુશળ હોવાથી તે કુમાર પ્રજાનો પ્રીતિપાત્ર હતો. ઉદાયન રાજાને કેશિકુમાર નામે ભાણેજ હતો.

સિંધુ સૌવીર આદિ ૧૧ દેશોનો, વીતભય આદિ ૩૬૩ નગરોનો અને ૧૦ મુગટબદ્ધ રાજાઓની સેવાથી સેવિત તે ઉદાયન રાજા હતો. સાથોસાથ જીવાજીવાદિ તત્ત્વોનો જાણકાર હતો અને જૈન શ્રમણોપાસક હતો.

જીવનમાં જ્યારે વિચારશક્તિનો પ્રાદુર્ભાવ થાય છે ત્યારે જ ભોગ સાથે યોગની પ્રાપ્તિ સુલભ બને છે. ગૃહસ્થાશ્રમથી સર્વથા પર થયેલા યોગીઓને, યોગસાધનાની જેટલી આવશ્યકતા

હોય છે, તેના કરતાં ગૃહસ્થાશ્રમીઓને ભોગ સાથે યોગની સાધના પૂરા સંસારને આશીર્વાદ સમાન બનવા પામે છે. કેમકે બ્રહ્મચર્યાશ્રમ, સન્યાસાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમ નામના ત્રણ આશ્રમોની પવિત્રતા તથા શુદ્ધતા ગૃહસ્થાશ્રમની પવિત્રતા ઉપર નિર્ભર છે. ગૃહસ્થાશ્રમની શુદ્ધિ અને પવિત્રતા કેવળ લાખો કરોડોની શ્રીમંતાઇ કે ગમે તેવી સત્તાના ભોગવટા ઉપર નથી પરંતુ પોતાના ભોગપ્રધાન જીવનમાં યદિ યોગ પ્રધાનતા કે સાધનાનું મિશ્રણ થઇ જાય કે કરી લેવામાં આવે તો સોનાગાં સુગંધ ભળે છે.

યોગ એટલે કેવળ પદ્માસન વાળીને બેસી જવાનું કે હાટ હવેલી પુત્ર પરિવારનો ત્યાગ કરી સર્વથા નિષ્કાર્મણ્ય જીવન જીવીને પૂર્ણ કરવાનું નથી, પણ મળેલી કે મેળવેલી ભોગ સામગ્રીને મર્યાદિત કે સંયમિત કરવી તેને જ યોગ કહે છે. કેમકે જ્યાં સુધી પાપોનો માર્ગ કે સર્વથા નિરર્થક પાપો બંધ કરવામાં ન આવે ત્યાં સુધી પદ્માસન, જાપ, તપ, દાન, પૂજાપાઠ ફળદાયી નથી બનતાં માટે જીવનમાં પાપમાર્ગને ( આશ્રવમાર્ગને ) સંયમિત કે મર્યાદિત કરવા તે યોગ છે, જેને જૈન શાસન ‘ ભોગોપભોગ વિરમણ વ્રત ’ કહે છે.

માણસ માત્ર ગમે તેટલો શ્રીમંત કે સત્તાધારી હોય તો પણ તેનું પુણ્ય કે શારીરિક શક્તિ અધૂરી જ હોય છે અને તેથી જ ભોગેચ્છા હોવા છતાં પણ તે બધી વસ્તુઓને એક સાથે ખાઇ શકતો નથી કે ખરીદી શકતો નથી. શક્તિ છે તો વસ્તુની દુર્લભતા છે, કદાચ સુલભતા હોય તો પાચનશક્તિનો અભાવ હોય છે, કદાચ પાચનશક્તિ હોય તો શરીરની બિમારીના કારણે ખાઈ શકતો નથી.

ભોગોપભોગનાં સાધનો છે પણ ભોગશક્તિ ક્યાં છે? ઇત્યાદિક અગણિત પ્રશ્નો આપણા જીવનને સંતપ્ત કરી રહ્યા છે. આ સ્થિતિમાં જૈન શાસન કહે છે કે 'માનવ, ઓ માનવ! તું થોડીવારને માટે વિચાર કર, સંસારમાં અનંત ભોગ્ય અને ઉપભોગ્યના પદાર્થો વિદ્યમાન હોવા છતાં જ્યારે તે આપણા જીવનને માટે ઉપયુક્ત થઈ શકતા નથી તો તેમના ભોગની આકાંક્ષા કરીને તું તારા મનમાં શા માટે ચંચલતા ઊભી કરે છે? યાદ રાખજે જ્યાં જ્યાં ચંચલતા છે ત્યાં શાંતિ નથી અને સમાધિ નથી. માટે જે પદાર્થો ભોગમાં આવી શકતા નથી તેનો ત્યાગ કરવામાં કે તેને મર્યાદિત કરવામાં તને શો વાંધો છે? કેમકે સંયમિત જીવનમાં જ શાંતિ અને સમાધિ રહી શકે છે, ટકી શકે છે, અને આર્ત્તધ્યાન વિનાનું જીવન બનાવીને સ્વસ્થતા કેળવી શકાય છે. આ કારણે જ 'ભોગોપભોગ વિરમણ અને અનર્થદંડ વિરમણ વ્રત'ની વ્યવસ્થા કેવળ જૈન શાસનમાં જ રહેલી છે. વ્યવહારમાં મોટાં પાપોને લૌકિક શાસને પણ વર્ણવ્યાં છે, પરંતુ અત્યંત સૂક્ષ્મ પાપોને ઓળખાવનાર જૈન શાસન સિવાય બીજું એકેય શાસન નથી.

માણસ માત્ર કંઈક વિચારબળ કેળવે અને ઇન્દ્રિયોનો તથા મનનો ગુલામ ન બને તો ભોગી જીવનમાં પણ યોગની આરાધના સરળ બની શકે છે. રાજારાણીનું જીવન વ્રતધારી હોવાથી ભોગી છતાં પણ યોગી જેવાં હતાં. એક દિવસે પૌષધ-શાળામાં પૌષધોપવાસમાં સ્થિત રહેલા ઉદાયન રાજાને આવો સંકલ્પ થયો કે "જે નગરમાં, ગામમાં, નિગમમાં ભગવાન મહાવીરસ્વામી વિચરે છે તે ગ્રામનગરાદિને પણ ધન્ય છે.

જેઓ ત્રિકાળવંદનાપૂર્વક દેવાધિદેવને નમસ્કાર કરે છે તે ભાગ્યશાળીઓ પણ ધન્યવાદને પાત્ર છે. જે ભૂમિ પર પરમાત્માનાં ચરણ પડે છે તે ભૂમિને પણ ધન્યવાદ અને તે ગૃહસ્થોને પણ લાખોવાર ધન્યવાદ છે. જેમનાં ઘરનું ભોજન, પાણી, વસ્ત્ર, અને ઔષધ અરિહંતને અથવા તેમના મહાપવિત્ર સાધુ સાધ્વીઓનાં પાત્રમાં પડતું હોય છે."

"ભગવાન મહાવીરસ્વામી વિહાર કરતાં સિંધુ સૌવીર દેશમાં પધારે અને મારી નગરીને પવિત્ર કરે, સમવસરણની રચના થાય અને તેમાં જનતા બેસે તથા હું પણ ભગવંતના ચરણોમાં બેસીને ધર્મોપદેશ સાંભળું. આશ્રવ અને સંવરના ભેદો અને ભેદાનુભેદોને બરાબર સમજી મારા જીવનમાંથી આશ્રવોનો ત્યાગ કરી સંવરધર્મની આચરણા કરું. આવાં પુણ્યકર્મોના ઉદય મારા ભાગ્યમાં ક્યારે આવશે? આવા વિચારો કરતાં ઉદાયન રાજાએ ધર્મજાગરિકા કરી પ્રાતઃકાળે પૌષધ પાર્યું.

આ બાજુ ભગવાન મહાવીરસ્વામી પણ ચતુર્વિધ સંઘ સાથે વિહાર કરતા વીતભય નગરના મૃગવન નામના ઉદ્યાનમાં પધાર્યા. સમવસરણમાં બિરાજમાન થઇને પ્રભુએ ધર્મોપદેશ આપ્યો. ઉદ્યાનરક્ષક માળીએ રાજાને વધામણાં આપ્યાં અને ખુશ થયેલા રાજાએ સ્નાન કર્યું તથા વેષભૂષા સજીને સમવસરણ તરફ રાજા આવ્યા. પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઇને યથાયોગ્ય આસને બેઠા, ધર્મોપદેશ સાંભળ્યો. વૈરાગ્યવાસિત રાજાએ દીક્ષાનો ભાવ કર્યો અને કહ્યું કે, "પ્રભો! હું મારા પુત્રને રાજગાદી પર બેસાડીને આપશ્રી પાસે દીક્ષા લેવા ઈચ્છું છું. પ્રભુએ કહ્યું કે, 'હે રાજન્! સારા ધર્મકાર્યોમાં વિલંબ કરશો

નહિ' ત્યાર પછી તે હાથી પર બેસીને રાજમહેલે આવ્યો. પરંતુ તેના વિચારોમાં આ પ્રમાણે પરિવર્તન થયું. 'મારો પુત્ર રાજનીતિમાં કુશળ છે, લાડકવાયો છે, સંધિ–વિગ્રહ અને મંત્રશક્તિમાં દીર્ઘદૃષ્ટિ ધરાવનાર છે. આવા પુત્રને રાજગાદી ઉપર બેસાડતાં તે મોહમાં લપટાઈને દુર્ગતિનો માલિક ન થાય માટે મારા ભાણેજ કેશિકુમારને રાજ્ય સોંપવું તે મને ઠીક લાગે છે.' એમ સમજીને મંત્રીઓને બોલાવ્યા. તેમની સલાહ લીધી અને સારા મુહૂર્તે ભાણેજનો રાજ્યાભિષેક અને પોતાને દીક્ષા લેવાનો સમય નક્કી કરાયો. ત્યારપછી ભાણેજનો રાજ્યાભિષેક કરીને પોતે શુભ લગ્ન, નવમાંશ દિનશુદ્ધિ અને ચંદ્રસ્વરમાં દીક્ષા લીધી અને વિવિધ પ્રકારે જ્ઞાન, ધ્યાન, તપથી સર્વે કર્મોનો ક્ષય કરી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા.

**રાજકુમારને આર્ત્તધ્યાન :**

પોતાના પુત્ર અભિજિત્ કુમારને રાજગાદી નહિ દેવામાં ઉદાયન રાજાનો અભિપ્રાય સારો હોવા છતાં પણ કુંવરના મનમાં એ વિષયનો સંતાપ હતો કે, 'રાજાએ મને રાજગાદી ન આપતાં કેશિકુમારને આપી તે સારું ન કર્યું.' પછી તો આર્ત્તધ્યાન વધતું ગયું. અને પોતાનો સરસામાન લઈને ચંપાનગરીમાં કુણિક રાજાને મળ્યો અને ત્યાં જ સ્થાયી બની ગયો. ઘણા વર્ષો સુધી શ્રાવકધર્મની આરાધના કરી. પંદર દિવસની સંલેખના કરી ૩૦ ટંકનું ભોજન છોડયું છતાં પણ મૃત્યુકાળ પાસે આવતાં પિતાની સાથે બંધાયેલું વૈર ન છૂટયું. વૈરપાપનું પ્રતિક્રમણ ન કર્યું માટે મૃત્યુ પામીને ભવનપતિના આવાસોમાં આતાપનાસુરકુમાર નામે દેવ થયો, જ્યાં એક પલ્યોપમની આયુષ્ય મર્યાદા છે.

શ્રમણોપાસક ધર્મ (શ્રાવક ધર્મ) સ્વીકાર્યા પછી પણ અભિજિત્ કુમાર હૃદયના પવિત્ર ભાવથી શ્રાવક ધર્મને આરાધી શક્યો નથી. માટે પ્રતિ સમયે વિરાધના વધતી ગઈ, જેમાં હૈયાની કલુષિતતા, આર્ત્તધ્યાન, રાગ તથા દ્વેષના ભાવો મુખ્ય હોય છે. ચંપાનગરીના ઘણા શ્રમણોપાસકો સાથે રહેવા છતાં પણ, તેમની સાથે દ્રવ્યારાધના કરતાં પણ ભાવ આરાધનાને જીવનમાં લાવી શક્યો નહિ અને પિતા–પ્રત્યેનો રોષ ઓછો થયો નથી અથવા ઓછો કરવા માટે પુરૂષાર્થ પણ કરી શક્યો નથી. મોહકર્મનો ઉપશમ હૈયાના કાયરો કરી શકતા નથી. માટે જ 'क्षमा वीरस्य भूषणम्' કહેવાયું છે. અને દ્રવ્યથી પ્રતિક્રમણ–પૌષધ–તપ–જપ કરવા છતાં પણ આવા શ્રાવકો વૈમાનિક ગતિ મેળવી શકતા નથી.

અભિજિત્ કુમાર અગ્નિકુમારના ભવથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મીને મોક્ષમાં જશે.

**શતક ૧૩નો ઉદ્દેશો છઠ્ઠો પૂર્ણ.**

# શતક ૧૩મું : ઉદ્દેશક-૭

## ભાષા સંબંધી વક્તવ્યતા :

આ સાતમા ઉદ્દેશામાં ઘણા પ્રકારના પ્રશ્નોત્તરો છે, જે જ્ઞાતવ્ય, મનનીય અને ઉપાદેય છે. પ્રારંભમાં ભાષા માટેની વક્તવ્યતા છે.

બીજાઓને આપણા હૈયાના ભાવ સ્પષ્ટ શબ્દોમાં સમજાવી શકીએ તેને ભાષા કહે છે. 'भाष्यते इति भाषा' જેનાથી બોલાય અથવા જે બોલાય તે ભાષા છે. શરીરધારી આત્માને જ મુખ-નાક-દાંત-ઓષ્ઠ-તાલુ આદિની પ્રાપ્તિ હોવાથી તે બોલી શકે છે. સારાંશ કે ભાષા જીવાત્મા દ્વારા ઉત્પાદ્ય છે અને જે ઉત્પાદ્ય હોય તે પૌદ્ગલિક જ હોય છે તથા આઘાત તથા પ્રત્યાઘાત તેના ધર્મો છે.

સંસારમાં સમ્યગ્જ્ઞાન કરતાં મિથ્યાજ્ઞાન, વિપરીત જ્ઞાન અને પૂર્વગ્રહ જ્ઞાનના પરમાણુઓ અનંતગુણા વધારે હોવાથી તેમની અસરતળે આવેલા માણસોને યથાર્થજ્ઞાન હોતું નથી. પૂર્વગ્રહથી ગ્રસિત હોવાના કારણે સમ્યગ્જ્ઞાન મેળવવાને માટે તેઓ પ્રયત્નશીલ પણ હોતા નથી. માટે જ તેઓ કહે છે કે ભાષાવ્યવહારમાં બોલાતા શબ્દો પૌદ્ગલિક નથી હોતા પણ ગુણ છે. પરંતુ સંસારનો સર્વથા ઠોઠ માણસ પણ એટલું તો જાણે છે કે 'ગુણ' કોઈને પણ આઘાત પ્રત્યાઘાત કરતો નથી, જ્યારે શબ્દોમાં તો આઘાતત્વ અને પ્રત્યાઘાતત્વ અવશ્યમેવ રહેલું જ છે. વર્ણાત્મક હોવાથી શબ્દો ગુણ હોઈ શકે નહિ, પણ પુદ્ગલ હોય છે. શબ્દોમાં સ્પર્શ પણ રહેલો છે કેમકે

કાન ઇન્દ્રિયને તેનો સ્પર્શ થયા પછી જ સાંભળનાર સાંભળે છે. ગુણોમાં સ્પર્શ હોતો નથી. શબ્દો ઉત્પાદ્ય હોવાથી પૌરુષેય છે, ચૈતન્યશક્તિ સંપન્ન આત્મા શબ્દોનો ઉત્પાદક હોવાથી તેમની ઉત્પત્તિ આપણે પ્રત્યક્ષ જોઇ રહ્યા છીએ. અપૌરુષેય શબ્દો કોઇએ સાંભળ્યા નથી, કોઇ સાંભળતા નથી અને સાંભળશે પણ નહિ, ઇત્યાદિક કારણોથી શબ્દો પૌદ્ગલિક છે. હવે આપણે ભગવતી સૂત્ર તથા ટીકાકારને સાંભળીએ.

શ્રી ગૌતમસ્વામીજી પૂછે છે, ‘હે પ્રભો! બોલાતી ભાષા શું આત્મસ્વરૂપ છે? કે નથી? ભાષાનો પ્રયોગ જીવ કરે છે અને સંસારના બંધન તથા મોક્ષ આદિની વ્યવસ્થા ભાષા દ્વારા જીવ કરે છે માટે જ્ઞાનની જેમ ભાષા પણ જીવનો ધર્મ છે? તથા ધર્મ અને ધર્મીમાં અભેદ હોવાથી ભાષા શું આત્મસ્વરૂપ છે?’ ‘ભાષા માત્ર શ્રોત્રેન્દ્રિય દ્વારા ગ્રાહ્ય હોવાથી તે રૂપી છે, તેથી શું તે આત્માથી ભિન્ન ગણી શકાય?’

ભગવંતે કહ્યું કે, ‘તે ભાષા વર્ગણાઓથી ઉત્પન્ન થવાને કારણે પૌદ્ગલિક છે, અને જીવાત્મા દ્વારા ઉપયુક્ત થાય છે. હાથ વડે ફેંકાતા માટીનાં ઢેફાંની જેમ તથા આકાશની જેમ જડ છે. જીવથી વ્યાપાર્યમાણ હોવા માત્રથી ભાષા આત્મસ્વરૂપ બનતી નથી.’

ભાષા રૂપી છે? અરૂપી છે?

વર્ણગંધરસ અને સ્પર્શ જેમાં હોય તે મૂર્ત (રૂપી) કહેવાય છે. ગૌતમસ્વામીજી જાણવા માંગે છે કે, ‘કાનમાં ધારણ કરેલાં આભૂષણો કાનનો ઉપકાર અને નાશ કરે છે તેવી રીતે મીઠી–મધુરી, સત્ય અને વિનય વિવેકપૂર્વકની ભાષાથી

સાંભળનારનાં કાનનો અનુગ્રહ થાય છે, અને કડવી-કઠોર-કર્કશ-હિંસક તથા અસત્ય ભાષાથી કર્ણેન્દ્રિયનો ઊપઘાત પણ થાય છે. માટે ભાષા શું રૂપી છે? અને ચક્ષુરીન્દ્રિયથી ભાષા ગ્રહણ થતી નથી માટે ધર્માસ્તિકાયની જેમ તે અરૂપી છે?'

જવાબમાં ભગવંતે કહ્યું કે, 'ગૌતમ! મારા શાસનમાં ભાષા રૂપી છે, પણ અરૂપી નથી. ધર્માસ્તિકાયની જેમ ચક્ષુથી અગ્રાહ્ય હોય તેટલા માત્રથી ભાષામાં અરૂપીત્વ સિદ્ધ થતું નથી. જેમ કે પરમાણુ, વાયુ કે પિશાચાદિ ચક્ષુગ્રાહ્ય નથી હોતા તો પણ તે રૂપી જ હોય છે. આ પ્રમાણે ચક્ષુથી અગ્રાહ્ય હોવા છતાં પણ ભાષા રૂપી છે.

'હે પ્રભો! ભાષા સચિત્ત છે? કે અચિત્ત છે?'

સારાંશ કે, 'ભાષા અનાત્મરૂપ હોવા છતાં પણ જીવના શરીરની જેમ સચિત્ત પણ હોઇ શકે છે અને જીવ દ્વારા નિસૃષ્ટ પુદ્ગલમય હોવાથી ભાષા આચત્ત પણ હોઈ શકે છે?'

જવાબમાં કહેવાયું કે, 'હે ગૌતમ! ભાષા સદૈવ પૌદ્-ગલિક હોવાથી અને જીવ દ્વારા નિસૃષ્ટ હોવાના કારણે પણ અચિત્ત જ હોય છે.'

'હે પ્રભો! ભાષા શું જીવસ્વરૂપવાળી છે કે અજીવ સ્વરૂપવાળી છે?'

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે, 'હે ગૌતમ! ભાષા ઉચ્છ્‌વાસાદિ પ્રાણધારણવાળી નહિ હોવાથી તે અજીવરૂપ જ હોય છે. ભાષાનો વ્યવહાર જીવોને જ હોય છે, અજીવોને હોતો નથી; માટે પુરૂષ પ્રયત્ન વિનાની અપૌરુષેયી ભાષા કોઇ કાળે પણ હોતી નથી.'

ભાષણ પહેલાંની ભાષા ભાષા નથી તેમ બોલાઇ ગયેલી પછીની ભાષા પણ ભાષા નથી. જ્યારે જે સમયે ભાષા બોલાતી હોય છે ત્યારે તે ભાષા ભાષારૂપે કહેવાય છે. જેમ માટીના પિંડને ઘડો કહેવાતો નથી, તેમ ફૂટી ગયેલો ઘડો પણ ઘડો કહેવાતો નથી; પણ ઘડાની વિદ્યમાન અવસ્થામાં જ તેને ઘડો કહીએ છીએ. તે પ્રમાણે બોલાયા પહેલાં જેની ઉત્પત્તિ જ નથી અને બોલાયા પછી શબ્દો નાશ પામ્યા છે માટે તેને ભાષા શી રીતે કહેવાય? તેથી જે સમયે ભાષા બોલાય છે તે ભાષા છે જે પોતાનો અર્થ મૂકીને નાશ પામે છે.

' આ તે 'ગકાર' છે જેને તમે પહેલા બોલી ગયા હતા. ' આ બોલાતો પ્રકાર એટલા માટે અસત્ય છે કે યદ્યપિ 'ગ'નું સ્વરૂપ એક સમાન છે, તો પણ પહેલાનો ઉચ્ચારાયેલો તે 'ગકાર' નાશ પામ્યો છે અને અત્યારે ઉચ્ચારાતો 'ગકાર' પહેલા 'ગકાર'થી સર્વથા જૂદો જ છે, માટે ઉચ્ચારણ કરાતી ભાષાનો જ ભેદ થાય છે; એટલે કે મંદ પ્રયત્નથી ઉચ્ચારેલા શબ્દો અસંખ્યાત પ્રદેશાત્મક અને સ્થૂળ હોવાથી સંખ્યાત અવગાહના વર્ગણાઓને પાર કરીને તેનું ભેદન થાય છે. (નાશ થાય છે) અર્થાત્ તે શબ્દરૂપ દ્રવ્ય સંખ્યાત યોજન સુધી જઇને શબ્દ પરિણામનો ત્યાગ કરે છે, જ્યારે મોટા પ્રયત્નથી ઉચ્ચારેલા શબ્દો સૂક્ષ્મ હોવાથી તથા વધારે હોવાથી અનંત-ગણી વૃદ્ધિરૂપે વર્ધિત થઇને છએ દિશાઓમાં લોકાન્તનો સ્પર્શ કરે છે. ( અહીં કે બીજે સ્થળે પણ ભાષ્યમાણ ભાષાને ગ્રહણ કરવી. )

ભાષાના ચાર પ્રકાર–હે ગૌતમ! સત્યા, મૃષા, સત્યામૃષા અને અસત્યામૃષારૂપે ભાષા ચાર પ્રકારે છે, જેનું વર્ણન પહેલા અને બીજા ભાગમાં આવી ગયું છે.

સંસારભરમાં મનુષ્યો ચાર પ્રકારના હોવાથી ભાષાના પણ ચાર ભેદ પડ્યા છે.

૧. કેટલાક ભાગ્યશાળીઓ સ્વભાવથી જ સત્ય ભાષા બોલનારા હોય છે, તેમના જીવનમાં ચાહે હજારો અંતરાયો આવે, જીવનમાં લૂખા સૂકા રોટલાઓ ખાવા પડે, ઉન્નતિની તકો ગમે તેટલી હાથમાંથી ચાલી જાય તો પણ સત્ય ભાષાથી જ પોતાનો વ્યવહાર ચલાવશે. થોડી વધારે વિચારણા કરીએ તો આપણને ખ્યાલ આવશે કે તે ભાગ્યશાળીઓ ગમે તેવા નિમિત્તે પણ જૂઠ ભાષણને પાપ તથા મિથ્યાત્વ જ માનનારા હોવાથી પોતાનો વ્યાપાર કે વ્યવહાર પણ મર્યાદિત રાખશે જેથી ક્યાંય પણ જૂઠ બોલવાનું, જૂઠી સાક્ષી દેવાનું, કૂડતોલ માપ કરવાનું કે ભેળસેળ કરવાનું બનતું નથી, તેમ તેવા પ્રસંગો ઊભા થવા પામતા નથી.

૨. દેવદુર્લભ મનુષ્યાવતાર મેળવીને અગણિત માનવો એવા પણ હોય છે કે સત્ય બોલવામાં પાપ નહિ તો પણ ઢોંગ જ માનનારા હોય છે. તેઓનો અકાટ્ય સિદ્ધાન્ત હોય છે કે જૂઠ બોલ્યા વિના પૈસો મળતો નથી, તે વિના પોઝીશન વધતું નથી, અને તે વિના સમાજમાં, ટ્રસ્ટમાં, દેશમાં કે કે જાતપાતમાં આગેવાન થવાતું નથી. જ્યાં સુધી કોઈ પણ ટ્રસ્ટની આગેવાની ન મળે તો જીવન, ભણતર, ચાલાકી, ચતુરાઈ બધીયે ધૂળધાણી છે, માટે એવા જીવો ખોટા વ્યવહાર, વ્યાપાર, તોલમાપ, વ્યાજ, ભેળસેળ અને કાળા બજારને છોડી શકતા નથી. મહાવીરસ્વામીના પ્રરૂપેલા ત્રીજા વ્રત પ્રત્યે શ્રદ્ધા રાખનારા હોવા છતાં પણ જીવન વ્યવહારમાં તેના પ્રત્યે આંખ-મિંચામણાં કરી પોતાના જીવનમાં ત્રીજું વ્રત લાવી શકતા નથી

અને ખોટા ધંધા છોડી પણ શકતા નથી. તેઓ પોતાના ગૂઢ, મૂઢ અને ગુપ્ત હૈયામાં લક્ષ્મીદેવીના પરમોપાસક હોવાથી પાકે પાયે માનીને બેઠા હોય છે કે અત્યારે તો જૂઠ-પ્રપંચ કરીને લાખો કરોડોની માયા ભેગી કરી લઇએ, પછીથી કથિત અનુષ્ઠાનો કરીને કરાવીને પાપ ધોઈ નાંખીશું, ઇત્યાદિ અસંખ્ય પ્રસંગો તે જીવાત્માઓમાં હોય છે.

૩. આંતર હૈયાના કોરા ધાકોર હોવાથી માયામૃષાવાદના ઝૂલણે ઝૂલનારા ઘણા ભાગ્યશાળીઓને, ધર્મના અધિકારી તથા ઠેકેદારોને, રાજનૈતિકોને, મિનીસ્ટરોને, શ્રીમંતોને તેમજ નાની મોટી સંસ્થાના સંચાલકોને આપણે પ્રત્યક્ષ જોઈ રહ્યા છીએ અથવા તેમની સાથેના વાર્તાલાપમાં આપણે અનુભવી રહ્યા હોઇએ છીએ કે તેઓ જ્યારે બોલતા હોય છે ત્યારે તેમની ભાષામાં સત્યતા પણ હોતી નથી, અસત્યતા પણ હોતી નથી. પરંતુ પોલીટીકલ ભાષા (માયામૃષાવાદ)નો ચક્રાવો જ હોય છે. આવા ભાગ્યશાળીઓ ટીનાપોલથી ધોયેલા ઉજળાં કપડાં પહેરેલા હોવાથી જૂઠ બોલવામાં માનતા નથી, અને હૈયાના નિષ્ઠુર હોવાથી સત્ય બોલવામાં રતિમાત્ર શ્રદ્ધા ધરાવતા નથી. માટે પોલીટીકલ ભાષાનો અભ્યાસ કરીને, વધારીને આખી જિંદગી સુધી પોતાના માનેલા પોલીટીકલના ઝૂલણે ઝૂલવાના નશામાં ચકનાચૂર હોય છે. પછી તો નશામાં બેભાન બનેલા તેઓ પોતાના વડીલો, ગુરુદેવો, પુત્રો, માવડી અને છેવટે ધર્મપત્ની સાથે પણ વાતેવાતે પોલિટીકલ ભાષાનો ઉપયોગ કરી પોતાની જાતને ધન્ય માને છે અથવા જીવન-ધનને સર્વથા ધૂળધાણી કરે છે.

૪. અસત્યામૃષા—આ ભાષાના માલિકો ધર્મના ઊંડા

ણમાં ઉતરતા નથી, તેમ પ્રાયઃ કરીને ઉતરવા જેટલી ક્ષમતા પણ ધરાવતા નથી, છતાં પણ હૃદયના ભદ્રિક, પાપભીરુ તથા વિશ્વાસઘાતને પાપ માનનારા હોવાથી તેઓ કેવળ વ્યાવહારિક ભાષાનો આશ્રય લઈને જીવનયાપન કરતા હોય છે.

અરિહંતોનું શાસન ડંકાની ચોટ સાથે ફરમાવે છે કે સત્ય ભાષા બોલનારા જીવો ભાષા સમિતિના સ્વામી બને છે અને ઘણા પાપોમાંથી પોતાના અમૂલ્ય જીવનને બચાવી લેનારા હોય છે. જ્યારે વચલા બંને જીવાત્માઓ ભાષાસમિતિનું દેવાળું કાઢીને અરિહંતોના શાસનની એક વાર નહિ પણ હજારવાર આશાતના કરે છે. માટે જ કહેવાયું છે કે–

'ભાષા સમિતિ ન ઓળખી જિનશાસનનું મૂળ
કરણી લેખે લાગે નહિ જાય ધૂળમાં ધૂળ.'

卐 卐 卐

## મન માટેની વક્તવ્યતા :

સમ્યગ્જ્ઞાન મેળવવાને કે વધારવા માટે સર્વથા બેદરકાર માનવોનું મંતવ્ય છે કે 'મન અને આત્મા એક જ છે.' પરંતુ આ માન્યતા ભ્રમણાત્મક એટલા માટે છે કે જીવ ચૈતન્યસ્વરૂપી અને મન પૌદ્ગલિક હોવાથી જડ છે માટે બંને એક નથી પણ સર્વથા જૂદા છે.

જીવ અજરઅમર અને અજન્મા છે. જ્યારે મન તેનાથી વિપરીત છે, જે આત્માની માફક શરીરવ્યાપી છે.

દ્રવ્યમન અને ભાવમન એમ મનના બે ભેદ છે. વિદ્યમાન ભવમાં અંતિમ સમયે ઇન્દ્રિયોની સાથે દ્રવ્યમનની પણ

સમાપ્તિ થઇ જાય છે અને ગર્ભસ્થ જીવ જ્યારે મનઃપર્યાપ્તિ દ્વારા મનની રચના કરે છે ત્યારે પુનઃ દ્રવ્યમનનો માલિક બને છે અને ભાવેન્દ્રિયોની જેમ ભાવમન જીવની સાથે સદૈવ સહચારી હોય છે.

રાગદ્વેષ મોહપ્રમાદ આદિ કારણોને લઇને ભવભવાંતરના કરેલા કુસંસ્કારો, અપરાધો, હિંસાત્મક વિચારો આદિનું સંગ્રહ-સ્થાન મન પાસે હોવાથી જીવની જેમ મનની પણ અનંત શક્તિઓ છે.

હવે આપણે સૂત્ર અનુસારે મનની વ્યવસ્થિતિ જાણીએ.

'મન આત્મા નથી પણ અનાત્મા છે.'

'અરૂપી નથી પણ પૌદ્‌ગલિક હોવાથી રૂપી છે.'

'સચિત્ત નથી પણ અચિત્ત છે.'

'જીવરૂપ નથી પણ અજીવરૂપ છે.'

'જીવોમાં જ તેનો સદ્‌ભાવ છે, અજીવોને મન હોતું જ નથી.'

ભોગવાઈ ગયેલી કે ભોગવવાની કોઈ પણ વસ્તુના મનનની પહેલાં મન હોતું નથી, પરંતુ ભુક્ત કે ભોગ્ય પદાર્થના મનનના સમયમાં જ મન હોય છે અને ત્યારપછી તેનું ભેદન થાય છે.

મનના ચાર પ્રકારો છે, તે ચાર પ્રકારની ભાષાની જેમ સમજવા.

## કાય( શરીર ) માટેની વક્તવ્યતા :

શરીરની વિદ્યમાનતા હોય ત્યારે જ મન હોય છે. તેથી શરીર સંબંધી પ્રશ્ન પૂછતાં શ્રી ગૌતમસ્વામી કહે છે કે, 'હે પ્રભો ! શરીરથી આત્મા ભિન્ન છે? અભિન્ન છે? એટલે કે આત્મા અને શરીર એક જ છે કે બંને જુદાં જુદાં છે? યદિ બંને એક જ હોય તો શરીરના નાશમાં જેમ હાથ, પગ, આંખ, કાન, નાક આદિ બળીને ભસ્મ થઇ જાય છે તેમ આત્માનો પણ નાશ થઈ જવો જોઇએ પણ તેમ થતું નથી. કદાચ થાય તો પરલોકના નાશમાં પરલોકમાં જનારનો અભાવ હોવાથી પરલોક( સ્વર્ગ, નરક આદિ )નો પણ અભાવ થશે. પણ આવું કોઈ કાળે બનતું નથી, બન્યું નથી અને બનશે નહિ.

શરીરને આત્માથી ભિન્ન માનવામાં આવે તો શરીરથી કરાયેલાં કર્મો આત્મા સાથે સંબંધિત શી રીતે થશે? જેમ રામજી અને શામજી બંને જુદા છે, માટે રામજી પાન ચાવે તો શામજીનું મોં લાલ થઇ શકતું નથી, તેવી રીતે ખાન-પાન-મોજ આદિ શરીરે કરેલાં હોવાથી તે દ્વારા બંધાયેલું પાપ આત્માને શી રીતે લાગશે?

જવાબમાં યથાર્થવાદી ભગવંતે કહ્યું, 'હે ગૌતમ ! આત્મા શરીરરૂપ પણ છે અને તેનાથી ભિન્ન પણ છે. લોખંડનો ગોળો અને અગ્નિની જેમ બંનેમાં અભિન્નતાના કારણે જ શરીર દ્વારા કૃતકાર્યોનું સંવેદન આત્માને થાય છે, તેમ શરીરના માધ્યમથી કરાયેલાં કર્મોને લઇને આત્માને ભવાંતરમાં પણ તેનું વેદન થાય છે અને તે પ્રમાણે જીવ માત્ર કર્મોને ભોગવી રહ્યા છે, જે સૌને પ્રત્યક્ષ છે. યદિ આત્મા અને કાય( શરીર )ને સર્વથા ભિન્ન માનવામાં આવે તો કરાયેલાં

કર્મોનો નાશ, નહિ કરાયેલાં કર્મોનો ભોગવટો આ બે દોષ લાગુ પડે છે, કેમકે કૃતકર્મો અવશ્યમેવ ભોક્તવ્ય જ હોય છે તથા અકૃતકર્મોનું વેદન કોઈકાળે પણ થતું નથી.

કેટલાક આચાર્યો 'કાય' શબ્દથી કાર્મણ શરીરનું ગ્રહણ કરે છે જેનો સંબંધ સંસારી આત્મા સાથે અભિન્ન કહ્યો છે અને ઔદારિકાદિ શરીરની અપેક્ષાએ આત્મા ભિન્ન છે, તેનો સંગ્રહ અને નાશ થતાં વાર લાગતી નથી.

શરીર રૂપી છે કે અરૂપી ?

જવાબમાં કહેવાયું કે, 'શરીર રૂપી પણ છે અને અરૂપી પણ છે.' પૌદ્ગલિક હોવાથી અને ઔદારિકાદિ શરીરો સ્થૂલ હોવાથી પણ રૂપી છે. કાર્મણ શરીરમાં અતિ સૂક્ષ્મતા હોવાથી શરીર અરૂપી પણ છે.

શરીરમાં જ્યાં સુધી જીવ છે ત્યાં સુધી તે સચિત્ત છે, અને મૃતાવસ્થામાં તે અચિત્ત છે.

ઔદારિકાદિ શરીરમાં ઉચ્છ્વાસાદિ ક્રિયાઓ હોવાથી શરીર જીવસ્વરૂપ અને કાર્મણ શરીરમાં તેનો અભાવ હોવાથી અજીવસ્વરૂપ છે.

જીવોમાં કાય (શરીરાકાર) હોય છે. તેમ અજીવ એવા પુદ્ગલોમાં પણ હાથપગ આદિ હોવાથી કાય કહેવાય છે.

જીવસંબંધ પહેલાં અને ભવિષ્યમાં પણ જેમાં જીવનો સંબંધ થવાનો છે તે મરેલા દેડકાના ચૂર્ણમાં પણ જીવસંબંધ છે.

પુદ્ગલોનું ગ્રહણ થવાના સમયે પણ કાયનો સદ્ભાવ

છે, અને જીવ દ્વારા કાયતાકરણરૂપ કાયનો સમય વ્યતીત થયા પછી પણ મૃત શરીરમાં કાય હોય છે.

કાયરૂપે ગ્રહણ થયા પહેલાં પણ કાયનું ભેદન દ્રવ્યકાયની અપેક્ષાએ થાય છે, કેમકે પુદ્ગલોનો ચય અને ઉપચય પ્રતિ સમયે થતો રહે છે અને મુઠ્ઠીમાં ભરેલી રેતી જેમ ક્ષણે ક્ષણે સરતી જાય છે તેમ શરીર ગ્રહણ કરવાના સમયે શરીરનું ભેદન થાય છે તથા કાય સમય વ્યતીત થયે કાયનો ભેદ થાય છે.

પરમાત્માએ શરીર સાત કહ્યાં છે.

(૧) ઔદારિક (૨) ઔદારિક મિશ્ર
(૩) વૈક્રિય (૪) વૈક્રિય મિશ્ર
(૫) આહારક (૬) આહારક મિશ્ર
(૭) કાર્મણ.

卐 卐 卐

## મરણ વક્તવ્યતા :

જ્યાં જ્યાં જીવન છે ત્યાં ત્યાં મરણ અવશ્યંભાવી છે. અમરફળનું ભોજન કે અમૃત ઘૂંટડાનું પાન તો બિચારા કવિઓની કલ્પના માત્ર જ હોય છે. અથવા કોઇની ખાનદાનીમાં ચાર-પાંચ દશ પેઢી સુધી ટૂંકા આયુષ્યવાળા જીવો જન્મ્યા હોય છે અને બીજાને ત્યાં ૮૪ લાખ પૂર્વના આયુષ્યવાળા મનુષ્યનો જન્મ થયો હોય છે, ત્યારે ટૂંકા આયુષ્યવાળા કહેશે કે આ જીવ મારા બાપના સમયમાં હાજર હતો. યાવત્ દાદા પરદાદા તેના દાદા આદિ અમારી આઠ-દશ પેઢીએ આ માણસને

જોયો છે. કોઈક ગામના નાકે આંબલી આદિનું ઝાડ ઊભું હોય છે ત્યારે પણ લોકો કહે છે કે, 'આ ઝાડને મારા પરદાદા, દાદા અને બાપા પણ એમને એમ જોતા આવ્યા છે. ઈત્યાદિ કારણોને લઈને લોકોક્તિ રચાઈ જાય છે કે અમુક જીવો અમર હોય છે. વસ્તુતઃ તેવું હોતું નથી. આ અને આવી કલ્પનાઓમાં આયુષ્યકર્મની મર્યાદાનો ચમત્કાર રહેલો છે. મનુષ્યની આયુષ્ય મર્યાદા ૮૪ લાખ પૂર્વની છે અને યુગલિકો ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા છે જે મનુષ્યયોનિના જ જીવો કહેવાય છે.

બંધાતું કે બાંધેલું આયુષ્યકર્મ ઈશ્વરને આધીન નથી, પરંતુ કર્મસત્તાને આધીન છે. અને આઠે કર્મોમાં આયુષ્યકર્મ કેવળ એક જ વાર બંધાય છે, જે બેડીની ઉપમાવાળું છે. હાથકડી (બેડી) પહેરેલો માણસ જેમ જેલરને આધીન હોય છે તેમ ચારે ગતિના ચોરાશી લાખ યોનિના જીવાત્માઓ પણ આયુષ્યકર્મ રૂપી બેડીને આધીન છે અને જ્યાં સુધી આ બેડીમાં બંધાયેલા જીવાત્માને મૃત્યુનાં હજારો નિમિત્તો મળે તો પણ તે મરી શકતો નથી અને સાવ નિરોગી માણસ વાતોના તડાકા મારતો–મારતો પણ આંખના પલકારે મૃત્યુને શરણ થાય છે.

માનવ માત્રને સર્વથા પરોક્ષ મૃત્યુ સંબંધીની વક્તવ્યતા મહાવીરસ્વામીના શાસન પ્રમાણે આ રીતે જાણીએ.

ગૌતમસ્વામીના પૂછવાથી ભગવંતે કહ્યું કે, 'હે ગૌતમ! મૃત્યુ પાંચ પ્રકારે છે.'

૧. આવીચિક મરણ  ૨. અવધિ મરણ

૩. આત્યન્તિક મરણ ૪. બાળ મરણ
૫. પંડિત મરણ

અગમનિગમનું જ્ઞાન પર્ષદાને સૂક્ષ્મ પ્રકારે થાય તે માટે ગૌતમસ્વામીના પૂછવાથી ભગવંતે કહ્યું કે, 'જેમ તળાવમાં કે સમુદ્રમાં પહેલું મોજું ઉત્પન્ન થાય છે અને પાછળથી ઉત્પન્ન થઈને આવનારા મોજા સાથે મળીને પહેલું મોજું નાશ પામે તેવી રીતે જે જીવાત્માએ આયુષ્યકર્મના જેટલા પ્રમાણમાં દલીકો બાંધ્યાં હોય છે તે પોતાની સ્થિતિ પ્રમાણે પ્રતિ સમયે ઉદયમાં આવતા જાય છે અને બીજા સમયે ઉદયમાં આવનારા દલિકો સાથે પહેલાનાં દલિકો નાશ પામે છે, તે મૃત્યુનું નામ આવીચિક મરણ કહે છે. ઉદાહરણ રૂપે ગત ભવમાં મનુષ્યગતિનું આયુષ્યકર્મ બાંધીને અને તે ભવ પૂર્ણ કરીને જે સમયે માતાની કુક્ષિમાં આવે છે ત્યારથી મનુષ્યભવના આયુષ્યકર્મનું વેદન ચાલુ થાય છે. નિષેક અવસ્થાની મર્યાદામાં પ્રવેશ પામેલા તે કર્મદલિકો પ્રતિસમયે વેદાતા જાય છે અને નિર્જરાતા જઈને નાશ પામે છે. પ્રત્યક્ષ દેખાતા સંસારના સ્વરૂપનો નિર્ણય કોઈક સમયે વ્યવહાર પદ્ધતિએ કરાતો હોય છે, જ્યારે બીજા સમયે નિશ્ચય પદ્ધતિથી કરાતો હોય છે. બંને દૃષ્ટિઓ પોતપોતાનાં સ્થાનમાં પ્રધાન છે, તેમ છતાં પણ નિશ્ચયદૃષ્ટિનો અપલાપ કરીને કેવળ વ્યવહારદૃષ્ટિથી જ કરેલા નિર્ણયથી જીવનમાં ઘણા પ્રકારે અજ્ઞાન રહેવા પામશે, જેનાથી વૈર–વિરોધ–વિતંડાવાદ આદિ માટે નવા નવા કુતર્કો ભડકશે અને આધ્યાત્મિક જીવનની ક્રૂર મશ્કરી કરશે. આ પ્રમાણે વ્યવહારદૃષ્ટિનો અપલાપ કરીને કેવળ નિશ્ચયદૃષ્ટિથી સંસારની માયા હલ કરવા જતાં હૃદય અને મસ્તિષ્ક કોરાં ધાકોર જેવાં રહેશે.

જેનાથી કેવળજ્ઞાન તો દૂર રહેશે, પરંતુ ભાગ્યોદયે મેળવેલું મતિજ્ઞાન પણ મતિજ્ઞાનાવરણીયમાં પરિણત થતાં વાર લાગશે નહિ આવી સ્થિતિમાં બંને નયોને સાથે લઈને ચાલવાની વૃત્તિ રાખવાથી સમ્યક્જ્ઞાનની વૃદ્ધિ થશે. આ ચાલુ પ્રશ્નમાં નિશ્ચયદષ્ટિનો ઉપયોગ કરવાથી અને દ્રવ્ય આયુષ્યને નજરમાં રાખવાથી પ્રશ્નનું હાર્દ સમજવામાં આવશે. તે આ પ્રમાણે–

યદિ પ્રથમ સમયથી આયુષ્યકર્મના દલિકોનો ક્ષય સ્વીકારવામાં ન આવે તો મૃત્યુ સમયમાં એક સામટા દલિકોનો ક્ષય પણ શી રીતે થશે ? અને બાલ્યકાળ, યુવાકાળ, તરૂણકાળ અને વૃદ્ધકાળની પ્રાપ્તિ પણ સુલભ શી રીતે બનશે ?

માટે ‘ચાલતું હોય તે ચાલ્યું.
વેદાતું હોય તે વેદાયું.
મરતું હોય તે મરાયું.
અને નિર્જરાતું હોય તે નિર્જરાયું.’

આ પ્રમાણે ભગવાન મહાવીરસ્વામીની યથાર્થ વાણી વડે જ આપણે સમ્યગ્જ્ઞાન મેળવી શકીએ અને મેળવેલું હોય તો વધારી શકીએ છીએ. સારાંશ એ કે પ્રતિ સમય માણસનું મરણ થઈ રહ્યું છે એમ સમજીને જીવ માત્રે અજ્ઞાન–મોહ–માયા આદિના કુસંસ્કારોને છોડીને વૈરાગ્યવાસિત થઈને રહેવું, જેથી આવતા ભવને માટે સદ્ગતિનું આયુષ્ય સરળતાથી બંધાય.

(૨) અવધિ મરણ—

જેટલી અવધિ–મર્યાદાનું આયુષ્ય બાંધ્યું હોય તેટલી અવધિમાં પોતાનાં ઉપાર્જિત બીજાં કર્મોને કારણે જ્ઞાન–અજ્ઞાન,

સુખ–દુઃખ, પુણ્ય–પાપ, સંયોગ-વિયોગ આદિ કર્મો જે આ ચાલુ ભવ પૂરતાં જ છે તેમને ભોગવી લીધા પછી વર્તમાન આયુષ્યકર્મનો છેલ્લો પરમાણુ નાશ થયે છતે માણસનું મૃત્યુ થાય છે. એટલે કે આ ભવનાં સુખદુઃખાદિને ભોગવવા માટેની છેલ્લી મર્યાદા આયુષ્યકર્મનો છેલ્લો પરમાણુ છે, તે પછી " આપ મુએ મર ગઈ દુનિયા " ખેલ ખતમ છે. મદારીનો ખેલ પૂરો થયે મદારી જેમ બીજી બજારમાં જાય તેમ આ જીવાત્મા આ ભવની શ્રીમંતાઈ, સત્તા, હીરા મોતીના દાગીના અને પુત્રપરિવાર આદિની સાથે ખેલાતી કે ખેલાયેલી રામલીલા સમાપ્ત થાય છે. આ આયુષ્યની મર્યાદા ચરમશરીરી દેવ, નારક કે લાંબા આયુષ્યવાળા તિર્યંચ કે મનુષ્યોને છોડીને ઘટી શકે છે પણ વધતી નથી. વિષપાન, શસ્ત્રઘાત, જળસમાધિ, પર્વત આદિથી પતન, વધારે પડતી ભૂખ, તરસ આદિના કારણે મર્યાદા ઘટે છે અને તે સમયે બીજાં કર્મોના ભોગવટાનો હિસાબ એક સાથે જ સમાપ્ત થાય છે.

( ૩ ) આત્યંતિક મરણ—

નરક આદિ આયુષ્યકર્મદલિકોને ભોગવીને જીવ મરે છે અને મરીને એ જ આયુષ્યકર્મદલિકોને ભોગવ્યા વિના તેનું જે આગામી મરણ થશે તે આત્યંતિક મરણ છે.

( ૪ ) બાળ મરણ—

વર્તમાન જીવનમાં આપણે પંડિત–મહાપંડિત–ત્યાગી–મહાત્યાગી વૈરાગી અને ઓછે વત્તે અંશે વ્રતધારી હોઈને ઘણુાએ સદનુષ્ઠાનોમાં જીવન પૂર્ણ કર્યું હોય તો પણ આંતરજીવનનું થર્મોમિટર ( માપ દંડ ) મૃત્યુશય્યા છે. તે

સમયે તમારી લેશ્યા કેવી રહેશે ? એ જ ખાસ મહત્ત્વની વસ્તુ છે. માટે આન્તરજીવનને કોઈ કાળે પણ અશુદ્ધ બનવા ન દેવું, તો જ મૃત્યુ સમયે પોતાની શુદ્ધિ દરમ્યાન તે જીવ પોતાની મેળે જ ચોરાશી લાખ યોનિના જીવોને તથા અઢારે પાપસ્થાનકોને આલોચીને તેનું પ્રતિક્રમણ કરશે. ચાર શરણાં સ્વીકારશે અને પોતાની યાત્રા પૂર્ણ કરશે. અન્યથા બાહ્ય જીવન ગમે તેટલું સારું હશે તો ય આંતરજીવનની મલિનતા–પાપિષ્ટતા, માયા–મૃષાવાદિતા છેલ્લા સમયે વિશ્વાસઘાત કર્યા વિના રહેવાની નથી. કેમકે બીજી બધી અવસ્થાઓમાં આપણે સૌની સાથે છેતરપીંડી કરી શકીએ છીએ, પણ મૃત્યુશય્યા પર તમારું કંઈ પણ ચાલવાનું નથી. આખી જિંદગીમાં કરેલાં, કરાવેલાં કે અનુમોદેલાં પાપો–પ્રપંચો સિનેમાની ફિલ્મની જેમ તમારી આંખોની સમક્ષ ઉપસ્થિત થશે અને તમને આર્તધ્યાન કે રૌદ્રધ્યાનમાં ડુબાડીને મૃત્યુ બગાડી મારશે. ઘણા જીવોને આપણે મરતા જોઈએ છીએ કે તેઓ મરતી વખતે જ આંખોમાંથી આંસુ ટપકાવી રહ્યા હોય છે. જેમકે—

'હવે તો ભાઈ, મારો છેલ્લો સમય છે. માટે સોપારીનો ટુકડો આપ, નવા કપડાં પહેરાવ. અમેરિકાથી જમાઈ આવ્યા કે નહિ ? બેટી આવી કે નહિ ? અને જો ! કોર્ટમાં ચાલતો તારા કાકા સામેનો કેસ બરાબર લડજે. બીજો વકીલ કરજે અને તેને જેલ ભેગો કરાવીને જ જંપજે. બીજી બધી લાખો યોનિના જીવોને મિચ્છામિ દુક્કડં આપજે, પરંતુ તારી ફુઈબા, કાકા, જેઠાણી, સાસુ કે ફલાણા પાડોશીને તો ખમાવા પણ જઈશ મા. અને જો બેટા ! ધર્મધ્યાનમાં વધારે પડતું ગાંડપણ ન રાખવું. પણ માયા ભેગી કરી હશે તો કામ લાગશે.' ઈત્યાદિ પ્રસંગો જે આપણી સગી આંખે જોઈ રહ્યા છીએ,

અનુભવી રહ્યા છીએ, તેવું મરણ ભગવતીસૂત્ર કહે છે કે 'બાળ મરણ' છે. એમાં મૃત્યુ પામતો ગૃહસ્થ કે સાધુ સદ્ગતિ પામી શકતો નથી.

પાપી પેટને ખાતર એક બજારમાં પોતાના કરંડિયામાંથી જુદી જુદી આઇટેમો (પ્રોગ્રામો) કાઢીને લોકરંજન કરીને બે પૈસા મેળવનારો મદારી કે હાથચાલાકીના ખેલ કરનાર મંત્રવાદી પણ આ બજારમાં ખેલો પૂરા કરીને બીજી બજારમાં જાય છે એ જ પ્રમાણે માનવશરીર મેળવેલો જીવાત્મા પણ આ ભવ પૂરતી સંસારની માયામાં કરજદાર બનીને આવ્યો હોય તો કરજ ચૂકવીને અને લેણદાર બનીને આવ્યો હોય તો લેણું વસુલ કરીને જીવનનો અંત આવ્યે સંસારના બીજા બજારમાં જવાને માટે કર્મસત્તાના સૂત્રોમાં બંધાયેલો છે. એવી સ્થિતિમાં માનવમાત્ર એટલું જ વિચારવાનું રાખે કે 'ગયા ભવોમાં ઘણી રીતનાં દાન, શિયળ, તપ અને પવિત્ર ભાવાદિ ધર્મ આરાધન કરીને મેળવેલા પુણ્યના જોરે આ ભવમાં મનુષ્ય અવતાર પામ્યો છું, જ્યાં ઋણાનુબંધની બેડીઓમાં ફસાયેલો હોવાથી કર્માનુસારે મારે ચેષ્ટાઓ કરવી પડે છે. આવી સ્થિતિમાં હું મોક્ષ ન મેળવું કે કેવળજ્ઞાનના રસ્તે ન આવું તો પણ વાંધો નથી, પરંતુ દુર્ગતિના દરવાજે જવા ન પામું તેટલી કાળજી હું રાખું તો મને ક્યાંય વાંધો આવી શકે તેમ નથી. માટે જીવતાં જીવનમાં તેવાં કાર્યો મારે કરવાં ન જોઇએ જેનાથી મારૂં મૃત્યુ બગડવા પામે, મને આર્તધ્યાન કે રૌદ્રધ્યાન થાય, જેથી સંસારની માયામાં મારૂં મન અને જીવ અટવાઈ જાય. બસ! આટલી જ વિચારણાને કેન્દ્રમાં રાખી પોતાનું જીવન ઘડવામાં આવે તો બાળ મરણથી તે ભાગ્યશાળી બચી જવા પામશે.

(૫) પંડિત મરણ—

જીવનની રામલીલા રમવા છતાં, વૈરી અને વિરોધીઓની વચ્ચે રહેવા છતાં, હજારો લાખોની માયા ભેગી કરવા છતાં પણ પોતાનું આંતજીવન નિર્લેપ, અનાસક્ત, અને સમ્યક્ત્વ-વાસિત રાખનારને મૃત્યુ સમયે સંસારની એક પણ માયા યાદ આવવાની નથી. કદાચ તે સમયે શારીરિક અસહ્ય વેદના ભોગવતો હશે તો પણ શરીર અને આત્મા જુદા છે એમ સમજીને વેદનાઓ પ્રત્યે લક્ષ્ય રાખ્યા વિના આત્માને પરમાત્માના ધ્યાનમાં મસ્ત બનાવશે અને પોતે પોતાની મેળે જ સંસારની રમત રમતાં પૃથ્વીકાયિક જીવોથી લઇને યાવત્ દેવલોક સુધીના જીવોની ત્રિવિધે થયેલી આશાતનાનો પશ્ચાત્તાપ કરશે, મિથ્યાદુષ્કૃત દેશે તેમજ પોતાથી સેવાયેલા અઢારે પાપસ્થાનકોની નિંદા ગર્હા કરશે તથા ભવાંતરમાં હું પાપોનો સંપૂર્ણ ત્યાગ કરીને દીક્ષા લઉં અને આ ભવની અધૂરી આરાધના આવતા ભવે પૂર્ણ કરનારો થાઉં, ભવોભવ મને જૈનધર્મ, અરિહંતદેવ, તેમની મૂર્તિ મળે અને હું આરાધક બનવા પામું એવી ભાવનામાં મૃત્યુ પામતો મનુષ્ય પંડિત મરણનો માલિક બને છે.

ઉપર્યુક્ત પાંચે પ્રકારના આયુષ્યના ભેદ ભેદાંતર સમજાવતાં ભગવંતે કહ્યું કે, ‘આવીચિક મરણના પાંચ ભેદ છે.’ તે આ પ્રમાણે :—

૧. દ્રવ્યાવીચિક મરણ
૨. ક્ષેત્રાવીચિક મરણ
૩. કાળાવીચિક મરણ
૪. ભવાવીચિક મરણ
૫. ભાવાવીચિક મરણ.

દ્રવ્યાવીચિક મરણ પણ નૈરયિક દ્રવ્યાવીચિક મરણ, તિર્યંચ દ્રવ્યાવીચિક મરણ, મનુષ્ય દ્રવ્યાવીચિક મરણ અને દેવ દ્રવ્યાવીચિક મરણરૂપે ચાર પ્રકારનું છે. નરકગતિમાં રહેલા નારકે જે રૂપે આયુષ્યકર્મ બાંધ્યું હોય, (જેમકે મજબુત, વધારે રસવાળું, વધારે સ્થિતિવાળું બાંધ્યું હોય) તે કર્મ નરકભૂમિમાં જવાના સમયથી પ્રતિ સમયે ભોગવાતું રહે છે અને ભોગવાયેલું કર્મ આત્મપ્રદેશથી છૂટું પડે છે, એ જ પ્રમાણે તિર્યંચ, મનુષ્ય અને દેવના જીવો માટે પણ સમજવું.

ક્ષેત્રાવીચિક મરણ પણ ઉપર પ્રમાણે પાંચ ભેદે અને પ્રત્યેકના ચાર ચાર ભેદે જાણવું. કેમકે નરકગતિના ક્ષેત્રમાં ભોગવવા યોગ્ય આયુષ્યદલિકો નરકક્ષેત્રમાં ભોગવવાના હોય છે અને કાળાવીચિક મરણ પણ નરક ગતિમાં ગયા પછીના કાળમાં આયુષ્યદલિકો ભોગવવાના હોય છે.

આ પ્રમાણે અવધિ, આત્યન્તિક સમજવું. બાળ મરણના પ્રસંગો પહેલા ભાગમાં ચર્ચાઈ ગયા છે.

પંડિત મરણ-૧. પાદપોગમ મરણ ૨, ભક્ત પ્રત્યાખ્યાન રૂપે બે પ્રકારે છે. પાદપોગમ એટલે સમ્યક્શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની શુદ્ધિપૂર્વક વિષય કષાયોને અત્યંત પાતળા કરવા માટે, ફરીથી સંસાર વૃદ્ધિ ન થાય તે માટે, મરણાંતિક સંલેખનાપૂર્વક પોતાના શરીરને ઝાડની જેમ સર્વથા નિશ્ચલ બનાવે છે. મન, વચન તથા કાયાનાં હલન ચલનને જ્ઞાનશક્તિપૂર્વક અવરોધી લે છે. આવી સ્થિતિમાં મૃત્યુ પામતો સાધક પાદપોગમ મરણનો અધિકારી બને છે. જ્યારે પોતાના અદમ્ય પુરૂષાર્થ વડે આત્માની શક્તિઓનો વિકાસ સાધતો સાધક ચારે પ્રકારના આહારનો અને આહારજન્ય વિષય કષાયોનો ત્યાગ કરીને

મરણ પામે તે ભક્ત પ્રત્યાખ્યાન મરણ કહેવાય છે.

પાદપોગમ મરણના બે પ્રકાર છે.

નિર્હારિમ એટલે મરણ પામેલા સાધકને ઘરથી બહાર લાવીને સંસ્કારિત કરાય છે, જ્યારે અનિર્હારિમમાં પર્વતની ગુફામાં, જંગલમાં કે એકાન્ત સ્થાનમાં પાદપોગમથી મરણ પામેલાનો સંસ્કાર કરવામાં આવતો નથી. આ રીતે બંને પ્રકારના પાદપોગમ મરણમાં સાધકને ચારે પ્રકારનો આહાર ત્યાજ્ય હોય છે. શરીરનો સંસ્કાર–સેવા–શુશ્રુષાઆદિથી રહિત હોય છે. તેમ પોતાના શરીરની સેવા પોતે કરતો નથી અને બીજા પાસે કરાવતો નથી. જ્યારે ભક્ત પ્રત્યાખ્યાન મરણ પણ નિર્હારિમ અને અનિર્હારિમરૂપે બે પ્રકારનું છે, છતાં બંને સપ્રતિકર્મ–એટલે કે મરણાન્તરે સંસ્કારિત થાય છે.

ઉપર્યુક્ત બંને પ્રકારનાં પંડિત મરણો પોતાની શક્તિ અને પરિસ્થિતિનો ખ્યાલ કરીને અવશ્યમેવ સ્વીકાર્ય છે. આમાં બે મત કોઈને પણ હોઈ શકે નહિ. પરંતુ ધ્યાન એ રાખવાનું કે વજ્રઋષભનારાચ સંઘયણના માલિકના આત્મિક કે શારીરિક બળની તુલનામાં છેલ્લા સંઘયણના માલિકનું બળ સર્વથા નગણ્ય હોય છે. કદાચ શરીરબળ સાધારણ રૂપે સારું હોય તો જ્ઞાન-બળની થોડી કે વધુ ખામી હોય છે. અથવા અપેક્ષાકૃત જ્ઞાન કે આત્મબળ સારું હોય તો શરીર બળ તેવું હોતું નથી અને આત્મિક કે માનસિક બળને શરીરબળની અપેક્ષા રાખ્યા વિના ચાલવાનું જ નથી. તેમ છતાં પણ ગૃહસ્થાશ્રમમાં રહેતો શ્રાવક કે શ્રાવિકા ચાહે ગમે તેટલા પોતાના બળની વાતો કરે તો પણ તેઓ છઠ્ઠા ગુણસ્થાનકના માલિકો કોઈ કાળે હોઈ શકતા નથી. કેમકે મહાવ્રતો ધાર્યાં વિના છઠ્ઠું ગુણસ્થાનક

હરહાલતમાં સ્પર્શી શકતું નથી. તેમ છતાં આ છઠ્ઠા ગુણસ્થાનકે પણ આર્ત્તધ્યાનની પ્રમુખતાને કોઈ તત્ત્વજ્ઞાની ઇન્કારી શકવાને સમર્થ નથી અને આર્ત્તધ્યાનની પ્રમુખતામાં કે શકયતામાં આત્મિક કે માનસિક બળને ગમે તેટલું પાણી ચડાવીએ તો પણ તે ભાડુતી પાણી કયાં સુધી ટકવાનું હતું ? અને ન કરે નારાયણ ને યદિ શારીરિક વેદનાઓની વૃદ્ધિમાં આંતરજીવનમાંથી ભાડુતી રંગ ઉતરી ગયો તો અનશન કરનારને કે તેના હિમાયતીને આર્ત્તધ્યાનના ચક્રાવે ચડતાં—

" ભૂખ રાંડ ભૂંડી આંખ જાય ઊંડી,
પગ થાય પાણી અને આંસુ આવે તાણી. "

ભૂખ અને તરસના ધ્યાનમાં ઉતરી ગયેલાનું અનશન ટકવા પામશે ? કે ધાર્મિકતાની મશ્કરી કરાવશે ?

આ બધી વાતોનો ખ્યાલ રાખીને આજના કરાતા અનશનો પાદપોગમ કે ભક્તપ્રત્યાખ્યાનની તુલનામાં ન આવી શકે તે હકીકત છે.

**શતક ૧૩નો ઉદ્દેશો સાતમો પૂર્ણ.**

# શતક ૧૩મું : ઉદ્દેશક–૮

## કર્મસત્તા :

જીવમાત્રના કલ્યાણેચ્છુ શ્રી ગૌતમસ્વામીએ ભગવંત મહાવીર પ્રભુને પૂછ્યું કે, 'હે પ્રભો! જૈન શાસનમાં કર્મની પ્રકૃતિઓ કેટલી કહેવામાં આવી છે? એટલે કે કર્મોના ભેદ કેટલા છે?'

જબાબમાં ભગવંતે ફરમાવ્યું કે, 'ગૌતમ! અનંત ચોવીશીના અનંત તીર્થંકરોએ કર્મોને આઠ વિભાગમાં વિભાજિત કર્યાં છે, અર્થાત્ કર્મોના ભેદ આઠ છે, જે પ્રકૃતિબંધ–રસબંધ–સ્થિતિબંધ અને પ્રદેશબંધથી પ્રત્યેક કર્મ ચાર ચાર પ્રકારે છે અને પ્રજ્ઞાપનાસૂત્રના ૧૩મા પદે કહેલું પ્રકરણ જોવા માટે સૂત્રકાર શ્રી સુધર્માસ્વામીજી ભલામણ કરે છે.

મદિરાપાનમાં મસ્ત બનેલાનાં જ્ઞાનતંતુઓ તે સમય પૂરતા તેવી રીતે દબાઈ ગયેલાં હોય છે, જેથી તેની સ્મરણશક્તિનો ઘણો જ હ્રાસ થઈ જતાં તે ભાઈને પાંચ મિનિટ પહેલાં બોલેલી–ચાલેલી–ખાધેલી–પીધેલી વાતો પણ યાદ રહેતી નથી. તેવી રીતે સાતેય કર્મોનું મૂળ મોહનીય કર્મ છે, જે શરાબપાનને ચરિતાર્થ કરનારૂં હોવાથી મોહ અને માયાઘેલા માનવોને સંસારની ખટપટો, શૃંગારાદિ રસોની વાર્તાઓ અને ભજનો યાદ રહે છે; પણ સમ્યગ્જ્ઞાનની વાતો, ચર્ચાઓ યાદ રહેવા પામતી નથી. તેવી પરિસ્થિતિમાં દયાના સાગર, પ્રાણીમાત્રના કલ્યાણમિત્ર ગૌતમસ્વામીજી ફરી ફરીને કર્મોના સંબંધવાળા પ્રશ્નો પૂછતા રહે છે અને ભગવંત જવાબ આપે છે. આ પ્રસ્તુત પ્રશ્ન પણ કર્મ સંબંધી જ છે.

મોહવશ બનેલા જીવના અધ્યવસાયો અસંખ્યાત અને અનંત હોવાથી કર્મો પણ અનંતા હોય છે; પણ તે બધાનો સમાવેશ આઠની સંખ્યામાં થઈ જાય છે. કેમકે કોઈપણ અધ્યવસાય તેવો નથી જે આઠ કર્મોમાંથી એકાદમાં સમાવેશ ન પામતો હોય. માટે સામૂહિક રૂપે કર્મો આઠ કહ્યાં છે, તે બધાનુ વિસ્તૃત વર્ણન પહેલા ભાગમાં અને બીજા ભાગમાં આવી ગયું છે.

કર્માણુ વિનાનો જીવાત્મા ઈશ્વર જ હોય છે, જે નિરંજન નિરાકાર હોવાથી એકેય કર્માણુ તેને અસર કરતો નથી. જ્યારે સંસારવર્તી જીવ અનાદિકાળથી કર્મોના ઓછાવત્તા અણુઓથી મિશ્રિત છે.

## જીવ પહેલા કે કર્મ પહેલા ?

પ્રત્યક્ષ દેખાતા સંસારમાં ઘણી વસ્તુઓ એવી છે જે માટે પ્રશ્ન અને ઉત્તરનો અવકાશ હોતો નથી. જેમકે 'આંબાની ગોટલી પહેલાં હતી કે આંબાનું ઝાડ પહેલાં હતું ?' આપણે માયાના ચમત્કારો પ્રત્યક્ષ જાણી રહ્યા છીએ કે ૩૩ કરોડ દેવતાઓ પણ ભેગા મળીને આંબાની ગોટલી વિના ઝાડ તૈયાર કરી શકે નહિ. તેમ આંબાના ઝાડ વિના ગોટલીનો ઉત્પાદક સંસારભરમાં ગોતવા છતાં પણ મળી શકે નહિ. તેવી રીતે ઈંડા વિના કબૂતર હોઈ શકે જ નહિ. અને તે વિના ઈંડાનું ઉત્પાદન આકાશમાંથી પણ થઈ શકે તેમ નથી. અનાદિ કાળથી રાત્રિઓ અને દિવસો થંભ્યા વિના ચાલુ જ છે. પણ કોઈની પાસે તેનો નિવેડો નથી કે સૌથી પહેલું રાત્રિનું નિર્માણ થયું હશે કે દિવસનું ? ઇત્યાદિક પ્રશ્નો અને જવાબોમાં મતિજ્ઞાનને ફસાવી

દેવાનો પ્રયત્ન સર્વથા નિરર્થક છે; કેમકે જેનો જવાબ છે જ નહિ તેવા પ્રશ્નો પણ બેકાર છે. આકાશમાંથી વરસાદ, કરા, માછલાં અને વીજળી પડતાં તો સૌ કોઇ અનુભવી શકે છે પરંતુ ત્રણે કાળમાં આંબાની ગોટલી કે કબૂતરનાં ઈંડાં આકાશમાંથી પડ્યાં હોય કે કોઇની ફેકટરીમાં બનતા હોય એવો અનુભવ ભૂતકાળમાં પણ કોઇને થયો નથી અને ભાવિકાળમાં પણ કોઇને થવાનો નથી.

સત્યાર્થ એ છે કે સંસારને, માનવોને, ઝાડો, નદીઓ કે નાળાંઓને જેઓ ઈશ્વરનું સર્જન માને છે તેમને તથા મિથ્યાજ્ઞાનીઓને જ આવા પ્રશ્નો ઉદ્‌ભવે છે. પરંતુ હજુ સુધી એક પણ બ્રહ્મવેત્તા તેવો થયો નથી કે પોતાના ભક્તોને શંકા-મુક્ત કરી શકે. જ્યારે અરિહંતોનું શાસન ફરમાવે છે કે 'હે પુણ્યશાળીઓ ! આ સંસાર અને તેની માયા સૌને માટે પ્રત્યક્ષ છે, માટે તમે પોતે તેનો અનુભવ કરો, જેથી સત્ય-જ્ઞાનના માલિક બની શકો.'

મુક્તાત્માને છોડીને કર્મ વિનાનો એકેય જીવ નથી. તેથી જીવ અને કર્મનું મિશ્રણ જ સંસાર છે. તે કર્મોનો ઉત્પાદક (સંગ્રાહક) અને વિનાશક જીવ છે, પણ જીવોનો ઉત્પાદક કોઇ હોઇ શકે નહિ. બેશક! સંસારનું કે જીવનુ રૂપાંતર જૈન શાસનને માન્ય છે અને તે કાર્યમાં પણ કર્મસત્તાનું આધિપત્ય જ રહેલું છે.

ઘી, તેલ, કે રંગરોગાન ઉપર વિના ઇચ્છાએ પણ રજકણાદિ ચોંટ્યા વિના રહી શકે તેમ નથી. તેવી રીતે રાગ-દ્વેષની ચીકાશવાળા આત્માને મન–વચન તથા કાયાના વ્યાપારો સર્વથા અનિવાર્ય હોય છે અને જ્યાં વ્યાપારો છે ત્યાં કર્મ-

રજ ચોંટ્યા વિના રહેતી નથી. જૈન શાસન તે પ્રક્રિયાને કર્મ-બંધન કહે છે. ખાધેલા ખોરાકનો અમુક ભાગ લોહીરૂપે, માંસરૂપે, મેદરૂપે, હાડકાંરૂપે યાવત્ શુક્ર કે રજરૂપે નિર્ણિત થઈ જાય છે, તેવી રીતે નવાં બંધાતાં કર્મોના પણ ચાર વિભાગ પડી જાય છે. તેને જ પ્રકૃતિ (સ્વભાવ) રસ, સ્થિતિ અને પ્રદેશ કહેવાય છે. જુદા જુદા અધ્યવસાયોથી બંધાયેલાં કર્મોનો સ્વભાવ એકરૂપ નથી હોતો પણ આઠ રૂપે હોય છે. જેમકે-

(૧) ચૈતન્ય સ્વરૂપ આત્માના ચૈતન્ય(જ્ઞાન)ને જે અવરોધે તે જ્ઞાનાવરણીય.

(૨) દર્શન સ્વરૂપી આત્માને દર્શન અવરોધના અનુભવો થાય તે દર્શનાવરણીય.

(૩) શુદ્ધ સ્વરૂપી આત્માને જેનાથી સુખ-દુઃખના અનુભવો થાય તે વેદનીય.

(૪) પોતાની મૂળ સ્થિતિનું ભાન થવા દે નહિ તેમ શુદ્ધ સ્વરૂપનાં પ્રકટીકરણમાં પણ પથ્થર ફેંકતો રહે તે મોહનીય કર્મ.

(૫) સુખ-દુઃખના ભોગ માટે શરીરોની રચનામાં રહેલું પાર્થક્ય નામકર્મના કારણે છે.

(૬) જીવનું ઉંચનીચપણું ગોત્રકર્મને આધીન છે.

(૭) ચારે ગતિમાં રખડપટ્ટી કરાવનાર આયુષ્યકર્મ છે.

(૮) જીવનની બધી વાતોમાં અવરોધ કરે તે અંતરાય-કર્મ છે.

આ પ્રમાણે અધ્યવસાયોને આધીન થઈને કર્મોને બાંધતા

સમયે જ તેમનામાં ફળ દેવાનો તેવો સ્વભાવ પણ પોતાની મેળે જ બંધાઈ જાય છે.

સ્વભાવની જેમ આત્મા સાથે રહેવાનો કાળ પણ તે સમયે કે ત્યાર પછીના સમયમાં બંધાઈ જાય છે. પહેલા ભાગમાં ચર્ચાઈ ગયેલો વિષય હોવા છતાં અત્યુપયોગી હોવાથી ફરીથી વિચારી લઈએ. અનંત સંસારના અનંત ભવોને ભોગવી ચૂકેલો આ જીવાત્મા રાગદ્વેષ–મોહ–માયા અને કામોપાસના આદિના કારણે પ્રત્યેક ભવમાં સેંકડો–હજારો–લાખો અને કરોડોથી પણ વધારે બીજા જીવો સાથે સંબંધિત થયો છે. અધ્યવસાયોની તરતમતાના કારણે સંબંધો પણ વિચિત્ર જ હોય છે. અનિકાચિત સંબંધો અને કર્મોની વાતો ન કરીએ તો પણ નિકાચિત, ગાઢનિકાચિત થયેલા રાગ કે દ્વેષના સંબંધો કે કર્મોમાં તો ઘણી જ વિચિત્રતા આવવાનું કારણ એ છે કે—

કર્મસાંકળથી બંધાયેલા તે બંને જીવો કોણ જાણે પાછા એક સ્ટેજ ઉપર ક્યારે ભેગા થશે તેનું કંઇ પણ કહી શકાય તેમ નથી. કેમકે સૌ જીવોની ગતિ અને આગતિ સર્વથા કર્માપેક્ષ છે.

મહાવીરસ્વામીનો આત્મા, શય્યાપાલકના આત્માને ૮૦ સાગરોપમ પછી ભેગો થયો છે, જ્યારે પાર્શ્વનાથનો આત્મા કમઠને તથા ગુણસેનનો આત્મા અગ્નિશર્માને એક એક ભવના આંતરે લગભગ સાગરોપમની સંખ્યા પૂર્ણ થયે મળ્યો છે અને મળ્યા ત્યારે વૈરના બદલા જીવલેણમાં પરિણમ્યા છે, એ જ પ્રમાણે અતિ નિકાચિત રાગના સંબંધે આનતપ્રાણત દેવલોકનો દેવ પોતાની ૨૦ સાગરોપમ જેટલી આયુષ્ય મર્યાદા લગભગ પૂરી કરી રહ્યા પછી, પોતાની ૨૦ સાગરોપમ પહેલાંની અને નિકાચિત

બંધનમાં બંધાયેલી સાથેસાથ બીજા પુરૂષથી તત્કાળ ભોગવાયેલી સ્ત્રીના શરીર સાથે આંખના પલકારે કામચેષ્ટિત થઈને દેવ-અવતાર પૂર્ણ કરે છે અને પુત્રરૂપે તે સ્ત્રીની કુક્ષિમાં અવતરે છે. આ કારણે જ મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમની કહેવાઈ છે. એ જ પ્રમાણે મરીચિ મુનિના આત્માએ શિષ્યના લોભમાં નિકાચિત બાંધેલું દર્શન મોહનીય કર્મ સોળમા ભવ સુધી કાયમ રહીને ઉપશમિત થયું છે. વચ્ચે કેટલાયે સાગરોપમો દેવલોકમાં અને લાખો પૂર્વોની આયુષ્ય-મર્યાદા બ્રાહ્મણકુલમાં પૂર્ણ થઈ છે, તે આ પ્રમાણે—

| | | |
|---|---|---|
| મરીચિ | | ૮૪ લાખ પૂર્વાયુ |
| ચોથા ભવે | | ૧૦ સાગરોપમ આયુ |
| પાંચમે ભવે | બ્રાહ્મણકુલ | ૮૦ લાખ પૂર્વાયુ |
| | (ત્યાર પછી લાંબા કાળ સુધી ભ્રમણ) | |
| છઠ્ઠે ભવે | બ્રાહ્મણ | ૭૨ લાખ પૂર્વાયુ |
| સાતમે ભવે | સૌધર્મ સ્વર્ગે | મધ્ય સ્થિતિ |
| આઠમે ભવે | અગ્નિદ્યોત બ્રાહ્મણ | ૬૦ લાખ પૂર્વાયુ |
| નવમા ભવે | ઈશાન સ્વર્ગે | મધ્ય સ્થિતિ |
| દશમા ભવે | અગ્નિભૂતિ બ્રાહ્મણ | ૫૬ લાખ પૂર્વાયુ |
| અગિયારમા ભવે | સનત્કુમાર સ્વર્ગે | મધ્ય સ્થિતિ |
| બારમા ભવે | ભારદ્વાજ બ્રાહ્મણ | ૪૪ લાખ પૂર્વાયુ |
| તેરમા ભવે | માહેન્દ્ર સ્વર્ગ | મધ્ય સ્થિતિ |
| ચૌદમા ભવે | સ્થાવર બ્રાહ્મણ | ૩૪ લાખ પૂર્વાયુ |
| પંદરમા ભવે | બ્રહ્મલોક સ્વર્ગ | મધ્ય સ્થિતિ |

ઉપર પ્રમાણે છ ભવ દેવલોકના થયા છે તેમાં પણ બે વાર પાંચમા સ્વર્ગે અને ચાર ભવે બીજા સ્વર્ગોમાં ઉત્કૃષ્ટ અને

જઘન્ય વચ્ચે મધ્ય આયુનો સ્વામી બન્યો, જ્યારે મનુષ્ય અવતારોમાં ૪૩૦ લાખ પૂર્વાયુ પૂરા થયા છે.

એક પૂર્વમાં ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦ આટલા વર્ષોનો સમાવેશ થાય છે. આવા ચારસો લાખ અને ૩૦ લાખ પૂર્વ જાણવા.

શરીરની સુખાકારીના પાપે બાંધેલું ચારિત્ર મોહનીય પણ કેટલાયે સાગરોપમો પૂર્ણ કર્યા પછી ખસે છે અને તે જ ભવમાં બાંધેલા નીચ ગોત્રનો ઉદય ઠેઠ મહાવીરસ્વામીના ભવમાં ઉદિત થાય છે. આની વચ્ચે લગભગ કોડાકોડી સાગરોપમનો સમય પૂરો થયો છે. આ કારણે સૂક્ષ્મદર્શી જૈન શાસને કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ આ પ્રમાણે કહી છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય કર્મની ૩૦ કોડાકોડી સાગરોપમની છે. નામ અને ગોત્ર કર્મની ૨૦ કોડાકોડી સાગરોપમ અને મોહનીય કર્મ ૭૦ કોડાકોડી છે અને આયુષ્યકર્મ કેવળ ૩૩ સાગરોપમની મર્યાદાવાળું છે.

લેશ્યાઓની સ્થિતિ અનિયત હોવાથી બંધાયેલા કે બંધાતા કર્મોમાં રસ (કર્મોમાં ફળ દેવાની યોગ્યતા) પણ વિચિત્ર પ્રકારે થાય છે. જેમકે–બ્રાહ્મણ સંસ્કૃતિના ચક્કરમાં ફસાયેલા રાજાઓના જમાનામાં દશેરાના દિવસે હજારો માણસોની વચ્ચે શરાબપાન કરાવેલા પાડાને ભાલાઓ દ્વારા અત્યંત દયનીય પદ્ધતિએ મારવામાં આવતો હતો. ક્રિયા એક જ છે છતાં પણ હજારો માણસોના અધ્યવસાયો જુદા જુદા હોવાથી કેટલાક ક્રૂર લેશ્યાવાળા થઈને પાડાને ભાલો મારે છે. કેટલાક કુતૂહલમાં આવીને, જ્યારે કેટલાકોને કેવળ જોવામાં જ મજા પડે છે અને ઊભા ઊભા તાલીઓ પાડ્યા કરે છે, જ્યારે બીજાઓ હિંસક

ક્રિયાને જોવાની મુદ્દલ ઇચ્છાવાળા નથી. પરંતુ મિત્રોની શરમથી જોતા હોય છે. આમ સૌની ભાવના વિચિત્ર અને જુદી જુદી હોવાથી એક જ ક્રિયા દ્વારા બંધાયેલાં કર્મોમાં રસનું તારતમ્ય પણ ઉતરે તેમાં નવાઇ જેવું નથી. રેલગાડી મોટર કે વિમાનના એકસીડંટમાં સેંકડો માણસો મરે છે. તેમાં કેટલાક સીમાતીત રીબાઈ રીબાઇને મરે છે, જ્યારે કેટલાક હાથપગથી વિયુક્ત થઇ જીવતાં જીવનમાં રીબાઈ રહ્યા હોય છે. ત્યારે કેટલાકને કંઇ પણ હાનિ થતી નથી અને આબાદ બચી જાય છે. એમાં રસબંધની વિચિત્રતા સિવાય બીજું કંઇપણ કારણ નથી.

પ્રદેશબંધ, કર્માણુઓના પ્રદેશોનો સમૂહ હોય છે. ક્રિયા-માત્રમાં પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ અનિવાર્ય છે. જ્યારે રસ અને સ્થિતિમાં કષાયભાવોની તંરતમતા રહી છે.

## રસઘાત, સ્થિતિઘાત અને ગુણસંક્રમણ :

ભવભ્રમણ કરતાં જીવને જ્યારે મોક્ષગમનની લાયકાત પ્રાપ્ત થાય છે ત્યારે તેનામાં અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ (આત્માની અજબ ગજબની શક્તિ)ની પ્રાપ્તિ થતાં જ દીર્ઘ સ્થિતિનાં અને તીવ્ર રસનાં કર્મો પણ ટૂંકી સ્થિતિવાળાં અને ઓછા રસવાળાં થઈ જાય છે. કર્મસત્તા પાસે જેમ અનંત શક્તિ છે તેમ જીવ પણ અનંતશક્તિનો સ્વામી છે. અનાદિ કાળથી બંને રણમેદાને ચડ્યાં છે અને અત્યાર સુધી કર્મ રાજાએ જીવ ઉપર વિજય મેળવ્યો છે, પરંતુ ભવભ્રમણમાં કોઇક જ સમયે જીવાત્માને જ્યારે પોતાનું ભાન થાય છે ત્યારે પોતાની અભૂતપૂર્વ શક્તિ વડે કર્મરાજાને પરાસ્ત કરવા માટે સમર્થ બને છે. તે સમયે લાંબા સમયનાં કર્મનો કચ્ચર-

ઘાણ નીકળીને અંતઃકોડાકોડી જેટલા સમયવાળાં જ કર્મો શેષ રહે છે. આત્માની આ શક્તિને 'અપવર્તના કરણ' કહેવાય છે. અહીં અનંતાનુબંધી ચાર કષાયો અને મોહનીયની ત્રણ પ્રકૃતિઓનો ક્ષયોપશમ થતાં ક્ષાયોપશમિક અને ક્ષય થતાં ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ જીવાત્માને થાય છે, જે મોક્ષમાં જવા માટેનું પહેલું પગથિયું છે. આ સ્થાનમાં સ્થિત થઈને આત્મા યદિ સમ્યક્જ્ઞાન વધારી શકે તો કોટાકોટી સાગરોપમ-માંથી પણ પલ્યોપમના પલ્યોપમ જેવાં કર્મોને તોડી ફોડીને તેવી સ્થિતિમાં આ જીવાત્મા પ્રવેશ કરશે જ્યાં ભયંકર ચીકણાં કર્મોને ફરીથી બાંધવાની લાયકાત પણ નાશ થશે અને ધીમે ધીમે કે વધારે જોરથી પોતાની ગતિમાં આગળ ને આગળ વધતો તે ભાગ્યશાળી મોક્ષમહેલમાં પણ પહોંચી શકશે.

શતક ૧૩નો ઉદ્દેશો આઠમો પૂર્ણ.



# શતક ૧૩ મું : ઉદ્દેશક—૯

## અતિચારોની આલોચના ન કરવામાં આવે તો ?

ત્રીજા શતકના પાંચમા ઉદ્દેશામાં જે વિષય ચર્ચાયો છે. બરાબર તેવો જ વિષય પ્રસ્તુત ઉદ્દેશામાં કહેવાયો છે. સાર નીચે લખ્યા પ્રમાણે છે.

ગૃહસ્થાશ્રમમાં રહેલો ગૃહસ્થ ગમે તેટલો સમ્યક્ત્વધારી કે વ્રતધારી હોય તો પણ મુનિરાજોના મહાવ્રત આગળ શ્રાવકનાં વ્રતોને સર્વથા અલ્પ જ કહેવાય છે, કેમકે તે અણુવ્રતધારી છે અને મુનિરાજ મહાવ્રતધારી છે.

ગુરુઆજ્ઞામાં રહીને જ્ઞાન, ધ્યાન અને વૈરાગ્યની ધારમાં આગળ વધતો તે મુનિ વૈક્રિય શક્તિઓનો ધારક બનવા છતાં પણ યદિ આત્મશક્તિનો વિકાસ ન સધાયો હોય તો તેમની આધ્યાત્મિકતા માયા મૃષાવાદથી મુક્ત બની શકતી નથી. તેથી ભાવ આધ્યાત્મિકતા વિનાનો મુનિ ચાહે ગમે તેટલી લબ્ધિઓ પ્રાપ્ત કરે, આકાશમાર્ગે વિહરણ કરે, ગમે તેવાં અને ગમે તેટલાં રૂપોની વિકુર્વણા કરે તો પણ પ્રમાદી બનીને પોતાનાં વ્રતોને લાગેલા અતિચારો, ચરણ–કરણમાં સેવેલી પ્રમાદિતા આદિ દોષોનું પ્રતિક્રમણ કે આલોચન કરતો નથી તો તે મુનિ આરાધક બનતો નથી પણ વિરાધક બને છે.

લાગેલા કે લગાડેલા અતિચારોનું પ્રતિક્રમણ યદિ ભાવ–આવશ્યક( પ્રતિક્રમણ )થી સભર હશે ત્યારે તે અતિચારોથી

મુક્ત બનીને ભાવ આધ્યાત્મિકતા તરફ પ્રસ્થાન કરતો કલ્યાણ પામશે અન્યથા અકલ્યાણ પામશે.

કેવળજ્ઞાનની પ્રાપ્તિ પહેલાં છદ્મસ્થ મુનિને કે ગૃહસ્થને સુખદાયક ભૌતિક પદાર્થો અને ચમત્કારોની પ્રાપ્તિમાં કોઇક સમયે ચારિત્રબળ અને કોઇક સમયે કે સ્થળે પુણ્યબળ પણ કામ કરી રહ્યું હોય છે.

મહાવ્રતોની કે સમિતિ ગુપ્તિધર્મની આરાધના કર્મોની નિર્જરા માટે કરનાર મુનિનું જીવન અને શરીર બીજાઓને માટે ભાવમંગળ સ્વરૂપે બને છે, જેનાથી તેવા મહાતપસ્વી મુનિઓનાં દર્શનવંદન અને ઉપાસનાથી ગૃહસ્થો સંસારના ભૌતિક લાભો મેળવી શકે છે, જ્યારે નિર્જરા માટે આરાધના ન કરનાર મુનિઓ કેવળ પૂર્વના પુણ્યોના કારણે ગૃહસ્થોને માટે ચમત્કારરૂપ બને છે. ખાસ વાત એ છે કે જો તે મુનિ આરાધક હશે તો પ્રતિક્રમણાદિથી પોતાના આત્માને બચાવી લેશે અન્યથા ગૃહસ્થોની માથાકૂટમાં પડેલો મુનિ વિરાધક બનીને પોતે પોતાનું અધઃપતન કરશે.

પહેલા ભાગમાં વર્ણવાઈ ગયેલા વૈક્રિય રૂપો આદિને મૂળ સૂત્રથી જાણી લેવાં.

**શતક ૧૩ નો ઉદ્દેશો નવમો પૂર્ણ.**

# શતક ૧૩મું : ઉદ્દેશક–૧૦

તેરમા શતકનો આ છેલ્લો ઉદ્દેશો છે.

કેવળજ્ઞાનને મેળવ્યા પછી ભગવાન મહાવીરસ્વામી ૩૦ વર્ષ સુધી વિહરમાન રહ્યા છે, પોતાના જીવનના છેલ્લા શ્વાસ સુધી ભવ્ય જીવોને નવું નવું જ્ઞાન પ્રાપ્ત કરાવવા માટે સમવસરણમાં વિરાજમાન થઈને જુદા જુદા વિષયોને સ્પર્શ કરતું જ્ઞાન જનતાને આપ્યું છે. ખાસ ધ્યાન એટલું રાખવાનું કે 'બુદ્ધ'ની જેમ ઘણા પ્રશ્નો પ્રભુએ જતા કર્યા નથી.

જ્ઞાયકને કયા સમયે કયો વિષય જાણવાનો હોય તે કહી ન શકાય, માટે જ કોઈક સમયે સંબંધિત અને બીજા સમયે અસંબંધિત વિષયો પણ પુછાયા છે અને દયાના સાગરે જવાબ આપ્યા છે.

આ ઉદ્દેશામાં ગૌતમસ્વામીએ પૂછ્યું કે, 'હે પ્રભો! છદ્મસ્થ જીવને સમુદ્દ્ઘાત કેટલા?' ભગવંતે કહ્યું કે, 'છ સમુદ્દ્ઘાતો હોય છે, તે આ પ્રમાણે. વેદના, કષાય, મારણાન્તિક, વૈક્રિય, આહારક અને તૈજસ્ સમુદ્દ્ઘાત....જે પહેલા ભાગમાં ચર્ચાઈ ગયા છે. છદ્મસ્થને કેવળી સમુદ્દ્ઘાત હોતો નથી.

સંસારમાં કેવળી અને છદ્મસ્થ રૂપે જીવો બે પ્રકારના છે. સંસારાતીત કેવળી કહેવાય છે અને સંસારની ચારે ગતિઓમાં કર્મવશ ચક્કર મારનારાઓ છદ્મસ્થ છે. જેમાં પહેલા ગુણસ્થાનકથી લઈને ૧૧મા ગુણસ્થાનકના બધાય જીવો એટલે કે ક્ષપકશ્રેણી વિનાના જીવો તેમજ મતિજ્ઞાનથી લઈને મનઃ-

પર્યંવ સુધી બધાએ જ્ઞાનીઓ છદ્મસ્થ છે. તે બધાય છદ્મસ્થોને સમુદ્ઘાત છ હોય છે. વિશેષ પ્રજ્ઞાપના સૂત્રથી જાણી લેવા માટે સૂત્રકારની ભલામણ છે.

**શતક ૧૩ નો ઉદ્દેશો દશમો પૂર્ણ.**

## સમાપ્તિ વચન

જગત્પૂજ્ય, નવયુગ પ્રવર્તક, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય, સ્વ. ૧૦૦૮ શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજના શિષ્યતમ શાસનદીપક સ્વ. મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજના શિષ્ય પંન્યાસ શ્રી પૂર્ણાનંદવિજયજીએ (કુમારશ્રમણે) પોતાના સ્વાધ્યાય માટે જ્ઞાનની તાજગી માટે મતિજ્ઞાનના વિકાસ માટે તેમજ ભવ ભવાંતરમાં પણ જૈન શાસનના સંસ્કારો ઉદિત થાય તે માટે જ ભગવતીસૂત્ર સાર સંગ્રહના દશ ઉદ્દેશા સાથેનું ૧૩મું શતક પૂર્ણ કર્યું છે.

शुभं भूयात् सर्वेषां जीवानाम् ।
सर्वे जीवाः सम्यग्ज्ञानं प्राप्नुयुः ।

## ૧૩મું શતક પૂર્ણ.

# શતક ૧૪મું : ઉદ્દેશક–૧

## ભાવિત્મા મુનિઓનો ઉત્પાદ :

સમ્યક્ચારિત્રદાતા, ગુરુદેવ ૧૦૦૮ શ્રી વિદ્યાવિજયજી મહારાજને ભાવવંદન કરી ભગવતી સૂત્રના ૧૪મા શતકનું વિવેચન કરવા માટે પ્રયત્ન કરૂં છું. જેની ચર્ચા રાજગૃહી નગરીમાં થઈ હતી.

દેવાધિદેવ પરમાત્મા શ્રી મહાવીરસ્વામીનું આવાગમન સાંભળીને શ્રેણિકાદિ રાજા–મંત્રી–શેઠ આદિ સમવસરણ તરફ આવે છે અને નમન–વંદન કરીને દેશના સાંભળે છે. ભગવંતે કહ્યું કે, હે ભાગ્યશાળીઓ ! જે જીવાત્મા જેવી લેશ્યામાં મૃત્યુ પામે છે તેને તે લેશ્યાના સ્થાનરૂપ બીજો અવતાર મળે છે. કેમ કે 'यल्लेस्से मरइ तल्लेस्से चेव उववज्जई'. દેશનાન્તે પર્ષદા પોતપોતાના ઘરે ગઈ અને ગૌતમસ્વામીએ પૂછ્યું કે હે પ્રભો ! જે ભાવિતાત્મા (સંયમભાવથી જેમનું મન આત્મામાંથી વાસિત હોય તે) અણગાર મૃત્યુના સમયમાં પૂર્વભાગવર્તી સૌધર્મ દેવાવાસ( દેવલોક )નું ઉત્પતિના હેતુભૂત યોગ્યતાનું પોતાના લેશ્યા પરિણામથી ઉલ્લંઘન કરી લીધું છે, પરંતુ હજી સનતકુમારાદિ દેવાવાસમાં ઉત્પન્ન હેતુભૂત લેશ્યા પરિણામની પ્રાપ્તિ થાય તે પહેલા જ તે મુનિ મરણ પામે તો તે કયા દેવલોકમાં જાય ? તેનો ઉત્પાદ ક્યાં થાય ? પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણે છે : ઉત્તરોત્તર પ્રશસ્ત લેશ્યાઓમાં રહેનાર મુનિએ, સૌધર્મ દેવલોકના દેવોની સ્થિતિ આદિ બન્ધ યોગ્યતાને ઉલ્લંઘી લીધી છે, અર્થાત્ પહેલા દેવલોક કરતાં પણ

લેશ્યાના જોરે તે મુનિ આગળ વધી ગયો છે અને સનતકુમાર આદિ દેવલોકમાં રહેલા દેવોની સ્થિતિ આદિ બન્ધ યોગ્યતાને પ્રાપ્ત કરે તે પહેલા જ મનુષ્યભવનો છેલ્લો આયુષ્યકર્મ પરમાણુ સમાપ્ત થયે મૃત્યુ પામે તો તે મુનિની ઉત્પતિ કયા દેવલોકમાં થશે ?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે, જે અણગારે પોતાના અધ્યવસાયોથી પહેલા દેવલોકના ૩૨ લાખ વિમાનોને ઉલ્લંઘી લીધા છે, પરંતુ હજી સુધી સનતકુમારાદિ દેવલોક સુધી અધ્યવસાયો પહોંચ્યા નથી અને મૃત્યુ પામે છે. આવી સ્થિતિમાં તે મુનિ ઇશાન નામના બીજા દેવલોકમાં ઉત્પાદિત થશે અને તેમાં પણ ધારો કે ૨૮ લાખ વિમાનોમાંથી ઘણાખરા વિમાનોને ઉલ્લંઘી લીધા પછી મૃત્યુ પામે છે. માટે તે સમયે જે વિમાનને યોગ્ય લેશ્યાનો માલિક તે મુનિ હશે ત્યાં તેમનો ઉત્પાદ થશે અર્થાત્ તે બીજા દેવલોકના તે વિમાનમાં અવતાર લેશે અને કર્મલેશ્યા( ભાવલેશ્યા )નો ત્યાગ કરીને તે વિમાનની દ્રવ્ય-લેશ્યાનો માલિક બનવા પામશે. અથવા મૃત્યુ સમયે તે મુનિ જે ભાવ લેશ્યામાં મૃત્યુ પામે છે, તેને યદિ છોડતો નથી તો તે ભાવ લેશ્યા પણ તે દેવને કાયમ રહેશે. આ કથન સામાન્ય છે.

જે મુનિ સ્થિતિઆદિની અપેક્ષાએ અસુરકુમારવાસના પૂર્વ ભાગવર્તીનો ઉલ્લંઘન કરી હજી આગળના આવાસોને પ્રાપ્ત કર્યા નથી અને વચ્ચે મૃત્યુ પામી જાય છે તો જવાબમાં ભગવંતે કહ્યું કે પૂર્વની જેમ વચ્ચેના દેવાવાસમાં ઉત્પાદ થશે.

આવા પવિત્ર ભાવિતાત્મા મુનિનો ઉત્પાદ વૈમાનિક દેવલોકમાં કહ્યો છે, તો અસુરકુમારોમાં તેમની ઉત્પત્તિ શી રીતે સંભવી શકે ? જવાબમાં કહ્યું છે કે, પહેલા તે મુનિ ભાવ-

સંયમી હોય અને પછીથી સંયમમાં સ્થિત થઈને પણ વિરાધક બન્યો હોય, બનતો હોય અને છેલ્લા શ્વાસે પણ વિરાધનાઓનું પ્રતિક્રમણ ન કર્યું હોય તો તે મુનિ અસુરકુમારાદિમાં જન્મી શકે છે જે નિર્દિષ્ટ દેવલોક છે.

આ પ્રમાણે નાગકુમાર, સુવર્ણકુમાર, અગ્નિકુમાર આદિ જ્યોતિષ્ક અને વૈમાનિકો માટે પણ જાણી લેવું.

## નરકમાં જવાવાળાની શીઘ્રગતિ કેવી હોય છે ?

નારકોની શીઘ્રગતિ કેવી રીતની હોય છે ? શીઘ્રગતિનો વિષય કેટલો ? અહીં શીઘ્રગતિથી શરીરનું ગમનાગમન લેવાનું નથી; પરંતુ કાળ-સમયવાચક આ શબ્દ છે માટે શીઘ્રગતિનો સમય કેટલો ?

ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે, જેમ કોઈ જુવાન, બળસંપન્ન હોય, વિશિષ્ટ યુવાવસ્થા પ્રાપ્ત કરી લીધી હોય, નિરોગી હોય, કાંડાથી મજબુત હોય, સહનશક્તિ ઘણી સારી હોય, બંને ભુજા સશક્ત હોય, મુઠ્ઠી યથા સમય વાળી શકાતી હોય તેવો જુવાન પોતાની મુઠ્ઠીને કે ભુજાને શીઘ્રતાથી સંકોચી કે પહોળી કરી શકે છે. આ રીતે તેની ગતિમાં શીઘ્રતા હોય છે. ભગવાનની વાણીને ગૌતમસ્વામીએ 'હા' કહીને સ્વીકારતા કહ્યું કે હે પ્રભો ! તેની ભુજા કે મુઠ્ઠી શીઘ્રતાથી સંકોચાઈને વિસ્તૃત થઈ શકે છે. આ પ્રમાણે જ નારકોની ગતિ પણ શું આટલી જ શીઘ્રતાવાળી હોય છે ?

મનાઈ ફરમાવતાં ભગવંતે કહ્યું કે જે જીવાત્માએ નરકગતિને યોગ્ય આયુષ્યકર્મ, નરકગતિકર્મ અને નરકાનુપૂર્વીકર્મ

બાંધ્યું છે તે ઋજુગતિથી એક સમયમાં જ નરકભૂમિમાં જવાની ક્ષમતા રાખે છે અને વિગ્રહગતિ( વક્ર ગતિ )થી બે અથવા ત્રણ સમયમાં નરકભૂમિમાં જશે. યદ્યપિ માણસના બાહુ પ્રસારણમાં શીઘ્ર ગતિ જરૂર દેખાય છે તો પણ તે ગતિમાં અસંખ્યાત સમય હોય છે માટે નરકગતિની શીઘ્રતાને પુરુષની તે ગતિમાં સમાનતા હોઈ શકે તેમ નથી. તે પ્રમાણે અસુરકુમારાદિ ભવનવાસીઓની, પૃથ્વીકાયિકો આદિ–એકેન્દ્રિયોની, વિકલેન્દ્રિયોની, મનુષ્ય તથા પશુઓની વાનવ્યંતર, જ્યોતિષ્ક તથા વૈમાનિક ગતિ પણ એક, બે કે ત્રણ સમયની હોય છે. તેમાં સ્થાવરો માટે ચાર સમય સુધીની મર્યાદા છે. સારાંશ કે એક ભવમાંથી બીજા ભવમાં જવા માટે સમશ્રેણીમાં ઋજુગતિથી એક સમયમાં અને વિ–શ્રેણીમાં વિગ્રહ–ગતિથી બે કે ત્રણ સમયમાં ઉત્પત્તિસ્થાને જીવ માત્રને ગયા વિના છુટકારો નથી; માટે ખરી રીતે આને જ શીઘ્રગતિ કહેવાય છે. બાહુ પ્રસારણમાં આપણી ચર્મચક્ષુ ભલે શીઘ્રતાની કલ્પના કરી લે તો ય તેમાં અસંખ્યાત સમયો સમાયેલા છે.

બે સમયમાં એક વિગ્રહગતિ, ત્રણ સમયમાં બે અને ચાર સમયમાં ત્રણ વિગ્રહો સમજવાના છે. બે સમયની વિગ્રહગતિ આ પ્રમાણે :–કોઈ જીવ જ્યારે ભરતક્ષેત્રની પૂર્વ દિશાથી નરકમાં પશ્ચિમ દિશામાં ઉત્પન્ન થવાનો હોય છે, ત્યારે પ્રથમમાં તે નીચે આવે છે અને બીજા સમયમાં તિરછો ઉત્પત્તિસ્થાને જાય છે. આ બે સમયની એક વિગ્રહગતિ માટે જાણવું.

ત્રણ સમયની વિગ્રહગતિ આ પ્રમાણે :–જ્યારે જીવ ભરતક્ષેત્રની પૂર્વ દિશાથી નરકના વાયવ્ય કોણમાં ઉત્પન્ન થવાનો હોય છે ત્યારે પ્રથમ સમયે સમ શ્રેણીથી નીચે આવે

છે, બીજા સમયે તિરછી ગતિથી પશ્ચિમમાં જાય છે અને ત્રીજા સમયે તિરછી ગતિએ નરકના વાયવ્ય દિશામાં જાય છે.

ચાર સમયની વિગ્રહગતિ આ પ્રમાણે :–એકેન્દ્રિય જીવ એક સમયમાં ત્રસ નારકીથી બહાર અધોલોકની વિદિશામાંથી દિશામાં આવે છે. બીજા સમયે લોકના મધ્યમાં પ્રવેશ પામે છે. ત્રીજા સમયે ઉર્ધ્વલોકમાં અને ચોથા સમયે નારકીમાંથી બહાર આવીને દિશામાં રહેલા ઉત્પત્તિસ્થાનમાં આવે છે.

આ પ્રમાણે બીજા ભવને પ્રાપ્ત કરવા જીવોની શીઘ્ર ગતિની વક્તવ્યતા કહી.

## નરકને યોગ્ય જીવો શું અનંતરોપન્નક હોય છે ?

હે પ્રભો ! નરકમાં જવાની લાયકાતવાળા જીવો શું અનંતરોપન્નક હોય છે ? પરંપરોત્પન્નક હોય છે ? કે અનંતરપરંપરક અનુત્પન્નક હોય છે ?

નરકમાં ઉત્પન્ન થવામાં સમયાદિકનું વ્યવધાન હોતું નથી તે અનંતરોપન્ન કહેવાય છે, બે કે ત્રણ સમયનું વ્યવધાન હોય તે પરંપરોત્પન્નક કહેવાય છે. અને જે બંને પ્રકારે નથી તે અનંતર પરંપરક અનુત્પન્નક કહેવાય છે. ઋજુગતિથી નરકમાં જવાવાળા પહેલા ભેદમાં છે અને વક્રગતિથી બીજા ભેદમાં જાણવાં.

અનંતરોપન્નક નારકો ચારે ગતિનું આયુષ્ય બંધન કરતા નથી, જ્યારે પરંપરોત્પન્નક જીવો ચારે ગતિમાંથી મનુષ્યાયુ અને તિર્યંચાયુનું બંધન કરનારા છે તથા ત્રીજા ભેદના નારકો પણ ચારે ગતિનું આયુષ્ય બંધન કરતા નથી.

વર્તમાન ભવ પૂરતું પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ જ્યારે શેષ રહે ત્યારે આયુષ્ય કર્મ બંધાય છે. જેમકે કોઈ જીવનું ૩૩ વર્ષનું આયુષ્ય હોતા તેમાંથી ૨૨ વર્ષ વીત્યા પછી શેષ ભાગના ૧૧ વર્ષમાં ગમે ત્યારે પણ આયુષ્યકર્મનું બંધન થશે અને છેવટે અંતિમ શ્વાસોશ્વાસમાં બંધાશે. અનંતરોપપન્નક જીવોને તેવા પ્રકારના આયુષ્યબંધનના અધ્યવસાયોનો અભાવ હોવાથી આયુષ્ય બાંધી શકતા નથી. અનંતર-પરંપર અનુત્પન્નક જીવો વિગ્રહગતિમાં હોવાથી તેમનો ઉત્પાદ નથી, માટે આયુષ્યબંધન પણ નથી. જ્યારે પરંપરોપ-પન્નક જીવો આયુષ્યના ૬ મહિના શેષ રહે ત્યારે અને જઘન્યથી કેવળ અંતર્મુહૂર્ત શેષ હોય ત્યારે આવતા ભવને માટે મનુષ્યનું અથવા તિર્યંચનું આયુષ્ય બાંધે છે. પણ નરક કે દેવગતિના આયુષ્યબંધનની યોગ્યતા ન હોવાથી તેમજ દેવજીવોને પણ દેવ અને નરક આયુષ્યની યોગ્યતા ન હોવાથી બાંધતા નથી.

આ પ્રમાણે અસુરકુમારોથી લઈને વૈમાનિક સુધી સમજી લેવું.

પરંપરોત્પન્નક જે તિર્યંચ અને મનુષ્યો છે તે ચારે ગતિનું બંધન કરે છે. આ પ્રમાણે નરકગતિમાંથી બહાર આવેલા નારકોને બીજા સ્થાને ઉત્પન્ન થવામાં એક જ સમય લાગે તે અનંતર નિર્ગત કહેવાય છે અને બે સમય લાગે તે પરંપરો-ત્પન્નક નારક કહેવાય છે અને જે નરકગતિમાંથી નીકળી ગયા છે પણ હજી વિગ્રહગતિમાં છે એટલે કે ઉત્પત્તિક્ષેત્રને પ્રાપ્ત કરી શકયા નથી, તે અનંતર પરંપરક અનિર્ગત કહેવાય છે.

**શતક ૧૪નો ઉદ્દેશો પહેલો પૂર્ણ.**

# શતક ૧૪ મું : ઉદ્દેશક–૨

આ ઉદ્દેશામાં નીચે પ્રમાણેની વક્તવ્યતા છે. જીવોનો ઉન્માદ, ઇન્દ્ર શું વર્ષાદ કરે છે? ઇન્દ્ર વૃષ્ટિ કેવી રીતે કરતો હશે? અસુરકુમારો વૃષ્ટિ કરે છે? ઇશાનાદિ ઇન્દ્રો શું તમસ્કાય કરે છે? ઈત્યાદિ પ્રશ્નો છે અને તેના ઉત્તરો છે.

## ઉન્માદ માટેની વક્તવ્યતા :

ઉન્માદ એટલે? વ્યુત્પત્તિના અનુસારે "ઉન્માદન-મિતિ–ઉન્માદ : અથવા "ઉન્માદ્યતે ઉન્માદ :" જેનાથી જીવાત્માને ઉન્માદ ચડે તે ઉન્માદ છે. સાધારણતયા ભાંગ–શરાબપાન કે અફીણ આદિનો નશો ચડ્યા પછી માણસની જ્ઞાનગ્રન્થિઓ કમજોર થઈ જાય છે અને સંભવ છે કે વધારે પડતી નબળી જ્ઞાનગ્રન્થીઓને લઈને માણસને હીસ્ટોરીયા, ફીટ કે બીજા પણ મસ્તિષ્કના રોગો પણ ઊભા થઈ શકે છે.

આ જ પ્રમાણે આત્માને નશો ચઢાવનાર 'ઉન્માદ' છે. જેનાથી આત્મા પોતાની બધી શક્તિઓ સાથે કંટ્રોલ આઉટ થતાં માનવનું અધઃપતન નિશ્ચિત બને છે.

ભગવતીસૂત્રના આ ઉદ્દેશામાં ગૌતમસ્વામીએ પૂછ્યું કે 'હે પ્રભો! ઉન્માદ એટલે શું? અને તેના ભેદો કેટલા છે?'

**જવાબમાં ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે, 'હે ગૌતમ! ઉન્માદ બે પ્રકારે છે :–(૧) યક્ષાવેશ ઉન્માદ (૨) મોહકર્મના ઉદયથી ઉત્પન્ન થતો ઉન્માદ.'**

**( ૧ ) યક્ષાવેશ ઉન્માદ :** પૂર્વભવનો કોઈ વૈરી દેવ કે દેવીનો પ્રવેશ માણસમાં થવાથી, તે માણસ પોતાની શુધ બુધ ગુમાવી દે છે ત્યારે કોઈક સમયે માથું ધુણાવે છે, અસબંધ બકવાટ કરે છે, ઘરમાં તોડફોડ કરે છે. સૌને પરેશાન કરે છે અને બીજા સમયે લાકડાની જેમ સૂતો હોય છે, ઇત્યાદિ યક્ષોન્માદના લક્ષણો છે.

**( ૨ ) મોહોદયોન્માદ :** મોહ–મિથ્યાત્વ અને સંસારની માયામાં બેભાન બનીને તીવ્રાતિતીવ્રરૂપે ઉપાર્જન કરેલા મોહ-કર્મનો ઉદય જ્યારે આ ભવમાં થાય છે, ત્યારે માનવના શરીરમાં મોહવાસના, વિષયવાસના, પાપવાસના અને કષાયવાસના ભડકે બળે છે. તે સમયે જીવાદિ તત્ત્વોનો જ્ઞાતા પણ પુરુષવેદ કે સ્ત્રીવેદના તોફાનમાં મર્યાદાતીત મસ્તી કરે છે, જેના કારણે પોતાના જીવનતત્ત્વની પણ શુધબુધ ખોઈ દે છે. તે સમયે મોહવાસનાનો ગુલામ બની ગમે તેવી અસભ્ય ચેષ્ટા, ભાષણ, ઈશારા, પત્રવ્યવહાર આદિમાં રાગાન્ધ બનીને વડિલોનો, ગુરુ-ઓનો, યાવત્ ધર્મપત્નીનો ધર્મ્ય વ્યવહાર ભૂલી જઈને ભૂંડ જેવા કર્મો કે કૂતરાવેડા જેવા નિંદનીય કર્મોમાં પોતાની ખાનદાની કે પોતાના ભણતર ગણતરને પણ અભરાઈએ મૂકી દે છે. આ ઉન્માદ જ્યારે જ્યારે મર્યાદાથી બહાર જાય છે ત્યારે ગમે તેવા પુરુષ કે સ્ત્રીને, નાનાને કે મોટાને, પંડિત કે મૂર્ખને, કુંવારા કે પરણેલાને, કુંવારી કે વિધવા તથા સધવાને સર્વથા તોફાને ચડાવી દે છે.

સંસારની ભયંકર વેદનાઓને ભોગવ્યા પછી દીક્ષિત થયેલા સંભૂત મુનિને વંદન કરતી સનતકુમાર ચક્રવર્તીની રાણીના મૃદુલ વાળના સ્પર્શ માત્રથી મોહોન્માદના નશામાં

ચકનાચૂર બનેલા તે મુનિને જોઈને ચિત્રમુનિ વિચાર કરે છે–

यावन्निदानं सम्भूतो विधातुमुपचक्रमे
तावच्चाचिन्तयच्चित्रोऽहो मोहस्य विजृम्भितम्
इन्द्रियाणां च दौर्दान्त्यं-विषयाणां दुरन्तता ।
अहो भोगपिपासाया दुर्जयत्वमतृप्तता ॥
तपोऽतिशययुक्तोऽपि ज्ञाताऽर्हद्वचनोऽपि यत् ।
अयं युवतिबालाग्रस्पर्शादित्यध्यवस्यति ॥

(ઉત્તરાધ્યયન સૂત્ર : કમળસંયમી ટીકા)

ચિત્રમુનિએ સમજાવવા કાંઈ પણ કસર રાખી નથી છતાં પણ તે મુનિને મોહોન્માદનો ચડી ગયેલો નશો ઉતરવા પામ્યો નથી અને નિદાનગ્રસ્ત થઈને બ્રહ્મદત્ત ચક્રવર્તી થયા તે સમયે મુનિરાજે ચક્રવર્તીને સમજાવવા માટે તનતોડ પરિશ્રમ કર્યો છે. પણ હાય રે! કામદેવનો નશો–મોહોન્માદ.... ત્યારે હતાશ થયેલા મુનિએ કહ્યું કે :–

"कुतः कृतनिदानानां बोधिबीजसमागमः"

આ ઉન્માદના દશ ભેદો છે, તેને ક્રમશઃ જોઈ લઈએ :–

**( ૧ ) ચિન્તન** : સામેવાલી પ્રેમપાત્ર સ્ત્રી કે પ્રેમપાત્ર યુવાન પરસ્પર મિલન કે સંકેતના સમયે હાજર ન થાય ત્યારે ચિન્તનની ચિનગારી પ્રગટે છે તે આ પ્રમાણે:– હજી કેમ નથી આવી? શું થયું હશે? અવળે રસ્તે ન ગઈ હોય? કે બીજા પુરુષ સાથે તો નહીં ગઈ હોય? ઇત્યાદિ ચિન્તનોન્માદ છે.

**( ૨ ) જોવાની ઈચ્છા** : પોતાની પ્રેમપાત્ર વ્યક્તિને

વારંવાર જોવાની ઇચ્છા થતાં તેને માટે ફાંફા મારતો રહે છે તે દ્રષ્ટુમિચ્છોન્માદ છે.

**( ૩ ) દીર્ઘ શ્વાસોશ્વાસ :** પ્રેમપાત્ર વ્યક્તિ ફાંફા મારતા પણ જોવામાં ન આવે ત્યારે શ્વાસની ધમણ જોરદાર ચાલવા લાગે છે અને મકાનમાં, બારીમાં, દરવાજામાં કે રસ્તામાં ચારે બાજુ નજર ફેંકતો ગાંડાની જેમ ઊભો ઊભો કેટલોય સમય પસાર કરે છે તે શ્વાસોશ્વાસોન્માદ કહેવાય છે.

**( ૪ ) તાવ :** શ્વાસોશ્વાસની ધમણ ચાલ્યા પછી પણ પ્રેમપાત્ર જોવાતો નથી ત્યારે બેકરાર ( મર્યાદા બહાર ) થયેલા મનજીભાઈ અને તનજીભાઇ( મન અને શરીર )માં તાવની ઉષ્ણતા વધવા લાગે છે, જેને આપણે કામજ્વર કહીએ છીએ, તે તાપોન્માદ કહેવાય છે.

**( ૫ ) દાહ :** તાપની ગરમી જેમ જેમ વધે છે તેમ તેમ તેનાં શરીરમાં દાહ પણ વધવા માંડે છે. ફળ સ્વરૂપે હાથ, પગ, આંખ, ભાષા આદિ બેકાબુ થઇને સૌની સાથે બોલવા, ચાલવા, ખાવા-પીવા આદિ દૈનિક ક્રિયાઓમાં પણ તેને મુદ્દલ રસ ( ઈન્ટરેસ્ટ ) રહેતો નથી, ઉશ્કેરાટમાં આવીને યદ્વા તદ્વા બોલવા માંડે છે અને છેવટે પોક મુકીને રડવા માંડે છે, તેને દાહોન્માદ કહેવાય છે.

**( ૬ ) ભોજન અરુચિ :** ખાવા-પીવા આદિ ઉપર બેહદ નફરત આવે છે, ત્યારે ઠંડા પીણા પણ બેસ્વાદ લાગે છે, કેશરીયા દૂધને પણ ગળા નીચે ઉતરતાં વાર લાગે છે. મેવા મિષ્ટાન્ન વિષ જેવા, મખમલના ગાદલા પણ અંગારા જેવા લાગે છે.

( ૭ ) મૂર્ચ્છા : પછી તો વારંવાર ચક્કર આવે છે. આંખે અંધારા આવે છે, પગની ચાલ વક્ર બને છે, મોઢામાંથી ફીણ અને ઉંડા નીસાસા આવે છે અને આંખો ટગરમગર ફરવા લાગે છે.

( ૮ ) અને બેભાન બનીને ચાદર કે રજાઈ ઓઢીને લાકડાની જેમ પડ્યો રહે છે.

( ૯ ) અજ્ઞાન તેવી સ્થિતિમાં સામે કોણ ઊભો છે? શું કહે છે તેની પણ સ્મૃતિ તે ભાઇને રહેતી નથી.

(૧૦) અને મૃત્યુ, છેવટે કાંકરીયાના તળાવમાં કે જૂહૂના દરિયામાં અથવા ઝેરના વાટકા પીને મૃત્યુના રસ્તે પહોંચી જાય છે.

નોંધ : જ્યારે જ્યારે આ જીવાત્માએ મનુષ્ય અવતાર મેળવ્યો હશે ત્યારે અનંતાનુબંધી કષાયો અને મિથ્યાત્વના ગાઢ અંધકારમાં સેંકડો–હજારો કે લાખો–કરોડો જીવાત્માઓ સાથે નિકાચિતરૂપે વૈર–વિરોધના કર્મો બાંધ્યા હોય છે જેના કારણે વૈરમાં બંધાયેલા તે બંને જીવોને કર્મોનો વિપાક ઉદયમાં આવે છે. ત્યારે દેવગતિમાં ગયેલો તે વૈરી આત્મા મનુષ્ય અવતારમાં રહેલા શત્રુને મારે નહીં તો પણ તેના ગૃહસ્થાશ્રમના સુખ અને સુખના સાધનોના ભોગવટામાં અંતરાયભૂત થયા વિના રહેતો નથી. આમાં આછા–પાતળા વૈરાનુબંધ હશે તો દવા દારૂ કરાવવાથી રોગ સાધ્ય બને છે અને નિકાચિત હશે તો હાડમારીઓ અસાધ્ય બને છે.

ઘણા સાધનસંપન્ન ગૃહસ્થાશ્રમીઓ આપણી સામે છે કે જેમની પાસે ભૌતિક સાધનોની કમી નહીં હોવા છતાં પણ

તેમનું આંતરજીવન ભયંકર અશાંત હોય છે, દુઃખી હોય છે. પુણ્યકર્મ મજબુત હશે તો ઘી કેળાંમાં વાંધો આવતો નથી અને કદાચ આછું–પાતળું હશે તો દેવાળું કાઢીને, લુંટાઇને, એક બાજુ આર્થિક સ્થિતિની હાડમારીમાં, બીજી બાજુ ગૃહસ્થાશ્રમની હાડમારીમાં તે ભાઇને રિબાઈ રિબાઈ મરવા સિવાય છુટકારો નથી. આ કારણે જ ભાવદયાની ચરમ સીમા પ્રાપ્ત કરેલા તીર્થંકર પરમાત્માઓએ કહ્યું કે–હિંસા, જુઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ મહાપાપ છે.

કૂતરાના માથા ઉપર ડંડો મારીએ છીએ, ત્યારે થોડીવારને માટે કૂતરાની આંખ મારનારની ઉપર મંડાઈ રહેતી જાણે કહેતી હોય છે કે, બેટા! આવતા ભવે તને કોઈ કાળે પણ સુખી નહિ થવા દઉં. કોર્ટમાં કે બીજે સ્થાને જેના માટે જૂઠી સાક્ષી અથવા તે સામેવાળાના મોતીના પાણી ઉતરી જાય તેવી અસત્ય ભાષા, કલંક કે ચાડી ખાઇએ છીએ ત્યારે સામેવાળો આ ભવમાં આપણું ભલે કાંઇ પણ ન બગાડે તો પણ ફાટેલી આંખે કહેશે કે, આવતા ભવમાં તને અને તારા ગૃહસ્થાશ્રમીના બેહાલ કર્યા વિના છોડવાનો નથી. જેની ચોરી કરી હોય કે થાપણ પચાવી હોય અને સામાવાળાને જ્યારે ખબર પડે ત્યારે મનોમન ગાંઠ બાંધીને તે કહેશે કે આ વિશ્વાસઘાતીને આવતા ભવમાં દાંત અને અનાજનો વૈરી બનાવ્યા વિના રહું તેમ નથી. પોતાની ધર્મપત્નીને છોડીને બીજી સ્ત્રીઓ સાથે રમણ કરનારા પોતાના પતિ માટે વૈરણ બનતી તે સ્ત્રી કહે છે કે, આવતા ભવમાં વ્યંતરી બનીને પણ તારા આખાએ ગૃહસ્થાશ્રમના સુખોને આગમાં બાળી નાખીને પછી હું જંપીશ અને પરિગ્રહ તો *"सर्वेषां दुर्गुणानां जनकः सर्वपापानां मूलमंत्रं, जीवमात्रैः सह विरोधकारको परिग्रहः"* હોવાથી

ભગવાન જાણે કેટલાય જીવો સાથે વૈર બાંધવાનું કારણ બને છે. ઉપર પ્રમાણે પ્રત્યક્ષ દેખાતી સંસારની માયાજાળને જોયા પછી આ ભવમાં અને આગળના ભવોમાં સુખી થવું હોય તો પોતાના ભાગ્ય ઉપર વિશ્વાસ રાખીને બધાય તોફાનો છોડવા માટે મહાવીરસ્વામીના ફરમાવેલા બારવ્રતો સ્વીકારવા, પાળવા અને વ્રતોથી દેદીપ્યમાન જીવન બનાવવું, આનાથી અતિરિક્ત સુખી થવા માટે બીજો માર્ગ નથી.

મોહકર્મના ઉદયે થનારા તોફાનો બીજા ભાગમાં ચર્ચાઈ ગયા હોવાથી અહીં પિષ્ટપેષણ કરવાની આવશ્યકતા નથી. યક્ષાવેશ ઉન્માદ કદાચ એક ભવ પૂરતો જ હોવાથી વધારે કષ્ટદાયક નથી, પરંતુ મોહકર્મથી ઉત્પન્ન થતો ઉન્માદ અત્યંત દુર્જેય હોવાથી કષ્ટસાધ્ય છે અથવા અમુક જીવોને માટે અસાધ્ય પણ બની શકે છે. માટે જ ભવપરંપરાને બગાડનારો છે. ઉદીર્ણા કરીને ભડકાવી દીધેલો ઉન્માદ માનવજીવનમાં પશુતા લાવ્યા વિના રહેતો નથી. અનંતાનુબંધી કષાયને લઈ ઉદીર્ણાપૂર્વકના મોહોદયમાં સમ્યક્ત્વનો નાશ, વ્રતોનો હ્રાસ, માનવતાનો સર્વનાશ પ્રાયઃ કરીને નકારી શકાતો નથી.

મોહકર્મના સ્વાભાવિક ઉદયમાં માનવનું મન બેકરાર કે બેકાબુ પ્રાયઃ થતું નથી, જ્યારે પર રમણીઓને-કન્યાઓને, વિધવાઓને ગંદી ભાવનાથી ફોસલાવવામાં આવે છે ત્યારે સૂતેલા અજગરની જેમ ભડકાવી દીધેલું મોહકર્મ તેના માલિકના મન-વચન-શરીર આદિને મર્યાદાતીત બેકાબુ બનાવ્યા વિના રહેતું નથી અને તેમ થતાં તેમનો ઉન્માદ કદાચ મૃત્યુનું કારણ પણ બની શકે છે.

સ્વસ્ત્રીના ભોગવટામાં અતિશય કામાંધ બનીને તીવ્રાનુ-

રાગ એટલે જેમાં કામવાસના ભડકે બળે તેવાં ખાનપાન તથા માદક પદાર્થો આદિનું સેવન કરનારો અને અનંગક્રીડા એટલે પશુઓને પણ શરમાવી દે તેવા પ્રકારે નિર્દયી બનીને કામાંધ બનેલો આત્મા મૃત્યુના મુખમાં પ્રવેશ કરતી અથવા નવ મહિના પૂર્ણ થયેલી ગર્ભવતી સ્ત્રી સાથે પણ કૂતરાવેડા કરતો શરમાતો નથી. આવા માણસોને વિષયોન્માદી કહ્યાં છે, જે મરીને પાછા એકેન્દ્રિય અવતારમાં નપુંસક વેદ અને લિંગના માલિક બની અસંખ્યાત કે અનંત ઉત્સર્પિણી પુરી થયે છતે પણ ત્યાંથી બહાર આવી શકે તેમ નથી.

## નારક જીવોનો ઉન્માદ :

ગૌતમસ્વામીના પૂછવાથી ભગવંતે નારક જીવોને બે પ્રકારના ઉન્માદ કહ્યાં છે. દેવરુપે બનેલો વૈરી આત્મા, નરકમાં રહેલા પોતાના શત્રુ ઉપર અશુભ, ગંદા અને કાળા આદિ પુદ્ગલોનો ક્ષેપ કરીને પણ તે બિચારા નારકોની હેરાનગતિમાં વૃદ્ધિ કરનારા બને છે. મોહકર્મજન્ય ઉન્માદથી નપુંસક લિંગે રહેલા તે નારકો હંમેશાને માટે ઉન્માદી હોય છે. મનુષ્યલોકમાં મનુષ્ય અવતારને પામેલા નપુંસક માનવો અને હીજડાઓની આન્તરવેદના કેટલી બધી તીવ્ર હોય છે તે તેમના દેદાર જોયા પછી જ આપણે અનુભવી શકીએ છીએ. તેઓ બિચારા જ્યારે જ્યારે બીજી સ્ત્રીઓના કે પુરુષોના ભોગ વિલાસ જુએ છે ત્યારે ત્યારે પોતાની નપુંસકતા ઉપર બોર બોર જેવડા આંસુઓ ટપકાવતા હોય છે. તેમ છતાં મિથ્યાત્વના ઉદયવર્તી તે જીવોને કોણ સમજાવી શકે છે કે ' હે મહાનુભાવો ! પૂર્વભવના આચરેલા મોહકર્મજન્ય પાપોથી અથવા કુંવારી, વિધવા, સધવા સ્ત્રીઓ સાથે અથવા નાની બાલિકાઓને તથા

નાના રુપાળા છોકરાઓની સાથે ગયા ભવમાં કરેલી ગંદી ચેષ્ટાઓના પાપે તમે નપુંસક બન્યા છો. ”

અસુરકુમારોમાં બે જાતનો ઉન્માદ સમજવો. તેમાં મહર્દ્ધિક બીજા દેવો પોતાનાથી નીચેના દેવો ઉપર અશુભ પુદ્ગલોત્ક્ષેપ કરે છે અને મોહનો ઉન્માદ પણ પહેલાની જેમ કલ્પી લેવો.

પાંચે સ્થાવર, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય, તિર્યંચ અને મનુષ્યોમાં બંને જાતનો ઉન્માદ સમજવો. તથા વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકો માટે પણ ઉપરની જેમ કલ્પી લેવો.

## દેવોની વૃષ્ટિકાયકરણની વકતવ્યતા :

હે પ્રભો ! વર્ષા ઋતુમાં વરસનારો મેઘ અને જિન જન્મોત્સવ આદિ પ્રસંગે પર્જન્ય એટલે ઇન્દ્ર મહારાજ શું વરસાદ વરસાવે છે ? પ્રભુએ ‘ હા ’ માં જવાબ આપ્યો છે, ત્યારે ગૌતમસ્વામીએ ફરી પૂછ્યું કે, ‘ હે પ્રભો ! જ્યારે ઈન્દ્રને વર્ષા કરવાની ભાવના થાય ત્યારે કેવી રીતે વર્ષા કરે છે ? ’ ભગવંતે કહ્યું : ‘ ઈન્દ્ર સૌથી પહેલા આભ્યન્તર સભાના દેવોને બોલાવે છે, તે દેવો મધ્ય સભાના દેવોને, તેઓ બાહ્ય સભાના દેવોને, તેઓ સભાની બહારના દેવોને, તેઓ આભિયોગિક (સેવક જેવા) દેવોને અને તેઓ પણ વૃષ્ટિકારક દેવોને બોલાવે છે. તે દેવો અપ્કાયની વર્ષા કરે છે, જ્યારે અસુરકુમારના દેવો અરિહંતોના જન્મ કલ્યાણક, દીક્ષા કલ્યાણક, જ્ઞાન કલ્યાણક અને નિર્વાણ કલ્યાણકના સમયે વર્ષા કરે છે. આ પ્રમાણે નાગકુમારાદિ, વ્યંતરો, જ્યોતિષ્કો અને વૈમાનિકો પણ અપ્કાયની વર્ષા કરે છે.

## દેવોની તમસ્કાયકરણ વક્તવ્યતા :

તમ એટલે અંધકાર જે અપ્કાય(પાણી)ના પરિણામથી થતું ધુમસ એટલે જ તમસ્કાય. તે માટે પ્રશ્ન કરતા ગૌતમસ્વામીએ પૂછ્યું કે, હે પ્રભો ! ઈશાન ઇન્દ્રને જ્યારે તમસ્કાયરૂપ અંધકાર કરવાની ઇચ્છા થાય તો કેવી રીતે કરશે ? ભગવંતે કહ્યું કે, તે ઈન્દ્ર યાવત્ તમસ્કાયને કરનારા દેવોને બોલાવે છે અને તેઓ ઇન્દ્રની આજ્ઞાથી તમસ્કાય કરે છે. પરંતુ અસુરકુમારોને તમસ્કાય કરવાના ચાર કારણો સૂત્રમાં બતાવ્યા છે.

(૧) પોતાને રતિક્રીડા કરવાની હોય તે સમયે.

(૨) પોતાના શત્રુ દેવોને મોહિત કરવાના સમયે.

(૩) ગોપનીય ધન જે જમીન આદિમાં નાખેલું છે તેની રક્ષા કરવાના સમયે.

(૪) અને પોતાના શરીરને છુપાવવાના પ્રસંગે.

ઉપરના ચાર કારણોને લઈને અસુરકુમારો તમસ્કાય કરે છે. સમજવું સરળ છે કે અસુરકુમારો પાપરતિવાળા, કુતૂહલવાળા, પોતાના વૈર અથવા વૈરીને નહીં ભૂલવાવાળા હોવાથી તેમને તમસ્કાય કરવાના ચાર કારણો બતાવ્યા છે.

**શતક ૧૪નો ઉદ્દેશો બીજો પૂર્ણ**

# શતક ૧૪ મું : ઉદ્દેશક–૩

## દેવોમાં શું વિનયાદિ કર્મો હોય છે ?

આકાશમાં સૂર્ય અને ચંદ્રના વિમાનોની જેમ લોક શાશ્વતો હોવાના કારણે સ્વર્ગ અને નરક ભૂમિઓ પણ શાશ્વત છે. માટે સ્વર્ગ નરકમાં જવાવાળા અને ત્યાંથી બહાર આવવાવાળા જીવો પણ અનાદિ કાળથી છે અને રહેશે. પુણ્યકર્મી આત્મા સ્વર્ગમાં જાય છે અને પાપકર્મી આત્મા નરકમાં જાય છે. માટે પોતપોતાના કર્મોની બેડીઓમાં ફસાયેલા આત્માઓ પરાધીન છે. આત્માના એક એક પ્રદેશમાં બંધાઇ ગયેલા ભયંકરમાં ભયંકર વૈર–વિરોધના અનંત પરમાણુથી ગ્રસ્ત થયેલા નારકોની પાસે સદ્‌વિચારણા માટે એકેય સમય નથી. દેવગતિના દેવો મહાપુણ્યવંત હોવાના કારણે પુણ્યકર્મનાં ભોગવટામાં અલમસ્ત બનેલા છે, અને તિર્યંચો પાસે અભિવ્યક્ત ભાષા અને હાથ આદિનો અભાવ હોવાના કારણે સત્કર્મો કરવા માટે તેમને પણ ચાન્સ પ્રાયઃ કરીને નથી હોતો. તેમ છતાં પણ સમ્યગ્‌દર્શનના પ્રકાશમાં કોઈ વાર જ સારો અવસર મળી શકે છે અને અમુક જીવો તેનો લાભલઇ શકે છે.

દ્રવ્ય સત્કર્મો યદ્યપિ મહત્વના જ છે, તથાપિ ભાવ સત્કર્મો તેમનાથી પણ ઘણા મહત્વશાલી હોય છે તેમાં બે-મત નથી.

સંસારભરના બધાએ જીવાત્માઓની અપેક્ષાએ ભાવ-સંયમ ધર્મની આરાધના કરવામાં જૈન મુનિઓ ઉત્કૃષ્ટતમ છે, કેમકે બાહ્ય તપ ત્યાગથી પણ તેઓ શ્રેષ્ઠ છે અને ભાવ તપ

ત્યાગથી પણ શ્રેષ્ઠતમ હોવાના કારણે તેવા પવિત્ર મુનિઓનો વિવેકપૂર્વકનો વિનય તેમજ વંદન વ્યવહાર, સુખપૃચ્છા આદિની આરાધના માટે સમ્યગ્દૃષ્ટિ જીવો અવસર આવ્યે તૈયાર જ હોય છે: યદ્યપિ દેવોની આરાધના મનુષ્યલોકના પ્રાણીઓને દૃષ્ટિગોચર થાય, અથવા ન થાય તો પણ સમ્યગ્દૃષ્ટિ દેવો તેનો ખ્યાલ કર્યા વિના પણ પોતાની સારી ક્રિયાઓ કરવામાં બેધ્યાન હોતા નથી. દેવગતિના દેવો પ્રાયઃ કરી ભ્રમણશીલ અને ક્રીડાપ્રિય હોવાના કારણે પોતાની વૈક્રિય ગતિથી સ્થાનાન્તર કરતા જ હોય છે, તેથી મુનિરાજને ભૂમિસ્થ, ધ્યાનસ્થ અને કાર્યોત્સર્ગસ્થ અવસ્થામાં જોઈને દેવો તેમનો વિનય વિવેક સાચવે કે ન સાચવે? આ પ્રશ્નનો હાર્દ છે.

*જે દેવ વિશાળ પરિવારવાળો હોય તે ભાવિતાત્મા અણગારની વચ્ચે થઈને જઈ શકે છે? અર્થાત્ તેમનું ઉલ્લંઘન દેવો કરે છે?*

જવાબમાં ભગવંતે કહ્યું કે, કોઈક દેવતા મુનિઓનું ઉલ્લંઘન કરે છે અને કોઈ નથી કરતાં, કારણ આપતાં ભગવંતે કહ્યું કે દેવયોનિના દેવો બે પ્રકારના છે.

(૧) मायी मिच्छादिट्ठी उववन्नगा અર્થાત્ અનાદિ કાળથી જે મિથ્યાત્વી બન્યા હોય.

(૨) **अमायी समदिट्ठी उववन्नगा** અર્થાત્ મનુષ્ય કે તિર્યંચ અવતારથી સમ્યક્ત્વ લઈને અથવા દેવગતિમાં આવ્યા પછી અરિહંતોના પંચકલ્યાણકોને જોતાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરેલા દેવો. આ બંને દેવોમાંથી પહેલા નંબરના દેવો વૈક્રિય ગતિથી આકાશમાર્ગે જતાં આવતાં પણ ભૂમિસ્થ મુનિઓને કે

આકાશમાં વિચરતાં જંઘાચારણ મુનિઓને જોઇને તેમને વંદન કરતા નથી અને કલ્યાણ મંગળરૂપ ધર્મચૈત્યને બંને હાથ જોડીને પર્યુપાસના પણ કરતા નથી તથા મુનિઓને ઉલ્લંઘીને ચાલ્યા જાય છે. જ્યારે બીજા નંબરના દેવો મુનિઓને જોઇને તેમનો સત્કાર, સન્માન, વંદન, નમન તથા હાથ જોડીને પર્યુપાસન કરે છે એટલે કે રસ્તામાં આવતા મુનિવેષધારી મુનિઓને વંદન આદિ કર્યા વિના આગળ જતા નથી.

આ પ્રમાણે અસુરકુમાર, નાગકુમારાદિ ભવનપતિ દેવો, વ્યંતરો, વાનવ્યંતરો, જ્યોતિષ્કો અને વૈમાનિક દેવો માટે પણ જાણવું.

નારક અને પૃથ્વીકાયિકાદિમાં પ્રસ્તુત વિષયની અસંભાવના હોવાથી કેવળ દેવદંડક પૂરતી જ આ વાત જાણવી.

## નારકોની અવિનય સંબંધી વકતવ્યતા :

પૂછાયેલા પ્રશ્નના ઉત્તરમાં ભગવંતે કહ્યું કે સંખ્યાત–અસંખ્યાત જીવાત્માઓ સાથે બદ્ધવૈરવાળા નારકો એક સમયને માટે પણ ભયમુક્ત ન હોવાના કારણે તેમના જીવનમાં નીચે લખેલો વિનયવ્યવહાર હોતો નથી.

( ૧ ) સત્કરણીય વ્યક્તિના આગમનમાં ઊભા થઈ શકતા નથી.

( ૨ ) સન્માનનીય વ્યક્તિઓને કાંઈ પણ આપી શકતા નથી.

( ૩ ) પૂજ્યોને વંદના કરી શકતા નથી.

( ૪ ) વિનય યોગ્ય જીવાત્માઓને જોઇને ઊભા થઈ શકતા નથી.

( ૫ ) બંને હાથ જોડવા જેટલી ક્ષમતા તેમનામાં નથી.

( ૬ ) કોઇને આસન આદિ આપી શકતા નથી.
( ૭ ) બીજા સ્થાને જઇને પણ આસનાદિ આપતા નથી.
( ૮ ) કોઇની સામે જઈ શકતા નથી.
( ૯ ) માન્ય વ્યક્તિઓનું માન સાચવી શકતા નથી.
(૧૦) માનાર્હની પાછળ જઈ શકતા નથી.

બહુલતાએ નારક જીવો પરસ્પર વૈરના બંધવાળા જ હોય છે. તેથી દ્વેષી ને સામેવાલા દ્વેષીનો વિનય કરવાનો પ્રસંગ રહેતો નથી. ત્યારે પ્રશ્નોત્તરનું હાર્દ તપાસતાં એમ અનુમાન કરી શકીએ છીએ કે મનુષ્ય અવતારમાં–

( ૧ ) સાસુ વહુ મૈત્રીભાવ અને પૂજ્યભાવવાલા હોવા છતાં
( ૨ ) બે ભાઈ પરસ્પર સામે મૈત્રી સંબંધવાળા હોવા છતાં
( ૩ ) ગુરુ શિષ્ય સારા સંબંધોથી સંબંધિત હોવા છતાં

થોડીવારને માટે સમજો કે સાસુવહુ, બંને ભાઇઓ કે ગુરુશિષ્યો બીજા પ્રકારે ભારે કર્મી હોવાથી નરકગતિમાં આવ્યા હોય અને ત્યાં ગુરુનો આત્મા શિષ્યના આત્મા સાથે સંબંધિત થાય તો પણ તેઓ બંને જણા બીજા અસંખ્યાત જીવો સાથે વૈરયુક્ત હોવાના કારણે એક બીજાનો વિનય કે સારા સંબંધો સાચવી શકવા માટે સમર્થ હોઈ શકતા નથી.

લોકવ્યવહારમાં પણ આપણે અનુભવી રહ્યાં હોઇએ છીએ, સરકારની આંખમાં ધૂળ નાખીને લાખો કરોડોના ગોટાળા કરનારની પાછળ સરકાર તરફથી તેને પકડવા માટે ગુપ્તચરો, ડ્યુટીપરના પોલીસો વગેરે પડ્યા હોય ત્યારે અત્યંત ભયગ્રસ્ત

બનેલો તે માણસ ઘડીકમાં કલકતા, બીજી ઘડીએ મદ્રાસ, ત્રીજી ઘડીએ મુંબઈ, ચોથી ઘડીએ મહુડીના ઘંટાકર્ણ પાસે, પાંચમી ઘડીએ નાકોડાના ભેરૂજી પાસે, છઠ્ઠી ઘડીએ નરોડાની કે વાલકેશ્વરની પદ્માવતીદેવી પાસે, સાતમી ઘડીએ જ્યોતિષી મહારાજ પાસે, આઠમી ઘડીએ વાસક્ષેપ નિક્ષેપકો પાસે પ્લેનમાં કે પગે ચાલીને રખડતો હોય છે. તેવા સમયે તે કોઈની સાથે આંખ મેળવવાને માટે કે ગુરુઓનો વિનય કરવા માટે પણ ક્ષમતા રાખી શકતો નથી. આ જ રીતે નારકો માટે પણ સમજી લેવું.

અસુરકુમારાદિ દેવો હોવાના કારણે તેઓ યોગ્ય વ્યક્તિ-ઓના સત્કારાદિ કરવા સમર્થ છે. જ્યારે પાંચે સ્થાવર અને વિકલેન્દ્રિય જીવોને નરકની જેમ જાણવા. પંચેન્દ્રિય તિર્યંચોમાં વિનયાદિ હોઈ શકે છે, પરંતુ કોઈને આસનાદિ આપવું આદિ વિનય પ્રકારો તથા વ્યક્ત વચન અને હાથનો અભાવ હોવાથી નથી હોતો.

બીજા દેવો અને મનુષ્યોમાં વિનય પ્રકાર હોય છે.

## દેવોમાં પણ અવિનયકરણની વક્તવ્યતા :

વિષય કષાયની ભાવનાને ઉપશમિત કરનાર આત્માને વિનય વિવેકની પ્રાપ્તિ સુલભ અને ચિરસ્થાયિની હોય છે, અન્યથા ધનવૈભવથી માન, યુવાનીથી મદ, ઐશ્વર્યના અતિરેકથી ગવિંષ્ઠતા, વિદ્વતાથી અહંકાર અને શરીરબળથી તૃપ્ત થઈને પોતાનાથી હીનનું અપમાન કરતાં તે જીવાત્માને વાર લાગતી નથી.

અલ્પર્દ્ધિક દેવ, મહર્દ્ધિકદેવની વચ્ચે કે તેનું ઉલ્લંઘન કરીને જવા સમર્થ નથી, સમાનર્દ્ધિક દેવ પણ સમાનર્દ્ધિક દેવનું ઉલ્લંઘન કરતો નથી. કદાચ સામેવાળો દેવ પ્રમાદી હોય તો તેના ઉપર પ્રહાર કરીને તેનું ઉલ્લંઘન કરે છે. જ્યારે મહર્દ્ધિક દેવ અલ્પર્દ્ધિક દેવનું પ્રહાર કરીને કે, ન કરીને પણ ઉલ્લંઘન નથી કરતાં, શેષ કથન બીજા ભાગથી જાણવું.

## નારકોના દુઃખની વક્તવ્યતા :

એકાંત દુઃખી નારક જીવોનો પુદ્ગલપરિણામ અનિષ્ટ, અકાંત, અપ્રિય અને અમનોજ્ઞ હોય છે. આ પ્રમાણે આગળના નારકો માટે પણ જાણવું.

જીવાભિગમ સૂત્રમાં ૨૦ પ્રકારથી વેદનાનું વર્ણન છે.

(૧) પુદ્ગલ પરિણામ વેદના (૨) લેશ્યા પરિણામ વેદના (૩) નામગોત્ર પરિણામ વેદના (૪) અરતિ પરિણામ વેદના (૫) ભય પરિણામ વેદના (૬) શોક પરિણામ વેદના (૭) ક્ષુધા પરિણામ વેદના (૮) પિપાશા પરિણામ વેદના, વ્યાધિ, ઉચ્છવાસ, અનુતાપ, ક્રોધ, માન, માયા, લોભ, આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ.

આમાંથી ઘણા પરિણામોનું વર્ણન પહેલા ભાગથી જાણવું.

**શતક ૧૪ નો ઉદ્દેશો ત્રીજો પૂર્ણ.**

# શતક ૧૪ મું : ઉદ્દેશક–૪

ગૌતમસ્વામીના પૂછવાથી ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે, શાશ્વત કાળમાં રૂક્ષ અને સ્નિગ્ધ, આ બંને સ્પર્શો પરમાણુ તથા સ્કંધમાં રહેલાં છે, મતલબ કે પરમાણુમાં રૂક્ષત્વ અથવા સ્નિગ્ધત્વ બેમાંથી એક સ્પર્શ રહ્યો હોય છે અને દ્વયણુકાદિમાં બંનેની વિદ્યમાનતા છે. પ્રયોગ અને વિસ્રસાકરણથી નીલાદિ વર્ણોનો પરમાણુ તથા સ્કંધમાં પરિણામો થાય છે અને જ્યારે તે પરિણામો નિર્જીર્ણ થાય છે ત્યારે પરમાણુમાં એક જ વર્ણ–ગંધ અને રસ શેષ રહે છે જ્યારે સ્પર્શમાંથી–ઉષ્ણ કે શીતમાંથી એક અને રૂક્ષ કે સ્નિગ્ધમાંથી એક આમ બે સ્પર્શ શેષ રહે છે અને લઘુ, ગુરુ, મૃદુ અને કઠોર આ ચાર સ્પર્શો અપેક્ષાકૃત હોવાથી પરમાણુમાં તેમની હાજરી હોતી નથી.

જીવાત્મા પણ એક સમયમાં દુઃખોના નિમિત્તોને લઈ દુઃખી થયો છે તથા સુખોના નિમિત્તે સુખી થયો છે. આ પ્રમાણે સુખ–દુઃખના નિમિત્તો એક સમયમાં પ્રાપ્ત થઈ શકે છે, પરન્તુ બંનેનું વેદન એક સમયમાં થતું નથી. તેમ જ કાળ સ્વભાવ આદિના કારણે શુભાશુભ કર્મબંધનના હેતુભૂત ક્રિયાઓથી અનેક પ્રકારના દુઃખિતત્વ આદિ પરિણામને પ્રાપ્ત થાય છે અને જ્ઞાનાવરણીય કર્મો જ્યારે ક્ષીણ થાય છે ત્યારે જીવ સિદ્ધ થાય છે.

## પુદ્ગલ પરમાણુ શાશ્વત કે અશાશ્વત?

ભગવંતે કહ્યું કે, અમુક અપેક્ષાએ પરમાણુ શાશ્વત છે અને અમુક અપેક્ષાએ અશાશ્વત છે. પુદ્ગલ પરમાણુરુપ અને

સ્કંધરુપે બે પ્રકારના છે. તેમાં દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ પરમાણુ શાશ્વત છે. કેમકે તેમનો અંત નથી થતો.

પરંતુ તે પરમાણુ જ્યારે સ્કંધમાં મિશ્રિત થાય છે ત્યારે તે–પરમાણુરુપે સંબોધિત થતું નથી, પણ પ્રદેશરુપ નામાન્તરથી વ્યપદેશાય છે અને જુદા જુદા વર્ણાદિ પર્યાયોને લઇને સ્કંધાન્તર્ગત પરમાણુ પણ–વર્ણ, ગંધ, રસ અને સ્પર્શાદિ પર્યાયોની અપેક્ષાએ રૂપાન્તર પામતું હોવાથી લાલ ઘડામાં રહેલો પરમાણુ લાલ ઘડા તરીકે સંબોધાય છે, અને તે જ પરમાણુ નિમિતને લઇ લાલ રંગને છોડે છે અને પીળા રંગને પ્રાપ્ત થાય છે. ત્યારે પીળા રંગે સંબોધાતો હોવાથી જુદા જુદા પર્યાયોની અપેક્ષાએ અશાશ્વત છે; માટે પર્યાયાસ્તિક નયે અશાશ્વત છે.

**નોંધ :** શુદ્ધ પરમાણુમાં જે દ્રવ્ય રહેલું હશે પછી ચાહે તે માટી દ્રવ્યનું, સુવર્ણ દ્રવ્યનું, વસ્ત્ર દ્રવ્યનું કે વનસ્પતિ આદિ દ્રવ્યનું હોય તે દ્રવ્યની અપેક્ષાએ શાશ્વત છે. એટલે કે તે હમેશાં શાશ્વત પદાર્થ છે.

જૈન શાસનમાં પરમાણુ એક જાતના હોય છે કેમકે સૌમાં–એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શ હોય છે. પરંતુ પ્રયોગ કે વિસ્રસાકરણને લઈ જુદા જુદા નિમિત્તો મળતાં પરમાણુ જેવા સ્કંધમાં મિશ્રિત થાય છે તે અનુસારે પરમાણુ પણ જુદા જુદા પર્યાયોમાં બદલતો રહે છે; જેમકે માટી દ્રવ્યમાંથી ઘડો બન્યો. આ ઘડામાં માટી દ્રવ્યનો જે શાશ્વત પરમાણુ હતો તે સ્કંધમાં મળતાં જ ઘડાના પર્યાયે સંબોધાયો. પછી ઘડો ફૂટ્યો ત્યારે ઠીકરાના પર્યાયે કહેવાયો છે અને તે ઠીકરા લાંબા કાળ સુધી ખાડામાં ક્યાંય દબાઇને

ઘણો લાંબો કાળ પસાર કર્યો ત્યાં વળી કોઈ અદષ્ટ કારણે કોલસાના પર્યાયમાં પરિવર્તિત થયો. તેમાંથી હીરામાં રૂપાંતર થયો. તેની ભસ્મ બનીને કોઈ સ્ત્રીના શરીરમાં આવીને લોહી-રૂપે બનીને તે લોહીથી માનવશરીરના પર્યાયમાં આવતો તે માટીદ્રવ્યનો પરમાણુ બહુરૂપીની જેમ રૂપો બદલીને માનવ-શરીરમાં કામ આવ્યો છે. મનુષ્ય મર્યો તેની રાખ બની અને તે રાખ પરમાત્મા જાણે ફરીથી કયા સ્કંધ સાથે મિશ્રિત થશે. આમ એક જ પરમાણુ કેટલાય પર્યાયોમાં રૂપાંતર થાય છે માટે પર્યાયનયે અશાશ્વત કહેવાય છે. પરંતુ એટલું ધ્યાનમાં રાખવાનું કે તેની અશાશ્વત અવસ્થા પર્યાયને આભારી છે. આ કારણે ચરાચર સંસારને સાક્ષાત્ કરનારા દેવાધિદેવ ભગવંતે કહ્યું કે, તૃણથી લઈ આકાશ સુધીના દ્રવ્યો પોતાના દ્રવ્યત્વને લઈને શાશ્વતા છે અને પર્યાયોના કારણે અશાશ્વતા છે.

## પરમાણુ ચરમ કે અચરમ ?

પરમાણુ શાશ્વત હોવા છતાં પણ તેની ચરમતા અને અચરમતા સંબંધીના પૂછાયેલા પ્રશ્નોના જવાબમાં ભગવંતે કહ્યું કે, તેનો નિર્ણય ચાર પ્રકારે કરવાનો રહેશે. (૧) દ્રવ્યા-દેશથી (૨) ક્ષેત્રાદેશથી (૩) કાળાદેશથી (૪) ભાવાદેશથી.

(૧) દ્રવ્યાદેશથી પરમાણુને અચરમ ફરમાવતાં ભગવંતે કહ્યું કે, હે ગૌતમ ! કોઈ સ્કંધભાવથી છુટો પડેલો પરમાણુ કાળાન્તરે સ્કંધને ફરીથી ન મળે તે ચરમ કહેવાય છે અને પુનઃ મળે તો અચરમ કહેવાય છે. દ્રવ્યાદેશથી આજનો છુટો પડેલો પરમાણુ ફરીથી ગમે ત્યારે પણ પાછો તે સ્કંધને મળશે. કેમકે સંસાર અનંત છે, પરિણામો અનંત છે અને પ્રયોગ

તથા વિસ્રસાકરણની શક્તિ પણ અચિંત્ય છે; માટે જે સ્કંધથી પરમાણુ છુટો પડ્યો છે, પુનઃ તે જ સ્કંધને મળી શકવાની શકયતા છે.

(૨) ક્ષેત્રાદેશથી પરમાણુ ચરમ અને અચરમ પણ છે. ચરમ માટે કારણ બતાવતાં પરમાત્માએ કહ્યું કે, કેવળી ભગવંત જ્યારે કેવળી સમુદ્‌ઘાત કરે છે, ત્યારે તે સમયે જે ક્ષેત્રમાં કેવળી ભગવંત સાથે જે પરમાણુનો સંબંધ થયો હોય તે પરમાણુ પુનઃ કોઈ કાળે પણ કેવળીના આત્મા સાથે સંબંધિત થઈને તે ક્ષેત્રદેશને પ્રાપ્ત કરતો નથી. કેમકે કેવળીનો આત્મા સિદ્ધશિલામાં બિરાજમાન છે તેથી તે ક્ષેત્રમાં કેવળીનો પુનરાગમન નથી માટે ક્ષેત્રાદેશથી પરમાણુ ચરમ છે અને સાધારણ ક્ષેત્રની અપેક્ષાએ અચરમ પણ છે.

( ૩ ) કાળાદેશથી પણ ચરમ અને અચરમ જાણવું. અમુક સમયમાં કેવળીએ સમુદ્‌ઘાત કર્યો અને મોક્ષમાં ગયા, હવે કેવળીને પુનઃ સમુદ્‌ઘાત કરવાનો નથી માટે સમુદ્‌ઘાતના કાળની અપેક્ષાએ પરમાણુ ચરમ છે અને સાધારણ કાળની અપેક્ષાએ અચરમ પણ છે.

( ૪ ) ભાવાદેશથી જે સમયે વર્ણાદિવંત પુદ્‌ગલ પરમાણુ કેવળી સમુદ્‌ઘાત સમયે હતો, કાળાન્તરે મોક્ષમાં ગયેલા કેવળીની અપેક્ષાએ ચરમ છે અને સાધારણ ભાવની અપેક્ષાએ અચરમ છે.

## પરિણામભેદની વક્તવ્યતા શું છે?

હે પ્રભો! પરિણામો કેટલા પ્રકારના છે? જીવ પરિણામ અને અજીવ પરિણામ રૂપે પરિણામો બે પ્રકારના કહ્યાં છે:

છ દ્રવ્યોમાં પરિણામી દ્રવ્યો જીવ અને પુદ્ગલ છે. દ્રવ્યાસ્તિક નય પ્રમાણે રૂપાન્તર થઈને પણ સર્વથા જેનો વિનાશ નથી, અને પર્યાયાન્તર નયે પૂર્વ પર્યાયનો નાશ તથા બીજા પર્યાયનો ઉત્પાદ એ દ્રવ્યોનો પરિણામ છે.

જીવ પરિણામ જીવને આધીન હોવાથી પ્રાયોગિક છે, તેના દશ ભેદ છે.

( ૧ ) **ગતિ પરિણામ** :–ગતિનામ કર્મને લઈને ગત્યન્તર એટલે નરકથી મનુષ્યાદિ પર્યાયોની પ્રાપ્તિ થાય તે ગતિ પરિણામ છે.

( ૨ ) **ઇન્દ્રય પરિણામ** :–જેનાથી ઇન્દ્રિયોની પરિણામ થાય.

( ૩ ) **કષાય પરિણામ** :–સંસારમાં પરીભ્રમણ કરાવનારા કષાયોના કારણે પરિણામ થાય.

( ૪ ) **લેશ્યા પરિણામ** :–પ્રતિ સમયે બદલાતી લેશ્યાઓના કારણે પરિણામ થાય.

( ૫ ) **યોગ પરિણામ** :–મન, વચન અને કાયાનું પરિણમન.

( ૬ ) **ઉપયોગ પરિણામ** :–ઉપયોગમાં ફેરફાર થવો.

**( ૭ ) જ્ઞાન પરિણામ, ( ૮ ) દર્શન પરિણામ, ( ૯ ) ચારિત્ર પરિણામ, ( ૧૦ ) વેદ પરિણામ.**

## પરિણામોમાં ક્રમનું કારણ :

બધાએ ભાવો ગતિ પરિણામ વિના હોઈ શકતા નથી,

માટે ગતિ પરિણામને પ્રથમ નંબરે મૂકવામાં આવ્યો છે. તેની હાજરીમાં જ–ઇન્દ્રિય પરિણામની આવશ્યકતા રહેલી છે, માટે તેને બીજા નંબરે રાખ્યો છે. ઇન્દ્રિય પરિણામની પ્રાપ્તિમાં પુણ્યોદયે મળતા ઇષ્ટ પદાર્થોમાં રાગ અને પાપોદયે મળતા અનિષ્ટ પદાર્થોમાં દ્વેષની માત્રા થતાં જીવને કષાયોની પરિણતિ થયા વિના રહેવાની નથી; માટે તેનું સ્થાન ત્રીજું છે. કષાયોને લેશ્યાઓ સાથે સીધો સંબંધ છે. કેમકે સયોગી કેવળીને પણ નવ વર્ષ કમ પૂર્વકોટિ વર્ષ પ્રમાણની શુક્લલેશ્યાની સદ્‌ભાવના છે અને કષાયનો ચમત્કાર દશમા ગુણઠાણા સુધી જ હોય છે. માટે "यत्र यत्र कषायभाव: तत्र तत्र लेश्याऽस्त्येव" જ્યાં જ્યાં કષાયો છે ત્યાં ત્યાં લેશ્યા રહેલી જ છે; પરંતુ લેશ્યાના સદ્‌ભાવમાં કષાયોની ભજના છે, એટલે કે કષાયો હોય પણ ખરા અને નથી પણ હોતા માટે કષાયો પછી જ ચોથા નંબરે લેશ્યા પરિણામને મૂકવામાં આવેલ છે. લેશ્યાના પરિણામો પણ યોગની હાજરીમાં જ હોય છે; કેમકે "योग परिणामो लेश्या" માટે યોગ પરિણામનું પાંચમું સ્થાન છે તથા યોગ( મન–વચન–કાયા )ની વિદ્યમાનતામાં ઉપયોગની હાજરી અવશ્ય રહેવાની જ છે, માટે છઠ્ઠા સ્થાને ઉપયોગ પરિણામ બિરાજમાન થયા છે, ઉપયોગની વિદ્યમાનતામાં જ્ઞાન-પરિણામ અવશ્ય હોય છે. માટે સાતમા સ્થાનને જ્ઞાન શોભાવી રહ્યું છે. પરંતુ જ્ઞાનમાં સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનના પરિણામો રહેલા હોવાથી અને તેના મૂળમાં સમ્યક્ત્વ મિથ્યાત્વ રહેલા હોય છે માટે દર્શન પરિણામને જ્ઞાન પછી મૂકવામાં આવ્યો છે. સમ્યગ્દર્શન થયા પછી જિનવચનને વૈરાગ્યપૂર્વક સાંભળ-વાના હોય છે, જે ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમનું કારણ બને છે અને તેમ થતાં દેશવિરતિ કે સર્વવિરતિ ચારિત્રની

પ્રાપ્તિ થયા વિના રહેતી હશે? અર્થાત્ ન જ રહે માટે નવની સંખ્યા જે અખંડ છે અને મંગળકારી છે, અને ચારિત્ર વિના અખંડ સુખ અને માંગલ્ય પણ પ્રાપ્ત થતું નથી માટે નવમા સ્થાને ચારિત્ર દેદીપ્યમાન કરી રહ્યો છે. અને દશમા છેલ્લા સ્થાને વેદ પરિણામ શા માટે? કારણ બતાવતાં કહ્યું છે કે– "ઉદયમાં આવતો કે ઉદ્દીર્ણા કરીને ઉદયમાં આવેલો પુરુષનો પુરુષવેદ અને સ્ત્રીનો સ્ત્રીવેદ સમ્યક્ચારિત્ર વિના કોઈ કાળે પણ ઉપશમિત થતો નથી." આ કારણે વેદ પરિણામને છેલ્લા સ્થાને મૂકયો છે.

હવે અજીવના પણ દશ પરિણામો નીચે લખ્યા પ્રમાણે જાણવા.

બંધ, ગતિ, સંસ્થાન, ભેદ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુ લઘુ અને શબ્દ પરિણામો અજીવના છે.

શતક ૧૪ નો ઉદ્દેશો ચતુર્થ પૂર્ણ.

# શતક ૧૪ મું : ઉદ્દેશક–૫

## અગ્નિની વચ્ચે થઇ નારકાદિ પસાર થઈ શકે છે ?

અગમ્ય સંસારની કેટલીક વાતો એટલી બધી અગમ્ય, અલક્ષ્ય અને વિચિત્ર હોય છે કે તેને કેવળજ્ઞાની વિના બીજો કોઇ પણ જાણી શકવા માટે સમર્થ છે જ નહીં. તે માટે જ અર્હદ્વક્ત્ર પ્રસૂતા દ્વાદશાંગી રત્નોની ખાણ કહેવાઇ છે. તેમાં પણ ભગવતીસૂત્રની શિરોધાર્યતા કોઇનાથી પણ નકારી શકાય તેમ નથી.

ગૌતમસ્વામી પૂછે છે કે હે પ્રભો ! ધગધગતી અગ્નિની વચ્ચેથી પણ શું નારક જીવો નીકળી શકે છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે, કેટલાક નારકો અગ્નિની વચ્ચેથી નીકળી શકે છે અને કેટલાક નથી નીકળતા.

આશ્ચર્ય પામેલા ગૌતમે ફરી પુછ્યું કે હે પ્રભો ! આનું શું કારણ છે કે, કેટલાક નારકો અગ્નિની વચ્ચેથી નીકળે છે અને કેટલાક નથી નીકળતા. ભગવંતે કહ્યું કે નારક જીવો બે પ્રકારના હોય છે (૧) વિગ્રહ ગતિ સમાપન્નક અને (૨) અવિગ્રહ ગતિ સમાપન્નક. વિગ્રહ અને અવિગ્રહ ગતિનું વર્ણન પહેલા ભાગમાં કરાઈ ગયું છે, તેમાંથી વિગ્રહગતિથી યાવત્ ચોથા સમયે ત્રણ વિગ્રહથી નરકમાં જવાવાળા જીવો અગ્નિની વચ્ચે થઈ જઈ શકે છે. તે સમયે તેમની પાસે સૂક્ષ્મ કાર્મણ શરીર હોવાથી તે અગ્નિથી બળી શકતા નથી, પાણીમાં ડૂબતાં

નથી, શસ્ત્રથી અને ઝેરથી પણ મરતા નથી માટે હું કહું છું તે સમયે નરકાનુપુર્વી નામકર્મની બેડીમાં જકડાઈ જવાથી નરકમાં જતાં કદાચ કોઈક સ્થળે અગ્નિના ભડકા થતાં હોય તો પણ કોઈની રોકટોક વિના તેમાંથી આરપાર થઈને પોતાના ઉત્પત્તિસ્થાનમાં પહોંચી જાય છે. જ્યારે અવિગ્રહગતિ સમાપન્નક નારક એક જ સમયમાં પોતાના ઈષ્ટ સમયમાં પહોંચી ગયો હોય છે. જ્યાં બાદર અગ્નિકાયનો સર્વથા અભાવ હોવાથી બળવાનો પ્રશ્ન રહેતો નથી.

સૂક્ષ્મ અને બાદરરુપે અગ્નિકાય બે પ્રકારના છે, તેમાંથી સૂક્ષ્મ અગ્નિકાય સાર્વત્રિક હોવા છતાં તે કોઈને બાળી શકતો નથી જ્યારે બાદર અગ્નિ મનુષ્યલોક સિવાય બીજે ક્યાંય હોતો નથી.

**નોંધ** :–મનુષ્યલોકમાં જેમ માચીસ છે, તેની ફેક્ટરીઓ છે અને ચકમક પત્થર આદિના સાધનો છે, માટે ગમે ત્યારે પણ પુણ્ય પનોતા મનુષ્યોને રસોઈ કરવી હોય કે બીડી સિગારેટ પીવી હોય ત્યારે ગમે તે દ્વારા ચુલો, સગડી, પ્રાઇમસ કે ગેસ સળગાવીને પોતાના પુણ્યકર્મનો ભોગવટો કરી શકે છે. પરંતુ સંખ્યાતા જીવો સાથે ભયંકરમાં ભયંકર વેરઝેરના દોરડામાં બંધાઈ ગયેલા તથા નિર્દયી–નિધ્વંસી થઈ લાખો કરોડો જીવોને વગર મોતે મારનારા, પરસ્ત્રી કે વેશ્યાગમન કરનારા, શરાબપાન કરનારા કે જૂઠ–પ્રપંચ આદીથી મહા ભયંકર કર્મોનો ભારો લઈને નરકભૂમિમાં જવાવાળા જીવાત્માઓના ભાગ્યમાં પાપકર્મને જ ભોગવવાનું હોવાથી નરકભૂમિમાં રસોઈ પાણી કરવાના હોતા નથી, પરંતુ ત્યાં તો ગટરમાં રહેલા ગંદા પાણીની જેમ દુર્ગંધ મારતા પુદ્ગલોના

જ ભોજન કરવાના હોય છે. જેમકે મનુષ્યલોકમાં બીજાના મળમૂત્ર જોઈને રાડ પાડનારો માનવ મરીને જ્યારે ભૂંડના શરીરને ધારે છે ત્યારે તે સમયે જ તેને વિષ્ટામાં મોઢું નાખવા સિવાય બીજો કોઇ માર્ગ નથી. માખીને લોહી અને પરૂં, ગાય ભેંસ આદિને ઘાસ, કૂતરાઓને હાડકાના ટૂકડા, ગીધ આદિને મરેલા જનાવરોના દુર્ગંધ મારતા માંસના લોચા સિવાય બીજુ શું મળવાનું હતું ? મનુષ્ય અવતારને પામેલા ગરીબોને તમે જોયા છે ? તેમની ગરીબાઇ જોવા માટે પરમાત્માએ તમને આંખો આપી છે ? વિચારશક્તિ કેળવી છે ? તમે તમારી બારીમાંથી સડેલા, દુર્ગંધ મારતા કાકડી, ચીભડા કે બીજી કોઇ ચીજ બહાર ફેંકો છો ત્યાર પછી તમે જરા નજર કરવા માટે સમય લેશો તો તમને તત્કાળ ખબર પડશે કે તે તમારા ફેંકેલા સડેલા ટૂકડાને પણ લઈને ખાનારા માણસો ભારત દેશમાં લાખોની સંખ્યામાં પડ્યાં છે. ગંધાતા કચરાના ટોપલામાં ફેંકી દીધેલા એઠવાડમાંથી પણ દાણાં વીણતા ગરીબોને જુઓ તો ખરા ! ઈત્યાદિ પ્રસંગોને જોયા પછી નારક જીવો જે અત્યંત પાપમય હોય છે, તે બિચારાઓને ગરમાગરમ ચા ક્યાંથી મળે ? રેફ્રીજરેટરના ઠંડા પાણી કોણ પાય ? ક્યાંથી પાય ? કેમકે ત્યાં તો સૌ કોઈ સૌ કોઇના દુશ્મન જ હોય છે, ત્યાં ન મળે સ્ત્રીસહવાસ કે ન મળે પુરુષ સહવાસ. કેવળ લાલ સુરખ થયેલી ગરમાગરમ અંગારા ઝરતી મળે છે લોખંડની પુતળીઓ કે પુતળાઓ અને ઉપરથી પડે છે પરમાધામીઓનો હથોડો, ભાલો, તલવાર કે ધારીઆનો માર. તે મારથી ચીસો પાડતા અને અધમુઆ થયેલા નારકો ત્યાંથી છૂટા પડે છે અને લાલ અંગારોથી ભરેલી ભડભુંજાની ભઠ્ઠીમાં પરમાધામીઓ નાખે છે, ત્યાં મકાઈ અને જુવાર ચણાની જેમ નારક

જીવના શરીરો તડ–તડ થાય છે તથા રીબાઇને મનુષ્ય-લોકમાં કરેલા પાપોને યાદ કરે છે. ત્યાં તો તે અસુરો નારકોને ભઠ્ઠીમાંથી બહાર કાઢીને તેમના શરીરમાં મીઠું અને મરચું નાખે છે. ઘાવ પડેલા શરીરમાં મરચાં પડતાં જ બિચારા નારકો પોક મૂકીને રડે છે. તે આ પ્રમાણે : " ઓ બાપલીયા ! ઓ માવડી ! ઓ ઘરવાળી મને બચાવો ! ઓ પ્રભુ ! હવે હું પાપ નહીં કરૂં, પરસ્રીગમન નહીં કરૂં, શરાબપાન નહીં કરૂં, હવે મને બચાવો." પણ ત્યાં તમારો અવાજ સાંભળનાર કોઈ નથી. આ કારણે દયાના સાગર શાસ્ત્રકારોએ કહ્યું કે માનવ ! આવી રીતની વેદના તો તેં અનંતીવાર ભોગવી લીધી છે. હવે કાંઈક વિરામ પામ અને પાપના દ્વાર બંધ કરીને સંયમધર્મ સ્વીકાર.

અસુરકુમારો માટે પણ નારકની જેમ સમજવું. વૈક્રિય શરીરધારી તે દેવો મનુષ્યલોકમાં આવે છે. અગ્નિ વચ્ચે નીકળવા છતાં પણ બળતા નથી.

એકેન્દ્રિય જીવો જે અવિગ્રહ ગતિ સમાપન્નક છે તેઓ સ્થાવર નામકર્મના કારણે ગમન કરવાની શક્તિવાળા હોતા નથી માટે અગ્નિ વચ્ચે આવતા પણ નથી.

બેઇન્દ્રિય જીવો ઔદારિક શરીરવાળા અવિગ્રહગતિ સમાપન્નક અવસ્થામાં અગ્નિની વચ્ચે બળી જાય છે. ત્રણ–ચાર ઇન્દ્રિયવાળા જીવો માટે પણ સમજવું.

પંચેન્દ્રિય તિર્યંચ–અવિગ્રહગતિ સમાપન્નક તિર્યંચો ઋદ્ધિ પ્રાપ્ત અને તેનાથી વિપરીત અનૃદ્ધિ પ્રાપ્ત કહેવાય છે. જે વૈક્રિય લબ્ધિયુક્ત હોય તે જો મનુષ્યલોકમાં હોય તો

અગ્નિની વચ્ચે નીકળી શકે છે અને મનુષ્યલોકની બહાર હોય તો ત્યાં અગ્નિનો અભાવ છે. વૈક્રિય લબ્ધિના માલિક હોવાથી તેમની ગતિ શીઘ્ર હોય છે માટે બળતા નથી. તથા અનૃદ્ધિ-પ્રાપ્ત તિર્યંચો અને મનુષ્યો બળી જાય છે.

## નારકોની દશ પ્રકારે અનિષ્ટતા :

મનુષ્યાદિ ગતિમાં ઘોરાતિ ઘોર પાપકર્મો કરીને નરકગતિમાં ગયેલા નારકોને પાપોદયથી ૧૦ પ્રકારના અશુભ સ્થાનો ભોગવવાના હોય છે. તે આ પ્રમાણે :—

( ૧ ) અનિષ્ટ શબ્દો :–કડવા–કર્કશ શબ્દો સાંભળવાની ઇચ્છા ન હોવા છતાં પણ નારક જીવોને તેવા જ શબ્દો સાંભળવામાં આવે છે. જેમકે–પરમાધામી તથા પરસ્પર વૈરાનુબંધમાં ફસાયેલા નારકો એક બીજા પ્રત્યે આવી રીતનો શબ્દવ્યવહાર કરે છે. "સામેવાલાને મારો, કુહાડા, બરછી આદિથી છેદી નાખો, ટૂકડે ટૂકડા કરો, બાળી નાખો, સાણસામાં ફસાવી લો, ભાલાથી વિંધી મારો; આવા શબ્દો જ્યારે ચારે બાજુથી કર્ણગોચર થાય છે ત્યારે ભયના માર્યા તે બિચારા ભાગતા ફરતાં હોય છે."

( ૨ ) અનિષ્ટ રુપો :–પોતાને પણ ન ગમે તેવા બીભત્સ રુપો તેમને હોય છે.

( ૩ ) અનિષ્ટ ગંધ :–પોતાના શરીરમાં પોતાને પણ ન ગમે તેવી દુર્ગન્ધ હોય છે.

( ૪ ) અનિષ્ટ રસ :–શરીરના રસો બધાએ ખરાબ હોય છે.

( ૫ ) અનિષ્ટ ગતિ :—અપ્રશસ્ત વિહાયોગતિ નામકર્મના કારણે નારકોની ગતિ ચાલ સર્વથા બેડોળ જ હોય છે.

( ૬ ) અનિષ્ટ સ્પર્શ :—તેમનાં શરીરો કર્કશ ખરબચડા અને કઠોર હોય છે.

( ૭ ) અનિષ્ટ સ્થિતિ :—આયુષ્યકર્મની મર્યાદા સુધી જ રહેવાનું છે.

( ૮ ) અનિષ્ટ લાવણ્ય :—શરીરાકૃતિ રુપવિહોણી અને વિકૃત હોય છે.

( ૯ ) અનિષ્ટ યશકીર્તિ :—ચારે તરફ અપયશ જ તેમના ભાગ્યમાં હોય છે.

(૧૦) અનિષ્ટ ઉત્થાન :—બળ-વીર્ય-કર્મ અને પુરુષાર્થવાલા હોય છે.

અસુરકુમારાદિ દેવોને પુણ્યકર્મના કારણે તેમનાથી વિપરીત શુભ સ્થાનો હોય છે. પૃથ્વીકાયિક જીવો છ પ્રકારના સ્થાનોને ભોગવે છે.

ઈષ્ટાનિષ્ટ સ્પર્શ :—અર્થાત્ શુભાશુભ કર્મોના કારણે શુભાશુભ ક્ષેત્રમાં ઉત્પન્ન થવાથી શાતા અને અશાતાના ઉદયથી ઈષ્ટ તથા અનિષ્ટ સ્પર્શોનો-અનુભવ કરતાં હોય છે. જેમ કે અશાતાકર્મના જોરદાર ઉદયને લઈ કેટલાક પૃથ્વીકાયિકો તેવા સ્થાને જન્મ લે છે જ્યાં આખા ગામનું ગટરનું ગંદુ પાણી, વિષ્ઠા-મળ-મૂત્ર, લોહી, માંસ તેમજ વારંવાર માણસોના પગની માર ખાવાની હોય છે. જ્યારે બીજા કેટલાક પૃથ્વીકાયિકો શાતા વેદનીયને લઈ પવિત્ર, પૂજ્ય અને સુગંધી પદાર્થોના

સ્પર્શ કરે છે. આ પ્રમાણે બીજા પાંચ સ્થાન :–ગતિ, સ્થિતિ, લાવણ્ય, યશ અને પુરુષકાર માટે પણ કલ્પી લેવું. જળકાયિક જીવો માટે પણ જાણવું. જેમકે :–કેટલાક પાપકર્મના ઉદયવાળા જળકાયિક જીવો સંડાસ, ગટર આદિના સ્પર્શ ભોગવતાં હોય છે જ્યારે બીજા પુણ્યકર્મી જળકાયિકો તીર્થંકરના અભિષેક આદિ કામમાં આવતા હોય છે. કેટલાક અગ્નિકાયિકો ગામના ગામ જંગલના જંગલ બાળીને અસંખ્યાત અનંત જીવોના હત્યારા બને છે અને બીજા ભોજનાદિ બનાવવા માટે ઉપયોગમાં આવે છે. વાવાઝોડા આદિના રૂપમાં વાયુકાયિકો પણ અનિષ્ટતા ભોગવનારા બને છે, જ્યારે મંદમંદ વાયુ સૌને સુખરૂપ પણ બને છે. વનસ્પતિ માટે પણ કલ્પના કરી લેવી. આ એકેન્દ્રિય અવતારને પામેલા હોવાથી પોતે કોઇ જાતનો શબ્દ, રસ, ગંધ કે રૂપનો અનુભવ કરી શકતા નથી.

બે ઇન્દ્રિયને શબ્દ, રૂપ અને ગંધને છોડી સાત સ્થાનોનો અનુભવ કરે છે. તેઇન્દ્રિયને રૂપ અને શબ્દનો અનુભવ નથી.

ચતુરિન્દ્રિયને શબ્દનો અનુભવ નથી.

પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો અને દેવોને દશે સ્થાનો ઇષ્ટાનિષ્ટ અનુભવ હોય છે.

હે ગૌતમ ! મોટી ઋદ્ધિવાળા, દ્યુતિવાળા, બળવાળા અને મહાસુખસંપન્ન દેવો બહારના પુદ્‌ગલોને ગ્રહણ કર્યા પછી જ પર્વત, ભીંત આદિનું ઉલ્લંઘન કરી શકે છે.

**શતક ૧૪નો ઉદ્દેશો પાંચમો પૂર્ણ.**

卐

# શતક ૧૪ મું : ઉદ્દેશક-૬

## નારકોની પુદ્ગલ વક્તવ્યતા :

ગૌતમસ્વામીના પૂછવાથી પરમાત્મા મહાવીરસ્વામીએ નારકોની વક્તવ્યતા નીચે પ્રમાણે કરી છે.

( ૧ ) પુદ્ગલાહારા-નરકગતિમાં રહેનારા નારકજીવો પુદ્ગલોનો આહાર કરનારા હોય છે.

( ૨ ) પુદ્ગલ પરિણામા-આહાર કરેલા પુદ્ગલોનું પરિણામન પુનઃ પુદ્ગલ રૂપે હોય છે.

( ૩ ) પુદ્ગલ યોનિકા-તેમને ઉત્પન્ન થવાનાં સ્થાનો શીત અને ઉષ્ણારુપ યોનિ જ છે.

( ૪ ) પુદ્ગલ સ્થિતિકા-તેમને નરકસ્થાનમાં રાખવાને માટે આયુષ્યકર્મ જ કારણ રૂપ છે, જે પુદ્ગલ છે.

( ૫ ) કર્મોપગા-તેઓ મિથ્યાત્વાદિના કારણે જ્ઞાનાવરણીયાદિ કર્મો, જે પુદ્ગલ છે તેમને પ્રાપ્ત કરે છે.

( ૬ ) કર્મનિદાના-નરકગતિ પ્રાપ્ત કરવામાં કર્મોના નિયાણા જ કારણ છે.

( ૭ ) પુદ્ગલ સ્થિતિકા-કર્મોના કારણે પર્યાપ્ત - અપર્યાપ્ત આદિ પર્યાયાન્તર રૂપ વિપર્યાસને પ્રાપ્ત કરનારા છે.

ઉપર પ્રમાણેની વિગત વૈમાનિક સુધીના દેવો, સ્થાવરો, વિકલેન્દ્રિયો અને તિર્યંચો તથા મનુષ્યોમાં પણ ઘટાવી લેવી.

નારક જીવો વીચિ અને અવીચિ દ્રવ્યોનો આહાર કરે છે. સમ્પૂર્ણ આહાર કરતાં એક પ્રદેશન્યૂન આહારને વીચિ

દ્રવ્યનો આહાર કહે છે. અને પૂર્ણ દ્રવ્યોના આહારને અવીચિ દ્રવ્ય કહે છે.

## વૈમાનિક દેવેન્દ્રોની કામભોગની વક્તવ્યતા :

ગૌતમસ્વામીએ પૂછ્યું કે હે પ્રભો! દેવરાજ ઈન્દ્રને જ્યારે દિવ્યભોગો ભોગવવાની ઈચ્છા થાય છે, ત્યારે તે કેવી રીતે ભોગો ભોગવે છે? જવાબમાં ભગવંતે કહ્યું કે ગૌતમ! તે સમયે શકેન્દ્ર પોતાની વૈક્રિય લબ્ધિવડે લંબાઇ–ચોડાઈમાં એક લાખ યોજન અને પરિધિમાં ત્રણ કોશ ૧૨૮ ધનુષ્ય અને ૧૩ાા આંગળથી કાંઇક વધારે ગોળાકાર સ્થાનની રચના કરે છે, તેના ઉપરના ભાગમાં રમણીય સમતલ ભાગ છે. જેનાં મધ્યભાગમાં બધી જાતના રત્નો અને મણીઓથી શોભિત એક પ્રસાદની રચના કરે છે. જેની ઉંચાઈ ૫૦૦ યોજન અને વિસ્તારમાં ૨૫૦ યોજન છે તેના ઉપર તે ઇન્દ્ર મહારાજા દેવશય્યાની વિકુર્વણા કરે છે અને નાટક, ગીત, નૃત્ય તથા વાજિંત્રોના આડંબરપૂર્વક તે ઈન્દ્ર દિવ્યભોગોને ભોગવે છે. ઇશાનેન્દ્ર માટે પણ ઉપર પ્રમાણે જાણવું, જ્યારે સનત્કુમાર માટે વિશેષ આ પ્રમાણે જાણવું કે તે ત્રીજા દેવના ઇન્દ્ર દેવશયાની વિકુર્વણા કરતો નથી. કેમકે ત્યાં માત્ર સ્પર્શ-સુખથીકામની સમાપ્તિ થાય છે.

શેષવર્ણન મૂળસૂત્રથી જાણવું.

**શતક ૧૪ નો ઉદ્દેશો છઠ્ઠો પૂર્ણ**

# શતક ૧૪ મું : ઉદ્દેશક–૭

## મહાવીરસ્વામી અને ગૌતમની તુલ્યતાની વક્તવ્યતા :

નિરતિચાર પંચમહાવ્રતોના પાલક, ષટ્કાય જીવોના રક્ષક, જગતના જીવો સાથે મૈત્રીના ધારક, નૈષ્ઠિક બ્રહ્મવ્રતધારી અને ધર્મના સાક્ષાત મૂર્તિ જેવા ૧૪ હજાર મુનિરાજો અને ૩૬ હજાર સાધ્વીજી મહારાજના ચરણકમળથી પવિત્ર થયેલી રાજગૃહી નગરીમાં દેવાધિદેવ, ભગવાન મહાવીરસ્વામી સમવસરણમાં બિરાજમાન હતાં. આખા એ મગધદેશમાં અને ખાસ કરી રાજગૃહી નગરીની જનતા ખુશખુશ હતી. દેવાધિદેવના દેદાર જોઈને સૌના હૈયા પૂર્ણાનન્દની મસ્તીમાં મસ્ત હતાં. આર્થિક દૃષ્ટિની જેમ આ આધ્યાત્મિક દૃષ્ટિએ પણ જનતા પૂર્ણ હતી. પણ દેવાધિદેવના મુખ્ય ગણધર, ચાર જ્ઞાનના સ્વામી, સંઘના અધિનાયક ગૌતમસ્વામીજીનું હૃદય કેવળજ્ઞાનના અભાવમાં બેકરાર હતું, વિચલિત હતું. 'મારા હાથે દીક્ષિત થયેલાઓ પણ કેવળજ્ઞાન મેળવી શક્યા છે ત્યારે મને હજી સુધી કેવળજ્ઞાન કેમ નથી? શા માટે નથી?' આવી રીતની વિષાદાવસ્થાને ભોગવનારા ગૌતમને, મહાવીરસ્વામી પોતે જ આમંત્રણ દઈને પોતાની પડખે બોલાવે છે અને આશ્વાસન આપતાં કહે છે કે :– ગૌતમ! "विषादं मा गाः, शंकास्थानं त्यज, स्वास्थ्यं भज" આમ કહીને પ્રેમભર્યા શબ્દોમાં ફરીથી કહ્યું કે :–

(૧) चिर संसिट्ठोसि मे गोयमा । હે ગૌતમ! તારો મારો સ્નેહ સંબંધ આજનો નથી પણ ભવભવાંતરોનો છે,

તું મારી સાથે લાંબા કાળથી બંધાયેલો છે.

( ૨ ) चिर संथुओसि हे गोयमा ! હે ગૌતમ ! ઘણા લાંબા કાળથી–ભવભવાંતરની માયામાં તું મારાથી ઘણીવાર પ્રશંસાયેલો છે.

( ૩ ) चिर परिचिओऽसि मे गोयमा ! તારો મારો પરિચય પણ ઘણા લાંબા કાળનો છે, તને યાદ છે ગૌતમ ! હું જ્યારે કેટલાય ભવાંતરના ૧૮મા ભવમાં વાસુદેવ હતો ત્યારે તું મારો સારથી હતો. તે સમયે મારા હાથે ફડાયેલા અને મરતા સિંહને તેં આશ્વાસન આપ્યું હતું.

( ૪ ) चिर जुसिओऽसि मे गोयमा ! લાંબા કાળથી હે ગૌતમ ! તેં મારી પ્રીતિને પ્રાપ્ત કરેલ છે.

( ૫ ) चिराणुगसोऽसि मे गोयमा ! કેટલાય ભવોથી તમે મારા અનુગામી રહેલા છો.

( ૬ ) चिराणुवत्तीसि मे गोयमा ! હે ગૌતમ ! તમે પણ ઘણા ભવોથી મારું અનુવર્તન કરી રહ્યાં છો, હે ગૌતમ ! દેવલોકમાં અને મનુષ્યભવોમાં આપણે બંને કેટલીયેવાર સાથે સાથે રહ્યાં છીએ અને પ્રેમ ભરેલી દોરડીમાં આપણે પરસ્પર બંધાઈ ગયેલા છીએ.

સમવસરણમાં આવી રીતે આજે જ દેવાધિદેવની પ્રેમ-ભરેલી વાણી સાંભળીને ગૌતમસ્વામી પ્રસન્ન થયા છતાં પણ અફસોસની છાયા તેમનાં મુખ ઉપરથી અદશ્ય થઈ નથી, ત્યારે દયાના સાગર ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! મારા પ્રત્યે તને ઘણો જ સ્નેહ હોવાથી તું કેવળજ્ઞાન મેળવી શકયો નથી,

પણ ગૌતમ! હવે થોડા જ સમયમાં તને કેવળજ્ઞાન થશે અને આપણે બંને સિદ્ધશિલામાં તુલ્ય થઈશું, માટે વિષાદ ત્યજીને સ્વસ્થ થા.

## આ વાત શું અનુતરૌપપાતિક દેવો જાણે છે?

હે પ્રભો! તમારી અને મારી તુલ્યતાને આપશ્રી કેવળજ્ઞાન વડે અને હું આપશ્રીના કહેવાથી જાણીએ છીએ, તેવી રીતે તમારી મારી તુલ્યતાને ખાસ કરી અનુતરૌપપાતિક દેવો પણ શું જાણે છે?

'હા'માં જવાબ આપતાં ભગવંતે કહ્યું કે તે દેવોએ અનંત મનોદ્રવ્યની વર્ગણાને લબ્ધ કરેલી હોવાથી આપણી તુલ્યતા જાણે છે.

## તુલ્યતાના ભેદો કેટલા?

પ્રસન્ન થયેલા ગૌતમસ્વામીએ પ્રભુને ભાવવન્દના કરી અને પૂછ્યું કે તુલ્યના કેટલા પ્રકારની છે.

જવાબમાં પરમાત્માએ કહ્યું કે (૧) દ્રવ્ય તુલ્યતા, (૨) ક્ષેત્ર તુલ્યતા, (૩) કાળ તુલ્યતા, (૪) ભવ તુલ્યતા, (૫) ભાવ તુલ્યતા, (૬) સંસ્થાન તુલ્યતા; આમ છ પ્રકારની તુલ્યતા હોય છે.

**(૧) દ્રવ્ય તુલ્યતા :–**એટલે એક પરમાણુ પુદ્ગલ બીજા પરમાણુ પુદ્ગલ સાથે તુલ્યતા રાખે છે, પણ પરમાણુ પુદ્ગલને છોડી બીજા સાથે તેની દ્રવ્યથી તુલ્યતા નથી. આવી

રીતે દ્વિપ્રદેશિક સ્કંધ બીજા દ્વિપ્રદેશિક સ્કંધ સાથે તુલ્યતા રાખે છે પણ દ્વિપ્રદેશિકને છોડીને બીજા સાથે તુલ્યતા નથી. દશ પ્રદેશિક સ્કંધ બીજા દશપ્રદેશિક સાથે તુલ્ય છે, પણ તેનાંથી ઓછા વતા સાથે તુલ્ય નથી. આ પ્રમાણે યાવત્ અનંત પ્રદેશિક સ્કંધ માટે પણ ઉપર પ્રમાણે ઘટાવી લેવું.

**(૨) ક્ષેત્ર તુલ્યતા** :—આકાશના એક પ્રદેશમાં જે પુદ્ગલ રહેલો છે તે એક પ્રદેશમાં રહેલા બીજા પુદ્ગલની સાથે ક્ષેત્રની અપેક્ષાએ તુલ્યતા ધરાવે છે. આકાશના બે પ્રદેશોમાં અવગાઢ પુદ્ગલ બીજા બે પ્રદેશમાં અવગાઢ પુદ્ગલની સાથે તુલ્યતા ધરાવે છે. તેનાથી વ્યતિરિક્ત બીજા ક્ષેત્રમાં રહેલા પુદ્ગલોની તુલ્યતા નથી.

**(૩) કાળની અપેક્ષાએ તુલ્યતા** :—કાળના એક સમયમાં રહેવાવાળો પુદ્ગલ બીજા એક કાળના સમયવાળા પુદ્ગલ સાથે તુલ્ય છે, બે સમયની સ્થિતિવાળો પુદ્ગલ બીજા બે સમયની સ્થિતિવાળા પુદ્ગલ સાથે તુલ્યતા રાખે છે, પણ તેનાથી વ્યતિરિક્ત સમયવાળા પુદ્ગલ સાથે સમાનતા નથી.

**(૪) ભવ તુલ્યતા** :—નારકજીવ પોતાનાં નરકગતિના જીવ સાથે સંબંધ રાખનારા બીજા નારક જીવ સાથે તુલ્ય છે, પણ બીજી ગતિવાળા જીવ સાથે ભવની અપેક્ષાએ તુલ્ય નથી. આ રીતે મનુષ્યભવનો જીવાત્મા મનુષ્યગતિથી વ્યતિરિક્ત બીજી ગતિના જીવો સાથે તુલ્ય નથી.

**(૫) ભાવ તુલ્યતા** :—એક ગુણ કૃષ્ણ ગુણવાળો પુદ્ગલ બીજા એક ગુણવાળા કૃષ્ણ દ્રવ્યથી વ્યતિરિક્ત પુદ્ગલ સાથે તુલ્ય નથી. આ પ્રમાણે આગળ પણ સમજવું અને નીલ,

પીત આદિ વર્ણોમાં પણ ઘટાવી લેવું. ઔદયિક ભાવમાં વર્તતો નારક બીજા ઔદયિક ભાવમાં વર્તતા બીજા નારકથી તુલ્ય છે, પણ બીજા ભાવોમાં વર્તનારાઓ સાથે તુલ્ય નથી.

(૬) **સંસ્થાન તુલ્યતા** :–અજીવને આશ્રય કરી આના પાંચ ભેદ છે.

( ૧ ) પરિમંડળ :—બંગડીના આકાર જેવો.
( ૨ ) વૃત :—કુંભારના ચાક જેવો
( ૩ ) ત્ર્યસ : —ત્રણ ખુણાવાળો
( ૪ ) ચતુરસ :—ચાર ખુણાવાળો
( ૫ ) ચાયત :—દંડની જેમ લાંબો.

આમાં પરસ્પરની પરસ્પર સાથે તુલ્યતા જાણવી અને સંસ્થાન નામ કર્મથી જીવોના આકાર વિશેષને જીવ સંસ્થાન કહે છે.

## અનગાર માટેની વક્તવ્યતા :

ભક્ત પ્રત્યાખ્યાન ( આહારનો ત્યાગ ) કરેલો અનગાર પ્રથમ મૂર્ચ્છિત થઈને આસક્ત બનીને આહાર કરે છે, પછી મારણાંતિક સમુદ્‌ઘાત કરી સ્વસ્થ થઈ મૂર્ચ્છા વિના આહાર કરે છે.

**નોંધ** :–આહારનો ત્યાગ કરેલા અથવા સાગાર પ્રત્યાખ્યાન લીધેલા મુનિરાજની આ વાત છે. ભક્ત પ્રત્યાખ્યાન સ્વીકાર્યા પછી સંભવ છે કે ક્ષુધાવેદનીયની તીવ્રતાને કારણે આહાર કરતો હશે ? અને ત્યાર પછી ભાવશુદ્ધ થતાં સ્વસ્થ થતો હોય.

## લવસતમ દેવની વક્તવ્યતા :

મોક્ષની ભૂમિકામાં પ્રવેશ કરવા માટે ઉત્કૃષ્ટતમ સંયમની આરાધના કરનારા મુનિરાજોને પણ ઘણીવાર આયુષ્યકર્મની સહાયતા ન મળવાને કારણે વચમાં દેવલોકમાં વાસ કરવો અનિવાર્ય બને છે. કેમકે ઉત્કૃષ્ટતમ આરાધના પાંચ અનુતર દેવલોકને અપાવે છે. તેનાથી ઓછી આરાધના વૈમાનિક દેવલોકને મેળવી આપે છે. તેથી ઓછી આરાધના જ્યોતિષી દેવલોકને આપે છે અને વિરાધનાપૂર્વકની સંયમારાધનાથી વ્યંતર દેવલોકમાં પ્રાપ્ત થાય છે તથા વિશેષ વિરાધનાપૂર્વકની સંયમારાધના કિલ્બિશિયા દેવલોકમાં સ્થાન અપાવનાર છે.

આ પ્રશ્નોત્તર સર્વોત્કૃષ્ટ આરાધના માટેનો હોવા છતાં પણ અને આયુષ્યકર્મની સત્તા પણ બળવતર હોવાથી મુનિરાજોને શિવમાર્ગે જતાં વચ્ચે **સ્ટેશન કરવાનું રહે છે.** લાખો વર્ષોની સર્વોત્કૃષ્ટ સંયમની આરાધના અને મોક્ષની નિકટ આવેલા હોવા છતાં, કેવળ સાત લવ પ્રમાણ આયુષ્યકર્મ કમ હોવાથી તેમને શરીર છોડવું પડે છે.

**સાત લવની વ્યાખ્યા :**—અનાજની કાપણીમાં દક્ષતા ધારણ કરનારો કોઈક શક્ત માણસ પાકી ગયેલા, પીળા પડેલા, કાપવા લાયક બનેલા ડાંગરને જવને કે ઘઉંને ભેગા કરી મૂઠીમાં પકડીને, તીખા ધારવાળા દાતરડા વડે ' અત્યારે જ કાપી નાખું છું ' એમ કરી સાત સમયમાં તે કાપે છે. આ પ્રમાણે સાત મુઠ્ઠી પ્રમાણ ધાન્યાદિકને કાપવામાં જેટલો સમય લાગે છે તે ' સાત લવ ' પ્રમાણ કહેવાય છે. એક મુઠ્ઠી પ્રમાણ એક લવ તેમ સાત મુઠ્ઠી પ્રમાણ સાત લવ જાણવા. સંયમની આરાધના

કરતાં સાત લવ પ્રમાણ આયુ ઓછું ન હોત તો તે સંયમી સર્વે કર્મોનો ક્ષય કરી નિર્વાણ પામ્યા હોત પણ તેમ થયું નથી માટે દેવલોકમાં જાય છે.

## અનુતરૌપપાતિક દેવોની વક્તવ્યતા :

આ પદનો અર્થ ફરમાવતાં ભગવંતે કહ્યું કે, શબ્દ, ગંધ, રસ અને સ્પર્શની અપેક્ષાએ જેમનો જન્મ સર્વશ્રેષ્ઠ હોય તે અનુતરૌપપાતિક દેવ કહેવાય છે. સારાંશ કે બધાએ દેવો કરતાં અનુતરૌપપાતિક દેવોના શરીરની ગંધ, તેમનાં રૂપ, સ્પર્શ અને શબ્દો–સર્વથા અનુતર હોય છે.

ઉત્કૃષ્ટતમ સંયમની આરાધના કરતાં મુનિરાજોની તપશ્ચર્યામાં કેવળ એક જ છઠ્ઠ તપ શેષ રહે છે, અને આયુષ્ય મર્યાદા પૂર્ણ થાય ત્યારે તે મુનિઓને આ દેવલોકમાં આવવાનું થાય છે.

### આ દેવોના સુખનું વર્ણન –

ભવનપતિથી લઈ ૧૨મા દેવલોક સુધીના દેવો કલ્પોપન્ન હોવાથી, તેમને તીર્થંકરોના પાંચ કલ્યાણકમાં આવવાનું થાય છે, પરંતુ ૩૩ સાગરોપમની ઉત્કૃષ્ટ આયુષ્ય મર્યાદાવાલા આ અનુતરદેવો કલ્પાતીત હોવાથી પોતાની દેવશય્યામાં રહીને જ વિહરમાન તિર્થંકરોને ભાવ વન્દના કરે છે અને કેવળજ્ઞાની ભગવંત પણ સમવસરણસ્થ થઈને જ જવાબ આપે છે અને તેઓ શંકારહિત થાય છે.

ઉપશમ શ્રેણી માંડ્યા પછી એક પછી એક ગુણઠ્ઠાણાને પ્રાપ્ત કરતાં ૧૧ મા ગુણઠ્ઠાણે આવે છે. ત્યાં આયુષ્યકર્મની

સહાયતા બંધ પડે ત્યારે સંયમારાધનથી બંધાયેલું ઉત્તમોત્તમ શાતાવેદનીયને ભોગવવા માટે આ દેવલોકમાં આવે છે. અહીં કામદેવના શેતાન નશા અને ક્રોધ, માન, માયા તથા લોભના રાક્ષસી પંજાઓ લગભગ સમાપ્ત થઇ ગયેલા હોવાથી સીમાતીત પુણ્યકર્મને ભોગવનારા બને છે. તેમની શય્યા પર ઝગમગ કરતો ચંદરવો બાંધેલો હોય છે, તેની વચ્ચે વિજળીની જેમ ચમકારા મારતું ૬૪ મણનું મોતી લટકતું હોય છે. તેની ચારે બાજુ ૩૨–૩૨ મણના ચાર મોતી, તેની ચારે બાજુ ૧૬–૧૬ મણના આઠ મોતી, તેની ચારે બાજુ ૮–૮ મણના ૧૬ મોતી, અને તેની ચારે બાજુ ૪–૪ મણના બત્રીસ મોતી, પછી ૨–૨ મણના ૬૪ મોતી અને ૧–૧ મણના ૧૨૮ મોતી લટકેલા હોય છે. આ પ્રમાણે તે ચંદરવો અલૌકિક અને નયન-રમ્ય બન્યો હોય છે, જ્યારે પવનની લહેર આવે છે ત્યારે એ બધા મોતી પરસ્પર અથડાઈને વચલા મોતીથી ટકરાય છે અને તેમાંથી રાગરાગણીપૂર્વકનું સંગીત સર્જાય છે. જેથી તે દેવોની ભૂખ તરસ આધિ–ઉપાધિઓ અદશ્ય થાય છે, અને શાતાવેદનીયની અપૂર્વ લહેરમાં તે દેવો ક્ષણે ક્ષણે અરિહંત અરિહંત, મહાવીરસ્વામી આ પવિત્રતમ શબ્દોનું રટણ કરતાં અપૂર્વ આનંદ ભોગવી રહ્યા છે.

**નોંધ:**—દુ:ખોના ડુંગરાઓ જ્યારે માનવના માથા ઉપર તૂટી પડે છે અને પૂર્વના પુણ્યની કચાસના કારણે ભોગ અને ઉપભોગના ચાન્સો નથી મળતા ત્યારે તો અજ્ઞાની, જડ અને દુર્બુદ્ધિના વારસદારો પણ પરમાત્માને યાદ કરે છે, પરંતુ માનવના માથા ઉપર જ્યારે સુખોની પરંપરા ઉદીયમાન હોય, ચારે બાજુથી પુણ્યકર્મોની બોલબાલા હોય, શરીરે શાતા

હોય, કુટુંબમાં શાન્તિ હોય તેવા સમયે અરિહંતનું ધ્યાન, પૂજન, સ્મરણ, સામાયિક પૌષધ, મુનિરાજોનું સાહચર્ય, ભક્તિ આદિ સત્કાર્યોને કરશે તે જ ખરો ભાગ્યશાલી કહેવાશે. જીવનના પ્રદેશો પર સમ્યક્ત્વનો રંગ હોય, ભવપરંપરાથી કંટાળી ગયેલું હૈયું હોય, આવનારા ભવોમાં કેવળજ્ઞાન મેળવવાની ધુન હોય, તેવા ભાગ્યશાળીઓ જ સુખના સામ્રાજ્ય સમયે ધર્મારાધન કરશે અને જન્મ, જરા–મૃત્યુના શેતાન-ચક્રમાંથી મુક્ત બનશે.

**શતક ૧૪ નો ઉદ્દેશો સાતમો પૂર્ણ.**

# શતક ૧૪ મું : ઉદ્દેશક–૮

આ ઉદ્દેશામાં 'આઠે પૃથ્વીઓની વચ્ચે અંતર કેટલું ? શાલી વૃક્ષ–યષ્ટિકા આદિ મરીને કયાં જશે ? અંબડ પરિવ્રાજક, અવ્યાબાધ દેવ, ઈન્દ્ર કોઇને છેદીને પોતાના કમંડલુમાં ભરે તો પણ તેને દુ:ખ નથી અને છેલ્લે જૃંભક દેવોનું વર્ણન છે.

## અંતર માટેની વકતવ્યતા :

ગૌતમસ્વામીના પૂછવાથી ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે, હે ગૌતમ ! નરકભૂમિની સાત ભૂમિઓ અને આઠમી ઇષત્ પ્રાગ્ભારા (સિદ્ધશિલા) નામે છે. તેમાં રત્નપ્રભા પૃથ્વી જયાં સમાપ્ત થાય છે ત્યાંથી અસંખ્યાત હજાર યોજનના અંતરે શર્કરાપ્રભા નામે બીજી પૃથ્વી છે. આ પ્રમાણે યાવત્ છઠ્ઠી અને સાતમી માટે પણ જાણવું. સાતમી પૃથ્વી અને અલોકની વચ્ચે પણ તેટલું જ અંતર જાણવું. રત્નપ્રભા અને જયોતિષ મંડળની વચ્ચે ૭૯૦ યોજનનું અંતર છે. ત્યાંથી સૌધર્મ અને ઇશાનની વચ્ચે પણ અસંખ્યાત હજાર યોજનનું અંતર છે. યાવત્ અનુતર વિમાન સુધી જાણવું. અનુતર વિમાનથી ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી કેવળ ૧૨ યોજન જ દૂર છે અને ત્યાર પછી કાંઇક એક યોજન ગયા પછી લોકની સમાપ્તિ થાય છે અને અલોકાકાશ આવે છે.

**નોંધ :** અનુતર વિમાન અને સિદ્ધશિલાની વચ્ચે ૧૨ યોજનનું અંતર છે અને ઔદારિક શરીરના માલિકો કરતાં તે દેવો ઘણા વધારે શક્તિસંપન્ન હોય છે. તેમ છતાં છલાંગ મારીને પણ સિદ્ધશિલામાં પગ મૂકી શકતા નથી. આથી જ

આપણને ખાત્રી થાય છે કે જીવાત્માની શક્તિની ચારે બાજુએ કર્મરાજાનો ઘેરાવો બહુ જબરદસ્ત છે. આયુષ્યકર્મની બેડીમાં જીવમાત્ર ફસાયેલો હોવાથી ચાલુ ભવનો ત્યાગ કર્યા વિના તે બીજા ભવને કોઈ કાળે પ્રાપ્ત કરતો નથી. ૪૮ લબ્ધિઓના સ્વામી આકાશમાં ઉડી શકે છે, રૂપાંતરો કરી શકે છે કે ચક્રવર્તીના સૈન્યના ચૂરેચૂરા કરી શકે છે, બીજાના શરીરમાં પ્રવેશ કરી આખાએ સંસારમાં ધમપછાડા કે રંગરાગ માણી શકે તો પણ સિદ્ધશિલા ઉપર પગ મૂકી શકવા માટે કોઇની લબ્ધિઓ, મંત્રો, જંત્રો, તંત્રોમાંથી કાંઈ પણ કામ આવવાનું નથી.

પોતાના કરેલા, કરાવેલા કે અનુમોદેલા પાપોના ફળો ભોગવ્યા વિના છુટકો નથી એમ સમજીને શરીરને છોડે તો જીવ સીધો ઉપર તરફ જતો હોય છે. પણ બીજા ભવને માટે બાંધેલું અનુપૂર્વી નામકર્મનો તે જ સમયે ઉદય થતાં યમરાજ જેવું તે કર્મ જીવાત્માને પોતાની પકડમાં લઈ લે છે અને કરેલા કર્મોને ભોગવવા માટે બીજા ભવમાં પટકી દે છે. આવી રીતે કર્મસત્તાના કારણે પરાધીન થયેલો આત્મા સિદ્ધશિલામાં શી રીતે જઈ શકે ?

ત્યારે અનંત સુખોના ધામ જેવી સિદ્ધશિલામાં જવા માટે સંપૂર્ણ પુણ્ય અને પાપકર્મોનો ક્ષય કર્યા વિના બીજો એક પણ માર્ગ નથી.

ક્ષપકશ્રેણી વિના કેવળજ્ઞાન નથી અને તે વિના મુક્તિ નથી. ઔદારિક શરીરધારી, વજ્રઋષભનારાચ સંઘયણનો સ્વામી મનુષ્ય કે સ્ત્રી જ કેવળજ્ઞાન મેળવી શકે છે. તે સિવાય બીજો એક પણ જીવાત્મા તે માટે સમર્થ નથી.

## શાલવૃક્ષ વિશેષની વક્તવ્યતા :

ગૌતમસ્વામીએ લક્ષ્ય કરેલા અમુક જ શાલવૃક્ષ માટેનો આ પ્રશ્ન હશે એમ અનુમનાય છે. હે પ્રભો ! સૂર્યના ધોધમાર તડકાને, ઠંડીને, ગરમીને, વર્ષાને, ભૂખ–પ્યાસને સહન કરતો તથા વનવગડાની અગ્નિ વડે વારંવાર બળતો રહેતો આ શાલવૃક્ષનો જીવ મરીને ક્યાં જશે ?

ભગવંતે કહ્યું કે 'અહીંથી મૃત્યુ પામીને આ વૃક્ષનો જીવ પુન: રાજગૃહી નગરીમાં જ શાલવૃક્ષરૂપે જન્મ ધારણ કરશે અને લોકો દ્વારા તે પૂજાશે, બહુમાનિત થશે, વંદન નમન કરાશે, રાજગૃહીની જનતા તે વૃક્ષનો સત્કાર કરશે અને તે ઝાડ પણ સૌને ઉચિત ફળદાયી બનશે, દેવોનું સાનિધ્ય મળશે તેમજ તેની આસપાસ લોકો છાણથી જમીન લીંપશે, સજાવટ કરશે, ત્યાર પછી તે વૃક્ષનો જીવ મરીને સીધે સીધો મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યરૂપે જન્મીને યાવત સિદ્ધ–બુદ્ધ અને મુક્ત થશે. આ પ્રમાણે આ શાલયષ્ટિકા માટે પણ જાણવું.

આ ઉદુમ્બર યષ્ટિકા મરીને જમ્બૂદ્વીપના ભારતવર્ષમાં પાટલવૃક્ષ રુપે થશે, યાવત્ મનુષ્યાવતારે જન્મીને મોક્ષમાં જશે.

**નોંધ:**—ભવભવાંતરમાં આત્મપ્રદેશો સાથે બંધાઈ ગયેલા કર્મોની નિર્જરા થવા માટે જૈન શાસનમાં બે કાયદા છે. અકામ અને સકામ નિર્જરા. સકામ નિર્જરા એટલે જાણીબુઝીને સમજદારી પૂર્વક અને માનસિક શક્તિને મજબૂત કરીને, ગુરુકુલવાસમાં રહી સ્વાધ્યાયમાં આત્માને લગાડી તપ તથા ત્યાગમાં આત્માને મસ્ત બનાવીને જે કર્મોની નિર્જરા થાય છે તે સકામ નિર્જરા કહેવાય છે. આ નિર્જરા એટલી જોરદાર હોય છે કે સેંકડો, હજારો

કે લાખો ભવોના પાપો પણ અગ્નિમાં પડેલા સૂકા લાકડાની જેમ બળીને ખાખ થઈ જાય છે અને તપ શક્તિ યદિ વધારે સાત્વિક બની જાય તો નિકાચિત કર્મો પણ પ્રાયઃ બળી જાય છે. જ્યારે અકામ નિર્જરા એટલે કર્મો ખપાવવાની ઇચ્છા નથી છતાં પણ તેમનો પરિપાક થતાં પોતાની મેળે ખપતા જાય છે. જેમકે ભૂખ છે, ખાવાનું નથી, તરસ લાગી છે પણ પીવા માટે ઠંડુ પાણી નથી, ઠંડી જોરદાર પડે છે પણ કપડા નથી, ગરમી અસહ્ય છે પણ છાયા અને હવાવાળા મકાન ભાગ્યમાં નથી, સ્ત્રી–સહવાસની ઇચ્છા છે પણ સ્ત્રીની પ્રાપ્તિ નથી. સ્ત્રી છે તો ભોગશક્તિ નથી. તે પણ છે તો પેટમાં જોરદાર ભૂખ લાગી છે, કદાચ બધુ છે પણ શરીર બેડોળ અને સીમાતીત સ્થૂલ હોવાથી કોઈને પણ પસન્દ પડતું નથી. આવી રીતે સંસારની વિડંબનાઓ ભોગવાઈ રહી છે અને કર્મો પણ નિર્જરાતા જાય છે. યદ્યપિ સકામ નિર્જરાની અપેક્ષાએ આમાં મન્દતા ઘણી હોય છે. છતાં પણ કોઈક જીવને આ અકામ નિર્જરા પણ બીજા કે ત્રીજા ભવે કેવળજ્ઞાનના રસ્તે ચડાવી દેવામાં સમર્થ હોય છે. મરુદેવી માતા પણ કેળના ઝાડમાંથી બીજા જ ભવે કેવળજ્ઞાન મેળવી શક્યા હતાં, તેમ આ શાલીવૃક્ષ પણ બીજા ભવે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મીને સિદ્ધ થશે. પરંતુ ખાસ ખ્યાલ રાખવાનું છે કે આ બધી વાતો લાખો કરોડો જીવોમાં કોઈ એકાદ જીવની છે. સૌના ભાગ્યની આ વાત નથી. જ્યારે સૌને માટે રાજમાર્ગ સકામ નિર્જરાનો હોવાથી પ્રત્યેક માણસ પોતાના જીવનના સર્વથા નિરર્થક પાપોને હિંમતપૂર્વક છોડી દે અથવા છોડી લેવાની ટ્રેનીંગ લે તો પણ કલ્યાણ છે. મહિને મહિને નાનું પાપ, વર્ષે વર્ષે જરા મોટું પાપ અને પાંચ પાંચ વર્ષે સર્વથા ભયંકર પાપોને

છોડવા માટે જ પ્રયત્ન કરે તો હડહડતાં કલિયુગમાં પણ માણસ કલ્યાણ પામશે. ખૂબ યાદ રાખવાનું છે કે પાપોને બાંધવામાં માણસને ગુપ્ત કે અગુપ્ત પુષ્કળ શક્તિ લગાડવી પડે છે તો પછી પાપોને ધોવા માટે શક્તિ લગાડ્યા વિના શી રીતે ચાલશે ?

જૈન શાસનમાં આવું કોઈ કાળે પણ બનવાનું નથી કે

" ખાતે પીતે હર (ભગવાન) મિલે, તો હમકો ભી કહેના;
ઔર શિર કે કાટે હર મિલે તો, છુપકે હો જાના."

## અંબડ પરિવ્રાજકના સાતસો શિષ્યોની વક્તવ્યતા :

અંબડ પરિવ્રાજકના ૭૦૦ શિષ્યો ગંગા નદીના તટપર આવીને કાંપીલ્યનગર તરફ પ્રસ્થાન કરતાં વચ્ચે મોટી અટવી આવી, પણ સાથે રાખેલું પાણી ખૂટી જવાથી અને બીજું પાણી ન મળવાથી તેમની પિપાસા (તરસ) વધવા લાગી. અંતે અરિહંત પરમાત્માઓનું શરણ સ્વીકારીને અનશન કર્યું અને મરીને બ્રહ્મદેવલોકમાં દેવ તરીકે અવતરિત થયાં.

## અંબડ પરિવ્રાજકની વક્તવ્યતા :

હે પ્રભો ! કાંપીલ્યનગરમાં અંબડ પરિવ્રાજક સો ઘરોમાં ભોજન લે છે અને ત્યાં રહે છે એમ નગરવાસીઓ કહે છે.

જવાબમાં ભગવંતે કહ્યું કે, તે પરિવ્રાજક પોતાની વૈક્રિય લબ્ધિથી સૌને આશ્ચર્ય પમાડવા માટે સો ઘરોમાં ભોજન કરે છે. તેમ છતાં પણ અંતે જીવાદિ તત્ત્વોના જ્ઞાતા બનીને

અનશનપૂર્વક બ્રહ્મદેવલોકમાં દેવ બનશે ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધરીને યાવત્ મોક્ષમાં જશે.

## અવ્યાબાધ દેવોની વક્તવ્યતા :

હે પ્રભો ! અવ્યાબાધ દેવો કોને કહેવાય ? જવાબમાં ભગવંતે કહ્યું કે, તે દેવો પોતાની દિવ્યઋદ્ધિ, દિવ્યદ્યુતિ વડે કોઈ પણ માણસની આંખની પલક ઉપર, ૩૨ પ્રકારના નાટકો રમી શકે છે, બતાવી શકે છે, છતાં પણ તે માણસને રતિમાત્ર પીડા નથી થતી, આ કારણે તે દેવો અવ્યાબાધ દેવ કહેવાય છે. જે પાંચમા દેવલોકના લોકાન્તિક ભેદોમાં કહેવાયા છે, જેની સંખ્યા ૯ની છે તે આ પ્રમાણે : (૧) સારસ્વત (૨) આદિત્ય (૩) વહ્નિ (૪) વરૂણ (૫) ગર્દતોથ (૬) તુષિત (૭) અવ્યાબાધ (૮) અગ્ન્યર્ચ (૯) અરિષ્ટ. આ નવ પ્રકારના દેવો લોકાન્તિક કહેવાય છે. જે લોકના અંતમાં નહી પણ લોક એટલે સંસારના અંતમાં હોવાથી ત્યાંથી ચ્યવન પામીને બીજે ભવે મોક્ષમાં જનારા હોય છે.

## દેવેન્દ્રની વિચિત્ર વિક્રિયા :

હે પ્રભો ! શક્રેન્દ્ર દેવરાજ શું કોઇનું માથું કાપીને કમંડળમાં નાખી શકે છે ? ભગવંતે કહ્યું કે, તે ‘ઇન્દ્ર મહારાજ પોતાના શસ્ત્રાદિવડે માણસનું માથું કાપીને કમંડળમાં નાખી શકે છે. તે આવું શી રીતે કરે છે ? પ્રભુએ કહ્યું કે, જેમ ચાકુથી ભીંડા આદિના ટૂકડે ટૂકડા કરાય છે તેમ ઈન્દ્ર મહારાજા પણ માણસના મસ્તકને તલવારવડે ટૂકડે ટૂકડા કરીને કમંડળમાં ભરે છે, પછી પાછા તે ટૂકડાઓને માણસના માથા

ઉપર મૂકીને તે અવયવોને કોઇનાથી પણ ન જણાય કે ન દેખાય તેવી રીતે જોડી લે છે છતાં પણ માણસને રતિમાત્ર પીડા નથી થતી. આ પ્રશ્નોત્તરમાં કેવળ પોતાની દિવ્ય શક્તિનું વર્ણન જ સમજવાનું છે. બાકી આવું કોઈ કાળે કરાતું નથી કેમકે પ્રાયઃ ઇન્દ્રો સમ્યગ્દષ્ટિસંપન્ન હોય છે.

## જૃંભક દેવો માટેની વક્તવ્યતા :

પ્રભુએ કહ્યું કે, આ દેવો સ્વચ્છંદ આચરણ કરનારા, જૂદી જૂદી ચેષ્ટાઓમાં આનંદ માનનારા, કામક્રીડામાં આસક્ત અને મોહક હોય છે. આ દેવો જેના ઉપર ક્રોધી થાય છે, અથવા તેમને જે ક્રોધી થયેલા જુએ છે તે રોગિષ્ટ થશે, ઉપદ્રવોથી ઘેરાઇ જશે અને બીજા પણ અનર્થો તેમનાં ભાગ્યમાં રહેશે. આનાથી વિપરીત તે દેવોને પ્રસન્નમુદ્રામાં જોનાર યશ, ધન આદિની પ્રાપ્તિ કરશે. વ્યંતરના ભેદોમાં તેમનો સમાવેશ થાય છે અને કેવળ પલ્યોપમ પ્રમાણના જ આયુષ્યવાળા છે, જેના ૧૦ ભેદ છે.

**(૧) અન્નજૃંભક દેવ** :–રાગદ્વેષમાં આવીને પોતાની વૈક્રિય લબ્ધિવડે અનાજનો (ભોજનનો) સદ્ભાવ કે અભાવ કરનારા, અનાજનો વધારો કે ઘટાડો કરનાર, સરસને વિરસ કરનાર આ દેવ છે. પ્રાયઃ કરી રાગદ્વેષના નિયાણપૂર્વક વ્યંતર-દેવયોનિ પ્રાપ્ત થાય છે. માટે તે દેવોને આવા પ્રકારની વિવિધ ચેષ્ટાઓ કરવાની તેમને ફરજ પડે છે અને તેમાં જ તેમને રસ છે. આ પ્રમાણે લયનજૃંભક, શયનજૃંભક, પુષ્પજૃંભક, ફળ-જૃંભક, બીજજૃંભક, પાનજૃંભક, વસ્ત્રજૃંભક, પુષ્પફળજૃંભક, અને અવ્યક્તજૃંભક. આ દેવો દીર્ઘ વૈતાઢ્ય પર્વતો, પ્રત્યેક ક્ષેત્રો, ચિત્રવિચિત્ર પર્વતો, યમકસમક પર્વતો તથા કાંચન

પર્વતોમાં રહે છે. ઉત્તરકુરૂમાં નીલવત આદિ પાંચ દ્રહ છે તેના પ્રત્યેકના પૂર્વ પશ્ચિમ તટ પર ૧૦–૧૦ કાંચન પર્વતો છે. એટલે–કાંચન પર્વતોની સંખ્યા ૧૦૦ની થઇ.

**નોંધ** :–પ્રતિવર્ષ પર્યુષણના વ્યાખ્યાનોમાં સાંભળીએ છીએ કે તીર્થંકર પરમાત્માના ચ્યવન અને જન્મ કલ્યાણક સમયે ઈન્દ્રની આજ્ઞાને માન્ય કરી લોકપાળ કુબેર તિર્યગ્-જૃંભક દેવોને આજ્ઞા કરે છે અને તે મુજબ તે જૃંભક દેવો તીર્થંકરોના ઘરે સુવર્ણ, ચાંદી, હીરા, મોતી, પુખરાજ, પ્રવાલ તથા વસ્ત્ર, ફળ આદિની વર્ષા કરે છે, જેથી પુણ્યકર્મની ચરમ સીમાને ભોગવનારા તીર્થંકરોના ઘર ધન ધાન્યથી પૂર્ણ રહે છે. પણ આ બધું ધન દેવો ક્યાંથી લાવે છે ? કલ્પસૂત્ર સાક્ષી આપતાં કહે છે કે, કંજુસ, મહાકંજુસ તથા મનુષ્યભવનું દેવાળું કાઢીને નાગ, ઉંદરડા, સાપ, નોળીયા આદિ ક્રૂર હિંસક અવતારને પામવાવાળા માણસો પોતાના પૈસા ટકાને સ્મશાન, વન, ઝાડ, ચૂલા આદિ સ્થાનોમાં ખાડો ખોદીને દાટી દે છે. તેવા પ્રકારના કમભાગી કંજુસોનાં ધનને દેવો ત્યાંથી બહાર કાઢીને તીર્થંકરોના ઘરે વરસાવે છે. આ કારણે અનુભવી આચાર્ય ભગવંતો કહે છે કે 'શ્રીમંતાઇ સંગ્રહ કરવા લાયક નથી પણ ગરીબોને–જાત ભાઇઓને તથા સ્વામી ભાઇઓને આપી દેવામાં તારૂં કલ્યાણ રહેલું છે.'

**શતક ૧૪ નો ઉદ્દેશો આઠમો પૂર્ણ.**

# શતક ૧૪ મું : ઉદ્દેશક–૯

## અનગાર વિશેષની વક્તવ્યતા :

હે પ્રભો ! જે ભાવિતાત્મા અનગાર પોતાનાં કર્મોને યોગ્ય કૃષ્ણાદિ લેશ્યાઓને વિશેષ પ્રકારે જાણતો નથી અને સામાન્યરૂપે દેખતો નથી. તો તે સંયમી કર્મ અને લેશ્યાઓથી યુક્ત શરીર સહિત પોતાના આત્માને પણ શું નથી જાણતો કે નથી દેખતો ?

જવાબમાં પરમાત્માએ કહ્યું કે કર્મ અને લેશ્યાઓના દ્રવ્યો અતિ સૂક્ષ્મ હોવાથી છદ્મસ્થમુનિ તેને જાણતો નથી, પરંતુ લેશ્યા અને કર્મોથી યુક્ત પોતાના આત્માને તો જાણે જ છે, કારણ કે સ્થૂળ શરીર ચક્ષુગ્રાહ્ય હોય છે અને તેનાથી સંબંધિત આત્મા હોવાથી તે બંનેમાં કથંચિત્ અભેદ છે, સારાંશ કે જ્ઞાનાવરણીયાદિ કર્મો અને લેશ્યાઓ છદ્મસ્થથી જણાતી નથી પણ તે કર્મોનો ભોગવટો શરીરના માધ્યમથી આત્મા કરી રહ્યો છે માટે તે છદ્મસ્થ, શરીર અને આત્માને જાણે છે. અરુપી આત્મા ભલે ચક્ષુગ્રાહ્ય નથી તો પણ પોતાના કરેલા પ્રારબ્ધકર્મોના ભોગવટાથી પ્રાપ્ત થયેલાં સુખ તથા દુ:ખના અનુભવથી આત્મા સ્વસંવિદિત છે અર્થાત્ પ્રત્યક્ષ છે.

આત્માનો મુખ્ય ગુણ ઉપયોગ છે, જે વિશેષ રૂપે જ્ઞાનાત્મક અને સામાન્યરૂપે દર્શનાત્મક હોવાથી આત્મા ચૈતન્યમય છે જ્યારે શરીર અને ઇન્દ્રિયોમાં ચૈતન્યશક્તિ ન હોવાના કારણે આત્માના સંચાલન વિના શરીર, ઇન્દ્રિયો અને મન કોઈ કાળે પણ પ્રવૃત્તિમય થઈ શકતા નથી. રેલગાડીનું એન્જિન સ્વયં

ચૈતન્ય વિનાનું હોવાથી સામે આવતો પુલ તુટી ગયેલો હોય કે પાટા ઊખડી ગયેલા હોય તો પણ તેની ખબર એન્જિનને પડતી નથી, તેથી પોતાના હાનિ-લાભને પણ જાણી શકતો નથી, જ્યારે જીવાત્મા પોતાના હાનિ લાભનો નિર્ણય કરી શકતો હોવાનાં કારણે અરુપી જીવ પોતાનાં કાર્યને લઈને પ્રત્યક્ષ જ છે, માટે ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે છદ્મસ્થ પોતાને તથા શરીરને પણ જાણે છે.

## પ્રકાશમાન પુદ્ગલો કેટલા ?

વર્ણાદિથી યુક્ત તથા કર્મલેશ્યાવાળા પુદ્ગલ સ્કંધો જે પ્રકાશિત છે તેમની સંખ્યા કેટલી ?

જવાબમાં પ્રભુજીએ કહ્યું કે, સૂર્ય અને ચંદ્રના વિમાનો-માંથી નીકળતી તેજોલેશ્યાઓ પ્રકાશિત હોય છે, અને તે પ્રકાશથી બીજા પુદ્ગલસ્કંધો પણ પ્રકાશિત થાય છે. યદ્યપિ સૂર્ય ચંદ્રના વિમાનોમાં રહેલા પુદ્ગલો પૃથ્વીકાયિક હોવાથી સચેતન છે માટે સકર્મલેશ્યાવાળા હોઈ શકે છે, જ્યારે પ્રકાશના પુદ્ગલો કર્મલેશ્યાવાળા નથી, છતાં પણ તેઓ તેમાંથી નીકળે છે માટે કાર્યમાં કારણની અપેક્ષાએ કર્મલેશ્યાવાળા માનવામાં વાંધો નથી.

## નારકાદિને પુદ્ગલો આમ કે અનામ હોય ?

આમ ( દુઃખોથી રક્ષા કરવાવાળા અને સુખ દેનારા ) અનામ ( દુઃખોત્પાદક ) જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! નરકગતિમાં ઉત્પન્ન થનારા જીવ માત્રને તત્રસ્થ પુદ્ગલો અનામ અર્થાત્ દુઃખપ્રદ જ હોય છે, જ્યારે અસુરકુમાર યાવત્ સ્તનિતકુમાર દેવોના પુદ્ગલો આમ અર્થાત્ સુખપ્રદ હોય છે

અને સ્થાવર, વિકલેન્દ્રિય મનુષ્યો તથા તિર્યંચોના પુદ્ગલો સુખકારી અને દુઃખકારી પણ હોય છે. શેષ દેવોને અસુરકુમારની તુલ્ય જાણવાં.

## સૂર્યપ્રભા માટેની વક્તવ્યતા :

પોતાના ગુરુ શ્રી મહાવીરસ્વામીના ચરણોમાં અનન્ય શ્રદ્ધા રાખનારા ગૌતમસ્વામીએ ઉદય પામતા સૂર્યને લાલ રંગનો જોયા પછી તેમને શંકા થઈ અને પરમાત્મા પાસે આવીને વંદન–નમસ્કારપૂર્વક કહ્યું કે, હે પ્રભો! સામે દેખાતો સૂર્ય છે? અને તેનો અર્થ શો છે? જવાબમાં ભગવંતે કહ્યું કે, હે ગૌતમ! સૌને પ્રત્યક્ષ દેખાતો આ સૂર્ય શુભ સ્વરૂપવાળો પદાર્થ છે, કેમકે તેમનું વિમાન પૃથ્વીકાયિક હોય છે અને આતપ નામની પુણ્ય પ્રકૃતિના ઉદયવાળો હોય છે, માટે લોકમાં સૂર્ય પ્રશસ્ત તથા જ્યોતિષ ચંદ્રના કેન્દ્રરૂપ મનાયો છે અને ક્ષમા, તપ, ત્યાગ તથા યુદ્ધ ગતિમાં શૂરવીરોને માટે હિતકારક છે, તેની પ્રભા અને લેશ્યા પણ શુભ છે.

## મુનિ ભગવંતોની તેજોલેશ્યા માટેનું કથન :

શ્રદ્ધા સંવેગથી પરિપૂર્ણ ગૌતમસ્વામીએ પરમાત્માને પૂછ્યું કે, 'પાપ કર્મોથી સર્વથા વિરત થયેલા આ મુનિરાજો પોતાની સંયમારાધનાથી ઉત્પન્ન થયેલી તેજોલેશ્યાના કારણે કોને ઉલ્લંઘન કરે છે? એટલે કે સંયમના પર્યાયોમાં આગળ વધતાં મુનિરાજોનું આત્મિક સુખ કોનાથી વધારે હોય છે?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ!

એક માસના દીક્ષા પર્યાયવાળા મુનિરાજોની તેજોલેશ્યા (સુખાસીકા) વાનવ્યંતર દેવોની લેશ્યા કરતાં અધિક હોય છે,

મતલબ કે પુણ્યકર્મની એંક મજબૂત કરી વાનવ્યંતર દેવાવતારને પામેલા દેવો પાસે લેશ્યાની જે શક્તિ હોય છે તેનાં કરતાં પણ એક મહિના સંયમધારીના આત્મામાં વધારે શક્તિ હોય છે.

.... બે માસના દીક્ષિત મુનિઓ ચમરેન્દ્ર અને બલીન્દ્રની તેજોલેશ્યાથી અધિક છે.

.... ત્રણ માસના મુનિઓ અસુરકુમારો કરતાં વધારે તેજોલેશ્યાવાળા છે.

.... ચાર માસના મુનિઓ ગ્રહ–નક્ષત્ર અને તારાઓ કરતાં પણ અધિક છે.

.... પાંચ માસના મુનિઓ સૂર્ય–ચંન્દ્રની તેજોલેશ્યાથી પણ આગળ છે.

.... છ માસના મુનિઓ સૌધર્મ અને ઈશાન દેવો કરતાં પણ આગળ છે.

.... સાત માસના મુનિઓ સનત્કુમાર અને માહેન્દ્ર કરતાં પણ આગળ છે.

.... આઠ માસના મુનિઓ બ્રહ્મ અને લાંતકથી આગળ છે.

.... નવ માસના મુનિઓ મહાશુદ્ર અને સહસ્રારથી અધિક છે.

.... દશ માસના મુનિઓ ૯–૧૦–૧૧–૧૨ દેવલોકના દેવોથી અધિક છે.

.... અગ્યાર માસના મુનિઓ ગ્રૈવેયક દેવોને પણ ઉલ્લંઘી જાય છે.

.... બાર માસના મુનિઓ અનુત્તર વિમાનવાસી દેવોની તેજોલેશ્યાથી આગળ છે અને આ પ્રમાણે સંયમારાધના

દ્વારા આગળ વધતાં મુનિઓ છેવટે સંપૂર્ણ કર્મોનો ક્ષય કરી નિર્વાણ પામે છે.

નોંધ :–જ્ઞાનસારમાં મહોપાધ્યાયજી પણ સાક્ષી આપી રહ્યાં છે કે—

'तेजोलेश्या विवृद्धिर्या साधोः पर्यायवृद्धितः ।
भाषिता भगवत्पादौ सेत्थं भूतस्य युज्यते ॥'

એટલે કે 'સંયમારાધનમાં પુર્ણરૂપે એકાગ્ર થયેલા મુનિરાજોને જે આત્મિક સુખ અને તેજોલેશ્યાની પ્રાપ્તિ થાય છે તે દેવોને પણ પ્રાપ્ત થતી નથી, કેમકે સંયમી આત્માનું લક્ષ્ય–ધ્યાન કેવળ તીર્થંકર ભગવંતોના ઉપદેશેલા અને બતાવેલા મોક્ષમાર્ગમાં હોવાથી તેઓ સંસાર, તેની માયા, સંસારીઓની ખટપટ આદિના વ્યાવહારિક કાર્યોમાં સર્વથા ઉદાસીન કે મૌન જ હોય છે, માટે તેમને તેજોલેશ્યાની વૃદ્ધિ થતી રહે છે.

આ લેશ્યાના બે કાર્ય છે :–(૧) અનુગ્રહ, (૨) શાપ.

જીવ માત્રના પરમ મિત્ર હોવાના કારણે સંયમી આત્મા કોઇને પણ શાપ દેતો નથી અને પરમ પવિત્ર જીવન હોવાના કારણે તે સંયમી આત્માના એક એક પ્રદેશમાંથી જીવ માત્રની કલ્યાણ ભાવના જ પ્રકાશિત થતી હોય છે.

**શતક ૧૪નો ઉદ્દેશો નવમો પૂર્ણ.**

# શતક ૧૪ મું : ઉદ્દેશક–૧૦

શ્રી ગૌતમસ્વામીજીના પૂછવાથી ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે ગૌતમ! ભવસ્થ કેવળી ત્રણે ક્ષેત્રમાં રહેલા છદ્મસ્થ અનગારને વિશેષરૂપે જાણે છે અને સામાન્યરૂપે દેખે છે. સિદ્ધશિલામાં બિરાજમાન સિદ્ધાત્માઓ પણ છદ્મસ્થ અનગારને જુએ છે અને દેખે છે, તેવી રીતે પ્રતિ નિયત ક્ષેત્ર વિષયક અવધિજ્ઞાનીને પણ જાણે છે અને જુએ છે. કેવળજ્ઞાનના માલિકને તથા સિદ્ધાત્માઓને પણ જાણે છે. કેવળી પરમાત્મા વિના પૂછ્યે અને પૂછવામાં આવે ત્યારે પણ સૌને જવાબ આપે છે, પણ સિદ્ધો બોલતા નથી, તેમ જવાબ આપતા નથી, કારણ કે કેવળીને શરીર હોવાથી તેઓ ઉત્થાન વ્યાપાર બળ, વીર્ય અને પુરુષાકાર પરાક્રમી હોય છે. જ્યારે 'सिद्धाणं नत्थि देहो....' આ સૂત્રથી તેમને શરીર ન હોવાથી ઉત્થાનાદિ રહિત છે; માટે બોલતા નથી. કેવળીને નામકર્મ શેષ હોવાથી તેઓ પોતાની આંખોને ઉઘાડે છે, બંધ કરે છે, તેવી રીતે રત્નપ્રભા નરકભૂમિને આ 'રત્નપ્રભા' છે એમ જાણે છે કે દેખે છે. સિદ્ધ ભગવંતો પણ પોતાના જ્ઞાનથી રત્નપ્રભાને તેમ ઈષત્પ્રાગભારા પૃથ્વીને પણ જાણે દેખે છે. પરમાણુ પુદ્ગલથી દ્વિપ્રદેશાદિક સ્કંધોને પણ જાણે દેખે છે, તેમ સિદ્ધાત્માઓ પણ જાણે દેખે છે.

આ પ્રમાણે ભગવાનની વાણી સાંભળીને પ્રસન્ન થયેલા ગૌતમસ્વામીએ કેવળજ્ઞાનની ભૂરિભૂરિ પ્રશંસા કરી છે.

શતક ૧૪ નો ઉદ્દેશો દસમો પૂર્ણ.

જગત્પૂજ્ય, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન, શાસન દીપક સ્વ. મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજ સાહેબના શિષ્ય ન્યાય-વ્યાકરણ-કાવ્યતીર્થ પંન્યાસ શ્રી પૂર્ણાનંદવિજયે (કુમાર શ્રમણ) પોતાના મતિજ્ઞાનના વિકાસ માટે, શ્રુતજ્ઞાનના સંસ્કારો ભવાંતરમાં પણ મળે તે માટે પોતાની યથામતિએ મૂળસૂત્ર ટીકા આદિના માધ્યમથી ભગવતીસૂત્રનું ૧૪મું શતક પૂર્ણ કર્યું છે.

शुभं भूयात् सर्वेषां जीवानाम् ।
सर्वे जीवा अहिंसा तत्वं प्राप्नुयुः ।।

## શતક ૧૪મું પૂર્ણ



# શતક ૧૫ મું : ઉદ્દેશક–૧

આ શતકના પ્રારંભમાં ગણધર શ્રી સુધર્માસ્વામીજી પોતે "नमो सुयदेवयाए भगवईए" આ સૂત્રથી ભગવતી શ્રુતદેવતાને નમસ્કાર કરીને કહે છે કે તે કાળ અને તે સમયમાં શ્રાવસ્તી નામે નગરી હતી, તેની બહાર અને ઉત્તર–પશ્ચિમની વચ્ચે ઇશાન ખૂણામાં કોષ્ઠક નામનું ચૈત્યોદ્યાન હતું. તે નગરમાં આજીવક એટલે ગોશાલાની ભક્તાણી 'હાલાહલા' નામે કુંભારણ રહેતી હતી. જે ધનાઢ્ય અને કોઈનાથી પણ ગાંજી ન જાય તેવી જબરદસ્ત હતી. ગોશાળાના મતનું રહસ્ય પ્રાપ્ત થયેલી હતી અને હૃદયથી શ્રદ્ધાપૂર્વક તે સિદ્ધાંતોની પ્રચારિકા હતી. ચર્ચા દ્વારા તત્ત્વોનો નિર્ણય બરાબર કરી લીધેલો હોવાથી તે કુંભારણના રોમેરોમમાં, લોહીની બુંદેબુંદમાં ગોશાળાનું તત્ત્વ-જ્ઞાન વસેલું હતું.

તે કાળ અને તે સમયમાં આજીવક મતના સ્થાપક અને પ્રચારક મંખલીપુત્ર–ગોશાળો ૨૪ વર્ષના દીક્ષાપર્યાય પછી આ કુંભારણની કુંભારશાળામાં આવીને પોતાના આત્માને ભાવિત કરતા રહેતાં હતાં. એક સમયે પાસત્થા (જૈનત્વથી ભ્રષ્ટ) શાત–કલંદ–કર્ણિકાર-અચ્છિદ્ર-અગ્નિવેશ્યાયન-ગોમાયુપુત્ર અને અર્જુન જુદી જુદી વિદ્યાઓના પારંગત હતાં. તે ગોશાળા પાસે આવ્યા અને રહ્યા, તથા ભૌમ–આંગ–સ્વર–લક્ષણ અને વ્યંજન આદિ અષ્ટાંગ નિમિત્તો દ્વારા ગોશાળાને જાણકારી આપી. સાથોસાથ ગીતમાર્ગ તથા નૃત્યમાર્ગના પણ તે જાણકાર હતાં. ત્યાર પછી તે ગોશાલક અષ્ટાંગ નિમિત્ત દ્વારા સાધારણ માનવોને ખબર ન પડી શકે તે રીતે તેઓના સુખ–દુઃખ, લાભ–અલાભ,

જીવિત–મરણુ આદિને કહેતો થયો અને મોટા સમાજને આકર્ષિત કરી શકયો. તેમાં શ્રીમંતો, તેમની પત્નીઓ પણ આકર્ષાઈ અને ગોશાળાના અનુયાયી બની ગયા. યદ્યપિ સાધારણ જનતા સમજતી હતી કે ગોશાળો 'જિન' નથી, તો પણ શ્રદ્ધા કરતાં અંધશ્રદ્ધા અને રાગ કરતાં દૃષ્ટિરાગ ઉપરાંત જે વ્યક્તિથી પોતાનું માન, મોટાઇ કે બીજા પ્રકારે પણ લાભ થતો હોય ત્યાં માનવના આન્તર ચક્ષુઓ બંધ થઈ જતાં ચામડાની આંખ જ કેવળ ઉઘાડી રહે છે. તેથી જ 'જિન' નથી છતાં પણ જનતાનો મોટો વર્ગ ગોશાળાને જિન, તીર્થંકર, સર્વજ્ઞ માનતો થયો અને તે પ્રમાણે જ વ્યવહાર કરવા લાગ્યો. પછી તો ભક્તોની માયાને વશ થઇને ગોશાળો પણ પોતાના શ્રીમુખે 'હું જિન છું, સર્વજ્ઞ છું.' ઇત્યાદિ શબ્દોનો વ્યવહાર કરતો વધારે ગર્વિષ્ઠ બની ગયો હતો.

તે કાળે તે સમયે દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામી વિહાર કરતાં શ્રાવસ્તી નગરીમાં પધાર્યા અને સમવસરણમાં બિરાજમાન થઇને પર્ષદાને સત્ય–અસત્ય, સમ્યક્ત્વ–મિથ્યાત્વ, આદિનો ધર્મોપદેશ આપી રહ્યાં છે.

તે સમયે ગૌતમસ્વામી છઠ્ઠ ને પારણે છઠ્ઠની તપશ્ચર્યા કરતા હતાં અને શ્રાવસ્તી નગરીમાં ભિક્ષાને માટે પધાર્યા. તે સમયે જનતાના મુખેથી સાંભળ્યું કે ગોશાળો જિન તરીકે વિચરી રહ્યો છે, તે સાંભળીને શંકાશીલ થયેલા ગૌતમસ્વામી ભિક્ષા પતાવીને સમવસરણ તરફ આવ્યા અને ગૌચરીની આલોચના કરીને પૂછ્યું કે હે પ્રભો ! ગોશાળો શું જિન છે? અને હોય તો આ વાત શું સાચી હોઈ શકે છે?

જવાબમાં ભગવંતે કહ્યું કે ગોશાળો જિન નથી, અર્હંત

નથી. તે માટે તે પોતાને માટે જે કહે છે તે ખોટું છે. વિશેષમાં ભગવંતે તેનું જીવન આ પ્રમાણે કહ્યું.

## ગોશાળાનું જીવન :

હાથમાં ચિત્રો લઈને ભિક્ષા માંગનારી 'મંખલી' નામે જાત છે, માટે પુરુષનું નામ પણ મંખલીથી સંબોધિત થયું. તેને ભદ્રા નામે સ્ત્રી હતી. જન્મ જન્મના દરિદ્ર આ દંપતી એક દિવસે 'શરવણા' નામે ગામમાં આવ્યા, જ્યાં ગોબલ નામે બ્રાહ્મણ રહેતો હતો. દંપતી પર દયા ખાઈને તે બ્રાહ્મણે પોતાની ગાયોની શાળામાં તેમને રાખ્યા અને ભદ્રાને પુત્રનો જન્મ થયો. ગાયોની શાળામાં તે બાલક જન્મેલો હોવાથી તેનું નામ 'ગોશાળ' રાખવામાં આવ્યું. બાલ્યકાળ પૂર્ણ કરીને ગોશાળ યુવાન થયો, સાથો સાથ પરિપક્વ બુદ્ધિવાળો અને વિદ્વાન થયો.

તે કાળે તે સમયે ગૌતમ ! હું મારા જન્મથી ત્રીસ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમમાં રહીને જ્યારે મારા પિતા-માતા દેવલોકવાસી થયા, અને મારી દીક્ષાની પ્રતિજ્ઞા પૂર્ણ થયે ઈન્દ્રે આપેલા દેવદૂષ્યને સ્વીકારી નિર્ગ્રન્થ થયો અને ચાતુર્માસનો શેષ રહેલો અર્ધો માસ તપશ્ચર્યાપૂર્વક અસ્થિકગ્રામની નિશ્રામાં પૂર્ણ કર્યો. બીજું ચૌમાસુ માસખમણને પારણે માસખમણ કરી પૂર્ણ કર્યું. તે સમયે મંખલી ગોશાલક પણ હાથમાં બીજાઓને ચિત્રો બતાવતો. જ્યાં હું હતો ત્યાં પોતાનો સામાન મૂકીને રાજગૃહી નગરીમાં ઉંચ, નીચ અને મધ્યમ કુળોમાં ભિક્ષાચર્યા માટે ફર્યો, પણ રહેવા માટે ક્યાંય જગ્યા ન મળવાથી તંતુવાયની શાળામાં જ તેણે પોતાના ધામા નાખી દીધા.

હે ગૌતમ ! તે સમયે પ્રથમ માસક્ષમણના પારણા નિમિત્તે તંતુવાયની શાળામાંથી બહાર આવી રાજગૃહી નગરીના ઉચ્ચ-નીચ અને મધ્યમકુળોના ઘરમાં ભિક્ષાચર્યા માટે ભ્રમણ કરતાં 'વિજય' નામના ગાથાપતિના ઘરે આવ્યો. મને જોઈને ઘણો જ ખુશ થયેલો તે ગાથાપતિ પોતાના આસન પરથી ઊભો થઈને પાદુકાઓને પગથી બહાર કાઢીને ઉતરાસનપૂર્વક સાત ડગલા મારી સામે આવ્યો. વંદન, નમન કરીને ખૂબ જ પ્રેમભાવથી મને પારણુ કરાવ્યું એટલે કે:-

**દ્રવ્ય શુદ્ધ**–ઉદ્ગમાદિ દોષ રહિત આહાર.

**દાયક શુદ્ધ**–આશંસાદિ દોષ રહિત દાતાના શુભભાવ.

**પ્રતિગ્રાહક શુદ્ધ**–આહાર લેનાર શુદ્ધ હોય.

આ ત્રણે પ્રકારની શુદ્ધિ સાથે મન-વચન અને કાયા તથા કૃત, કારિત અને અનુમોદિત દાન વડે મને પ્રતિલાભિત કર્યો અને ઉત્તમોત્તમ દાન વડે વિજય ગાથાપતિએ દેવગતિનું આયુષ્ય બાંધી સંસારને અલ્પ કર્યો. પાંચ દિવ્યો થયા. તે સમયે રાજગૃહીના ત્રણ રસ્તા–ચાર રસ્તા આદિ સ્થળોએ લોકો ભેગા થઈને આ પ્રમાણે કહેવા લાગ્યા, વિજય ગાથાપતિ ધન્ય છે, અભિલાષાઓ પૂર્ણ થવાથી કૃતાર્થ છે, પુણ્યોપાર્જિત છે. તેથી તેના આ ભવ અને પરભવ સુધર્યા છે. કેમકે અરિહંતોને દાન દેવાથી આ પાંચ દિવ્યો ગાથાપતિને ત્યાં પ્રગટ થયા છે.

આ બધી વાતો જ્યારે મંખલી ગોશાળે સાંભળી ત્યારે તે ગાથાપતિને ઘરે આવ્યો, વૃષ્ટિ થયેલા ધન પુષ્પાદિના ઢગલા જોઇ ખુશ થઈને બહાર આવ્યો અને મને જોઈને તે ગોશાળક

ઘણો જ પ્રસન્ન થયો. વંદન કરીને કહ્યું 'તમે જ મારા ધર્માચાર્ય છો, હું અંતેવાસી છું. આમ કહેવા છતાં પણ ગૌતમ! મેં તેના વચનનો આદર કર્યો નથી, સ્વીકાર કર્યો નથી, માટે મૌન રહ્યો.

ત્યાર પછી પુનઃ નાલંદાના મધ્યભાગમાં થઈને તંતુવાય શાળામાં આવ્યો. બીજું માસક્ષમણ કર્યું અને 'આનંદ' ગાથાપતિને ત્યાં વિપુલ અને ઉત્તમ સામગ્રીથી પારણું કર્યું. ત્રીજા માસક્ષમણનું પારણું 'સુનન્દ' ગાથાપતિને ત્યાં કર્યું. ત્યાર પછી ચોથા માસક્ષમણનું પારણું નાલંદાના બહાર ભાગમાં કોલ્લાક સન્નિવેષ ગામ હતું, જ્યાં વેદ-વેદાંતનો પારંગત જ્ઞાન વિજ્ઞાનથી પૂર્ણ 'બહુલ' નામના બ્રાહ્મણના ઘરે કર્યું. મને જોઈને તે બહુલ રાજી થયો, મારો સત્કાર કર્યો. બહુમાનપૂર્વક વંદન-નમન કરીને પરમાન્નથી પારણું કરાવ્યું હતું. પંચ-દિવ્ય આદિની વાતો પહેલાંની જેમ જાણી લેવી.

તન્તુવાય શાળામાં મને ન જોવાથી તે ગોશાલકે રાજગૃહી નગરીમાં મારી તપાસ કરી, પણ મારો શબ્દ કે છીંક પણ તેને સાંભળવા મળી નહીં (અદૃશ્ય માણસની તેના શબ્દ અને છીંકથી પણ ખબર પડે છે કે આ શબ્દ અને છીંક તે માણસની છે.) તેથી તે પાછો તન્તુવાય શાળામાં આવ્યો અને પોતાના પહેરવાના વસ્રો, ઉતરીય વસ્રો, પાદુકા અને ચિત્રપટો બીજા કોઈ બ્રાહ્મણને આપી દીધા અને મૂંછ-દાઢી આદિનું મુંડન કરાવી નાલંદાના બહાર ભાગથી તે ચાલ્યો અને કોલ્લાક સન્નિવેશમાં આવ્યો. જ્યાં તે ગામના બધાએ બ્રાહ્મણો મારી પ્રશંસા-સત્કાર-વંદન-નમન આદિ કરી રહ્યાં હતાં. આ પ્રમાણે સાંભળીને ગોશાળાના મનમાં વિચાર થયો કે 'મારા ધર્માચાર્ય શ્રી

મહાવીરસ્વામીને આટલી ઋદ્ધિ, યશ, કીર્તિ, બળ, વીર્ય, પુરુષાકાર (પુરુષાર્થ) પ્રાપ્ત થયો છે, તેટલો બીજા કોઈ શ્રમણ કે બ્રાહ્મણને થયો નથી.' આ પ્રમાણે વિચાર કરતો અને સર્વત્ર મારી શોધ કરતો તે ગોશાળાને હું ત્યાં મળ્યો, અને સંતોષ પામેલા તેણે મને વંદના કરી નમન કર્યું. ત્રણવાર પ્રદક્ષિણા કરીને મને કહ્યું કે, "હે પ્રભો ! આપ મારા ધર્માચાર્ય છો, અને હું આપશ્રીનો અન્તેવાસી શિષ્ય છું." ત્યારે હે ગૌતમ મેં તેની વાતનો સ્વીકાર કર્યો અને છ વર્ષ સુધી ભવિતવ્યતાની પ્રબલતાના કારણે તેની સાથે સુખ–દુઃખ, લાભ–અલાભ, સત્કાર–અસત્કાર, હાની-ફાયદો, માન–અપમાન આદિનો અનુભવ કર્યો અર્થાત્ અનિત્ય જાગરિકામાં તે સમય પસાર કર્યો.

હે ગૌતમ ! ત્યારપછી વર્ષાઋતુ સમાપ્ત થયે ગોશાળાની સાથે વિહાર કરતો સિદ્ધાર્થ ગ્રામનગરથી કૂર્મગ્રામ તરફ જઈ રહ્યો હતો ત્યારે તે બંને ગામની વચ્ચે, હરિયાળા પત્રોથી પૂર્ણ, પુષ્પોથી શોભતાં તલના છોડને જોઈ ગોશાળે મને પૂછયું કે હે પ્રભો ! આ છોડ ઉગશે ? કે નહી ઉગે ? તથા તલ પુષ્પના સાત જીવો છે તેઓ મૃત્યુ પામી કયાં જશે ? કયાં ઉત્પન્ન થશે ? જવાબમાં મેં કહ્યું કે આ છોડ જરૂર ઉગશે અને પુષ્પના સાતે જીવો પુનઃ તલની એક ફળીમાં તલ રૂપે ઉત્પન્ન થશે. પરંતુ ગૌતમ ! ગોશાળાનું જીવદલ તથાપ્રકારનું ન હોવાથી મારા વચનો પ્રત્યે તેને વિશ્વાસ ન થયો, રૂચિ ન થઈ. તે કારણે મને ગમે તેમ ખોટો સિદ્ધ કરવા માટે અને બીજાઓની આગળ મને જૂઠો સાબીત કરવાના ઈરાદે ધીમે ધીમે ચાલવાનો ઢોંગ કરતો તે ગોશાળો મારાથી પાછળ રહ્યો અને પાછો જઈને તે તલના છોડને મૂળમાંથી ઉખેડીને ફેંકી દીધા. પણ ગૌતમ ! તે જ સમયે આકાશમાં વાદળા આવી ગયા, વિજળીઓ

ચમકી અને ધીમે ધીમે વરસાદ પડ્યો, પરિણામે જે માટીમાં ગોશાળે તલને છોડ ફેંક્યો હતો, ત્યાં જ તે માટીમાં સ્થિર થયો અને તેના મૂળીયા મજબૂત થતાં અંકુરિત થયા અને તલ પુષ્પના જે સાત જીવો હતાં તે એક ફળીમાં ઉત્પન્ન થયાં.

ગોશાળા સાથે વિહાર કરતો કૂર્મગ્રામમાં આવ્યો. તે ગામની બહાર વૈશ્યાપન નામે બાળતપસ્વી નિરંતર છઠ્ઠને પારણે છઠ્ઠ કરતો સૂર્યની સામે આતાપના લેતો હતો. સૂર્યના તાપથી તપી ગયેલી તેના માથામાં રહેલી ‘ જૂઓ ’માંથી એક પછી એક નીચે પડતી હતી અને પ્રાણ-ભૂત જીવ તથા સત્વો પ્રત્યે દયાળુ તે તાપસ ‘ જૂઓ ’ને પુનઃ પોતાના માથામાં મૂકી દેતો હતો. કેમકે ઉચ્છ્વાસ આદિ પ્રાણોને ધારણ કરતી ‘ જૂ ’ પ્રાણ છે, ભવન ધર્મવાલી હોવાથી ભૂત છે, ઉપયોગ લક્ષણથી યુક્ત હોવાથી સત્વ છે. આ બધી વિચિત્રતા જોઇને કૂતૂહલી થયેલો ગોશાળો ફરીથી મારી પાસેથી ધીમે ધીમે સરકીને તે તાપસ પાસે આવ્યો ને બોલ્યો કે ‘ તમે શું તત્વ જાણ્યા પછી મુનિ થયા છો ? કે યતિ-જોગી છો ? કે કોઇ ગ્રહથી ગૃહીત છો ? અથવા ‘ જૂઓ ’ના પાલન પોષણ કરનારા શય્યાતર છો ? મૌન રહેલા તાપસને ગોશાળે બીજીવાર પૂછ્યું ત્યારે તે તાપસ અત્યન્ત રુષ્ટ થયો, દાંતોને પરસ્પર કચકચાવતો, હોઠને ડંસતો, તે તાપસ આતાપના ભૂમિથી નીચે ઉતર્યો અને તેજોલેશ્યાથી યુક્ત થઇને સાત આઠ ડગલા પાછો હટ્યો અને પોતાનાં શરીરમાંથી બહાર નીકળેલી તેજોલેશ્યાને ગોશાળા ઉપર ફેંકી દીધી અને ગૌતમ ! અનુકંપાથી પ્રેરિત થઇને ગોશાળાને બચાવવા ખાતર મેં શીતલ લેશ્યા ફેંકી અને તાપસની તેજોલેશ્યા શક્તિહીન થઇને સમાપ્ત થઈ. વૈશ્યાપન તાપસને આ વાતની જાણ થતાં તે મારી પાસે આવ્યો અને

બોલ્યો, કે મારી તેજોલેશ્યાથી ગોશાળાને કાંઈ પણ થયું નથી. અંગો–પ્રત્યંગોને પણ હાનિ થઈ નથી. માટે હે પ્રભો! હું જાણી શકયો છું કે આવા અયોગ્ય શિષ્ય ઉપર પણ આપશ્રીની કૃપાદૃષ્ટિ જ કારણ બની છે. દયાના અવતાર સમા હે પ્રભો! આપશ્રીને મારી વંદના છે.

હે ગૌતમ! ત્યાર પછી તે ગોશાળો મારી પાસે આવ્યો અને કહ્યું કે હે ભગવન્! આ તાપસે જે તેજોલેશ્યા મૂકી તેની વિધિ શું છે? ભવિતવ્યતા બલવતી હશે. ગૌતમ! મેં કહ્યું કે 'મુઠ્ઠી વાળ્યા પછી આંગળા ઉપર જેટલા અડદના દાણા રહે તે છ મહિના સુધી ખાવા અને અંજલી પ્રમાણ પાણી પીવું. આમ છઠ્ઠને પારણે છઠ્ઠ કરી પારણામાં ઉપરનો વિધિ કરવો. જેથી તેજોલેશ્યાની સિદ્ધિ થાય છે અને પોતાના ગરજ પૂરતી તે વાતનો ગોશાળાએ સ્વીકાર કર્યો.' ત્યાર પછી કૂર્મગ્રામથી સિદ્ધાર્થનગર તરફ જતા વચ્ચે તલનો છોડ જોઈને પૂર્વોક્ત વાતને યાદ કરતો અને કરાવતો ગોશાળો તે છોડને જુએ છે, જેમાં સાત તલો એક કળીમાં હતાં. તેથી તેને ભવિતવ્યતાનો સિદ્ધાંત અને વનસ્પતિના જીવોની જેમ બધા જીવો પુનઃ તે જ શરીરમાં ઉત્પન્ન થાય છે તેવી માન્યતા પ્રત્યે તે ગોશાળો શ્રદ્ધાળુ બન્યો. ત્યાર પછી લાગટ છ મહિના સુધી છઠ્ઠને પારણે છઠ્ઠ કરી અડદના પારણાથી તેજોલેશ્યાની સિદ્ધિ થઇ અને દિશાચરો પાસેથી અષ્ટાંગ નિમિત્ત દ્વારા તેણે પોતાનો મઠ જૂદો જમાવ્યો છે.

**ગૌતમ! તારા પૂછવાથી ગોશાળાની હકીકત કહી છે. ભૌતિક જ્ઞાનથી મદોન્મત થયેલો તે જિન નથી, કેવળી નથી, અર્હંત નથી.**

અરિહંતદેવની આ વાત છે, "ગોશાળો જિન નથી" તે વાત સર્વત્ર પ્રસારિત થઇ ગઇ અને શ્રાવસ્તી નગરીના મુખે એક જ વાત શેષ રહી કે મહાવીરસ્વામી સર્વજ્ઞ છે, જિન છે, અર્હંત છે, પણ ગોશાળો જિન નથી.

**षट्कर्णो भिद्यते मंत्रः** આ ઉક્તિના અનુસારે સર્વત્ર પ્રસારિત થયેલી આ વાત ગોશાળાના કાનમાં પડવાથી રોષ-ક્રોધ-અહંકાર-માયા-પ્રપંચ આદિ આત્મિક દુર્ગુણો ચરમ સીમાએ પહોંચી જતાં તે ગોશાળો ક્રોધથી ધમધમતો, દાંતોને કચકચાવતો, હોઠોને ફફડાવતો કુંભારશાળામાં આવ્યો અને પોતાના શિષ્યો તથા મતાનુયાયીઓની સાથે મહાવીરસ્વામી તરફ પ્રસ્થાન કર્યું.

તે સમયે મહાવીરસ્વામીનો અંતેવાસી, પ્રકૃતિથી ભદ્રિક, વિનયવાન્ નિરંતર છઠ્ઠને પારણે છઠ્ઠ કરતો 'આનંદ નામે સ્થવિર' મુનિ પોતાના છઠ્ઠના પારણે ભગવાનની આજ્ઞા લઇને ભિક્ષા લેવા માટે વસતિમાં આવ્યા અને કુંભારણના મકાન પાસેથી જતાં તે સ્થવિર મુનિને જોઇ ગોશાળાએ બોલાવ્યાં અને કહ્યું કે હે મુનિ! સૌથી પ્રથમ તું મારી એક વાર્તા સાંભળી લે. ચિરાતીત કાળે ધનપ્રાપ્તિની ઇચ્છાવાળા ધનના લોભી, ધનની ગવેષણા કરનારા, તેની તૃષ્ણા અને આશાવાળા કેટલાક વાણીયાઓ ગાડાઓમાં સામાન ભરી પરદેશ માટે નીકળ્યા અને ભયંકર અટવીમાં પ્રવેશ કર્યો, જ્યાં પીવાના પાણી પણ ખૂટયા અને તૃષાના માર્યા આકુળ-વ્યાકુળ થયા છતાં પાણીની ગવેષણ કરતાં એક સ્થાને મોટો રાફડો જોયો અને તેને ભાંગ્યો. બનવા જોગ હશે તેમાંથી ઠંડુ સ્વચ્છ અને સ્વાદુ પાણી વિપુલ માત્રામાં નીકળ્યું જે સૌએ પેટ ભરીને પીધું અને પોતાના

વાસણોમાં ભરી લીધું. 'લાભે લોભો વર્ધતે' આ ન્યાયે તેમણે બીજા રાફડાને પણ ભાંગી લેવાનો પ્રયત્ન કર્યો. પણ તે ટોળામાં એક વૃદ્ધ ઠરેલ પ્રકૃતિનો હતો તેણે કહ્યું કે આપણી પાણીની ગરજ પૂર્ણ થઇ છે, માટે વધારે લોભ ન કરવામાં મજા છે. પણ ડોસાઓની વાતો જુવાનીઆ માની લે તેવા હોતા નથી, અને બીજા રાફડાને ભાંગતાં તેમાંથી ઉત્તમ જાતિનું સોનું-ચાંદી આદિ મળ્યા. પછી તો ત્રીજો પણ ભાંગ્યો જેમાંથી ધન રાશિ નીકળી અને ચોથાને ભાંગતા તે જુવાનોને ફરીથી વૃદ્ધે રોકયા પણ ન રોકાયેલા અને લોભમાં અંધ બનેલા તેમણે ડોસાની વાત કાનમાં લીધા વિના તે રાફડો ભાંગી લીધો, પણ 'લોભે લખણ જાય' આ ન્યાયે તેમાંથી ભયંકર, વિષધર બહાર આવ્યા અને બધા જુવાનોને દેખતા દેખતાં યમરાજને ત્યાં પહોંચાડી દીધા, પરંતુ સાચી સલાહ દેનાર વૃદ્ધને કાંઇપણ હાનિ કરી નહિ, તેમ હે આનંદ! તારો ધર્માચાર્ય મહાવીર પણ ખૂબ સંપત્તિ અને દેવ અસુરોથી પૂજાયેલો છે, પણ સંભવ છે કે તેનાથી તારા ધર્માચાર્યને ગર્વની માત્રા વધી ગઇ છે જેથી ગમે તેમ બોલ્યા કરે છે. તો સર્પની જેવો હું પણ તારા ધર્માચાર્યને બાળીને ખાખ કર્યા વિના નહિ રહું, માટે તું તારા ધર્માચાર્યને કહી દેજે.

આ વાત સાંભળીને ભયગ્રસ્ત થયેલો આનંદ મુનિ ત્વરીતગતિથી સમવસરણમાં આવ્યો. ત્રણ પ્રદક્ષિણા કરી પૂછયું હે પ્રભો! શું મંખલીપુત્ર ગોશાળક પોતાની તેજોલેશ્યા વડે 'એકાહત્થં' એક જ પ્રહારથી બીજાને ભસ્મસાત્ કરી શકે છે? "કૂટાહત્થ" પત્થર વિશેષથી બનાવેલ મહાયંત્રના એક જ પ્રહારથી બીજાનું જીવન સમાપ્ત કરી શકે છે? તે રીતે પોતાના તપથી ઉત્પન્ન થયેલી 'તેજોલેશ્યા' વડે બીજાને ભસ્મરાશિ

કરી શકે છે? ભગવાન મહાવીરસ્વામીએ 'હા'માં જવાબ આપતા કહ્યું કે, હે આનન્દ! ગોશાળો તેમ કરવા શક્તિમાન છે, પરંતુ અરિહંત ભગવંતોને ભસ્મરાશિ કરી શકવાનો નથી, કેમકે કોઈની પણ તેજોલેશ્યા કરતા તેવા પ્રકારના તપસ્વી મુનિરાજો વિશેષ શક્તિસંપન્ન હોય છે અને ક્ષમાપ્રધાન હોય છે.

જે તપસ્તેજ અણગારોમાં હોય છે તેના કરતાં સ્થવિર અણગારોમાં અનંતગુણા વધારે હોય છે, અને તેમના કરતાં અરિહંતોમાં અનંતગુણા વધારે હોય છે. કેમકે તેમના ક્રોધ કષાયો સર્વથા ક્ષય પામેલા હોવાથી, ગોશાળાની શક્તિથી અરિહંતોને શરીરપીડા વિશેષ સિવાય કાંઈપણ કરી શકવા માટે સમર્થ નથી.

માટે હે આનન્દ! તું જા અને ગૌતમ આદિ શ્રમણ નિર્ગ્રન્થોને સૂચિત કરજે કે તમારામાંથી કોઇએ પણ ગોશાળા સાથે ધર્મચર્ચા, વાદ કે તેમના મતનું ખંડન પણ કરવું નહી. કેમકે મિથ્યાત્વના પાપે ગોશાળો અત્યારે શ્રમણ નિર્ગ્રન્થોનો વિરોધી થઇને બેઠો છે. ભગવંતની આજ્ઞા અને બનેલો પ્રસંગ આનન્દમુનિએ બધાને કહી દીધો.

## ક્રોધાન્ધ ગોશાળાનું
## મહાવીર તરફ આગમન :

તે સમયે મિથ્યાત્વથી ઘેરાયેલો ગોશાળો હાલાહલા કુંભારણની દુકાનથી બહાર આવ્યો અને પોતાના મતાનુયાયીઓની સાથે શ્રાવસ્તી નગરીના મધ્યભાગથી જ્યાં મહાવીરસ્વામી હતાં ત્યાં આવ્યો અને રોષપૂર્વક બોલ્યો ભો કાશ્યપ! તું મને

આમ કહે છે કે ગોશાળો મારો અન્તેવાસી છે? પણ તારો તે ગોશાળ તો પવિત્ર હોવાને કારણે કાળધર્મ પામીને ક્યાંય દેવલોકમાં જન્મ્યો છે.

**નોંધ** :–લેશ્યાઓ( આત્મ પરિણામો )ના જેમ છ ભેદ છે, તેવી રીતે તે લેશ્યાઓના માલિકો પણ છ જાતના જ હોય છે. જેમ કે કૃષ્ણલેશ્યાનો માલિક કૃષ્ણાભિજાતિક. આવી રીતે નીલાભિજાતિક, કાપોતાભિજાતિક, તેજોભિજાતિક, પદ્માભિજાતિક અને શુક્લાભિજાતિક. હે કાશ્યપ! તારો મંખલીપુત્ર ગોશાળ શુક્લાભિજાતિક પરિણામવાળો હોવાથી દેવલોકમાં ગયો છે.... પણ હું તારો શિષ્ય ગોશાળક નથી, કેવળ મરી ગયેલા ગોશાળકના શરીરમાં પ્રવેશ પામેલો આ મારો સાતમો શરીરાન્ત છે. ત્યાર પછી ગોશાળાએ પોતાના સિદ્ધાંતો મહાવીરને કહી સંભળાવ્યા, જે સર્વથા અસંગત, અમાન્ય હોવા છતાં કાંઈક મસ્તિષ્કને પરિશ્રમ કરાવીને હાસ્ય ઉત્પન્ન કરાવનારા હોવાથી મૂળ સૂત્રથી જ જાણી લેવાની ભલામણ છે.

ગોશાળાની વાત સાંભળીને જવાબમાં મહાવીરસ્વામીએ કહ્યું કે, હે ગોશાળક! જેમ કોઈ ચોર પકડાઇ જવાની બીકથી પોતાનું શરીર એક તૃણથી છુપાવી દે તો પણ તે છુપાવી શકવાનો નથી, તે પ્રમાણે તું પણ તેના જેવી જ વાત કરી રહ્યો છે. માટે તું મંખલીપુત્ર ગોશાલક જ છે, બીજો નથી. રોષે ભરાયેલા ગોશાળે મહાવીર પ્રભુને ઘણા જ અપશબ્દો કહ્યાં યાવત્ આજે તમે મારા હાથે બચવાના નથી. ત્યારે સર્વાનુભૂતિ નામના અણગારે કહ્યું કે, હે ગોશાળ! તથાપ્રકારના અતિશય વિશિષ્ટ શ્રમણની પાસે જે કોઈ એકાદ પણ ધર્મસૂત્ર સાંભળે છે, ત્યારે તે શ્રમણ તેના માટે વંદનીય,

પૂજનીય અને માનનીય બને છે, યાવત્ કલ્યાણ, મંગળ અને દેવતુલ્ય બને છે. તો હે ગોશાળ! તમે તો મહાવીર પ્રભુ પાસે મુંડાયા છો, સાથે રહ્યાં છો, માટે તેમની વિરૂદ્ધમાં તમારે કાંઈ પણ બોલવું ન જોઈએ. આવી રીતના હિતકારી વચનો સાંભળીને પણ અતિ રુષ્ટ થયેલા ગોશાળે તેજોલેશ્યા દ્વારા તે મુનિને બાળી રાખનો ઢગલો કરી નાખ્યો અને મહાવીરપ્રભુને જુદા જુદા પ્રકારે ગાળો દીધી. તે સમયે સુનક્ષત્ર મુનિ ગોશાળાનો પ્રતિકાર કરે તે પહેલા ગોશાળાની તેજોલેશ્યાના શિકાર બન્યા. અત્યંત દગ્ધ થયેલા તે મુનિ દેવાધિદેવ મહાવીરસ્વામીના સમીપે આવ્યા, વંદન–નમન કરી ત્રણ પ્રદક્ષિણા દઈને, પાંચ મહાવ્રતોનું પુનરુચ્ચારણ કરી બધાએ શ્રમણોને તથા શ્રમણીઓને ખમાવે છે, શરીરની ભયંકર પીડા હોવા છતાં પોતાના આત્મામાં સમાધિસ્થ બની અરિહંતોનું શરણ, સિદ્ધોનું શરણ, કેવળી પ્રજ્ઞપ્ત ધર્મનું શરણ સ્વીકારતો તે મુનિ દેવલોકનો માલિક બને છે.

કઠોર–નિંદક–હિંસક આદિ શબ્દોથી મહાવીરસ્વામીને ગોશાળે કહ્યું કે, હે કાશ્યપ! તું સમજી લેજે હું તારો મંખલીપુત્ર ગોશાળ શિષ્ય નથી. જવાબમાં ભગવંતે કહ્યું કે, હે ગોશાળ! તારે આવો અનુચિત વ્યવહાર મારી સાથે કરવો ન જોઈએ, કેમકે મેં તને દીક્ષા આપી છે, શિક્ષા આપી છે, જ્ઞાન વિજ્ઞાન આપ્યા છે અને મારા લીધે તારી ખ્યાતિ પણ થઈ છે. ગોશાળ! તારા આત્માનો ખ્યાલ કર.

મિથ્યાત્વમોહનીય કર્મથી પૂર્ણરૂપે વ્યાપ્ત થયેલો આ બધી હિતકારી વાતો સાંભળવા માટે તૈયાર ન હતો, માટે ક્રોધથી ધમધમતા તે ગોશાળે સૌ જીવોને અભયદાન દેનાર,

ભગવાનને મારવા માટે પોતાના શરીરમાંથી તેજોલેશ્યા બહાર કાઢી અને મહાવીર ઉપર ફેંકી દીધી, પણ પર્વતથી ટકરાયેલો પવન જેમ પાછો વળે, તેમ તેજોલેશ્યા પણ મહાવીરસ્વામી પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઈને પાછી ફરતી ગોશાળાના શરીરમાં જ પ્રવેશ કરી ગઈ. સાપને રમાડનારો જેમ સાપથી મરે, પાણીમાં તરનારો જેમ પાણીમાં મરે, તેમ આસુરી શક્તિ અને બુદ્ધિનો સ્વામી પોતાની જ માયાજાળમાં ફસાઈને પોતાની પરઘાતક શક્તિઓ વડે જ મરે છે. ગોશાળાની પણ આજ દશા થઈ કેમકે પ્રાકૃતિક નિયમો સૌ કોઈને માટે એક સમાન છે.

તેજોલેશ્યાના તાપથી હતપ્રભ થયેલા ગોશાળાને પ્રભુએ કહ્યું કે 'તારી તેજોલેશ્યાથી હું મરવાનો નથી અને હજી પણ કેવળી અવસ્થામાં સોળ વર્ષ સુધી જીવિત રહીશ, પણ ગોશાળા! તું તો સાત રાત્રિ પૂર્ણ થયે જ મરવાનો છે.'

શ્રાવસ્તી નગરીના લોકોમાં પણ એક વાત ચર્ચાઈ રહી છે કે મહાવીર જ તીર્થંકર છે, સર્વજ્ઞ છે અને અહંત છે. ગોશાળો જુઠો છે. પોતાના શ્રમણોને ભગવંતે કહ્યું કે જે પ્રમાણે ઘાસ–કાષ્ઠ–છાણ આદિમાં પડેલા અગ્નિના કણ વડે તે બધા બળીને ખાખ થયા પછી નિસ્તેજ થઈ જાય છે, તેમ તમે તેની સાથે ધર્મની ચર્ચા કરો, તેના મનની સમાલોચના કરો અને હેતુ તથા ઉદાહરણથી તેને નિરુત્તર કરો. ત્યાર પછી તે શ્રમણો ગોશાળા પાસે ગયા અને ચર્ચા આદિથી તેને નિરુત્તર કર્યો. હતપ્રભ અને નિસ્તેજ થયેલો ગોશાળો ક્રુદ્ધ થયો પણ એકેય નિર્ગ્રંથને કાંઈપણ કરી શકયો નથી.

તેજોલેશ્યાથી અંગેઅંગે દાહ પામતો, હાથપગ પછાડતો ગોશાળો હાલાહલા કુંભારણને ત્યાં આવ્યો અને કેરીના ગોટ-

લાને ચૂસતો મદિરાપાન કરતો, માટીના ઠંડા પાણીને પોતાના શરીર પર છાંટતો તે કષ્ટપૂર્વક પોતાનો સમય પસાર કરે છે તથા આઠ પ્રકારની ચરમતા પોતાના અનુયાયીઓને સમજાવે છે. ( તે મૂળસૂત્રથી જોવી. ) મૃત્યુકાળ પાસે આવ્યો ત્યારે પોતાના મતાનુયાયીઓને કહ્યું કે મારા મરી ગયાની ખબર પડે ત્યારે મારા શરીરને સુગંધી પાણીથી સ્નાન કરાવજો, યાવત્ હજારો માણસોએ ઉપાડેલી પાલખીમાં મને લઈ જજો, સાથોસાથ ઉદ્‌ઘોષણા પણ કરજો કે આ અવસર્પિણીનો છેલ્લો તીર્થંકર ગોશાળો મરીને સિદ્ધ–બુદ્ધ થયો છે.

પરંતુ જેમ જેમ વેદના તીવ્ર, તીવ્રતર અને તીવ્રતમ થતી ગઈ અને ભયંકર વેદનાઓને ભોગવતા ગોશાળાના ભાગ્યમાં છેલ્લી રાત્રિ આવી ગઈ. તે સમયે તે ગોશાળાને પાકી ખાત્રી થઇ ગઇ કે હવે હું કોઈ કાળે પણ બચનાર નથી. સંસારનો કોઈપણ દેવ કે મારા પરમ ભક્તો–ભક્તાણીઓ પણ બચાવી લેવાને સમર્થ નથી, ત્યારે સર્વથા નિઃસહાય થયેલા તેને કાંઈક સારા વિચારોનો પ્રકાશ થયો અને પોતાનાં આત્માનું ભાન થયું કે "હું જિન નથી, સર્વજ્ઞ નથી, તીર્થંકર કે અર્હંત નથી " અત્યાર સુધી હું મારી જાતને જિન આદિ કહેતો હતો તે સસત્ય વચન હતું. સુનક્ષત્ર અને સર્વાનુભુતિ જેવા મુનિઓનો હું ઘાતક બન્યો, શ્રમણોનો વિરોધી બન્યો, ઉપાધ્યાય તથા આચાર્યોનો અપજસકારક બન્યો. અસદ્‌ભાવનાઓ અને મિથ્યાભિનિવેશોની કલ્પનામાં મેં મારી જાતને ફસાવીને બીજાઓને પણ ભ્રમમાં નાખ્યા, પરિણામે મારી તેજોલેશ્યા મારી જ ભક્ષક બનવા પામી છે. સત્ય સ્વરૂપે મહાવીરસ્વામી જિન છે, જિન પ્રલાપી છે, અર્હંત છે, સર્વજ્ઞ છે. આ પ્રમાણેના સારા વિચારો આવતાં જ

ગોશાળાએ પોતાના સ્થવિરોને બોલાવ્યા અને આત્મવિશ્વાસ સાથે શપથપૂર્વક કહ્યું કે "હે મારા મતાનુયાયીઓ આજે તમે મારા છેલ્લા શબ્દો સાંભળી લો કે હું જિન નથી પણ મંખલીપુત્ર ગોશાળ નામનો મહાવીરસ્વામીનો શિષ્ય હતો. અત્યાર સુધી દંભી, માયા મૃષાવાદી બનીને મેં મારી જાતને તેમજ તમને સૌને ઠગ્યા છે, છેતર્યા છે, અને તેમ કરીને શ્રમણોનો ઘાતક હું બનવા પામ્યો છું, માટે મારા મરણ પછી મારા ડાબા પગે દોરડું બાંધજો, ત્રણ વાર મારા મુખ ઉપર થૂંકજો અને મારા મૃત શરીરને શ્રાવસ્તી નગરીમાં ઘસડતાં ઘસડતાં લઈ જજો અને જોરજોરથી ઘોષણા કરજો કે ગોશાળો જિન નથી, યાવત શ્રમણોનો નિંદક, ઘાતક અને અપજશ કરનાર છે." આ અવસર્પિણીના ચોવીસમા તીર્થંકર મહાવીર-સ્વામી છે, જે સર્વજ્ઞ, અર્હંત છે, યાવત્ સિદ્ધ બુદ્ધ થઈને નિર્વાણપદને પામશે અને ગોશાળો મરણ પામ્યો.

આપણે બધાએ જાણીએ છીએ કે મતસ્થાપક જેટલો ચૂસ્ત અને હઠાગ્રહી હોય છે તેના કરતાં પણ તેમના અનુયા-યીઓ વધારે ચૂસ્ત અને હઠાગ્રહના પૂતળા હોય છે. માટે કુંભારણના મકાનના દ્વાર બંધ કરી વચ્ચે શ્રાવસ્તી નગરીનું ચિત્ર બનાવ્યું અને ગોશાળાની આજ્ઞા પ્રમાણે પગે દોરડું બાંધીને ત્યાંને ત્યાં જ ફેરવ્યું, ત્યાર પછી અગ્નિસંસ્કાર કર્યો.

## રેવતી શ્રાવિકાની વક્તવ્યતા :

તેજોલેશ્યાથી ઉપદ્રાવિત ભગવાન મહાવીરસ્વામી કોઈક સમયે શ્રાવસ્તી નગરીના કોષ્ઠક ચૈત્યોદ્યાનથી બહારના જન-પદોમાં વિહરતાં હતાં તે કાળે અને તે સમયે મેંઢિક નામનું નગર હતું. તેના ઈશાનકોણમાં શાળકોષ્ઠક નામે ચૈત્યોદ્યાન

હતું, તેની આસપાસમાં 'માલુકાકચ્છ' નામના વૃક્ષ વિશેષનું વન હતું. વૃક્ષોની વિપુલતા હોવાથી તે વન સઘન અને કાળું દેખાતું હતું. પત્ર-પુષ્પ આદિથી તે વૃક્ષો લીલા વર્ણના હતાં. ત્યાં રેવતી નામે ગાથાપત્ની રહેતી હતી. જે ધનવતી અને પ્રતિષ્ઠિત હતી. યાવત્ અરિહંતોના ધર્મની પૂર્ણરાગિણી હતી.

તેજોલેશ્યાના કારણે ભગવાનના શરીરે પીડાકારક, દાહકારક, સર્વાંગ વ્યાપક, કઠોર, કટુક અસહ્ય રોગ ઉત્પન્ન થયો, જેનાથી ભગવાનને ઝાડામાં લોહી પડવા લાગ્યું અને દિવસે દિવસે શરીર શિથિલ થતું ગયું. તે જોઈને લોકો આ પ્રમાણે કહેતા થયા કે "મંખલીપુત્ર ગોશાળાએ મૂકેલી તેજોલેશ્યાના કારણે ભગવંતના શરીર ઉપર માઠી અસર થઈ છે. વૃદ્ધિ પામેલા પિતજ્વરના કારણે છદ્મસ્થાવસ્થામાં જ પરમાત્મા મૃત્યુ પામશે, કારણ કે તેજોલેશ્યાથી ઉત્પન્ન થયેલ દાહ તેમનાં શરીરને બાળી રહ્યું છે."

તે સમયે ભગવાનનો અંતેવાસી 'સિંહ' નામનો અણગાર જે પ્રકૃતિથી ભદ્રિક યાવત્ છઠ્ઠને પારણે છઠ્ઠની તપસ્યા કરતો અને હાથ ઉંચો રાખીને આતાપના લેતો વિહરતો હતો. એક દિવસે ધ્યાનાવસ્થામાં તેને આવો વિચાર આવ્યો કે, "મારા ધર્માચાર્ય શ્રી મહાવીરસ્વામીનું શરીર ભયંકર રોગને લઈ આક્રાન્ત છે જે બહુ જ ખતરનાક છે. તેથી અન્ય તીર્થિકો એમ કહેશે કે મહાવીર છદ્મસ્થાવસ્થામાં જ કાળ કરી ગયા છે." આ પ્રમાણે વિચારતો તે સિંહ અણગાર પોતાની આતાપના ભૂમિથી નીચે ઉતર્યો અને માલુકા વૃક્ષ વનમાં જઈ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. તે સમયે જ ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે હે નિર્ગ્રન્થો! શ્રમણો! અત્યારે મારા રોગાક્રાન્ત

શરીરના કારણે મારો સિંહ નામનો અંતેવાસી અણગાર શોકાતુર બનીને રડી રહ્યો છે, માટે તમે તેની પાસે જઈને તે સિંહમુનિને મારી પાસે બોલાવી લાવો. આજ્ઞાનુસારે શ્રમણો ત્યાં ગયા અને સિંહને બોલાવીને મહાવીરસ્વામી પાસે લઈ આવ્યા. ભગવંતને ત્રણ પ્રદક્ષિણા કરી વન્દન નમન કર્યા અને સન્મુખ બેસી ગયેલા સિંહમુનિને પ્રભુએ કહ્યું કે, હે સિંહમુનિ! મારા શરીરની દશા જોઈને તને જે દુઃખ થયું છે તે માટે જાણવાનું કે હું છ મહિનામાં મરવાનો નથી પણ તે પછી સાડાપંદર વર્ષ સુધી કેવળી તરીકે જીવતો રહેવાનો છું. તે કારણે બધી ચિંતા છોડ અને મેંઢિક ગ્રામમાં રેવતી નામની ગાથાપત્ની( ધનાઢ્યની પત્ની )ને ત્યાં જઈને મારા માટે બનાવેલા વનસ્પતિ વિશેષ બે કપોત શરીર આધાકર્મી દોષવાળા હોવાથી લેશો નહિ. પણ વાયુનાશક બીજોરાપાક વહોરશો, જેથી હું રોગમુક્ત થઈશ. ભગવંતની આટલી સ્પષ્ટ વાત સાંભળીને હર્ષિત થયેલો સિંહમુનિ મુહપત્તિ આદિ પાત્રોની પ્રતિલેખના ( પડિલેહન ) કરીને રેવતી શ્રાવિકાને ત્યાં ગયો. પોતાને ત્યાં પધારેલ મુનિરાજનો ‘ ધર્મલાભ ’ શબ્દ સાંભળીને ખુશખુશ થયેલી રેવતી વિનયવિવેકપૂર્વક મુનિરાજની સામે સાત–આઠ પગલા સુધી આવી. વન્દના આદિ કરીને આવવાનું કારણ પૂછતાં મુનિરાજે મહાવીરસ્વામીની આજ્ઞા ફરમાવી, અને કેવળજ્ઞાનીના જ્ઞાન પ્રત્યે પૂર્ણ વફાદાર રેવતીએ રસોડામાં જઈને બીજોરાપાકના વાસણને લઈ બહાર આવી અને શુદ્ધ શ્રદ્ધાપૂર્વક તે પાક મુનિરાજના પાત્રમાં વહોરાવતા રેવતી રાજી થઈ, જેનાં કારણે દેવગતિનું આયુષ્ય ઉપાર્જન કર્યું. પાંચ દિવ્ય પ્રગટ થયા, કેવળ પાંચમા દિવ્યમાં એટલું વધારે જાણવાનું કે ‘ રેવતીએ અરિહંતોને દાન આપવાથી પોતાનો

જન્મ અને જીવિત સફળ કર્યાં છે. આ પ્રમાણે દિવ્ય વાણી થઈ.

ગોચરી લઈને સિંહમુનિ ભગવંત પાસે આવ્યા અને 'ઇરિયાવહી' સૂત્રાદિથી આલોચના કરી, લાવેલો આહાર ભગવંતના હાથમાં મૂક્યો અને સર્વથા અમૂર્ચ્છિત ભાવે પરમાત્માએ આહારનો ઉપયોગ કર્યો. ત્યાર પછી ભગવાન રોગરહિત બનીને બળ, ઉત્થાન તથા પુરુષાકારમાં પૂર્વવત્ થયાં, આબાલગોપાલ સૌ જીવો ઘણા જ પ્રસન્ન થયા. ગૌતમસ્વામીજીથી લઈને બધા શ્રમણો, શ્રમણીઓ, શ્રાવક, શ્રાવિકાઓના હૃદય મયૂર પ્રસન્નતાથી નૃત્ય કરતાં થયા, અને જીવમાત્રના ઉપકારી, શરણ રહિત જીવના શરણદાતા ભગવાન મહાવીરસ્વામી પૃથ્વીતલને પવિત્ર કરતા અનેક ભવ્ય જીવોના ઉદ્ધારક બન્યા.

નોંધ : અહિં "दुवेकवोयसरीरा, मज्जारकडए, कुक्कुडमंसए" ઇત્યાદિ શબ્દોના પ્રયોગ વડે સૌને એવો ભ્રમ થઈ શકે છે કે બીમારીના પ્રસંગને લઈ ભગવાન મહાવીરસ્વામીએ માંસનો પ્રયોગ કર્યો હશે? પણ ઘણા સ્થળોએ ભ્રમ એ ભ્રમ જ હોય છે, જેમાં સત્યતા નથી હોતી. હવે આ શબ્દોની મીમાંસામાં જાણવાનું કે, ઉપર્યુક્ત શબ્દો ૨૫૦૦ વર્ષ પહેલાના છે, આજના નથી. તે સમયે આ શબ્દો વનસ્પતિ વિશેષમાં ઉપયુક્ત હતાં.

સંસારમાં સામાન્ય અને વિશેષ વ્યક્તિઓ હોય છે અને તેમનો વ્યવહાર પણ જૂદો જૂદો હોય છે. જ્યારે મહાવીરસ્વામી વિશેષતમ વ્યક્તિત્વના ધારક હોવાથી દયા અને અહિંસાની જ્યાં સીમા પૂર્ણ થાય છે તે દયા ધર્મના તથા અહિંસા ધર્મના

કેવળ ઉપદેશક જ નહીં પણ પાલક પણ હતા, તેથી રોગ-વિશેષમાં પણ યદિ મહાવીરસ્વામીએ માંસનો ઉપયોગ કર્યો હોત તો આજે પણ જૈન ધર્મના અનુયાયીઓમાં માંસનો પ્રચાર જરૂર રહ્યો હોત; ઇતિહાસ સાક્ષી આપે છે કે માંસા-હાર કરનારી ક્ષત્રિય, બ્રાહ્મણ આદિ જાતિઓમાંથી દીક્ષિત–શિક્ષીત થઇને જૈનાચાર્યપદને શોભ.વનારા એક નહીં પણ અનેક આચાર્યો અને મુનિઓ ભૂતપૂર્વમાં થયા છે. પરંતુ તેઓમાંથી પણ કોઇ જૈનાચાર્યે માંસાહાર કર્યો હોય તેવો દાખલો સંસારનો કોઈ પણ માનવ બતાવી શકયો નથી તેથી જાણી શકાય છે કે ભગવાન મહાવીરસ્વામી સંપૂર્ણપણે એટલે કે મન–વચન અને કાયાથી પૂર્ણ અહિંસક હતા. જ્યારે બુદ્ધ-દેવે માંસનો ઉપયોગ કર્યો છે, માટે આજે પણ તેમના અનુ-યાયીઓ માંસાહારી છે, જે પૂરા સંસારને સ્પષ્ટ દેખાઇ રહ્યું છે.

સૌ કોઇને સર્વથા અશકય અને અસહ્ય ઉપસર્ગોને સહન કરનારા ભગવાન મહાવીરસ્વામી માંસનું ભોજન કરે તે કોઇ કાળે પણ બની શકે તેમ નથી, અને તેમ છતાં પણ પ્રસંગાનુ-સારે વાત કરવી હોય તો માંસાહારનું ભોજન સર્વથા ગરમ જ હોય છે, તેમાં પણ કબુતર અને કુકડાઓનું માંસ તો સર્વથા ગરમ છે, ઉષ્ણતાને વધારનારા છે, પિતને ભડકાવનાર છે અને રક્તવિકારનો શામક નહીં પણ વર્ધક છે.

તેજોલેશ્યાના પ્રકોપથી ઉષ્ણતા વધી ગયેલી હોય અને ઝાડામાં લોહી પડતું હોય ત્યારે કોઈ પણ જમાનાનો સર્વથા મૂર્ખ વૈદ્યરાજ પણ કોઇને માંસાહાર કરવાનો આગ્રહ તો દૂર રહ્યો પણ સલાહ દેવાની પણ હિંમત કરતા નથી. આવી સ્થિતિમાં ભગવાન કબુતર અને કુકડાનું માંસ ગોચરીમાં લાવે અને ખાય તે કોઈ કાળે પણ ન બની શકે તેવી હકીકત છે.

બેશક ! એક પ્રાન્તમાં બોલાતા શબ્દનો અર્થ બીજા પ્રાન્તમાં જૂદો હોઇ શકે. જેમકે "ટટ્ટી-કુચા" આદિ શબ્દો ગુજરાત પ્રાન્તમાં બોલી શકાય છે પણ કચ્છ દેશની બાઈ સામે આ શબ્દ બોલવાની હિંમત કરશો નહી, અન્યથા ૨-૪ ગાળો ખાવા સિવાય છૂટકારો નથી. આ જ પ્રમાણે 'કપોત' જેમ કબુતરનો વાચક છે તે કપોતને કોળું પણ કહે છે. કુકડ શબ્દ જેમ કુકડાનો વાચક છે તેમ તેનો અર્થ બીજોરો પણ છે. અને હું જો ન ભૂલતો હોઉં તો પંજાબમાં કૂકડીને 'મકાઈ' પણ કહે છે.

આ કારણે શબ્દોનો પ્રયોગ ગમે તે રીતે થયો હોય તો પણ પ્રકરણ ઇતિહાસ અને વ્યક્તિ વિશેષને લઇને જ તેનો અર્થ કરવાનો હોય છે.

મહાવીરસ્વામી દયાની મૂર્તિ છે, અહિંસાના પૂર્ણાવતારી છે, કીટ-કીડી, મચ્છર આદિ ક્ષુદ્ર જંતુઓના પણ રક્ષક છે. ધ્યાનાવસ્થામાં પોતાના એકેય અંગને ચલિત કરનારા નથી, ચાલતી વખતે પણ સાડા ત્રણ હાથની અતિરિક્ત કયાંય પણ નજર કરનારા નથી તેવા ભગવાનને પૂર્વભવના અસાતા વેદનીયના કારણે દાહજ્વર થયો હોય ત્યારે ઠંડા ઉપચાર વિના બીજો એકેય ઉપચાર કામમાં આવતો નથી. માટે કપોત એટલે કોળું જે આજે પણ આગ્રા, દિલ્હી, શિવપુરી જેવા ઉષ્ણ દેશોમાં તેમાંથી બનેલા પેઠા ખાવાનો રિવાજ છે, જે ઠંડા હોય છે, તેવી રીતે બીજોરું પણ ઠંડુ છે. આ વિષય ઉપર ભૂતકાળમાં ઘણી ચર્ચા થઇ ગઇ છે, માટે આટલામાં જ સમાપ્ત કરી હવે આગળ વધીએ.

## સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર મુનિઓની ગતિવક્તવ્યતા :

ગૌતમસ્વામીજીના પૂછવાથી ભગવંતે કહ્યું કે, ગોશાળાની તેજોલેશ્યાથી ભસ્મીભૂત થયેલા સર્વાનુભૂતિ મુનિરાજ કાળધર્મ પામીને સૂર્ય તથા ચંદ્રના દેવવિમાનોનું ઉલ્લંઘન કરીને આઠમા દેવલોકમાં ઉત્પન્ન થયા છે. જ્યાં અઢાર સાગરોપમની સ્થિતિ છે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મીને દીક્ષા લેશે અને સિદ્ધ બુદ્ધ યાવત્ મોક્ષમાં જશે.

સુનક્ષત્ર મુનિરાજ તેજોલેશ્યાથી દગ્ધ થઈ મારી પાસે આવ્યા અને મહાવ્રતોનું પુનરૂચ્ચારણ કર્યું, તથા સૌની સાથે ક્ષમાયાચના કરીને બારમા અચ્યુત દેવલોકમાં બાવીસ સાગરોપમની સ્થિતિવાળા દેવ થયા છે. ત્યાંથી મહાવિદેહમાં જઈ દીક્ષિત અને શીક્ષિત થઈ કર્મોનો ક્ષય કરીને મોક્ષ મેળવશે.

## ગોશાળાની ગતિની વક્તવ્યતા :

હે પ્રભો ! આપ શ્રીમાનનો અંતેવાસી કુશિષ્ય ગોશાળો મરીને ક્યાં ગયો હશે ? હે ગૌતમ ! શ્રમણઘાતક, શ્રમણ-સંસ્થાનો પ્રત્યનીક મારો કુશિષ્ય ગોશાળો બાવીસ સાગરોપમની સ્થિતિવાળો અચ્યુતદેવ થયો છે. ત્યાંથી ચ્યવીને આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં વિન્ધ્યાચલની આસપાસ તળેટીમાં પુંડ્રક દેશના શતદ્વાર નગરમાં સંમૂર્તિ રાજાની ભદ્રા રાણીની કુક્ષિમાં પુત્ર રૂપે ઉત્પન્ન થશે, નવ મહિના સાડાસાત દિવસ પૂરા થયે તેનો જન્મ થશે અને પદ્મ તથા રત્નોની વૃષ્ટિ થશે. તે અનુસારે તે કુમાર(ગત ભવનો ગોશાળો)નું નામ 'મહાપદ્મ'

રાખવામાં આવશે. સારા મુહૂર્તે તેનો રાજ્યાભિષેક થયા પછી તે હિમવાન પર્વત જેવો શૂરવીર થશે અને પૂર્ણભદ્ર તથા મણિભદ્ર નામના બે દેવતાઓ તે રાજાની સેનાનું સંચાલન કરનારા થશે. આ વાતની ખબર જ્યારે જનતાને પડશે ત્યારે બધી જનતા મળીને તે રાજાનું બીજું નામ 'દેવસેન' રાખશે અને તે નામે જ તેની પ્રસિદ્ધિ થશે. ત્યારપછી ચાર દંતશૂલ-વાળો શંખ જેવા ઉજ્જવળ એક હાથીની પ્રાપ્તિ થશે અને તે પર બેસીને તે રાજા હરશે ફરશે અને તેમ કરતાં તે વધારે દીપી ઊઠશે. ત્યારે જનતા મળીને તેનું ત્રીજું નામ 'વિમલ-વાહન' (પહેલા ભવનો ગોશાળો) નામે સંબોધાશે.

પોતાના ગત ભવમાં માયાના શેતાન નશામાં ચકચૂર થઈને સેવેલો, વધારેલો અને નિકાચિત કરેલો મિથ્યાત્વમોહનીય કર્મનો ઉદય, વિમલવાહન રાજાના અવતારમાં જેમ જેમ આવતો જશે, વધતો જશે તેમ તેમ તે રાજા જૈન મુનિઓનો નિંદક બનશે. તેમની મશ્કરી કરનારો થશે, તેમને ધિક્કારતો જશે, તેમના ગમન–આગમનમાં અંતરાયો ઉભા કરશે, કેટલાક મુનિઓના શરીર તથા અંગોપાંગોનું છેદન કરશે, મારી નખાવશે, કેટલાકના વસ્ત્ર–પાત્ર–કપડા આદિ લૂંટી જશે, ચોરી જશે, તે વસ્તુઓને ફાડી નાખશે, તોડી નાખશે અને કેટલાક મુનિઓને નગર બહાર કરવા માટેના હુકમો કરશે, દેશ બહાર કાઢશે. આ બધી હકીકતોને જોયા પછી જનતામાં ભારે રોષ થશે અને બધા આગેવાનો ભેગા મળીને રાજાને મળશે અને સવિનય વિનંતી કરશે કે હે રાજન્! પરમ પવિત્ર મુનિઓ સાથે અભદ્ર, અસભ્ય અને હિંસક વ્યવહાર તમારે ન કરવો જોઈએ, કેમકે કલ્યાણ–મંગળ એવા મુનિઓને સંતાપવામાં પોતાનું કલ્યાણ અને મંગળ હણાઈ જાય છે; પણ મિથ્યાત્વનો તાવ

એટલો બધો જબરદસ્ત હતો જેનાથી તે રાજા કેવળ વ્યવહાર પૂરતો બોલ્યો કે તમારી વાત સાચી છે અને હવે તેમ નહીં કરૂં.

તે કાળે તે સમયે વિમલનાથ અર્હંતના પ્રશિષ્ય, જાતિ-સંમ્પન્ન, છઠ્ઠને પારણે છઠ્ઠ કરનાર, મતિ–શ્રુત અને અવધિ-જ્ઞાનના સ્વામી, તેજોલેશ્યાને પ્રાપ્ત કરેલા 'સુમંગળ' નામના મુનિરાજ બાહ્યોદ્યાનમાં આતાપના લઇને વિહરે છે. તે સમયે વિમલરાજાની સવારી ત્યાંથી જઈ રહી હતી અને મુનિ પર રાજાની નજર પડી. રોષે ભરાયેલા રાજાએ રથના અગ્રભાગની જોરદાર ઠોકર મુનિને લગાડીને મુનિને નીચે પાડી દીધા. માંડ-માંડ ઊભા થયેલા મુનિને બીજી વાર ઠોકર લગાડીને પાડ્યાં ત્યારે ઊભા થયેલા મુનિરાજે પોતાના અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકયો અને સત્યાર્થ જાણીને મુનિએ રાજાને કહ્યું કે તમે વિમલ કે દેવસેન રાજા નથી, પણ ગતભવમાં મુનિઓના હત્યારા ગોશાળા નામે મહાવીરસ્વામીના શિષ્ય હતા, જે સમયે તમે સુનક્ષત્ર અને સર્વાનુભૂતિ જેવા પરમ તપસ્વી મુનિઓને તેજોલેશ્યાથી દગ્ધ કર્યા પણ મુનિઓ તમારા પ્રત્યે રુષ્ટ થયા નથી. પરંતુ હું તમને, રથને અને ઘોડાઓને તથા સારથિને તેજોલેશ્યાથી ભસ્મ્ કર્યા વિના રહીશ નહિ. મુનિની વાત સાંભળીને રોષે ભરાયેલા રાજા ત્રીજી વાર મુનિને ઠોકર મારી પાડી નાખશે, માંડમાંડ ઉભા થયેલા તે મુનિ પોતાની તેજોલેશ્યાથી તે બધાઓને બાળીને ખાખ કરશે, ત્યાર પછી મુનિ સ્વસ્થ થઇને પશ્ચાતાપ કરતા પોતે વિશેષ પ્રકારે તપમાર્ગે ચડી, છઠ્ઠ, અઠ્ઠમ, દશ ઉપવાસો વડે આત્માને ભાવિત કરી અનશન આદરશે અને ૬૦ ટંકનું ભોજન ત્યાગીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં જશે, ત્યાંથી મહાવિદેહ જશે અને પરિનિર્વાણ પામશે.

## પછી ગોશાળો મરીને ક્યાં જશે ?

ગૌતમસ્વામીના પૂછવાથી યથાર્થવાદી, ભગવંતે કહ્યું કે મુનિઓનો તથા જૈન શાસનનો દ્રોહી-ઘાતક તે વિમલવાહન રાજા ( ગોશાળો ) મરીને હે ગૌતમ ! સાતમી નરકભૂમિમાં ઉત્પન્ન થશે, જ્યાં ભયંકર વેદનાઓ ભોગવી માછલાના અવતારને પામશે, ત્યાં પણ કસાઇઓના હાથે શસ્ત્રઘાતથી મરીને પુનઃ સાતમી નરકે જશે. પાછો મત્સ્યાવતારને પામી શસ્ત્રઘાતે વિના મોતે મરીને છઠ્ઠી નરકે જશે. ત્યાંથી નીકળીને સ્ત્રીનો અવતાર પામશે. ત્યાં પણ બીજાઓનાં શસ્ત્ર, દંડા આદિથી યાવત્ અસહ્ય દાહપીડાથી મરણ પામી પાંચમી નરકભૂમિમાં જશે. ત્યાંથી સર્પના અવતાર પામશે, જ્યાં બીજાઓના ડંડા ખાઈ, વિના મોતે મરીને ધૂમપ્રભા નરકમાં જશે. પુનઃ સર્પના અવતારને પામી, પાછો ચોથી નરકે જશે, ત્યાંથી અનુક્રમે સિંહાવતાર, ચોથી નરક, કુર્માવતાર ( કાચબો ), બીજી નરક, સર્પાવતાર, પહેલી નરકભૂમિ, ત્યાંથી નીકળીને સંજ્ઞી અવતાર પામશે, જ્યાં શસ્ત્રવધ, દાહ પીડામાં કાળ કરી અસંજ્ઞી જન્મને મેળવશે. ત્યાંથી પ્રથમ નરકમાં જશે, ત્યાંથી પાછો લાખોવાર પક્ષીનો જન્મ લેશે, પ્રત્યેક સ્થળે શિકારીઓની બંદુક, ડંડાનો માર, ગોફણ કે તીરથી મૃત્યુ થશે, પછી ભુજપરિસર્પનું જીવન લાખોવાર મેળવશે, પશુઓના અવતાર પણ લાખોવાર મેળવશે; પછી કાચબા, મત્સ્ય અને ગ્રાહ આદિના જન્મો પણ લાખોવાર કરશે, સર્વત્ર વિના મોતે બીજાઓથી મૃત્યુ પામશે. ચતુરિન્દ્રિય, ત્રીન્દ્રિય, દ્વીન્દ્રિય આદિના જૂદા જૂદા અવતારો પણ લાખો વાર કરાશે, ત્યારપછી રાજગૃહીનગરીમાં વેશ્યાને ત્યાં અવતાર પામશે, ત્યાં પણ લુચ્ચા, ગુંડા આદિના હાથે મરી વિન્ધ્યાચલની

તળેટીમાં 'બેભેલ' સન્નિવેશમાં બ્રાહ્મણને ત્યાં કન્યારૂપે જન્મ લેશે. યુવાવસ્થામાં આવતાં તે કન્યાને સારા માણસ સાથે, કરિયાવર પૂર્વક પરણાવી દેવામાં આવશે, જ્યારે તે ગર્ભવતી બનશે ત્યારે પીયરથી આવેલા ભાઇ સાથે પોતાના પીયર જતી તે સ્ત્રી (ગોશાળાનો જીવાત્મા)ને જંગલમાં લાગેલો અને ભડકેલો દાહ સતાવશે અને અગ્નિમાં, બેમોતે રીબાઈ રીબાઇને મરીને અગ્નિકુમારમાં દેવપર્યાયને મેળવશે. ત્યાંથી મનુષ્યાવતારમાં સમ્યગ્દર્શન મેળવવા માટે ભાગ્યશાળી બનશે અને દીક્ષા લેશે, પણ ચારિત્ર મોહનીયની તીવ્રતાના કારણે સંયમની વિરાધના કરશે અને અસુરકુમાર પુનઃ મનુષ્ય–દીક્ષા સંયમ–વિરાધનામાં મરીને દક્ષિણ દિશાના નાગકુમાર દેવપર્યાયને મેળવશે. પુનઃ મનુષ્ય, સંયમ–વિરાધના, સુપર્ણ દેવપર્યાય, ફરીથી મનુષ્ય, સંયમ વિરાધના અને વિદ્યુત્કુમાર દેવ અને મનુષ્ય અવતારોમાં ઘણો લાંબો કાળ પૂર્ણ કરશે અને ત્યારપછી શ્રમણધર્મની વિરાધનાથી બચશે ત્યારે સૌધર્મ દેવલોકનો પર્યાય મેળવશે. પુનઃ મનુષ્ય અવતાર, સમ્યક્ત્વ અને શ્રમણધર્મની શુદ્ધ આરાધના કરી સનત્કુમારત્વ મેળવશે. આ પ્રમાણે ઠેઠ આરણ દેવલોક સુધી સમજવું. ફરી મનુષ્ય અને સર્વાર્થસિદ્ધ વિમાન, ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ધનાઢ્ય દિપ્ત, અને કોઈનાથી પણ ગાંજ્યો ન જાય તેવા કુળપુત્ર રૂપે અવતરશે. ત્યાં પૂર્વભવોની અનુભુતિ થતાં શ્રમણધર્મ સ્વીકારીને તે સમયે તે સૌની સામે એમ કહેશે કે હે 'આર્યો! હું પહેલા કોઈક ભવમાં ગોશાળા નામે હતો જ્યાં શ્રમણ હત્યારો, મુનિઓનો નિંદક બન્યો હતો અને છદ્મસ્થાવસ્થામાં રીબાઇ રીબાઇને મરણ પામી ઘણો લાંબો સંસાર મારા ભાગ્યે લખાણો હતો. માટે હે ભાગ્યશાળીઓ! તમે કોઈપણ કાળે જૈન શાસનના આચાર્યોના–મુનિઓના વૈરી–વિરોધી–નિંદક બનશો નહિ અને કોઈ

પણ મુનિની મશ્કરી-અવહેલના-તિરસ્કાર પણ કરશો નહિ, અને દૃઢપ્રતિજ્ઞ નામના કેવળી (ગોશાળાનો ભવ) કર્મોનો ક્ષય કરીને નિર્વાણ પામ્યા.

નોંધ:-અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-પંન્યાસ-મુનિ-સાધ્વી, જૈન પ્રવચન અને સંઘ આદિ જંગમ તીર્થ છે, જ્યારે શંત્રુજય-સમ્મેતશિખર આદિ સ્થાવર તીર્થો છે. કોઈક સમયે મુખ્યરૂપે અને બીજા સમયે ગૌણરૂપે અથવા અમુક જીવને મુખ્યરૂપે અને અમુક જીવને ગૌણરૂપે આ બંને તીર્થો આત્મ-કલ્યાણ કરાવનારા, આશ્રવમાર્ગનો ત્યાગ કરાવીને સંવરધર્મને મેળવનારા યાવત્ સર્વે કર્મોનો સમૂળ ક્ષય કરાવીને મોક્ષની પ્રાપ્તિમાં પણ જૈન તીર્થ સિવાય બીજું એકેય સાધન નથી.

### શુદ્ધ અને સમ્યક્ત્વથી વાસિત :

મન-વચન અને કાયા જેમ આરાધના માટે સાધન છે, તેમ મિથ્યાત્વ મોહ-કષાય અને પુરુષ વેદાદિ કારણોથી બગાડી દીધેલા મન વચનાદિ વિરાધનાના જ કારણ બને છે.

ગોશાળો વિદ્વાન હતો, તીર્થંકર પરમાત્માનો શિષ્ય અને કેટલાય વર્ષો સુધી અરિહંતદેવની સાથે જ રહ્યો હતો, પણ લાયકાત કેળવ્યા વિનાનો મુનિ અરિહંતોના મહાવ્રતોને આત્મ-સાત્ કરી શક્યો નથી, માટે મહાવીરસ્વામી પ્રત્યે બાહ્ય અને આંતર રાગ વિનાનો ગોશાળો હૈયાનો કઠોર, ક્રૂર અને કોરા-ધાકોર જેવો જ રહેવા પામ્યો અને જેમ જેમ દિવસો વધતા ગયા તેમ તેમ તેનાં જીવનમાં કૃષ્ણલેશ્યા પણ મર્યાદાતીત થઈ. પરિણામે—

(૧) અષ્ટ પ્રવચન માતાના બદલામાં ધમાધમ–આડંબર અને મિથ્યા પ્રતિષ્ઠાનું જોર વધતું ગયું.

(૨) દયાદેવીની આરાધનાના સ્થાને હિંસકવૃત્તિ અને પ્રવૃત્તિના તાંડવ નૃત્યો જોર પકડતા ગયા.

(૩) સત્યદેવની જગ્યા જૂઠ–પ્રપંચ–માયા અને ગૂઢતા તથા ધૃષ્ટતા વધતી ગઈ.

(૪) બ્રહ્મચર્ય ધર્મના બદલે શબ્દ–રસ–ગંધ અને સ્પર્શની પરિચારણાનો ઉદ્ભવ થયો.

માટે જ વાતે વાતે તીર્થંકરદેવની આશાતના તે કરતો ગયો, વધારતો ગયો અને નિધ્વંસપરિણામી બન્યો.

ફળ સ્વરૂપે જ્ઞાનાવરણીયાદિ સાતે કર્મો નિકાચિત કરતો ગયો અને અશાતાવેદનીય કર્મના અનંતાનંત પરમાણુઓનો સ્વામી બન્યો.

માટે જ ભાવદયાના સ્વામી, સત્યોપદેષ્ટા વીરવિજયજી મહારાજ પૂજાની ઢાળમાં સૌને ઉપદેશ આપતાં કહી રહ્યાં છે કે

" તીરથની આશાતના નવી કરિયે, નવી કરિયે રે નવી કરિયે....
તીરથની આશાતના કરતા થકા ધનહાણી, ભૂખ્યા ન મળે અન્નપાણી

કાયા વળી રોગે ભરાણી, આ ભવમાં એમ....તીરથની૦

પરભવ પરમાધામીને વશ પડશે, વૈતરણીમાં ભલશે;
અગ્નિને કુંડે બળશે, નહી શરણું કોય....તીરથની૦ "

સારાંશ કે ગોશાળાએ ભાવતીર્થ સ્વરૂપ શ્રી તીર્થંકરદેવોની, તેમના મુનિઓની આશાતના કરી અને લાખો, કરોડો, અબજો ભવો તેના બગડવા પામ્યા છે. નરકમાં પરમાધામીઓના ડંડા ખાતાં, વૈતરણીના ભયંકર દુઃખો ભોગવતાં, અસહ્ય વેદનાઓ તે ભોગવી શકયો હતો, પશુ પક્ષીઓના અવતારમાં કે સ્ત્રી અવતારમાં બીજાના હાથે વિના મોતે મરતો, સિંહાદિ અવતારોમાં ક્રૂર બનીને કેટલાય જીવોનો ઘાતક બનીને બીજાઓના હાથે મર્યો છે. વિકલેન્દ્રિય અવતારમાં બીજાઓના પગે, લાતે, હાથે ચગદાતાં, કચડાતાં કયાંય પણ શાતા ભોગવ્યા વિનાનો પ્રત્યેક ભવોમાં ભૂખ-તરસ-ઠંડી-ગરમીને સહન કરતો માખી મચ્છરમાં ઠામ ઠરીને બેઠો નથી, શાતા ભોગવી નથી અને સંસારના સુખોથી દૂરને દૂર જ રહ્યો છે. પાછળના ભવોમાં યદ્યપિ દીક્ષિત થયો છે તો પણ સંયમની આરાધનાના બદલે વિરાધના કરી છે. તેથી દેવલોકમાં પણ માનસિક સુખ-શાંતિ અને સમાધિ મેળવી શકયો નથી. આ પ્રમાણે ગોશાળાનું જીવન સ્પષ્ટ છે. મૂળસૂત્રમાં વિસ્તારથી છે. મેં સંક્ષેપી લીધું છે.

**શતક ૧૫ નો ઉદ્દેશો પહેલો પૂર્ણ.**

જગત્પૂજ્ય, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય-નવયુગપ્રવર્તક-ઉપરિયાલાદિ તીર્થોદ્ધારક-પાલીતાણા યશોવિજયજી જૈન ગુરુકુલાદિ અનેક સંસ્થાના સ્થાપક, સ્થળે સ્થળે પાંજરાપોળ આદિ સંસ્થાઓ દ્વારા મૂક પ્રાણીઓના જીવન રક્ષક ૧૦૦૮ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. (કાશીવાલા)ના શિષ્ય શાસન-

દીપક મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મ.ના શિષ્ય, ન્યાય, વ્યા. કા.ના તીર્થ પંન્યાસ શ્રી પૂર્ણાનંદવિજયજી મ. (કુમારશ્રમણ) પોતાના મતિજ્ઞાનના વિકાસ સાથે શ્રુતજ્ઞાનના સંસ્કારથી યથામતિએ ભગવતીસૂત્રનું ૧૫મું શતક પૂર્ણ કર્યું છે.

"सर्वे जीवा जैनत्वं प्राप्नुयुः"
"संयमाराधका। जैनत्वस्य आशातनां त्यजेयुः"
शुभं भूयात् सर्वेषां जीवानाम्

## શતક ૧૫મું પૂર્ણ



# શતક ૧૬ મું : ઉદ્દેશક—૧

**ઉપક્રમ :**

૧૪ ઉદ્દેશાઓ સાથેનું ૧૬મું શતક રાજગૃહી નગરીમાં ચર્ચાયું છે. જેમાં અધિકરણી, જરા, કર્મ, યાવતિક, ગંગદત, સ્વપ્નાઓ, યોગ, લોક, બલિઅવધિ, દ્વીપ અને દિશા આદિના પ્રકરણો છે.

**અધિકરણી :** લોખંડની બનેલી હોય છે. જેના ઉપર લુહાર ગરમા ગરમ થયેલા લોખંડને મૂકીને હથોડાથી ટીપે છે, તેને અધિકરણી કહેવાય છે. પ્રશ્નનો હાર્દ એ છે કે હે પ્રભો! લાલ સુરખ ( ગરમા ગરમ ) થયેલા લોખંડને એરણ ઉપર ( અધિકરણી ઉપર ) મૂકીને લુહાર હથોડાથી કે ઘનથી ટીપે છે, તે સમયે એરણ ઉપર વાયુકાયની ઉત્પત્તિ થાય છે?

જવાબમાં ભગવંતે કહ્યું કે, ગૌતમ! તે સમયે હથોડાના ઝપાટાથી વાયુકાય ઉત્પન્ન થાય છે. ઉત્પત્તિ સમયે અચેતન તે વાયુ પછીથી સચેતન બને છે અને હથોડા આદિના શસ્ત્રથી સ્પૃષ્ટ થઇને મૃત્યુને પામે છે, પણ સ્પૃષ્ટ થયા વિના મરતો નથી. વાયુકાયમાંથી મરતો તે વાયુકાય શરીર સાથે અને શરીર વિના પણ મરે છે. જ્યાં સુધી જીવ મોક્ષમાં ન જાય ત્યાં સુધી તૈજસ અને કાર્મણ શરીરનું સાહચર્ય હોવાથી સશરીર મરે છે અને ઔદારિક આદિ શરીર વિના મરે છે, માટે અશરીર મૃત્યુ પામે છે, સારાંશ કે બીજી ગતિમાં જતો જીવાત્મા શરીરી જ કહેવાય છે અને બીજી અપેક્ષાએ અશરીરી છે.

## અગ્નિકાય માટેની વક્તવ્યતા :

ગૌતમસ્વામીના પૂછવાથી ભગવંતે કહ્યું કે હે ગૌતમ! અંગારીકા એટલે સગડી આદિમાં જે અગ્નિ હોય છે તે જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ત્રણ અહોરાત્ર સુધી રહે છે. ત્યાર પછી તે અચેતન થાય છે. એટલું વધારે જાણવું કે કોઈ પણ સ્થળે વાયુકાય વિના અગ્નિકાય એકાકી રહી શકતો નથી, કેમકે વાયુકાય ભક્ષ્ય છે અને અગ્નિ ભક્ષક છે. આ સૂત્રથી સિદ્ધ થાય છે કે ગમે તે વાયુ કે અગ્નિ હોય તે સચિત (સચેતન) હોય છે. માટે જ કહેવાયું છે કે વાયુકાય વિના અગ્નિકાય પ્રજ્વલિત રહેતો નથી.

ભઠ્ઠીમાં તપ્તલોહને ફેરવનારને શું ક્રિયાઓ લાગે છે? હે પ્રભો! અંગારાથી ભરેલી ભઠ્ઠીમાં ઘાટ ઘડવા માટે નાખેલો લોખંડ જે તપીને લાલ સુરખ થઈ ગયેલો છે એટલે કે લોખંડમાં આકાશાસ્તિકાયના પ્રદેશો હોવાથી અને આકાશ સૌને અવગાહના (અવકાશ) દેવાવાળો હોવાથી અગ્નિ જ્યારે લોખંડના અણુઅણુમાં પ્રવેશ કરે છે, ત્યાર પછી કોઈ પુરુષ ચીમટાથી-સાણસાથી તે લોખંડને ભઠ્ઠીમાં ઊંચે નીચે ફેરવે છે. તે સમયે ફેરવનારને કાયિકી-અધિકરણીકી-પ્રાદ્વેષિકી-પારિતાપનિકી અને પ્રાણાતિપાતિકી પાંચે ક્રિયાઓ લાગુ પડે છે?

સમવસરણમાં બેઠેલાઓને તથા આગમશાસ્ત્ર વડે જીવમાત્રને હિંસાદિ પાપોને સૂક્ષ્મતાથી સમજાવતાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ! તે સમયે લુહાર પાસે નીચે લખેલા ઉપકરણો હોય છે. અગ્નિની ભઠ્ઠી, સાણસો, આગલો ભાગ વળેલો હોય તેવો સળીયો, ધમણ, પાણીની કુંડી અને લોહશાળા (મકાન)

આદિ છે. આ બધા જુદા જુદા જીવોના શેષ રહેલા પુદ્ગલોથી બનેલા હોય છે, જેમકે ભઠ્ઠી અને પાણીની કુંડી પૃથ્વીકાયિક પુદ્ગલોથી બની છે, સાણસો, સળીઓ, એરણ, હથોડો આદિ પૃથ્વીકાયાન્તર્ગત લોહધાતુથી બન્યા છે, ધમણ કોઈ પંચેન્દ્રિય પશુના ચામડાની બની છે. ઇત્યાદિક બધી વસ્તુઓના નિર્માણમાં તે પદાર્થો જીવોના પુદ્ગલો જ છે કેમકે પુદ્ગલ માત્ર જીવથી ત્યજાયેલું હોય છે પ્રશ્નનો હાર્દ આ પ્રમાણે છે કે લુહારની ભઠ્ઠીમાં પડેલા લોખંડને સાણસા કે સળીયા વડે ફેરવનારને પાંચે ક્રિયાઓ લાગે છે, તેવી રીતે ભઠ્ઠી, સાણસો આદિ પુદ્ગલો જે જીવોના શેષ રહ્યાં હશે તે જીવાત્માઓ અત્યારે ચાર ગતિમાં ગમે ત્યાં હશે, તેમને પણ પાંચે ક્રિયાઓ લાગ્યા વિના રહેતી નથી.

નોંધ—આ વિષયને લગતો વિસ્તાર પહેલા અને બીજા ભાગમાં ચર્ચાઈ ગયો છે, ભાવ એક જ છે કે હિંસા—અહિંસાનું આટલું ઊંડું તત્ત્વજ્ઞાન જૈન શાસન સિવાય બીજે ક્યાંય નથી, માટે તીર્થંકરદેવ યોગીઓના, મહાતપસ્વીઓના મહાજ્ઞાનીઓના તેમજ મહાપંડિતોના પણ નાથ છે, સ્વામી છે, સેવ્ય પૂજ્ય છે અને સદૈવ આરાધ્ય છે.

પાપો અને પાપસ્થાનકો અનંતાનંત હોવા છતાં તે બધાઓનો સમાવેશ તીર્થંકર પરમાત્માઓએ ૧૮ની સંખ્યામાં કર્યો હોવાથી પાપસ્થાનક ૧૮ કહેવાય છે. તેમાં પણ સૌથી મોટામાં મોટું પાપ 'મિથ્યાત્વ'નામનું છે, જેનાં કારણે અજ્ઞાન ગ્રંથિઓનું છેદન નહીં થયેલું હોવાથી જીવાત્માને ગમે ત્યાંથી ગમે તે પ્રસંગે, કે નિમિતે, અથવા નિમિતો વિના પણ બીજા બધાએ પાપસ્થાનકોનું સેવન કરતાં વાર લાગતી નથી.

નિમિત મળે તો પાપો તરફ નજર જાય તે સ્વાભાવિક છે. પરંતુ નિમિત ન હોય ત્યારે પાપ શી રીતે લાગે? જવાબમાં જૈન શાસન કહે છે કે અનંત સંસારમાં રખડતાં અને અગણિત શરીરોને ધારણ કરતાં જીવાત્માએ અનંતાનંત પાપો કર્યા છે, તે બધાઓના સંસ્કારો તે આત્મા ઉપર પડેલા છે. આ પ્રમાણે અશુભ કર્મોના બધાએ સંસ્કારોને સાથે લઈ ફરનારા આત્માને કોઇપણ ભવમાં તે સંસ્કારોની યાદ આવ્યા વિના રહેવાની નથી, કારણ કે જે કાંઈ પાપો કર્યા છે તે જાણકારી-પૂર્વક નિર્ધ્વંસ પરિણામથી મન–વચન–કાયાવડે કરાયેલા હોય છે. તે કારણે જે જીવાત્માને વૈરાગ્ય થયો નથી તેના માટે ભવભવાંતરથી ઉઘાડેલા પાપોના દ્વાર આજે એટલે આ ભવમાં પણ ઉઘડેલા જ છે. માટે જીવાત્માને પાપોનું સેવન કરતાં, ભોગવતાં અને તે માટેના પ્રયત્નો કરતાં કેટલી વાર લાગવાની હતી?

પ્રશ્નોત્તરનું હાર્દ એટલું જ છે કે જ્યાં સુધી જીવાત્મા જાણીને જ્ઞાન વૈરાગ્યપૂર્વક, પાપોને પાપ સમજીને તેમનાં દ્વાર બંધ ન કરે ત્યાં સુધી તે સાધક ભમે તેવી સ્થિતિમાં વિદ્યમાન છતાં પણ પાપોના ઉપાર્જનથી અટકી શકે નહી. આ પ્રશ્નોત્તર કેવળ લુહાર સંબંધી જ છે, પરંતુ ઉપચારથી સુતાર, ધોબી, માળી, ઘાંચી, મોચી, ભંગી, કોળી આદિ અસંખ્યાત અવતારો પણ સમજી લેવાના છે, તથા કરેલા કે કરાવેલા કરતાં પણ અનુમોદેલા પાપો પણ આત્માને ભયંકર નુકશાનકારક હોય છે.

પોતાના આત્મા સાથે વિરતિનું પરિણમન નહી કરનારા દ્રવ્યવિરતિધરો પૌષધ કે પ્રતિક્રમણમાં બેઠેલા હોવા છતાં પણ ઘણીવાર ન જણાય, ન અનુભવાય તેવા પાપોની અનુમોદના કરતા જ હોય છે. જેમ કે “ વર્ષાદ પાણી કેવા સરસ ? ફલાણા

ભાઈએ આમ કર્યું તે સારૂં થયું, સોના–ચાંદીના ભાવો થોડા મંદા પડે તો હું પણ મંદીનો દાવ રમતો જાઉં. બેશક! દેશવિરતિધરને "न करेमि न कारवेमि"ની મર્યાદા હોવાથી પોતાના અનિવાર્ય કાર્યોની કે કારણોની અનુમોદના તે છોડી શકતો નથી, તો પણ સર્વથા નિરર્થક, હિંસક, આર્તધ્યાન કે રૌદ્રધ્યાનને વધારનારા કાર્યોની અનુમોદના શા માટે?

આ કારણે જ કહેવાયું છે કે ભાવ વિરતિના અભાવમાં પાપોના દ્વાર ઉઘાડા જ રહેવા પામશે, તે માટે ભાગ્યશાળી સાધકે ગુરુકુળવાસ, સ્વાધ્યાય, તપ, ત્યાગ, જ્ઞાન, ધ્યાન, જાપ આદિ સદનુષ્ઠાનોથી ભાવેન્દ્રિયોને તથા ભાવ મનને–સંયમિત કરવા માટે જ ભગીરથ પુરુષાર્થ કરવો હિતાવહ છે.

## જીવ અધિકરણી છે?
## અધિકરણ સ્વરૂપ છે?

પાંચ ક્રિયાની જે પ્રરૂપણા કરી છે તેમાંથી બીજી અધિકરણી ક્રિયા ત્યારે જ બની શકશે કે જ્યારે અધિકરણી અને અધિકરણ વિદ્યમાન હોય; માટે ગૌતમસ્વામી પૂછે છે કે હે પ્રભો! જીવ શું અધિકરણી છે? અધિકરણ સ્વરૂપ છે? જવાબમાં ભગવંતે 'હા' કહી અને કારણ આપતાં કહ્યું કે અવિરતિના કારણે જીવ અધિકરણી અને અધિકરણ સ્વરૂપ એટલે સ્વયં અધિકરણ રૂપ છે. 'अधिक्रियतेऽनेनेति-अधिकरणम्' જેનાથી આત્મા દુર્ગતિ તરફ જવાવાળો થાય તે અધિકરણ બે પ્રકારે છે.

(૧) શરીર અને ઇન્દ્રિયોને આંતર અધિકરણ કહેવાય છે.

(૨) શસ્ત્રાદિ બાહ્ય અધિકરણ છે.

ભવાંતરમાં ભોગવાઈ ગયેલા અને ચાલુ ભવમાં ભોગ્ય કર્મોની ઉપસ્થિતિ દ્વારા ઉપાર્જિત પાપોમાંથી વિરતિ કર્યા વિનાના માનવનું શરીર અને ઇન્દ્રિયો જ અધિકરણ સ્વરૂપ બનતાં તે સાધકને બાહ્ય સાધનો પણ અધિકરણ રૂપે જ બનવા પામે છે. યદ્યપિ આધાર અને આધેયના સંબંધવાળા ઘટવાન્ અને ઘટ જેમ જુદા છે તેમ અધિકરણી આધેય છે અને અધિકરણ આધાર હોવાથી બંનેમાં ઐકરુપ્ય (સમાનાધિકરણ) બનતું નથી માટે સૂત્રકારે "अविरई पडुच्च" એટલે કે અવિરતિને આશ્રય કરીને બંનેમાં ઐકરુપ્યે એવી રીતે બનશે કે જે અવિરતિ છે તે અધિકરણી છે અને અધિકરણ સ્વરૂપ છે. આનાથી વિપરિત જે ભાગ્યશાળીએ પાપોની વિરતિ કરી છે તેમનું શરીર ઇન્દ્રિયો તથા બાહ્ય સાધનો પણ ઉપકરણ સ્વરૂપ બને છે 'उपक्रियतेऽनेनात्माइति उपकरणम्" અર્થાત્ શરીરાદિ ધર્મના સાધક બને છે. આ પ્રમાણે નરકથી વૈમાનિક સુધીના જીવોમાં પણ સમજવું.

## જીવ સાધિકરણી છે? કે નથી?

પ્રશ્નનો આશય આ પ્રમાણે છે. યદ્યપિ તે તે પદાર્થો હજી શરીર સાથે સંબંધિત થયા નથી હોતા છતાં પણ માણસ જેમ ધનવાન્, ગોમાન્, સ્ત્રીવાન્, પુત્રવાન્ આદિ કહેવાય છે. આમાં ધન, ગાય, સ્ત્રી કે પુત્ર હજી દૂર છે, તો પણ જીવ તદ્વાન્ કહેવાય છે. તેવી રીતે જીવ શું સાધિકરણી છે? કે અધિકરણી વિનાનો છે?

જવાબમાં ભગવંતે કહ્યું કે, હે ગૌતમ! જીવ સદૈવ સાધિકરણ જ છે. કેમકે નિયત સાહચર્યવાળા શરીર અને

ઇન્દ્રિયો જ્યાં સુધી છે ત્યાં સુધી જીવ અધિકરણ સ્વરૂપ જ છે. યદ્યપિ શસ્ત્રાદિ તેમજ ધન-પુત્ર-પુત્રીરૂપ અધિકરણોનું સાહચર્ય નિયત નથી તો પણ તેના પ્રત્યેની માયા હોવાથી અવિરતિના કારણે સ્વસ્વામી સંબંધ તો અવશ્ય છે જ. આજે સ્ત્રી-પુત્ર કે પરિવારાદિ નથી તો પણ તે પદાર્થોને મેળવવા માટેનો ભાવ નકારી શકાતો નથી. ત્યારે જ તો આજે મોટર નથી પણ મેળવવાની ભાવના છે, શેઠ બન્યો નથી પણ બનવા માટે રાત-દિવસ એક કરી રહ્યો છે, દરિયાપારના દેશોના દૂધ-દહિ-વસ્ત્રો આદિ મેળવી શકાતા નથી પણ મેળવવા માટે પ્રયત્નો જરૂર છે. અત્યારે ગાડી, વાડી અને લાડી નથી તો પણ લાડી(ઘરવાળી)ને ગાડી ઉપર બેસાડીને વાડી એટલે દૂર દૂરના બગીચાઓમાં લઇ જઈ ફરવાની માયા જરૂર છે. મરીન-ડ્રાઇવ ઉપર બંગલો નથી પરંતુ ગમે તેવા કાળાબજાર કરીને પણ મરીનડ્રાઇવમાં રહેવા માટે તનતોડ પરિશ્રમ જરૂર થઇ રહ્યો છે. છેવટે જ્યોતિષી ન મળે તો મહુડી, નાકોડા કે નરોડા જઇને પણ પૈસાવાળા, પુત્રવાળા કે બંગલાવાળા થવાના ભાવ રોમેરોમ છે, ઈત્યાદિ પ્રસંગોમાં અવિરતિના પરિણામો હોવાથી જીવાત્મા સાધિકરણ જ છે, પણ અધિકરણ વિનાનો નથી.

## જીવ શું આત્માધિકરણાદિ છે ?

ગૌતમસ્વામી પૂછે છે કે, હે પ્રભો ! આ જીવ શું આત્માધિકરણી છે ? પરાધિકરણી છે ? કે તદુભયાધિકરણી છે ?

જીવાત્મા પોતે મન-વચન કાયાથી પાપકર્મો કરે તો આત્માધિકરણી કહેવાય છે. બીજાને પ્રેરણા કરીને તેની પાસે કર્મો કરાવે તે પરાધિકરણી છે; અને બંને મળીને પાપ કરે છે તે તદુભયાધિકરણી છે.

જવાબમાં ભગવંતે કહ્યું કે જીવો ત્રણે પ્રકારે અધિકરણી છે.

જેની પાસે વ્યાપાર નથી, ખેતી નથી, પુત્ર નથી, સ્ત્રી નથી, પૈસો નથી તેવો જુવાન માણસ અથવા બાળક કે વૃદ્ધ માણસ આત્માધિકરણી કેવી રીતે બનશે? જવાબમાં કહેવાયું છે કે નિમિત્તોની વિદ્યમાનતામાં જ પાપાચરણ કરાય છે તેવું નથી, પણ માનસિક, વાચિક કે કાયિક જીવનમાં પણ તે નિમિતોને મેળવવા માટેની મમતા હોય તો તે મમતા જ આત્માધિકરણી બની જાય છે. ખૂબ સમજી લેવાનું છે કે સંસાર કોઈને માટે મારક નથી પણ અજ્ઞાની માનવ તેની માયાને કેળવે છે, વધારે વજનદાર બનીને પોતે જ ડૂબે છે. બીચારી સ્ત્રીને નરક માર્ગનો ખ્યાલ પણ નથી તો તે કોઈને પણ નરકમાં શી રીતે લઈ જવાની હતી? પરન્તુ તેની સાથેની ભોગલાલસાની સંજ્ઞાવાળો જીવ પોતે દુર્ધ્યાન કરે છે અને નરકનો અતિથિ બને છે. ખાવાપીવાની વસ્તુઓ કોઈને ડૂબાડતી નથી, પણ આહાર સંજ્ઞાનો માલિક પોતે જ આસક્તિવશ બનીને ડૂબે છે. ઈત્યાદિક કારણોને લઈ જીવમાત્ર ત્રિકરણે આત્મધિકરણી બનવા પામે છે.

"मुखमस्ति वक्तव्यम्" આ ઉક્તિના ગુલામ બનેલા ભાગ્યશાળીઓને તમે જાણી શકો છો? તેઓ જ્યારે ને ત્યારે "ચડ જા બેટા શૂલી પર ખુદા તેરા ભલા કરે" આમ પાપ-પુણ્યનો ભેદ જાણ્યા વિના કાંઈ ને કાંઈ જીભનો ઉપયોગ ઉંધે રસ્તે કરતા કરતા બકતા જ હોય છે કે કેમ તમે કાંઈ કરતા નથી? આ બધી જમીનો ખરીદી લોને? અને આ ખાલી જમીન પર બંગલો બંધાવી લોને? તમે ફેકટરી કરવાના હતાં

તેનું શું થયું ? તમારી જન્મપત્રિકામાં શનિ સારો છે તો લોખંડનો વ્યાપાર ચાલુ કેમ કરતા નથી ? ઇત્યાદિક પ્રકારે વચન પ્રયોગ કરીને બીજાઓને આરંભના રસ્તે ચડાવીને પરાધિકરણી બને છે, અને બંને ભેગા મળીને કાંઈ કરે ત્યારે ઉભયાધિકરણી નારકથી લઇને વૈમાનિક સુધીના જીવો અવિરતિના કારણે ત્રણે પ્રકારના હોય છે.

## અધિકરણ શું આત્મપ્રયોગાદિ છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે (૧) " આત્મ પ્રયોગાધિકરણી, પરપ્રયોગાધિકરણી અને ઉભયપ્રયોગાધિકરણી બધાએ જીવો ત્રણે પ્રકારે અધિકરણી હોય છે. "

## શરીર, ઇન્દ્રિય અને યોગની વક્તવ્યતા :

ભગવંતે કહ્યું કે ચાર ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરનારા જીવને નીચે લખ્યા પ્રમાણે શરીર પાંચ પ્રકારના હોય છે.

(૧) ઔદારિક શરીર વાયુકાયને છોડીને સ્થાવર, વિકલેન્દ્રિયો સંમૂર્ચ્છિમ તથા ગર્ભજ મનુષ્યો અને તિર્યંચોને હોય છે.

(૨) વૈક્રિય શરીર-વાયુકાયિક, દેવ તથા નારકોને ભવપ્રત્યયિક તથા મનુષ્ય તિર્યંચોને લબ્ધિ પ્રત્યયિક હોય છે.

(૩) આહારક શરીર-શંકા નિવારણાર્થે, છઠ્ઠા પ્રમત્ત ગુણસ્થાનકે રહેનારા ચતુર્દશ પૂર્વધારીને હોય છે.

(૪) તૈજસ શરીર-ખાધેલું પચાવવાને માટે જીવમાત્રને હોય છે.

(૫) કાર્મણ શરીર–કર્મોના સમુહરૂપ હોવાથી જીવમાત્રને હોય છે. શેષવર્ણન પહેલા ભાગમાં ચર્ચાઈ ગયું છે.

પાંચે ઇન્દ્રિયોનું વિસ્તૃત વર્ણન પણ પહેલા ભાગમાં જોવું.

મનોયોગ–વચનયોગ અને કાયયોગ ત્રણ પ્રકારના યોગ છે.

ઔદારિક શરીરનું નિર્માણ કરતો અવિરતિની અપેક્ષાથી અધિકરણી અને અધિકરણ સ્વરૂપ હોય છે.

સ્થાવરો, વિકલેન્દ્રિયો અને મનુષ્યો પણ બંને પ્રકારના જાણવા.

આહારક શરીરી પ્રમાદના કારણે બંને પ્રકારે છે.

**નોંધ :**–ચતુર્દશ પૂર્વના જ્ઞાતા પણ પ્રમાદી હોવાના કારણે છઠ્ઠા ગુણસ્થાનકના માલિક જ હોય છે. તેથી ચતુર્દશ-પૂર્વીને પણ નરક નિગોદમાં પડતાં કોઈ બચાવી શકે તેમ નથી. સત્યાર્થ આ છે કે મોક્ષમાં જવાને માટે એકલું સમ્યગ્ દર્શન કે સમ્યગ્જ્ઞાન કે ચારિત્ર કામે આવતું નથી, પરંતુ ત્રણેની સંયુક્ત સાધના જ મોક્ષમાર્ગ છે. છઠ્ઠે ગુણસ્થાનકે ચૌદ પૂર્વ સુધીનું જ્ઞાન મેળવી શકાય છે, પણ ચારિત્રશુદ્ધિના અભાવમાં એકલું જ્ઞાન ક્યાં સુધી સાથ આપી શકવાનું હતું ? શ્રુતજ્ઞાનની લગભગ ચરમ સીમા પ્રાપ્ત કરેલી હોવા છતાં ચારિત્રની શુદ્ધિ યદિ કરી ન શક્યા તો બાહ્ય જીવન ઘણાઓને માટે તારક બનવા છતાં પણ આંતર જીવનની ચંચળતા મટવાની નથી જે મતિજ્ઞાનને કમજોર કરીને મતિજ્ઞાનાવરણીય કર્મની ઉદીર્ણા કરાવનાર બનશે, જેમાંથી પ્રમાદનું જોર સમયે સમયે વધતાં સત્તામાં ચોરની જેમ સંતાયેલો ચારિત્ર મોહનીય

કર્મ પોતાના મૂળ સ્વભાવમાં આવીને જીવાત્માને મોહાન્ધ બનાવીને અધઃપતનના રસ્તે લઈ જશે.

શરીરની જેમ પાંચે ઇન્દ્રિયોનો માલિક અધિકરણી અને અધિકરણ સ્વરૂપ હોવાથી અધિકરણિકી ક્રિયાવંત થશે.

ત્રણે યોગ માટે પણ જાણવું, કેવળ વચન યોગમાં સ્થાવર જીવો નથી

શતક ૧૬નો ઉદ્દેશો પહેલો પૂર્ણ.

# શતક ૧૬ મું : ઉદ્દેશક—૨

## જરા અને શોક માટેની વક્તવ્યતા :

રાજગૃહી નગરીમાં સ્થાપિત સમવસરણુમાં બિરાજમાન ભગવાન મહાવીરસ્વામીને વન્દન—નમન કરવા શ્રેણિક રાજા, ચેલ્લણા રાણી અને અભયકુમાર આદિ આવ્યા છે. ત્રણ પ્રદક્ષિણા આપીને પોતાના યોગ્ય સ્થાને બેઠેલી પર્ષદાને ભગવંતે સંસારના દુઃખો સંભળાવ્યા અને જ્યાંથી આવ્યાં હતાં ત્યાં પોતપોતાના ઘરે પાછા ગયાં ત્યારપછી ગૌતમસ્વામીએ પૂછ્યું કે હે પ્રભો! જીવોને શું જરા અને શોક હોય છે? ભગવંતે કહ્યું કે તે બંને હોય છે.

(૧) જે કારણે જીવો શરીર સંબંધી દુઃખાવસ્થાને ભોગવે અથવા વયોહાનિ( વૃદ્ધાવસ્થા )ને ભોગવે તે જરા કહેવાય છે.

(૨) અને મન સંબંધી એટલે કે માનસિક જીવનમાં જે દુઃખાદિ ભોગવાય છે તે શોક કહેવાય છે.

જે મન વિનાના જીવો છે તેઓ કેવળ જરા દુઃખ જ ભોગવે છે અને મનના માલિકોને જરા તથા દુઃખ બંને હોય છે. મન અને શરીરનો સંબંધ જીવને નિયત હોવાથી જે શોકગ્રસ્ત છે, તેમને જરા દુઃખ પણ હોય છે. નારકોને યાવત્ સ્તનિત દેવોને પણ બંને દુઃખ હોય છે. પૃથ્વીકાયથી ચતુરિન્દ્રિય સુધીના જીવો કેવળ શરીરવાળા હોવાથી તેમને જરા હોય છે પણ મનના અભાવમાં શોક હોતો નથી. શેષ

જીવોને બંને હોય છે. કેવળ વયોહાનિરૂપ જરા દેવોને નથી, પરંતુ શરીર સંબંધી બીજા દુઃખો હોવાથી તેમને જરા પણ છે.

નોંધ :–જ્યાં સુધી જીવ સંસારી છે, ત્યાં સુધી દુઃખોની પરંપરાથી બચી શકવાનો નથી. તેમાં પણ જન્મ મરણના દુઃખોની જેમ જરા અને શોકના દુઃખો પણ અસહ્ય થતા હોય છે. "जाइजरामरणसोगपणासणस्स, को धम्मस्स सार-मुवलब्भ करे पमाय."

અર્થાત્, જન્મ–જરા–મરણ–શોક સંતાપ આદિ દુઃખોને નાશ કરવામાં પૂર્ણ સમર્થ જૈન ધર્મને પામીને કોણ પ્રમાદ કરશે ? સારાંશ કે જૈન ધર્મની આરાધના કરનારના દુઃખો નાશ પામે છે.

## ઇન્દ્ર સંબંધી વિશેષ વક્તવ્યતા :

તે કાળે તે સમયે, હાથમાં વજ્ર ધારણ કરનારા, દેવરાજ શક્રેન્દ્ર પોતાના દેવલોકમાં સમ્પૂર્ણ ઋદ્ધિ–સમૃદ્ધિ સહિત વિચરતા હતાં. એક દિવસ વિપુલ અવધિજ્ઞાન વડે જમ્બૂદ્વીપને અવલોકતા, દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામીને વિહરતા જોઇને ખુશ થયા છતાં હરિણગમૈષી દેવને બોલાવી તેની પાસે સુઘોષા નામે ઘંટા વગડાવે છે તથા પાલક નામના વિમાનમાં બેસીને ભગવંતને વંદન કરવા આવ્યા. ધર્મોપદેશ થયો, ત્યાર પછી ઇન્દ્રે ભગવંતને પૂછ્યું કે હે પ્રભો ! અવગ્રહો કેટલા પ્રકારે છે ?

## અવગ્રહોની વક્તવ્યતા :

જવાબમાં ભગવંતે કહ્યું કે હે શક્રેન્દ્ર ! મારા શાસનમાં અવગ્રહો પાંચ પ્રકારે કહેવાયા છે. તે આ પ્રમાણે :—

(૧) દેવેન્દ્રાવગ્રહ–દક્ષિણ અને ઉત્તર લોકાર્ધમાં ઇન્દ્રાવગ્રહ છે.

(૨) રાજાવગ્રહ–છ ખંડ પૃથ્વી પર ચક્રવર્તી રાજાનો અવગ્રહ છે.

(૩) ગાથાપતિ અવગ્રહ–માંડલિક રાજાનો અવગ્રહ.

(૪) સાગરિકાવગ્રહ—જે મકાનમાં સાધુ મહારાજ રહે તે શય્યાતર એટલે સાગરિકાવગ્રહ.

(૫) સાધર્મિક અવગ્રહ–સમાન ધર્મવાળા સાધુ મહારાજનો અવગ્રહ.

ઉપર પ્રમાણેની વક્તવ્યતા સાંભળીને ઇન્દ્રે કહ્યું કે હે પ્રભો ! જે આ સાધુ–સાધ્વીઓ વિહાર કરે છે તેમને હું અવગ્રહની આજ્ઞા આપું છું. એમ કહીને પ્રભુને વંદન–નમન કરીને પાલક વિમાનમાં બેસી પોતાના સ્થાને ગયો.

## દેવેન્દ્રની ભાષા માટેની વક્તવ્યતા :

તે કાળે તે સમયે ગૌતમસ્વામીએ ભગવંતને પૂછ્યું, હે પ્રભો ! દેવરાજ શક્રેન્દ્રે આપ શ્રીમાનને જે કહ્યું તે સાચું છે? ભગવંતે 'હા'માં જવાબ આપ્યો છે.

હે પ્રભો ! ઇન્દ્ર મહારાજાઓ શું સ્વરૂપથી સમ્યક્ત્વવાદી છે કે મિથ્યાવાદી છે ? એટલે કે વસ્તુના યથાર્થને બોલવું તે સત્યવાદી અને વિપરીત બોલવું તે મિથ્યાવાદી.

જવાબમાં ભગવંતે કહ્યું કે દેવેન્દ્ર શક્ર સત્યવાદી હોય છે પણ મિથ્યાવાદી નથી.

પુનઃ ગૌતમસ્વામીના પૂછવાથી પ્રભુએ કહ્યું કે શક્રેન્દ્ર નીચે પ્રમાણેની ચારે પ્રકારની ભાષા બોલે છે. સત્યા, અસત્યા, સત્યામૃષા અને અસત્યામૃષા.

સાવદ્ય ભાષા અને નિરવદ્ય ભાષા માટે કહ્યું કે જ્યારે ઇન્દ્રો પોતાના મુખ સામે ઉતરાસન કે રૂમાલને રાખીને બોલે છે ત્યારે તે નિરવદ્ય ભાષા છે અને મુખ આગળ કાંઈ પણ રાખ્યા વિના બોલે ત્યારે તેમની ભાષા સાવદ્ય કહેવાય છે. તે ઈન્દ્રો ભવસિદ્ધિક અને સનત્કુમારની જેમ ચરમ ભવવાળા છે.

## કર્મો ચેતઃકૃત છે કે અચેતઃકૃત છે ?

હે પ્રભો ! જીવ જે કર્મોનો બંધ કરે છે તે પોતાની ચેતનાથી કરે છે કે અચેતનાથી ? સારાંશ કે જીવના પ્રદેશો સાથે ચોંટેલા કર્મો શું જીવોપાર્જિત છે કે અજીવોપાર્જિત ?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું, હે ગૌતમ ! જીવોએ જે કર્મોને બાંધ્યા છે, તે પોતાની ચેતના-જાણકારીથી જ બાંધ્યા છે.

હે પ્રભો ! આપ એવું કયા કારણે ફરમાવો છો કે જીવ જ કર્મોનો ઉપાર્જક છે, અજીવ નથી.

ભગવંતે કહ્યું કે જીવો આહાર માટે જે પુદ્ગલોનો સંચય કરે છે, અવ્યક્ત અવયવ શરીરથી સંચિત કરેલા તથા વ્યક્ત અવયવરૂપથી ઉપચિત કરેલા પુદ્ગલો તે તે આહારાદિરૂપે પરિણમિત થાય છે અને આહારાદિરૂપથી ગ્રહણ થયેલા તે પુદ્ગલો જીવોને જ્ઞાનમાં સારી રીતે પરિણામ પામે છે, માટે કહેવાયું છે કે કર્મો આત્મા વડે જ કરાયેલા હોય છે.

જે કર્મો ઉદયકાળે અશાતારૂપે થાય છે એટલે કે જીવાત્માને અશાતા દુઃખ આદિ ઉત્પન્ન કરનાર કર્મથી જે પુદ્ગલો ગ્રહણ થાય છે તે ફરીથી અશાતાને જ કરનારા થાય છે.

દુઃસ્થાન અર્થાત્ જે સ્થાનોમાં વધારે ઠંડી પડે, ગરમીની મોસમમાં વધારે ગરમી પડે, માખી–મચ્છર આદિની વૃદ્ધિ થતી રહે તથા દુઃશય્યા–ઉંચી નીચી જમીનવાળી શય્યાઓની પ્રાપ્તિ થાય, તથા ઊઠવું–બેસવું આદિ આસનોની પ્રાપ્તિમાં તેવા પ્રકારના દુઃખદાયી પુદ્ગલો મળતા જ રહે ઈત્યાદિ કાર્યોમાં અશાતાજનક કર્મો જ કારણરૂપે છે, જે જીવાત્માના જ કરેલા હોય છે. સારાંશ કે પૂર્વભવના કરેલા તેવા પ્રકારના અશાતાજનક કર્મો જ યદિ જીવાત્માએ ન કર્યા હોત તો આ ભવમાં તે દુઃખોની પ્રાપ્તિવાળા તેવા તેવા ગંદા સ્થાનો પ્રાપ્ત થયા ન હોત.

યદિ આ કર્મો જીવાત્માએ ન કર્યા હોત અને દુઃસ્થાન આદિની પ્રાપ્તિ થાય ત્યારે 'અકૃતાગમ' એટલે ન કરેલા કર્મોને ભોગવવાની પ્રાપ્તિ થતાં સંસારની વ્યવસ્થામાં જ હાનિ થવાનો સંભવ રહે છે, પણ તેવું કોઈ કાળે થયું નથી, થશે પણ નહીં. માટે કર્મો ચેતના જીવ અર્થાત્ પોતાના આત્માથી જ કરાય છે.

યદિ જીવાત્માએ જેવા તેવા પરિણામોથી તે તે અશાતાજનક કર્મો ન બાંધ્યા હોય? તો જીવને જ્વર (તાવ) શી રીતે આવે? માથું શા માટે દુઃખે? બીજાના નિંદક અને કર્કશ શબ્દો શા માટે સાંભળવા પડે? સ્થાને સ્થાને અપમાન શા માટે થાય? બીજાનું સારૂ કરવા જતાં ખોટું શી રીતે થાય? ઇત્યાદિક કારણોથી જીવાત્માને ભયંકર માનસિક કે શારીરિક દુઃખ ભોગવવું પડે છે. માટે કર્મો જીવની ચેતનાથી જ કરાય છે.

**શતક ૧૬ નો ઉદ્દેશો બીજો પૂર્ણ.**

# શતક ૧૬ મું : ઉદ્દેશક–૩

## જ્ઞાનાવરણીયના વેદન સમયે કેટલી પ્રકૃતિઓ હોય છે ?

રાજગૃહી નગરીમાં ધર્મોપદેશ થયા પછી, ગૌતમસ્વામીએ પૂછ્યું કે, હે પ્રભો ! આપ શ્રીમાને કર્મોની પ્રકૃતિઓ કેટલી કહી છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે જીવના જેટલા અધ્યવસાયો હોય છે, કર્મો પણ તેટલા જ છે, પરંતુ તે બધાઓનો સમાવેશ આઠ સંખ્યામાં થઇ જતો હોવાથી હે ગૌતમ ! મારા શાસનમાં કર્મો આઠ જાતિના છે.

બહુવચનને લઇને પૂછ્યું કે જીવાત્માઓને કર્મપ્રકૃતિઓ કેટલી કહી છે ?

પરમાત્માએ કહ્યું કે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાયરૂપે કર્મોની આઠ પ્રકૃતિઓ નારકદંડકથી લઈ વૈમાનિક જીવોમાં હોય છે.

હે પ્રભો ! જે સમયે જીવને જ્ઞાનાવરણીય કર્મનું વેદન થઇ રહ્યું હોય તે સમયે જીવોને કેટલી કર્મપ્રકૃતિઓ હોય છે ? સૂત્રકારે પોતે પ્રજ્ઞાપના સૂત્રના ૨૭ મા ઉદ્દેશાથી આ પ્રકરણ જાણી લેવા કહ્યું છે, તે આ પ્રમાણે. જીવને જ્યારે જ્ઞાનાવરણીય કર્મનો ઉદય વર્તતો હોય છે ત્યારે તે સમયે આઠે કર્મોનો પણ ઉદય જાણી લેવો, પરંતુ મોહક્ષયી કે મોહોપશમી આત્મા મોહકર્મને છોડીને સાત પ્રકૃતિનું વેદન વેદી રહ્યો હોય છે,

કેમકે મોહના ઉપશમમાં મોહનો ઉદય હોતો નથી, તેમ ક્ષયના સમયમાં ત્રણ ઘાતિકર્મો છે માટે સાત પ્રકૃતિઓ ઉપર પ્રમાણે જાણવી. જ્યારે ઘાતિકર્મો નાશ પામે ત્યારે ચાર પ્રકૃતિ જ ઉદયમાં રહે છે. આ કારણે કહેવાયું છે કે જે જીવ જ્ઞાનાવરણીનું વેદન કરે છે ત્યારે સાત, આઠ, છ કે એક કર્મપ્રકૃતિનું બંધન કરે છે. જેમકેઃ–જ્યારે જ્ઞાનાવરણીનો ઉદય હોય છે ત્યારે આઠે કર્મો બંધાય છે **અને** આયુષ્ય બંધ તો જીવનમાં એક જ વાર થતો હોવાથી તે બંધના બીજા સમયે સાત કર્મોનું બંધન કહ્યું છે.

સૂક્ષ્મ સંપરાય નામક ગુણસ્થાનકમાં આયુષ્ય અને મોહ સિવાય છ કર્મોનું બંધન હોય છે.

અને ૧૧–૧૨–૧૩મે ગુણસ્થાનકે કેવળ શાતાવેદનીય જ બંધાય છે. માટે જ્ઞાન અને ભક્તિરસમાં મસ્ત બનેલા વીરવિજયજી મહારાજે ગાયું છે કે—

શાતા બાંધે કેવળી રે, મિતા તેરમે પણ ગુણઠાણે રે;
રંગીલા મિતા એ પ્રભુ સેવોને શાનમાં.

પછી સંસારના જીવ માત્રને પોતાના મિત્રતુલ્ય ગણતાં લલકાર્યું છે કે—

વેદનીવશ તુમે કાં પડો રે મિતા, જેહને પ્રભુ શું વેર;
સાહિબ વેરી ન વિસરો રે મિતા, તો હોય સાહિબ મહેર રે.
....રંગીલા મિતા૦

ઉપર પ્રમાણે કર્મ પ્રકૃતિના બંધ આદિમાં સંશયશીલ બનેલા ગૌતમસ્વામી સમજ્યા અને કવિવરે ગાયું કે...

ગોયમ સંશય ટાલિયો રે મિતા ભગવઈમાં શુભ વીર રે.
રંગીલા મિતા૦

## મુનિનું ઓપરેશન કરતા વૈદ્યને ક્રિયાઓ લાગે ?

શ્રમણ ભગવાન મહાવીરસ્વામી કોઈક સમયે રાજગૃહી નગરીના ગુણશિલ ચૈત્યોદ્યાનથી વિહાર કરી બહારના જનપદોમાં વિહરી રહ્યાં હતાં તે જ કાળ અને તે જ સમયમાં 'ઉલ્લુકતીર' નગરની બહાર ભાગમાં ઉત્તર અને પૂર્વ દિશાના ખૂણામાં એક 'જમ્બૂક' નામનું ચૈત્ય હતું. ત્યાં એક દિવસે ગ્રામાનુગ્રામ વિહાર કરતાં ભગવાન મહાવીરસ્વામી પધાર્યા, સમવસરણની રચના થઈ, જનતા આવી અને ભગવાને હિંસા અને અહિંસા શું છે ? તેનો ઉપદેશ કર્યો અને પ્રસન્નચિત્તે સૌ સ્વસ્થાને ગયા.

ત્યાર પછી ગૌતમસ્વામીએ ભગવાનને વંદન-નમન કરીને આ પ્રમાણે પૂછ્યું કે, હે પ્રભો ! કોઈક ભાવિતાત્મા અણગાર સમાધિપૂર્વક છઠ્ઠને પારણે છઠ્ઠ કરે છે, યાવત્ આતાપના લેતા તેમને દિવસના પહેલા ભાગમાં કાયોત્સર્ગમાં હોવાના કારણે હાથ-પગ-સાથળ વગેરે અંગો અને ઉપાંગોને સમેટવા અને પ્રસારવા આદિ કલ્પતા નથી, પરંતુ અર્ધો દિવસ પતી ગયા પછી એટલે 'અવડ્ઢ' થયા પછી તે મુનિ પોતાના હાથ-પગ આદિ ચલાવે છે, તે સમયે કોઈ વૈદ્યરાજ તેમને જૂએ કે આ મુનિના નાકમાંથી 'મસો' બહાર નીકળેલો છે. ત્યારપછી તે વૈદ્ય મુનિરાજને સુવડાવીને મસા કાપી લે છે અર્થાત્ ઓપરેશન કરે છે, તો હે પ્રભો ! છેદ ક્રિયા કરતા તે વૈદ્યને શું ક્રિયા લાગે ?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે કોઈપણ ક્રિયા ધર્મબુદ્ધિથી

નિસ્વાર્થભાવે કરવામાં આવે તો વૈદ્યને એકેય ક્રિયા લાગતી નથી. કેવળ જેના મસા કપાઈ રહ્યાં છે તે મુનિને 'ધર્માન્તરાય' ક્રિયા લાગે છે.

**નોંધ :–**હિંસા અને અહિંસાના વિચારોમાં એટલું સમજવાનું કે કોઈ પણ ક્રિયામાં પ્રમાદ, મોહ, સ્વાર્થ કે બીજા જીવને કંઈપણ તકલીફ દેવાની વૃત્તિ હોય તો તે હિંસા છે. તેનાથી વિપરીત હિંસા જેવી દેખાતી ક્રિયા પણ અહિંસા છે. મુનિ રોગગ્રસ્ત છે, વૈદ્ય રોગના જાણકાર છે, પવિત્ર અને સેવાભાવવાળા હોય છે, ઉપરાંત સ્વાર્થ વિનાના હોય છે. માટે વૈદ્યક ક્રિયા કરતાં પણ તેમને હિંસા લાગતી નથી, તેમ રોગીને પણ ધર્માન્તરાય સિવાય બીજી એકેય ક્રિયા લાગતી નથી. લોચ જેવી કઠણમાં કઠણ ક્રિયા હોવા છતાં બંને મહાનુભાવો અર્થાત્ લોચ કરનાર અને કરાવનાર અહિંસક છે.

**શતક ૧૬ નો ઉદ્દેશો ત્રીજો પૂર્ણ.**

# શતક ૧૬ મું : ઉદ્દેશક–૪

## શું નારકોની નિર્જરાથી મુનિરાજોની નિર્જરા વધારે છે ?

રાજગૃહી નગરીમાં આ પ્રશ્ન ચર્ચાયો છે. જે ખાસ જાણવા યોગ્ય અને પોતાના જીવનમાં આચરવા યોગ્ય છે. ગૌતમસ્વામી પૂછે છે કે હે પ્રભો ! ગૌચરી વાપર્યા વિના ગ્લાનિ પામનાર મુનિ જે નિત્યભોજી છે, તે પોતાના શ્રમણ ધર્મમાં સ્થિર રહેતા જેટલાં પ્રમાણમાં કર્મોની નિર્જરા કરે છે તેટલી નિર્જરા નરક-ગતિમાં ભયંકર દુઃખોને ભોગવતો નારક જીવ એક વર્ષમાં કે સો વર્ષમાં કરી શકે છે ?

એક ઉપવાસ કરનાર મુનિની જેટલી નિર્જરા થાય, તેટલા પ્રમાણમાં નારક સો વર્ષમાં કે હજાર વર્ષમાં કરી શકે છે ?

બે ઉપવાસ કરનાર મુનિની નિર્જરા પ્રમાણે નારક હજારો કે લાખો વર્ષોમાં કરી શકે છે ? અઠ્ઠમ (ત્રણ ઉપવાસ) કરનાર મુનિની નિર્જરા જેટલી નારક લાખો કે કરોડ વર્ષ પ્રમાણમાં કરી શકે છે ?

ચાર ઉપવાસ કરનાર મુનિની જેટલી નિર્જરા થાય તેટલા પ્રમાણમાં નારક કરોડો કે કોટાકોટી વર્ષોમાં કરી શકે છે ?

આ બધાએ પ્રશ્નોનો જવાબ ચરાચર સંસારના જ્ઞાતા ભગવાન મહાવીરસ્વામીએ 'નકારાત્મક' આપ્યો છે. એટલે કે મુનિરાજ ચાહે નિત્યભોજી હોય કે તપસ્વી હોય તો પણ તેમની સંયમની સાધના–આરાધનામાં જેટલાં કર્મો નિર્જરિત

થાય છે, હે ગૌતમ! તેટલા પ્રમાણની નિર્જરા નારક જીવો હરહાલતમાં પણ કરી શકતા નથી. સારાંશ કે થોડું શરીરકષ્ટ ભોગવીને પાપના દ્વાર સર્વથા બંધ કરનાર, સમિતિ ગુપ્તિના ધારક, સત્તર પ્રકારના સંયમ પાલક, આત્મધ્યાનમાં મસ્ત રહેતા મુનિરાજો જેટલા પ્રમાણમાં નિર્જરા કરવા માટે સમર્થ બને છે, તેટલી નિર્જરા ઘણું ઘણું કષ્ટ ભોગવીને પણ જેમના પાપોના દ્વાર સર્વથા ઉઘાડા છે, હલન–ચલન, ભોજન–પાણી, ઉઠવું–બેસવું આદિ સર્વથા હિંસક છે તેવા અવિરતિના માલિક નારકો કરોડો કે કોટાકોટી વર્ષોમાં પણ કર્મોની નિર્જરા કરી શકવા માટે સમર્થ થતા **નથી.**

દૃષ્ટાંતમાં કહેવાયું છે સર્વથા અશક્ત, ઇન્દ્રિયોથી શિથિલ કરચલીઓ પડેલો, વૃદ્ધ માણસ ઓછી ધારવાળા કુહાડા વડે ગાંઠવાળુ કઠણ, લાકડું જેમ ઘણા લાંબા કાળમાં પણ કાપી શકતો નથી, તેવી રીતે નારક જીવોના કર્મો પણ અત્યંત ગાઢ થયેલા મહા ચિકણા હોવાથી, ભયંકરમાં ભયંકર વેદના ભોગવવા છતાં પણ શીઘ્રતાથી નિર્જરિત થતા નથી. માટે ગૌતમ! મેં એમ કહ્યું છે કે નિર્ગ્રન્થ શ્રમણો બહુ નિર્જરાવાળા હોય છે, તેમની તુલનામાં નારકો બહુ જ થોડી નિર્જરા કરે છે.

**નોંધ :** કર્મોની નિર્જરાનું મૂળ કારણ, નવા બંધાતા કર્મોના દ્વાર સમિતિ ગુપ્તિ ધર્મવડે બંધ કરવા, છ કાયના જીવોનું મન–વચન અને કાયાથી રક્ષણ કરવું, પોતાની કાયાની માયાનો પણ ત્યાગ કરવો, તે ઉપરાંત જૂના કર્મોને ખપાવવા માટે નિર્વ્યાજ, સાત્ત્વિક તપશ્ચર્યાઓ કરવી, જેથી કર્મોની નિર્જરા શીઘ્રતાથી થાય છે, જે જૈન મુનિઓને સુલભ છે. કેમકે ભર્યા ભાદરવા જેવી ગૃહસ્થાશ્રમીનો જ્ઞાન અને વૈરાગ્ય-

પૂર્વક ત્યાગ કરવો, દીક્ષા સમયે પોતાની ભોગવેલી ગૃહસ્થાશ્રમીને સર્વથા ભૂલી જઈ પંચ મહાવ્રતધારી ગુરુઓના સેવક બનવું, ગુરુની આજ્ઞાને જ પરમાત્માની આજ્ઞા સમજીને કોઈ પણ જાતના વિકલ્પો કર્યા વિના તપ-જપ-ધ્યાન અને સમ્યગ્જ્ઞાન તરફ આગળને આગળ વધવું, તેમ જ 'જૈનત્વ'ની આરાધનામાં ક્યાંય પણ સ્ખલિત ન થવું ઇત્યાદિ સત્કર્મોને, સદનુષ્ઠાનોને જૈન મુનિઓ આજે પણ અનુસરી રહ્યાં છે. અને તેમ કરીને પોતાની જાતને શુદ્ધતમ બનાવે છે, માટે કર્મોની નિર્જરા વધારેમાં વધારે નિગ્રંન્થ શ્રમણ સિવાય બીજો કોઈ પણ કરી શકતો નથી.

ગૃહસ્થાશ્રમના વેષમાં કેવળજ્ઞાન મેળવવાવાળા ભાગ્યશાળીઓને પણ ભાવસંયમની પ્રાપ્તિ થયા પછી જ કેવળજ્ઞાન થાય છે.

શતક ૧૬ નો ઉદ્દેશો ચોથો પૂર્ણ.



# શતક ૧૬ મું : ઉદ્દેશક–પ

## આજે ઇન્દ્રમહારાજ ઉતાવળથી કેમ ગયા ?

તે કાળે અને તે સમયે 'ઉલ્લુક તીર' નામના નગરમાં ભગવાન મહાવીરસ્વામી પધાર્યા, તે સમયે વજ્રપાણી શક્રેન્દ્ર પણ આવ્યો અને ભગવાનને વન્દન નમન કરીને ખૂબ નમ્રતાથી પૂછ્યું કે હે પ્રભો ! મહર્દ્ધિક અને મહાસૌખ્યદેવ બહારના પુદ્‌ગલોને સ્વીકાર્યા વિના ક્યાંય પણ જવા આવવામાં સમર્થ બની શકે છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે શક્રેન્દ્ર ! જવા આવવામાં, બોલવામાં, આંખ ઉઘાડવી, સંકોચ–વિસ્તાર પામવા આદિ ક્રિયાઓમાં બહારના પુદ્‌ગલોને સ્વીકારીને જ તેઓ કાંઇ પણ કરે છે.

(આદિમાં સ્થાનાંતર, વિકુર્વણા કે વિષયભોગ પણ સમજવું.)

ભગવંતની વાણી સાંભળીને ઇન્દ્ર મહારાજ બહુ જ ઉતાવળથી વન્દન નમન કરી પોતાના વિમાનમાં બેસી દેવલોકે ગયા.

ત્યારપછી આશ્ચર્યાન્વિત થયેલા ગૌતમસ્વામી ભગવાન પાસે આવી વન્દન નમન કરીને કહ્યું કે હે પ્રભો ! જ્યારે જ્યારે ઈન્દ્ર આપશ્રીની પાસે આવે છે ત્યારે આપશ્રીને સ્વસ્થતાપૂર્વક સાંભળે છે, પરંતુ આજે ઉતાવળથી આવ્યા અને ઉતાવળથી જવામાં શું કારણ છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે તે કાળે તે સમયે મહાશુક્ર

દેવલોકમાં બે દેવોનો ઉત્પાદ થયો. તેમાં એક દેવ માયામિથ્યાદૃષ્ટિસમ્પન્ન અને બીજો અમાયી સમ્યક્ત્વસમ્પન્ન હતો. એક સમયે મિથ્યાત્વી દેવે બીજાને એટલે કે સમ્યક્ત્વી દેવને આ પ્રમાણે કહ્યું કે :—

## પરિણામ પામતા પુદ્ગલો પરિણત કહેવાય ?

પ્રશ્ન—પરિણામ પામતા પુદ્ગલો પરિણત નથી, પરંતુ અપરિણત છે. હજી તેમનામાં પરિણામ પામવાની ક્રિયા ચાલુ છે, માટે તેમને પરિણત કહેવા તે ઠીક નથી. કેમકે પુદ્ગલો પરિણમે છે. આ કથનથી વર્તમાનકાળનો બોધ થાય છે, ભૂતકાળનો બોધ થતો નથી. વર્તમાનકાળનો ધ્વંસ થયા પછી ભૂતકાળ બનતો હોવાથી તે બંનેમાં વિરોધાભાસ રહેલો છે; માટે પરિણામ પામતા પુદ્ગલો અપરિણત છે.

જવાબ—ઉપર પ્રમાણેની વાત સાંભળીને જવાબમાં સમ્યગ્દૃષ્ટિ દેવે કહ્યું કે જે પુદ્ગલો પરિણામ (ફેરફાર) થવાની ક્રિયાવાળા છે, તે પરિણત જ કહેવાય છે, પણ અપરિણત કહેવાતા નથી. જેમાં પરિણામ થઈ રહ્યો છે ત્યાં 'પરિણતત્વ'નો પણ સદ્ભાવ હોય જ છે. નિભાડામાં પકાવવા માટે ઘડા છે. યદ્યપિ આ ક્રિયા લાંબા કાળે સમ્પન્ન થશે તો પણ પરિણત ક્રિયા ચાલુ થઇ ગયેલી હોવાથી સૌ કોઈનો ભાષાવ્યવહાર 'ઘડા પાકે છે' આવા પ્રકારનો જ હોય છે. પહેલા સમયમાં પાક ક્રિયા ન થાય તો બીજા સમયે પણ તેમાં પાક ક્રિયા શી રીતે થાય? પ્રથમ સમયમાં જેટલા અંશે પરિણત થાય છે યાવત્ છેલ્લા સમયે પણ પરિણત થવાની ક્રિયા ચાલુ જ છે, માટે પ્રથમ સમયનું પરિણમન ભૂતકાળમાં થઈ ગયેલું છે, બીજા સમયોમાં તે ચાલુ જ છે, તે દૃષ્ટિએ વર્તમાનકાળ હોવાથી

આ બંને ભાષાવ્યવહારો સ્યાદ્વાદ દૃષ્ટિએ સત્ય છે. આ પ્રમાણે મિથ્યાદૃષ્ટિ દેવને પરાજિત કરી તે સમ્યગ્દૃષ્ટિ દેવે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકયો. જેથી તેને વિચાર થયો કે કેવળજ્ઞાનના માલિક ભગવાન મહાવીરસ્વામી "ઉલ્લુકતીર" ગામના જમ્બૂક ચૈત્યમાં બિરાજમાન છે, હું ત્યાં જાઉં અને સત્યાર્થ જાણું, આવું વિચારીને તે દેવે પણ ત્રણ પરિષદા, સાત અનીક, સાત સેનાપતિ, સોળ હજાર આત્મરક્ષક દેવદેવીઓ સાથે પરમાત્માને વંદન કરવા માટે પ્રસ્થાન કર્યું. પણ તે વાત ઈન્દ્રને સહન નહિ થવાથી તે ઉતાવળમાં ચાલ્યો ગયો છે.

## ગંગદત્ત દેવનું આવવું અને શંકારહિત થવું :

ત્યારપછી તે સમ્યગ્દૃષ્ટિસંપન્ન ગંગદત્ત નામે દેવ સમવસરણમાં આવ્યો અને નમન–વંદન કરીને મિથ્યાદૃષ્ટિ દેવ સાથેની ચર્ચા અને પોતે આપેલાં જવાબો કહીને પૂછયું કે હે પ્રભો ! મેં તે દેવને જે કહ્યું તે સાચું છે ? ત્યારે ભગવંતે કહ્યું કે હે ગંગદત્ત દેવ ! હું પણ એ જ પ્રમાણે કહું છું કે પરિણામ પામતા પુદ્ગલો પરિણત છે, પણ અપરિણત નથી. પ્રસન્ન થયેલા તે દેવને પ્રભુએ ધર્મોપદેશ કર્યો અને સૂર્યાભદેવની જેમ તે દેવે પૂછયું કે હે પ્રભો ! હું ભવસિદ્ધિક છુ ? સમ્યગ્દૃષ્ટિ છું ? પરિતસંસારી છું ? સુલભબોધી છું ? આરાધક છું ? ચરમ છું ? આ બધા પ્રશ્નોના જવાબ સૂર્યાભદેવને આપેલા જવાબોની જેમ સમજવા.

ત્યાર પછી ગૌતમસ્વામીએ ભગવાનને પૂછયું કે હે પ્રભો ! ગંગદત્ત દેવની તે દેવઋદ્ધિ યાવત્ ક્રાંતિ દેખતાં દેખતાં કયાં ગઈ ? ભગવંતે કહ્યું કે જેમ કૂટાકાર શાળાની બહાર

ઘણા માણસો કૂટાકાર શાળામાં પ્રવેશે છે અને સમાઈ જાય છે, તેમને દેવની ઋદ્ધિ તેના શરીરમાં પ્રવેશી ગઈ છે.

## ગંગદતનો પૂર્વભવ :

ગૌતમના પૂછવાથી ભગવંતે કહ્યું કે આ જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં હસ્તિનાપુર નગર છે, સહસ્રામ્ર વન અને ઉદ્યાન છે, ત્યાં ગંગદત નામે ગાથાપતિ રહેતો હતો. તે આઢ્ય અને અપરા ભવનીય હતો. રસોડામાં બધાએ જમી લીધા પછી વધેલું ભોજન દીન–દુઃખીઓને દેવાનું હતું. તે સમયે મુનિ-સુવ્રત નામના અરિહંત ભગવાન વિહાર કરતાં ત્યાં પધાર્યા અને ગંગદતે પણ સ્નાન કરી આભૂષણોને ધાર્યા તથા મોટા પરિવાર સાથે અરિહંત ભગવાન પાસે આવ્યો. ભગવંતે દેશના આપી. ધર્મોપદેશ સાંભળીને ગંગદતે કહ્યું કે મને નિર્ગ્રન્થ પ્રવચન રુચે છે, હું તેના પ્રત્યે વિશ્વાસ રાખુ છું. યાવત્ મારા પુત્રને મારો વ્યવહાર સોંપીને આપશ્રી પાસે મુનિપદ લેવા તૈયાર છું. આ પ્રમાણે કહીને મોટા ઠાઠમાઠથી તેણે દીક્ષા લીધી. અગ્યાર અંગોનો અભ્યાસી બન્યો. એક મહિનાની સંલેખના કરી તથા બધાએ કર્મોની આલોચના પ્રતિક્રમણ-પ્રાયશ્ચિત આદિ કરીને કાળધર્મ પામ્યો અને મહાશુક્ર દેવલોકમાં ઉત્પન્ન થયો તથા પાંચ–પ્રર્યાપ્તિઓથી પર્યાપ્ત થયો. (ભાષા તથા મનઃ પર્યાપ્તિને એક કરી પર્યાપ્તિ પાંચ કહી છે અન્યથા છની સંખ્યા છે) તે દેવની ૧૭ સાગરોપમની સ્થિતિ કહી છે. પછી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મીને સિદ્ધ–બુદ્ધ થઈ નિર્વાણ પદને પામશે. આ પ્રમાણે ગંગદતનું જીવન સાંભળીને ગૌતમસ્વામી આદિ ખૂશ થયા

**શતક ૧૬ નો ઉદ્દેશો પાંચમો પૂર્ણ**

# શતક ૧૬ મું : ઉદ્દેશક—૬

## સ્વપ્ન એટલં શું ?
## અને તે કેટલા પ્રકારે છે ?

ગૌતમસ્વામી પૂછે છે કે હે પ્રભો ! સ્વપ્નદર્શન કેટલા પ્રકારે છે ? જવાબમાં ભગવંતે કહ્યું કે સ્વપ્નદર્શનના પાંચ ભેદ છે. તે આ પ્રમાણે :—(૧) યથાતથ્ય (૨) પ્રતાન (૩) ચિંતા સ્વપ્ન (૪) તદ્ વિપરીત (૫) અવ્યક્ત દર્શન

નિદ્રા અવસ્થામાં, ભૂતકાળમાં ભોગવેલા અનંત પદાર્થોનો કે ભવિષ્ય કાળમાં જે પદાર્થો ભોગવાશે, તદર્થે જે વિકલ્પો કે તેનો અનુભવ કરવો તે સ્વપ્ન છે–સ્વપ્નદર્શન છે.

સ્વપ્નો આવવા સ્વાભાવિક હોવા ઉપરાંત જીવને ઉદયમાં આવેલા કે ઉદયમાં આવનારા પુણ્ય તથા પાપને આધીન છે. સ્વપ્ન સંબંધી ઘણી એવી વાતો છે જેના ઉપર તત્કાળ શ્રદ્ધા હોતી નથી. તેથી આ વિષય કાલ્પનિક નથી બનતો. આજે પણ સ્વપ્નશાસ્ત્રના ઢગલાબંધ પુસ્તકો છે અને માણસો તેને વાંચે છે, પરંતુ આ વિષયમાં ભગવાન મહાવીરસ્વામી શું કહે છે ? તે જાણવું જરૂરી અને શ્રદ્ધા ઉત્પન્ન કરાવનાર હોવાથી ઉપર્યુક્ત પાંચે સ્વપ્નોનો ખુલાસો કરી લઇએ.

### (૧) યથાતથ્ય સ્વપ્નદર્શન :

જે પદાર્થ જેવી રીતનો છે તેનું તે રીતે હોવું તેને યથાતથ્ય કહે છે. આ સ્વપ્ન યથાર્થ વસ્તુને પ્રાપ્ત કરાવનાર હોય છે. જેના બે ભેદ છે. (૧) દષ્ટાર્થાવિસંવાદી (૨) ફળાવિસંવાદી.

સ્વપ્નમાં જે વસ્તુ જોવાઈ હોય, જેમકે કોઇએ સ્વપ્નમાં પોતાના હાથમાં અમુક વસ્તુ જોઇ હોય તો જાગ્યા પછી પણ તેના હાથમાં તે વસ્તુનો અનુભવ થાય તે દૃષ્ટાર્થાવિસંવાદી સ્વપ્ન કહેવાય છે અને સ્વપ્નમાં શણગારેલ હાથી આદિ જોયા હોય તે પ્રમાણે કાળાંતરે પણ તેને મોટો હોદ્દો (અધિકાર) પ્રાપ્ત થાય છે તે ફળાવિસંવાદી સ્વપ્ન કહેવાય છે.

**( ૨ ) પ્રતાન સ્વપ્નદર્શન :**

જે લાંબાકાળ સુધી રહે છે અર્થાત ઉપરના સ્વપ્ન કરતાં આ સ્વપ્ન લાંબા કાળ સુધી રહે છે. જેના ફળો સાચા પણ હોય છે અને ખોટા પણ હોય છે.

**( ૩ ) ચિંતા સ્વપ્નદર્શન :**

જાગૃત અવસ્થામાં જે વસ્તુ સાંભળી હોય, જોઈ હોય કે સ્પર્શી હોય તે વસ્તુ સ્વપ્નમાં જોવાય તે ચિંતા સ્વપ્નદર્શન છે.

**( ૪ ) તદ્વિપરીત સ્વપ્ન :**

સ્વપ્નમાં જે જોવાયું હોય, તેના વિપરીત ફળ મળે. જેમકે કોઇએ સ્વપ્નમાં પોતાનું શરીર વિષ્ટાથી ખરડાયેલું જોયું હોય પણ જાગ્યા પછી તેને સુગંધી પદાર્થોની પ્રાપ્તિ થાય. અથવા સ્વપ્ન મોગાયન કર્યું હોય તો જાગ્યા પછી રોવાનું મળે છે. નૃત્ય કર્યું હોય તો વધ અને બંધન થાય છે. હસ્યા હોઇએ તો જાગ્યા પછી શોક સંતાપ મળે અને પઠન કર્યું હોય તો ક્લેશ કંકાસનો અનુભવ થાય છે.

**( ૫ ) અવ્યક્ત સ્વપ્ન :**

એટલે કે સ્વપ્નનો અનુભવ અસ્પષ્ટ થાય છે અથવા જાગ્યા પછી ભૂલી જવાય તે આ સ્વપ્નને આભારી છે.

## સ્વપ્નાઓ કોને આવે ?

હે પ્રભો ! શું તે સ્વપ્નાઓ સુતેલાને આવે છે ? જાગૃતને આવે છે ? કે સુતા જાગતાઓને આવે છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! સુતેલા ( ઘોર નિદ્રા )ને કે જાગૃત માણસને સ્વપ્નાઓ આવતા નથી, પણ કાંઈક ઉંઘ આવતી હોય અને કાંઈક જાગૃતિ હોય તેવાઓને સ્વપ્નાઓ આવે છે.

સારાંશ કે સ્વપ્નમાત્ર પ્રાણીને જ હોય છે. કેમકે તેમનો આધાર મન અને ઇન્દ્રિયો હોવાથી અને તેમનો ધારક જીવ જ હોય છે, અજીવ હોતો નથી. આ કારણે જીવને જ સ્વપ્નાઓ આવે છે. જે જીવ છે તે કર્માધીન છે અને કર્મોને ભૂત, ભવિષ્ય તથા વર્તમાનકાળ સાથે સંબંધ છે, તેથી ભૂતકાળના ભોગવેલા પદાર્થોના વિકલ્પો જીવ જ કરતો હોય છે, અથવા ભાવી કાળમાં જે સુખો–દુઃખો, સંયોગો અને વિયોગોના દ્વન્દો ભોગવવાના હોય ત્યારે પણ તેને સૂચિત કરનારા સ્વપ્નાઓ જીવને આવે છે.

અષ્ટાંગ નિમિત્તશાસ્ત્રમાં સ્વપ્નશાસ્ત્ર પણ એક સબળ નિમિત્ત છે, જે દ્વારા માનવને પોતાના ભાવીનું સૂચન થતાં સાવધાન થવામાં વાર લાગતી નથી. અને સાવધાન માનવ જ 'સ્વસ્થ' એટલે કે બહિરાત્મ મટીને અન્તરાત્મ બને છે, ત્યારે શરીર સાથેના સંબંધોનુ આર્તધ્યાન નડતું નથી, અને આર્તધ્યાનથી બચવું એ જ ધર્મસંજ્ઞાનું આદિ ( મૌલિક ) કારણ છે. જ્ઞાનનું વાચન છે તથા અરિહંતોની ભક્તિને સૂચન કરનારૂ છે.

કર્માધીન જીવને દર્શનાવરણીય કર્મ પણ સતામાં પડેલું હોવાથી નિદ્રા આવવી સ્વાભાવિક છે. તે સમયે ઇન્દ્રિયો નિદ્રાધીન થાય છે અને મન જેમાં વિશ્રાંતિ લે છે એટલે કે વિચારશક્તિ જ્યાં સમાપ્ત થાય છે તે જીવ સુપ્તાવસ્થાનો માલિક કહેવાય છે અને ઇન્દ્રિયો જ્યાં પોતાના કાર્ય પ્રત્યે કાર્યોચિત છે તે જાગૃત અવસ્થા કહેવાય છે. ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે ઉપરની બન્ને અવસ્થાઓમાં સ્વપ્નાઓ આવતા નથી, પરંતુ વચલી અવસ્થા જેમાં મન કાંઈક વિકલ્પો કરવા શક્તિમાન છે અને ઇન્દ્રિયો પોતાના કર્મોથી વિરામ પામે છે ત્યારે તે માનવ કાંઈક જાગતો અને કાંઈક સુતેલો હોય છે, તે સમયે સ્વપ્નસૃષ્ટિનું દર્શન કરે છે.

## દ્રવ્ય અને ભાવનિદ્રા :

દર્શનાવરણીય કર્મના જોરદાર હુમલાને લઈને ઓછેવત્તે અંશે જે નિદ્રા આવે તે દ્રવ્યનિદ્રા કહેવાય છે અને અવિરતિની ઝપટમાં ફસાઈને જીવોની જે ચેષ્ટા થાય છે તે ભાવનિદ્રા કહેવાય છે. કેમકે વિરતિધર અને અવિરતિધર રૂપે જીવો બે પ્રકારના હોવાથી ચોવીસે દંડકોના જીવો ભાવનિદ્રાની અપેક્ષાએ સુપ્ત પણ હોય છે અને જાગૃત પણ હોય છે. સર્વવિરતિના અભાવવાળા જીવો પ્રાયઃ કરી સુપ્ત જેવા જ હોય છે અને સર્વવિરતિ સંપન્ન ભાગ્યશાળીઓ સદૈવ જાગૃત છે. તથા કાંઈક વિરતિ કાંઈક અવિરતિમાં રહેલા જીવો વિરતિની અપેક્ષાએ જાગૃત છે અને અવિરતિની અપેક્ષાએ સુપ્ત છે.

નારક જીવો વિરતિના અભાવવાળા હોવાથી સુપ્ત જ છે. કેમકે ત્યાં સર્વ અને દેશવિરતિનો અભાવ છે. યાવત્ ચતુરિન્દ્રિય જીવો સુધીના જીવો સુપ્ત છે.

પંચેન્દ્રિય તિર્યંચો વિરતિના અભાવમાં સુપ્ત છે અને ક્વચિત વિરતિના સદ્ભાવમાં તેઓ જાગૃત પણ છે. મનુષ્યોની જેમ પંચેન્દ્રિય તિર્યંચો પણ દેશવિરતિના ધર્મના આરાધક માનેલા છે.

વાણવ્યંતરથી લઇ વૈમાનિક દેવો સુધીના દેવો સુપ્ત છે.

## સંવૃતાદિ જીવો શું સ્વપ્ન જુએ છે?

ગૌતમસ્વામીજી પૂછે છે કે સંવૃત અર્થાત્ સંવર ધર્મ-પ્રધાન જીવો શું સ્વપ્ન જુએ છે? અસંવૃત જીવો જુએ છે? કે સંવૃતાસંવૃત જીવો જુએ છે?

જવાબમાં ભગવંતે કહ્યું કે ત્રણે પ્રકારના જીવો સ્વપ્ન જુએ છે. વિશેષતા એટલી જ છે કે સંવર ધર્મપ્રધાન જીવ જે સ્વપ્નાઓ જુએ છે તે બધા લગભગ સત્ય ફળવાળા હોય છે.

જેમકે મહાવીરસ્વામીએ છદ્મસ્થ અવસ્થામાં ઉભા ઉભા દશ સ્વપ્નો જોયા હતાં જે સત્ય અર્થને બતાવનારા થયા છે.

જ્યારે પાછળના બંને જીવોના સ્વપ્નો સત્ય પણ હોઈ શકે છે.

ગૌતમસ્વામીના પૂછવાથી ભગવાર મહાવીરસ્વામીએ ૪૨ પ્રકારના સ્વપ્નાઓ કહ્યાં છે, તેમાંથી મહાફળને દેનારા ૩૦ હોય છે, બધા સ્વપ્નો ૭૨ની સંખ્યામાં છે.

તીર્થંકરનો જીવાત્મા જ્યારે માતાની કુક્ષિમાં આવે છે ત્યારે તેમની માતા ૧૪ મહાસ્વપ્નો જુએ છે. વાસુદેવની માતા

૭ સ્વપ્ન અને બલદેવની માતા ૪ સ્વપ્ન જુએ છે અને માંડલિકની માતા એક સ્વપ્ન જુએ છે.

છદ્માવસ્થામાં ભગવંતે નીચે પ્રમાણે સ્વપ્નો જોયા હતાં.

(૧) તાડના ઝાડ જેવા મહાભયંકર પિશાચને હરાવ્યો. તેના કારણે ભગવંતે પણ મોહ કર્મનો સમૂળ નાશ કર્યો છે.

(૨) સફેદ પાંખવાળો, મોટા શરીરના પુસ્કોકિલને જોયો, તેના કારણે ભગવંતને શુકલધ્યાનની પ્રાપ્તિ થઈ છે.

(૩) ચિત્ર વિચિત્ર પાંખવાળા પુસ્કોકિલને જોવાથી ભગવંતે પણ સ્વ–સમય અને પરસમયના પ્રતિપાદન રૂપે ગણિ-પિટકનું સામાન્ય અને વિશેષરૂપે કથન કર્યું હતું. ગણિપિટક એટલે દ્વાદશાંગી.

(૪) ઘણા રત્નોથી યુક્ત બે માળાઓ જોવાથી શ્રાવક અને સાધુધર્મની પ્રતિપાદના કરી છે.

(૫) ગાયોના સમૂહને જોવાથી ચાર વર્ણના સંઘની સ્થાપના કરી છે.

(૬) કમળોથી પૂર્ણ પદ્મસરોવરને જોવાથી દેવોના ચાર પ્રકાર કહ્યાં છે.

(૭) તરંગોથી પૂર્ણ વિશાળ સમુદ્રને ભુજબળથી પાર કર્યો, તેના કારણે ભયંકર સંસાર–અટવીને પાર કરી શકયા.

(૮) તેજથી દીપ્યમાન સૂર્યને જોવાથી કેવળજ્ઞાન મેળવનારા થયાં.

(૯) માનુષોત્તર પર્વતને પોતાના આંતરડાથી વિંટાયેલો જોવાથી ભગવંત દેવ તથા મનુષ્યોથી પ્રશંસિત થયા.

(૧૦) મેરૂ પર્વતની શિખા પર પોતાને બેઠેલા જોવાથી દેવ-રચિત સમવસરણમાં બિરાજમાન થયા.

## વિશિષ્ટતમ સ્વપ્નાઓનું ફળ :

(૧) પુરુષ વેષધારી પુરુષ કે સ્ત્રી વેષધારી સ્ત્રી હોય તે યદિ સ્વપ્નમાં ઘોડા, હાથી કે વૃષભના ટોળાઓને જુએ, તેના પર સવારી કરે અથવા તેમના ઉપર મેં સવારી કરી છે, આવું જુએ તો તે જ ભવમાં તે ભાગ્યશાળી સિદ્ધ–બુદ્ધ યાવત્ નિર્વાણપદને મેળવે છે.

(૨) પુરુષ કે સ્ત્રી પૂર્વથી પશ્ચિમ જેટલી લાંબી દોરીને સમુદ્રને સ્પર્શ કરતી જૂએ અને જાગૃત થાય તો બધા દુઃખોનો અંત કરનારો થશે.

(૩) પુરુષ કે સ્ત્રી લોકના બંને ભાગોને સ્પર્શતી દોરીને જૂએ અથવા તો તે દોરીને હું કાપું છું, કે કાપી નાખી છે, તો પણ દુઃખોનો અંતક થશે.

(૪) પુરુષ કે સ્ત્રી સ્વપ્નમાં કાળી કે સફેદ દોરીને જૂએ અથવા ગૂંચવાયેલી દોરીને હું ઉકેલી રહ્યો છું, જૂએ તો સંસારનો અંત કરનારો છે.

(૫) તાંબાના, સીસાના કે લોખંડના ઢગલાને જૂએ કે તેના પર ચાલે તો બીજા ભવે મુક્ત બને છે.

(૬) વિશાળ–ઘાસના ઢગલાને જૂએ, અથવા તેને હું વિખેરી નાખું છું કે વિખેરી લીધો છે, તે પ્રમાણે સ્વપ્નમાં

જૂએ તો અને ફરીથી સુવે નહી તો તે જ ભવમાં તે મુક્ત થાય છે.

(૭) સ્વપ્નમાં સરસ્તંભને, વાંસના મૂળોને, કે વેલડીઓના મૂળોને હું ઉખેડું છું, આવું જોઈને જાગૃત થાય તો પણ મુક્ત બનશે.

(૮) સ્વપ્નમાં સ્ત્રી કે પુરુષ, ખીર, દહિં, ઘી કે મધના ભરેલા ઘડાને જૂએ અથવા માથા કે ખંભા ઉપર ઉપાડે તો ચરમભવ જાણવો.

(૯) સ્વપ્નમાં શરાબ, કાંજી, ચરબી કે તેલના ઘડાને જૂએ કે ફોડી નાખે તો એ ભવમાં મોક્ષ મેળવશે.

(૧૦) સ્વપ્નમાં કમળોથી કે પુષ્પોથી પૂર્ણ પદ્મસરોવરને જૂએ કે તેમાં પ્રવેશ કરૂ છું, કે પ્રવેશ કર્યો છે તો પણ મુક્ત બનશે.

(૧૧) રત્નોના ભવનને જૂએ કે તેમાં પ્રવેશ કરે તો પણ મુક્ત બનશે.

(૧૨) તરંગોથી યુક્ત સમુદ્રને જૂએ કે તરે તો ભવસાગરથી પાર થશે.

(૧૩) રત્નોથી દીપ્યમાન વિમાનને જૂએ કે તેના પર ચડે કે ચડી ગયેલો જૂએ તો પણ તેને મુક્તાત્મા જાણવો.

ઉપર્યુક્ત સ્વપ્નાઓમાં એક હાથી કે ઘોડો નહી પણ તેમની લાઈન અર્થાત્ ઘણા હાથી કે ઘોડા જૂએ અને ફરીથી સુવે નહી તો મુક્ત બને છે.

**નોંધ :**–કોઈ પણ સ્ત્રી કે પુરુષને પોતાની ઈચ્છા પ્રમાણે દેવોની આરાધનના બળે કે રાત્રે ગમે તેટલી કલ્પનાઓ કરવા માત્રથી સ્વપ્નાઓ કોઈને આવ્યા નથી, આવતા નથી કે આવશે પણ નહી. એ તો કેવળ તમારા ભાવી ભાવના સૂચક છે, માટે તમારી ભાગ્યની બેંકમાં પુણ્યકર્મો કે પાપકર્મોનો ખજાનો ભર્યો હશે, મૈત્રીભાવ કે શત્રુભાવ કેળવ્યા હશે, હિંસક કે અહિંસક વૃત્તિના તમે સ્વામી હશો, તે અનુસારે જ તમને સ્વપ્નાઓ આવશે. માટે હું પણ " ત્રિશલા રાણીની જેમ ૧૪ સ્વપ્નાઓ જોઉં " આવી ઠગારી કલ્પનાઓમાં રચ્યા પચ્યા રહેવા કરતાં હું પણ તે ત્રિશલા રાણી જેવું શીયળવંતુ, સત્યવંતુ, અહિંસાવંતુ અને દયા–દાનપૂર્ણ જીવન બનાવું, આ અત્યંત સરળ અને સ્વચ્છ માર્ગ છે.

અરિહંતોના શાસન પ્રત્યે શ્રદ્ધા હોય તો આટલું તો આપણે જાણીએ છીએ કે તીર્થંકરો યાવત્ પુણ્યશાળી જીવો દુરાચારી, જૂઠા, કલેશ–કંકાસ કરનારા કે પાપ ભાવનાવાળાઓની ખાનદાનીમાં પ્રાયઃ કરી જન્મતા નથી, માટે સંસારમાં સુખી અને સમાધિપૂર્વક જીવન જીવવાનો શ્રેષ્ઠમાર્ગ છે કે સ્વપ્નાઓના, જ્યોતિષિઓના, મંત્રવાદીઓના, કે તંત્રવાદીઓના ભરોસે હનુમાન, વસ્તુપાલ, તેજપાલ, મહાવીરસ્વામી, ચંદનબાળા આદિ જેવા સંતાન રત્નોની આશા રાખવી તેના કરતાં પોતાના ગૃહસ્થાશ્રમી જીવનમાં મર્યાદાપૂર્વકનું બ્રહ્મચર્યવ્રત, પરસ્ત્રીગમનનો સર્વથા ત્યાગ, ખાનપાનની શુદ્ધિ, રહેણીકરણીની પવિત્રતા સાથે સત્યભાષણ અને સત્યવ્યવહાર રાખવો, આનાથી અતિરિક્ત જૈન શાસનની આરાધના બીજી કઈ હોઈ શકે ?

## ઘ્રાણેન્દ્રિય શું ગુણોનો ગ્રાહક છે ?

કેતકી આદિ પદાર્થોમાં સુગંધ હોય છે અને તે ગંધ દ્રવ્ય નથી પણ ગુણ છે. જે દ્રવ્ય વિના કોઈ કાળે સ્વતંત્ર રહી શકતા ન હોવાથી તેઓ ગતિ–આગતિ કરી શકતા નથી.

ગૌતમસ્વામી પૂછે છે કે હે પ્રભો! તે કોષ્ટપુટમાં, કેતકીમાં, તમાલપત્રમાં, દાલચીની(તજ)માં કે તગરના કાષ્ઠમાં જે પવન વાય છે તેના દ્વારા તેમાં રહેલા તે સુગંધોને શું ઘ્રાણેન્દ્રિય ગ્રહણ કરી શકે છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે, હે ગૌતમ! તે તે કાષ્ઠમાં સુગંધ ગુણ રહેલો હોવાથી કાષ્ઠના પુદ્ગલો સાથે તે ગંધગુણ મિશ્રિત થઈ ગયો હોય છે માટે તે ઘ્રાણેન્દ્રિયને જ્યારે મળે છે ત્યારે તેનું ગ્રહણ થાય છે. એકલો ગંધ ગતિ વિનાનો હોવાથી ઘ્રાણેન્દ્રિયનો ગ્રાહક નથી.

બગીચામાંથી આવનારી સુગંધ સાથે પુષ્પાદિના રજકણ જ હોય છે, તેમ ઉકરડા કે સંડાસમાંથી આવનારી દુર્ગંધ સાથે ઉકરડાના કે વિષ્ટાના પરમાણુઓ અવશ્યમેવ મિશ્રિત થયેલા હોય છે.

શતક ૧૬ નો ઉદ્દેશો છઠ્ઠો પૂર્ણ.

卐

# શતક ૧૬ મું : ઉદ્દેશક–૭

## ઉપયોગ સંબંધી વિશેષ વક્તવ્યતા :

હે પ્રભો! ઉપયોગ કેટલા પ્રકારે છે?

જવાબમાં ભગવંતે બે ભેદ કહીને પ્રજ્ઞાપના સૂત્રમાં રહેલું ઉપયોગપદ સંપૂર્ણ જોઈ લેવાની ભલામણ કરી છે, તથા પશ્યતા પદને પણ ત્યાંથી જ જાણી લેવાનું કહ્યું છે.

ઉપયોગ એ જીવનો લક્ષણ વિશેષ છે, જે કોઈક સમયે વિશેષરૂપે અને કોઈક સમયે સામાન્ય રૂપે હોય છે, તે માટે (૧) સાકારોપયોગ (૨) નિરાકારોપયોગ રૂપે ઉપયોગના બે ભેદ છે.

સાકારોપયોગના પણ આઠ ભેદ છે,

૧. અભિનિબોધિક (મતિજ્ઞાન) સાકારોપયોગ
૨. શ્રુતજ્ઞાન ,,
૩. અવધિજ્ઞાન ,,
૪. મનઃપર્યવ ,,
૫. કેવળજ્ઞાન સાકારોપયોગ
૬. મતિ અજ્ઞાન ,,
૭. શ્રુત અજ્ઞાન ,,
૮. વિભંગજ્ઞાન ,,

નિરાકારોપયોગના ચાર ભેદ છે.

૧. ચક્ષુદર્શન નિરાકારોપયોગ
૨. અચક્ષુ દર્શન ,,
૩. અવધિદર્શન નિરાકારોપયોગ
૪. કેવળદર્શન ,,

પશ્યતા પણ સાકાર અને નિરાકારરૂપે બે ભેદવાળી છે.

તેમાંથી સાકારપશ્યતાને મતિજ્ઞાન તથા મતિઅજ્ઞાનને છોડી શેષ છ ભેદે જાણવી.

## ઉપયોગ અને પશ્યતામાં તફાવત :

જવાબમાં કહેવાયું છે કે ત્રણે કાળના બોધને પશ્યતા અને ત્રિકાલિક સાથે વર્તમાનકાળના બોધને ઉપયોગ કહેવાય છે. આ પ્રમાણે સામાન્ય તથા વિશેષ બોધને લઈ બંનેમાં ફરક પડે છે. તેથી સાકાર પશ્યતામાં મતિજ્ઞાન અને મતિઅજ્ઞાન કહ્યાં નથી, કેમકે આ બંને જ્ઞાન ઉત્પન્ન તથા અવિનષ્ટ અર્થને ગ્રહણ કરે છે તે માટે વર્તમાનકાળને પણ ઉપયોગ ગ્રહણ કરે છે, જ્યારે પશ્યતામાં તે પ્રમાણે થતું નથી. અનાકાર પશ્યતામાં 'અચક્ષુદર્શન' ન લેવાનું કારણ આપતાં કહ્યું કે 'સારી રીતે જોવાય તેને પશ્યતા કહી છે. માટે 'દશ્' ધાતુથી પશ્યતા બનેલી હોવાથી ચક્ષુદર્શનમાં જ પશ્યતા સ્પષ્ટ જોવાય છે, શેષ ઇન્દ્રિયોમાં નહિ.

વિશેષ જ્ઞાનવ્યતત્ત્વ પ્રજ્ઞાપના સૂત્રથી જાણવું અને ઉપયોગ વિષયક હકીકત મારા લખેલા "જૈન શાસનમાં ઉપયોગની પ્રધાનતા" નિબંધમાંથી જાણવી.

**શતક ૧૬ નો ઉદ્દેશો સાતમો પૂર્ણ.**

# શતક ૧૬ મું : ઉદ્દેશક–૮

## લોકના ચરમભાગે શું જીવાદિ છે ?

હે પ્રભો ! શું લોક વિશાળ છે ?

ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! લોક ઘણો જ વિશાળ છે. બારમા શતકમાં કહ્યું છે તેમ અસંખ્યેય યોજન કોડાકોડી પરિક્ષેપની અપેક્ષાએ જાણવું.

હે પ્રભો ! પૂર્વ દિશા તરફના લોકના ચરમ પ્રદેશમાં શું જીવો છે ? જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! લોકનો ચરમભાગ એક પ્રદેશાત્મક હોવાથી, અસંખ્યાત પ્રદેશોમાં અવગાહન કરનાર જીવ ત્યાં હોતો નથી, પરંતુ જીવના પ્રદેશની અવગાહના ત્યાં હોય છે. પુદ્ગલ સ્કંધો તથા ધર્માસ્તિકાયાદિના દેશ પ્રદેશોનો પણ સદ્ભાવ છે. અર્થાત્ ચરમ ભાગમાં જીવોના દેશ–વિદેશ છે તથા અજીવો પણ છે. કારણમાં કહેવાયું છે કે એક પ્રદેશમાં જીવોના દેશો–પ્રદેશો તથા પુદ્ગલ સ્કંધો પણ રહે છે.

ચરમભાગમાં જીવના જે પ્રદેશો છે કેમકે ત્યાં જીવોના દેશોની જ સદ્ભાવના છે અથવા એકેન્દ્રિય જીવના અનેક પ્રદેશ અને બેઇન્દ્રિય જીવોનો એક પ્રદેશ કહેવાયું છે. યદ્યપિ ત્યાં બેઇન્દ્રિય જીવના દેશો હોતા નથી, પરંતુ કોઈક બેઇન્દ્રિય જીવ એકેન્દ્રિયમાં જન્મવાનો હોય ત્યારે મારણાન્તિક સમુદ્ઘાતની અપેક્ષાએ આ કથન છે. દશમા શતકના આગ્નેયી દિશા માટે જે કહેવાયું છે તે અહીં સમજવું, જેમકે એકે-

ન્દ્રિયોના ઘણા દેશો, બેઇન્દ્રિયનો એક દેશ અથવા બંનેના અનેક દેશો અથવા ત્રીંદ્રિયનો એક દેશ આદિ. તે વિદિશામાં દેશ તથા પ્રદેશથી, ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના છ ભાંગા અને કાળ સમયનો એક ભાંગો એમ સાતની સંખ્યામાં અરૂપી અજીવો છે, જ્યારે ચરમભાગમાં કાળ સમય ન હોવાથી છ અરૂપી ભાંગા જાણવા. વિશેષતા એટલી જ કે ચરમભાગનાં પહેલા ભાંગામાં અતીન્દ્રિયનો પ્રદેશ હોતો નથી, કેમકે કેવળી સમુદ્રઘાત સમયે પ્રદેશોની વૃદ્ધિ અને હાનિરૂપવિષમતા હોવાથી ચરમભાગમાં ઘણા દેશોનો સંભવ છે પણ એક દેશ હોતો નથી.

ઉપર પ્રમાણે જ દક્ષિણ–ઉત્તર અને પશ્ચિમ દિશા તથા ઊર્ધ્વ અને અધોદિશા માટે પણ પૂર્વની જેમ સમજવું.

## પરમાણુઓની શક્તિ વિશેષતા :

હે પ્રભો ! પૂર્વદિશાના ચરમાંતથી પશ્ચિમ દિશાના ચરમાંત સુધી, પશ્ચિમ દિશાના ચરમાંતથી પૂર્વદિશાના ચરમાંત સુધી, ઉત્તરથી દક્ષિણ સુધી, દક્ષિણથી ઉત્તર સુધી, ઉર્ધ્વદિશાથી અધોદિશા સુધી અને અધોદિશાથી ઉર્ધ્વદિશા સુધી પુદ્ગલ પરમાણુ એક સમયમાં ગમન કરવા માટે સમર્થ છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! એક સમયમાં પૂર્વદિશાના ચરમભાગમાં રહેલો પરમાણુ પશ્ચિમ દિશાના ચરમભાગ સુધી જઈ શકે છે, આ પ્રમાણે બધી દિશાઓ માટે જાણવું.

## વરસતા વરસાદના નિર્ણય કરનારને ક્રિયાઓ લાગે છે?

હે પ્રભો! આકાશથી વરસાદ વરસે છે કે નહીં? તેનો નિર્ણય કરવા માટે બારીમાંથી હાથ કાઢે તો, પગ કાઢે તો, કાઢનારને શું ક્રિયાઓ લાગે છે? લાગતી હોય તો કેટલી લાગે?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ વરસતાં કે ન વરસતાં વર્ષાદનાં નિર્ણય કરનારને કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી અને પ્રાણાતિપાતિકી ક્રિયાઓ લાગે છે.

**નોંધ :**–માનવમાત્રને માટે સાવ સાધારણ પ્રસંગનો આ પ્રશ્ન હોવા છતાં પણ આની મહત્તા ઘણી છે, કેમકે અનાદિ-કાળથી આ જીવાત્માને મોહ–માયા–કુતૂહલ–મશ્કરી–ખોટી શરતો મારવી, બીજાઓને આકસ્મિક રંજિત કરવા કે જ્યોતિષ, હાથચાલાકી કે વાચાલતા દ્વારા બીજાઓમાં કુતૂહલ કરવું આદિ–આપણા આધ્યાત્મિક જીવન સાથે હડહડતા વૈરવાળી ઘણી ક્રિયાઓ જે આપણા સૌના જીવનના રગેરગમાં અનાદિ-કાળથી ઓતપ્રોત થયેલી છે, તેને કંટ્રોલમાં લેવા માટે ભલભલા સાધકો પણ હાર ખાઈને બેઠા છે, અથવા આન્તર જીવનમાં છુપાઈને રહેલી આ આદતો જ્યારે કુતુહલ કરે છે ત્યારે માનવની 'જ્ઞાન સંજ્ઞા' કેવી રીતે હાથતાળી આપીને ગચ્છંતી થાય છે તેની ખબર સારામાં સારી રીતે કર્મગ્રન્થોની પ્રકૃતિઓને ગણવાવાળાઓને પણ ખબર પડતી નથી.

વરસતાં વરસાદનો નિર્ણય કરવા માટે બારીમાંથી હાથ બરાબર કાઢવો આ સાવ સાધારણ ક્રિયા હોવા છતાં પણ સાધકને આશ્રવના માર્ગ બંધ કરાવવાના ઈરાદાથી જ ભાવ-

દયાના માલિક શ્રી ગૌતમસ્વામીજીએ ભગવંતને પૂછ્યું અને દયાધર્મની ચરમસીમા પ્રાપ્ત કરેલા ભગવંતે કોઈની શરમમાં આવ્યા વિના કહ્યું કે, સાવ સાધારણ ક્રિયાના માલિકને પાંચ ક્રિયાઓ લાગે જ છે.

જીવ માત્રને પાપ તથા આશ્રવમાર્ગથી બચાવવા માટે જૈન ધર્મની આરાધના દ્વારા સંવરધર્મના પાલન સિવાય બીજો એકેય માર્ગ નથી. આ કારણે આજે પણ જૈન મુનિને ગમે તેવી ભૂખ લાગી હોય તો પણ વરસતા વરસાદે બહાર નીકળતા નથી કે ક્યાંય ગમનાગમન કરતા નથી. કદાચ અજાણતાએ ભૂલાઈ જાય કે પાછા વળતા વરસાદ આવી જાય તો પ્રતિક્રમણમાં " કાચા પાણી તણા છાંટા લાગ્યા...." ઈત્યાદિ સૂત્ર દ્વારા ગુરૂ સમક્ષ પાપોનો એકરાર કરીને ફરીથી તેવું ન થાય તે માટે પોતાનું જીવન સાવધાન બનાવે છે.

## અલોકમાં દેવો શું હાથ–પગ ફેલાવી શકે ?

ગૌતમસ્વામી પૂછે છે કે હે પ્રભો! મોટી ઋદ્ધિવાળો કોઈ દેવ દેવલોકના અંત ભાગમાં ઉભો રહીને પોતાના હાથને–પગને અલોકમાં શું ફેલાવી શકે છે ?

જવાબમાં ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે, હે ગૌતમ! આવું થતું નથી એટલે કે ગમે તેવો શક્તિસંપન્ન દેવ પણ પ્રાકૃતિક કાનુન ઉલ્લંઘી શકે તેમ નથી, કેમકે શક્તિને જેમ મર્યાદા છે તેમ ચરાચર સંસાર પણ પોતાના નિયત થયેલા કાયદાઓને ઉલ્લંઘી શકતો નથી, લોકાકાશને જેમ કાયદા છે તેમ

અલોકાકાશને પણ કાયદા છે. કારણ ફરમાવતા ભગવંતે કહ્યું કે લોક અને અલોક પરસ્પર વિરોધાભાસ જેવા પદાર્થો હોવાથી લોકાકાશમાં જ જીવ અને પુદ્ગલ છે. બંનેની ગતિ–આગતિ ધર્માસ્તિકાયને આધીન છે. જ્યારે સ્થિરવાસ અધર્માસ્તિકાયને આધીન છે, જ્યારે અલોકાકાશમાં જીવ–પુદ્ગલ ધર્મ કે અધર્માસ્તિકાય નથી, માટે જીવોની ગતિ જે ધર્માસ્તિકાયને આધીન છે તે અલોકમાં ન હોવાથી ત્યાં કોઇની પણ ગતિ નથી.

સંસારની આવી સ્થિતિને અત્યાર સુધી તીર્થંકરો પણ ઉલ્લંઘી શકયા નથી, તો પછી દેવ–દેવેન્દ્રોમાં આ શક્તિ કયાંથી આવવાની હતી ?

ભગવંતે કહ્યું કે જીવો પુદ્ગલ આહારોપચિત હોય છે, અવ્યક્ત અવયવ શરીર રૂપથી ઉપચિત, કલેવરરૂપે ઉપચિત તથા ઉચ્છ્વાસરૂપથી પણ ઉપચિત હોય છે. એટલે કે પુદ્ગલો જીવાનુગામી સ્વભાવવાળા હોવાથી જે ક્ષેત્રમાં જીવ હોય છે ત્યાં જ પુદ્ગલોની ગતિ પણ હોય છે તથા પુદ્ગલોને પ્રાપ્ત કરીને જીવોની તથા અજીવોની ગતિરૂપ પર્યાય બને છે, માટે જ્યાં પુદ્ગલો નથી હોતા ત્યાં ગતિ પણ હોતી નથી. આ કારણે અલોકમાં જીવો તથા પુદ્ગલો પણ નથી, માટે સમર્થશાળી દેવ પણ અલોકમાં પોતાના માથાનો વાળ પણ ચલાવી શકતો નથી તો પછી હાથ–પગની વાત કયાં રહી ?

બીજી વાત આ છે કે ધર્માસ્તિકાયની સહાય વિના કોઇની પણ ગતિ હોતી નથી અને અલોકમાં તેનો સર્વથા અભાવ છે, માટે જ તે અલોક કહેવાય છે. આ કારણે સિદ્ધાત્માઓને પણ લોકાન્તે રહેલી સિદ્ધશિલામાં સ્થિર થવું પડે છે, એટલે કે

અનંતવીર્યના માલિક સિદ્ધો પણ ધર્માસ્તિકાયના અભાવમાં અલોકમાં જઈ શકતા નથી.

સિદ્ધ થયેલા જૈનોના કેવળીઓ હજી પણ આકાશમાં ભ્રમણ કરી રહ્યાં છે. જૈન શાસનના જ્ઞાન વિનાની ઈર્ષ્યાયુક્ત આ ભાષા ઉપરના સિદ્ધાંતથી મૌનધારી લે છે એટલે કે જૈન-શાસનના દ્વેષીઓની ઉક્તિ ખંડિત થાય છે.

**શતક ૧૬ નો ઉદ્દેશો આઠમો પૂર્ણ.**

卐

# શતક ૧૬ મું : ઉદ્દેશક–૯

## વૈરોચન બલી ઇન્દ્રની સુધર્મા સભા ક્યાં છે ?

આ પ્રશ્નોત્તર પહેલા તથા બીજા ભાગમાં ચર્ચાઈ ગયો હોવાથી વિરામ પામીએ છીએ.

**શતક ૧૬ નો ઉદ્દેશો નવમો પૂર્ણ.**

卐

# શતક ૧૬ મું : ઉદ્દેશક—૧૦

## અવધિજ્ઞાન માટેની વક્તવ્યતા :

હે પ્રભો ! અવધિજ્ઞાન કેટલા પ્રકારે છે? જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! અવધિજ્ઞાનના બે ભેદ છે જે પ્રજ્ઞાપના સૂત્રથી જાણી લેવા માટે ભલામણ કરી છે. ભવપ્રત્યયિક અને ક્ષાયોપશમિક (લબ્ધિપ્રત્યયિક) રૂપે અવધિજ્ઞાનના બે ભેદ છે. દેવ અને નરકગતિના જીવો પહેલા પ્રકારમાં છે અને પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો બીજા ભેદમાં છે, કેમકે અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી તે અવધિજ્ઞાન થાય છે.

ભગવંતની વાણી સાંભળીને ગૌતમસ્વામી પ્રસન્ન થયા અને કહ્યું કે સંપૂર્ણ દોષ રહિત તીર્થંકરોના વચન સત્ય છે—સર્વથા સત્ય છે.

શતક ૧૬ નો ઉદ્દેશો દસમો પૂર્ણ.

# શતક ૧૬ મું : ઉદ્દેશક–૧૧

## દ્વીપકુમાર માટેની વક્તવ્યતા :

હે પ્રભો ! દ્વીપકુમાર દેવો શું સમાન આયુષ્ય આહાર અને ઉચ્છવાસ તથા નિઃશ્વાસવાળા હોય છે ? જવાબમા સૂત્રકારે પ્રથમ શતકના બીજા ઉદેશાને જોવાની સલાહ આપી છે. મતલબ કે તેઓ સમાન આયુષ્ય અને આહારાદિવાળા નથી.

દ્વીપકુમારોને કૃષ્ણ, નીલ, કાપોત અને તેજોલેસ્યા રૂપે ચાર લેશ્યાઓ હોય છે. તેજોલેશ્યાવાળા દ્વીપકુમારો ઓછા છે, તેનાથી કાપોત લેશ્યાવાળા વિશેષ–અધિક છે. નીલ લેશ્યાવાળા તેનાથી પણ વધારે અને કૃષ્ણલેશ્યાવાળા તેનાથી પણ વધારે છે.

કૃષ્ણલેશ્યાના દ્વીપકુમારો કરતાં આગળ આગળની લેશ્યાવાળા દ્વીપકુમારો વધારે સમૃદ્ધિવંત છે.

શતક ૧૬નો ઉદ્દેશો અગ્યારમો પૂર્ણ.

# શતક ૧૬ મું : ઉદ્દેશક–૧૨–૧૩–૧૪

આ પ્રમાણે ઉદધિકુમાર, દિકકુમાર અને સ્તનિતકુમાર દેવોનું વર્ણન ઉપર પ્રમાણે જાણવું.

શતક ૧૬ મો ઉદ્દેશો બાર–તેર–ચૌદમો પૂર્ણ

## સમાપ્તિ વચન

પૌર્વાત્ય અને પાશ્ચાત્ય દેશોના પંડિતોની વચ્ચે સાંકળ જેવા, સ્થળે સ્થળે પશુ–પક્ષી આદિના હિસંક કાર્યોને બંધ કરાવનારા, ગોરી સલ્તનતના ગોરા ગર્વનરોથી લઇને ભારત દેશના રાજા–મહારાજા આદિમાં અહિંસક ભાવના લાવનારા, અહિંસા–બ્રહ્મચર્ય દિગ્દર્શન આદિ અમૂલ્ય સાહિત્ય દ્વારા હજારો માનવોને અહિંસા અને સંયમનો સંદેશો આપનારા, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય ૧૦૦૮ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહરાજના શિષ્ય, શાસનદીપ, સ્વ. મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહરાજના શિષ્ય, વ્યા. ન્યા. કા. તીર્થ પન્યાસપદ વિભૂષિત, ગણિવર્ય શ્રી પૂર્ણાનન્દવિજયજી ( કુમારશ્રમણ ) મ. પોતાના મતિજ્ઞાનના વિકાસ માટે, શ્રુતજ્ઞાનની વૃદ્ધિ માટે ભગવતી સૂત્રનું ૧૬મું શતક પૂર્ણ કર્યું છે.

शुभं भूयात् सर्वेषां जीवानाम्
अहिंसा तत्वं प्राप्नुयुं सर्वे जीवाः ।

## શતક સોળમું પૂર્ણ

# શતક ૧૭ મું : ઉદ્દેશક-૧

**પ્રારભ્યતે :**

૧૭ સંખ્યક ઉદ્દેશાઓથી પૂર્ણ પ્રસ્તુત ૧૭મા શતકના પ્રારંભમાં શાસનપતિ ભગવંત મહાવીરસ્વામીને, ગૌતમ ગણધરને, સુધર્માસ્વામીને, તથા ઉપશમિત મોહકર્મના માલિકોને દ્રવ્ય તથા ભાવવંદના કરીને આ શતકનું વિવેચન કરવાનો પ્રારંભ કરૂં છું. જેમાં કુંજર, સંજય, શૈલેશી, ક્રિયા. ઈશાન, પૃથ્વી, પાણી, વાયુ, એકેન્દ્રિય, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુત્કુમાર અને અગ્નિકુમારોનું વર્ણન છે.

રાજગૃહી નગરીમાં આ ઉદ્દેશો ચર્ચાયો છે. જે ભૂમિ પર શાસનપતિ ભગવાન મહાવીરસ્વામીના ૧૨ ચાતુર્માસ (વર્ષાવાસ) થયા છે. અનેકાનેક ભાગ્યશાળીઓએ સંવરધર્મ-સમિતિ ગુપ્તિ-ધર્મપૂર્વકનો સંયમમાર્ગ સ્વીકાર કર્યો છે. જ્યારે કેટલાક ભાગ્યશાળીઓ દેશવિરતિ ધર્મને સ્વીકારી પાવન થયા છે, મોક્ષદાયિની સત્તાના સૂત્રોમાં બંધાયેલા જૈન સંઘના સ્થાપક ભગવાન મહાવીરસ્વામી હતાં. જૈન સંઘના સિંચક ગણધર ગૌતમસ્વામી હતાં. જૈન સંઘના વર્ધક ગણધર સુધર્માસ્વામી હતાં. જૈન સંઘના રક્ષક પ્રચંડ શક્તિસંપન્ન શ્રેણિક મહારાજા હતાં. જૈન સંઘના પાલક ચતુર્બુદ્ધિસંપન્ન અભયકુમાર મહામંત્રી હતાં. જૈન સંઘના શોભાકારક ધન્ના અને શાલીભદ્રો જેવા હતાં. જૈન સંઘના યશકીર્તિવર્ધિકા મૃગાવતી, જયંતી, ચંદનબાળા જેવી મહાસતીઓ હતી. જૈન સંઘના અવગ્રહ-દાયિકા, ભદ્રા, રેવતી, સુલસા આદિ સન્નારીઓ હતી. જૈન

સંઘના આરાધક પુણિયા શ્રાવક, જીર્ણ શેઠ જેવા પુણ્યશાળી શ્રાવકો હતાં. ઈત્યાદિક પુણ્ય પવિત્ર ભાગ્યશાળીઓથી શોભતી તે રાજગૃહી નગરીમાં એક દિવસે ભગવાન મહાવીરસ્વામી ચતુર્વિધ સંઘ સાથે પધાર્યા, સમવસરણની રચના થઇ અને ધર્મોપદેશ થયો.

## ઉદાયી હાથીની ગતિ–આગતિ માટેની વકતવ્યતા :

તે સમયે કુણિકરાજા કાજલના પર્વત સદૃશ હાથી પર સવાર થઈને વંદન કરવા માટે આવ્યો અને ધર્મોપદેશ સાંભળ્યો. તે રાજાની ગજશાળામાં ઉદાયી અને ભૂતાનન્દ નામના બે હાથી સારા હોવાથી ગૌતમસ્વામીએ ભગવાનને પૂછ્યું કે, હે પ્રભો! આ રાજાનો ઉદાયી હાથી અત્યારના પોતાના હાથી અવતારમાં કઈ ગતિનો ત્યાગ કરીને આવ્યો છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે, આ હાથીનો જીવાત્મા આનાથી પહેલા ભવમાં ભવનપતિ નિકાયનો અસુરકુમાર દેવ હતો, જે ત્યાંથી પોતાનું આયુષ્ય સમાપ્ત થયે હાથીના અવતારને પામ્યો છે.

અહીંથી મરીને ક્યાં જશે ?

આ હાથી પોતાનું આયુષ્ય સમાપ્ત થયે સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળી પહેલી રત્નપ્રભા નામની નરક પૃથ્વીમાં ઉત્પન્ન થશે, ત્યાંથી સીધો મહાવિદેહ ક્ષેત્રમાં જઈ દીક્ષા લેશે, યાવત્ નિર્વાણ પામશે.

ગૌતમ ભૂતાનન્દી હાથી માટે પણ ઉદાયીની જેમ સમજવું.

## તાડવૃક્ષ પર ચડનારને કેટલી ક્રિયાઓ લાગે ?

હે પ્રભો ! કોઈ પુરુષ તાડના વૃક્ષ પર ચડીને તેને હલાવે, ડાળને હલાવે કે તાડફળને નીચે પાડે તો તેને કેટલી ક્રિયાઓ લાગશે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! તેને પાંચે ક્રિયાઓ લાગશે. કેમકે જ્યાં પ્રાણાતિપાતિકી ક્રિયા હોય ત્યાં આગળની કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી અને પારિતાપનિકી ક્રિયાઓ પણ હોય જ છે. પણ આગળની ચારે હોતા પ્રાણાતિપાતિકી હોય અથવા ન પણ હોય. તાડવૃક્ષ પર ચડવું, ડાળો કૂદવી, હલાવવી, આદિ બધી ક્રિયાઓમાં પ્રાણાતિપાતિકી રહેલી જ છે. કેમકે फलफुल छल्लि कट्ठा मूलगपत्ताणि बीयाणि એટલે કોઇ *પણ પ્રત્યેક વૃક્ષના મૂળથી લઈને થડ, મોટી ડાળી, નાની* ડાળ, પાંદડા, પુષ્પો, ફળો અને તેના બીજોમાં જુદા જુદા જીવો રહેલા છે. જેમકે ઝાડનો મૂળજીવ જુદો, મોટી ડાળનો તેનાથી જુદો, નાની ડાળનો તેનાથી જુદો. એક એક પાંદડે એક એક જીવ, ફળનો જીવ તથા તેની એક એક પાંખડીમાં જીવો જુદા જુદા અને ફળમાં તથા તેમાં રહેલા એક એક બીજમાં જીવો જુદા જુદા હોય છે. આ પ્રમાણે એક ઝાડમાં આપણાથી કોઈ કાળે ન ગણાય તેટલા જીવો જીનેશ્વરદેવે કહ્યાં છે, માટે જ હે ગૌતમ ! ડાળને, નાની ડાળને, પાંદડાને, ફળોને, ફૂલોને તોડવા, ફોડવા, કાપવા, કપાવવા, છુંદવા વાટવામાં સર્વત્ર જીવહિંસા રહેલી છે, જે પાપ છે, તથા ઝાડોને કપાવીને કોલસાં પડાવવાં કે તેનો વ્યાપાર કરવો મહાપાપ છે. ઝાડ ઉપર ચડનારો માણસ થડ ઉપર પગ મૂકીને ચડે છે. ડાળો હાલ્યા વિના

રહેવાની નથી, તો પાંદડાઓ ખર્યા વિના શી રીતે રહેશે? માટે મારું કહેવું છે, ઝાડ પર ચડનારને પ્રાણાતિપાતિકી ( જીવ-હત્યા જીવવધ ) પાપ લાગે છે, તથા તેના પરથી મોટા ફળને નીચે પાડતા ભૂમિ પર રહેલા ભૂતો–પ્રાણીઓ–જીવો અને સત્વોને પણ મર્યા વિના છુટકારો નથી. અહીં વિકલેન્દ્રિય જીવોને પ્રાણ, વનસ્પતિને ભૂત, પંચેન્દ્રિયને જીવ અને શેષ રહેલાઓને સત્વ કહ્યાં છે, કલ્પસૂત્રમાં ઋષભદેવ ચરિત્રમાં ઉપરથી તાડફળ પડતાં યુગળમાંથી એક પુરુષ મરી ગયો હતો. યદિ ઉપરથી પડતા, ફેંકતા, મનુષ્ય જેવો મનુષ્ય મરી જતો હોય તો કીડા, મંકોડા–સાપ–વિંછુ–ઉંદરડા શી રીતે બચવાના હતાં?

તાડવૃક્ષ ઉપર ચડેલો માણસ ઝાડને હલાવે છે, પણ ફળનું પતન તો ચલાયમાન ક્રિયાની અપેક્ષા રાખ્યા વિના પોતે જ વજનદાર હોવાથી પોતાની મેળે પડે છે, તેવી અવસ્થામાં તે પુરુષને પહેલાની ચાર ક્રિયા જ લાગશે, કેમકે ફળ પતનમાં પોતે ( પુરુષ ) કારણભૂત નથી, પણ જે જીવોના શરીરો વડે તાડવૃક્ષનું નિર્માણ થાય છે, તે મૂળના, થડના, નાની મોટી ડાળ આદિના જીવોને પાંચે ક્રિયાઓ લાગશે, સારાંશ કે યદ્યપિ તાડના ફળ કરતાં મૂળ–પત્ર–પુષ્પ અને થડ આદિના જીવો જૂદા છે, તો પણ એક બીજાના સહકારી અને સહચરી હોવાથી ફળપતનની ક્રિયામાં ઝાડના બધાએ જીવોને પાંચે ક્રિયાઓનો સંબંધ સમજી લેવો. યદ્યપિ બધાએ જીવો સાક્ષાત્ કારણભૂત નથી પરન્તુ પરંપરાએ તો એક બીજા સાથે સંકળાયેલા છે.

તાડવૃક્ષ પરથી પડેલું ફળ ઝાડ નીચે રહેલા પત્થરના થાંભલા પર પડે અને ત્યાંથી નીચે પટકાયા પછી ત્યાંના જીવોને

તો તે મારશે-પરંતુ એવી સ્થિતિમાં પણ તે ફળ પહેલા જડ જેવા થાંભલા પર પડીને નીચે પડે છે. ત્યારે પત્થરના થાંભલાના પુદ્ગલોમાં જ્યારે પણ જીવો રહેલા હશે. પરમાત્મા મહાવીરસ્વામી કહી રહ્યાં કે ગૌતમ! જડ થાંભલાના પુદ્ગલોના સ્વામી જે જીવો છે તે અત્યારે વૈમાનિક દેવમાં હશે કે મુનિવેષમાં હશે, સાધ્વીવેષમાં હશે, દેશ વિરતિના વિષે સામાયિકસ્થ હશે કે રેશમના ભારે કપડાં પહેરીને વીતરાગદેવના પૂજનમાં મસ્ત બન્યા હશે તો તેમને પણ પાંચે ક્રિયાઓ લાગ્યા વિના રહે નહીં, કારણ આપતાં કહ્યું કે ગમે તે ભૂતકાળમાં જ્યારે થાંભલાના પુદ્ગલોમાં જીવ હશે ત્યારે તે ભવની માયાને વોસીરાવી નહી હોવાના કારણે ત્યાંની માયા પણ તેમના મસ્તક પર રહેલી હોવાથી ક્રિયાઓથી લેપાવ્યા વિના છુટકારો નથી. આનું નામ છે 'વિના ખાધા વિના ભોગવ્યા ફોગટ કર્મ બંધાય.' હવે આપણે આખાએ પ્રશ્નોતરનો ફલિતાર્થ જોઇ લઇએ. તાડવૃક્ષના ઔપચારિકથી ગમે તે વૃક્ષ, તેમનાં પાંદડા, ફળો, ફૂલો, ડાળો આદિને ચલાવવી, કંપાવવી, પત્રપુષ્પો તોડવા, તે માટે ઝાડ ઉપર ચડવું, પત્થર ફેંકવા, ડંડો મારવો, આદિ જે ક્રિયા કરવાથી તે તે જીવોનું હનન, તાડન, મારણ યાવત પ્રાણોનો વ્યતિપાત થાય તે પ્રાણાતિપાતિકી ક્રિયા તે જીવને, ચાહે તો ક્રિયા સમયે પ્રત્યક્ષ હોય, પરોક્ષ હોય કે અનંત સંસારમાં ગમે ત્યાં અને ગમે તેવી સાહેબીમાં હોય તો પણ તેને પાપ લાગ્યા વિના રહેવાનું નથી.

**નોંધ:**-જૈન શાસનથી અતિરિક્ત બીજા ધર્મોમાં પણ ઈશ્વરનું ધ્યાન-જાપ-મનન-સંત સેવા-દાન પુણ્ય આદિ સદનુષ્ઠાનો, ચર્ચમાં પણ ઈસા મસીહની પ્રાર્થના, મસ્જીદમાં ખુદાની પ્રાર્થના આદિ સારા કાર્યોના વિધિ વિધાનો હોવાથી પોત-

પોતાની શ્રદ્ધાનુસારે તે તે સદનુષ્ઠાનો થતા જ હોય છે અને તેમાં કોઇને પણ વાંધા જેવું નથી. પરંતુ પ્રશ્ન થાય છે કે પાપમાર્ગોની ઓળખાણ વિના કે સૂક્ષ્મમાં સૂક્ષ્મ પાપ-પ્રવૃત્તિઓને, વૃત્તિઓને ત્યાગ કર્યા વિના ધર્માનુષ્ઠાનો ફળદાયક બનશે ? આજે આપણે પ્રત્યેક સંપ્રદાયોમાં ઘણા ભક્તરામોને પ્રત્યક્ષ જોઇએ છીએ કે તેઓ બહારના અનુષ્ઠાનોમાં હોવા છતાં પણ આંતરિક જીવનના કોરાધાકોર જ રહેવા પામ્યા હોવાથી તેમના જીભની કડવાસ, હૈયાનું મેળ, મસ્તિષ્કની શૈતાની, દિભાગની તુચ્છતા, જીવનની કૃપણુતા આદિ દૂષણો ઉપર કંટ્રોલ કરી શકયા નથી.

બારી બારણા ઉઘાડા હોય તો ગમે ત્યારે પણ ચોર, બીલાડો, ઉંદરડો પણ પ્રવેશ કરી શકે છે, તેમ જીવનના જાતીય દૂષણોના દ્વાર બંધ કર્યા વિના આત્મશુદ્ધિ પણ શી રીતે થશે ? અને ધર્માનુષ્ઠાનો દ્વારા આત્મશુદ્ધિ ન કરી શકયા તો ભક્તિ ભક્તિવેડામાં ખપશે, જ્ઞાન-વિજ્ઞાન કેવળ ચર્ચામાં જ રહેવા પામશે, અને જીન્દગીભર તેના ભાગ્યમાં જીભાજોડી જ શેષ રહેશે.

માટે જૈન શાસન જ ભાર દઇને કહે છે કે સાધક ! તું સૌથી પહેલા પાપોને ઓળખ, ત્યાગ અને ત્યાર પછી ધર્મના રસ્તે આવવાની લાયકાત પ્રાપ્ત થશે. આ કારણે જ શ્રમણ ધર્મને સ્વીકારતો સાધક સૌથી પહેલા " अइअं निंदामि " ભૂતકાળમાં મારા મન, વચન અને કાયાથી જે કાંઇ પાપમાર્ગ સેવાયા હોય કે જીવ હત્યાઓ થઈ હોય તે સર્વેની હું ગુરૂ સાક્ષીએ નિંદા કરૂં છું અને સર્વથા તે માર્ગનો ત્યાગ કરૂં છું.

**अणागयं पच्चक्खामि**-ભવિષ્ય કાળમાં કોઈ પણ જાતનું

પાપ મારા મન-વચન-કાયામાં કે સ્વપ્નમાં પણ ન આવે તેને માટે હું જાગૃત રહીશ અને વર્તમાન કાળમાં બધાએ પાપોના દ્વાર બંધ કરીને રહીશ, આટલું સ્વીકાર્યા પછી તે મહાવ્રતોનો સ્વીકાર કરે છે અને પોતાની જાતને ભૂત-ભાવી અને વર્તમાનકાળના અનિષ્ટોમાંથી બચાવી શકે છે. આ કારણે જ જૈન મુનિના હાથ-પગ-જીભ-મસ્તિષ્ક-કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો સંયમિત હોય છે.

ગૃહસ્થાશ્રમમાં રહેલા શ્રાવકોને માટે પણ સૌથી પહેલા માર્ગાનુસારીતા, પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ત્યાર પછી જ શિક્ષાવ્રતોનો ઉપદેશ કરાયો છે. માટે અરિહંતોના બતાવેલા માર્ગે ચાલનારો સાધક સફળ બને છે.

સૂક્ષ્મમાં સૂક્ષ્મ પાપમાર્ગોનો ત્યાગ કરનાર જૈન શ્રમણોને, શ્રમણીઓને ગમે તેવા મરણાન્ત પ્રસંગે પણ ઝાડ પર ચડવું નથી, પત્ર પુષ્પ તોડવા નથી, સ્પર્શવા નથી, નદી નાળા કે કાચા પાણીનો ઉપયોગ કરવો નથી, પોતાના હાથે રસોઇ પાણી કરવાની નથી, પોતાના માટે બનેલું ભોજન જૈન સાધુને કલ્પતું નથી. અષ્ટ પ્રવચનમાતા અને નવ બ્રહ્મવાડમાં રમણ કરનાર જૈન સાધુઓ હજારોવાર ભાવ વંદનને લાયક છે.

## શરીરાદિના કારણે કેટલી ક્રિયાઓ હોય ?

ગૌતમસ્વામી પૂછે છે કે હે દેવાધિદેવ! ઔદારિક શરીર-નિર્માણ સમયમાં જીવને કેટલી ક્રિયાઓ હોય છે?

જવાબમાં ભગવંતે કહ્યું કે, કદાચ ત્રણ, કદાચ ચાર અને કદાચ પાંચે ક્રિયાઓ હોય છે. બહુવચનથી વાત કરીએ તો

પણ જીવોને ઉપર પ્રમાણેની ક્રિયાઓ જાણવી. તે જ પ્રમાણે ઇન્દ્રિયો અને યોગ નિર્માણમાં તથા ચોવીસ દંડકોને પણ ઉપર પ્રમાણે જાણવું.

ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ શરીર પાંચ છે, ઇન્દ્રિયો પાંચ અને યોગ ત્રણ છે.

ભવ ભવાંતરના કરેલા પુણ્ય પાપોને ભોગવવાને માટે શરીર ગ્રહણ કરવું અત્યાવશ્યક છે, અને ઇન્દ્રિયો તથા યોગ વિના પૂર્વભવના કરેલા કર્મો ભોગવવા અશકય છે. ચાલુ ભવમાં જે સમયે શરીર પર્યાપ્તિથી શરીરને ગ્રહણ કરે છે ત્યાર પછી ઠેઠ મૃત્યુની છેલ્લી ક્ષણ સુધી પણ જીવાત્મા ઔદારિકાદિક શરીરની કાર્મણ વર્ગણાઓને ગ્રહણ કરતો રહે છે. તેવી રીતે ઇન્દ્રિયો તથા યોગની વર્ગણા પણ ગ્રહણ કરે છે.

જીવ સ્વયં સ્વતંત્ર હોવાથી પ્રતિસમયે લેવાતી ઔદારિક વર્ગણાઓમાં રાગ–દ્વેષપૂર્વકના નિયાણા જરૂર હોય છે, અને જ્યાં રાગ–દ્વેષ છે ત્યાં ક્રિયાઓ અને કર્મો પણ છે.

## હે પ્રભો ! ભાવો કેટલા કહ્યાં છે ?

ભગવંતે છ પ્રકારના ભાવ કહ્યાં છે, ઔદાયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, પારિણામિક અને સાન્નિપાતિક ભાવ. આ ભાવોની વિશેષ ચર્ચા બીજા ભાગમાં કરાઈ ગઈ છે, તેમ છતાં પણ આવેલા આ વિષયને સૂત્રકાર સુધર્માસ્વામીજીએ પોતે જ અનુયોગ સૂત્ર દ્વારા વિસ્તારથી જાણી લેવાની ભલામણ કરી છે, તે અનુસારે "अधिकस्य अधिक फलम्" આ ન્યાયે છએ ભાવોના ભેદાનુભેદ જાણી લઇએ.

ઔદાયિક ભાવ બે પ્રકારે છે: ઔદાયિક અને ઉદય નિષ્પન્ન. જ્ઞાનાવરણીય આદિ આઠે કર્મ પ્રકૃતિઓના ઉદયને ઔદાયિક નામે જાણવું, તથા ઉદય નિષ્પન્નના બે ભેદ છે, જીવોદય નિષ્પન્ન અને અજીવોદય નિષ્પન્ન.

કર્મોના ઉદયથી જીવમાં જે ભાવ થાય તે જીવોદય નિષ્પન્ન છે, જેમ કે નારક–તિર્યંચ–દેવ–પૃથ્વીકાયિકાદિ–ત્રસકાયાદિ–કષાયોત્પતિ–પુરૂષવેદોત્પતિ, લેશ્યા, મિથ્યાદષ્ટિત્વ અને અસંજ્ઞિત્વ આદિ ભેદો જીવોદય નિષ્પન્ન છે.

ઔપશમિક ભાવ પણ ઉપશમ અને ઉપશમ નિષ્પન્ન રૂપે બે પ્રકારના છે. ૨૮ પ્રકારનો મોહનીય કર્મ ઉપશમ પામે તે ઉપશમ ભાવ છે. અને ઉત્પન્ન થયેલી શક્તિ વડે ક્રોધાદિ કષાયોને ઉપશમિત કરવા, રાગદ્વેષને શાંત કરવા, અરિહંતોની અષ્ટપ્રકારી ભાવભક્તિ વડે દર્શન મોહનીયનો ઉપશમ કરવો, ચારિત્ર શુદ્ધિમાં ધ્યાન રાખીને ચારિત્ર મોહ દબાવી દેવો, સમ્યક્ત્વ લબ્ધિ, ચારિત્ર લબ્ધિ, ઉપશાંત કષાય, છદ્મસ્થ વીતરાગ આદિ ઉપશમ ભાવથી ઉત્પન્ન થયેલો ઔપશમિક ભાવ છે.

ક્ષાયિક ભાવ પણ બે પ્રકારે છે.

આઠે પ્રકૃતિઓનો સમૂળ ક્ષય તે ક્ષાયિક ભાવ છે, અને ક્ષયભાવથી ઉત્પન્ન થયેલી કેવળજ્ઞાન લબ્ધિ, આદિ ક્ષય નિષ્પન્ન ભાવ છે.

ક્ષાયોપશમિક ભાવ બે પ્રકારે છે.

કેવળજ્ઞાનનો અવરોધક ચારે ઘાતિ કર્મોના ક્ષયોપશમને ક્ષાયોપશમિક ભાવ કહેવાય છે અને તેનાથી ઉત્પન્ન થયેલા

ક્ષયોપશમ નિષ્પન્ન ભાવ છે. જેના બે ભેદો આ પ્રમાણે છે.

ક્ષાયોપશમિક મતિજ્ઞાન–શ્રુતજ્ઞાન–અવધિજ્ઞાન અને મનઃ-પર્યવજ્ઞાન. લબ્ધિ, દર્શન લબ્ધિ, સમ્યગ્દર્શન ચારિત્ર લબ્ધિ, દાન, લાભ, ભોગ–ઉપભોગ અને વીર્યલબ્ધિ ઉપરાંત દ્વાદશાંગી ક્ષાયોપશમિક લબ્ધિ, ચૌદ પૂર્વજ્ઞાન લબ્ધિ આદિ ભાવો છે.

પારિણામિક ભાવના બે–ત્રણ–ચાર કે પાંચ ભાવો છે અને મિશ્રણને સાન્નિપાતિક ભાવ જાણવો.

શતક ૧૭ ને ઉદ્દેશો પહેલો પૂર્ણ.

# શતક ૧૭ મું : ઉદ્દેશક–૨

## સંયતાદિ શું ધર્મ–અધર્મ અને ધર્માધર્મમાં સ્થિત છે?

હે પ્રભો! સંયતો શું ધર્મમાં સ્થિત છે?
અસંયતો શું અધર્મમાં સ્થિત છે?
અને સંયતાસંયત શું ધર્માધર્મમાં સ્થિત છે?

જવાબમાં ભગવંતે ‘ હા ’ કહી છે.

સૂત્રમાં “ संजय विरय पडिहय पच्चक्खाय पावकम्मे ” છે. આના ત્રણ વિભાગો પડે છે. (૧) સંયત વિરત પાપકર્મા (૨) પ્રતિહત પાપકર્મા (૩) પ્રત્યાખ્યાન પાપકર્મા. આ ત્રણેનો ભાવાર્થ નીચે પ્રમાણે છે :

(૧) સંયત વિરત પાપકર્મા :–એટલે કે પ્રચંડ પુરૂષાર્થ-બળે વર્તમાનકાળમાં મન–વચન–કાયાથી, કરણ, કરાવણ અને અનુમોદનથી અને ક્રોધ–માન–માયા તથા લોભથી થનારા–કરાતાં પાપકર્મોને જે ભાગ્યશાળીએ સંયમિત અને વિરમિત કર્યા છે તે સંયત વિરત પાપકર્મા કહેવાય છે.

(૨) પ્રતિહત પાપકર્મા :–એટલે પાપોને કે પાપમાર્ગોને સંયમિત કે વિરમિત કર્યા પહેલા બાંધેલા દીર્ઘકાલીન સ્થિતિ તથા તીવ્ર રસવાળા કર્મોને સમ્યક્ચારિત્ર અને જ્ઞાન વડે જે પુણ્યશાળીએ સ્થિતિ અને રસમાં ઘટાડો કર્યો હોય તે પ્રતિહત પાપકર્મા કહેવાય છે.

(૩) પ્રત્યાખ્યાન પાપકર્મા :—એટલે કે ભવિષ્યકાળમાં જીવનના છેલ્લા સમય સુધી ત્યજાયેલા કે ત્યાગની અણી પર લાવી મૂકેલા પાપકર્મોને નહીં કરવારૂપ પ્રત્યાખ્યાન કર્યું હોય, અથવા ભૂતકાળમાં સેવાઇ ગયેલા પાપકર્મોની નિંદા–ગર્હા અને પશ્ચાતાપ કે પ્રાયશ્ચિત કરીને ભાવિકાળમાં પુનઃ તે કર્મો ન સેવવા તે પ્રત્યાખ્યાન પાપકર્મા કહેવાય છે. ઉપર્યુક્ત ત્રણે વિશેષણોથી વિશેષિત જૈન શ્રમણો જ સમ્યક્ચારિત્ર ધર્મમાં સ્થિત છે.

જે સંયત અને વિરત નથી તે પ્રતિહત પાપકર્મા અને પ્રત્યાખ્યાન પાપકર્મા નથી, માટે હે ગૌતમ! સમ્યક્ચારિત્ર વિનાના તે અધર્મમાં સ્થિત છે.

અને અમુક અંશોમાં વિરત અને અમુક અંશોમાં અવિરત દેશ વિરતિ ધર્મમાં સ્થિત છે.

હે પ્રભો! ઉપર્યુક્ત ધર્મ–અધર્મ કે ધર્માધર્મમાં બેસવા માટે કે ચાલવા માટે કોઇ પણ સમર્થ છે?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ! તે અર્થ બરાબર નથી. કેમકે મેં જે ધર્મ–અધર્મ કે ધર્માધર્મમાં સ્થિત રહેવાની વાત કરી છે, તેનો અર્થ સૂવા–બેસવાનો નથી, પરંતુ જે સંયત–વિરત–પ્રતિહત–પ્રત્યાખ્યાન પાપકર્મા છે તેઓ ધર્મનો આશ્રય કરે છે, અને તે આશ્રય કરવાનો અર્થ જ ધર્મમાં સ્થિત છે. આ પ્રમાણે અધર્મનો આશ્રય કરનારો અધર્મમાં અને સંયતાસંયતમાં સ્થિત રહેનારો દેશવિરતિમાં સ્થિત છે.

નારક યાવત ચાર ઇન્દ્રિય સુધીના જીવો અધર્મમાં સ્થિત છે કેમકે આ જીવોને સર્વ વિરતિ કે દેશ વિરતિ ધર્મ હોતો નથી.

પંચેન્દ્રિય તિર્યંચ જીવો અધર્મમાં અને દેશવિરતિમાં સ્થિત છે કેમકે તેમને દેશવિરતિ ધર્મની શકયતા જૈન શાસનને માન્ય છે. એ જ પ્રમાણે મનુષ્યો માટે જાણવું.

વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો પણ નારકની જેમ સમજવા, કેમકે તેમને પણ સર્વ કે દેશવિરતિ નથી માટે અધર્મમાં સ્થિત છે. અહીં ધર્મ-અધર્મનો અર્થ ધર્માસ્તિકાય કે અધર્માસ્તિકાય લેવાનો નથી પરંતુ ધર્મથી સર્વવિરતિ ધર્મ-શ્રમણ ધર્મ–મુનિધર્મ કે સમિતિં ગુપ્તિ ધર્મ લેવાનો છે. જ્યારે તેનાથી વિપરીત અધર્મ સમજવો.

## શ્રમણો શું પંડિત કહેવાય ?

હે પ્રભો ! શ્રમણો પંડિત છે, શ્રમણોપાસકો બાળ પંડિત છે, એમ માનીને પણ અન્યયૂથિકો (પરમતાવલંબીઓ) એમ કહે છે કે શ્રમણોપાસકોમાં પણ જેઓએ બીજા પ્રાણીઓના પ્રાણનો અતિપ્રાત વિરમ્યો હોવા છતાં પણ એકાદ જીવના વધની, વિરતિથી રહિત હોય તો તે એકાંત બાળ છે, સારાંશ કે ઘણી વસ્તુઓની વિરતિ કરેલી છે, છતાં પણ એકાદ વસ્તુનો ત્યાગ ન કરવાના કારણે તે એકાંત બાળ કહેવાશે....આવી માન્યતાના પ્રત્યુતરમાં પરમાત્મા મહાવીરસ્વામીએ કહ્યું કે હે ગૌતમ! તે લોકોની આવા પ્રકારની માન્યતા ઠીક નથી, કેમકે જ્ઞાન પૂર્વક ત્યાગની ભાવનાથી પાપવ્યાપારો માંસ ભોજન, શરાબ પાન, વેશ્યા કે પરસ્ત્રીગમન, ઉપરાંત ખાવાપીવાની ઘણી વસ્તુઓ પ્રાપ્ત હોવા છતાં, જાણી બુઝીને ત્યાગ કરનારો શ્રમણોપાસક કદાચ પોતાની અમુક પરિસ્થિતિના કારણે અમુક વસ્તુઓનો ત્યાગ ન કરી શકે, તેટલા માત્રથી તે એકાંત બાળ

હોઈ શકતો નથી. જૈન શાસનને પામેલાં ઘણા ગૃહસ્થાશ્રમો કદાચ ગુરૂઓ પાસે વ્રત ન લઈ શકે, તો પણ તેઓ ઘણા ઘણા પાપોમાંથી આજે પણ મુક્ત છે. જ્યારે કોઇ પણ જાતની વ્રત મર્યાદા વિનાના જીવોના જીવનમાં પાપોના બધાએ માર્ગો ઉઘાડા છે, અથવા જે પાપ જ છે તેમને પાપ માનવા જેટલી પણ તેમનામાં જ્ઞાનશક્તિ નથી માટે હોંશે હોંશે તેઓ પાપરત દેખાય છે. તેમનાં ખાનપાનમાં, સ્નાન–પાણીમાં, વ્યાપાર–રોજગારમાં, ઊઠવા–બેસવામાં ક્યાંય પણ મર્યાદા નથી. આ કારણે સર્વથા પાપત્યાગ વિનાના જીવો જ એકાંતબાળ કહેવાય છે. પરંતુ શ્રમણોપાસકો એકાંતબાળ નથી પણ બાળપંડિત કહેવાશે.

નારકથી લઈને ચાર ઇન્દ્રિયો સુધીના જીવો સર્વથા બાળ જ છે.

પંચેન્દ્રિય તિર્યંચબાળ અને બાળપંડિત હોય છે, પણ સર્વવિરતિના અભાવમાં પંડિત હોતા નથી. મનુષ્યો પણ આ જ પ્રમાણે જાણવા. દેવો પણ પંડિત નથી.

## જીવ અને જીવાત્મા શું ભિન્ન ભિન્ન છે ?

હે સત્યદષ્ટા ભગવાન મહાવીર ! અન્ય યૂથિકો (બીજા દર્શનવાળાઓ) આ પ્રમાણે કહે છે કે–પ્રાણાતિપાતથી લઈને મિથ્યાદર્શનશલ્ય સુધી ૧૮ પાપસ્થાનકોમાં વર્તમાન પ્રાણીનો જીવ જૂદો છે અને જીવાત્મા જૂદો છે. જીવ અને શરીરનો અનન્ય ભેદ માનનારા તેઓ કહે છે કે "जीवति प्राणान् धारयतीति जीवः" આ ઉક્તિથી જીવ શબ્દનો અર્થ શરીર લેવો જોઇએ કેમકે બંનેના ધર્મો જુદા હોવાના કારણે શરીરથી જીવાત્મા જૂદો છે. માટે શરીરનો અધિષ્ઠાતા ચૈતન્યમય અને

શરીરથી કરાયેલા કર્મોના ફળોનો ભોક્તા જીવાત્મા શરીરથી ભિન્ન છે. તર્ક આપતા તેઓ કહે છે કે દેહ પુદ્ગલ છે અને જીવાત્મા અપુદ્ગલ છે માટે પાણી અને અગ્નિમાં જેમ પરસ્પરમાં ભેદ છે તે પ્રમાણે જીવ શબ્દથી વાચ્ય દેહ જૂદો છે અને તેનો અધિષ્ઠાતા તેનાથી જૂદો છે.

પ્રાણાતિપાતાદિ ૧૮ પાપોમાં વ્યાપ્રિયમાણ શરીરને સૌ કોઈ જોઈ શકે છે તેથી ક્રિયાઓને કરનાર શરીર અને તેના ફળોને ભોગવનારો જીવાત્મા બંને એક શી રીતે હોઈ શકે ?

બીજા મતાવલંબીઓ એમ કહે છે કે નારક, દેવ અને મનુષ્ય વગેરે પર્યાયો જેને હોય તે જીવ છે, તથા બધાઓમાં અન્યવરૂપથી રહેનાર દ્રવ્ય તે જીવાત્મા છે. ઘટ અને પટમાં જેમ ભેદ જણાય છે, તેમ દ્રવ્ય અને પર્યાયમાં પણ છે કેમકે દ્રવ્ય, અનુગત આકારવાળી બુદ્ધિને ઉત્પન્ન કરે છે અને પર્યાય અનનુગતાકાર બુદ્ધિને ઉત્પન્ન કરે છે.

બીજાઓના મતનો અનુવાદ કરતાં સૂત્રકારે કહ્યું કે પાપ સ્થાનકોના સેવનની ક્રિયામાં કર્તારૂપે દેખાતો જીવ શરીર છે અને ફળને ભોગવનારો જીવાત્મા છે, માટે બંને ભિન્ન છે અને તેમના ત્યાગમાં પણ જીવ અને જીવાત્મા ભિન્ન ભિન્ન છે.

આજ રીતે ઔત્પાતિકી ચારે બુદ્ધિમાં, ઈહા આદિ મતિજ્ઞાનમાં ઉત્થાનાદિ પરાક્રમમાં આઠે કર્મમાં, લેશ્યામાં જીવ અને જીવાત્મા જૂદા છે.

## ઉપર્યુક્ત વિષયમાં
## જૈન શાસનનું શું કહેવું છે ?

ઉપરના વાતોના અનુસંધાનમાં ગૌતમસ્વામી ભગવંતને

પૂછે છે કે હે પ્રભો ! જીવ અને જીવાત્માને ભિન્ન માનનારા ઉપર્યુક્ત વિષયમાં આપ શ્રીમાન શું ફરમાવો છો ? એટલે કે આમાં સત્ય શું છે ?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે હે ગૌતમ ! જીવ અને જીવાત્માને ભિન્ન માનવાની તેમની કથની સર્વથા ભ્રાન્ત છે, મિથ્યા છે. આ વિષયમાં હું એમ કહું છું કે પ્રાણાતિપાતથી લઈને મિથ્યાદર્શન સુધીની ક્રિયાઓને કરવાવાળો જે જીવાત્મા છે તે જ જીવ છે, કેમકે શરીરયુક્ત જીવ જ જીવાત્મા કહેવાય છે. શરીર અને જીવાત્મામાં અત્યન્ત ભેદ માનવામાં આવે તો શરીર દ્વારા ભોગવાયેલા પદાર્થોનું વિજ્ઞાન જીવને શી રીતે થશે ? તથા શરીરે કરેલા પાપોને આત્મા શા માટે ભોગવશે ? શરીર કર્મ કરે અને આત્મા તેના ફળને ભોગવે તો 'અકૃતાભ્યાગમ' નામનો દોષ માથા ઉપર સવાર થઈ બેસશે. તે આ પ્રમાણે આત્માએ જ્યારે કાંઈ પણ પાપ કર્યું નથી તો ફળ ભોગવવાનું શી રીતે આવશે ? 'કોલસો રામજીભાઈ ખાય અને કાળું મોઢું લાલજીભાઈનું થાય' આવું કોઈ કાળે બન્યું નથી અને બનતું નથી. બંનેને જૂદા માનવામાં શરીરના કરેલા પાપોનું સંવેદન જીવ ને થઈ શકે જ નહી. તેમ છતાં પણ સંસારના જીવ માત્રને પ્રત્યક્ષ કરતાં ફળનું સંવેદન આત્માને જ થાય છે, માટે જીવ અને શરીર સર્વથા ભિન્ન હોઇ શકે નહી. તેવી રીતે સર્વથા અભિન્ન માનવામાં આવે તો શરીર સાથે આત્માને પણ ભસ્મસાત્ થવાનો પ્રસંગ આવશે જે કોઇને પણ ઇષ્ટ નથી, માટે શરીર અને જીવ-ભિન્નાભિન્ન છે.

**દ્રવ્ય અને પર્યાયમાં પણ અત્યન્ત ભેદની કલ્પના કરવી**

તે પણ ઠીક નથી. કેમકે ઘટ અને કળશની જેમ દ્રવ્ય અને પર્યાયમાં પણ ભેદની ઉપલબ્ધિ નથી. કદાચ દ્રવ્ય અને પર્યાયની જ્ઞાનલબ્ધિ જૂદી જૂદી થવાનાં કારણે તમને ભિન્નતા લાગશે. પરંતુ એ પણ ઠીક નથી કેમકે દ્રવ્ય અને પર્યાયમાં ભેદ કેવળ અનુવૃતિ અને વ્યાવૃતિ પ્રત્યયિક છે અને કેવળ પ્રતિભાસ કાળ પર્યન્ત જ રહે છે. જેમકે આ ઘડો છે, આ ઘડો છે, આ પ્રમાણે અનુવૃતિ રૂપે ઘટાકારમાં ઘટનું જ્ઞાન થાય છે, જ્યારે આ ઘડો આનાથી જૂદો છે. રંગે–આકારે જૂદો ઈત્યાદિક વ્યાવૃતિ રૂપે ઘટાકારમાં ઘટના પર્યાયોનું જ્ઞાન થાય છે. માટે દ્રવ્યથી પર્યાય ભિન્ન નથી, પર્યાયથી દ્રવ્ય પણ ભિન્ન નથી. આ પ્રમાણે જ્ઞાન–દર્શન ઉપયોગમાં પણ જે જીવ છે તે જ જીવાત્મા છે.

ભગવંતની યથાર્થ વાણી સાંભળીને સૌ ખુશ થયા.

## રૂપીદેવ શું અરૂપી અવસ્થામાં રહી શકે છે ?

ગૌતમસ્વામી પૂછે છે કે પ્રભો ! મહર્દ્ધિક, મહાસુખી, મહાદ્યુતિવંત, મહાયશસ્વી અને જબરદસ્ત શક્તિનો ધારક દેવ વૈક્રિયકરણ પહેલા જ જે રૂપી છે તે પોતાના આત્માને અમૂર્ત (અરૂપી) બનાવીને રહેવા માટે સમર્થ છે? સારાંશ કે દેવયોનિ પ્રાપ્ત દેવ રૂપી હોવા છતાં પણ અરૂપી બનીને દેવલોકમાં રહી શકે છે.

મનાઈ ફરમાવતાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! સંસારના જે ભાવો છે તેને હું યથાર્થ જાણુ છુ, યથાર્થ રૂપે જોઉં છું, શ્રદ્ધાના વિષયભૂત બનાવું છું, કેવળજ્ઞાનથી જાણુ છું અને સારી રીતે જોઉં છું. પહેલા પણ વસ્તુની યથાર્થતા જાણી

હતી, શ્રદ્ધાના વિષયભૂત બનાવી હતી અને બોધના પ્રકારો વડે મેં આજ રીતે જાણ્યું હતું. વસ્તુની સ્પષ્ટતા કરતાં ભગવંતે કહ્યું કે દેવત્વ પર્યાયને પામેલો જીવ રૂપ વાલા જ હોય છે, માટે સકર્મ સરાગ સવેદ–સમોહ, સલેશ્ય અને સશરીર જીવ અરૂપી હોતો નથી, પણ રૂપવાન એટલે મૂર્ત જ હોય છે. જીવના આ બધા વિશેષણોમાં હેતુ, હેતુમદ્‌ભાવ નીચે પ્રમાણે જાણવો.

દેવતત્વાદિ પર્યાયો પ્રાપ્ત કરતો જીવ રૂપી હોય છે. ગૌતમ! તને કદાચ એમ થશે કે, સ્વભાવથી જ જે અરૂપી હોય તે રૂપી (રુપવાન) શી રીતે બની શકતો હશે? અને આવી રીતે પદાર્થો પોતાનો સ્વભાવ છોડશે તો લક્ષ્ય, લક્ષણ, હેતુ, આદિની પરિભાષા બગડયા વિના રહેશે નહિ.

ગૌતમ! તે માટે જ 'સ્યાદ્વાદ' સિદ્ધાંત અજોડ છે. અપરાભવનીય છે અને માનવ માત્રને સત્યજ્ઞાન પ્રાપ્ત કરાવવામાં પૂર્ણ સમર્થ છે. કેમકે સંસાર સૌને પ્રત્યક્ષ છે માટે તેની વ્યવસ્થાનો ખ્યાલ કરીને ભાષાવ્યવહાર સાપેક્ષ કરવામાં આવે તો સિદ્ધાંત અને સંસારને કોઈ જાતનો વાંધો નથી આવતો, કેમકે સંસારના વ્યવહારને ઠોકર મારીને કેવળ સિદ્ધાંતોથી કોઈ પણ સમસ્યાનો નિર્ણય લેવાતો નથી. કદાચ લેવામાં આવશે તો સંસારના કલેશો વધારે ભડકશે અને શાન્તિ તથા સમાધિ જોખમાશે. તે માટે કેવળ તર્કબુદ્ધિથી સંસારને સમ્યક્‌જ્ઞાન આપવા કરતાં તે બંનેને સાપેક્ષ બુદ્ધિથી સમજવાની કોશીશ યદિ કરવામાં આવશે તો માનવનું મન કદાગ્રહ વિનાનું થતાં સામાજિક જીવનમાં પણ શાંતિ આવશે.

સંસારનો કોઇ પણ પદાર્થ ઈત્થંભૂત નથી માટે પ્રસંગ

માત્રને પોતાના ગજથી માપવા કરતાં સાપેક્ષવાદના ગજથી માપવાનો આગ્રહ કરવો. કેમકે તૃણથી લઈને સિદ્ધના જીવો સુધીનો નિર્ણય કરવામાં સાપેક્ષવાદ સિવાય બીજા કોઈ પણ વાદથી યથાર્થ નિર્ણય કરવો લગભગ અશકય જ છે.

બેશક ! જીવ અરૂપી જ છે પણ તે દ્રવ્યાસ્તિકનયે અરૂપી છે, જ્યારે સંસારમાં રખડપટ્ટી કરનારો જીવ કર્મોના ચક્રમાં ફસાયેલો હોવાથી હર હાલતમાં પણ સંસારની ચાર ગતિના ચોરાશી લાખ બજારોમાં અવરજવર કર્યા વિના રહી શકે નહીં. આ કારણે કર્મોની વર્ગણા રૂપ પર્યાયોમાં પૂર્ણ રૂપે વિંટાયેલા જીવના પર્યાયોનો નિર્ણય પર્યાયાસ્તિક નયે કર્યા વિના છુટકારો નથી. કેમકે સત્તામાં પડેલા કર્મો અવશ્યમેવ ઉદયમાં આવશે જ અને તે કારણે જીવના પર્યાયો પ્રતિ સમયે બદલાયા વિના રહેતા નથી. તેથી જે જીવ સકર્મક છે એટલે કે કર્મોના ભારથી દબાઈ ગયેલો હોય તેને સંસારના સ્ટેજ પર રૂપી બન્યા વિના શી રીતે ચાલી શકવાનું હતું કેમકે ઋણાનુબંધની બેડીમાં ફસાયેલા જીવને પોતાના બંધન ભોગવવાને માટે, માતાના રૂપમાં, પિતાના રૂપમાં, પતિના રૂપમાં કે સ્ત્રીના રૂપમાં પણ આવ્યા વિના ઋણાનુબંધને પણ શી રીતે ભોગવશે ? માટે જે સકર્મક છે તે રૂપી છે.

## અરૂપી આત્માને કર્મોનો બંધ કેવી રીતે થયો ?

ત્રીજા વિશેષણનો નિર્ણય કરીએ તે પહેલા એટલું જાણી લેવું જરૂરી છે કે જીવાત્મા કોઇ દિવસે પણ અકર્મક હતો જ નહી. જે અકર્મક હોય તેને કર્મોનો બંધ શી રીતે થશે ? માટે અનાદિકાળથી જીવ સકર્મક જ છે માટે રૂપી છે. ખાણમાંથી

નીકળેલી રેતીને જોઈ વૈજ્ઞાનિક કહેશે કે આમાં સુવર્ણનું મિશ્રણ છે, અહીં આવો પ્રશ્ન સુલભ બની શકે છે કે ખાણમાંથી માટી અને સોનું કોણે ભેગું કર્યું? ક્યારે કર્યું? કયા સાધનોથી કર્યું? શા માટે કર્યું? તેનો સાક્ષી કોણ છે? આપણે સમજી શકીએ છીએ આ બધા પ્રશ્નો નવરા માણસોના જ હોઈ શકે છે. જેનાં જીવનમાં આત્મકલ્યાણની સાધના નથી તેવા નવરા માણસો જ સંસાર માટે અભિશાપ છે. કેમકે સંસારમાં આજે પણ એવા પદાર્થો છે કે જેનો નિર્ણય અનાદિકાળથી આજ સુધી પણ કોઈએ કર્યો નથી. કબૂતરી પહેલા? કે અંડુ પહેલા? આ પ્રશ્નનો નિર્ણય ૩૩ કરોડ દેવો ભેગા મળીને પણ કરી શકે તેમ નથી. કેમકે સંસારમાં કબૂતરી ન હોય તો અંડુ ક્યાંથી આવ્યું અને અંડુ ન હોય તો કબૂતરી ક્યાંથી આવી? પણ આવા પ્રસંગોમાં સંસારના નવરા માણસને જીભાજોડી કરીને, ડંડાડંડી કરીને સંસારના માનવોને વૈર–વિરોધની હોળીમાં પટકીને છેવટે થાકયા પછી કહ્યાં વિના છુટકારો જ નથી કે કબૂતરી અને અંડુ અનાદિકાળના છે; સુવર્ણ અને માટી પણ અનાદિકાળના છે, તેવી રીતે જીવ સાથે મિશ્રિત થયેલા કર્મો પણ અનાદિકાળના છે. અનાદિકાળના પ્રવાહથી જીવ સકર્મક છે. તો કર્મો લાગવાનું કારણ બતાવતાં સૂત્રકારે જીવનો ત્રીજો વિશેષણ 'સરાગ' મૂક્યો છે.

### સરાગ જીવને કર્મો કેવી રીતે લાગશે?

જવાબમાં કહેવાયું છે કે, 'જ્યાં રાગ હોય છે ત્યાં દ્વેષની પણ હાજરી હોય જ છે.' ઘી, તેલ, કે રોગાનની ચીકાશવાળા પદાર્થ પર ધૂળ આદિના રજકણ ચોંટ્યા વિના રહેતા નથી. તેમ રાગ–દ્વેષની ચીકાશવાળા આત્મા પર કર્મની વર્ગણા-

ઓની રજ પ્રતિસમયે ચોંટતી જ હોય છે. જેમકે અનંતાનંત મનગમતા પદાર્થો પ્રત્યે રહેલો રાગ અને અણગમતા પદાર્થો પ્રત્યે રહેલો દ્વેષ સંસારીને અવશ્ય હોય છે, માટે કર્મોનો નવનવો બંધ થતો રહે તેમાં આશ્ચર્ય નથી.

## રાગ–દ્વેષ થવામાં કયું કારણ છે ?

જીવને રાગદ્વેષ શા માટે થતા હશે ? એટલે કે અમુક શબ્દો ગમ્યા અને બીજા શબ્દો ન ગમ્યા. અમુક ખાનપાન જેવાં કે દૂધ, મલાઈ, રાબડી, બદામપાક, કોપરાપાક, આંબા, કેળા, દાડમ, લવિંગ, એલાયચી આદિ દ્રવ્યો ગમ્યા અને મકાઈ, જુવાર, બાજરીના લુખા રોટલા ન ગમ્યા. ગુલાબ, હીનો આદિ અત્તર અને સુગંધી પદાર્થો ગમ્યા અને ગંદા પદાર્થો પ્રત્યે નફરત આવી. જુવાન, મદમાતી અને રૂપવતી સ્ત્રીના સ્પર્શો તથા મુલાયમ વસ્ત્રો, ગાદલા, તકીયા આદિ ગમ્યા અને ડોસી, રોગિષ્ટ, કાળાવાનની સ્ત્રી તથા જાડા ખાદીના કપડાં ન ગમ્યા. ગોરી ચામડીની રૂપવતી કન્યાઓને કે રંગબેરંગી કપડાઓમાં ઢંકાયેલી કુળવધુઓને જોવાનું ગમ્યું તથા ખેલકૂદ–તમાશા ગમ્યા પણ કદરૂપી સ્ત્રી આદિ ન ગમ્યા, ઈત્યાદિક ગમવાનું કે ન ગમવાનું આ જીવને શા માટે થાય છે ? તેના જવાબમાં માનવ માત્રના કર્મોને પ્રત્યક્ષ કરનારા ભગવાન મહાવીરસ્વામીએ જવાબમાં જીવને ચોથો વિશેષ 'સવેદ' લગાડ્યો છે, એટલે જીવમાત્ર સવેદ હોવાથી સરાગ છે, સરાગ હોવાથી સકર્મક છે અને સકર્મક હોવાથી રૂપી છે.

વેદ એટલે શું ?

જેનાં કારણે રાગી પુરુષને મનગમતી સ્ત્રી, રાગિણી સ્ત્રીને

મનગમતો પુરુષ અને હૈયાના તથા શરીરના નપુંસકોને સ્ત્રી તથા પુરુષ બંનેને ભોગવવાની ઈચ્છા થાય તેને જૈન શાસનમાં 'વેદ' કહ્યો છે. આવો વેદ કર્મ જેમને ઉદયમાં વર્તતો હોય કે ઉદીર્ણા કરીને પણ ઉદયમાં લાવવાનો કે લાવ્યો હોય તેઓ પોતાના વેદકર્મને સર્વથા પરાધીન બનીને પોતાની ઇન્દ્રિયો તથા મનને ગમતા રૂપો, ગંધો, રસો, સ્પર્શો અને શબ્દોને મેળવવાને માટે આકાશપાતાળ એક કરતા હોય છે, છલ-પ્રપંચ તથા માયા જાળમાં રમતા હોય છે અથવા મેળવેલા કે મળેલા તે મનગમતા પદાર્થોને સ્પર્શવામાં, સ્વાદમાં, સૂંઘવામાં, શ્રવણમાં કે દર્શનમાં મનની લાગણીઓને પ્રયત્નશીલ રાખીને બેઠા હોય છે અને તેમ કરતાં તે જીવ મન ગમી વસ્તુ પર રાગ અને બીજા પ્રત્યે નફરત-તિરસ્કાર દ્વારા દ્વેષમાં તણાયા વિના રહેતો નથી.

## જીવને વેદકર્મ ક્યાંથી આવ્યો ?

તે માટે પાંચમો વિશેષણ 'સમોહ' મૂકવામાં આવ્યો છે. અનંત ભવોની અનંત જીવો અને અજીવો સાથેની માયાના કારણે જીવમાત્રનો પ્રત્યેક પ્રદેશ મોહ કર્મથી ઘેરાયેલો છે, જેથી જે સમયે મોહકર્મનો ઉદય આવશે તેવા પ્રકારે બીજા જીવો કે અજીવો સાથેની માયામાં જીવ મસ્ત બનશે અને મોહના કારણે વેદ કર્મને ભોગવવાની ઉમ્ર આવતાં કે તે પહેલા પણ અથવા વીતી ગયેલી જુવાનીમાં પણ મનગમતી સ્ત્રી, પરસ્ત્રી, વેશ્યા, કન્યા આદિના શબ્દો, રસો, ગંધો અને સ્પર્શોની સતામણી તે જીવને ચંચળ બનાવવા માટે અને સતાવવા માટે પ્રતિક્ષણે તૈયાર જ હોય છે, માટે કહેવાયું છે કે મોહકર્મી આત્મા સવેદ હોય છે.

જવાબમાં કહેવાયું છે કે ખાસ કરીને કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યામાં રચ્યા–પચ્યા માનવના મનમાં, ઇન્દ્રિયોમાં, બુદ્ધિમાં, અને શરીરમાં ગંદા તત્વો જ કામ કરતા હોય છે. ફળ સ્વરૂપે તેનો આત્મા પણ ગંદો જ હોય છે. માટે લેશ્યાવાળો જીવ મોહકર્મને ઉત્પન્ન કરનારો છે. અને જ્યાં સુધી આ જીવ શરીરધારી છે ત્યાં સુધી લેશ્યાથી મુક્ત બની શકવાનો નથી, આ બધા સાર્થક વિશેષણોને લઈને હે ગૌતમ! દેવો પણ લેશ્યાવાળા હોવાને કારણે સમોહી–સવેદી આદિ હોવાથી રૂપી છે. માટે તેવી અવસ્થામાં તે અરૂપી બનવા માટે અશક્ત છે.

સિદ્ધના જીવો અરૂપી છે માટે રૂપિત્વને કોઈકાળે પણ પામી શકવાના નથી કેમકે "सिद्धाणं नत्थि देहो" સિદ્ધોને શરીર નથી માટે લેશ્યાઓ નથી, મોહ નથી, વેદ નથી, કર્મ નથી, માટે અરૂપી છે. સંસારી જીવ તેવો નથી માટે રૂપી છે.

**શતક ૧૭ નો ઉદ્દેશો બીજો પૂર્ણ.**

# શતક ૧૭ મું : ઉદ્દેશક–૩

## શૈલેશી પ્રાપ્ત અણગાર શું કંપે છે?

હે પ્રભો! જે અણગારે ( મુનિએ ) શૈલેશી અવસ્થા પ્રાપ્ત કરી લીધી છે, તે પ્રમાણ રહિત સદા કંપાયમાન થાય છે?

જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે હે ગૌતમ! શૈલેશી અવસ્થાને પ્રાપ્ત કર્યા પછી પર પ્રયોગ વિના એક સ્થાનેથી બીજા સ્થાને જતો નથી, બીજા સ્થાનેથી ત્યાં પાછો આવતો નથી, એકેય દિશામાં તે જતો નથી, કોઈનાથી પણ ભય ખાતો નથી, કોઇને પ્રેરણા કરતો નથી, કેમકે શૈલ અર્થાત્ પર્વત અને તેમાં રાજા જેવો શૈલેશ ( મેરૂ પર્વત ) છે. ગમે તેવો કલ્પાંત વાયરો ચાલે તો પણ મેરૂ પર્વત ચાલતો નથી "किं मंदराद्रि शिखरं चलितं कदाचित्" તેવી રીતે ધ્યાન અવસ્થાની ચરમ સીમા શૈલેશી હોવાથી અણગાર પણ મેરૂ પર્વતની જેમ સર્વથા સ્થિર રહે છે. આ કારણે તે કદિ પણ કંપતો નથી.

## એજના ( કંપન ) કેટલા પ્રકારે છે?

ભગવંતે પાંચ પ્રકારે એજના કહી છે. તે આ પ્રમાણે–દ્રવ્યૈજના, ક્ષેત્રૈજના, કાળૈજના, ભવૈજના અને ભાવૈજના.

દ્રવ્યૈજનાના ચાર પ્રકાર છે. નરક આદિ ગતિઓની અપેક્ષાએ આ ભેદો છે. નારક જીવો–નારક દ્રવ્યમાં ભૂતકાળે હતાં. વર્તમાનકાળમાં છે, અને ભાવીકાળમાં પણ રહેશે. આ કારણે

નારકોએ ત્રણે કાળમાં દ્રવ્યૈજના કરી છે. કરે છે અને કરશે. આ રીતે બીજા જીવો માટે પણ જાણી લેવું.

નારક ક્ષેત્રૈજના, અર્થાત્ નારકો નરકભૂમિના ક્ષેત્રમાં રહીને ત્રણે કાળની એજના કરે છે. કાળૈજના, નરકભૂમિમાં રહેવાના કાળ દરમ્યાન ત્રણે કાળની એજના કરે છે. ભવૈજના, નરકના ભવમાં રહીને કરે છે. ભાવૈજના, ઔદાયિકાદિ ભાવોમાં રહીને કરે છે. આ પ્રમાણે બીજી ગતિઓનું પણ જાણવું.

## ચલના સંબંધીની વક્તવ્યતા :

હે પ્રભો ! ચલના કેટલા પ્રકારે કહી છે ?

ભગવંતે શરીર, ઇન્દ્રિય અને યોગને લક્ષ્ય કરીને ત્રણ પ્રકારની ચલના કહી છે. ચલના પણ એક પ્રકારનું કંપન જ છે. જે એજનાથી વધારે સ્પષ્ટ હોય છે. પાંચ શરીરોને લઈને શરીર ચલના પાંચ પ્રકારે છે. ઔદારિકાદિ શરીરના ચલનમાં તત્પ્રાયોગ્ય પુદ્ગલોનુ તે તે રૂપે ગ્રહણ કરવું તે શરીર ચલના છે. સ્પર્શેન્દ્રિયાદિની ચલનામાં તત્પ્રાયોગ્ય ઇન્દ્રિયોનું તે તે રૂપે ગ્રહણ થવું તે ઇન્દ્રિય ચલના છે. યોગ માટે પણ ઉપર પ્રમાણે જ જાણવું.

વિષયને સ્પષ્ટ કરતાં ભગવંતે કહ્યું કે, ઔદારિક શરીરમાં રહેલા જીવો જ્યારે નવા નવા શરીર પ્રાયોગ્ય દ્રવ્યોને ઔદારિક શરીર રૂપથી પરિણમાવે છે તેને જ ઔદારિક ચલના કહે છે. જે ભૂતકાળમાં પણ જીવે કરી છે, વર્તમાનકાળમાં પણ કરે છે અને ભાવીમાં પણ કરશે. આજ રીતે પાંચ શરીર ઇન્દ્રિયો અને યોગ માટે પણ જાણવું.

## સંવેગાદિ ધર્મોનું ફળ શું છે?

હે પ્રભો ! નિમ્નલિખિત સંવેગાદિ, ૨૮ પ્રકારના ધર્મોની આરાધના શું સાર્થક ફળ દેવાવાળી બને છે?

જવાબમાં ભગવંતે 'હા' કહી છે. તેના અર્થો સંક્ષેપથી અહીં જાણીએ અને વિસ્તારથી ગુરુમુખે જાણવા કેમકે જાણ-યોગ્ય અને જીવનમાં ઉતારવાલાયક તત્વો સૌથી પહેલા જાણવાથી જીવન ધન્ય અને આરાધક બનવા પામે છે. પાપના ભરેલા સંસારમાં આરાધ્ય અને ઉપાદેય તત્વોનો સ્વીકાર કરવાથી જીવન યાત્રા સફળ બનશે અને ભવભવાંતરમાં પવિત્ર સંસ્કારોનો ઉદય થતાં આપણો આત્મા હંમેશાંને માટે અનંત દુઃખોના ભરેલા સંસારનો ત્યાગ કરી અનંત સુખનો સ્વામી બનશે.

સંવેગાદિ ૨૮ પદો નીચે પ્રમાણે છે.

(૧) સંવેગ :–અવ્યાબાધ અને અનંત સુખોના ધામ સ્વરૂપ મોક્ષ પ્રાપ્તિના અભિલાષને સંવેગ કહેવાય છે. ધ્યેય, લક્ષ્ય અને પ્રવૃત્તિ યદિ પરસ્પર એક બીજાને અનુકુળ હોય તો ગમે તે કાર્યસિદ્ધિ થવામાં બાધ આવતો નથી. તેવી રીતે સંસારમાં રહેવા છતાં પણ મોક્ષનું ધ્યેય હોય અને તે અનુસારે લક્ષ્ય અને પ્રવૃત્તિ પણ હોય તો ઇષ્ટ સિદ્ધિ થતાં વાર લાગતી નથી.

(૨) નિર્વેદ :–પૂર્વના પુણ્યોદયે મળેલા ભૌતિક સુખોના ભોગવટામાં ઉદાસીનતા કેળવવી.

(૩) ગુરુ સાધર્મિક સુશ્રુષા :– એટલે કે દિક્ષાગુરુ, વિદ્યાગુરુ કે આચાર્ય આદિ ગુરુજનોની બહુમાનપૂર્વક સેવા અને વિનય કરવો.

(૪) આલોચના :–દૈવસિક કે રાત્રિક આદિ દોષોનું ગુરૂ સમક્ષ સાચા હૃદયથી પ્રકાશન કરવું.

(૫) નિંદના :–પોતાના દોષોની નિંદા કરવી એટલે કે દોષોને દોષ જ જાણીને તેને નિંદવા.

(૬) ગર્હણા :–ગુરૂ પાસે આત્મદોષોને પ્રકાશિત કરવા.

(૭) ક્ષમાપના :–આપણા વ્યવહારથી અસંતુષ્ટ માણસોની ક્ષમા માંગવી.

(૮) શ્રુત સહાયતા :–આગમીય શ્રુતજ્ઞાનને પરમ મિત્ર માનીને તેનો અભ્યાસ કરવો અને વધારવો.

(૯) વ્યુપશમના :–ક્રોધના નિમિત્તો મળવા છતાં પણ પોતાના જીવનમાં ક્રોધાદિને પ્રવેશ ન આપવો.

(૧૦) ભાવે અપ્રતિબદ્ધતા :–હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા અને વેદાદિના સેવનમાં કે તેની સ્મૃતિમાં પણ માનસિક આગ્રહને ત્યાગવો.

(૧૧) વિનિવર્તના :-અસંયમ માટેના ૨૦ પ્રકારના અસમાધિ સ્થાનોથી હમેશાં બચતા રહેવું.

(૧૨) વિવિક્ત શયનાદિ :–એટલે કે પશુ–પક્ષી અને નપુંસક આદિના પતન સ્થાનોથી અતિરિક્ત એકાંત વસતિમાં રહેવું.

(૧૩) શ્રોત્રેન્દ્રિય સંવર :–ઉપચારથી પાંચે ઇન્દ્રિયોનો સંવર કરવો. એટલે દુરાચારના રસ્તે જતી અટકાવવી.

(૧૪) યોગ પ્રત્યાખ્યાન :-કષાય વશ, મન–વચન અને કાયાથી કરેલા, કરાવેલા કે અનુમોદેલા પાપમાર્ગોનો અનુરોધ કરવો.

( ૧૫ ) શરીર પ્રત્યાખ્યાન :–માયા વશ બનીને સેવેલી શરીરની સુકુમારતાનો ત્યાગ કરવો.

( ૧૬ ) કષાય પ્રત્યાખ્યાન :–ક્રોધ–માન–માયા અને લોભનાં કુસંસ્કારોનું પ્રત્યાખ્યાન કરવું.

( ૧૭ ) સંભોગ પ્રત્યાખ્યાન :–જીન કલ્પીપણુ સ્વીકાર કર્યા પછી જ મંડળી વ્યવહાર છોડવો.

( ૧૮ ) ઉપધિ પ્રત્યાખ્યાન :–વધારે પડતી કે વધારી દીધેલી ઉપધિનો ત્યાગ કરવો.

( ૧૯ ) વિરાગતા :–રાગ–દ્વેષ ફરીથી ઉત્પન્ન ન થાય કે વધવા ન પામે તેથી સંસાર સાથેની માયાને લાત મારી દેવી.

( ૨૦ ) ભાવ સત્ય :–સંસારનો કોઇપણ પ્રકરણ, પદાર્થ, ખાનપાન અથવા ખોટા પોઝીશનના ખ્યાલાતોમાં પોતાના અંતઃકરણને અશુદ્ધ ન થવા દેવું.

( ૨૧ ) યોગ સત્ય :–મન–વચન અને કાયાને કોઈકાળે પણ અને ખાસ કરીને વૈરી–વિરોધી માણસ સાથે રહેતા પણ વક્ર થવા ન દેવી.

( ૨૨ ) કરણ સત્ય :–પિંડ વિશુદ્ધિ આદિ ઉત્તર ગુણોને શુદ્ધ રાખવા માટે પ્રયત્નશીલ રહેવું.

( ૨૩ ) મનઃ સમત્વાહરણતા :–એટલે મનને ચંચળ થવા ન દેવું. ઉપચારથી વચનકાયને પણ.

( ૨૪ ) ક્રોધ ત્યાગ :–ઉપચારથી કષાયોનો ત્યાગ.

( ૨૫ ) જ્ઞાન સમ્પન્નતા :–સમ્યગ્જ્ઞાનમાં આગળ વધવું.

( ૨૬ ) દર્શન સમ્પન્નતા :–દર્શન અને ચારિત્રની શુદ્ધિ રાખવી.

( ૨૭ ) વેદના ધ્યાસનતા :–પરિષહ આદિ વેદનાઓને સહી લેવી.

( ૨૮ ) કલ્યાણ કારક મિત્ર બુદ્ધિથી–મારણાંતિક ઉપસર્ગોને સહવા.

હે દેવાધિદેવ ! પરમતારક ! અનન્ત જ્ઞાનિન્ ! ભગવાન મહાવીરસ્વામી, આપશ્રી આપના સ્વમુખે ફરમાવો કે ઉપર પ્રમાણેના ૨૮ પદોની સમ્યગ્ આરાધના કરનાર ભાગ્યશાળીને કેવા ફળો મળશે ? મોક્ષ મળશે ?

ગૌતમસ્વામીની ઉપર્યુક્ત વાણી સાંભળીને ચરાચર સંસારના યથાર્થવાદી ભગવંતે ડંકાની ચોટ સાથે કહ્યું કે હે ગૌતમ ! હે તપસ્વિન્ ! હે મોક્ષાભિલાષિન્ ! ઇન્દ્રભૂતિ, તે ભાગ્યશાળી જરૂર જરૂર સમ્પૂર્ણ કર્મોનો નાશ કરીને આજે–કાલે કે પરમ દહાડે પણ મોક્ષમાં જશે, જરૂર જશે. પછી ભલે તે સાધક ઐરાવત, મહાવિદેહ કે ભારતભૂમિના પંજાબ, ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, રાજસ્થાન કે માલવપ્રદેશમાં ઓસવાળ, પોરવાળ, શ્રીમાળી કે બીજી કોઈ જાતિમાં હશે, પૈસાવાળો હશે કે નિર્ધન હશે, સ્ત્રી હશે કે પુરૂષ હશે, નગ્ન હશે કે વસ્ત્રધારી હશે, ભણેલો કે અનપઢ હશે, કાળારંગે કે ધોળા રંગે હશે, હે ગૌતમ ! તે બધા મોક્ષમાં જશે એમ તું નક્કી સમજજે કેમકે મોક્ષને નાત–જાત–રંગ–વેષ કે દેશ સાથે સંબંધ નથી. નથી ને નથી જ. અને ગૌતમ ! તમે પણ મોક્ષમાં જવાના છો તેમ નિઃશંક માનજો. આવી ઉદાર–સત્ય અને પવિત્ર ભગવંતની વાણી સાંભળીને ગૌતમસ્વામી પ્રસન્ન થયા, ઘણા રાજી થયાં તથા ત્રિવિધે ભગવંતને દ્રવ્ય તથા ભાવવંદના કરીને પોતાના આસને ગયા.

**શતક ૧૭ નો ઉદ્દેશો ત્રીજો પૂર્ણ.**

# શતક ૧૭ મું : ઉદ્દેશક-૪

## પ્રાણાતિપાતાદિ ક્રિયાઓ શું જીવ કરે છે?

રાજગૃહી નગરીમાં સ્થાપિત સમવસરણમાં બિરાજમાન થયેલા ભગવંતને ગૌતમસ્વામી પૂછે છે કે હે પ્રભો! પ્રાણાતિપાતાદિ ક્રિયાઓને જીવો શું કરે છે?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ! પ્રાણાતિપાતાદિ પાપોની સંખ્યા ૧૮ની છે 'સ્થીયતેઽસ્મિન્ ઇતિ સ્થાન્, પાપાના મેવ સ્થાનં પાપસ્થાનમ્" મન-વચન-કાયાથી પ્રમાદ વશ બનીને જે કરાય તે પાપ છે, જેને આત્મા પોતે તે તે ક્રિયાઓ સાથે સંબંધિત થઈને કરે છે એટલે કે શરીરના માધ્યમથી થતી ક્રિયાઓનું પાપ આત્માને સ્પર્શે છે, આનું વિશદ વર્ણન પહેલા ભાગમાં કરાઈ ગયું છે. રાજગૃહીનગરીના ગુણશિલ ચૈત્યમાં સમવસરણસ્થ ભગવંતે કહ્યું કે હે ગૌતમ! પ્રાણાતિપાત એટલે કે બીજા જીવોના પ્રાણોનું હનન કરવું પાપ જ છે, તથા ધર્મ; સંપ્રદાય કે મંત્રોચ્ચારણ વડે પણ કરાતો પ્રાણાતિપાત કોઈપણ કાળે ધર્મ હોતો નથી. આ પ્રમાણે મૃષાવાદાદિ પાપો માટે પણ સમજવું.

## જીવો શું સ્વયંકૃત દુઃખોને ભોગવે છે?

ગૌતમસ્વામીના પૂછવાથી પ્રભુએ કહ્યું કે હે ગૌતમ! જીવ માત્ર સ્વયં કરેલા દુઃખોને જ ભોગવે છે, પરંતુ પરકૃત

દુઃખોને નથી ભોગવતો, યાવત્ વૈમાનિક સુધીના દંડકોમાં આ પ્રમાણે જાણવું.

જીવો પોતાની કરેલી વેદનાને જ ભોગવનારા છે. તેમાં કર્મો કારણ છે અને દુઃખ વેદના કાર્ય છે એટલે કાર્યમાં કારણનો ઉપચાર કરવાથી કર્મોનો કર્તા અને ભોક્તા આત્મા સ્વયં છે, બીજા જીવના કરેલા કર્મો બીજાને કોઈ કાળે ભોગવવા પડતા નથી. આ હકીકત આપણે મહાવીરસ્વામીની વાણીથી જાણી રહ્યાં છીએ.

પારકાના કરેલા કર્મો યદિ આ જીવને ભોગવવા પડે તો "કૃતનાશ અને અકૃતાભ્યાગમ" નામના દોષો લાગુ પડ્યા વિના રહેવાના નથી. જેમકે જે જીવાત્માએ કર્મો કર્યા છે તે યદિ તેને ભોગવવા ન પડે તો 'કૃતનાશ' એટલે કે કરેલા કર્મોને ભોગવ્યા વિનાની સ્થિતિ ઉભી થશે પરંતુ આવું કદિ બનતું નથી કે–ભોગવ્યા વિના કર્મો નાશ પામે તથા જે જીવે પાપો કર્યા નથી છતાં પણ બીજાના કર્મો ભોગવવાં જતાં 'અકૃતાભ્યાગમ' દોષ લાગુ પડશે જે સર્વથા અનિષ્ટ છે અને કોઇને પણ માન્ય નથી. માટે ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે 'જીવમાત્ર પોતાના જ કર્મો ભોગવી રહ્યો છે.

શતક ૧૭ નો ઉદ્દેશો ચોથો પૂર્ણ.

# શતક ૧૭ મું : ઉદ્દેશક–૫

## ઇશાનેન્દ્રની સુધર્મા સભા ક્યાં સ્થાને આવી ?

જવાબમાં ફરમાવ્યું કે, જમ્બૂદ્વીપના મેરૂ પર્વતની ઉત્તર દિશાએ રત્નપ્રભા પૃથ્વીના ભૂ ભાગથી ઉર્ધ્વ ચન્દ્ર–સૂર્ય–ગ્રહ–નક્ષત્ર તારાઓના વિમાનોથી અનેક લાખો યોજન દૂર ઇશાન કલ્પ છે, જે પૂર્વ અને પશ્ચિમ સુધી લાંબો અને ઉત્તર દક્ષિણ સુધી પહોળો છે. જેમાં ૨૮ લાખ વિમાન છે. વચ્ચે અંકાવતંસક, સ્ફટિકાવતંસક, રત્નાવતંસક, જીતરૂપાવતંસક, આ ચારેની વચ્ચે ઇશાનાવતંસક નામે મહાવિમાન છે. આ ઇન્દ્રની સ્થિતિ બે સાગરોપમથી કાંઈક વધારે છે, બાકીનું બધું વર્ણન બીજા ભાગમાં ચર્ચાયું છે.

**શતક ૧૭ નો ઉદ્દેશો પાંચમો પૂર્ણ.**

卐

# શતક ૧૭ મું : ઉદ્દેશક–૬

## પૃથ્વીકાયિકો દેવલોકમાં પૃથ્વીકાયિક રૂપે ઉત્પન્ન થાય છે ?

હે પ્રભો ! રત્નપ્રભા નરકીમાં રહેલા પૃથ્વીકાયના જીવો મારણાંતિક સમુદ્દ્ઘાત કરીને સૌધર્મ દેવલોકમાં પૃથ્વીકાય તરીકે જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે તેઓ પહેલા ઉત્પન્ન થાય

અને પછીથી આહાર કરે ? અથવા પહેલા આહાર કરે અને પછીથી ઉત્પન્ન થાય ?

જવાબમાં ભગવાને કહ્યું કે હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવોને વેદના, કષાય, અને મારણાંતિક એમ ત્રણ સમુદ્‌ઘાત હોય છે જેમાંથી છેલ્લો સમુદ્‌ઘાત દેશથી તથા સર્વથી થાય છે. જ્યારે સર્વથી એટલે કે દડાની જેમ પૂર્વના શરીરને સર્વથા છોડી દે છે ત્યારે પહેલા સૌધર્મ દેવલોકમાં પૃથ્વીકાયિક રૂપે ઉત્પન્ન થાય છે અને પછીથી આહાર કરે છે. પરંતુ દેશથી સમુદ્‌ઘાત કરે ત્યારે ઈયળગતિથી સમુદ્‌ઘાત કરતા કંઈક પ્રદેશો પહેલાનાં શરીરમાં રહી જાય છે માટે ત્યાં જ આહાર કરીને પછી દેવલોકમાં પૃથ્વીકાયિક રૂપે ઉત્પન્ન થાય છે. આજ પ્રમાણે ઇશાન દેવલોકમાં યાવત્ અનુત્તર વિમાનમાં અને છેવટે ઇષત્‌પ્રાગ્ભારા પૃથ્વીમાં પણ જાણવું. સાથોસાથ બીજી પૃથ્વીથી સાતમી પૃથ્વીના પૃથ્વીકાયિક જીવો માટે પણ જાણવું.

શતક ૧૭ નો ઉદ્દેશો છઠ્ઠો પૂર્ણ.

卐

# શતક ૧૭ મું : ઉદ્દેશક–૭

ભગવંતે કહ્યું કે, સૌધર્મ કલ્પના યાવત્ સિદ્ધશિલાના પૃથ્વીકાયિક જીવો મરણ સમુદ્‌ઘાતથી છઠ્ઠા ઉદ્દેશાની જેમ રત્નપ્રભાથી સાતમી પૃથ્વી સુધી ઉત્પન્ન થાય છે.

શતક ૧૭નો ઉદ્દેશો સાતમો પૂર્ણ

## શતક ૧૭મું : ઉદ્દેશક—૮-૯-૧૦—૧૧

ઉપર પ્રમાણે જ અપકાયિક જીવો અને વાયુકાયિક જીવો પ્રથમ પૃથ્વીથી સમવહન થઈને દેવલોકમાં ઉત્પન્ન થાય છે. અને દેવલોકના તે બંને જીવો યાવત્ સાતમીમાં અપકાય તથા વાયુકાય તરીકે ક્રમશઃ ઉત્પન્ન થાય છે.

શતક ૧૭નો ઉદ્દેશો આઠ-નવ-દશ-અગિયાર પૂર્ણ.

卐

## શતક ૧૭ મું : ઉદ્દેશક—૧૨

એકેન્દ્રિય જીવો સમાન આહારવાળા, આયુષ્યવાળા તેમ સાથે ઉત્પન્ન થનારા નથી, શેષ પ્રથમ શતકના બીજા ઉદ્દેશાની જેમ સમજવું. તેઓ કૃષ્ણ—નીલ—કાપોત અને તેજોલેશ્યાવાળા હોય છે, તેમાં પણ સૌથી થોડા તેજોલેશ્યાવાળા અનંત ગુણા વધારે કાપોત લેશ્યાવાળા, તેનાથી વિશેષાધિક નીલ લેશ્યાવાળા અને તેનાથી વિશેષાધિક કૃષ્ણલેશ્યાવાળા જીવો હોય છે.

શતક ૧૭ નો ઉદ્દેશો બારમો પૂર્ણ.

卐

## શતક ૧૭ : ઉદ્દેશક ૧૩-૧૪-૧૫-૧૬-૧૭

સોળમાં શતકની જેમ નાગકુમાર, સુપર્ણકુમાર, વિદ્યુત્કુમાર, વાયુકુમાર અને અગ્નિકુમારોના આહાર અને ઋદ્ધિ માટે છે.

શતક ૧૭નો ઉદ્દેશો તેર-ચૌદ-પંદર-સોળ-સત્તર પૂર્ણ.

## " સમાપ્તિ વચન "

શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય, ૧૭માં શતકના ૧૭ ઉદ્દેશાની સંખ્યા પ્રમાણે ૧૭ પ્રકારે સંયમ પાળનારા સ્વ. ૧૦૦૮ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. ( કાશીવાળા )ના શિષ્યરત્ન, શાસન-દીપક, સ્વ. મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મ.ના શિષ્ય, ન્યાય–વ્યાકરણ–કાવ્ય–તીર્થ પંન્યાસપદ વિભૂષિત–ગણિવર્ય શ્રી પૂર્ણાનન્દવિજયે ( કુમાર શ્રમણ ) પોતાના મતિજ્ઞાનના વિકાસાર્થે શ્રુતજ્ઞાનના લાભાર્થે, ભવભવાંતરમાં પણ શ્રુતજ્ઞાનના–સંસ્કારોના ઉદયકાળના પ્રાપ્ત્યર્થે, દ્વાદશાંગીમાં સર્વશ્રેષ્ઠ, વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ–ભગવતી સૂત્રના મૂળપાઠ, ટીકાપાઠના આધારે, સામાન્ય બાળ જીવોના કલ્યાણાર્થે સત્તર ઉદ્દેશા સાથેનું સત્તરમું શતક સમાપ્ત કર્યું.

" शुभं भूयात् सर्वेषां जीवानाम्
सर्वे जीवा जैनत्वं प्राप्नुयुः "

## શતક ૧૭ મું પૂર્ણ

# શતક ૧૮ મું

## પ્રારભ્યતે :

આ શતકમાં નીચે લખ્યા પ્રમાણે ૧૦ ઉદ્દેશા છે.

(૧) જીવો પોતાના સ્વભાવે પ્રથમ છે કે અપ્રથમ ?
(૨) વિશાખા નગરીમાં ભગવાન સમોસર્યા બીજો ઉદ્દેશો
(૩) માકંદીપુત્ર અણગારના પ્રશ્નો સંબંધી ત્રીજો ઉદ્દેશો
(૪) પ્રાણાતિપાતાદિનો ચોથો ઉદ્દેશો
(૫) અસુરકુમારની વક્તવ્યતા
(૬) ગોળ આદિના વર્ણાદિ સંબંધી પ્રશ્નોત્તરો
(૭) યક્ષાવેશથી કેવળજ્ઞાની શું અસત્ય બોલે ?
(૮) અણગારની ક્રિયા માટેના પ્રશ્નોત્તરો
(૯) ભવિકદ્રવ્ય નૈરયિકાદિ
(૧૦) સોમિલ વિપ્રના પ્રશ્નોત્તરો

૧. નમ્રતાપૂર્વક સમવસરણમાં આવવું.

૨. પૂછેલા પ્રશ્નોના દેવાધિદેવે આપેલા જવાબો.

૩. આર્હત ધર્મ સ્વીકાર્યા પછી મહાવીર સ્વામીએ વિશાળ અને વિસ્તૃત આપેલો દેશ વિરતિનો ઉપદેશ.

# શતક ૧૮ મું : ઉદ્દેશક–૧

## જીવ માત્ર પ્રથમ છે ? અપ્રથમ છે

રાજગૃહી નગરીમાં ભગવાન પધાર્યા છે. પ્રસન્ન થયેલી જનતા પોત પોતાના **ઘરેથી** નીકળી સમવસરણમાં આવીને

ભગવંતને વંદના-પર્યુપાસના કરે છે, ધર્મોપદેશ સાંભળે છે અને પોત પોતાના ઘરે જાય છે. ત્યાર પછી વિનયાવનત ગૌતમ સ્વામી પરમાત્માને વંદન નમન કરીને પૂછે છે કે હે પ્રભો !

પોતાના જીવત્વની અપેક્ષાએ જીવ પ્રથમ કે અપ્રથમ છે? બહુવચનનો આશ્રય કરી જીવો પ્રથમ કે અપ્રથમ છે? સિદ્ધનો જીવ કે જીવોનો આશ્રય કરી પ્રશ્ન કર્યો કે તેઓ પ્રથમ છે કે અપ્રથમ? પ્રશ્નનો આશય આ પ્રમાણે છે. ભવભવાંતરમાં અનેક ભવો કર્યા પછી પણ જીવ પ્રથમ છે કે અપ્રથમ? અર્થાત્ જેની ઉત્પતિ હોય તેની અપેક્ષાએ તે દ્રવ્ય પ્રથમ હોય છે અને જેની ઉત્પતિ ન હોય તે અપેક્ષાએ અપ્રથમ કહેવાય છે. જીવ કોઈ કાળે કોઈનાથી ઉત્પાદ્યન હોવાના કારણે પ્રથમ નથી, પરંતુ અનાદિકાળથી અનંતકાળ સુધી અનુત્પાદ્ય હોવાથી અપ્રથમ છે. આ કારણે ભગવંતે કહ્યું કે હે ગૌતમ! જીવ અને જીવો હંમેશાને માટે અપ્રથમ છે.

અનંતાનંત જીવોમાંથી કયો જીવ કોનાથી પ્રથમ જન્મ્યો? આવો પ્રશ્ન સર્વથા અસ્થાને છે, કેમકે જીવત્વ સદૈવ અજન્મા હોવાથી સંસારવર્તી બધાએ જીવો અનાદિકાળથી છે. આ માટે તેઓ અપ્રથમ છે. આની વિશેષ વક્તવ્યતાઓ, ૧૪ દ્વારો વડે કરવામાં આવી છે, તે આ પ્રમાણે જીવ, અનાહારક, ભવસિદ્ધિક, સંજ્ઞી, લેશ્યા, દૃષ્ટિ, સંયત, કષાય, જ્ઞાન, યોગ, ઉપયોગ, વેદ, શરીર અને અપર્યાપ્તિ.

સિદ્ધના જીવો પ્રથમ છે કેમકે સિદ્ધત્વપદ કોઈ કાળે પણ પ્રાપ્ત ન હતું તેથી તેઓ પ્રથમ છે પણ અપ્રથમ નથી.

અનાહારક :-અહીં આહાર વિનાના જીવો અનાહારક

સમજવા, જે સિદ્ધ અને વિગ્રહ ગતિ પ્રાપ્તના જીવો હોય છે. તેમાં પણ સિદ્ધના જીવો–અનાહારકની અપેક્ષાએ પ્રથમ છે, કેમકે આવું અનાહારકત્વ તેમને પ્રથમ જ પ્રાપ્ત થયું છે જ્યારે વિગ્રહગતિ સમાપન્નક જીવે અનંતવાર કરેલું હોવાથી તે અપેક્ષાએ તે અપ્રથમ છે.

ભવસિદ્ધિક :–અનાદિકાળથી જીવો ભવસિદ્ધિક જ હોવાથી અપ્રથમ છે. અભવસિદ્ધિકો માટે પણ જાણવું.

સંજ્ઞીદ્વાર :–વિકલેન્દ્રિયોને છોડીને નારકથી વૈમાનિક સુધીના જીવો સંજ્ઞીપણાને લઇ અપ્રથમ એટલા માટે છે કે પૂર્વભવોમાં અનંતીવાર સંજ્ઞિત્વ મેળવી ચૂક્યાં છે. એકલેન્દ્રિય તથા વિકલેન્દ્રિયોને સંજ્ઞિત્વનો અભાવ છે. તેવી રીતે અસંજ્ઞી જીવ અને જીવો પણ અપ્રથમ છે કેમકે આ ભાવ પણ અનંતીવાર પ્રાપ્ત થયેલો છે.

અસંજ્ઞીદ્વારમાં નૈરયિકથી લઈ વ્યંતર સુધીના સંજ્ઞી જીવો પણ અસંજ્ઞી ભાવે પ્રથમ છે. આ વાત ભૂતપૂર્વ ન્યાયથી જાણવી કેમકે અસંજ્ઞી જીવોનો ઉત્પાદ વ્યંતર સુધીના સંજ્ઞી જીવોમાં પણ થાય છે. પૃથ્વી આદિના અસંજ્ઞી જીવોનો અસંજ્ઞી ભાવથી અપ્રથમ છે. જ્યારે સિદ્ધના જીવો પ્રથમ છે કેમ કે આ ભાવ તેમને પ્રથમ જ પ્રાપ્ત કર્યો છે.

સલેશ્ય:–જીવ અને જીવો આહારકની જેમ અપ્રથમ જાણવા. સિદ્ધો અલેશ્યાભાવથી પ્રથમ છે.

સમ્યગ્દષ્ટિ–આ ભાવ વડે જીવ પ્રથમ અને અપ્રથમ પણ હોય છે. અનાદિ મિથ્યાદષ્ટિ જીવ જ્યારે પ્રથમવાર સમ્યક્ત્વ

પ્રાપ્ત કરે તે અપેક્ષાએ પ્રથમ જાણવું. અને વમન કરાયેલું સમ્યક્ત્વ બીજી વાર પ્રાપ્ત કરે તે અપેક્ષાએ અપ્રથમ જાણવું. એકેન્દ્રિયોને છોડી વૈમાનિક જીવો સુધી આ વાત જાણવી. કેમ કે તેમને સમ્યક્ત્વ નથી. વિકલેન્દ્રિયોને સાસ્વાદ ગુણઠાણાની અપેક્ષાએ અપર્યાપ્તાવસ્થામાં સમ્યક્ત્વ થાય છે. આ કારણે સૂત્રમાં એકેન્દ્રિયોને છોડયા છે. શેષ જીવો બંને છે.

સિદ્ધઃ–સમ્યગ્દષ્ટિભાવથી પ્રથમ છે કેમ કે સિદ્ધત્વ સહ-ચરિત્ર સમ્યગ્દર્શન, મોક્ષગમન પ્રથમ પ્રાપ્ત થાય છે.

સંયતદ્વારઃ–એક અને બહુવચનનો આશ્રય કરી કદાચ પ્રથમ અને અપ્રથમ પણ હોય છે. બીજા અનેક જીવોની અપે-ક્ષાએ એક જીવ પ્રથમ અને અપ્રથમ હોય છે. અસંયત જીવ અપ્રથમ છે.

આ પ્રમાણે સંયતાસંયત પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય એક અને બહુવચનની દૃષ્ટિએ પ્રથમ અને અપ્રથમ હોય છે. પ્રથમવાર દેશવિરતિની અપેક્ષાએ પ્રથમ અને ભવભ્રમણમાં અપ્રથમ હોય છે. એટલે કે આ ભવથી પહેલા પણ જીવે દેશવિરતિ પ્રાપ્ત કરેલી છે.

કષાયદ્વાર :–અનાદિ કાળથી જીવ કષાયી હોવાથી અપ્રથમ છે. જ્યારે અકષાયી જીવ યથાખ્યાત ચારિત્રની પ્રથમ પ્રાપ્તિમાં પ્રથમ છે અને બીજીવાર યથાખ્યાત ચારિત્રની અપેક્ષાએ અપ્રથમ છે.

સિદ્ધના જીવો પ્રથમ છે.

જ્ઞાનદ્વાર :–સમ્યગ્દૃષ્ટિની જેમ જ્ઞાની પણ પ્રથમ અને અપ્રથમ છે; કેવળજ્ઞાની કેવળજ્ઞાનની અપેક્ષાએ પ્રથમ છે. શેષ જીવો જ્ઞાનની પ્રથમ પ્રાપ્તિની અપેક્ષાએ પ્રથમ અને પુનઃ પ્રાપ્તિના કારણે અપ્રથમ છે.

સયોગી જીવો અપ્રથમ છે અને અયોગી પ્રથમ છે.

સવેદી જીવો પણ અપ્રથમ છે અને અવેદી પ્રથમ જાણવા.

સશરીર જીવો પણ અપ્રથમ છે.

પર્યાપ્તા અને અપર્યાપ્તા પણ અપ્રથમ જાણવા.

બંને ઉપયોગવાળા જીવો અપ્રથમ છે.

## ચરમોચરમ માટેની વક્તવ્યતા

ચરમ એટલે જેનો સર્વદા અંત થાય તે અને અચરમનો અંત થતો નથી.

જીવ માત્ર પોતાના 'જીવત્વ'ની અપેક્ષાએ નાશ પામતો નથી માટે તે અચરમ છે. સિદ્ધાત્મા પણ અચરમ છે.

નારક કદાચ નરકગતિમાંથી નીકળીને મોક્ષમાં જાય તે અપેક્ષાએ ચરમ અર્થાત્ ફરીથી તેને નરકમાં જવાનું નથી અને બીજા બધા નારકો અચરમ છે. યાવત્ વૈમાનિક સુધીના દંડકો જાણી લેવા.

આહારકપદમાં કદાચ બીજા સમયે મોક્ષમાં જાય તેથી તે ચરમ, શેષ અચરમ.

સિદ્ધશિલામાં જવાથી જીવનું ભવ્યત્વ નાશ પામે છે માટે ભવસિદ્ધિક ચરમ છે, અભવ સિદ્ધિક અચરમ છે.

સંજ્ઞી અને અસંજ્ઞીને આહારકની જેમ જાણવા.

લેશ્યાવાળાઓને પણ આહારકની જેમ જાણવા.

સમ્યગ્દૃષ્ટિ દ્વારમાં જાણવાનું કે સમ્યક્ત્વથી પતન પામ્યા પછી પણ ફરીથી સમ્યક્ત્વ મેળવશે તે અપેક્ષાએ અચરમ, અને સિદ્ધ સમ્યગ્દર્શનથી પડતા નથી માટે ચરમ છે. આવા સમ્યગ્દૃષ્ટિ નારકોને પણ ફરીથી સમ્યક્ત્વ પામવાનું નથી તે અપેક્ષાએ ચરમ, શેષ અચરમ.

મિથ્યાદૃષ્ટિઓને આહારકની જેમ જાણવા એટલે કે નિર્વાણ પામશે તે મિથ્યાદૃષ્ટિ પણે ચરમ, શેષ અચરમ.

મિથ્યાદૃષ્ટિ નારકો ફરીથી મિથ્યાત્વ સહિત નરકત્વ પામે નહી તે અપેક્ષાએ ચરમ, શેષ અચરમ.

જેઓ ફરીથી સંયત બનતા નથી તે અપેક્ષાએ અચરમ છે.

અસયંતોને આહારકની જેમ જાણવા.

સકષાયી જીવો પણ આહારકની જેમ જે નિવાર્ણ પામશે તે ચરમ છે જ્ઞાની સમ્યગ્દૃષ્ટિની જેમ.

**શતક ૧૮નો ઉદ્દેશો પહેલો પૂર્ણ.**

卐

# શતક ૧૮ મું : ઉદ્દેશક–૨

## કાર્તિક શેઠનું કથાનક :

વિશાખા નામની નગરીમાં "બહુ પુત્રિક" નામે ચૈત્ય હતું. ત્યાં એક દિવસે ભગવાન મહાવીરસ્વામી પધાર્યા અને દેવ નિર્મીત સમવસરણમાં બિરાજમાન થયાં. પર્ષદા આવી, ધર્મોપદેશ થયો.

તે સમયે હાથમાં વજ્ર ધારણ કરેલા, પહેલા દેવલોકના શકેન્દ્ર ભગવાનના સમવસરણમાં આવી વન્દન–નમન કરીને ૩૨ પ્રકારનો નાટ્ય વિધિ બતાવ્યો, સાથે આભિયોગિક દેવો પણ હતાં. નાટ્ય વિધિને સમાપ્ત કરી ઈન્દ્ર પોતાના વિમાનમાં બેસીને જ્યાંથી આવ્યાં હતાં ત્યાં પાછા જતાં રહ્યાં.

ગૌતમસ્વામીએ પૂછ્યું કે હે પ્રભો ! આ ઈન્દ્ર મહારાજ કોણ હતાં ? ઈન્દ્રપદ કેવી રીતે મેળવ્યું ? તેમની આટલી મોટી ઋદ્ધિની પાછળ શું કારણ છે ?

## શ્રાવક ધર્મી કેવો હોય ?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! હસ્તિનાપુર નગરમાં કાર્તિક નામે ધનાઢ્ય શેઠ હતો. જેનો વ્યાપાર, રોજગાર માન–મરતબો ઘણો હતો યાવત્ તે શેઠ કોઈનાથી પણ ગાંજ્યો ન જાય એટલે બીજા ધર્મવાળા કે સંપ્રદાયવાળાઓથી પરાભવ ન પામે તેવો હતો. વિશેષમાં બધાએ વ્યાપારીઓમાં કાર્તિક શેઠ અગ્રેસર હતો યાવત્ સૌમાં તેમનું આસન પહેલા હતું. તે પોતે પોતાની શ્રીમંતાઈના માલિક નહી પણ ટ્રસ્ટી હતાં.

માલિક અને ટ્રસ્ટીમાં એટલો જ તફાવત છે કે માલિક પોતાની શ્રીમંતાઈનો ઉપયોગ પોતાની ગૃહસ્થાશ્રમીને શણગારવાના અને પોતાના જાતભાઈ આદિની ગરીબાઈની પરવા કર્યા વિના પોતે એકલો જ કરનારો હોય છે. વ્યવહાર-ઈજ્જત-બડાઈ કે પોતાના પુત્ર-પુત્રીઓ શીઘ્રતાથી પરણી જાય તેટલા માટે ૧૫-૨૦ હજાર રૂપીઆ ખર્ચીને પણ સમાજ પાસેથી માન-સન્માન અને સંઘવી તરીકેની 'માળા'નું પરિધાન પણ પોતાના સ્વાર્થની ખાતર કરી શકતો હોય છે. આવા પ્રકારનો શ્રીમંત દ્રવ્ય દયાનો માલિક બની શકે પણ ભાવદયાળુ હોતો નથી, એ ભાઈસાબ જે કાંઈ કરશે, તોલશે, લેવડ દેવડ કરશે આદિ ક્રિયાઓ પોતાના સ્વાર્થ પૂરતી જ કરશે. પોતાના નક્કી કરેલા સ્વાર્થની લક્ષ્મણ રેખાને ઉલ્લંઘી શકતો નથી.

જ્યારે પૂર્વ પુણ્યના ઉદયથી મેળવેલી શ્રીમંતાઈ ઉપર ટ્રસ્ટીપણાનો હક રાખનારો ભાગ્યશાળી શ્રીમંત સૌથી પહેલા પોતાની શ્રીમંતાઈનો ઉપયોગ કોઈપણ જાતના સ્વાર્થ રાખ્યા વિના કે બદલાની ચાહના વિના પોતાના જાતિભાઈઓના, નોકરોના, મુનીમોના કે ખેડૂતોના લાભાર્થે કરશે. આવા ભાગ્યશાળીઓ કીર્તિદાન કરતાં ગુપ્તદાનમાં શ્રદ્ધા રાખનારા હોય છે. પોતાના જાતિ તથા સ્વામી ભાઈઓને માટે મકાન બાંધી દેનારા હોય છે.

કાર્તિક શેઠ પોતાની લક્ષ્મીનો ટ્રસ્ટી હોવાથી તેનું વર્ણન ભગવતી સૂત્રમાં નીચે પ્રમાણે અક્ષરશઃ નોંધાયેલું છે. '**णेगम पढमा सणिय**' નૈગમ એટલે વણિક સમાજમાં કાર્તિક શેઠનું આસન સૌથી મોખરે પડતું હતું. શા માટે ?

'णेगमट्ठसहस्सस्स बहुसु कज्जेसु य कारणेसु य कोडुबेसुय एवं जहा रायप्पसेण इज्जे चित्ते जाव चक्खुभूए'

એટલે કે એક હજાર આઠ વણિકોના ઘણાં કાર્યોમાં, કારણોમાં અને કુટુંબોમાં તે કાર્તિક શેઠ હંમેશા સાવધાન થઈને તેમનું ભરણ–પોષણ કરતા હતા. તેઓ માનતા હતા કે, કેવળ ધર્મથી બીજાઓના સહાયક થવા કરતા પોતાની પાસે રહેલા ધનથી પોતાના અંગત સગા સંબંધીઓના કાર્યમાં તથા મુનીમોના તથા નોકર આદિના કાર્યોમાં સૌનું ગાર્હસ્થ્ય જીવન જે રીતે સુસંચાલિત, સુરક્ષિત રહે તે પ્રમાણે સૌના માટે સહાયક હતાં.

સૂત્રકાર સુધર્માસ્વામી પોતે રાયપસેણી સૂત્રમાં આવેલા ચિત્ર સારથી પ્રમાણે કાર્તિક શેઠનું જીવન જાણવા માટે ભલામણ કરે છે. તે આ પ્રમાણે “રાજ્યના હિત માટેની ચિંતામાં, પરસ્ત્રી જેવા જઘન્ય પાપોને રોકવામાં, બાળહત્યા કે ગર્ભ-હત્યા જેવા હલકા પ્રકારના પાપમાર્ગોને અટકાવવામાં તથા પોતાના સગા સંબંધીથી આચરેલા લોક વિરુદ્ધ ક્રિયા-ઓના પ્રાયશ્ચિત વગેરેની શુદ્ધિમાં તે કાર્તિક શેઠ મેઘી હતો” મેઘીનો અર્થ આ પ્રમાણે છે; ધાન્યના ખલામાં એક થાંભલો ખોડવામાં આવે છે, તેને મેઘી કહે છે, પછી બળદોને તે થાંભલે બાંધવામાં આવે છે અને ચારે બાજુના અનાજને તેઓ મસળે છે, એટલે કે આ બધી ક્રિયાઓમાં મેઘી જેમ મુખ્ય હોય છે તેવી રીતે કાર્તિક શેઠ પણ સૌમાં મુખી હોવાથી સમાજ–દેશ–ધર્મ–કુટુંબ આદિના શુભાશુભ કાર્યોમાં મુખી હતો. પ્રમાણભૂત હતો અને સૌના કાર્યો કરીને જ શેઠ જંપતો હતો. આ પ્રમાણે જીવન જીવતો શેઠ સૌને માટે પ્રિય હતો, શ્રમણોનો ઉપાસક હતો, યાવત્ જીવજીવાદિ તત્વોના સારો જાણકાર હતો અને તપઃ કર્મ વડે પોતાના આત્માને ભાવિત કરતો હતો.

## મુનિસુવ્રત સ્વામી તીર્થંકરનું આવાગમન :

તે કાળે તે સમયે વીશમાં મુનિસુવ્રત સ્વામી તીર્થંકર ચતુર્વિધ સંઘ સાથે ગ્રામાનુગ્રામ વિહાર કરતાં હસ્તિનાપુરના સહસ્રામ્રવન ઉદ્યાનમાં પધાર્યા. દેવાધિદેવ પરમાત્માનું આગમન સાંભળીને પર્ષદા પોત પોતાના ઘરેથી નીકળીને સમવસરણ તરફ આવી. તે સમયે કાર્તિક શેઠ પણ સ્નાન કરી, અમુલ્ય વસ્ત્રોનું તથા આભૂષણોનું પરિધાન કરીને સમવસરણ તરફ આવવાને માટે ઘરેથી બહાર નિકળ્યો. હસ્તિનાપુરના મધ્ય ભાગમાં થઇને તે વનમાં આવ્યો અને ત્રણ પ્રદક્ષિણા કરી મન–વચન–કાયા વડે પર્યુપાસના કરતો યોગાસને બેઠો. ત્યાર પછી ભગવંતે સંસાર વિમુક્તિની પાપ પ્રદર્શની, વૈરાગ્ય વર્ધની, ધર્મદેશના આપી. જે સાંભળીને હૃષ્ટતુષ્ટ થયેલા કાર્તિક શેઠે ભગવંતને કહ્યું કે હે પ્રભો ! આપશ્રીનું નિર્ગ્રંથ પ્રવચન સત્ય સ્વરૂપ છે, મને રૂચ્યું છે. માટે એક હજાર આઠ વણિકોને પૂછીને તથા ગૃહસ્થાશ્રમનો ભાર પુત્રાદિને સોંપીને આપશ્રીના ચરણોમાં દીક્ષા લેવાની ભાવનાવાળો થયો છું.

ભગવંતે કહ્યું કે ધર્મના કાર્યમાં વિલંબ કરશો નહીં.

તે પછી તે શેઠને ભગવંતે આ પ્રમાણે કહ્યું ત્યારે રાજી થયો, ચિત્તમાં આનંદ પામ્યો, પ્રીતિમનવાળો થયો અને ભગવંતને ફરી ફરીથી વંદન કરે છે, નમન કરે છે, અને વંદન નમન કરીને ભગવંત પાસેથી સહસ્રામ્રવનમાં આવ્યો. ત્યાંથી પણ બહાર આવીને હસ્તિનાપુર નગરમાં જ્યાં પોતાનું મકાન હતું ત્યાં આવ્યો અને બધાએ વણિકોને બોલાવીને કહ્યું કે હે દેવાનુપ્રિયો ! અરિહંત પરમાત્માની વાણી સાંભળીને, વૈરાગ્ય

વાસિત થયેલો એવો હું પ્રવ્રજ્યા ધર્મ સ્વીકારવાની ઇચ્છાવાળો થયો છું. તો તમે બધા શું કરવા ધારો છો? કયો વ્યવસાય કરશો? તમારી અંતર્ગત ઇચ્છા શું છે? અને તમારામાં શું શક્તિ છે? સારાંશ કે મારી દીક્ષા થઇ ગયા પછી તમે શું કરશો?

શેઠજીની વાત સાંભળીને તેઓએ જવાબ આપતા કહ્યું કે અમે પણ આ સંસારથી ઉદ્વિગ્ન થયા છીએ માટે તમારી સાથે દીક્ષા ગ્રહણ કરીશું.

ત્યારે રાજી થયેલા શેઠે કહ્યું કે જો આમ છે તો તમે ઘરે જાઓ અને પોત પોતાના પુત્રોને ઘરબાર સોંપીને બહુ જ આડંબર સાથે મારે ત્યાં આવો જેથી આપણે બધા ભેગા મળીને અરિહંત પાસે જઈ દીક્ષિત થઇએ. વણિકો પોત પોતાને ઘરે જઈ, વ્યવહાર સંબંધીનું કાર્ય પતાવીને બહુ જ આડંબર સાથે તે બધા કાર્તિક શેઠ પાસે આવ્યા અને બધાએ મોટી ઋદ્ધિ સમૃદ્ધિપૂર્વક જય જયકાર બોલાવતા મુનિસુવ્રતસ્વામી પાસે આવ્યા. વન્દન નમન કરી આ પ્રમાણે કહ્યું કે હે પ્રભો! "જન્મ–જરા અને મૃત્યુના ભયંકર રોગોથી આખોએ સંસાર વ્યાપ્ત છે, ચારે તરફથી કામ–ક્રોધ–માન–માયા અને લોભ જીવ માત્રને સતાવી રહ્યાં છે, માટે અમે એકાંતે દુઃખરૂપ સંસારને તિલાંજલી આપીને આપણાં ચરણોમાં દીક્ષિત થવા માંગીએ છીએ." ત્યારપછી ભગવંતે સૌને દીક્ષા આપી અને ધર્મોપદેશ આપતાં ભગવંતે કહ્યું કે 'હે દેવાનુપ્રિયો! તમે આજથી સંયમધર્મી બન્યા છો. માટે સત્તર પ્રકારના સંયમને સુરક્ષિત રાખવા માટે–ઉપયોગવંત રહેજો. આજથી તમે મુનિ છો માટે મૌનધર્મને સંયમનું મૌલિક કારણ સમજી તેમાં મસ્ત રહેજો અને સંસારમા રહેલા છકાય જીવોની રક્ષા એજ

તમારો ધર્મ બનજો. અષ્ટ પ્રવચન માતા એ જ સંયમને ઉત્પન્ન કરનારી છે માટે તેનાં જતનમાં હમેશાં જાગૃત રહેજો. નવ બ્રહ્મચર્યનું બખ્તર, સમ્યગ્જ્ઞાનની તલવાર, ચારિત્ર ઢાલ, પ્રત્યે બેધ્યાન કોઈ કાળે બનશો નહી. અને ઉપયોગપૂર્વક રહેજો,

ભગવંતની આ પ્રમાણેની તથ્યવાણી સાંભળીને તે બધા મુનિઓ સંયમમાં સ્થિર થયાં.

કાર્તિક શેઠ ( મુનિ ) અષ્ટ પ્રવચન માતાના પાલનમાં, બ્રહ્મચર્યની નવ વાડમાં સ્થિર થયા અને સ્થવિરો પાસેથી સામાયિકથી લઈ યાવત્ ચૌદ પૂર્વના જ્ઞાતા બન્યા. તથા છઠ્ઠ–અઠ્ઠમ–ચાર–દશ આદિની તપશ્ચર્યાથી ભાવિત થઇને બાર વર્ષ સુધી સંયમ પાળીને એક મહિનાની સંલેખના કરી ૬૦ ભક્તોનું અનશન કર્યું અને કાળ કરી સૌધર્મ કલ્પમાં સૌધર્મ વિતંસક–વિમાનમાં–ઉપપાત સભામાં–ઇન્દ્ર તરીકે જન્મ્યા છે, જ્યાં બે સાગરોપમની સ્થિતિ છે.

શતક ૧૮ નો ઉદ્દેશો બીજો પૂર્ણ.

# શતક ૧૮ મું : ઉદ્દેશક–૩

## માકંદીપુત્ર અણગારના પ્રશ્નો :

ઔપપાતિક સૂત્રમાં વર્ણવેલી ચંપાનગરીની ઉપમાને ધારણ કરતી રાજગૃહી નામે નગરી હતી, ગુણશિલક નામે ચૈત્યોદ્યાન હતું. ભગવાન મહાવીરસ્વામી તે નગરીમાં પધાર્યા. સમવસરણની રચના થઈ, પર્ષદા આવી, ધર્મોપદેશ થયો.

તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના માકંદીપુત્ર અણગાર હતાં, જે સ્વભાવથી ભદ્રપરિણામી, ઉપશાંત, ક્રોધ–માન–માયા અને લોભને પાતળા કરનારા, માર્દવ તથા આર્જવ ગુણને આત્મસાત્ કરનારા, ગુરૂની આજ્ઞા પ્રમાણે સંયમધર્મને પાળનારા, તથા વિનય–વિવેકપૂર્વકની પર્યુપાસના કરનારા હતાં. એક દિવસે ઈર્યાસમિતિના સંશોધનપૂર્વક, ભાષાસમિતિને સુરક્ષિત રાખતા તે મુનિએ સમવસરણમાં આવીને વંદન-નમનપૂર્વક પૂછયું કે :—

## સ્થાવર જીવો મનુષ્ય અવતાર મેળવીને મોક્ષમાં જાય ?

હે પ્રભો ! પૃથ્વીકાયિક, અપ્કાયિક અને વનસ્પતિકાયિક જીવો કાપોતલેશ્યામાં રહ્યા છતાં, ત્યાંથી મરણ પામીને સીધે સીધા શું મનુષ્ય અવતારને પામી શકે છે? શુદ્ધ સમ્યક્ત્વ મેળવી શકે છે? અંતે ઘાતિ કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન મેળવી મોક્ષમાં જનારા થઈ શકે છે? સારાંશ કે કાપોતલેશ્યાવાળા પૃથ્વીકાયિક જીવો નિરંતર મનુષ્ય અવતારમાં આવીને

યાવત્ નિર્વાણ પામી શકે? આ પ્રમાણે અપ્કાયિક અને વનસ્પતિકાયિકો માટે પણ પ્રશ્નો સમજી લેવા.

જવાબમાં ચરાચર સંસારના જીવમાત્ર પ્રત્યે સર્વથા નિષ્પક્ષ, યથાર્થવાદી ભગવંતે કહ્યું કે, 'માકંદીપુત્ર અણગાર! તે જીવો માનવભવ સ્વીકારીને બધા કર્મોનો ક્ષય કરી નિર્વાણ પામે છે. કૃષ્ણલેશ્યાવાળા પણ ત્રણે પ્રકારના જીવો મનુષ્ય અવતારમાં આવીને મોક્ષ મેળવવા ભાગ્યશાળી બની શકે છે. જ્યારે અગ્નિકાયિક અને વાયુકાયિક જીવો ત્યાંથી મરીને સીધે સીધા મનુષ્ય અવતાર મેળવવાને યોગ્ય બનતા નથી. દંડક પ્રકરણની ગાથામાં પણ કહેવાયું છે કે મનુષ્ય ગતિને માટે ચાર ગતિઓ સર્વથા ઉઘાડી છે જ્યારે અગ્નિકાય અને વાયુ-કાયિકો મનુષ્યભવ મેળવી શકતા નથી.'

ભગવંત પાસેથી ઉપર પ્રમાણેનો ખુલાસો મેળવ્યા પછી ખુશખુશ થયેલો માકંદીપુત્ર મુનિ, જે સ્થળે બીજા મુનિરાજો બિરાજમાન હતાં ત્યાં ગયો અને ભગવાને આપેલો જવાબ કહી સંભળાવ્યો, પરંતુ ભગવંતના શ્રીમુખેથી પ્રત્યેક પ્રશ્નોનો ઉત્તર સાંભળવાની શ્રદ્ધાવાળા મુનિઓ માકંદીપુત્ર મુનિની વાતને સાચી નહીં માનતા તેઓ પરમાત્મા પાસે આવ્યા અને પૂછ્યું કે હે પ્રભો! જે વાત માકંદીપુત્ર મુનિએ કહી છે તે શું સાચી છે? આવું બની શકે છે? ભગવંતે કહ્યું કે હે મુનિઓ! માકંદીપુત્ર મુનિની વાત સાચી છે. ત્યાર પછી તે બધા શ્રમણો માકંદીપુત્ર મુનિ પાસે આવે છે અને સવિનય ક્ષમા માંગે છે.

## ચરમકર્મની વક્તવ્યતા

ત્યાર પછી તે માકંદીપુત્ર મુનિ ઉત્થાન શક્તિ વડે ઉભા

થયા અને મહાવીર પ્રભુને વંદન–નમન કરીને આ પ્રમાણે પૂછયું કે હે પ્રભો! ભાવિતાત્મા કેવળી પોતાનાં જીવનમાં શેષ રહેલા વેદનીય–ગોત્ર અને નામ કર્મને વેદી રહ્યાં છે એટલે કે બાંધેલા કર્મોના રસનો અનુભવ કરી રહ્યાં છે ત્યાર પછી પ્રદેશ અને વિપાકની આત્મ પ્રદેશથી નિર્જરા થાય છે. આ પ્રમાણે ત્રણે અઘાતિ કર્મોની વેદના અને નિર્જરા થયા પછી પોતાના શેષ રહેલા આયુષ્ય કર્મના છેલ્લા ક્ષણ સુધી પહોંચીને ઔદારિકાદિ શરીરોને છેલ્લી તિલાંજલી દઈ રહ્યાં છે તો શું? તે આયુષ્ય કર્મના છેલ્લા સમયમાં વેદન કરાતાં કર્મને 'ચરમ' કહેવાય? અને પૂર્વના ત્રણે કર્મોનું વેદન કરાતાં તે કર્મો સૂક્ષ્મ હોવાથી સૂક્ષ્મલોકને અવગાહિત કરીને રહ્યા છે?

ભગવંતે 'હા'માં જવાબ આપ્યો છે.

અહીં પ્રશ્ન અને ઉત્તર એક જ સમાન હોવાથી પ્રશ્ન પોતે જ ઉત્તર રૂપે છે.

## નિરતિશય છદ્મસ્થ બે મુનિઓની નિર્જરાને જાણે છે?

ત્યાર પછી માકંદીપુત્ર મુનિએ ભગવંતને નિરતિશય છદ્મસ્થને માટે પૂછયું છે અને સૂત્રકારે પ્રજ્ઞાપના સૂત્રના ૧૫માં પદના ઇન્દ્રિય ઉદ્દેશામાં જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે જાણી લેવાની ભલામણ કરી છે. સારાંશ કે બે મુનિઓના નિર્જરાના પુદ્ગલોમાં રહેલા ભેદને નિરતિશય છદ્મસ્થ જાણતો નથી પરંતુ જે વિશિષ્ટ અવધિજ્ઞાની છે તે નિર્જરાના ભેદને જાણે છે–જુએ છે. દેવોમાં પણ વિશિષ્ટ અવધિજ્ઞાની દેવ તે ભેદને જાણે છે પણ સાધારણ દેવો જાણતા નથી. જ્યારે સાતે

નરકોના નારકો, દશ ભવનપતિઓ, પાંચ સ્થાવરો, વિકલેન્દ્રિયો, પંચેન્દ્રિય તિર્યંચો વગેરે નિર્જરાના સૂક્ષ્મ પુદ્ગલોને જાણતા નથી, દેખતા નથી.

## બંધ માટેની વક્તવ્યતા :

માકંદીપુત્ર મુનિના પૂછવાથી ભગવંતે કહ્યું કે, ' બંધના બે પ્રકાર છે. ' ( ૧ ) દ્રવ્યબંધ અને ( ૨ ) ભાવબંધ.

સ્નેહપાશ આદિથી અથવા દ્રવ્યોનો અન્યોન્ય બંધ થાય તે દ્રવ્યબંધના પ્રયોગ અને વિસ્રસારૂપે બે ભેદ જાણવા. દોરડી આદિના પ્રયોગથી જે બંધ થાય તેને પ્રયોગબંધ કહેવાય છે અને સ્વાભાવિકરૂપે વાદળા આદિના બંધને વિસ્રસાબંધ કહ્યો છે. તેમાંથી વિસ્રસાના સાદિક અને અનાદિક બે ભેદ છે. વાદળા આદિનો સાદિકબંધ છે અને ધર્માસ્તિકાયાદિનો પરસ્પરનો બંધ અનાદિનો છે.

પ્રયોગબંધ પણ શિથિલ અને ગાઢરૂપે બે પ્રકારનો છે. ભાવબંધના બે પ્રકાર છે. મૂળ પ્રકૃતિબંધ અને બીજો ઉત્તર પ્રકૃતિબંધ. મિથ્યાત્વાદિના કારણે જીવ સાથે જે કર્મોનો બંધ થાય છે તે ભાવબંધ કહેવાય છે.

નારકોથી યાવત્ વૈમાનિક સુધીના દંડકોમાં બંને બંધ જાણવા. મૂળ અને ઉત્તરકર્મ પ્રકૃતિઓનું જ્ઞાન કર્મગ્રન્થાદિથી જાણી લેવું.

## પાપ કર્મોમાં ભેદની વક્તવ્યતા :

માકંદીપુત્ર મુનિએ પૂછ્યું કે હે પ્રભો ! જીવે બાંધેલા,

વર્તમાનમાં બંધાતા અને ભવિષ્યકાળમાં બંધાશે તે ત્રણે કાળોના કર્મોમાં શું ભિન્નતા છે?

પરમાત્માએ 'હા'માં જવાબ આપતા કહ્યું કે જેમ કોઈ માણસ ધનુષ્યને હાથમાં લે છે, બાણ તેના પર મૂકે છે, દોરી કાન સુધી ખેંચે છે અને ઉપર જોઈને બાણ ફેંકે છે, હવે આકાશ તરફ જતાં તે બાણની પહેલા સમયની ક્રિયામાં જે ભેદ છે તેનાં કરતાં બીજા સમયમાં યાવત્ છેલ્લા સમયની ક્રિયામાં ફેરફાર સ્પષ્ટ દેખાય છે, તેવી રીતે જીવોના પ્રતિસમયના અધ્યવસાયો ભિન્ન ભિન્ન હોવાથી તેમનાં પાપકર્મો પણ ભિન્ન ભિન્ન હોય તે સ્વાભાવિક છે.

## નારકોની આહાર વક્તવ્યતા :

પૂછાયેલા પ્રશ્નના જવાબમાં ભગવંતે કહ્યું કે નારક જીવો જે પુદ્ગલોને આહાર માટે સ્વીકારે છે, તેમાંથી અસંખ્યાત ભાગરૂપે તેમનો આહાર કરે છે અને અનંત ભાગરૂપ પુદ્ગલોને છોડી દે છે. સારાંશ કે ગ્રહણ કરેલા બધા પુદ્ગલોનો આહાર કરી શકતા નથી.

વૈમાનિક દેવો પણ ગ્રહણ કરાયેલા પુદ્ગલોમાંથી અસંખ્યાતમાં ભાગ ગ્રહણ કરે છે અને અનંતમો ભાગ છોડી છે.

શતક ૧૮ નો ઉદ્દેશો ત્રીજો પૂર્ણ.

# શતક ૧૮ મું : ઉદ્દેશક–૪

## જીવના પરિભોગમાં શું શું આવે ?

રાજગૃહી નગરીમાં ગૌતમસ્વામીએ પૂછ્યું કે, હે પ્રભો!

(૧) પ્રાણાતિપાત, મૃષાવાદ યાવત્ મિથ્યાત્વશલ્ય.

(૨) પ્રાણાતિપાત વિરમણ યાવત્ મિથ્યાદર્શનશલ્ય વિરમણ.

(૩) પૃથ્વીકાયિક જીવો યાવત્ વનસ્પતિકાયિક જીવો.

(૪) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય.

(૫) સિદ્ધના જીવો.

(૬) પરમાણુ પુદ્ગલ.

(૭) શૈલેશિ પ્રાપ્ત અણગાર.

(૮) વિકલેન્દ્રિય જીવો.

ઉપર પ્રમાણેના આઠ સંખ્યકોમાં જે જીવરૂપ છે, અજીવરૂપ છે, તે તે બધાએ શું જીવના પરિભોગમાં આવે છે? એટલે કે આ બધાઓનો પરિભોગ જીવાત્મા કરી શકે છે?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ! તેમાંના કેટલાક જીવના પરિભોગમાં આવે છે અને કેટલાક નથી આવતા. કારણ આપતાં કહ્યું કે પ્રાણાતિપાતાદિ યાવત્ મિથ્યાત્વશલ્ય વિરમણ તત્ત્વો જીવના શુદ્ધ સ્વભાવરૂપ હોવાથી ચારિત્રમોહનીય કર્મોદયના કારણભૂત કે કાર્યભૂત નથી. આ કારણે કોઈપણ જીવના પરિભોગમાં આવતા નથી. ધર્માસ્તિકાયાદિ ત્રણે તત્ત્વો સર્વથા અમૂર્ત હોવાથી, પુદ્ગલ પરમાણુ સૂક્ષ્મ હોવાથી કોઈના પરિભોગમાં આવી શકે તેમ નથી. તથા શૈલેશિ પ્રાપ્ત અણગાર

અને સિદ્ધ જીવ તે સમયે કોઈને પણ ઉપદેશ દ્વારા પ્રેરણાદિ કરતા ન હોવાથી પરિભોગ્ય નથી માટે જીવના પરિભોગમાં આવતાં નથી.

જ્યારે પ્રાણાતિપાત, મૃષાવાદ યાવત્ મિથ્યાત્વશલ્ય જીવના અશુદ્ધ સ્વભાવરૂપ હોવાથી, જે સમયે કોઈ પણ જીવ પ્રાણાતિપાત, મૃષાવાદ યાવત્ મિથ્યાત્વશલ્યાદિ અઢારે પાપોનું સેવન કરે છે ત્યારે તે જીવને ચારિત્રમોહનીય કર્મનો ઉદય હોય છે. આ કારણે પ્રાણાતિપાતાદિ જીવના પરિભોગમાં આવે છે.

જનક અને જન્મ સ્થાને રહેલ ભવભવાંતરના કરેલા ચારિત્રમોહનીય કર્મના કારણે જીવો હિંસા, જૂઠ, ચોરી, પરસ્ત્રીગમન, પરિગ્રહની માયા, ક્રોધાદિ કષાયો–રાગ, દ્વેષ, પૈશૂન્ય, પરપરિવાદ, અભ્યાખ્યાન, માયા મૃષાવાદાદિ પાપો કરે છે અને તે પાપો કરવાથી જીવ ફરી ફરીને ચારિત્ર મોહનીય કર્મને ઉપાર્જન કરે છે. માટે પ્રાણાતિપાતાદિ જીવના પરિભોગમાં આવે છે.

સ્થાવર જીવોનો પરિભોગ સર્વથા સૌ કોઈને સ્પષ્ટ છે. જેમકે રહેવાને માટે હાટ–હવેલી, માટલા, પત્થર, હીરા, સુવર્ણ, ચાંદી, તાંબા–પીત્તળ આદિ જે કામમાં આવે છે તે અને બીજા પણ અસંખ્ય પદાર્થો પૃથ્વીકાયિક જીવોના કલેવર છે.

કુવા–વાવડી–નળ કે વર્ષાદિ આદિ દ્વારા અપ્કાયિક જીવોનો પરિભોગ થાય છે. જે વડે સ્નાન, રસોઈ, કપડા ધોવા, મકાન ધોવા, વાસણ માંજવા આદિ ક્રિયાઓમાં તે જીવોનો પરિભોગ જીવ માત્ર કરી રહ્યો છે.

ચૂલા, સગડી, પ્રાઈમસ કે ગેસ આદિથી ઉત્પાદિત અગ્નિકાયિક જીવોનો પરિભોગ સ્પષ્ટ છે.

વિજળી, પંખા, હાથના પંખા કે રૂમાલવડે વાયુકાયિક જીવોનો પરિભોગ થાય છે.

ઘઉં, ચણા, બાજરી, મકાઈ, મગ, મઠ, ચણા, ચવલા, ચોખા, ભાજીપાલો, શાક, ફ્રુટ આદિ તથા રહેવા માટેના મકાનમાં બારી-બારણા તથા ખુરશી-ટેબલ-સોફા, પાટ-પાટલા આદિ અને પહેરવા માટે સુતરાઉ કપડા માત્રમાં વનસ્પતિકાયિક જીવોનો પરિભોગ કોઈનાથી પણ નકારી શકાય તેમ નથી. પહેરવાના કપડાં-મોજા-ગંજી આદિરૂપે વપરાતા કપડાંઓમાં 'રૂ'નો ઉપયોગ થાય છે જે વનસ્પતિકાય સિવાય ક્યાંય પણ આકાશમાંથી પડતા કોઈએ જોયા નથી કે અનુભવ્યા નથી. પુસ્તક-પાના, પૂંઠા આદિમાં પણ પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે વનસ્પતિકાયના જ પુદ્ગલો હોય છે. ઈત્યાદિ અસંખ્ય પ્રકારે જીવ માત્રને પૃથ્વીકાયિક જીવોનો કે તેમનાં કલેવરોનો પરિભોગ સ્પષ્ટ છે અને સર્વથા અનિવાર્ય છે. તે વિના જીવને જીવતા રહેવામાં ઘણી મુશ્કેલીઓ છે અથવા વિના મોતે મર્યા વિના છુટકારો નથી.

નોંધ :-મનુષ્ય જાતિના પુણ્યને આધીન થઈને 'પ્રકૃતિ' જ્યારે આટલી બધી ઉદાર છે, જીવનોપયોગી બધી વસ્તુઓને સમયે સમયે હાજર કરે છે; ત્યારે માણસ પણ ખરા અર્થમાં માણસ બનીને, માનવતાનો વિકાસ સાધીને, બીજા માનવો પણ મારા ભાઈઓ છે તેમ સમજી દયાભાવ કેળવીને પરિભોગમાં આવનારી વસ્તુઓ પ્રત્યે નિધ્ર્વંસભાવ-નિર્દયભાવ કે રાક્ષસીય ભાવોનો ત્યાગ કરી અનિવાર્ય રૂપે જ તે વસ્તુઓનો પરિભોગ કરે તો સંસારમાં અમૃત તત્વના પ્રસારણમાં કે મૈત્રીભાવની સાધનામાં ક્યાંય વાંધો આવે તેમ નથી. જેમકે:—

(૧) પોતાના કુટુંબના પોષણ કે રક્ષણ માટે બે–ત્રણ–ચાર–કમરાનું મકાન યદિ તમારી પાસે હોય તો બીજા મકાનો માટે ઝંખના કરીને માનવ જાતમાં વૈષમ્યવાદ વધારવાનું નિરર્થક પાપ શા માટે કરવાનું ?

(૨) બે–ત્રણ લોટા કે એક ડોલ પાણીથી તમારૂં સ્નાન પતી જતું હોય તો નળના નીચે કલાક–બે કલાક બેસવાની શી જરૂર છે ? ઉપયોગ વિના પણ નળને ઉઘાડો મૂકીને પાપના પોટલા તમારા માથા ઉપર શા માટે લો છો ?

અગ્નિકાય કે વાયુકાયનો ઉપયોગ યદિ મશ્કરી કે મોજ શોખ ખાતર કરવા ગયાં તો નિરર્થક થતી તે જીવોની હત્યાથી તમારો આત્મા ભારી બન્યા વિના શી રીતે રહેશે ?

વનસ્પતિ કાય પ્રત્યે મર્યાદા છોડી દેવામાં તમે કેટલા નુકશાનમાં ઉતરશો તેની ગણતરી કોઇ દિવસે પણ ગુરૂ મહારાજો પાસે બેસીને કરી લેશો ?

આ કારણે જ ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે ભાવ દયાપૂર્વક અનિવાર્ય પદાર્થોનો પરિભોગ કરવો પડે તે વાત જુદી છે પરંતુ નિર્ધ્વંસ પરિણામવાળા થઇને યદિ સંસારમાં રહેશો તો પગલે પગલે પાપ છે. જેથી ભવાંતર બગડ્યા વિના રહેશે નહી.

## કષાયોની નિર્જરા માટેની વકતવ્યતા

હે પ્રભો ! કષાયોની સંખ્યા કેટલી છે ?

જવાબમાં ભગવંતે ક્રોધ–માન–માયા અને લોભ નામે ચાર કષાયો કહ્યાં છે અને તત્સંબંધીની શેષ વાત પ્રજ્ઞાપના સૂત્રનું

ચૌદમું કષાયપાદ જોવા માટેની ભલામણ કરી છે. ત્યાં કષાયોના ભેદાનુભેદ બતાવી દીધા પછી આઠ કર્મોના ભૂત–ભવિષ્ય અને વર્તમાનકાળનો આશ્રય કરી તેમનો ચય–ઉપચય બંધ ઉદીરણા–વેદન અને નિર્જરા શબ્દોનું આયોજન કરી તેમનાંથી થતાં આલાપકો આ પ્રમાણે સમજવાં.

ચારે કષાયોના કારણે જીવો આઠે કર્મોનો ચય કરે છે, કર્યો છે અને કરશે.

ઉપચય કરે છે, ઉપચય કર્યો છે અને ઉપચય કરશે.

બંધન કર્યું છે, બંધન કરે છે અને કરશે.

ઉદીર્ણ કર્યા છે, કરે છે અને કરશે.

વેદન કર્યું છે, કરે છે અને કરશે.

તેવી રીતે નિર્જરણ કર્યું છે, કરે છે અને કરશે.

વૈમાનિકો માટે પણ ઉપર પ્રમાણે જાણવું. નારકોને આઠે કર્મોનો ઉદય રહે છે અને ઉદિત કર્મો નિર્જરાને પામે છે.

સારાંશ કે જીવમાત્રને સત્તામાં રહેલા અને ગમે તે કારણે કે પોતાની મેળે ઉદયમાં આવેલા ચારે કષાયો વેદાઇને નિર્જીર્ણ થશે. એટલે ઉદયમાં આવેલા કર્મો નિર્જીર્ણ થાય છે. આ પ્રશ્નોત્તરનો આટલો જ ખુલાસો અને સાર છે કે પ્રવાહબદ્ધ કર્મો પ્રતિ સમયે ઉદયમાં આવે છે અને નિર્જરા પામીને આત્મપ્રદેશથી છુટા પડે છે. તે સમયે જીવાત્માને યદિ મોહ–મિથ્યાત્વ માયા કે સંસાર પ્રત્યેનો રાગ રહેશે તો પહેલાના ઉદયમાં આવેલા કષાયો નાશ પામશે પણ બીજા ભયંકર કર્મો પણ બંધાવવાની લાયકાત ઉભી કરીને સમાપ્ત થશે.

## યુગ્મો કેટલા છે ?

જવાબમાં ભગવંતે ચાર યુગ્મો કહ્યાં છે તે આ પ્રમાણે- કૃતયુગ્મ, ત્ર્યોજયુગ્મ, દ્વાપરયુગ્મ અને કલ્યોજયુગ્મ.

આ ચારે પારિભાષિક શબ્દો હોવાથી યુગ્મ અને ઓજનો અર્થ સંખ્યાવાચક જાણવો. અન્યથા ગણિત શાસ્ત્રમાં યુગ્મ એટલે સમસંખ્યા ( બેકી સંખ્યા ) અને ઓજ એટલે વિષમ એકી સંખ્યા થાય છે.

આ પ્રશ્નોત્તરમાં બંને સંખ્યાવાચક છે. ભાવાર્થ આ પ્રમાણે છે.

સંખ્યા ચાહે લખી શકાય કે ન લખી શકાય તેટલી હોય પણ જેમાંથી ચાર-ચારની સંખ્યાને કમ કરતાં શેષ ચાર રહેવા પામે તે કૃતયુગ્મ કહેવાય છે. જેમ ૧૬-૩૨-૬૪-૧૨૮ આદિથી લઈ પલ્યોપમ કે સાગરોપમ પણ હોય પણ શરત એટલી જ છે કે તેમાંથી ચાર ચાર સંખ્યાને બાદ કરતાં શેષમાં ચારની સંખ્યા રહેવી જોઇએ.

ઉપર પ્રમાણે જ ચાર ચારને ઓછા કરતાં શેષ ત્રણ રહે તો તે ત્ર્યોજ કહેવાશે જેમ ૧૫-૧૯-૨૩-૨૭ આદિ.

શેષ બેની સંખ્યા રહેતો તે દ્વાપરયુગ્મ કહેવાય છે. જેમ ૬-૧૦-૨૨ આદિ.

એક શેષ રહે તો કલ્યોજ કહેવાશે જેમ ૧૩-૧૭ આદિ. આ કારણે મેં કહ્યું કે આ ચારેને સંખ્યાવાચક સમજવા.

## નારકો શું કૃતયુગ્મ છે ?

જઘન્ય, ઉત્કૃષ્ટ અને મધ્યમની અપેક્ષાએ ભગવંતે કહ્યું

કે જઘન્ય પદે નારકો કૃતયુગ્મ છે. ઉત્કૃષ્ટ પદે ત્ર્યોજ રાશિ છે. અને મધ્યમપદે ચારે રાશિવાલા છે.

અસુરકુમારોથી સ્તનિત દેવોને પણ ઉપર પ્રમાણે જાણવા.

વનસ્પતિકાયિક જીવો જઘન્યપદથી સામાન્યરૂપે અપદ છે અને નિયત સંખ્યા હોવાથી ઉત્કૃષ્ટ પદે પણ અપદ છે. કેમકે પરંપરા સંબંધથી વનસ્પતિકાયિકો મોક્ષમાં પણ જાય છે માટે જઘન્ય અને ઉત્કૃષ્ટપદની સંભાવના નથી કેમકે નિયત સંખ્યારૂપ જઘન્યપદ અને ઉત્કૃષ્ટપદ કાળાંતરમાં પણ નારકાદિમા સંભવે છે, પરંતુ વનસ્પતિકાયિક જીવો હંમેશાં અનંતરાશિ રૂપે રહે છે માટે તેઓની સંખ્યા અનિયત હોવાથી જઘન્ય અને ઉત્કૃષ્ટ પદે હોતા નથી. તેથી આ અપેક્ષાએ તેમને અપદ કહ્યાં છે. પરંતુ મધ્યમપદે તો તેમનો ચારે રાશિમાં સમાવેશ થઇ શકશે.

બેઇન્દ્રિય જીવો અત્યંત સ્તોક હોવાથી જઘન્યપદે કૃત યુગ્મ છે, ઉત્કૃષ્ટપદે દ્વાપર યુગ્મ રાશિ રૂપે છે અને મધ્યમપદે ચારે રાશિમાં છે. ત્રણ અને ચાર ઇન્દ્રિયો જીવો માટે પણ ઉપર પ્રમાણે જાણવું. જ્યારે વનસ્પતિને ત્યાગીને શેષ સ્થાવરો બેઇન્દ્રિય જેમ જાણવા. શેષ નારકોની જેમ.

અંધકનો અર્થ વૃક્ષમાં રહેલો બાદર અગ્નિકાય જાણવો અને સૂક્ષ્મ નામકર્મના કારણે અલ્પાયુષ્યવાળા પણ છે.

આ પ્રમાણે ભગવંતની વાણી સાંભળીને ગૌતમસ્વામી પ્રસન્ન થયે છતે. ધ્યાનાવસ્થામાં લીન થયાં.

**શતક ૧૮ નો ઉદ્દેશો ચોથો પૂર્ણ.**

# શતક ૧૮ મું : ઉદ્દેશક–૫

## એક વિમાનમાં બે દેવોની વચ્ચે સુંદરતાદિમાં ફરક શા માટે ?

હે પ્રભો ! એક જ અસુરકુમારાવાસમાં બે દેવો ઉત્પન્ન થયાં હોય તેમાંથી એક દેવ સુંદર અને ક્ષણે ક્ષણે બીજાને જોવા લાયક હોય છે જ્યારે બીજો દેવ સાધારણ અને અશોભનીય હોય છે તેમાં કારણ શું છે ? દેવલોક એક છે છતાં દેવોમાં ફરક કેમ ?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! દેવગતિમાં ઉત્પન્ન થનારા દેવો બે પ્રકારના હોય છે. અને તે સ્થાનને પ્રાપ્ત કરતાં પહેલા પણ તેમનાં જીવન–ભાષા–વ્યવહાર જુદા જુદા હોવાથી બંધાયેલા પુણ્ય કર્મમાં પણ તફાવત હોય છે.

(૧) અમાયી સમ્યગ્દૃષ્ટિ સમ્પન્ન.

(૨) માયા મિથ્યાદૃષ્ટિ સમ્પન્ન.

પહેલો દેવ સરળતા અને સમ્યગ્દર્શનની આરાધનાથી બાંધેલું તીવ્ર રસવાળું વૈક્રિય નામકર્મ અને બીજાએ શઠતા આદિ માયા મિથ્યાદર્શનના સેવનથી બાંધેલું મંદ રસવાળું વૈક્રિય નામકર્મ. આ પ્રમાણે બંને દેવોના નિમિત્તો જુદા જુદા હોવાથી બંનેના પુણ્ય કર્મોમાં પણ ફરક પડશે કેમકે સમ્યગ્દર્શનની હાજરીમાં અશુભ કર્મોને બાંધવાની લાયકાત ન હોવાથી તે સાધકનું જીવન અહિંસક, સંયમી અને તપોધર્મ યુક્ત હોય છે. તેવી અવસ્થામાં અસંખ્યાતા અને અનંત જીવોને

અભયદાન દેવાવાળો, દાન કરનારો અને તપોધર્મની આરાધના કરવાવાળો હોવાના કારણે જીવ માત્રનો મિત્ર બનશે અને જે ઘણા જીવોનો મિત્ર હોય છે. તેની પાસે જ રમણીયતા, દર્શનીયતા, પ્રશંસનીયતા હોય છે. માટે પહેલા દેવની બાહ્ય અને આભ્યંતર સુંદર હોય છે. જ્યારે મિથ્યાદર્શની આત્મા પાસે પાપમાર્ગોને કંટ્રોલ કરવાપણું ન હોવાથી સ્વાભાવિક છે તેનું બાહ્યજીવન અને આંતરજીવન હિંસક, દુરાચારી અને ભોગવિલાસી હોય છે. ફળ સ્વરૂપે ઘણા જીવોનું હનન કાર્ય કરતો હોવાથી ભવાંતરમાં મળનારી સંપત્તિઓ પણ ઓછા તેજવાળી બીજાને જોવી ન ગમે તેવી અલ્પ માત્રામાં મળે છે. આ પ્રમાણે ગૌતમ! પહેલા નંબરનો દેવ જ્યારે આભૂષણો, વસ્ત્રો આદિને ધારણ કરે છે ત્યારે તે સૌને માટે દર્શનીય અને પ્રશંસનીય બને છે. વ્યવહારમાં પણ એક ભાગ્યશાળીના શરીર પર રહેલાં વસ્ત્રો, ભૂષણો અને ચશ્મા, ઘડીયાળ આદિ શોભી ઉઠે છે અને તેજ કે તેના જેવી વસ્તુઓ બીજાના શરીર પર ફીટ થતી નથી. માટે તેને જોવા માટે કોઈ તૈયાર નથી.

પુણ્ય અને પાપના આ ચમકારા આપણાં જીવનની પ્રત્યેક પળમાં અનુભવાઈ રહ્યાં છે. માટે જૈન શાસને કહ્યું કે હે ભાગ્યશાલિન! જ્યાં સુધી તમારા જીવનમાં પાપ માર્ગો બંધ થયા નથી ત્યાં સુધી પુણ્યમાર્ગોને કોઇ કાળે છોડશો નહી. ઉપર પ્રમાણેની વાત નાગકુમારના બે દેવો માટે યાવત્ સ્તનિતકુમાર દેવો સુધી જાણવું.

## બે નારકોની ગુરૂકર્મિતા શા કારણે ?

એક જ નરકાવાસમાં ઉત્પન્ન થયેલા બે નારકોમાંથી એક નારક જીવ મહાકર્મી અને મહાવેદના ભોગવતો હોય છે અને

બીજો અલ્પકર્મી અને અલ્પવેદનાવાળો હોય છે આમ શા માટે ?

કારણમાં કહેવાયું છે કે પહેલો નારક માયા મિથ્યાદૃષ્ટિ સંપન્ન થઇને ઉત્પન્ન થયો છે અને બીજો અમાયી સમ્યગ્દૃષ્ટિ સમ્પન્ન થઇને અવતર્યો છે. આજે પણ આપણે સંસારના માનવોને પ્રત્યક્ષ કહી રહ્યાં છીએ કે, દેવ દુર્લભ મનુષ્યાવતાર મેળવીને પણ તેમનાં જીવનમાં સમ્યક્ત્વનો પ્રકાશ ન હોવાથી તેઓ મોહ, માયા અને મિથ્યાત્વના ઘોર અંધકારમાં ભયંકરમાં ભયંકર ગુપ્ત કે અગુપ્ત પ્રકારે પાપ કર્મો સેવી રહ્યાં છે. બીજાને પણ પ્રેરક બને છે અને બીજાના પાપો જોઇને રાજી રાજી થઇ રહ્યાં છે. જ્યારે બીજા માનવે સમ્યક્ત્વનો પ્રકાશ મેળવેલો હોવાથી ઘર સંસારમાં રહેવા છતાં પણ ઉદાસીનભાવે, ન છુટકે કરવું પડે છે તેમ સમજીને કરશે, કરાયેલા કર્મોની માફી માગશે. આ કારણે હે ગૌતમ ! બંધાયેલા પાપકર્મોમાં ફરક પડવાથી પહેલો નારક મહાકર્મી અને મહાવેદના ભોગવનારો અને બીજો અલ્પકર્મી અને અલ્પવેદનાને ભોગવનારો બને છે.

અસુરકુમારો માટે પણ ઉપર પ્રમાણે જાણવું. મિથ્યાદૃષ્ટિ સમ્પન્ન અસુરકુમાર દેવલોક પામીને પણ મહાકર્મી, મહા-આશ્રવવાળો અને મહાવેદનાને ભોગવતો પોતાનું આયુષ્ય પૂર્ણ કરે છે. જે સમ્યક્ત્વ સમ્પન્ન હશે તે અસુરકુમાર અલ્પકર્મી યાવત્ અલ્પવેદનાવાળો હોય છે.

એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવો મિથ્યાદૃષ્ટિ જ હોય છે.

## ઉત્તર સમયમાં મરતો નારક કયું આયુષ્ય ભોગવશે ?

પ્રશ્નનો આશય એ છે કે અત્યારના સમયનો નારક જીવ

જે પછીના બીજા જ સમયે મરણ પામી તિર્યંચ અવતાર લેવાનો હોય તે એમાંથી કઇ ગતિનું આયુષ્ય ભોગવશે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે બીજા સમયે મરનારો નારક એના પહેલાના સમયમાં નારક આયુષ્ય ભોગવી રહ્યો છે અને તિર્યંચ આયુષ્યને ઉદયાભિમુખ કરે છે. સારાંશ કે નરકના જીવને પહેલા સમયે મૃત્યુ પહેલા નરકાયુષ્યનું સંવેદન છે અને બીજા સમયે જે સ્થાને જવાનું છે ત્યાનું આયુષ્ય ઉદયમાં આવવાની તૈયારીમાં છે.

આ રીતે મનુષ્ય માટે પણ જાણવું.

અસુરકુમારો પણ દેવાયુષ્યનું વેદન કરે છે અને ચ્યવીને પૃથ્વીકાયમાં જવાનો હોય તો ત્યાનાં આયુષ્યને ઉદયાભિમુખ કરે છે. વૈમાનિકો માટે પણ આજ રીતે જાણવું.

પૃથ્વીકાયિક તે ચાલુ ભવનું આયુષ્ય ભોગવે છે અને મરીને પુનઃ પૃથ્વીકાયમાં જવાનું હોય તો ત્યાંના પર્યાયનું આયુષ્યકર્મ ઉદયાભિમુખે કરે છે.

મનુષ્ય પણ ગ્રહણ કરેલા ભવનું આયુષ્ય ભોગવે છે અને બીજા સમયે પુનઃ ત્યાં જ જન્મવાનો હોય તો તે આયુષ્યને ઉદયાભિમુખ કરે છે.

## અમુક દેવ ઇચ્છા પ્રમાણે વિકુર્વણા કેમ કરી શકતો નથી ?

એક અસુરકુમાર પોતાની ઇચ્છા પ્રમાણેની સુન્દર વિકુર્વણા કરે છે જ્યારે બીજો અસુર તે જ દેવાવાસમાં રહેતો હોવા છતાં પણ તેમ કરી શકતો નથી.

જવાબમાં ભગવંતે કહ્યું કે અસુરકુમારો માયામિથ્યાદૃષ્ટિ સમ્પન્ન અને અમાયી સમ્યગ્દૃષ્ટિ સમ્પન્ન એમ બે જાતના છે. આમાંથી પહેલા નંબરના આસુરદેવોનું પુણ્યકર્મ ઘણું ઓછું હોવાથી હજાર પ્રયત્ન કરવા છતાં પણ સારામાં સારા રૂપોની વિકુર્વણા કરી શકવાને માટે સમર્થ થતો નથી. બીજાના દેખાદેખી સારૂં કરવા જાય છે તો પણ વિકુર્વણામાં ક્યાંય વક્રતા–ક્યાંય કદ્રૂપતા આવ્યા વિના રહેતી નથી. વ્યવહારમાં પણ આપણે જોઈએ છીએ કે એક માણસ સારી રીતે ધોતીયું પહેરવા માટે અને વટદાર પાટલી કરવા માટે ઘણો સમય બગાડે છે તોયે પહેરેલું ધોતીયું ભરવાડ જેવું જ લાગશે. એકની આંખે ચશ્મા એવા ફીટ થાય છે કે બીજાને જોવા ગમે છે ત્યારે બીજા માણસનો ચહેરો જ એવો છે કે ચશ્માની ફ્રેમ ગમે તેવી કિંમતી હશે તોયે તે શોભતી નથી. પ્રત્યુત કદરૂપી લાગશે અને બીજાઓ પરોક્ષમાં પણ હસ્યા વિના તો ન જ રહે.

જ્યારે સમ્યગ્દૃષ્ટિ દેવ ઇચ્છા પ્રમાણે વિકુર્વણા કરી સર્વત્ર શોભનીય બને છે.

**નોંધ :** જેમના આન્તરજીવન કષાયી, વિષયી અને સંસારની માયામાં ગળાડૂબ હોય છે, તેઓ સારૂં કરવા ઇચ્છે છે છતાં તેમના હાથે વિવાહની વરસી થયા વિના રહેતી નથી, ભલું કરવા જતાં વૈર બંધાય છે, કેમકે તેમનાં રોમેરોમમાં પાપ છે. પાપ ભાવનાઓ છે, સ્વાર્થ છે અને માયામિથ્યાત્વ છે માટે સારૂં વિચારવા છતાં પણ સારૂં કરી શકતા નથી. જશ લેવા જતાં પણ અપજશ મળે છે. ભલું કરવા જશે પણ ભાગ્યમાં ભૂંડાઈ જ શેષ રહેશે. કારણ એ છે કે આન્તરજીવન જેવા રંગમાં રંગાયેલું હશે તેમનો સંસાર વ્યવહાર પણ

તેવો જ બનશે. જ્યારે સંસારમાં રહેવા છતાં ભદ્રિક, સરળ અને પવિત્ર ભાવનો માણસ થોડું કરશે પણ જશ ઘણું મેળવશે અને ઇચ્છાથી પણ વધારે પોતાના સંસારમાં સુખ–શાંતિ અને સમાધિ મેળવશે.

માયામિથ્યાત્વનું સેવન કરતાં જેઓ અસુરકુમાર દેવ થયા છે તેમના આત્માની વાસના પણ તેમની સાથે જ ગયેલી હોવાથી દેવલોકમાં સરસતાને મેળવી શકતા નથી. આ કારણે જ જૈનાચાર્યો કહે છે, ઢોલ વગાડીને કહે છે કે–હે માનવો ! તમે તમારા જીવનમાં ક્ષુદ્રતા, વક્રતા, પાપશીલતા, સ્વાર્થાંધતા અને ઉદરભરિતાને કોઈ કાળે કેળવશો નહીં. અન્યથા દેવ જેવા અવતારમાં ગયા પછી પણ તમારૂં આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન તમારો પાલવ છોડે તેમ નથી. એટલે કે આવા પ્રકારની દેવગતિ પાપનું કારણ બનશે. માટે મનુષ્યજીવન જે જંકશન જેવું છે તેને કોઈ કાળે બગાડશો નહીં. જેથી તે પછીના ૫–૨૫ સેંકડો–હજારો–લાખો–કરોડો ભવ બગડવા ન પામે.

**શતક ૧૮ નો ઉદ્દેશો પાંચમો પૂર્ણ.**

# શતક ૧૮ મું : ઉદ્દેશક-૬

## ગોળ આદિમાં વર્ણાદિક કેટલા ?

સૂત્રમાં ફાણિત શબ્દ છે જેનો અર્થ નરમ ગોળ થાય છે. ગૌતમસ્વામી પૂછે છે કે હે પ્રભો ! ગોળ પદાર્થમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ કેટલાં હોય છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! આ પ્રશ્નનો નિર્ણય નિશ્ચય અને વ્યવહાર નયથી કરવાનો રહેશે કેમકે પદાર્થમાત્રનું યથાર્થ જ્ઞાન મેળવવાને માટે બે દૃષ્ટિઓ છે. જેના માધ્યમથી પદાર્થનો નિર્ણય સત્યાર્થ બની શકે છે.

પ્રમાણના એક દેશને નય કહેવાય છે.

પદાર્થમાં એક જ ધર્મ (પર્યાય) રહેતો નથી પણ અનંત ધર્મો વિદ્યમાન હોય છે. તેમાંથી કેટલાક ધર્મો અસ્તિત્વ (વિદ્યમાનતા રૂપે) અને કેટલાક નાસ્તિત્વરૂપે (અવિદ્યમાનરૂપે) રહેલા હોય છે. જ્ઞાયક કેટલાક પર્યાયોનો જ્યારે અસ્તિત્વરૂપે નિર્ણય કરવા માંગે છે ત્યારે તેમાં શંકા પડે અથવા બીજારૂપે તે પદાર્થનો નિર્ણય કરવા ઈચ્છે ત્યારે તે પદાર્થમાં નાસ્તિત્વ રૂપે રહેલા ધર્મો પણ તે જાણવા માંગે છે. કેમકે નાસ્તિત્વ રૂપથી ધર્મોને જાણ્યા પછી જ પોતાના ઇષ્ટ પર્યાયનો નિર્ણય કરવામાં સરળતા રહે છે.

વ્યવહાર દૃષ્ટિને સમાપ્ત કરીને કેવળ નિશ્ચય દૃષ્ટિથી સત્યાર્થ મળતો નથી તેમ નિશ્ચય તરફ સર્વથા આંખ બંધ કરીને વ્યવહાર માત્રથી કે આંખે દેખાવા માત્રથી કરેલો નિર્ણય

પણ સત્ય હોઈ શકતો નથી. કેમકે આંખ પૌદ્દગલિક હોવાથી તેની શક્તિ મર્યાદિત હોય છે.

પ્રશ્નના જવાબમાં સ્યાદ્વાદી ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે નિશ્ચયદૃષ્ટિએ ગોળમાં પાંચે વર્ણ, બે ગંધ–પાંચ રસ અને બાદર સ્કંધ હોવાથી આઠે સ્પર્શ હોય છે. કેમકે સંસાર ભરનો એકેય સ્કંધ કે પરમાણુ વર્ણ–ગંધ–રસ અને સ્પર્શ વિનાનો હોતો નથી. આપણી આંખ કમજોર હોય, મતિજ્ઞાનાવરણીય કર્મની તીવ્રતા હોય અથવા આંખમાં રોગ હોય તો ગોળમાં રહેલા પાંચે વર્ણ ન દેખાય. તે રીતે જીભ, નાક કે સ્પર્શેન્દ્રિયોમાં તે ઇન્દ્રિયાવરણ કર્મો જોરદાર હોય તો પણ પદાર્થમાં રહેલા રસ આદિના નિર્ણયમાં માણસ માત્ર ભૂલ ખાઈ જાય છે તેથી તે દ્રવ્યોમાં રહેલા વર્ણાદિનો અભાવ હોતો નથી.

હવે કેવળ વ્યવહારનયથી તે ગોળ જોવા જઇએ તો બીજા વર્ણાદિ રહેવા છતાં પણ તેના પ્રત્યે ઉપેક્ષા અથવા તે સમય પૂરતી જાણવાની ઇચ્છા ન હોવાથી જ્ઞાયક કેવળ એટલું જ જાણવા માંગે છે કે ગોળ શું મીઠો છે? ત્યારે વ્યવહારનયથી કહેવાશે 'હા' ગોળ મીઠો છે. એનો અર્થ એવો નથી કે ગોળમાં કેવળ મીઠો રસ જ હોય છે? પણ વ્યવહારનયથી મર્યાદા એટલી જ છે કે અનંત પર્યાયોને ગૌણ કરી કેવળ તેમાં મીઠો રસ છે કે નહીં? આટલી જ જાણવાની ઇચ્છા તે જ્ઞાયકમાં છે.

ભ્રમર–ચતુરિન્દ્રિય છે અને વ્યવહારનયે કાળા રંગનો છે જ્યારે નિશ્ચયનયે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શવાળો છે.

હળદર–વ્યવહારનયે પીતવર્ણવાળી છે. નિશ્ચયનયે ઉપર્યુક્ત વર્ણાદિવાળી છે.

શંખ–વ્યવહારનયે શ્વેત છે, માટે શંખ સફેદ, હળદર પીળી, ભ્રમર કાળો, ગોળ મીઠો આમ જે કહેવાય છે તે કેવળ વ્યવહાર નયથી કહેવાય છે, અને લૌકિક ભાષા ( અસત્યા મૃષા ) ખોટી હોતી નથી. જ્યારે નિશ્ચયનયે ઉપર્યુક્ત જાણવી.

સુગંધ દ્રવ્યોથી બનેલ વાસક્ષેપ ( કોષ્ટપુટ ) વ્યવહારે સુગંધ ગુણવાળો અને નિશ્ચયે ઉપર્યુક્ત જાણવો.

મૃતક શરીર–વ્યવહારે દુર્ગંધ અને નિશ્ચયે ઉપર્યુક્ત.

સુંઠ તિક્ત રસવતી અને નિશ્ચયે ઉપર્યુક્ત.

કપિત્થ–કોઠું તુરા રસવાળો, કેરી ખાટી, ખાંડ મીઠી, વજ્ર કર્કશ, માખણ મૃદુ–લોખંડ ગુરૂ, રાખ રૂક્ષ છે. આ બધી ભાષા વ્યવહાર નયે જાણવી.

## પરમાણુ પુદ્ગલમાં વર્ણાદિનું વર્ણન :

હે પ્રભો! પરમાણુ પુદ્ગલમાં વર્ણ–ગંધ–રસ અને સ્પર્શની સંખ્યા કેટલી હોય છે?

જવાબમાં ભગવંતે કહ્યું કે તે પરમાણુમાં પાંચ વર્ણમાંથી એક વર્ણ, બે ગંધમાંથી એક ગંધ, પાંચ રસમાંથી એક રસ અને આઠ સ્પર્શમાંથી બે સ્પર્શ હોય છે, તે આ પ્રમાણે– સ્નિગ્ધ, રૂક્ષ, શતિ અને ઉષ્ણ. આ ચારે સ્પર્શમાંથી પરમાણુમાં

વિરૂદ્ધ સ્પર્શને છોડી જેમકે જે પરમાણુમાં સ્નિગ્ધત્વ હોય તેમાં રૂક્ષત્વ અને જેમાં શીતત્વ હોય તેમાં ઉષ્ણત્વ હોતું નથી માટે બે સ્પર્શ કહ્યાં છે.

દ્વિપ્રદેશિક સ્કંધ માટે કહ્યું કે તેમાં કદાચ એક વર્ણ કે બે વર્ણ હોય છે. કેમકે બે પરમાણુના સંબંધથી બનેલા સ્કંધમાં સમાન જાતિના બે પરમાણુ હોય તે અપેક્ષાએ એક વર્ણ અને વિભિન્ન જાતિના હોય ત્યારે બે વર્ણ પણ તેમાં રહે છે.

આ પ્રમાણે આગળ માટે પણ જાણવું જે મૂળ સૂત્રમાં સ્પષ્ટ છે.

શતક ૧૮નો ઉદ્દેશો છઠ્ઠો પૂર્ણ

# શતક ૧૮ મું : ઉદ્દેશક–૭

## યક્ષાવેશમાં કેવળી શું મૃષાભાષા બોલે ?

રાજગૃહી નગરીમાં સમવસરણસ્થ ભગવાન મહાવીરસ્વામીને ગૌતમસ્વામી પૂછે છે કે હે પ્રભો! બીજા મતવાળાઓને એમ કહેતા સાંભળ્યા છે કે 'કેવળીના શરીરમાં યક્ષનો આવેશ થતાં મૃષા અને સત્યામૃષા નામની બે ભાષા પણ બોલે છે.' મતલબ કે કેવળજ્ઞાન થયા પછી કેવળીના શરીરમાં યક્ષ (દેવ વિશેષ) પ્રવેશ કરે છે ત્યારે યક્ષના કારણે કેવળી પણ મૃષા એટલે જૂઠી ભાષા અને સત્યામૃષા એટલે સાચી ખોટી વાતો પણ કરે છે. તો તે લોકોનું ઉપર પ્રમાણેનું બોલવું શું વ્યાજબી છે? અર્થાત્ તેઓ જે કહે છે તે સાચું છે? આમાં સત્યાર્થ શું છે? તે આપશ્રી શ્રીમુખે ફરમાવો.

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ! તેઓનું આ કથન સત્ય નથી. કેમકે કેવળી ભગવંતને કોઈ કાળે પણ યક્ષ, ભૂત કે પ્રેત સતાવી શકતો નથી માટે હે ગૌતમ! કેવળીઓ હર-હાલતમાં પણ મૃષા કે સત્યામૃષા ભાષા બોલતા નથી. પણ સત્યાભાષા અને અસત્યામૃષા ભાષા જ બોલનારા છે.

નોંધ : 'सति कारणे कार्योत्पत्तिः" આ ન્યાયે કારણોની વિદ્યમાનતા હોય ત્યારે જ કાર્યોત્પતિ થાય છે. જૂઠી ભાષા કે કાંઇક સાચી અને કાંઇક જૂઠી ભાષા બોલવામાં મૂળ કારણ મોહનીયકર્મ કામ કરે છે. કેવળીઓનું મોહકર્મ સમૂળ ખાખ થઈ ગયેલું હોય છે એટલે કે મોહકર્મના સંપૂર્ણ મૂળીયા મૂળમાંથી ઉખડી ગયા પછી જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

તે પહેલા સાધક ગમે તેવા પ્રયત્નો કરે તો પણ કેવળજ્ઞાન મેળવી શકતો નથી.

સંસારમાં જૂઠ પ્રપંચના ખેલ તમાશા જે કાંઈ થઈ રહ્યાં છે તે મોહકર્મી આત્માને આભારી છે. ચાહે પુત્ર મોહ હોય, દ્રવ્યનો મોહ હોય, યશકીર્તિનો મોહ હોય, પુત્ર–પરિવાર, ઉજ્વલ વસ્ત્ર પરિધાન કે અપટુડેટ રહેવાનો મોહ હોય તો ઓછે-વત્તે અંશે પ્રકટ કે અપ્રકટરૂપે પણ તે માનવ અસત્ય બોલ્યા વિના કે વ્યવહાર કર્યા વિના રહેતો નથી.

મર્ત્યલોકમાં જન્મેલા મનુષ્યો પણ જો પુણ્યશાળી હશે તો તેમનાં પુણ્યના કારણે પણ યક્ષ ભૂતાદિકો કાંઈ પણ કરી શકતા નથી તો પછી પુણ્યકર્મની સીમા જ્યાં સમાપ્ત થઈ ગઈ હોય તેવા કેવળીને યક્ષાવેશ હોઈ શકતો નથી. પ્રત્યુત દેવ "कोडिसय सथुअ" હર પળે કરોડ કરોડ દેવો જેમાં ભૂતો, યક્ષો, પિશાચો, કિન્નરો, ભૂતણી, ડાકણીઓ, પિશાચણીઓ ઉપરાંત સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારાઓ, ઇન્દ્રો, બ્રહ્મલોક દેવો હંમેશા ઉભા પગે તીર્થંકર દેવોની સેવામાં હાજર હોય છે, જેમાંથી કેટલાય દેવો તો રસ્તાના કાંટા–કાંકરા અને મોટા પત્થર આદિને દૂર કરે છે. કેટલાક દેવો તે રસ્તે સુગંધી પાણી છાંટે છે, કેટલાક રસ્તાની દુર્ગંધને દૂર કરી ધૂપદાણા આદિથી તે પ્રદેશોને સુગંધમય બનાવતા હોય છે, જ્યારે બીજા દેવો ઢોલ, નગારા, વાંસળીઓ આદિ વાજિંત્રોના સંગીત કરનારા, કેટલાક નૃત્ય કરનારા, આદિ દેવદુંદુભીના નાદ વડે ચરાચર સંસારને કહેતા હોય છે–જગાડતા હોય છે કે હે માનવો! "भो भो प्रमादमवधूय भजध्वमेनम्" તમે જાગો, રજાઈ,

ગાદલાનો મોહ છોડો અને તીર્થંકર દેવોના ચરણોમાં આવીને તેમની સેવા કરી માનવજીવનનો લાભ મેળવો.

## ઉપધિ કેટલા પ્રકારે છે?

ગૌતમસ્વામી પૂછે છે કે હે પ્રભો! ઉપધિ કેટલા પ્રકારે છે?

જવાબમાં પરમાત્માએ કહ્યું કે હે ગૌતમ! ઉપધિ ત્રણ પ્રકારે છે તે આ પ્રમાણે. કર્મોપધિ, શરીરોપધિ અને બાહ્યોપધિ.

આમાં પહેલી બે આભ્યંતર ઉપધિ છે અને છેલ્લી બાહ્ય ઉપધિ છે. તેની વ્યુત્પતિ આ પ્રમાણે છે. "उपधीयते उपष्टभ्यते आत्मा येन स उपधिः" આત્મા જેનાથી સ્થિર થાય, કરાય તેને ઉપધિ કહે છે. કર્મોના ભારના કારણે શરીર ઉપધિની જેમ બાહ્ય ઉપધિ પણ માનવને અત્યાવશ્યક એટલા માટે છે કે જે વિના કર્મચક્રમાં ફસાયેલો આત્મા આર્ત્તધ્યાન વિનાનો બની શકતો નથી. સંસારમાં આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ કે જેની પાસે મકાન, વસ્ત્ર, ખોરાક, ભાંડ (વાસણ) કે પુત્ર પરિવાર નથી તે બિચારાઓ ચોવીસે કલાક આર્ત્તધ્યાનમાં ડૂબેલા હોવાથી રોટી, પાણી કે સ્ત્રી-પુત્ર, મકાન, વસ્ત્રાદિ મેળવવાને માટે આકાશ-પાતાળ એક કરી રહ્યાં હોય છે. તેવા જીવો ધર્મધ્યાનથી શી રીતે બચી શકવાના હતાં? મનને સ્થિર શી રીતે રાખશે?

આનાથી વિપરિત પુણ્યાનુબંધી પુણ્યના માલિકોને પણ આપણે જાણીએ છીએ કે તેઓ બાહ્ય સાધનોને મેળવ્યા પછી ગુરૂઓ પ્રત્યે શ્રદ્ધા રાખીને ઘરમાં દૂધ રોટલા છે છતાં પણ એકાસણુ, આયંબિલ અને ઉપવાસાદિ કરી રહ્યાં છે. ઘરમાં ગાદલા-રજાઇઓ છે તો એ સંવેગપૂર્વક પૌષધ પ્રતિક્રમણ

કરે છે. ગુરૂઓના મુખેથી અરિહંતની વાણી સાંભળી પોતાની જાતને ધન્ય બનાવે છે અને ફરીથી દાન-શિયળ-તપ અને સારા ભાવો વડે ધર્મની આરાધના કરી રહ્યાં છે-કરાવી રહ્યાં છે અને કરવાવાળાઓને સહાયક પણ બને છે. મંદિરો, જીર્ણોદ્ધારો, ઉપાશ્રયો, ઉપધાનો આદિ કાર્યોમાં આગળ પડતો ભાગ લે છે.

જ્યારે પાપાનુબંધી પુણ્યના માલિકો પાસે ઘણું છે છતાં તેમનાં એટલે જ મુનિરાજોને પણ ખાલી હાથે જવું પડે છે ઉપરાંત સરસ્વતી પણ સાંભળવી પડે છે. આ બધું જોયા પછી આવતા ભવમાં આર્તધ્યાન કરવું ન પડે તેટલા પ્રમાણમાં ધર્મધ્યાનની બેંક મજબુત કરી લેવી જોઇએ.

નારકોને મહાભયંકર પાપોદય હોવાથી બાહ્ય ઉપધિનો અભાવ હોય છે. માટે કર્મોપધિ અને શરીરોપધિ જ શેષ છે. એકેન્દ્રિયોને નારકની જેમ સમજવા. શેષ દંડકોને ત્રણે પ્રકારની ઉપધિ જાણવી.

બીજા પ્રકારે એટલે સચિત, અચિત અને મિશ્રરૂપે ઉપધિ ત્રણ પ્રકારે છે. નારકને ત્રણે ઉપધિ કહી છે. જેમકે તેમનું શરીર સચિત ઉપધિ છે. જન્મ સ્થાન અચિત છે અને શ્વાસોશ્વાસ મિશ્ર છે કેમકે શરીર સચિત છે અને શ્વાસોશ્વાસ પૌદ્ગલિક હોવાથી જડ છે. આ પ્રમાણે ૨૪ દંડકો માટે જાણવું.

પરિગ્રહ પણ ત્રણ પ્રકારે છે. કર્મ પરિગ્રહ, શરીર પરિગ્રહ અને બાહ્ય પરિગ્રહ.

## પ્રણિધાન કેટલા પ્રકારે છે ?

ભગવંતે કહ્યું કે મન-વચન અને કાયરૂપે પ્રણિધાનના ત્રણ પ્રકાર છે.

નક્કી કરેલાં આલંબનમાં એકાગ્રતા ધારવી તે પ્રણિધાત છે. નારક, અસુરકુમાર યાવત્ સ્તનિતકુમાર સુધી જીવોને ત્રણે પ્રકારનું પ્રણિધાન જાણવું–સ્થાવરોને કાયપ્રણિધાન, વિકલેન્દ્રિયોને વચન અને કાય. શેષોને ત્રણે જાણવા.

દુષ્પ્રણિધાન પણ એકેન્દ્રિય તથા વિકલેન્દ્રિયોને ક્રમશઃ એક બે અને શેષ જીવોને ત્રણે પ્રકારના છે.

સુપ્રણિધાન, મનુષ્યોને ત્રણે પ્રકારે જાણવું. શેષ ૨૩ દંડકોને સુપ્રણિધાન ન હોવાનું કારણ આપતા કહેવાયું છે કે સર્વવિરતિ અને દેશવિરતિ મનુષ્યને હોવાથી ચારિત્ર છે. ચારિત્રારાધન છે. તે કારણે મનઃશુદ્ધિ હોવાથી સુપ્રણિધાનનો સદ્ભાવ છે.

## મદ્રુક શ્રાવક સંબંધી વક્તવ્યતા અને ચર્ચા :

તે કાળ અને તે સમયમાં રાજગૃહી નામની નગરી હતી, ગુણશિલક નામે ચૈત્ય હતું, તેનાથી વધારે દૂર નહીં અને નજદીક નહીં એવા સ્થાને અન્ય યૂથિકો એટલે બીજા દર્શનને માનનારા પરિવ્રાજકો વગેરે રહેતા હતાં, જેઓ પરસ્પર આ પ્રમાણેની ચર્ચા કરતાં હતાં કે ‘ કેવળજ્ઞાન પામેલા મહાવીરસ્વામી પંચાસ્તિકાયની જે પ્રરૂપણા કરે છે તેને આપણે શી રીતે સાચી માની શકીએ ? આ બધી વાત સાતમાં શતકના દશમાં ઉદ્દેશાની જેમ જાણવી. તે આ પ્રમાણે :–પંચાસ્તિકાયમાંથી ત્રણને અચેતન અને અરૂપી માને છે તથા જીવને સચેતન અને પુદ્ગલને રૂપી માને છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય કોઇને પણ આંખે દેખાતા પદાર્થો નથી માટે તે રૂપી છે ? અરૂપી છે ? આ બધી વાતો સુસંગત શી રીતે થાય ?

તે સમયે રાજગૃહીમાં ' મદ્રુક ' નામે શ્રમણોપાસક એટલે શ્રાવક રહેતો હતો, યાવત્ જીવાદિ તત્વોનો સારો જ્ઞાતા અને જૈન શાસનનો પરમ વફાદાર ભક્ત હતો.

તે જ સમયે પરમપાવની જ્ઞાનરૂપી ગંગામાં જીવ માત્રને પવિત્રતમ બનાવતા ભગવાન મહાવીરસ્વામી ગ્રામાનુગ્રામ વિહાર કરતાં ત્યાં પધાર્યા અને અનેકાનેક દેશોથી, દિશાઓથી જન-સમૂહ પરમાત્માની વાણી સાંભળવા માટે આવ્યો. આ વાત જ્યારે મદ્રુક શ્રાવકે સાંભળી ત્યારે પ્રસન્નચિત્ત થયેલો તે સ્નાન-પાણી કરી વસ્ત્રાલંકાર ધારણ કરી દેવાધિદેવને વંદન–નમન કરવા સમવસરણ તરફ આવવાને માટે ઘરેથી પ્રસ્થાન કર્યું. જ્યાં પરમતાવલંબીઓ પોતાના ઘરેથી બહારના ઓટલે બેઠા હતાં. તેમની નજદીક થઈને જતાં મદ્રુકને જોયા પછી તેઓ તેમની પાસે ગયા અને આ પ્રમાણે બોલ્યા કે હે દેવાનુપ્રિય શ્રાવક ! તમારો ધર્માચાર્ય શ્રમણ મહાવીરસ્વામી જે અસ્તિકાયો માટે વાત કરે છે તે શું સાચી હોઇ શકે ? જવાબમાં શ્રાવકે કહ્યું કે કેટલાક પદાર્થો અદૃશ્ય હોવા છતાં પણ તેમનો અભાવ હોઈ શકતો નથી. જેમ પર્વતની ગુફામાં રહેલો અગ્નિ સૌને માટે અદૃશ્ય ( અતીન્દ્રીય ) છે તો પણ ધૂમાડાથી આપણે અગ્નિનું અનુમાનકરીએછીએ. તેમ ધર્માસ્તિકાયો પોતપોતાના અનુગ્રહાદિ કાર્યોથી અનુમાનિત થાય છે એટલે કે તે પ્રત્યક્ષ ( ચક્ષુગોચર ) ન હોય તો પણ તેમનાં કાર્યોથી તેમના સદ્ભાવની સત્તા માનવામાં વાંધો આવતો નથી.

શ્રાવકે આ વાત આટલી સ્પષ્ટતાથી સમજાવવા છતાં પણ અભિગૃહીત મિથ્યાત્વના કારણે તેઓએ પોતાનો આગ્રહ છોડ્યો નથી. પ્રત્યુત કહે છે કે હે શ્રાવક ! તું જિનદેવનો ઉપાસક

હોવા છતાં પણ ધર્માસ્તિકાયાદિક પદાર્થોની યથાર્થતાને પણ જાણી શકતો નથી તેથી તારી શ્રમણોપાસકતા પણ કેવી ?

પરંતુ અરિહંતોનું તત્વજ્ઞાન સમજીને બેઠેલો શ્રાવક આમ બીજાઓથી ગાંજ્યો જાય તેવો ન હતો માટે ખૂબ શાંત થયેલા શ્રાવકે તેમને પૂછયું કે :-

મદ્રુક :-હે આયુષ્યમંતો ! પ્રત્યક્ષ ચાલતા એવા વાયુકાયના રૂપને તમે જોયું છે ? જાણ્યું છે ?

અન્યયૂ :-હે શ્રાવક ! વાયુકાયના રૂપને અમે જોઈ શકતા નથી.

મદ્રુક :-પુદ્ગલમાં રહેલો ગંધ શું ઘ્રાણેન્દ્રિય સાથે રહે છે ?

અન્યયૂ :-'હા' તે ગંધ ઘ્રાણેન્દ્રિય સાથે રહે છે.

મદ્રુક :-તે ગંધ ગુણને તમે પ્રત્યક્ષ જોઈ શકો છો ?

અન્યયૂ :-પવનથી આવેલા ગંધ ગુણને અમે જોતા નથી.

મદ્રુક :-અરણિકાષ્ઠમાં રહેલા અગ્નિને તમે જોઈ શકો છો ?

અન્યયૂ :-કાષ્ઠગત અગ્નિને અમે જોઈ શકતા નથી.

મદ્રુક :-સમુદ્રના પેલા નાકે રહેલા અદશ્ય પદાર્થોને તમે જોઈ શકો છો ?

અન્યયૂ :-સમુદ્રના પેલા કિનારે વિદ્યમાન અદશ્ય પદાર્થો હોવા છતાં પણ અમે જોઈ શકતા નથી.

મદ્રુક :-દેવલોકમાં રહેલા પદાર્થોને તમે જોઈ શકો છો ?

અન્યયૂ :-ત્યાંના વિદ્યમાન પદાર્થોને અમે જોયા નથી.

મદ્રુક :-હે આયુષ્યમંતો ! હું અથવા તમો કે બીજા કોઇ પણ છદ્મસ્થ જે પદાર્થોને જાણવા કે જોવા માટે સમર્થ નથી, તેટલાં માત્રથી તે પદાર્થોનો અભાવ શી રીતે માની શકીએ ?

યદિ પ્રત્યક્ષ દેખાતા પદાર્થોના અસ્તિત્વને જ સત્ય માનીએ તો વાયૂ અને દેવોનો અભાવ પણ માન્યા વિના છુટકારો નથી. તેમ છતાં પણ તમે પોતે વાયુનો, કાષ્ઠગત અગ્નિનો, સમુદ્રના પેલે પાર રહેલા પદાર્થોનો કે દેવલોકના દ્રવ્યોનો અભાવ માનવા તૈયાર નથી તો પછી ધર્માસ્તિ કાયાદિ ઘણા પદાર્થો એવા છે કે જે આપણા જેવા છદ્મસ્થોને માટે સર્વથા અદૃશ્ય છે. છતાં પણ તેના કાર્યોથી તેમનો સદ્‌ભાવ માનવો પડે છે.

ઉપર્યુક્ત પ્રમાણે અન્ય યૂથિકોને નિરૂત્તર કરી મદ્રુક શ્રાવક ભગવાનના સમવસરણમાં આવ્યો અને વંદન-નમન તથા પર્યુપાસના કરીને એકાગ્રચિત્તે ઉભા રહેલા શ્રાવકને દેવાધિદેવે કહ્યું કે હે શ્રમણોપાસક! તમે આજે ઘણું સારૂં કર્યું, અન્ય યૂથિકોને તમે જે કહ્યું તે બરાબર કર્યું છે- સર્વથા સત્ય કહ્યું છે.

ધર્માસ્તિ કાયાદિ અદૃશ્ય હોવાથી યદિ તમે તેમને કહ્યું હોત કે 'હું' તે અસ્તિકાયોને જોઉં છું તો અથવા સંસારના ઘણા પદાર્થો, હેતુઓ, પ્રશ્નો અને ઉત્તરો છદ્મસ્થને અજ્ઞાત હોવા છતાં, અદૃષ્ટ હોવા છતાં પણ એમ કહે કે હું તેમને જાણું છું, જોઉં છું તો તે છદ્મસ્થ અરિહંતોની અને તેમના પ્રરૂપેલા ધર્મની આશાતના કરનારો બને છે. તત્ત્વોને ન જાણવા છતાં પણ શ્રોતાઓની આગળ એમ કહે કે હું તે તત્ત્વોને જાણું છું તો તે કહેનારો કેવળી ભગવંતોની આશાતના કરે છે. માટે હે શ્રાવક! તમે ઠીક કર્યું. તેમને સારી રીતે જવાબ આપ્યો છે.

ભગવંતની વાણી સાંભળીને હૃષ્ટ-તુષ્ટ અને પુષ્ટ થયેલો શ્રાવક નમન-વંદન કરી પોતાના ઉચિત સ્થાને બેસી ગયો.

પર્ષદાને ભગવંતે ધર્મ કહ્યો અને ખુશ ખુશ થયેલી પર્ષદા પોત પોતાના સ્થાને ગઇ.

ત્યાર પછી ભગવંતને વંદન–નમન કરી ગૌતમસ્વામીએ પૂંછ્યું કે હે પ્રભો! મદ્રુક શ્રાવક શું આપશ્રીની પાસે મહાવ્રતધારી બનશે? ભગવંતે 'ના' ફરમાવતાં કહ્યું કે તે શ્રાવક દેશ વિરતિ ધર્મને આરાધતો કાળ કરી સ્વર્ગે જશે અને ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જઇ દીક્ષા અંગીકાર કરી સિદ્ધ બુદ્ધ યાવત્ નિર્વાણ પામશે.

## મહર્દ્ધિક દેવોની વિકુર્વણા માટેની વિશેષતા :

હે પ્રભો! મહર્દ્ધિક કોઇ દેવ પોતાના જ શરીરમાંથી હજાર પુરુષોની વિકુર્વણા કરી તેમની સાથે સંગ્રામ કરવા સમર્થ છે? જવાબમાં ભગવંતે 'હા' કહી છે.

જે દેવે પોતાના હજારો શરીરોને વિકુર્વ્યા છે તે બધાઓમાં જીવ એક જ છે કે જુદા જુદા જીવો છે?

જવાબમાં કહેવાયું કે હજારો શરીરોમાં જીવ એક જ છે જે બધાએ શરીરો સાથે સંબંધિત છે.

વિકુર્વિત હજારો શરીરોમાં જે અંતર (અંતરાલ) છે તે શું એક જ જીવના સંબંધમય છે કે અનેક જીવોના સંબંધવાળું છે?

જવાબમાં કહેવાયું કે જે જીવના વિકુર્વેલા હજારો શરીરો છે તેનો અંતરાલ પણ તે જ જીવ સાથે સંબંધિત છે.

વચમાં રહેલા અંતરાલમાં કોઈ જીવ હાથ વડે, પગવડે કે શસ્ત્ર વડે દુઃખ ઉપજાવી શકે છે?

જવાબમાં કહેવાયું કે 'આ અર્થ ઠીક નથી' એટલે કે આઠમા શતકના ત્રીજા ઉદ્દેશામાં કહેવાયેલા અર્થ પ્રમાણે કોઇ પણ જીવના પ્રદેશોને કોઇ હણી શકતો નથી, મારી કે કાપી શકતો નથી.

## દેવાસુર યુદ્ધ શું શાસ્ત્ર સંમત છે ?

હે પ્રભો ! દેવોને તથા અસુરોને પરસ્પર યુદ્ધ કરવાનો અવસર આવતો હશે ?

'હા'માં જવાબ ફરમાવતાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! "कषाय एव संसार: स अस्त्येव संसारी" આ કારણે ચાર ગતિમાં રખડનારા જીવોને કષાય હોવાથી પરસ્પર વૈર-વિરોધ-લડાઈ આદિ તત્વોનું હોવું સ્વાભાવિક છે. માટે કહું છું કે દેવોને તથા અસુરોને પણ કોઈ કોઈ સમયે યુદ્ધ હોય છે.

શસ્ત્રો માટે ફરમાવતાં પરમાત્માએ કહ્યું કે દેવો પુણ્યશાળી હોવાથી જે સમયે જે વસ્તુનો સ્પર્શ કરે તે શસ્ત્રરૂપે બની જાય છે. યુદ્ધ કરવાના આશયથી તૃણ-કાષ્ઠ આદિનો સ્પર્શ કરતાં તૃણ પણ શસ્ત્રરૂપે બનવા પામે છે. જેમ દાઠાની થાળીનો સ્પર્શ કરતા જ સુભૂમ ચક્રવર્તીને થાળી શસ્ત્રરૂપે બની ગઈ હતી, તેમ દેવોને માટે પણ જાણવું. જ્યારે અસુરકુમારો પાસે વૈક્રિય શક્તિથી વિકુર્વેલા શસ્ત્રો હમેશાં હાજર જ હોય છે. કેમ કે બીજા દેવો કરતાં તેમનું પુણ્ય કમજોર હોય છે.

પુણ્યકર્મી હોવાથી દેવો લવણસમુદ્રને, ઘાતકીખંડને કે રુચકવર દ્વીપને ચારે તરફ ચક્કર મારીને શીઘ્ર પોતાના સ્થાને આવી શકવા માટે સમર્થ છે. ત્યારપછી તે દેવ આગળ જાય છે પણ ચારે બાજુ ફરતો નથી.

## દેવોનાં કર્મોની નિર્જરા :

ભૌતિક સુખોમાં મનુષ્યો કરતાં આગળ વધેલા દેવો પણ સંસારી હોવાથી તેમના આત્મપ્રદેશો પર અનંતાનંત કર્મોની શુભ પ્રકૃતિ રૂપ વર્ગણા લાગેલી જ છે. તેમાંથી તેમની નિર્જરાનો ક્રમ નીચે પ્રમાણે છે :–

જે કર્માંશોની નિર્જરા વાનવ્યંતર દેવો એક સો વર્ષમાં કરે છે. અસુરેન્દ્રોને છોડી ભવનપતિ દેવો બસો વર્ષમાં કરે છે, અસુરકુમારો ત્રણ સો વર્ષમાં, જ્યોતિષ્કો ચાર સો વર્ષમાં, તેમાંથી સૂર્ય અને ચન્દ્ર પાંચ સો વર્ષમાં, સૌધર્મ અને ઇશાનના દેવો એક હજાર વર્ષમાં, સનત્કુમારો અને માહેન્દ્રો બે હજાર વર્ષમાં, બ્રહ્મલોક અને લાતક દેવો ત્રણ હજાર વર્ષોમાં, મહાશુક્ર અને સહસ્રાર દેવો ચાર હજાર વર્ષમાં, આનત પ્રાણત અને અચ્યુત દેવો પાંચ હજાર વર્ષમાં, નીચેના ગ્રૈવેયક દેવો એક લાખ વર્ષમાં, ઉપરના ત્રણ લાખ વર્ષોમાં, વિજય–વૈજયંત–જયંત અને અપરાજીત દેવો ચાર લાખ વર્ષોમાં તથા સર્વાથે સિદ્ધ દેવો પાંચ લાખ વર્ષોમાં અનંત કર્માંશોને ખપાવે છે.

શતક ૧૮નો ઉદ્દેશો સાતમો પૂર્ણ.

# શતક ૧૮ મું : ઉદ્દેશક–૮

## ઉપયોગવંત મુનિને કંઈ ક્રિયા લાગશે ?

રાજગૃહી નગરીમાં સમવસરણસ્થ ભગવંતને ગૌતમસ્વામી પૂછે છે કે, હે પ્રભો ! સંયમમાં સ્થિરતાને પ્રાપ્ત થયેલો મુનિ ઈર્યાસમિતિપૂર્વક યુગમાત્રદષ્ટિયુક્ત થઈ રસ્તે જતો હોય અને તેમનાં પગ નીચે કુકડીનું–બતકનું કે નાનુ કોઈ જીવ આવે અને મુનિના પગથી દબાઈને મરી જાય ત્યારે હે પ્રભો ! તે મુનિને ઐર્યાપથિકી ક્રિયા લાગશે ? કે સાંપરાયિકી ક્રિયા ?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! તે મુનિને સાંપરાયિકી ક્રિયા ન લાગતા કેવળ ઐર્યાપથિકી ક્રિયા જ લાગશે. જેનું વિશદ વર્ણન પહેલા ભાગમાં થઈ ગયું છે.

**નોંધ :** ક્રિયા દ્વારા થતાં કર્મનું બંધન પરિણામો ઉપર રહ્યું છે કેમકે જ્યાં ચિકાશ હોય છે ત્યાં જ રજ ચોંટે છે પણ સૂકા થાંભલા પર ચોંટતી નથી અને ચોંટે તો અલ્પ પ્રયત્નથી ખરી પડે છે. તે પ્રમાણે રાગદ્વેષ વિનાના જીવને ક્રિયા થવા છતાં પણ કર્મબંધન થતું નથી. સર્વથા નિર્દોષ નોકરના હાથે પારણું અકસ્માત તૂટી જાય અને બાળક મરી જાય તો પણ બાળકને મારવાનો ઈરાદો જરા પણ ન હોવાથી તેના પર હજાર પ્રયત્નો કર્યે પણ કેસ લાગુ પડતો નથી. ઓપરેશન થિયેટર પર રોગીને બચાવવા માટે ઘણા પ્રયત્નો કર્યાં પછી પણ તે મરી જાય તો પણ ડોકટર ઉપર ફોજદારીની એક પણ કલમ લાગુ પડતી નથી. બીજી તરફ ખૂનના ઈરાદાથી ધારીયું લઈને બીજાની પાછળ પડનારને પોલીસ પકડશે અને ખૂન ન કર્યું

હોય તો પણ તે ગુનેગાર કહેવાશે. આ પ્રમાણે વ્યવહારના કાયદાઓથી પણ જાણી શકીએ છીએ કે હત્યાનો ભાવ હોય તો જ હત્યાનું પાપ લાગે છે.

મુનિરાજોનું જીવન અષ્ટપ્રવચનમાતાની આરાધનાપૂર્વકનું હોવાથી કોઈ પણ જીવને મન-વચન કે કાયાથી મારવાની ભાવનાવાળા નથી હોતા. માટે ભગવંતે કહ્યું કે મુનિના પગે વિરાધના થવા છતાં પણ તેમને સાંપરાયિકી ક્રિયા નથી લાગતી.

ગૃહસ્થ પણ સમ્યક્ત્વના પ્રકાશમાં આવી ગયો હોય તો તેના નિર્ધ્વંસ પરિણામો નાબૂદ થઈ જવાના કારણે ગૃહસ્થાશ્રમની ક્રિયાઓ કરવા છતાં પાપનું બંધન બહુ જ અલ્પ હોય છે અને તે પણ પ્રતિક્રમણ કર્યા પછી ખંખેરાઈ જાય છે.

समदिट्ठी जीवो जइवि हु पावं समायरे किंचि ।
अप्पो सि होइ बद्धो जेण न निद्धंधस कुणइ ॥

## જૈન મુનિઓ શું બાળ છે?

તે કાળે તે સમયે રાજગૃહી નગરી હતી. ગુણશિલક નામનું ચૈત્યોદ્યાન હતું. પૃથ્વીશિલા પટ્ટક હતું. તેનાથી બહુ દૂર નહિ અને બહુ નજદીક નહિ એવા બીજા મતના અનુયાયિઓ (અન્ય યૂથિકો) રહેતા હતાં.

તે સમયે ભગવાન મહાવીરસ્વામી ત્યાં પધાર્યા, પર્ષદા આવી, ધર્મોપદેશ થયો અને સૌ પોત પોતાને ઘેર ગયાં.

તે સમયે દેવાધિદેવના મોટા શિષ્ય ગૌતમસ્વામી ઢીંચણ ઉંચાં રાખીને એટલે કે બે પગ ઉપર બેઠા હતાં અને ધ્યાનસ્થ

હતાં. તેમની પાસે અન્ય યૂથિકો આવ્યા અને સાક્ષેપપૂર્વક આ પ્રમાણે બોલ્યા કે 'હે આર્ય ! તમે જૈન મુનિઓ મન–વચન અને કાયાથી સંયમ વિનાના છો ! યાવત્ અવિરત, અપ્રતિહત પાપકર્મી છો, ત્રિદંડયુક્ત છો, માટે એકાંત બાળ છો !'

ત્યારે ગૌતમસ્વામીએ તેમને પૂછ્યું કે 'અમે કયાં કારણે અસંયત યાવત્ એકાંત બાળ છીએ' ?

ત્યારે તેઓએ કહ્યું કે, તમે એક ગામથી બીજા ગામ માટે અવરજવર કરો છો તે સમયે તમારા પગ નીચે કેટલાય જીવો મરી જાય છે.

ઈત્યાદિ વાતોના જવાબમાં ગૌતમે કહ્યું કે 'અમે જ્યારે વિહાર કરીએ છીએ ત્યારે ઇર્યાસમિતિપૂર્વક ઉપયોગનો ખ્યાલ રાખીને ચાલીએ છીએ માટે જીવ હિંસાનો સંભવ અમને જૈન મુનિઓને નથી. કોઇપણ જીવને અમે ઉપદ્રવિત, પીડિત, દુઃખિત, સંઘટ્ટિત, પરિવર્તિત કે સ્પર્શ આદિનાં કારણે અમે પ્રાણી વધથી મુક્ત છીએ, પરંતુ તમે લોકો અસંયમી હોવાથી ધમધમ કરતાં ઉચું નીચું જોતા ઉપયોગ રહિત ચાલો છો, શરીરે સ્નાન કરો છો, ફળ ભાજી તોડીને, છુંદીને, બાફીને ખાઓ છો, કંદમૂળાદિનું ભક્ષણ કરો છો, લાકડાના ખડાઉં પગમાં પહેરીને ચાલો છો તે સમયે લાકડાથી કેટલાય કીડા, મંકોડા ચગદાઇને મરી જાય છે. પુષ્પો તોડો છો, માળા બનાવો છો અને ગળામાં પહેરો છો, ચૂલા સળગાવીને રસોઈ પાણી કરો છો અને ભાંગ, અફીણ, ચરસ, ગાંજો પીવો છો અને ગૃહસ્થાશ્રમમાં રહીને પુત્રાદિના પિતા પણ બનો છો માટે તમે જ અસંયમી છો, જીવવધક છો, યાવત્ પાપોનો

એકેય દ્વાર તમારે બંધ ન હોવાથી તમારૂં આખુએ જીવન પાપોના ઉપાર્જન કરવામાં જ પસાર થાય છે. આ કારણે એકાંતબાળ તમે જ છો! અમે જૈન મુનિઓ નથી, કારણ ઉપરની એકેય વાત અમે સેવતા નથી, માટે પાપોના દ્વાર જેમને જ્ઞાનપૂર્વક બંધ કર્યા હોય તે પંડિત કહેવાય છે. તમે તેવા નથી માટે બાળ છો!

આ પ્રમાણે ગૌતમસ્વામીએ તે અન્ય યૂથિકોને સર્વથા નિરૂતર કર્યા અને ભગવંત પાસે આવી, ત્રણ પ્રદક્ષિણા દઈ વંદન-નમન કર્યા ત્યારે ભગવંતે કહ્યું કે હે ગૌતમ! તે સારૂ કર્યું. તેમને સત્ય કહ્યું. કેમ કે મારા ઘણા શિષ્યો છદ્મસ્થ હોવાથી અન્ય યુથિકોને તમારી જેમ નિરૂતર કરી શકતા નથી માટે ગૌતમ! તે સારૂં કર્યું.

## છદ્મસ્થ શું પરમાણુને જાણે છે?

જવાબમાં ભગવંતે કહ્યું કે, કેટલાક છદ્મસ્થો પુદ્ગલ પરમાણુને જાણે છે પણ જોઈ શકતા નથી. કેટલાક એ જાણતા પણ નથી અને જોતા પણ નથી, કેમકે શ્રુતજ્ઞાની હોય અને ઉપ-યોગી હોય તેઓ શાસ્ત્રજ્ઞાનથી પુદ્ગલ પરમાણુને જાણે છે પણ પ્રત્યક્ષ કરી શકતા નથી. તો પછી જ્ઞાન અને ઉપયોગ વિનાના છદ્મસ્થો માટે અવકાશ ક્યાંથી રહે? દ્વિપ્રદેશિકથી લઈને અસંખ્યાત પ્રદેશી સ્કંધને માટે પણ જાણવું. સારાંશ તેવા અસંખ્યાત પ્રદેશી સ્કંધો પણ પ્રત્યક્ષ થતાં નથી.

અનંત પ્રદેશી સ્કંધોને માટે ભગવંતે કહ્યું કેઃ-

(૧) અવધિજ્ઞાની છદ્મસ્થ સ્પર્શાદિથી સ્કંધને જાણે છે અને નેત્રથી દેખે છે.

(૨) શ્રુતજ્ઞાની છદ્મસ્થ સ્પર્શાદિથી જાણે છે પણ નેત્રથી જોઇ શકતા નથી કેમકે :-" શ્રુતે દર્શાભાવ: "

(૩) કોઇ છદ્મસ્થ સ્પર્શાદિથી જાણતો નથી પણ દેખે છે. દુરસ્થ પર્વત દેખાય છે પણ સ્પર્શાતો નથી.

(૪) અંધ છદ્મસ્થ જાણતો અને જોતો પણ નથી. ઉપરના ચારે ભાંગાઓ અનંત પ્રદેશી સ્કંધને માટે જાણવા. જ્યારે પરમાણુ ને તો અવધિજ્ઞાની જાણે છે પણ જોતા નથી.

પરમાવધિજ્ઞાની જે સમયે જાણે છે તે સમયે પરમાણુને જોઇ શકતા નથી અને જ્યારે જુએ છે ત્યારે જાણતા નથી. કારણમાં કહેવાયું છે કે જ્ઞાન સાકાર અને દર્શન નિરાકાર છે. બંને આપસમાં વિરુદ્ધ ધર્મવાળા હોવાથી સમાન કાળનો સંભવ નથી.

આવા પરમાવધિ અન્તર્મુહૂર્ત પછી કેવળી થવાના હોય છે. કેવળી પણ જે સમયે જાણે છે તે સમયે જોઈ શકતા નથી અને જે સમયે જુએ છે તે સમયે જાણતા નથી. કેમ કે એક સમયમાં બે ક્રિયા હોતી નથી.

શતક ૧૮ નો ઉદ્દેશો આઠમો પૂર્ણ.

# શતક ૧૮ મું : ઉદ્દેશક–૯

## ભવ્ય દ્રવ્ય નૈરયિકાદિની વક્તવ્યતા :

રાજગૃહી નગરીમાં સમવસરણમાં બિરાજમાન ભગવાન મહાવીરસ્વામીને ગૌતમસ્વામીએ પૂછ્યું કે, હે પ્રભો ! આ સંસારમાં શું ભવ્ય દ્રવ્ય નારકો છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે, હે ગૌતમ ! ભવ્ય દ્રવ્ય નારકો હોય છે. "भवितुं योग्यो भव्यः" આ સૂત્રનો સરળાર્થ આ છે કે વર્તમાનમાં તે જીવ મનુષ્ય કે તિર્યંચના અવતારમાં છે અને ત્યાંથી મરીને નરકમાં જવાનો હોય તેને 'ભવ્ય દ્રવ્ય નૈરયિક' કહેવાય છે, જે ત્રણ પ્રકારે છે :–

(૧) એક ભવિક :–ચાલુ ભવ પૂર્ણ કરી તત્કાળ બીજા ભવે નરકમાં જવાનો હોય.

(૨) બદ્ધાયુષ્ક :–ચાલુ ભવમાં આયુષ્યનો ત્રીજો ભાગ શેષ રહેતા નરકનું આયુષ્ય કર્મ બાંધનારા.

(૩) અભિમુખ નામ ગોત્ર :–પૂર્વ ભવનો ત્યાગ કરી નારક આયુષ્ય અને નામ ગોત્રનું વેદન સાક્ષાત્ કરી રહ્યાં હોય.

ભવિષ્યકાળમાં નારક થવાના હોય અને ગૃહીત એટલે ચાલુ ભવના પર્યાયને છોડ્યા પછી નારક થવાના હોય તે ભવ્ય દ્રવ્ય નારક કહેવાય છે. આ વ્યાખ્યાથી એટલું વધારે જાણવાનું કે જે જીવોએ ભૂતકાળમાં નરક પર્યાયોને ભોગવ્યા હોય તેમનો સમાવેશ આમાં કરવાનો નહિ. પણ પછીના ભવમાં જે નરકમાં જશે તેમને જ ભવ્ય દ્રવ્ય નારક સમજવા.

ભગવંતે કહ્યું કે દેવો તત્કાળ નરકમાં જતા નથી તેમ નારક પણ તત્કાળ પાછો નરકમાં જતો નથી, માટે મનુષ્ય કે તિર્યંચને જ નરકમાં જવાની યોગ્યતા છે. સારાંશ કે અત્યારે તે જીવ ભલે ને મનુષ્ય કે તિર્યંચ હોય તો પણ તે નારક કહેવાશે. આ પ્રમાણે અસુરકુમારોથી સ્તનિતકુમાર દેવો સુધી જાણવું.

તિર્યંચ, મનુષ્ય કે દેવ મરીને પૃથ્વીકાયિક થવાનો હોય તેને ભવ્યદ્રવ્ય પૃથ્થીકાયિક કહેવાય છે.

વિષય વાસના, પરિગ્રહ અને તેમાં આસક્ત થયેલા દેવો પણ ચ્યવીને પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય છે જ્યાં ' एगेंदिया य सव्वे असंख उस्सपिणी सकायंमि उववज्जंति चयंतिय ' એટલે એકેન્દ્રિય અવતારને પામેલો જીવ પાંચ, પચ્ચીસ, સો, હજાર, લાખ કે કરોડની સંખ્યામાં પરમાત્માની ચોવીસીઓ થાય ત્યાં સુધી તેને ત્યાંથી બહાર નીકળવાનું ભાગ્યમાં રહેતું નથી. આ પ્રમાણે અપ્કાય અને વનસ્પતિકાય માટે પણ જાણવું. વિશેષમાં એટલું કે વનસ્પતિકાયને પ્રાપ્ત કરેલો દેવ અનંત ચોવીસીઓ થયા પછી કદાચ ફરીથી મનુષ્ય અવતાર મેળવવા ભાગ્યશાળી બની શકશે.

દસ કોડાકોડી સાગરોપમમાં એક ચોવીસી થાય છે, ત્યારપછી બીજી ચોવીસી થવામાં આટલો સમય પસાર થયા પછી બીજી ચોવીસી થાય છે. આ પ્રમાણે અનંત ચોવીસી થયે તે જીવને વનસ્પતિકાયમાંથી બહાર નીકળવાનો અવસર મળશે.

મનુષ્ય કે તિર્યંચ જીવ, વાયુકાયિક, તેજસ્કાયિક કે વિકલેન્દ્રિય થવાનો હોય તે ભવ્યદ્રવ્ય વાયુકાયિક, તેજસ્કાયિક

અને વિકલેન્દ્રિયની સંજ્ઞાથી સંબોધિત થશે અને નારકો, તિર્યંચો, મનુષ્યો કે દેવો મરીને તિર્યંચ કે મનુષ્ય અવતારમાં આવવાના હોય તેમને ભવ્ય દ્રવ્ય તિર્યંચ કે મનુષ્ય પણ કહી શકાય છે. શેષ વાણ વ્યંતર–જ્યોતિષ્ક–વૈમાનિક આદિને માટે પણ જાણવું.

## આયુષ્યની સ્થિતિ કેટલી છે ?

ભવ્ય દ્રવ્ય નારકોની જઘન્ય આયુષ્ય સ્થિતિ અન્તર્મુહૂર્તની છે એટલે કે અન્તર્મુહૂર્તની આયુષ્ય મર્યાદાવાળા સંજ્ઞી કે અસંજ્ઞી મરીને નરકમાં જવાના હોય તે. ઉત્કૃષ્ટથી એક પૂર્વ કરોડ વર્ષની સ્થિતિવાળા સંજ્ઞી તિર્યંચ કે મનુષ્ય મરીને નરકમાં જવાના હોય તેમની પૂર્વકોટિ આયુષ્ય મર્યાદા જાણવી.

ભવ્ય દ્રવ્ય અસુરકુમારો માટે જઘન્યથી સંજ્ઞી તિર્યંચ કે મનુષ્યને ઉદ્દેશી અંતર્મુહૂર્તની છે અને ઉતરકુરૂ આદિ યૌગલિકોને લઈ ત્રણ પલ્યોપમની ઉત્કૃષ્ટથી જાણવી. યાવત્ સ્તનિક દેવો સુધી જાણવું.

ભવ્ય પૃથ્વીકાયિકો અન્તર્મુહૂર્તની જઘન્ય સ્થિતિવાળા છે, અને ઉત્કૃષ્ટથી કાંઇક વધારે બે સાગરોપમની કહી છે. આ વાત ઇશાન દેવો માટે જાણવી. દ્રવ્ય અપ્કાયિકો પણ ઉપર પ્રમાણે જાણવા કેમકે ઇશાન સુધીના દેવો પૃથ્વીકાયિકો થઇ શકે છે તો અપ્કાયિક થતાં પણ તેને કોણ રોકી શકવાના હતા ?

દ્રવ્ય વાયુકાયિકો, તેજસ્કાયિકો નારકની જેમ જાણવા.

દ્રવ્ય પંચેન્દ્રિય તિર્યંચો જઘન્યથી અન્તર્મુહૂર્ત અને

ઉત્કૃષ્ટથી નરકમાંથી નીકળીને આ સ્થાનને પ્રાપ્ત કરે તે કારણથી ૩૩ સાગરોપમની જાણવી.

મનુષ્યોની તેવી રીતે જાણવી. વિશેષમાં સાતમી નરક અને અનુતર સિદ્ધ વિમાનવાસી પણ મનુષ્ય બની શકે છે.

કેવળજ્ઞાન રહિત બીજા મહાજ્ઞાનીઓને માટે પણ સર્વથા અગમ્ય, તીર્થંકર દેવની વાણી સાંભળીને ગૌતમસ્વામીએ કહ્યું કે હે પ્રભો! આપશ્રીની વાણી યથાર્થ છે. આપે કહ્યું તે જ સત્ય છે. અમે નિઃશંક થઈને નિગ્રંથ પ્રવચન શ્રદ્ધામાં લઈએ છીએ એમ કહી પોતાના ધ્યાનમાં સ્થિર થયા.

શતક ૧૮નો ઉદ્દેશો નવમો પૂર્ણ.

# શતક ૧૮ મું : ઉદ્દેશક–૧૦

આસન્ન ભવ્યતાના પરિપાક માટે અને કેવળજ્ઞાનની આરાધનામાં સરળતા થાય તે માટે આ દસમો ઉદ્દેશો ઠંડા કલેજાથી વાંચવો, જેમાં ઘણા ચિત્ર વિચિત્ર પ્રશ્નો ઉપાદેય હોવાથી જાણવા લાયક બનશે. સોમિલ દ્વિજનો ચર્ચાત્મક વિષય અને સ્વીકારેલા બાર વ્રતોને વાંચવાથી વ્રતોની ભાવના થશે.

પ્રાણાતિપાતાદિ પાપો કેટલા ભયંકર ફળ દેવાવાળા છે તે જાણવાનું મળશે.

## અસીધારા પર ચાલતા મુનિઓ શું છેદાય છે ?

વૈક્રિય લબ્ધિસમ્પન્ન મુનિઓને માટેના પ્રશ્નના જવાબમાં ભગવંતે ફરમાવ્યું કે, હે ગૌતમ ! તલવારની કે બીજા કોઈ શસ્ત્રની ધાર પર બેસવાને માટે સમર્થ છે, પણ પત્થર પર પડતાં અસ્ત્રાની ધાર જેમ બુઠ્ઠી થઈ જાય છે તેમ મુનિઓની વૈક્રિય લબ્ધિના કારણે તલવારની ધાર પણ બુઠ્ઠી થઈ જાય છે, માટે તેઓ છેદાતા નથી–ભેદાતા નથી. શેષ બધી વાતો પાંચમા શતકના સાતમા ઉદ્દેશાની જેમ પહેલા ભાગમાંથી જાણી લેવી.

## શું પરમાણુ વાયુકાયથી સ્પૃષ્ટ છે ?

પરમાણુ વાયુકાયને સ્પર્શે છે કે વાયુકાય પરમાણુને સ્પર્શે છે ? એટલે કે પરમાણુથી વાયુ વ્યાપ્ત છે કે વાયુથી પરમાણુ વ્યાપ્ત છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ! પરમાણુ પુદ્ગલ વાયુથી સ્પૃષ્ટ થાય છે. વાયુકાય પરમાણુથી વ્યાપ્ત નથી, કેમકે પરમાણુ પ્રદેશ રહિત હોવાથી સૂક્ષ્મ છે અને વાયુ મહાન છે, યાવત્ અસંખ્યાત પ્રદેશ સુધી ઉપર પ્રમાણે જાણવું. અનંત પ્રદેશી સ્કંધ યદિ વાયુથી મહાન હશે તો વ્યાપ્ત થશે.

સૂક્ષ્મ સ્કંધથી વાયુ વ્યાપ્ત નથી. તેવી રીતે મશકના પ્રત્યેક છિદ્રો વાયુકાયથી ભરેલા હોવાથી મશકથી વાયુકાય સ્પૃષ્ટ નથી પણ વાયુકાયથી મશક સ્પૃષ્ટ છે.

રત્નપ્રભા પૃથ્વીની નીચે કાળા-ધોળા, નીલા-પીળા અને દુર્ગંધ અને સુગંધ, તીખા, કડવા, કષાય, ખાટા અને મીઠા તથા કર્કશ, મૃદુ, ગુરૂ, લઘુ, ઉષ્ણ, શીત, સ્નિગ્ધ અને રૂક્ષ દ્રવ્યો છે તે બધા પરસ્પર ગાઢ બંધાયેલા, સમુદાયરૂપે બંધાયેલા પરસ્પર સ્પર્શીને રહેલા છે, યાવત્ સાતમી પૃથ્વી અને સિદ્ધશિલાની નીચે પણ આ પ્રમાણે જાણવા.

## સોમિલ દ્વિજની વક્તવ્યતા :

તે કાળે તે સમયે વાણિજ્ય નામે નગર હતું. દુતિ પલાશ ચૈત્ય હતું. ત્યાં સોમિલ નામે દ્વિજ રહેતો હતો જે શ્રીમંત, બીજાથી પરાજય ન પામે તેવો, યાવત્ વેદ-વેદાંતનો પારગામી હતો. તેના પાંચસો શિષ્યો હતાં જે અંતે વાસિત્વ ધર્મને ભજનારા હતાં.

તે સમયે ૧૪ હજાર સાધુ, ૩૬ હજાર સાધ્વીજી આદિ મોટી પર્ષદાપૂર્વક વિહાર કરતાં ભગવાન મહાવીરસ્વામી વાણિજ્ય ગામમાં પધાર્યા. પર્ષદા આવી. દયાસાગર પ્રભુએ ધર્મોપદેશ કર્યો. સાંભળીને ખુશ થયેલી પર્ષદાએ ભગવંતને વંદન નમન અને પર્યુપાસન કર્યું.

તે સમયે સોમિલને આ વાતની ખબર પડી કે ભગવાન મહાવીરસ્વામી પધાર્યા છે, તો હું પણ તેમની પાસે જાઉં અને જુદી જુદી જાતના પ્રશ્નો પૂછીશ અને તેમનો જવાબ યદિ યથાર્થરૂપે આપશે તો ભગવંતની પર્યુપાસના કરીશ, અન્યથા તેમને નિરુત્તર કરીશ. આમ નક્કી કરીને સ્નાન કર્યું, વસ્ત્રો પહેર્યાં, મંગળ પ્રાયશ્ચિત કર્યા અને ઘરથી બહાર આવ્યો. પોત્તાના શિષ્યોને સાથે લઇને દ્રુતિ પલાશ ઉદ્યાનમાં આવ્યો અને થોડે દૂર ઉભો રહીને નીચે પ્રમાણે પ્રશ્નો પૂછ્યાં :

(૧) હે પ્રભો ! આપ શ્રીમાનને યાત્રા છે ?

(૨) હે નાથ ! આપશ્રીને યાપનીય છે ?

(૩) આપશ્રી અવ્યાબાધ છો ?

(૪) અને આપને પ્રાસુક વિહાર છે ?

જવાબ આપતા પ્રભુએ કહ્યું કે હે સોમિલ ! મને યાત્રા છે, યાપનીય છે, અવ્યાબાધ છે અને પ્રાસુક વિહાર પણ છે.

## આપશ્રીને યાત્રા શું છે ?

ભગવંતે કહ્યું કે તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાય, ધ્યાન અને આવશ્યક યોગોમાં યતના એટલે જ્ઞાનપૂર્વક મારો આત્મા વર્તમાન છે. કેમકે કર્મોના ભારથી મુક્ત થવા માટે અને આત્માને પરમાત્મપદ પ્રાપ્ત કરાવવા માટે ઉપર પ્રમાણેની મને યાત્રા છે. વિશેષાર્થ આ છે :

(૧) તપ :—સ્વીકારેલા સંયમની રક્ષા માટે તથા પૂર્વકૃત કર્મોની નિર્જરા માટે ઉપવાસાદિ સમ્યક્ પ્રકારે કરાય તે તપ છે. જે કરાયેલા પાપોનો છેદ કરાવનાર દસ પ્રકારના પ્રાયશ્ચિતમાં વિદ્યમાન તપ વિશેષ છે.

( ૨ ) નિયમ :–લીધેલા પાંચ મહાવ્રતોને પાળવા માટે :–

૧. ઉત્તર ગુણોને ધારણ કરવા.

૨. ઇન્દ્રિય અને મનનું જેનાથી દમન થાય.

૩. પાપ દ્વારોને રોકવા માટે અભિગ્રહ વિશેષ.

૪. શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઇશ્વર પ્રાણિઘાત કરવું.

૫. ન કલ્પી શકાય તેવા વિચિત્ર અભિગ્રહોને ધારવા.

ઉપર પ્રમાણે નિયમો છે જેનાથી મહાવ્રતો દૃઢ બને છે.

( ૩ ) સંયમ :–પૃથ્વીકાયાદિ જીવોનું રક્ષણ કરવું તે સત્તર પ્રકારે સંયમ કહેવાય છે.

( ૪ ) સ્વાધ્યાય :–પોતાનો વિચાર કરવો તે સ્વાધ્યાય છે.

( ૫ ) ધ્યાન :–આભ્યંતર તપ વિશેષ જે મન, વચન અને કાયાની એકાગ્રતાપૂર્વક કરાય તે ધ્યાન છે.

( ૬ ) આવશ્યક :–તેના અર્થો નીચે પ્રમાણે છે.

૧. જેનાથી ચારે બાજુથી આત્મા વશ્ય બને.

૨. શરીરની બધી ચેષ્ટાઓનો ત્યાગ થાય.

૩. પાપ અને આશ્રવ માર્ગથી પાછું વળવાનું થાય.

૪. મુનિઓને તથા સાધકોને અવશ્ય કરવાનું રહે.

૫. જેનાથી જ્ઞાનાદિ ગુણો અને મોક્ષ પણ વશ્ય બને.

૬. ઇન્દ્રિયાદિ ભાવ શત્રુઓના જોર જેનાથી નાશ થાય.

૭. સંપૂર્ણ અને ચિરસ્થાયી આત્માના ગુણોની પ્રાપ્તિ થાય.

૮. અનાદિકાળના દોષોની આદત જેનાથી મટે.

૯ આત્મામાં જ્ઞાનાદિ ગુણોને સ્થિર કરાવનાર.

૧૦. જ્ઞાનશૂન્ય આત્માને જ્ઞાનમય બનાવનાર.

૧૧. મૂળ અને ઉત્તર ગુણોનું શુદ્ધિકરણ કરાવનાર.

ઉપર પ્રમાણેના ગુણોને પ્રાપ્ત કરાવે તે આવશ્યક છે.

ભગવંતે કહ્યું હે સોમિલ ! આ પ્રમાણે છ પ્રકારની મારી યાત્રા છે. તેને તું સમજ.

## યાપનીય એટલે શું ?

ભગવંતે કહ્યું કે (૧) ઇન્દ્રિય યાપનીય, (૨) નોઇન્દ્રિય યાપનીય એમ બે પ્રકારે મને યાપનીય છે.

પ્રાકૃત ભાષાના 'जवणिज्ज' શબ્દથી સંસ્કૃતમાં યાપનીય શબ્દ બન્યો છે. જે 'यांक् गतौ' ધાતુને પ્રેરકમાં 'पुक्'નો આગમ લાગ્યા પછી અનીય પ્રત્યય લગાડવાથી યાપનીય શબ્દની ઉત્પતિ થાય છે, જેનો અર્થ જવા દેવું–ગમન કરાવવું–મોકલી દેવું થાય છે.

અનાદિકાળથી આત્માના હાડવૈરી ઇન્દ્રિયો અને કષાયો છે. જેનાં પાપે આત્માએ અનંતભવોમાં મહાદુઃખોનો અનુભવ કર્યો છે. ઇન્દ્રિયો ઘોડા જેવી હોવાથી, લગામ વિનાનો ઘોડો જેમ પોતાના માલિકને ખાડામાં નાખી દે છે, તેમ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપી લગામ વિનાની ઇન્દ્રિયોએ મોટામાં મોટા બ્રહ્મવાદી, અદ્વૈતવાદી, વિશિષ્ટાદ્વૈતવાદી, વનમાં રહી સૂકા પાંદડા ખાનારા અને સ્ત્રીઓનું મોઢું પણ જેમણે જોયું નથી તે બધાઓને દુર્ગતિના ખાડામાં નાખી દીધા છે, તથા જ્યાં

ઇન્દ્રિયોના ઘોડા તોફાન કરતા હોય છે ત્યાં કષાયોની વિદ્યમાનતા અવશ્ય હોય છે.

તેથી હે સોમિલ! મેં મારા સંયમ દ્વારા ઇન્દ્રિય યાપનીય અર્થાત તોફાન કરતી પાંચે ઇન્દ્રિયોને વશ કરી છે, જેથી તેઓ ભેગી મળીને મારૂં કંઇ પણ કરી શકે તેમ નથી. અને કષાય યાપનીય દ્વારા મારા ક્રોધ-માન-માયા અને લોભ સર્વથા શક્તિહીન બનીને મારી દયા યાચી રહ્યાં છે. હે સોમિલ! આ પ્રમાણે મારી યાપનીયને તું જાણ.

## અવ્યાબાધ એટલે શું ?

સૂત્રોમાં અવ્યાબાધના અર્થો નીચે પ્રમાણે નોંધાયા છે.

અંતરાય વિના, બાધારહિત, રોગરહિત, અને મોક્ષમુક્તિ. સોમિલ! શરીરમાં વાત-પિત્ત અને કફની ત્રણ દ્રવ્ય બીમારીઓ અને રાગદ્વેષ-મોહ-માયા આદિની ભાવ બિમારીઓ છે. તેમને મારા તપ વિશેષ વડે સર્વથા ક્ષય કરી દીધી છે. માટે અંતરાય, રોગ, બાધા વિનાનો એવો હું સંપૂર્ણ કર્મોનો ક્ષય કરીને મુક્તિના દ્વાર પર આવીને ઉભો છું તેથી હું સર્વથા અવ્યાબાધ છું.

## પ્રાસુક આહાર એટલે શું ?

હે સોમિલ! બગીચામાં, ઉધાનમાં, દેવકુળોમાં, પ્રપાઓમાં, સ્ત્રી-પશુ કે નપુંસક વિનાનાં સ્થાનોમાં હું સુખરૂપ અને સ્વસ્થ રહું છું તે માટે આ જ મારો પ્રાસુક આહાર છે.

ઉપર્યુક્ત જવાબો સાફ, સ્પષ્ટ અને ખુલાસાવાર હોવા છતાં સોમિલ આજે નિર્ણય કરીને જ આવ્યો હશે કે કાં તો

મહાવીરનું શિષ્યત્વ સ્વીકારૂં અથવા મહાવીરને નિરુત્તર કરીને મારી જયપતાકા ફરકાવું. એમ સમજીને ફરીથી તેણે નીચે પ્રમાણે પ્રશ્નો કર્યાં છે.

## સરિ સવય શું ભક્ષ્ય છે?

કેવળજ્ઞાનના માલિકને તેની વક્રતા જાણતાં વાર ન લાગી છતાં પણ નાસ્તિક–મિથ્યાત્વી કે વક્ર આદિ વિશેષણોથી તેને નવાજ્યો નથી, પણ સ્યાદ્વાદ ભાષાનો આશ્રય લઈ અથવા શ્લિષ્ટ ભાષાનું મર્મ જાણીને ભગવંતે કહ્યું કે હે સોમિલ! ‘સરિ સવયા’ શબ્દના બે અર્થ થાય છે: (૧) સરસવ (૨) સમાન વયનો મિત્ર. તેમાંથી તમારા બ્રાહ્મણ સૂત્રોમાં બીજો અર્થ કરાયો છે. તે મારા માટે અભક્ષ્ય છે, એટલે ખાવા લાયક નથી, કેમ કે પંચેન્દ્રિય જીવોને મારીને તેમના માંસ સૌને માટે અભક્ષ્ય જ હોય છે, અને ખાસ કરી દેવ જેવા માનવોને માટે વિશેષ પ્રકારે અભક્ષ્ય છે. પરંતુ ધાન્ય વિશેષ અર્થ ‘સરસવ’ થાય તે અમારા માટે ભક્ષ્ય છે. તેમાં પણ તે સરસવ અગ્નિ આદિ શસ્ત્રથી અચિત (જીવ વિનાના) થઈ ગયા હોય, તે ભક્ષ્ય છે, અને તેમાં પણ એષણીય એટલે યાચના કર્યા પછી મળ્યા હોય તે ભક્ષ્ય છે, કેમ કે જૈન મુનિને તૃણથી લઈને સંસારની કોઈ પણ વસ્તુ માંગ્યા વિના લેવાની નથી હોતી. અદત્તાદાનના પાપ માટે કે વ્રતના ભંગ માટે સચિત, અનેષણીય અને યાચના કરતાં ન મળે તે કોઈ પણ પદાર્થ મુનિને માટે નિષેધ છે. માટે તું સમજ.

## શું માષ ભક્ષ્ય છે?

ભગવંતે કહ્યું કે હે સોમિલ! તારા બ્રાહ્મણ સૂત્રોમાં માષ શબ્દના બે અર્થ છે: (૧) માષ એટલે માસ (મહિના)

અને બીજો અર્થ અડદ ધાન્ય વિશેષ થાય છે. આમાંથી શ્રાવણ, ભાદ્રપદ, આસો, કાર્તિક, માગશર, પોષ, માઘ, ફાલ્ગુન, ચૈત્ર, વૈશાખ, જેઠ અને આષાઢ રૂપે જે બાર મહિના છે, તે શ્રમણોને માટે અભક્ષ્ય છે કેમકે તે કાળ માસ છે.

નોંધ :-આજે કાર્તિક સુદિ ૧ થી નવા વર્ષનો પ્રારંભ થાય છે. તેમ સંભવ છે કે મહાવીરસ્વામીના સમયમાં શ્રાવણ મહિનાથી મહિનાઓની ગણત્રી થઈ હોવી જોઇએ. અન્યથા કાર્તિકને આદિ ન કહેતા શ્રાવણથી મહિના શા માટે ગણ્યા ? તથા જે દ્રવ્ય માષ છે તે બે પ્રકારે છે. ( ૧ ) અર્થ માષ ( ૨ ) ધાન્ય માષ. તેમાં અર્થ માષ પણ સુવર્ણ અને રજત રૂપે બે પ્રકારે છે, અહીં માષ એટલે માપ સમજવો જે ૮ રતિનો એક માષ થાય છે. તે બંને પ્રકારના સુવર્ણ અને ચાંદી રૂપ માષ જૈન સાધુને સર્વથા અભક્ષ્ય છે. જ્યારે ધાન્ય માષ અડદ છે તે ભક્ષ્ય છે. તેમાં પણ જે અચિત હોય, એષણીય હોય અને યાચનાથી મળ્યા હોય તે જ ભક્ષ્ય છે, બીજા નહી.

## શું કુલત્થા ભક્ષ્ય છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે ' બ્રાહ્મણ શાસ્ત્રોમાં તેના બે અર્થ છે ( ૧ ) કુલત્થા-કુલીના સ્ત્રી ( ૨ ) કળત્થી ધાન્ય વિશેષ. કુલીન સ્ત્રી પણ ત્રણ પ્રકારે છે. કુલ કન્યા, કુલ વધૂ અને કુલ માતા, એટલે કોઈપણ ખાનદાનમાં જન્મેલી કન્યા, સધવા અને માતા ( વૃદ્ધ-વિધવા-આદિ સ્ત્રી ) આ ત્રણે પ્રકારની અને ઉપલક્ષણથી કોઈપણ સ્ત્રી-ચિહ્ન ધરાવવા નારી-સ્ત્રી તથા લાકડી-માટી આદિની બનેલી પુતળી, કાગળમાં ચિત્રકારે ચિતરેલી સ્ત્રી આ બધી સ્ત્રીઓ જૈન શ્રમણને માટે અભક્ષ્ય એટલે અસ્પૃશ્ય, અચિન્તનીય, અમનનીય અને અવ્યવહરણીય

હોવાથી ત્યાજ્ય છે. જ્યારે ધાન્ય વિશેષ કળત્થી-પૂર્વની જેમ ભક્ષ્ય જાણવી.

## સોમિલના આત્મ વિષયક પ્રશ્નો :

હવેના પ્રશ્નોથી આપણને ભગવાન મહાવીરસ્વામીના સમયના પાંડિત્ય ગર્વિષ્ઠ, વાદ-વિવાદ-વિતંડાવાદ-જલ્પ તર્ક-છલ-હેત્વાભાસ આદિથી એક બીજાને પરાસ્ત કરવામાં તે સમયના પંડિતો કેવા દાવપેચ રમી રહ્યાં હતાં તેનો ઐતિહાસિક પરિચય થશે, જે જ્ઞાનવૃદ્ધિનું કારણ છે.

માણસના જીવનમાં જ્યાં સુધી મિથ્યાત્વના તાવની અસર હોય છે, ત્યાં સુધી તેનું જીવન-વચન અને વ્યવહાર પણ વક્ર જ હોય છે. જેનાથી દેશ તથા સમાજને ભયંકર નુકશાન થવા ઉપરાંત જાતિ વાદ કે સંપ્રદાયના વિષચક્ર પણ કાળા નાગની જેમ ફૂંફાડા મારતા હોય છે.

ભગવાન મહાવીરસ્વામી સર્વજ્ઞ છે, સર્વદર્શી છે, આ બધી દીવા જેવી સ્પષ્ટ વાતો હોવા છતાં સોમિલના પ્રશ્નોમાં યદ્યપિ જિજ્ઞાસા હોઈ શકે છે. પણ જે જિજ્ઞાસામાં વક્રતા હોય ત્યાં માનવના જીવન કવનની શી દશા ?

સોમિલ પૂછે છે કે હે પ્રભો ! આપ એક છો ? બે છો ? અક્ષય છો ? અવ્યય છો ? સારાંશ કે ભગવાન યદિ પોતાનામાં એકતાનો એટલે કે 'હું એક છું' આવો એકરાર કરી લે તો શ્રોત્ર આદિ વિજ્ઞાનોનો અને અવયવોમાં રહેલ અનેકપણાને સિદ્ધ કરી ભગવાનના એકત્વનું ખંડન બરાબર કરી શકીશ. યદિ 'હું બે છું' આમ ભગવાન કહેશે તો પ્રથમ કહેલા એકત્વવાદ સાથેનો વિરોધ બતાવીને પણ તેમને નિરુત્તર કરી

દઇશ. ત્યાર પછી યદિ એમ કહેશે કે 'હું અક્ષય છું, અવિનાશી છું' તો તેમને પૂછીશ કે અત્યાર સુધી તમે અનંતીવાર જન્મ્યા અને મર્યા છો અને અક્ષય તથા અવિનાશીમાં તો જન્મ અને મૃત્યુ થતા નથી, માટે તમારૂં અક્ષયત્વ અને અવિનાશીત્વ આશ્ચર્ય પમાડે તેવા છે. કેમ કે પોતાના મૂળ સ્વભાવનો ત્યાગ કર્યા વિના કોઈ પણ અવ્યય હોતો નથી અને પર્યાયોથી તો સર્વે વ્યય છે. તેથી મહાવીર અવ્યય છે તે કેમ માની શકાય? અને એક રૂપે પણ કોઈ સ્થિત હોતો નથી માટે મહાવીરસ્વામી યદિ કહેશે કે 'હું અવસ્થિત છું' તો મારો જવાબ રહેશે કે પ્રત્યેક પદાર્થોમાં રૂપાંતર થતો હોય ત્યારે કોઇની અવસ્થિતતા કેટલી? આમ તર્કો દ્વારા હું ભગવાનને નિરુત્તર કરી દઇશ.

અક્ષય, અવ્યય અને અવસ્થિત આ પ્રશ્નો આત્માનો નિત્ય પક્ષ લઇને કર્યા છે.

હવે અનિત્ય પક્ષ લઇને પૂછે છે કે હે પ્રભો! આપ શ્રીમાન અનેક ભૂત–ભાવિ અને વર્તમાન પર્યાયવાળા છો? અનિત્ય પક્ષ સ્વીકારીએ તો જ આત્માના ભૂતકાલીન પર્યાયો, વર્તમાન પર્યાયો અને ભવિષ્યમાં થનારા પર્યાયોની સંગતિ બની શકે છે. તે વિના એક જ આત્મા-ભૂત–ભાવિને પર્યાયોને કેવી રીતે પ્રાપ્ત કરશે?

સોમિલની માનસિક અવસ્થાનો ખ્યાલ કરીને ભગવંતે કહ્યું સોમિલ! સંસારમાં આવા શાબ્દિક વિતંડાવાદો જ્યાં સુધી ઉપશમિત થતા નથી ત્યાં સુધી માનવ સૌમ્ય, સામ્ય અને સમાધિસ્થ થતો નથી. અભિગૃહિત મિથ્યાત્વના પ્રભાવથી સમજદાર માણસ પણ કેવળ શબ્દોની વ્યુહ રચનામાં ગોઠવાઇને તત્વના અસલિયતથી હજારો માઇલ દુર રહે છે, અને

સ્વાર્થ સધાય તેવા અર્થની તરફ આંખમીંચામણા કરીને શબ્દોની પકડમાં ફસાય છે અને પોતાનું અહિત કરે છે. માટે સોમિલને સ્યાદ્વાદની ભાષામાં જવાબ દેવો જોઈએ. માણસ માત્ર એક બીજાથી ઉચ્ચારેલા શબ્દોનો આશય સમજે તો સંસારમાં અમૃતતત્વનો પ્રાદુર્ભૂત થતાં સામાજિક જીવન વિષ-મુક્ત બનવા પામશે. સંસારમાં સામેવાળો માણસ મિથ્યાત્વ, માન, કે અવિનયની અસર તળે દબાયેલો હોવાથી તે તેવી રીતના જ શબ્દોનો પ્રયોગ કરશે, એટલા માત્રથી તેની સાથે વાગ્યુદ્ધ કે વિતંડાવાદ કરવાની આવશ્યકતા નથી. માટે પ્રત્યેક પ્રસંગ સમજુતી પૂર્વક હલ કરવાથી જીવનને આનંદ અને સંસારને સત્ય તત્વની પ્રાપ્તિ થશે.

માણસનાં આંતર્ જીવનમાં વસ્તુને સમજવાનો અપેક્ષા-વાદ નહી હોવાના કારણે સામેવાળાની સારી વાતને પણ પહેલે તબક્કે ખોટી અને પૂર્વગૃહીત માની લે છે, ફળસ્વરૂપે વિતંડા વાદથી વિતંડાવાદ, પૂર્વગ્રહથી પૂર્વગ્રહ અને છલ–પ્રપંચ કે ઝગડાની આદતમાંથી ઝગડા જ ઉભા થાય છે.

કેટલીકવાર માણસના મસ્તિષ્કમાં સ્યાદ્વાદ સમજવાની શક્તિ હોય છે, પરંતુ મસ્તિષ્ક અને હૃદય આ બંને જુદા જુદા હોવાથી જ્યાં સુધી કોઈ પણ વાત હૃદયના અણુમાં ઉતરવા ન પામે ત્યાં સુધી મસ્તિષ્ક શક્તિઓના ગમે તેટલા વિકાસથી પણ સંવાદનો જન્મ થતો નથી. કોઈક સમયે મસ્તિષ્કથી સમજેલી વસ્તુ હૃદય પાસે પહોંચી શકે છે અને તેને માનવા માટે હૃદયની તૈયારી પણ હોય છે. પરંતુ હૃદયના કોઈ ખૂણામાં અમુક વસ્તુ નીમાયા, પોતાને સત્ય મનાવવાની દાનત, બીજાને પરાસ્ત કરી દાવપેચ રમવાની પોતાની જુની આદતો, સત્તાવાદનો મોહ કે પોતાનો ઉત્કર્ષ બતાવવા માટેની

પૂર્વતૈયારી વગેરે કેટલાય અભિગૃહીત મિથ્યાત્વના સૈનિકોનો જોર એટલો બધો જબરદસ્ત હોય છે, જેનાથી પોતે સ્યાદ્વાદ-નય-પ્રમાણ આદિ તત્વો સમજી શકે અને બીજાને સમજાવી શકે પણ પોતાના જીવનમાં ઉતારીને-મિથ્યાત્વના તાવને ભગાડી શકવા માટે સમર્થતા આવી શકતી નથી.

પંડિતોના-મહાપંડિતોના જીવનની એ જ મોટી કરૂણતા છે, જેના અભિશાપે સંસારને શાન્તિ-સમાધિની બક્ષીસ મળવી જોઈતી હતી તેના બદલે ક્લેશ-વૈર-વિરોધ અને જબરજસ્ત વાગ્યુદ્ધની બક્ષીસ મળવા પામી છે. માટે જ હૃદયમાં રહેલાં ગંદા તત્વોથી અમૃત નીકળતું નથી. કેમકે કઢી પીનાર માણસને દૂધપાકનો ઓડકાર શી રીતે આવે ?

સ્યાદ્વાદનો અર્થ સાપેક્ષવાદ-અનેકાંતવાદ છે, કેમકે ભૂત-ભાવી અને વર્તમાનના પર્યાયોની અનંતતાવાળા-દ્રવ્યોનો નિર્ણય જૂદી જૂદી અપેક્ષાએ કરવાનો હોય છે અને ત્રણેકાળના અનેક પર્યાયો તે દ્રવ્યમાં વિદ્યમાન છે. પૂછનાર પણ એક જ આશયથી પૂછતો નથી કેમ કે તેની જિજ્ઞાસા અનેક અને સાપેક્ષ હોય છે, તેથી જવાબદાતા સામેવાળાની વાતને બરાબર સાંભળીને, વિચારીને પછી જ તેનો જવાબ દેવો જેથી બીજા વાદ-વિવાદનો અવસર જ સમાપ્ત થઈ જાય.

સ્યાદ્વાદ કોઈ ધર્મ નથી, જેનાં કારણે તેની આદિ, અનાદિનો પ્રશ્ન ઉપસ્થિત થઇ શકે. આદિનાથ-ઋષભદેવે પણ સ્યાદ્વાદની જ ભાષા બોલી હતી અને મહાવીરસ્વામીએ આજ ભાષાનો વ્યવહાર કર્યો છે. સ્યાદ્વાદનો અર્થ એ છે કે દ્રવ્યમાં અસ્તિત્વ રૂપે રહેલા પર્યાયોને અસ્તિ રૂપે અને નાસ્તિત્વ રૂપે રહેલા પર્યાયોને નાસ્તિ રૂપે કહેવા છે. એટલે કોઇપણ પ્રસંગને

સાપેક્ષ દૃષ્ટિએ બોલવા જેથી વિદ્યમાન પર્યાયનો નિષેધ કરવાનો પ્રસંગ પણ ન આવે અને અત્યારના સમયે પર્યાયોની નાસ્તિ છે માટે તેમનાં નાસ્તિત્વનો પણ નિષેધ કરવો ન પડે.

ભગવાન મહાવીરસ્વામીએ સોમિલના પ્રશ્નોના જવાબ ફરમાવતાં કહ્યું કે હે સોમિલ! 'હું એક પણ છું.' 'હું બે પણ છું'–અવિનાશી, અક્ષય પણ છું, અને ભૂત–ભાવી તથા વર્તમાન પર્યાયોના પરિણામવાળો પણ છું. સ્પષ્ટ જવાબ હોવા છતાં તેનાં મનમાં હજી પણ શંકા છે કે આવું શી રીતે બને? જે એક જ છે તે બે કઇ રીતે? અને જો બે હોય તો એક શી રીતે? પર્યાયોમાં વિચરનારો અક્ષય કેવી રીતે? અને જો અક્ષય હોય તો ક્ષય પામ્યા વિના ભૂત–ભાવી અને વર્તમાનના પર્યાયોમાં શી રીતે પરિણામ પામે? આ બધી જંજાળમાંથી બચવાને માટે પ્રભુને પૂછયું કે હે પ્રભો! આપશ્રીએ એક બીજાથી સર્વથા વિરોધ રાખનારી વાત કહી તે શી રીતે સંગત થાય?

ભગવંતે કહ્યું કે હે સોમિલ! આ પ્રત્યક્ષ દેખાતા સંસારનો નિર્ણય કેવળ શાસ્ત્રોના પાના ફેરવવા માત્રથી થવાનો નથી. આજ સુધી તમે કેટલાય શાસ્ત્રો ગોખ્યા, ચર્ચ્યા અને કંઠસ્થ કરીને બેઠા છો! તો પણ તેમાંથી માખણ કાઢી શકયા નથી. માટે તમારા માનેલા શાસ્ત્રોને એક બાજુ રહેવા દઇને સંસારની કોઇ પણ વાતને, પ્રસંગને અપેક્ષા બુદ્ધિથી સમજવાનો પ્રયાસ કરશો તો કંઇક તત્ત્વ પામી શકશો. બેસો ત્યારે હું તમને આ બધી વાતો સમજાવું છું.

## જીવમાં એકત્વની સિદ્ધિ :

મેં કહ્યું હતું કે 'હું એક છું' આ જવાબમાં એના

આશયને સમજવાની જરૂરત છે. પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ અને વનસ્પતિ આદિ જૂદી જૂદી જાતના દ્રવ્યો હોવા છતાં 'દ્રવ્યત્વ'ની અપેક્ષા રાખીને 'દ્રવ્ય એક છે' આમ સંગ્રહનયની ભાષામાં પ્રત્યેક જન બોલે છે અને સામેવાળો તેનો ભાવ સમજી લે છે. તે જ પ્રમાણે 'હું એક છું' આમાં પણ જીવ દ્રવ્યની અપેક્ષા સમજી લેવાની છે. યદ્યપિ જીવમાં અસંખ્ય પ્રદેશ રહેલા છે તો પણ તેમની અનેકતાનો આશ્રય લીધા વિના કેવળ જીવદ્રવ્યની અપેક્ષાએ જીવ એક છે.

આ સંસાર એક વ્યક્તિનો નથી પણ અનેકાનેક દેશ, જાતિ, ધર્મ અને ભાષાઓથી વ્યાપ્ત થયેલા આ સંસારના વ્યવહારનો કેવળ પોતાના મનઘડંત શાસ્ત્રોના પાનાઓથી નિર્ણય કરવા જતાં સંસારનો કેટલોક વ્યવહાર જે અનપવર્તનીય છે, તેમાં વિરોધ ઉભો થતાં બગડી જશે, જે કોઈને પણ ઇચ્છનીય નથી. માટે સંસારના વ્યવહારનું યથાર્થ જ્ઞાન મેળવવાને માટે 'અસત્યામૃષા' એટલે કે વ્યવહારમાં બોલાતી અને સત્યસ્વરૂપે સમજાતી ભાષાનો પણ પ્રયોગ કરીએ તો માનવ સમાજના ઘણા ઝગડા પોતાની મેળે જ સમાપ્ત થયા વિના રહેતા નથી.

## જીવમાં અનેકત્વાદિની સિદ્ધિ :

ઉપર પ્રમાણે દ્રવ્યત્વની અપેક્ષાએ 'જીવ' એક હોવા છતાં પણ સ્વભાવોની ભિન્નતાનાં કારણે જીવોમાં ભેદ પડે તો પણ કોઈને કંઈ પણ બાધા આવવાની નથી. કેમ કે જીવના સ્વભાવો એક સમાન ન હોવાના કારણે મેં કહ્યું હતું કે 'હું બે છું' એટલે કે જ્ઞાન અને દર્શનની અપેક્ષાએ મારા બે સ્વરૂપ હોવાથી 'હું બે છું' કહેવાયું છે. યદ્યપિ જીવ દ્રવ્ય

છે અને જ્ઞાન દર્શન ગુણ છે તેથી તેમાં ભેદ સ્પષ્ટ દેખાય છે, પરંતુ ભૂલવું ન જોઈએ કે ગુણો હંમેશા દ્રવ્યાશ્રિત જ હોય છે 'द्रव्याश्रिता गुणाः' અર્થાત્ ગુણ વિના ગુણી હોતો નથી અને ગુણીમાં ગુણોની હાજરી ત્રિકાળાબાધિત છે. માટે આત્મ દ્રવ્યની સાથે જ્ઞાનાદિ ગુણોની કથંચિત્ અભિન્નતા પણ સ્વીકાર્ય છે. આપણે જાણીએ છીએ કે જ્ઞાન અને દર્શન ગુણો ચૈતન્ય સ્વરૂપ જીવમાં જ હોય છે. જડમાં કોઈ કાળે પણ હોતા નથી. આ કારણે આત્મા જ્ઞાનમય અને દર્શનમય છે. તેમ છતાં પણ ઉપયોગના સમયની ભિન્નતા હોવાથી કોઈક સમયે આત્મા જ્ઞાન સ્વરૂપ છે અને કોઈક સમયે દર્શન સ્વરૂપ છે. કેમ કે બંને ઉપયોગો સાથે હોતા નથી, કદાચ તને શંકા થઈ શકે છે કે વસ્તુનું વિશેષ ગ્રાહિત્વ જ્ઞાનમાં છે અને સામાન્ય ગ્રાહિત્વ દર્શનમાં છે. તો આ બંને જૂદા જૂદા સ્વભાવના ગુણો એક આત્મામાં શી રીતે રહી શકતા હશે? જવાબમાં એમ કહેવાયું છે કે અપેક્ષા બુદ્ધિને સમજ્યા વિના શાસ્ત્રોના અર્થો મનઘડંત કરવાથી માનવની બુદ્ધિમાં ભ્રમ, વિતંડાવાદ, સંશયવાદ અને વિપરીત વાદિતાની ઉત્પત્તિ થયા વિના રહેતી નથી.

એક દ્રવ્યમાં એક–બે નહી પણ અનંતાનંત ધર્મો પણ બુદ્ધિગમ્ય છે, જેમ એક જ માનવમાં પોતાના પિતાની અપેક્ષાએ 'પુત્રત્વ' ધર્મ વિદ્યમાન છે, તેમ પોતાના પુત્રની અપેક્ષાએ 'પિતૃત્વ' ધર્મ પણ શી રીતે નકારી શકશે? આ પ્રમાણે દ્રવ્યમાં અનંત પર્યાયો( ધર્મો )ની વિદ્યમાનતાની સિદ્ધિ અપેક્ષા દૃષ્ટિથી શક્ય બની શકે છે. ( બીજા ભાગમાં આ વિષય વિસ્તારથી ચર્ચાઇ ગયો છે. )

'અક્ષય પણ છું' આનો આશય આ છે કે જીવ અસંખ્યય પ્રદેશી છે અને તે પ્રદેશોમાંથી એક પણ પ્રદેશ કોઈકાળે

જીવથી છુટો પડતો નથી, માટે પ્રદેશોની અપેક્ષાએ જીવ અક્ષય છે. આ પ્રમાણે અવ્યયની કલ્પના પણ જાણી લેવી.

## જીવ અનિત્ય પણ છે :

જીવનો અનિત્ય પક્ષ લઈને જવાબ આપતાં ભગવતે કહ્યું કે હે સોમિલ! ભૂતકાળમાં અનેકાનેક ભવોના પર્યાયોનો ઉપયોગ મારા આત્માને થયો છે. જે મારા આત્માથી જુદો નથી, યાવત્ સીતેર કોડાકોડી સાગરોપમના અસંખ્યાત કે અનંત ભવોના ભાવોનો ઉપયોગ આત્મામાં આજે પણ વિદ્યમાન છે. તેમ વર્તમાનકાળના પર્યાયોનો ઉપયોગ પણ છે અને ભવિષ્યકાળના પર્યાયોનો ઉપયોગ પણ આ જીવ જ કરશે. માટે ત્રણે કાળના પર્યાયોનો ઉપયોગવંત હોવાથી મેં કહ્યું કે ભૂત-ભાવી અને પર્યાયવાળો છું.

કદાચ તને આત્માની અનિત્યતા માટે શંકા થશે તો પણ હે દ્વિજ વર! તું ચિંતા કરીશ નહી. અત્યાર સુધીનો ઇતિહાસ તારી આંખો સામે તરવરી રહ્યો છે કે આત્માને એકાંતે નિત્ય માનનારાઓ અને અનિત્ય માનનારાઓમાં ધુરંધર પંડિતો છે. જેમના ડંડાડંડી-મુષ્ટા-મુષ્ટીના યુદ્ધોથી આખોએ ભારત દેશ કંટાળી ગયો છે. આ પંડિતો જ્યારે સામસામા થઈને એક બીજાને ગાળો ભાંડે છે, ગંદા શબ્દો અને અનાર્ય માણસ પણ ન બોલી શકે તેવા બીભત્સ શબ્દો બોલે છે, ત્યારે હું તને પૂછુ છું કે આવી પંડિતાઈ કે શાસ્ત્રોની ભાષા દેશને માટે શા કામની? ખૂબ યાદ રાખજે કે આ દેશમાં પંડિતો ઓછા છે, શ્રીમંતો અને સત્તાધારીઓ પણ ઓછા છે, જ્યારે વચલો મધ્યમ વર્ગ પોતાના પેટની ચિંતામાં

ટાંટીયા ઘસતો રાત દિવસ પસાર કરી રહ્યો છે, ત્યારે પંડિતો, શાસ્ત્રજ્ઞો, તત્વજ્ઞોની લડાઈ દેશને રસાતળમાં લઈ જનારી બને છે.

આત્માને એકાંતે નિત્ય માનનારો કે અનિત્ય માનનારો જૂઠો છે કેમ કે આત્મા એકાંત નિત્ય પણ નથી, તેમજ અનિત્ય પણ નથી. આ વાત વાગ્યુદ્ધના રણમેદાને ચડેલા તમારા જેવા પંડિતોને કોણ સમજાવે! યાદ રાખજે આ સંસારમાં કોઈપણ દ્રવ્ય પર્યાય વિનાનો નથી, તેમ પર્યાય વિનાનું દ્રવ્ય પણ નથી. આ બંનેનો સંબંધ 'સમવાય'ના કારણે ભાડુતી નથી પણ અનાદિકાળથી બંને તાદાત્મ્યરૂપે છે. કેમ કે પર્યાય વિનાનું દ્રવ્ય સંસારને કયારેય પણ કામે આવ્યું નથી, તેમજ દ્રવ્ય વિના પર્યાયોની વિદ્યમાનતા ગધેડાના સિંગડા જેવી એટલે કે નથી જ. આ પ્રમાણે દ્રવ્ય માત્ર જ્યારે પર્યાયાત્મક છે ત્યારે પ્રત્યેક વસ્તુની વિચારણામાં આ બંને દૃષ્ટિકોણોને ખ્યાલમાં લીધા વિના સંસારની એકેય ચર્ચાનો અંત કોઈ કાળે આવ્યો નથી. માટે દ્રવ્યની ચર્ચા દ્રવ્યાયિકનયે કરવી અને પર્યાયોની ચર્ચા પર્યાયાસ્તિકનયે કરવાથી વસ્તુની યથાર્થતાનું સમ્યગ્જ્ઞાન મળશે. જેનાથી જીવનમાં રહેલા ક્રોધ, લોભ, મદ, મત્સર અને મિથ્યાભિમાનાદિ આત્મિક દૂષણોનો અંત આવતા આપણો આત્મા ઉંચા સ્ટેજ પર આવી જતા વાર લાગશે નહીં.

પાલીતાણાની તળેટીના પગથિયે ઉભા રહી ગામ તરફ નજર કરતાં પ્રત્યેક ધર્મશાળાઓ અને ઝાડો ઉંચા નીચા દેખાશે, પણ ૧૦૦–૧૫૦ પગથિયા ઉપર ગયા પછી ગામને જોવાથી બધાએ એકાકાર દેખાશે. તેવી રીતે જ્યાં સુધી માનવના મનમાં લડાઈ ઝગડાના સંસ્કારો મટ્યા નથી કે મટાડવા માટે તૈયારી કરી નથી ત્યાં સુધી સંસારના જીવોમાંથી કેટલાક સમ્યક્ત્વી, કેટલાક મિથ્યાત્વી, નાસ્તિક, આસ્તિક આદિ પોત

પોતાની દૃષ્ટિ પ્રમાણે સૃષ્ટિ દેખાશે. વસ્તુતઃ આસ્તિક, નાસ્તિક, સમ્યક્ત્વી કે મિથ્યાત્વી કોણ હશે તે પરમાત્મા જાણે. માટે જ અભિગૃહીત મિથ્યાત્વના નશામાં ચકચૂર બનેલો માનવ સત્ય નિર્ણય ન કરી શકવાને કારણે કોઇની સાથે સંધિ કરી શકતો નથી. ફળ સ્વરૂપે તેનું આખુંયે જીવન કલેશ-કંકાસમાં પૂર્ણ થાય છે.

પરંતુ સૌથી પહેલા કષાયોને મારવાનું શિક્ષણ લેનાર ભાગ્યશાળી જ્યારે ઉંચી સ્થિતિએ પહોંચે છે ત્યારે સૌ જીવોમાં કંઇને કંઈ સારાપણું તેને જોવામાં આવતા પ્રત્યેક જીવને પોતાના આત્માની જેમ સમજી તેની સાથે ભદ્ર વ્યવહાર કરે છે, અને ભગવંતે વિરામ લીધો.

ગારૂડી મંત્રથી નાગરાજ અને કડવી દવાથી મેલેરિયા તાવનું ઝેર જેમ મટી જાય છે, તેમ ભગવંતની યથાર્થ-સામ્ય-સૌમ્ય અને જીવ માત્રને હિત કરનારી વાણીને સાંભળીને સોમિલ સમજતો થયો કે આજ સુધી કેવળ શાસ્ત્રોના પાનાઓ ફેરવવા માત્રથી પણ જે તત્વાર્થ હું સમજી શકયો ન હતો તે આજે સમજી શકયો છું.

રાગ-દ્વેષ-મિથ્યા પ્રતિષ્ઠા કે આડંબરથી ઉત્પન્ન થયેલા ઝગડાઓ, દૃષ્ટિયુદ્ધો કે વાગ્યુદ્ધોને શાસ્ત્રોના પાનાઓથી શી રીતે વિરમિત કરી શકવાના હતાં. આમ તો હું પણ શાસ્ત્ર-વેદ-વેદાંતની પંક્તિઓના વાળની ખાલ ઉતારનારો છું. તેવી રીતે સામેવાળો પંડિત પણ છે, શાસ્ત્ર એક જ છે, પંડિત એક જ છે, શ્લોક કે ગાથા પણ એક જ છે, છતાં પણ પંડિતો શાંત થયા નથી. પ્રત્યુત વૈરથી વૈર, ક્રોધથી ક્રોધ, મિથ્યાડંબરથી મિથ્યાડંબર વધ્યા અને સંસારના માનવો નથી નાસ્તિક કે નથી મિથ્યાત્વી. પરંતુ શાસ્ત્રોના પાનાઓમાં જ ગોથા ખાનારા પોથા પંડિતો-મહા પંડિતો જ મહા મિથ્યાત્વી છે, નાસ્તિક

છે, ગુપ્ત નાસ્તિક છે અને પરમાત્માપદનો કટ્ટર વૈરી છે. આ પ્રમાણે વિચારો આવતા સોમિલ દ્વિજ દેવાધિદેવ ભગવંતના ચરણોમાં ઢળી પડ્યો અને દ્રવ્ય તથા ભાવથી ચરણ વંદન કરીને શ્રદ્ધા સંવેગનો ભર્યો તે દ્વિજ પરમાત્માને કહી રહ્યો છે કે હે પ્રભો ! આપશ્રીની યથાર્થ વાણી સાંભળીને મારૂં મિથ્યાજ્ઞાન શાંત થયું છે, કેમકે 'દૃષ્ટિ તેવી સૃષ્ટિ'. આજ સુધી હું સંસારને જીતવા માંગતો હતો, મારી પ્રતિષ્ઠા વધારવા માંગતો હતો, કારણ કે મિથ્યાત્વના કાળા રંગથી રંગાયેલી મારી દૃષ્ટિ સંસાર પર હતી, પરંતુ આજે મારી દૃષ્ટિ બદલાઈ અને સંસાર ઉપરથી ઉતરીને મારા આત્મા પર પડતાં જ મને જણાઈ આવ્યું છે કે " જ્યાં સુધી મારા ઉપર વિષય વાસનાની કાળી નાગણ ચક્કર મારી રહી હોય, ભોગ લાલસાની જીવતી ડાકણ મને સતાવી રહી હોય તથા કષાયરૂપી ભૂતડા જ મને સંપૂર્ણપણે ખતમ કરીને મારા પર જીત મેળવીને બેઠા હોય ત્યાં સુધી હું સંસારને શી રીતે જીતવાનો હતો ?" માટે હે પ્રભો ! આજે આપશ્રીનાં ચરણોનો સ્વીકાર કરૂં છું. આપશ્રીનું પ્રવચન સદ્દહું છું અને તેમ કરીને અત્યારે જ આપશ્રીનો અનન્ય ઉપાસક બનું છું.

હે પ્રભો ! યદ્યપિ આપશ્રીનાં ચરણોમાં અત્યાર સુધી ઘણા રાજા–મહારાજા–તલવીરો, માંડલીકો, કૌટુંબિકો, ઇભ્યો, શ્રેષ્ઠિઓ, સેનાપતિઓ અને સાર્થવાહો ઉપરાંત તેમની ધર્મપત્નીઓ, પુત્રીઓ, અને પુત્રોએ પણ શ્રદ્ધા સંવેગપૂર્વક સર્વવિરતિ ધર્મને સ્વીકારી કૃતકૃત્ય થયા છે, તેમ છતાં પણ હું સર્વવિરતિ ધર્મ સ્વીકારવા માટે સમર્થ નથી, તો મારા માટે શ્રાવક ધર્મનો યથા યોગ્ય ઉપદેશ આપીને કૃતકૃત્ય કરશો તેવી મારી માંગણી છે.

## દેશ વિરતિ ધર્મ :

ભગવાન મહાવીરસ્વામી કહે છે કે, સોમિલ ! આ સંસારના જે જીવો પાપોની વિરતિ સર્વાંશે કરી શકતા નથી તેઓએ પોતાની શક્તિ, પરિસ્થિતિ અને આંતર જીવનની મર્યાદાનો ખ્યાલ રાખીને દેશ વિરતિ ધર્મ સ્વીકારવો જોઈએ. સૂક્ષ્મ કે બાદર શરીરમાં અનંતાનંત જીવો સંસારમાં રહેલા છે. તેમાંથી કેટલાક જીવોને આપણે જાણી અને જોઈ શકતા નથી, કેમકે તેઓ ઓછામાં ઓછી જ્ઞાનશક્તિવાળા અને પાપકર્માની પ્રચૂરતાવાળા છે, જ્યારે તારતમ્યભાવે વધતી શક્તિવાળા અને પુણ્યવાળા ત્રસ જીવો છે. આ પ્રમાણે સ્થાવર અને ત્રસ જીવોથી પરિપૂર્ણ સંસાર છે જેમાં આપણા આત્માએ અનંત ભવો પૂરા કર્યા છે.

વ્યવહાર નયે પરજીવોની હત્યા અને નિશ્ચયનયે પોતાના આત્માની હત્યા જે ભયંકરમાં ભયંકર પાપકર્મ છે, તેનાથી વ્યાપ્ત બનેલા આત્માની મુક્તિ શી રીતે થાય ? તેવી વિચારણા અને આચરણા કરવી તે જ ધર્મ છે. પાપોની સંખ્યા અઢારની છે, આમ તો જીવના જેટલા અધ્યવસાયો છે પાપ પણ તેટલા જ છે, પરંતુ સૌનો સમાવેશ અઢારની સંખ્યામાં થઇ જાય છે. તેમાંથી પહેલાનાં પાંચ પાપ દ્રવ્ય પાપ છે અને પાછળના ભાવ પાપ છે. આત્માને માટે બંને પાપો ખતરનાક હોવાથી તેનો ત્યાગ કરવો તે આત્માની મોક્ષાભિલાષીણી પુરુષાર્થ શક્તિને આભારી છે. મન–વચન અને કાયાથી, કરવું–કરાવવું અને અનુમોદવું રૂપ ત્યાગ તે સર્વ વિરતિ કહેવાય છે. પરંતુ બધાએ જીવોની આત્મશક્તિ તથાપ્રકારની ન

ન હોવાથી તે પાપોનો ત્યાગ. પોતાની પરિસ્થિતિને વશ થઈ અમુક અંશે કરે છે તે દેશવિરતિ કહેવાય, જેના બાર ભેદ છે. પ્રારંભના પાંચ અણુવ્રતો અને ત્રણ ત્રણ ગુણવ્રતો દ્વારા નવા પાપો અટકે છે. પણ ફરીથી તે પાપો ન થવા પામે તે માટે ભાવ પાપોને રોકવા ચાર શિક્ષાવ્રતો છે. આનાથી ક્રમે ક્રમે જીવને આધ્યાત્મિક શિક્ષણ મળે છે, જેથી ક્રોધ–માન –માયા–લોભાદિ પાપો કંટ્રોલમાં આવે છે. આત્મામાં અપૂર્વ શક્તિ ઉત્પન્ન કરવા માટે ભોગોપભોગ વિરમણવ્રતના અંતર્ગત ૧૪ નિયમોનું પણ વિધાન છે. જે જૈન શાસનની અપૂર્વ ભેટ છે. અભ્યાસ કરીને તેની ટ્રેનિંગ લેનાર માણસ ચોક્કસ કલ્યાણ પામે છે તે નિર્વિવાદ છે. હવે બારે વ્રતોને ક્રમશઃ જાણીએઃ–

## (૧) પ્રાણાતિપાત વિરમણ :

ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે, અનાદિ કાળથી જીવ મિથ્થાત્વી હોવાના કારણે ભાવ અંધત્વને પ્રાપ્ત થયેલો હતો. દ્રવ્ય અંધ એટલે આંખ વિનાનો અંધ માણસ તો બીજાના કહેવાથી કે સમજાવવાથી પણ કંઈક સત્ય સ્વરૂપ સમજી શકે છે, પરંતુ ભાવ અંધને સમજાવવા માટે કોઇની પણ શક્તિ કામ આવતી નથી. તે કારણે તેના જીવનમાં નિધ્વંસ પરિણામનું પ્રાચૂર્ય હોવાથી તેના દ્વારા કરાતી થોડી પણ હિંસા મહાભયંકર ફળદાયી બને છે. કેમકે જીવનમાં વિવેક ન હોવાથી એક જીવની હત્યા કરતાં અનેક જીવોની હત્યાનું કારણ તે બની શકે છે. તેમની જૂઠ ભાષા સદૈવ દ્રોહાત્મક, ચૌર્યકર્મ દ્રવ્ય અને ભાવ હિંસાત્મક, મૈથુનકર્મ સર્વથા નિર્દયી, અને પરિગ્રહ સંજ્ઞા મર્યાદાતીત હોવાથી ક્રોધાદિ ભાવ પાપો પણ હમેશાંને માટે ભડકેલાં જ હોય છે તેથી "પાપ એ પાપ છે" તેવું તેમને સમજવામાં આવતું પણ નથી.

આનાથી વિપરીત અરિહંતોના, તેમના મુનિઓના કે વીતરાગ પરમાત્માની મૂર્તિઓના દર્શન-વંદન નમન-પૂજન કે સ્પર્શનથી મિથ્યાત્વ પલાયન થઇને જેમને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ છે, તેમને તેવું ભાન થાય છે કે "આજ સુધી જીવ હિંસાના પાપે જ હું દુઃખી છું-રોગી છું" માટે સૌથી પહેલાં મારે જીવ હિંસાના દ્વાર બંધ કરવા જોઇએ. પણ તેમને તેવાં પ્રકારનું જ્ઞાન અથવા ચારિત્ર ધર્મની પ્રાપ્તિ થઈ ન હોવાથી સર્વથા જીવ હિંસાને છોડી દેવા માટે તે જીવ સમર્થ બની શકતો નથી. યદ્યપિ તે ભાગ્યશાળી જીવ હિંસાદિ પાપોને પાપ જ સમજે છે, પણ પોતાની લાચારીના કારણે સંપૂર્ણ હિંસાના કાર્યો ન છોડી શકવાનાં કારણે સૌથી પહેલા સર્વથા નિરર્થક હિંસા અથવા ન કરે તો પણ જીવન નિર્વાહમાં વાંધો આવતો નથી તેવી હિંસા, હિંસા કર્મો, હિંસા વ્યાપારો કે વ્યવહારોને છોડવાને માટે દઢ પ્રતિજ્ઞ બને છે અને સ્વપ્નમાં પણ જાગૃત રહીને તે પ્રતિજ્ઞાનું પાલન કરે છે. શેષ રહેલી પોતાના પેટ કે વ્યવહાર માટે કરાતી હિંસા જે સર્વથા અનિવાર્ય છે, તેમાં પણ નિર્ધ્વંસ પરિણામનો, ક્રૂરતાનો, ખાવા-પીવાની લાલસાનો, ઓઢવા પહેરવાના મોહનો, કે પુત્ર પરિવારની માયાનો ધીમે ધીમે શમન કરીને સંસારનો વ્યવહાર ઉદાસીન ભાવે ચલાવવા માટે પ્રતિજ્ઞાબદ્ધ થાય છે. જીવનના વ્યવહારમાં ક્યાંય પણ દયાનો નાશ, સમતાનો અભાવ, ઉદાસીનતામાં કમજોરી ન આવવા પામે તે માટે સમ્યક્ત્વથી દીપતો માનવ પ્રતિક્ષણે જાગરૂક રહે છે. તેમ છતાં પણ કોઈક સમયે કરેલો નિર્ણય ખ્યાલ બહાર ચાલ્યો જાય; પ્રમાદ સેવાઇ જાય, અને અજાણતાં યા બીજા કોઈ કારણે અનિચ્છાએ પણ કંઇ થઇ જાય અથવા કરવું પડે તે માટે તેનો આત્મા પશ્ચાતાપપૂર્વક લાગેલા

અતિચારોની આલોચના કરીને ફરીથી આવું કરવું ન પડે તે માટે સાવધાન રહેશે. ભગવાનની વાત સાંભળીને સોમિલે પણ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત સ્વીકાર્યું, અને પ્રાણીમાત્રમાં રહેલા દશે પ્રકારના પ્રાણોની હેલના, અવહેલના કે વિરાધના થવા ન પામે તેની મર્યાદાનો નિર્ણય કર્યો.

(૨) મૃષાવાદ વિરમણ :

મોહ માયાના નશામાં સર્વથા બેભાન બનેલા આત્માને મૃષાવાદ (જુઠવાદ)ની પકડ બહુ જોરદાર હોય છે. સંસારના ઘણા માનવોને આપણે જાણી શકીએ છીએ કે તે બીજું કંઈ પણ છોડવા માટે, લાખોના દાન પુણ્ય કરવા માટે કે વ્યવહારને સારૂં બનાવવા માટે કંઈપણ કરવું પડે તે કરવા માટે તૈયાર રહેશે પણ પોતાના જુઠ વ્યવહારને, વ્યાપારને કે, જુઠ ભાષાને છોડી દેવા માટે સમર્થ નથી બનતા. આવું થવામાં મોટામાં મોટું કારણ મિથ્યાત્વ છે. માટે જ શાસ્ત્રકારોએ મિથ્યાત્વને અંધકાર કહ્યો છે. જેની હાજરીમાં ભલભલા યોગીઓ, મહા યોગીઓ, તપસ્વીઓ કે ધ્યાનીઓ પણ પોતાની ખરાબ આદતોને સુધારી શકતા નથી, જ્યારે સમ્યક્ત્વનો પ્રકાશ મેળવ્યા પછી તેમનાં આત્મામાં પોતાની મેળે આ પ્રમાણે કાંઇક સમજણ આવશે કે 'આજ સુધી મારા અપરાધોને છુપાવવા માટે હું જુઠ બોલ્યો પણ મારૂં જુઠાપણું પ્રગટ થયા વિના રહ્યું નથી. મારા જુઠાણાને સામેવાળાએ પકડી પાડ્યું છે, માટે મારી નિંદા, હિલના, મશ્કરી–અપમાન કે માર પણ ખાવા પડે છે. આ પ્રમાણે મારી ખોટી આદતોએ અપરાધોએ જ મને દુઃખી બનાવવામાં મદદ કરી છે, માટે આજથી મારે જુઠ બોલવાનું બંધ છે અર્થાત્ ગમે તે થાય કે ગમે તેટલું સહન

કરવું પડે તો પણ આજથી મિથ્યાભાષા કે વ્યવહાર કરીશ નહિ. જાણ્યા-બુઝ્યા વિના કોઇની વાતમાં હકારાત્મક કે નકારાત્મક ભાવ પ્રદર્શિત કરીશ નહી. તેમજ નજરે જોયેલા મારા શત્રુના પાપોને પણ પ્રકાશીત કરીશ નહીં. જુઠો ઉપદેશ સાક્ષી કે કૂટલેખ (ખોટા કાગળીયા) કરીશ નહીં. આ પ્રમાણે કરીને તે ભાગ્યશાળી જૂઠ બોલવાના કુસંસ્કારોને મર્યાદિત કરે છે. તે સમયે તે સાધકને એટલું પણ સમજવામાં આવશે કે 'મારા બોલવાથી યદિ કલેશ થતો હોય, વધતો હોય, સાચી વાત કહેવાથી પણ કોઇનું હનન, મારણ કે રૂદન કરવું પડે અથવા મારા વ્યવહારથી કોઇનું પણ જીવન જોખમમાં મૂકાય કે કોઇના શાપ મને લાગે કે મારે કોઇને શાપ દેવા પડે તેવા જૂઠા વ્યવહારો હું કરીશ નહી. એમ નિર્ણય કરીને તે સોમિલે ભગવાન મહાવીરસ્વામી પાસે મૃષાવાદ વિરમણ વ્રતનો સ્વીકાર કર્યો.

પોતાની જીવિકા તૂટે નહીં, વ્યવહાર કલંકિત બને નહીં તેટલું ધ્યાન રાખીને સ્થૂલ રીતે મૃષાવાદનું વિરમણ સૌના જીવનનું કલ્યાણ કરાવનાર બને છે.

## ( ૩ ) અદત્તાદાન વિરમણ :

આંખે જ દેખતો ન હોય તેવો માણસ ઠોકર ખાઈ શકે, નીચે પડી શકે અથવા કઈ વસ્તુ કોની છે? તેનું ધ્યાન ન હોવાથી નિર્દોષ ભાવે પણ એક બીજાની વસ્તુઓને હેરફેર કરી શકે છે. તેમ છતાં પણ તે અંધને પ્રત્યેક વસ્તુનો સ્પર્શ કરાવ્યા પછી કે અમુક વસ્તુ અમુકની છે તે બાતમી આપી દીધા પછી તે અંધ માણસને ભૂલ કરતો જોવામાં આવ્યો નથી. અંધ ધોબી પણ ગામના મેલાં લુગડા લે છે, નિશાન કરે છે, તળાવે ધોવા જાય છે, ઉજળા કરે છે, અને જે કપડા જેના

હોય તેને બરાબર આપે છે. પરંતુ મિથ્યાત્વના ગાઢ અંધકારથી વ્યાપ્ત બનેલા ભાવ અંધને સુધરતા કે માર ખાધા પછી પણ ફરીથી ભૂલ ન કરતાં તમે કોઈ દિવસે જોયા છે? અર્થાત પ્રાયઃ કદી તેવું બનતું નથી કેમકે તેના રોમેરોમમાં પૂર્વભવના ચોરી કરવાના કુસંસ્કારો–એવી રીતના પડ્યાં છે જેને લઈ માર ખાશે, પોલીસોના ડંડા ખાશે, અપમાનિત થશે અને ધૂત્કાર પામશે પણ...." લખણ ન બદલે લાખા " આ ન્યાયે તેઓ ફરી ફરી ચોરી કર્યા વિના રહેવાના નથી. આવા ચોર મેલા લુગડાવાળા જ હોય છે તેવું માનવાની ભૂલ કરશો નહીં કારણકે સંસારમાં તમે જોઈ શકો છો કે મેલા કપડાવાળા ચોરી કરીને પાવલી પૈસાની જ કરશે જ્યારે ઉજળા કપડા પહેરનારા ગ્રેજ્યુએટો, ડબલ ગ્રેજ્યુએટો કેવી રીતે ચોરી કરે છે! તે તમે જાણો છો? ચોરી કરાયેલ માલમતાને ખરીદ્યા વિના, ચોરને મદદગાર બન્યા વિના, માલમાં ભેળસેળ કર્યા વિના, રાજ્ય વિરુદ્ધ કર્મ કર્યા વિના કે ખોટા તોલ, ખોટા માપ,–ચોપડા કે વ્યાજવટાવમાં ગડબડ કર્યા વિના, મિનિસ્ટરો, ડાક્ટરો,–મોટા વ્યાપારીઓ લાખો કરોડો રૂપીયા શી રીતે ભેગા કરતા હશે? અને આંખના પલકારે જ મોટર, ફ્લેટ કે ફેક્ટરીના માલિક બનીને ઘી–કેળા ક્યાંથી ખાતા હશે? દેશના લાખો કરોડો માણસોને ભૂખ્યા રાખીને અનાજની ગુણો કે તેલના ડબ્બાઓને કોઈને પણ ખબર ન પડે તેવી રીતે એક સ્થાનથી બીજે સ્થાને ગુપ્ત કેવી રીતે કરતા હશે? આ બધા કાર્યો, સાહુકારીને આભારી નથી પણ અદતાદાનને જ (ચૌર્યકર્મને) આભારી છે. માટે મારા શાસનમાં અદતાદાનને પાપ કહેવાયું છે. આ અને આના જેવી બીજી વાતોમાં આપણે એટલું જ વિચારવાનું કે ભવ ભવાંતરમાં મિથ્યાત્વના જોરે કરેલા ચૌર્યકર્મના સંસ્કારો શું કામ કરે છે?

તાવની અસર શરીરમાં હોય છે ત્યાં સુધી તેની જીભ, આંખ કે માથું પણ સ્થિર રહેતું નથી. તેવી રીતે મિથ્યાત્વને તાવની ઉપમા આપવામાં આવી છે, જેની અસરના કારણે દેવ–ગુરુ–ધર્મ–સત્ય–સદાચાર–ઈજ્જત–આબરૂ અને છેવટે પોતાની કર્મસત્તા પર (ભાગ્ય પર) પણ વિશ્વાસ રહેતો નથી. માટે તેવા જીવોને નીચે પ્રમાણે બકવાદ કરતા જોઈ શકો છો. તેઓ આ પ્રમાણે બોલે છે: "સમાજમાં બેઠા છીએ, ધર્મ કર્મ જોવા જઈએ તો શ્રીમંત ક્યારે થવાય? તેવા જીવનની કિંમત પણ શું છે? એકાદ કે બે ચાર સંસ્થાનો મેમ્બર, સેક્રેટરી, અધ્યક્ષ કે ટ્રસ્ટી બનવા ન પામું તેવું જીવન શા કામનું? મહારાજને શી ખબર છે કે અમારી વેલ્યુ પૈસાથી જ બને છે, ધર્મ કર્મથી બનતી નથી. માટે અત્યારે આંખ, કાનને બંધ કરીને પૈસો–પૈસો. ગમે તે રીતે પણ પૈસો ભેગો કરવા સિવાય બીજો માર્ગ મારી પાસે નથી;" આ પ્રમાણે બોલતા જાય છે, અને વ્યવહાર પૂરતું કાંઇક કરીને વ્યાપાર ધંધામાં પૂર્ણ મસ્ત બને છે તે સમયે તેમને મહાવીરસ્વામીનું શાસન તેના हडप्पआगे" કે "कूडतोले कूडमाणे' આ બધા સિદ્ધાંતો મશ્કરી જેવા લાગે છે.

પરંતુ સોમિલ! તું સમજ તો ખરો, ચોરી કરનાર ક્યાંય વિશ્વાસપાત્ર બન્યો નથી, કોઈની સાથે મિત્રતા ટકાવી શકતો નથી, યાવત્ પોતાની માવડી–પત્ની કે પુત્રનો પણ થતો નથી.

આ બધી વાતો સાંભળીને સોમિલે નક્કી કર્યું કે આજથી હું ચોરી કરીશ નહીં, ખોટા તોલ માપ રાખીશ નહીં, વ્યાજ વટાવ કે માલના ગોટાળા કરીશ નહીં. છેવટે પાપી પેટને માટે કરવા પડે તો દાળ–રોટી મળી ગયા પછી મારો વ્યવહાર,

વ્યાપાર, ભાષા કે તોલ માપમાંથી જૂઠાપણું સર્વથા કાઢી નાખીશ. આખરે તો માણસના પેટમાં બે રોટલા અને પહેરવાના બે કપડાં ઉપરાંત સૂવા–બેસવા કે મરવા માટે પણ ૩ાા હાથની જમીન સિવાય બીજું કંઇ પણ કામે આવતું નથી. તીજોરીમાં ગમે તેટલી સોનામહોર હોય તો તેનું 'રાઈતું' કદિ બન્યું નથી અને નોટોની ચટણી ખાવામાં કામે આવતી નથી એમ સમજીને ભગવંત પાસે "સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત" લઈને પોતાના જીવનને ઘણા પાપોમાંથી મુક્ત કર્યું.

(૪) મૈથુન વિરમણ :

અનંત ભવોની રખડપટ્ટીમાં આ જીવાત્માએ અનંત જીવો સાથેના વિલાસો માણી લીધા છે. જેના ખતરનાક કુસંસ્કારો આત્મપ્રદેશના અણુઅણુમાં પડેલા હોવાથી મદિરાપાનના નશાવાળો માણસ જેમ બેઠા બેઠા ડોલ્યા કરે છે, તેમ આ ભાઇને પણ જેમ જેમ કુસંસ્કારોનો ઉદય થાય છે તેમ તેમ મોહકર્મનો નશો વધતો જાય છે, તે સમયે માતા–પિતા –મિત્ર છેવટે હિત શિક્ષા દેનારા ગુરુ દેવોને પણ સાંભળવા માંગતો નથી.

ગૃહસ્થાશ્રમ જીવનમાં ચારે બાજુથી આવનારા ઢગલાબંધ પાપોના મૂળમાં આ મૈથુનપાપ રહેલું છે, જેનાથી તેના જીવનમાં, જીભમાં, મનમાં ફેરફાર થતા સર્વથા કંટ્રોલ આઉટ થઈને સંસારની સ્ટેજ પર બેફામ થઈને ફરતો હોય છે. ન કલ્પી શકાય તે પ્રમાણે તેની આંખના ઈશારા, બોલવાની ચાલાકી કે હાથ પગની ચેષ્ટાઓ જોવા જેવી થઇ જાય છે. કામદેવની નિશાળમાં ભરતી થયેલા આવા ભાગ્યશાળીઓ ઉપર જરા તીખી અને ઝીણી નજર કરીને તેમને તમે જોશો તો કામદેવની નિશાળના ભવાડા (કૌભાંડ) તમને પ્રત્યક્ષ જોવા મળશે.

નાના બાળક કે બાલિકાના 'બાળત્વ' સમાપ્ત થતાં જ અથવા તેના પહેલા પણ તેમનાં શરીર, અંગોપાંગ, રૂપ અને સ્પર્શ આદિથી લઇને ધીમે ધીમે તેમની આંખોમાં પણ 'માદકતા' (ભોગલાલસા)ની અસર ઉત્પન્ન થાય છે, વધે છે અને ત્યાર પછી તો આજ સુધી પોતાની માવડીને જ સર્વે સર્વા માનનારો ધીમે ધીમે તેના સકંજામાંથી સરકવા લાગે છે. તે સમયે જુઠા સોગન ખાઇને તોલી તોલીને બોલતો પોતાની માવડીને પણ ઉંધા પાટા ભણાવતો થઇ જાય છે. ત્યારે સમજવાનું સરળ થશે કે કામદેવના નશાના પ્રારંભમાં જે વ્યક્તિ પોતાની માવડી સાથે પણ છક્કા પંજા રમતો હોય તે મોટો થયા પછી પોતાના પિતા-મિત્ર, ભાઈ, બહેનને કે બીજા કોઈ વડેરાને શા માટે ગણકારશે?

સોમિલ! જ્યાં સુધી માનવને સંસાર છે ત્યાં સુધી પોતાના ઉપાર્જેલા ઋણાનુબંધને ભોગવવાને માટે બીજી વ્યક્તિનો સથવારો મેળવ્યા વિના છુટકો નથી. પરંતુ તે બંનેમાં સંબંધ કેવો હોવો જોઇએ? જેથી બંનેનો ઉત્કર્ષ સધાય અને જીવન-વ્યવહાર પવિત્ર તથા અનુકરણીય બનવા પામે. સંબંધમાં પ્રેમ અને મોહ આ બંનેમાંથી એકની પસંદગી કરવાની રહેશે. યદ્યપિ બંનેમાં મિત્રધર્મ, દાંપત્યધર્મ કે કૌટુંબિકધર્મને દેશવટો દેવાનો નથી, માટે પ્રેમ તથા મોહમાં શું તફાવત છે? તે જાણીને એક તત્વની આરાધના કરવાની રહેશે....જેમકે,

પ્રેમ સ્વયં પ્રકાશ છે, અને મોહ અંધકાર છે.

પ્રેમ ઉર્ધ્વગામી છે અને મોહ અધોગામી છે.

પ્રેમમાં સ્વાર્થ બલિદાન છે, મોહમાં તેની સાધના છે.

સ્વાર્થ બલિદાન સ્વર્ગીય જીવન છે, અને સ્વાર્થ સાધના નારકીય જીવન છે.

પ્રેમમાં મન તથા ઇન્દ્રિયો શીતળ રહે છે, જ્યારે મોહની સાધનામાં ઉશ્કેરાયેલી રહે છે.

પ્રેમમાં મૈત્રીભાવનો વિકાસ છે. મોહમાં નાશ છે.

પ્રેમમાં જ્ઞાનનું વર્ધન છે, મોહમાં હ્રાસ છે.

પ્રેમ સરળ માર્ગ છે, મોહ વક્ર માર્ગ છે.

પ્રેમ જાગૃત છે, મોહ આંધળો છે.

પ્રેમથી માયા ઘટે છે, મોહથી વધે છે.

પ્રેમથી વૃદ્ધત્વ યાવત્ મૃત્યુ અને પરભવ સુધરે છે, જ્યારે મોહ સૌને બગાડી નાખે છે.

પ્રેમને સંતસમાગમ ગમશે, જ્યારે મોહને નથી ગમતું.

ઈત્યાદિક કારણોને લઈ માનવ, બીજા માનવ સાથે પ્રેમમય સંબંધથી સંબંધિત થાય તો જાતીય દૂષણો કંટ્રોલમાં આવશે અને માનવતા વિકસિત થશે

જ્યાં સુધી કર્મોની સત્તા છે ત્યાં સુધી દાંપત્યધર્મ સ્વીકાર્યા વિના છુટકો નથી. તેમાં યદિ પ્રેમને સ્થાન દેવાની કેળવણી લઈએ તો બંનેનું જીવન ધર્મમય બનવા પામશે અને એક દિવસે ધર્મપત્ની સાથે રહેવા છતાં પણ જીવન વ્રતધારી બનશે.

વેદમોહકર્મની વિદ્યમાનતામાં કામરાગ અને સ્નેહરાગની હાજરીને કોઈ કાળે નકારી શકાય તેમ નથી. પણ બંને રાગમાં

મોહનો પ્રવેશ ન થવા દેવાય તો "कामराग स्नेहरागौ ईषत्कर निवारणौ" યદિ બંનેમાં મોહ ભળ્યો નહીં હશે તો તેઓ આસાનીથી જીતી શકાય તેમ છે. પરંતુ બંનેમાં દુર્બુદ્ધિને વશ થઈને યદિ મોહ (દૃષ્ટિરાગ)નો ઉમેરો થવા દીધો તો તમારૂં શરીર, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, વિદ્યા અને છેવટે આત્મા પણ મોહ મદિરાના પાનમાં બેભાન બનશે. તથા જેની પ્રાપ્તિમાં દાન, શિયળ, તપ અને ભાવની આરાધના કામે લાગી હતી તે બધાએ પુણ્ય કર્મો અને સત્કર્મોનું દેવાળું નીકળશે અને આત્મા દુર્ગતિનો અતિથિ બનશે.

વેદ રહિત ભગવાનની ઉપર્યુક્ત વાતોને જ્યારે સોમિલ સમજતો થયો ત્યારે આંખના પલકારે એક જ નિર્ણય તેણે કર્યો કે.... ભૂત અને ભાવીના ભવો મારા હાથમાં નથી પણ વર્તમાન ભવને યદિ અરિહંતોના શાસનમાં રંગવો હોય અને "जाइ जरा मरण सोगपणासणस्स" આ ધર્મના સંસ્કારોથી આત્માને ભાવિત કરવો હોય તો સૌથી પહેલા મારે એક પ્રતિજ્ઞા લેવી જોઈએ કે ગત ભવોના અધૂરા રહેલા સંસારની ગમે તે સ્ત્રી આ ચાલુ ભવમાં ચાહે અપ્સરા બનીને પણ આવે તો પણ તે મારી 'માતા' છે તથા તે મારી સામે ગમે તેવા લટકા–મટકા કરે કે મારા ચરણોમાં પોતાનું શરીર અને ધન અર્પણ કરે તો પણ આ ભવને માટે તે મારી 'માતા' છે. પોતાની પરણેતર (વિવાહિત) સ્ત્રીને છોડી બીજી વિધવા, કન્યા, સધવા, ત્યક્તા, ભાભી, સાળી વગેરે બધીએ સ્ત્રીઓ મારી આ ભવને માટે માવડી સમાન છે. આવો પવિત્ર ભાવ ઉત્પન્ન કરીને તથા ચાહે હું ભીખારી બનું તો પણ મારી માતાની સામે જોવાનું પાપ મારે નથી જ કરવું. આટલી

જબરદસ્ત કડક પ્રતિજ્ઞા લીધા સિવાય ભવ ભવાંતરના પાપ-સંસ્કારોને નાબુદ કરવા કોઈ કાળે પણ બચ્ચાઓનો ખેલ નથી. અગ્યારમે ગુણઠાણેથી કે ચતુર્દશ પૂર્વથી પતિત થવામાં બીજું કયું કારણ છે?

आनतादिकतुभुजां, मनोविषयसेविनाम् ।
कायेनऽस्पृशता देवीमपि क्षीणमनोभुवाम् ।।
मनूष्यस्त्रियमाश्रित्य यद्येवं स्याद्विडम्बना ।
तर्हि को नाम दुर्वारं कदर्पं जेतुमीश्वरः ।।

(લોકપ્રકાશ ૧-૩-૧૭૭)

અને જન્મ જન્મના વૈરાગી ભર્તૃહરિએ તો હાથ ઝાટકીને વિના સંકોચે કહ્યું કે:-

मत्तेभकुम्भ दलने भुवि सन्ति शूरा।
केचित् प्रचण्ड मृगराज वधेऽपि दक्षाः ।
किन्तु ब्रवीमि बलिनां पुरतः प्रसह्य
कन्दर्प दर्पदलने विरला मनुष्याः ।।

આમ છતાં પણ સોમિલ 'જે અત્યારે મહાવીરસ્વામીના ચરણોમાં બેઠો છે તે વિચારે છે કે 'દેવાધિદેવના શાસનમાં તોફાને ચડેલાં મોહકર્મને પણ મોક્ષાભિલાષિણી આત્મશક્તિ-વડે ઉપશમિત કરી શકાય છે. તે માટે એટલે કે મોહકર્મની ઉદીર્ણા ન કરવા અને ઉદયમાં આવેલાને શાંત કરવા માટે પરસ્ત્રી સાથેના મારા બધાએ સંબંધો યાવત્ ધર્મના નામથી પણ છોડી દેવામાં જ મારૂં કલ્યાણ છે, તેમ સમજીને પોતાનો ગૃહસ્થાશ્રમ શોભી ઉઠે અને ભવાંતરમાં જૈન શાસન મળવા પામે તે ખાતર અધર્મ્ય મૈથુન દ્વારને બંધ કરવો જોઈએ.

તેમ સમજીને સ્થૂલ મૈથુન પાપનું વિરમણ થાય તે માટે, પરમાત્મા પાસેથી ચોથું વ્રત સ્વીકાર કરે છે.

## મૈથુન વિરમણ વ્રત પાલવું શી રીતે ?

ખેતરને વાડની, બંગલાને ફાટકની અત્યાવશ્યકતા સૌ કોઈને માન્ય છે. તેવી રીતે ભવભવાંતરના કુસંસ્કારો જ્યારે જીવનમાં તોફાન મચાવે છે, ત્યારે જીવનના પ્રત્યેક પ્રસંગે પ્રત્યેક મિનિટે કે સેકંડે જાગૃત આત્મા જ પોતાના જીવનધનને બચાવી શકવા માટે સમર્થ બને છે. તે સિવાય સંસારની એકેય શક્તિ જીવનધનની રક્ષા માટે સમર્થ બનતી નથી.

વાતોના તડાકા મારવા એક જૂદી વાત છે અને જીવનની અસલીયત બીજી વાત છે. સંસારને પ્રત્યક્ષ કરીએ તો ખ્યાલ આવ્યા વિના રહેશે નહી કે સારામાં સારા નિમિત્તોમાં, સંત સમાગમોમાં રહેવાં છતાં પણ આન્તરવૃત્તિઓને કંટ્રોલમાં લઈ શકાતી નથી. માટે જ કહેવાયુ છે કે સાધક માત્ર જ્યાં સુધી પોતાના આત્માને જ ગુરૂ ન બનાવે ત્યાં સુધી વ્યવહાર-નયના ગુરુની અસર તે સાધક પર કોઈક સમયે પડતી હશે, પણ ઘણીવાર નથી પડતી. આ કારણે પોતાના આત્માને જાગૃત કરી સાધના કરવાવાળા સાધકને મોહરાજા પણ કંઈ કરી શકતો નથી "તુમ આણા ખડ્ગકર ગ્રહ્યો છે, તો કંઈક મુજથી ડર્યો છે." એટલે કે વીતરાગની આજ્ઞારૂપી તરવાર, જ્ઞાનરૂપી ઢાલ અને વૈરાગ્યરૂપી કવચ ( બખતર ) જેની પાસે ચોવીસે કલાક–એક કલાકની ૬૦ મિનિટ, અને એક મિનિટની ૬૦ સેકન્ડ રહેતા હશે તેનાથી બિચારો મોહરાજા અને તેના રાગ-દ્વેષ તથા કામદેવાદિ મોટા યોદ્ધા પણ દૂર જ ભાગે છે.

આ બધી વાતોની યથાર્થતા સમજ્યા પછી તે સોમિલે પરસ્ત્રીગમનરૂપ મૈથુન વિરમણને સારી રીતે પાળવા માટે નીચેના નિયમોને ધારણ કર્યા છે. કેમકે નિયમ વિના યમ (મહાવ્રત) પાળવા લગભગ અશકય છે.

(૧) મારી ધર્મપત્નીની ગેરહાજરીમાં કે બીમારીમાં મારી ઈચ્છા પૂર્ણ કરવા માટે મારા ઘરની દાસીને ભાડુ આપી તેનામાં સ્વસ્ત્રીની કલ્પના કોઈ કાળે કરીશ નહીં. કેમકે હૈયામાં દુરાચારની ભાવના વિના બીજાની સ્ત્રીમાં પોતાની પત્નીની કલ્પના થતી નથી.

(૨) અત્યારે તે સ્ત્રી પારકાની ગ્રહણ કરાયેલી નથી. ચાહે પછી તે કન્યા હોય, વિધવા હોય કે બીજી કોઈ હોય તો પણ તેમની સાથે ગમન કરવાની કલ્પના હું કરીશ નહીં. અથવા પરદેશ ગયેલા પતિના વિયોગથી વિહ્વલ બનેલી સધવા અથવા ત્યક્તા કદાચ થોડા સમય માટે મારી પત્ની બનવા માંગે તો એ તે વાત હું સ્વીકાર કરીશ નહીં.

(૩) મારી ધર્મપત્ની કરતાં પણ બીજી કન્યાઓ રૂપવતી કે મદમાતી હોઈ શકે છે. તેથી મારા મનમાં ખરાબ તત્ત્વની ઉદ્દીર્ણા થવા ન પામે તે માટે તેમના લગ્ન પ્રસંગમાં જઈશ નહીં. કેમકે રૂપાળી કન્યા જોઈને કદાચ આ ભવને માટે તેવા પ્રકારની સ્રીની પ્રાપ્તિ માટેના નિયાણા બાંધવામાં મારો જીવ અટવાઈ જાય તો ભવનો અંત થવાનો અવસર કોઇ દિવસે આવશે નહીં, એમ સમજીને કેવળ વ્યવહાર નિભાવવા પૂરતાં જ કયાંય જવું પડે તો જઇશ પણ બીજી વાતોમાં મારા મનને મક્કમ રાખીશ.

(૪) સ્વસ્ત્રીમાં પણ સંતોષ કેળવવાને માટે જે રીતે બનશે તેવી રીતે હું સ્વસ્ત્રીના સંસર્ગમાં સંયમ કેળવીશ, એટલે કે ભોગ રાત્રિ સિવાય બીજી બધી વાતે મારા મનને કંટ્રોલમાં રાખીશ, જેથી બીજા-કોઈ પ્રકારે તેની સાથે ગંદી ચેષ્ટા, ગંદુ ભાષણ, ન થવા પામે અને-થવાનો પ્રસંગ આવશે તો પણ હું ટાળવાની દાનત રાખીશ.

(૫) ભોગ રાત્રિ વિનાના દિવસ રાત્રિમાં કામની ઉત્પત્તિ ન થાય તેવા પ્રકારના મિષ્ટાન્ન, અતિભોજન, કામકથા કે ભોગવેલા પ્રસંગોને પણ યાદ કરીશ નહી. મહાવીર-સ્વામીના ધર્મની પ્રાપ્તિ થયા પહેલા જે કોઈ યાદદાસ્ત સ્થાનો, ચિત્રો, કથાઓ કે સંગીતો હશે તેને પણ ઘરમાંથી અને હૈયામાંથી દૂર કરીશ.

ઉપર પ્રમાણેના નિયમોપૂર્વક હું મારું પવિત્ર વ્રત-જે મારા જીવનમાં પ્રથમવાર જ ઉદયમાં આવ્યું છે, તેને જીવના જોખમે પાળીશ અને બ્રહ્મચારી, વ્રતધારી, તપસ્વી તથા સ્વાધ્યાયી મહાપુરુષોનો સહવાસ કરીશ.

( ૫ ) પરિગ્રહ પરિમાણવ્રત :

સ્વીકારેલી સ્ત્રી જ મોટામાં મોટો પરિગ્રહ જેનાં ભાગ્યમાં પડ્યો હોય તે સાધક બાહ્ય કે આભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરી શકતો નથી. આકાશમાં રહેલા ગ્રહોને થોડાઘણા બાકુળા આપો તલનો કે મમરાનો લાડવો આપો કે રૂમાલ માટે પણ કામમાં ન આવે તેવું લાલ-પીળું-લુગડું આપો તો પણ તે બિચારા દેનાર ઉપર-રાજી થતા ટાઇમ લગાડતા નથી.

પરંતુ જેનું પેટ કોઈ કાળે ન ભરાય, ભરાયેલા પટારા પણ ખાલી જેવા લાગે અને લાખો નદીઓના તોફાની પૂરથી સમુદ્ર જેમ તૃપ્તિ ન પામે તેવી રીતના પરિગ્રહ નામના-રાક્ષસનું પેટ પણ ભરાતું નથી. લાખો કરોડોની માલમતા ઘરમાં આવ્યા પછી તમારી આશા અને તૃષ્ણા આકાશની જેમ, અથવા મોઢું ઉઘાડું રાખીને બેઠેલી રાક્ષસીની જેમ હમેશા ભૂખીની-ભૂખી રહેશે.

અને વધી ગયેલો કે વધારી દીધેલો પરિગ્રહ-કામદેવનો સહચારી મિત્ર હોવાથી તેના તોફાનો સૌને નડ્યા વિના રહ્યાં નથી, કેમકે થાકી ગયેલા શરીરમાં શક્તિનો પુનઃ સંચાર કરવા માટે તેને જૂદી જૂદી રસવતી વાનગીઓનો રસ વધવા પામશે. ફાર્મસીઓની પૌષ્ટિક ઔષધિઓ માટે લાલસા જાગશે, કપડાઓથી શરીરને શણગારવામાં વૃત્તિ તથા પ્રવૃત્તિ વધશે, એમ કરીને મરી ગયેલા કે મરવાની અણી પર આવેલા કામદેવને સૂતેલા સર્પની જેમ ફરીથી ભડકાવશે. આ બધો પ્રતાપ પરિગ્રહનો છે કેમકે :-

"પાલો પતિ ખાય જો, તાકો સતાવે કામ;
દૂધ-દહિ, મલાઈ માટે, તાકી જાણે શ્રીરામ."

આ બધી વાતો જાણીને સોમિલે પરિગ્રહને નિયંત્રણમાં લેવા માટે જૂદા જૂદા નિયમો સ્વીકાર્યા.

(૧) સોનું-ચાંદી-હીરા-મોતી આદિના આભૂષણોને હું નવા કરાવીશ નહી, મારા શરીરે ધારીશ નહી. મર્યાદામાં કરેલા સુવર્ણાદિ દ્રવ્યોને વધારવા માટે પણ હું કોઈ કાળે પ્રયત્ન કરીશ નહી. વધારાના વ્યાપારો, રોજગારો, બંધ કરીશ તથા નવા વ્યાપારો, પેઢીઓ, ફેકટરીઓ આદિનો પ્રારંભ કરીશ નહી.

(૨) ખેત, જમીન, મકાન આદિને હવે વધારીશ નહીં, જેટલું છે તેટલામાં સંતોષ માનીશ.

(૩) પશુ આદિ જે મૂક પ્રાણી છે તેની સંખ્યામાં વધારો થવા દઈશ નહીં. કદાચ વધારો થવાનો પ્રસંગ આવશે તો તે ગાય, ભેંસ આદિને મારા સ્વામીભાઈને આપી દઈશ. પરંતુ કસાઇને કે તેના દલાલોને એક પણ જનાવર આપીશ નહીં કે વેચીશ નહીં.

ઈત્યાદિ કારણોથી પરિગ્રહ પરિમાણવ્રત ખૂબ સાવધાનીથી પાળીશ.

## ગુણવ્રતો :

ઉપર પ્રમાણે પાંચે મોટા પાપોને અમુક અંશે ત્યાગવા માટે પાંચ વ્રતો સ્વીકારવામાં આવે છે. બીમારી પછીથી આવેલી અશક્તિ ધીમે ધીમે મટીને પુનઃ સશક્ત બનવામાં વાર લાગે છે, તેવી રીતે અનંત ભવોની મિથ્યાત્વરૂપ તાવની અસરના કારણે અશક્ત થયેલ જીવાત્માને પણ આધ્યાત્મિક શક્તિ ધીમે ધીમે આવે છે અને વધે છે. સાધકનો ગુરૂકુળવાસ યદિ મજબુત હશે તો શક્તિનો સંચાર શીઘ્રતાથી થતો જશે. ગુરૂકુળવાસાદિની કમજોરી હોય અને સાધક કમજોર હોય તેમ છતાં તે સાધકને આગળ વધવાની ભાવના પણ છે ત્યારે તે આત્મા જેમ જેમ સમજતો થશે તેમ તેમ શક્તિ આવશે અને પાંચે વ્રતોમાં જે કાંઈ છુટછાટ રાખી છે તેને પણ ધીમે ધીમે ઓછી કરવાની આદત કેળવશે અને જેટલું શકય હશે તે રીતે નિરર્થક પાપોને બંધ કરશે. પરમ દયાળુ અરિહંત દેવોના શાસનમાં આ માટે જ ત્રણ ગુણવ્રતોની યોજના સાર્થક બને છે. માવડી પોતાના બાલુડાને સાથળ ઉપર સુવડાવીને

મોઢામાં વેલણ નાખીને પણ કડવી દવા પીવડાવતી પીવડાવતી કહે છે કે બેટા! આ દવા પેટમાં જતાં ગુણ કરશે. તેવી રીતે આ ગુણવ્રતોને સમજવા. કારણકે અનાદિકાળથી આ જીવાત્માને પૌદ્‌ગલિક સહવાસ રહ્યો છે, એવી સ્થિતિમાં તેનો ત્યાગ કરવો એજ લોખંડના ચણા ચાવવા જેવો ખેલ છે. માટે અમુક સાધકને છોડીને બીજાઓને માટે તો સરળ માર્ગ એ જ છે કે તેનો ત્યાગ ક્રમશઃ કરે અને શેષના ત્યાગ માટે તૈયાર રહે. લીધેલા પાંચ અણુવ્રતોને પૂર્ણ સહાયક થવા માટે આ ત્રણ ગુણવ્રતો છે. જેનાથી જીવનમાં પડેલી ખોટી, ખોડલી, નાપાક આદતો કંટ્રોલમાં આવશે. કેટલીકવાર એવી પણ આદતો હોય છે જે સર્વથા અસભ્ય, ગંદી, બીભત્સ અને બીજાને ન કહેવાય તેવી હોય છે. ઘરમાં ધર્મપત્ની હોય છતાં પણ તેને નાના બાળકો સાથે ગંદી રમતો કરતા જોઈએ કે ઉમ્ર નીકળી ગયા પછી પણ અમુક ખાનગી આદતો જેને ઘરવાળી પુત્રો–ગુરુઓ પણ જોઈ શકવાના નથી, તેવી આદતોથી લાચાર બનેલા જોઈએ ત્યારે જ આપણા જીવનની કરુણતાનો ખ્યાલ આવતા વાર લાગતી નથી. તેમ સાથોસાથ સમજાય પણ છે કે આ આદતોનો ત્યાગ કેટલો દુઃશક્ય હોય છે. તેમ છતાં પણ સાધક ધીમે ધીમે આગળ વધે. સેવાઈ ગયેલા પાપોનું પ્રાયશ્ચિત કરે તો તેને સફળતા મળતા વાર લાગતી નથી. હવે આ ગુણવ્રતોને ક્રમશઃ જોઈએ જેની સંખ્યા ત્રણની છે.

## (૧) દિગ્‌પરિમાણ ગુણવ્રત :

મિથ્યાત્વના જોરદાર હુમલાના કારણે જીવાત્મામાં જ્યારે મૈથુનભાવ મર્યાદાતીત થાય છે ત્યારે તેને પુષ્ઠ કરવા માટે પોતાના શરીરમાં લોહી–માંસ અને છેવટે વીર્ય આદિની શક્તિનો ખજાનો અતૂટ રહે અને ઓછો થવા ન પામે તે

માટે ઔષધ, ખાનપાન અને રહેણીકરણીમાં ફેરફાર થતાં પરિગ્રહને વધાર્યા વિના છૂટકો નથી તેથી મૈથુનના સહચારી પરિગ્રહને કેવી રીતે વધારવો ? તે પ્રશ્ન જીવાત્માને માટે મુખ્ય બને છે. ત્યારે સંસારના ચારે બાજુ વ્યાપાર-રોજગાર વધારતો જાય છે અને લાખોની માલમતા ભેગી કરી પોતાનું જીવન પૂર્ણ કરે છે.

પરંતુ સમ્યક્ત્વના પ્રકાશમાં આગળ વધતા સોમિલના આત્માને સમજાય છે કે, સગડીમાં નાખેલા કોલસાઓથી આગ શાંત થતી નથી, તેમ સેવાતાં પાપો પણ પોતાની મેળે શાંત થવાના નથી. તે માટે મારા ચાલુ વ્યાપારને છોડી બીજા બધાએ વ્યાપારોને બંધ કરી દેવા જોઈએ અને ચાલુ વ્યાપારને પણ મર્યાદિત કરવો પડશે. તે માટે દિશાઓમાં ગમના-ગમનને મર્યાદિત કરે છે એટલે કે જે બાજુ મારે જવાની આવશ્યકતા નથી ત્યાં મારે શા માટે જવું ? કેમકે સૂક્ષ્મ અને બાદર અનંત જીવોથી પૂર્ણ આ સંસારમાં જ્યાં પગ મૂકાશે ત્યાં પાપ છે, જ્યાં દૃષ્ટિ પડશે ત્યાં પાપ છે તેમ સમજીને આજે જે દિશામાં ગયા વિના ચાલે તેમ નથી તેની છુટ રાખીને બાકીની બધી દિશાઓમાં ગમન અને આગમન શા માટે કરવું ? એટલે કે જે દિશાઓમાં ન જવાથી વ્યવહાર અને શાસનના કાર્યને કોઈ પણ વાંધો ન આવે તે તરફ જવાનું તે દિવસને માટે છોડી દે છે. અથવા પોતાના ઘરથી દુકાન પૂર્વ દિશામાં હોય તો બીજી દિશાઓ તરફ હરવા ફરવાથી નિરર્થક જીવ હત્યા શા માટે કરવી અથવા કામ વિના તે બાજુ જવાથી મને ફાયદો નથી, ઘણા સાંસારિક ઝઘડાઓથી પણ બચી શકાશે, એમ સમજીને ખાસ અગત્યના કામ સિવાય જવા આવવાનું બંધ કરી દે છે.

અનાદિ કાળથી આ આત્માને સ્વૈચ્છિક હરવા ફરવાની આદત પડી છે. તેને મર્યાદામાં લેવા માટે આ પહેલું ગુણવ્રત

જીવોને માટે આશીર્વાદ સમાન છે. કેમકે સંયમી જીવન બનાવવા માટે આનાથી બીજો માર્ગ કયો? બીજી વાત આ છે કે સંસાર અને તેની માયા સાથેનો સંબંધ જાણીબુઝીને છોડવામાં અને ધીને ધીમે તે સંબંધોને ઓછા કરવામાં જ રાગ અને દ્વેષ ઓછા થશે, તે સિવાય રાગ–દ્વેષ–મોહ–માયા આદિ સંબંધોને ઓછા કરવા માટે પણ આનાથી બીજો માર્ગ નથી.

જીવાત્માને સમ્યક્ત્વનો રાગ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ તે પોતાની મેળે જ પોતાના કલ્યાણનો માર્ગ નક્કી કરે છે અને જે છોડવાનું છે તેને છોડવાની અને સ્વીકારવાનું છે તેને સ્વીકારવાની ટ્રેનિંગ લે છે.

જ્ઞાન માર્ગ ગમે તેટલો ઊંચો કે સારો હશે તો પણ તેનાથી ચડિયાતો ચારિત્ર માર્ગ છે. કેમકે જે વસ્તુ આપણે જીવનમાં ન ઉતારીયે તે જ્ઞાન પણ શા કામનું? માટે સમ્યગ્ જ્ઞાનથી તત્વ જાણવું, સમ્યગ્દર્શનથી તે તત્વને શ્રદ્ધામાં ઉતારવું અને ચારિત્રથી જીવનમાં ઉતારવાનું તેનું નામ મોક્ષ માર્ગ છે.

### (૨) ભોગોપભોગ વિરમણ ગુણવ્રત :

ભવભવાંતરના કરેલાં શુભાશુભ કર્મોને ભોગવવાને માટે શરીરની રચના ત્રિકાળાબાધિત છે, અને તેની હાજરીમાં ભોગ તથા ઉપભોગ વિના ચાલી શકે તેમ નથી. શરીર મકાન છે અને ઇન્દ્રિયો બારી છે, માટે તે તે ઇન્દ્રિયો દ્વારા સ્પર્શ, રસ, ગંધ, દર્શન અને શ્રવણનો ભોગવટો કરવા સારૂં આત્માને આવશ્યક હોય છે. કેમકે પ્રત્યેક જીવોમાં વૈરાગ્ય ન હોવાના કારણે આત્મા પણ ઇન્દ્રિયોનો ગુલામ બનેલો હોવાથી ઇન્દ્રિયોના ભોગોમાં આસક્ત બની રહે તે સ્વાભાવિક છે અને જ્યાં સુધી આસક્તિ છે ત્યાં સુધી સંસાર છે, માયા છે અને તેના બંધનો છે.

(૧) જેનો ભોગવટો કેવળ એક જ વાર થાય, જેમકે ખાધેલી રોટલી કે પીધેલું પાણી ફરીવાર ખાવામાં કે પીવામાં આવતું નથી માટે તેને ભોગ કહેવાય છે.

(૨) એકની એક વસ્તુ ફરી ફરીવાર ભોગવટામાં આવે તેને ઉપભોગ કહેવાય છે. જેમકે આજનું પહેરેલું વસ્ત્ર, ઓઢેલી રજાઈ, પુરુષને માટે સ્ત્રી તથા સ્ત્રીને માટે પુરુષ સ્વેચ્છા પ્રમાણે તેનો ભોગવટો ગમે તેટલીવાર થઇ શકે છે માટે તે ઉપભોગ છે.

માણસનાં જીવનમાં જ્યારે ગતભવોનું પુણ્ય હોય ત્યારે ભોગ અને ઉપભોગની સામગ્રી વિપુલ સ્વચ્છ મનગમતી અને શરીર તથા ઇન્દ્રિયોને તૃપ્ત કરાવનારી પ્રાપ્ત થાય છે, તથા પાપકર્મોનો ભારો માથા ઉપર હોય ત્યારે નીચ, ખાનદાન, કદરૂપું શરીર, મકાનનો અભાવ, પીવાના પાણીની તંગી, ફાટેલા વસ્ત્રો, તૂટેલા વાસણો, ઠંડા–લુખા અને મસાલા વિનાનાં ભોજન, કૌટુંબિક ક્લેશ, પૈસાની ભારે તંગી વર્તતી હોવાનાં–કારણે ભોગ તથા ઉપભોગનો અભાવ, તેમનાં જીવનમાં ભારે દુઃખને આપનારૂં થાય છે. આ બધી વાતો પુનર્જન્મને સાક્ષાત્ કરનારી છે અર્થાત્ પુનર્જન્મની સિદ્ધિ માટે બીજા તર્કો–વિતંડાવાદો બેકાર છે–નિરર્થક છે.

મિથ્યાત્વના ગાઢ અંધકારમાં અટવાઈ ગયેલો આત્મારૂપ માલિક પોતે જ દિગ્મૂઢ હોવાથી તેમના મનજીભાઈ નામના મુનીમ તે સમયે બેમર્યાદ વર્તતા હોવાથી ઇન્દ્રિયોના ઘોડાઓ શા માટે–કાબૂમાં રહી શકે છે? તે કારણે તેવા જીવો ભોગોપભોગના કીડા બનીને તેમાં જ બેહાલ થઈ મરણ પામે છે.

જયારે સમ્યગ્જ્ઞાનની જ્યોતમાં પ્રકાશિત થયેલો આત્મા ભોગોપભોગના ભોગવટામાં રહેલો હોવા છતાં પ્રતિસમય જાગૃત હોવાનાં કારણે તેમનાં મન અને ઇન્દ્રિયો પણ આત્માને

સ્વાધીન ( તાબે ) હોવાથી તેઓ નીચે પ્રમાણેની વિચારણા કરવામાં વિવેકવાળા થશે.

(૧) ભોગોપભોગ મારા પુણ્યને અધીન હોવાથી પ્રાપ્ત થયેલા બધાય ભોગો કે ઉપભોગો મારે ભોગવવા જ જોઈએ તે મને ઇષ્ટ નથી, કેમકે તેમના ભોગવટામાં મસ્ત થવાથી તે દ્વારા નવાં પાપોનું ઉપાર્જન થશે, જેથી ગયા ભવની પુણ્ય કમાણીનું દેવાળું નીકળશે, માટે તેમાં મસ્ત થઈ જીવન ખોઈ નાખવું અયોગ્ય છે.

(૨) પુણ્ય કર્મ આ ભવ માટે મારો સાથીદાર ભલે હોય તો પણ બધાય ભોગો હું એકી સાથે કરી શકવાનો નથી, જેમકે દહિ અને દૂધનું ભોજન એક સાથે કરવાથી સળેખમ થશે, અને વધારે પડતું ભોજન અજીર્ણ કરશે જે બધાય રોગોનું ઘર છે. એક પેંટ–ઉપર બીજું પેન્ટ તથા એક સાડી પર બીજી સાડી પહેરીશ તો લોકો મને ગાંડો કહેશે અને મશ્કરી કરશે. એક ચશ્મા પર બીજા ચશ્મા પહેરીને બહાર નીકળ્યા પછી ટ્રાફીક દ્વારા મારી કઈ દશા થશે ? જીવતી ડાકણ જેવી લાલ બસ, ભૂતવ્યંતર જેવો ટ્રક મને જીવતો પણ રહેવા દે તેમ નથી, તેથી પુણ્યકર્મના જોરે ગમે તેટલા ભોગોપભોગ મને મળશે તો પણ તેના ભોગવટામાં હું અશક્ત હોવાના કારણે જેનો ભોગ કે ઉપભોગ હું કરી શકતો નથી, અને કરવાથી મારૂં શરીર અને વ્યવહાર બગડે તેવા ભોગોપભોગને જાણીબુઝીને છોડી દેવામાં જ સમ્યગ્જ્ઞાનની સાર્થકતા છે.

(૩) વનસ્પતિઓને પણ ગુણદોષ હોવાથી કેટલીક લોહીમાં ઉષ્ણતા વધારનારી છે, કેટલીક શરીરને બગાડનારી, વાયુ–પિત્ત તથા કફને ભડકાવનારી અને કેટલીક વીર્ય(શુક્ર)ને

બગાડનારી છે, તો પછી તેવી અભક્ષ્ય કે અનંતકાય વનસ્પતિઓને ખાઈને મારું જીવન શા માટે બગાડવું ?

(૪) જે વિલાસોને માણતા મારા જીવનમાં જાતીય દૂષણો વધશે, કામ ચેષ્ટા ભડકે બળશે અને અંતે મારી વૃદ્ધાવસ્થાને બગાડીને ભયંકર અસાધ્ય રોગોમાં પટકશે, જેથી મૃત્યુઅવસ્થા બગડ્યા વિના નહીં રહે, માટે ગુંડા જેવા વિલાસો મને છોડવાના નથી, તો પછી હું પોતે જ તેમને તિલાંજલી આપીને વિદાય કરું અથવા વિદાય કરવાનો પ્રયત્ન કરું.

(૫) અને છેવટે મારા પુણ્યકર્મો સમાપ્ત થઈને આવતા ભવને માટે મને રોતો કરે તે પહેલાં જ હું સાવધાન થઈને તેમનો ત્યાગ કરું.

એમ સમજીને ભાગ્યશાળી સાધક ખાવાની, પીવાની, પહેરવાની કે વિલાસોની સામગ્રીને મર્યાદિત અને સંયમિત કરશે જેથી પુણ્યકર્મોની જાહોજલાલીમાં પણ પોતાના આવતા ભવને સુધારવા માટે, તથા આ ભવની અધૂરી આરાધનાને આવતા ભવમાં પૂર્ણ કરી જન્મ-જરા-મૃત્યુના મુખમાંથી છૂટકો થાય તે માટે આરાધનામાં તૈયાર રહેશે. આ પ્રમાણે વિચારણા કરીને સોમિલ દ્વિજ પોતાના ભોગોપભોગનું વિરમણ અર્થાત્ મર્યાદિત કરે છે.

## (૩) અનર્થદંડ વિરમણ ગુણવ્રત :

"અનાદિ કાળના કુસંસ્કારો છોડવા જોઈએ" આ શબ્દો બોલવામાં જેટલા સરળ છે, તેના કરતાં આચરણમાં ઉતારવામાં ભલભલા સાધક આત્માઓ પણ પોતાના સાધનામાર્ગથી ભ્રષ્ટ થઈને નીચે ગબડી પડ્યા છે, પછી ચાહે તે દ્રવ્યથી ગબડ્યા હોય કે, ભાવથી ગબડ્યા હોય કે, દ્રવ્ય અને ભાવથી ગબડ્યા

હોય, કેમકે ૭૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળા મોહકર્મના સૈનિકોની ચારે બાજુથી ઘેરાયેલા આત્માને કયા ભવના સંસ્કારો, વિલાસો, પાપો, પાપ ભાવનાઓ ક્રોધ–માન–માયા અને લોભ આદિ આપણી સામે ક્યારે? કેવી રીતે? કયા નિમિતે? આવશે તેની જાણકારી કોઈને પણ હોતી નથી. આ ભવના સરળ ડાહ્યા અને લંગોટ બંધ માનવને કયું નિમિત ક્યારે સતાવશે અને લપસી પડશે તેના ઢગલાબંધ કથાનકો શાસ્ત્રમાં સંગ્રહાયેલા છે.

પ્રતિક્ષણ જ્ઞાન–વૈરાગ્ય–તપ–જપ અને છેવટે ગુરૂકુળ વાસમાં જાગૃત આત્મા જ પોતાને બચાવવા માટે અને સ્વાર્થવશ, માયા વશ કે, મોહાદિવસ ઉભા કરેલા નિમિત્તોને ઠોકર મારવા માટે જ જાગૃત બને છે. અને સર્વથા નિરર્થક અનર્થદંડનું વિરમણ કરવા માટે કટિબદ્ધ બનીને નીચેના નિયમોને ગ્રહણ કરે છે.

(૧) મારા વેષ, ફેશનાલીટી, બોલવાની ચાલાકી કે ચાલની સુંદરતાનાં કારણે બીજા કોઈ પણ જીવને શિયળ, સત્ય કે સદાચારથી ભ્રષ્ટ થવું પડે તેવી રીતે મારો વ્યવહાર આજથી રાખીશ નહીં.

(૨) જુગાર (રમી) માંસ ભોજન, શરાબપાન, વેશ્યા કે પરસ્ત્રીગમન, ચોરી અને શિકાર આદિ સાતે વ્યસનો પાપોત્પાદક અને વર્ધક હોવાથી તેનો ત્યાગ કરીશ.

(૩) સ્વૈચ્છિક વિહાર કરનારા પશુ–પક્ષીઓને પાળવા માટે પિંજરામાં નાખવા તે સારૂ નથી જ, તેથી આજથી તેવા વ્યાપારો અને વ્યવહારોને બંધ કરીશ.

(૪) અસંખ્યાતા કે અનંત જીવોનું હનન થાય તેવા આરંભો–સમારંભો તથા વધારે પડતો પરિગ્રહ મારા જીવનને માટે કંઈપણ કામનો નથી તેમ સમજી છોડી દેવો જ હિતાવહ માર્ગ છે.

(૫) બીભત્સ અને દુરાચારોત્પાદક અને વર્ધક સાહિત્ય નવલકથા, નાટક, ખેલ તમાસા કે ભાંડ ચેષ્ટા આદિ પણ મારા જીવનને બરબાદ કરાવનારા હોવાથી તેનો ત્યાગ કરૂં છું.

(૬) રાજકથા. દેશકથા, ભોજનકથા કે સ્ત્રી કથા પ્રત્યેક સાધકને માટે નાશક તત્વો હોવાથી હું પણ તેને કંટ્રોલમાં કરવા માટે તેવા માણસોનો સહવાસ હમેશાને માટે છોડી દઈશ.

( ૭ ) બીજા જીવોને મારી મોહિની લગાડવા માટે હાથ. પગ, જીભ, આંખ કે મોઢાના ચાળા, અસભ્યતા વગેરે દુરાચારને વધારનારા હોવાથી ત્યાગ કરીશ.

( ૮ ) અસંબદ્ધ, અસભ્ય, હિંસક વ્યવહાર તથા ખોટા પ્રલાપો કરવાની આદત કંટ્રોલમાં લઈશ.

( ૯ ) મારા પ્રમાદ વડે કોઈની પણ આંગળી વગેરે કપાઈ જાય તે માટે ચપ્પુ, કાતર, કુહાડી આદિ શસ્ત્રોને ગમે ત્યાં પણ રાખીશ નહી અથવા ઉપયોગમાં ન આવે તેવી રીતે મૂકીશ.

( ૧૦ ) ભોગવૃત્તિ ભડકે બળે તેવા પ્રકારના આહાર–વિહારને છોડી દેવા માટે જ પ્રયત્ન કરીશ. સોમિલે ત્રણે ગુણવ્રતોને પણ સ્વીકાર્યા છે, અને તેમ કરીને ઘણા ઘણા નિરર્થક કે સાર્થક પાપોમાંથી પોતાના આત્માને બચાવ્યો છે.

## શિક્ષાવ્રત :

અનાદિકાળથી જીવાત્માને, કામ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ અને દ્વેષના સંસ્કારોનું શિક્ષણ વિના માંગે અનિચ્છાએ કે ઇચ્છાએ પણ મળતું રહ્યું છે, જેના કારણે યુવાવસ્થાના ઉન્માદો જેમ જેમ વધતા ગયા, તેમ તેમ સંસારના સ્ટેજ પર બેફામ થઈને વર્તવાનું, બોલવાનું, બેસવાનું, ખાવાનું, પીવાનું આદિ સરળ થઈ પડયું છે. પરંતુ સમ્યગ્જ્ઞાન કે ચારિત્રના પવિત્ર એટલે અહિંસક સંસ્કારો તેને

કોઈ ભવે કે સમયે મળ્યા હોતા નથી, તેથી ભૌતિક સંસ્કારોએ તેના માનસિક, વાચિક કે કાયિક-જીવનને કલુષિત કરીને આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમય બનાવી દીધું છે. પરંતુ નદીના પ્રવાહમાં ઠોકર ખાતો પત્થર જેમ પોતાની મેળે ગોળમટોળ અને સુંવાળો બની જાય છે તેમ અનિચ્છાએ પણ કર્મોની નિર્જરા થતાં જ જીવ સરળ પરિણામી બને છે. તે સમયે તેને સદ્ગુરુ ( પંચ મહાવ્રતધારી અને સમિતિ ગુપ્તિના પાલક ) મળી જાય અને જીવ તેમનું સાહચર્ય સાધી લે તો તે પોતાની મેળે જ સમજતો થશે કે-આત્માને શિક્ષણ દીધા વિનાનું જીવન ક્લેશમય જ હોય છે. માટે પોતાના આત્માને સર્વથા અભૂતપૂર્વ શિક્ષા દેશે, જેનાથી તેના દુર્ગુણો મર્યાદામાં આવે.

ભગવાન મહાવીરસ્વામીએ ચાર શિક્ષાવ્રતોની પ્રરૂપણા સૌ જીવોના હિતને માટે કરી છે તે ક્રમશઃ આ પ્રમાણે છે :-

## (૧) સામાયિકવ્રત :

આનાથી આત્માને શિક્ષણ મળશે કે 'કષાયો જ મારા પરમ શત્રુ છે' તેથી ગમે તે રીતે પણ મારા કષાયોને હું ઉપશમિત કરૂં. કેમકે સંસારના ભોગ્ય પદાર્થો સૌને માટે એક સમાન જ છે, પરંતુ નહીં કેળવાયેલું મારૂં મન તે તે પદાર્થોમાં કોઈક સમયે રતિ અને બીજા સમયે અરતિ કરવા માટે ટેવાયેલું હોવાથી મનગમતા પદાર્થો માટેનો રાગ અને અણગમતા પદાર્થો માટેનો દ્વેષ મને થયા કરે છે વસ્તુતઃ તે મારી કમજોરી છે. કારણ કે મારા માટેના અણગમતા પદાર્થોને પણ ખાવા-પીવાવાળા, ઓઢવા-પહેરવાવાળા લાખોની સંખ્યામાં માણસો વિદ્યમાન છે, છતાં તેમને તે પદાર્થોના ભોગથી કંઈ પણ થતું નથી, તો મને શું થવાનું હતું ? જેથી હું તેમના પ્રત્યે રતિ કે અરતિ કરૂં. એમ સમજીને ઇન્દ્રિયોના ભોગવટામાંથી

ગમવાપણાના કે ન ગમવાપણાના અનાદિકાળના કુસંસ્કારો ધીમે ધીમે નાબુદ થતાં રાગ–દ્વેષ પણ ઓછા થશે અને જીવને સમતાભાવની પ્રાપ્તિ થશે, જે કોઈ કાળે પણ થઈ નથી, કેમકે મિથ્યાત્વના કારણે ક્રોધાદિ કષાયો ભડકે છે. જ્યારે સમ્યક્ત્વથી ક્રોધ કષાયનું ઉપશમન થાય છે. આનું નામ જ સામાયિક છે.

સંસારનો કોઈ પણ જડ પદાર્થ કોઇને પણ રાગ–દ્વેષ કરાવવામાં ક્ષમતાવાળો નથી. પરંતુ તેમનાં પ્રત્યે બગડેલું મન જ માનવને ક્રોધી બનાવે છે, માની અને માયાવી બનાવે છે અને છેવટે લોભ નામના રાક્ષસના મોઢામાં ધકેલી મારે છે. માટે અરિહંતોનો ધર્મ પ્રાપ્ત કર્યા પછી મારે હવે આ માર્ગે જવું નથી અને કોઈ પણ પદાર્થ મને ક્રોધી કરે તે પહેલા સમજી બુઝીને હું પોતે જ પ્રસંગને ટાળી દેવા માટે પ્રયત્ન કરીશ. છેવટે સર્વાંશે નહીં તો પણ બે ઘડી (૪૮ મિનિટ) માટેના સંસારના પ્રત્યેક ભાવને છોડી દેવાની ટ્રેનિંગ આજથી સ્વીકારૂં છું. તે આ પ્રમાણે :–

(૧) બે ઘડીને માટે હું કોઇનો પતિ નથી, શેઠ નથી, ધણી નથી, પણ શુદ્ધ, નિરંજન, નિરાકાર પરમાત્મ સ્વરૂપ છું, માટે દશ મનના, દશ વચનના અને બાર કાયાના દોષોમાંથી એક પણ દોષ લાગવા ન પામે તે માટે હું જાગૃત બનું છું.

(૨) સ્પર્શેન્દ્રિયથી સ્પર્શેલા, રસનેન્દ્રયથી ચાખેલા કે ખાધેલા, નાકથી સૂંઘેલા, આંખથી જોયેલા અને કાનથી સાંભળેલા તમામ ભોગોના ભોગવટાને હું ૪૮ મિનિટ સુધી સ્મૃતિમાં આવવા દઇશ નહી. કેમકે માનવના જીવનને બગાડનારી અને બહુ જ મુશ્કેલીથી અપવર્તનીય બને તેવી સ્મૃતિ છે, જે આત્મીય રોગ છે.

(૩) વધારે પડતી ચંચળ આંખ, કાન અને જીભને હું ૪૮ મિનિટ સુધી મૌન આપું છું. એટલે કે ગમે તેવી સ્થિતિ

સર્જાય તો પણ સ્થાપનાજી સિવાય બીજા કોઈને જોઈશ નહી, કોઈની વાત સાંભળીશ નહી અને બોલીશ નહી. ઉપર પ્રમાણે તે સોમિલ સામાયિકવ્રત દ્વારા પોતાના આત્માને શિક્ષિત કરતો ગયો.

(૨) દેશાવગાસિક શિક્ષાવ્રત :

સંસારનો મોહરૂપી ઝેર ચડાવવાથી ચડે છે અને ઉતારવાથી ઉતરે છે. તેમ સમજીને જ્યારે પણ તે સોમિલ દુકાન–વ્યાપાર અને વ્યવહારથી છુટો પડે છે ત્યારે સામાયિકોની સંખ્યામાં વધારો કરવાની ટ્રેનિંગ લે છે; અને सामाइअ जतिआ वारा દિવસમાં જેમ વધારે બને તેમ સામાયિકો કરે છે. કેમકે સંસારના એટલા કલબો, ગપ્પી મિત્રો, ગંદા વિચારના માનવો, જુઠા બોલા માનવો અને મોહ માયાની સ્મૃતિ અપાવનારા માણસો આપણા આત્માના દુશ્મનો સમજવા, અને પંચમહાવ્રતધારી ગુરુદેવો, જિનમંદિરો, ધર્મી પુરુષોનો સહવાસ પરમ મિત્ર છે.

(૩) પૌષધવ્રત :

સોમિલ સમજતો થયો કે મુનિધર્મનું આચરણ કરવા માટે પૌષધવ્રત અનિવાર્ય છે. કેમકે આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞાને કાબૂમાં આવતા શેષ રહેલી સંજ્ઞાઓ પણ નિર્મૂળ થતા વાર લાગતી નથી. શરીર શણગાર મોહરાજાને ભડકાવનાર હોવાથી પૌષધમાં તેનો ત્યાગ જરૂરી છે. તેવી રીતે ૨૪ કલાકમાં મૈથુન કર્મના સંસ્કારોને કાબૂમાં લેવા માટે પૌષધ સિવાય બીજો માર્ગ નથી. કેમકે જે ઘરમાં રહેતા હોઈએ તેની એક એક વસ્તુ આપણને આર્તધ્યાન કે રૌદ્રધ્યાનમાં ખેંચી જવા માટે સમર્થ છે, તથા મન–વચન અને કાયાના વ્યાપારો પણ પૌષધથી મર્યાદિત થાય છે આ કારણે પર્વ દિવસોમાં પૌષધ લઈને પોતાના આત્માને ધર્મના રંગથી ભાવિત કરતો તે સોમિલ આધ્યાત્મિકતામાં આગળને આગળ વધતો ગયો.

## ( ૪ ) અતિથિ સંવિભાગ–શિક્ષાવ્રત :

જૈન ધર્મ ત્યાગ પ્રધાન હોવાથી આ વ્રતને છેલ્લું સ્થાન આપવામાં આવ્યું છે, કેમકે ત્યાગધર્મ સૌના ભાગ્યમાં નથી હોતું અને સોમિલ દ્વિજે ચડતે પરિણામે આ વ્રત પણ સ્વીકારી લીધું.

માનવને જ્યાં સુધી પોતાની પાસેના પરિગ્રહનો ત્યાગ કરવાનો ભાવ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી તેનો ધર્મનો રંગ "ચોલ મજિટ્ઠિયો બનતો નથી."

સંસારના ઘણા માનવોને આપણે જાણીએ છીએ કે ધર્મની ચર્ચા કરવામાં, બીજાને સારી સલાહ દેવામાં, દાન ધર્મની વ્યાખ્યા સમજાવવામાં, સમાજના ઉત્કર્ષની ચર્ચા કરવામાં, શાસનોન્નતિની વાત કરવામાં, કોણ સુગુરુ કે કુગુરુ? કોના શિષ્યો સારા અને કોના ખોટા, ઈત્યાદિક ચર્ચાઓ કરવામાં એટલા બધા હોશિયાર પોલીટીકલ અને ચાવી ચાવીને કે મૂછોમાં હસતાં હસતાં વાતો કરતા હોય છે કે ન પૂછો વાત. પરંતુ થોડીવાર પછી તેમનાં આન્તર જીવનની પરીક્ષા કરવી હોય તો અમુક યોજના માટે પૈસાની માંગણી કરી જૂઓ. અને પછી તેમની સરસ્વતી પણ સાંભળવાને માટે ટાઈમ લેશો તો તે સમયે તમને થશે કે આવા નર રત્નોને પણ જન્મ દેનારી માવડીઓ દુનિયામાં વિદ્યમાન છે.

હવે આપણે મૂળ વાત પર આવીએ. જૈન ધર્મનો મૂળ પાયો ત્યાગ છે. તે વિના બાહ્ય કે આભ્યંતર આરાધના નામની કોઈ વસ્તુ નથી. ચાહે અંતકૃત કેવળી હોય કે, ૨૦–૨૫ ભવો પછી કેવળજ્ઞાન મેળવનાર હોય તે સૌને સર્વસ્વ ત્યાગ કર્યા વિના છુટકો નથી, ચારિત્ર–સંયમ કે તપનો સત્યાર્થ જ ત્યાગ છે, કેમકે બાહ્ય અને આભ્યંતર પરિગ્રહના ત્યાગ વિના જેમ ભાવચારિત્રની પ્રાપ્તિ સર્વથા અશક્ય છે, તેમ મન

તથા ઇન્દ્રિયોને સંયમિત કર્યા વિના આભ્યંતર તપની પણ અશક્યતા છે. તેથી કહેવાયું છે કે ત્યાગ જ જૈન ધર્મનું મૂળ છે. યોગશાસ્ત્રમાં પણ કહેવાયું છે કે જે માનવ પોતાની પાસેના પૈસાનો પણ ત્યાગ કરી શકતો નથી, તે બિચારો સંયમનો રસ્તો પણ શી રીતે પ્રાપ્ત કરી શકશે ? માટે સર્વસ્વ ત્યાગ વિના ચારિત્ર નથી.

દૃષ્ટિરાગમાં આવીને વ્યાપારની ગણત્રીએ ચાહે લાખો કરોડો રૂપીઆનું દાન કરો તો પણ તેનાથી સંયમ પુષ્ટ થઈ શકે તેમ નથી, તેથી મુનિ કે શ્રાવક બંનેને માટે અતિથિ સંવિભાગ વ્રત આદરણીય છે. કેમકે આનો અર્થ થાય છે "પોતાની પાસે જે હોય તે બીજા વ્રતધારીને આપવું" માટે ગુરૂપદને શોભાવનારા આચાર્યનો ધર્મ છે કે પોતાના શિષ્યોને ભણાવે–વાચના–પૃચ્છના આપે, હેતુ અને ઉદાહરણથી તેમને સંયમમાં સ્થિર કરે આદિ પ્રસંગોમાં અતિથિ સંવિભાગનો અર્થ સમાયેલો છે. જેની પાસે જે હોય તેનો સમ્યક્ પ્રકારે ત્યાગ કરવો તે આ વ્રતનો સરળાર્થ છે. તેથી મુનિઓ ગૃહસ્થોને સદુપદેશ આપીને પોતાનું વ્રત સાચવે અને શ્રાવકો પોતાની મર્યાદામાં રહીને પરિગ્રહનો યથાશક્ય, યથાસ્થાન કે યથાપાત્રમાં વિતરણ કરે એટલે દાન આપે જેના બે ભેદ છે.

(૧) આદરણીય મુનિરાજોને કલ્પનીય વસ્ત્ર, પાત્ર, અન્ન, પાન, ઔષધ, ઉપાશ્રય અને તેમનાં દર્શન, જ્ઞાન તથા ચારિત્રને પુષ્ટ કરે તેવાં સાધનો આપે.

(૨) પોતાના સ્વામીભાઈઓને જૈન ધર્મ પ્રાપ્ત કરાવવા માટે–સ્થિર કરવા માટે પોતાની શ્રીમંતાઈનો સદુપયોગ કરી ઉત્તમોત્તમ લાભ મેળવે.

ઉપરના બંને અર્થોમાં તો ઘણું રાખીને થોડું પણ દાન દેવાથી ચાલી શકે તેમ છે. પરંતુ અરિહંત દેવોના ઉપાસકોને

કોઈક સમયે તેવા પ્રસંગો પણ આવે છે જેમાં સર્વસ્વનું દાન આપવું અનિવાર્ય હોય છે. કેમકે દાન શબ્દ ત્રણ ધાતુઓથી બન્યો છે. "दा" दाने "दैंग" पालने। અને "दो" છેદને, અને ત્રણેના રૂપો "दीयतां दीयतां दींयतां" પણ એક સરખા જ થાય છે. માટે દેવા અર્થના ધાતુથી બનેલા શબ્દથી દાન આપવું અને પાલન કરવામાં એટલે કે તમારા જાત-ભાઈઓને કે સ્વામીભાઈઓને સ્થિર કરવામાં કે તેમનું પાલન પોષણ કરવામાં તમે રોજ આપો છો તેનાથી વધારે પણ આપવાની ફરજ પડશે અને અરિહંતોના ધર્મનો રંગ તમને યદી હાડોહાડ લાગ્યો હશે તો પરિગ્રહને પાપ સમજીને પણ તમને દેવામાં ઉત્સાહ રહેશે અને ત્રીજો અર્થ છેદનમાં છે એટલે કે તમારી મૂળ માલમતામાંથી તમારા ભોજન પાણી ટૂંકાવીને પણ અર્થાત્ તમારી સ્થાવર મિલકતમાંથી તેના મોટા ભાગનો છેદ કરીને પણ તમે જાતભાઈઓને યાવત્ અરિહંતોના ધર્મ પ્રચારમાં સર્વસ્વ આપવું પડે તો પણ તમે ભાગ્યશાળી કહેવાશો. ભામાશાહ, જગડૂશાહ અને શાહ બીરૂદ રાખનાર ખેમાના અમર નામો તમને યાદ છે. તેમના જીવન સાંભળતા યદી તમારૂં મસ્તક ડોલતું હોય તો તમારે પણ તેમજ કર્યા વિના છુટકો નથી. આ રીતે સર્વસ્વના ત્યાગ પછી તમારા જીવનમાં જે આનંદ આવશે તે અવર્ણનીય રહેશે. પાલીતાણા (શત્રુંજય) તીર્થના ઉદ્ધાર કરવાની ટીપમાં લાખો રૂપીયા મંડાવનાર હતા પણ સૌથી પહેલું નામ કોનું હતું ? જાણો છોને ? માટે સર્વસ્વ દાન ઉત્તમ દાન છે.

જીવનમાં જ્યારે ઉત્તમોત્તમ સાત્વિકતા, પરોપકારિતા આદિ ગુણોનો વિકાસ થાય છે ત્યારે ઉત્તમ દાન આપવાના મનોરથો જાગે છે.

ઉપર પ્રમાણેના પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો મળી બાર વ્રતોને ભગવંત પાસે ઉચ્ચર્યા, પાળ્યા અને મહાવિદેહમાં જન્મીને દીક્ષિત થઈ નિર્વાણપદ પામશે.

**શતક ૧૮નો ઉદ્દેશો દસમો પૂર્ણ.**

## સમાપ્તિ વચન

બાલ્યવયથી સંયમી બનીને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધના કરી, તથા ઘણા ભાગ્યશાળીઓને કરાવી તે ઉપરિયાળા તીર્થોદ્ધારક, પાલીતાણા ગુરૂકુળના સ્થાપક, નવયુગ પ્રવર્તક, શાસ્ત્ર વિશારદ, જૈનાચાર્ય, ૧૦૦૮ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબના અંતેવાસી, લેખન, વક્તૃત્વ, સંગીત અને ચર્ચા આદિમાં સિદ્ધહસ્ત, અહિંસા ધર્મના સફળ પ્રચારક, સિંધ જેવા હિંસક દેશોમાં પ્રાણના જોખમે પણ દેવીઓને અપાતા બલિદાનમાંથી સેંકડો હજારો મૂક પ્રાણીઓને અભયદાન અપાવનારા, શાસન દીપક, મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજ સાહેબના શિષ્ય ન્યાય–કાવ્ય અને વ્યાકરણ તીર્થ, પંન્યાસ પદ વિભૂષિત, ગણિવર્ય શ્રી પૂર્ણાનંદવિજયજી ( કુમાર શ્રમણ ) મહારાજે પોતાના સ્વાધ્યાયને માટે, ભવ ભવાંતરમાં શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ અર્થે ભગવતી સૂત્ર સાર સંગ્રહના ત્રીજા ભાગમાં ૧૮મું શતક પૂર્ણ કર્યું છે.

૨૦૩૪, શ્રાવણ પૂર્ણિમા

" शुभं भूयात् सर्वेषां जीवानाम्
सर्वे जीवा जैनत्वं प्राप्नुयुः "

**શતક ૧૮ મું પૂર્ણ**

# શતક ૧૯ મું : ઉદ્દેશક—૧

દશ ઉદ્દેશાઓથી પૂર્ણ આ શતકમાં નીચે પ્રમાણેના વિષયો ચર્ચાયા છે. લેશ્યા, ગર્ભ, પૃથ્વી, મહાશ્રવ, ચરમ, નિર્વૃતિ, કરણ અને વનચરસુર નામે દશ ઉદ્દેશા છે.

રાજગૃહી નગરીમાં શ્રેણિક નામે રાજા હતો, અભયકુમાર મંત્રી હતો, ચેલ્લણા રાણી હતી, જે જૈન ધર્મની પરમ ઉપાસિકા હતી. તે કાળે તે સમયે ભગવાન મહાવીરસ્વામી ગ્રામાનુગામ વિહાર કરતા, રાજગૃહી નગરીમાં પધાર્યા, સમવસરણની રચના થઇ, ધર્મોપદેશ થયો અને જીવમાત્ર અનાદિકાળના મિથ્યાત્વને ત્યાગી સમ્યક્ત્વને પામે એ આશયથી ગૌતમસ્વામીએ પૂછયું અને ભગવાને જવાબ આપ્યો.

## હે પ્રભો ! લેશ્યાઓ
## કેટલી સંખ્યામાં કહેવાઇ છે ?

જવાબમાં પરમાત્માએ કહ્યું :—ગૌતમ લેશ્યાઓ છ ની સંખ્યામાં છે. પ્રજ્ઞાપના સૂત્રના ચતુર્થ ઉદ્દેશાના લેશ્યા પ્રકરણમાંથી જોઈ લેવાની ભલામણ કરી છે.

"લેશ્યા એટલે શું" ?

આ વિષય પહેલા ભાગમાં સારી રીતે ચર્ચાએલો છે. કર્મો આઠ છે, તેમાં લેશ્યાઓનો સમાવેશ થતો નથી, કેમકે ઘાતિકર્મોના નાશ પછી કેવળીને પણ લેશ્યાનો અભાવ નથી અને સંપૂર્ણ કર્મોના નાશમાં તે લેશ્યાનો અભાવ છે, માટે

મન-વચન અને કાયા સાથે સંબંધિત લેશ્યાઓ છે. આ શાસ્ત્રીય વચન જાણી લીધા પછી ભૂલવું ન જોઈએ કે યોગ શબ્દથી સંજ્ઞિત મન-વચન અને કાયામાં વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમનાં કારણે જ પરિસ્પંદનની શક્યતા રહેલી છે, એટલે પરંપરાએ પણ કર્મો કારણભૂત બને છે. જ્ઞાનાવરણીય કર્મના ઉદયે સામાવાળા પંડિત કે વિદ્વાન માણસને જોઈને પણ વ્યક્તિની લેશ્યા બગડે છે, તેથી માનસિક અધ્યવસાયોમાં 'હું પણ ભણ્યો હોત તો ? કોઈએ મને ભણાવ્યો હોત તો ? મને અનુકુળતા સાથે અવસર મળ્યો હોત તો ? આવી રીતે અધ્યવસાયોમાં ફેરફાર થતાં માણસની લેશ્યા બદલાયા વિના રહેતી નથી. દર્શનાવરણીય કર્મના ઉદયે જ 'હું અંધ છું ? મારી બીજી ઇન્દ્રિયો પણ ઠીક નથી, મને આટલી બધી ઉંઘ શા માટે આવે છે ?' આવા વિચારો આવતાં પણ લેશ્યામાં પરિવર્તન થાય છે. અસાતાવેદનીય કર્મના ઉદય સાથે, સાવ ગરીબ કે અશક્ત અવસ્થા હોતા માણસને ક્રોધ કે ચીડચીડીયાપણું થાય છે અને તેની સારી લેશ્યાઓ પણ બદલાય છે. જ્યારે શાતાવેદનીયના ઉદયે લેશ્યાઓમાં ગર્વ-આદિ તત્ત્વોનો પ્રવેશ થતાં લેશ્યાઓ ક્યાંથી સારી રહેશે ? અંતરાયકર્મના ઉદયે માણસ પોતાની હીનાવસ્થામાં શોક, સંતાપ અને ઉદ્વેગ આદિને કરતો તે શુભ લેશ્યાઓને કઈ રીતે ટકાવશે ? મોહકર્મના તીવ્ર-તીવ્રતર કે તીવ્રતમના ઉદયમાં તો માણસની લેશ્યાઓ ક્યારે બદલાય કે ક્યારે સ્થિર થાય તે અનુભવ જ્ઞાન વિના જાણી શકાતું નથી. છેવટે તીવ્રતમ પાપોના ઉદયે નીચ જાતિની પ્રાપ્તિ, કમાણીનો અભાવ, શરીરના કદરૂપતા, લાભનો અંતરાય આદિ પ્રસંગોમાં પણ માણસની લેશ્યાઓ પ્રતિક્ષણે બદલાતી રહે છે.

આવી રીતે લેશ્યાઓની ઉત્પતિમાં કે હેરફેરમાં પૂર્વભવના કર્મ જ કારણભૂત હોય છે, જેનો ઇન્કાર કોઈ કરી શકતો નથી, છતાં પણ યોગ પ્રત્યક્ષ કારણ હોવાથી જ તેના સદ્ભાવે લેશ્યાઓની વિદ્યમાનતા સ્વીકારવામાં આવી છે.

કર્મોના ઉદયકાળે માણસમાત્રને મળતાં નિમિત્તો કોઈ કાળે પણ એક સરખા રહેવા પામતા નથી અને નિમિતો જ લેશ્યાઓની ઉત્પતિમાં કારણ બને છે. 'મરણાંત ઉપસર્ગ થશે' એમ તીર્થંકરના શ્રીમુખેથી સાંભળેલું હોવા છતાં પણ ખંધક મુનિ પોતાના ૪૯૯ શિષ્યો ઘાણીમાં પીલાઇ ગયા છે તો પણ પોતાની સમાધિમાં રતિમાત્ર ખસ્યા નથી અને સ્થિર ભાવે સૌને સદુપદેશ અને નિર્ઝામણા કરાવતાં કેવળજ્ઞાનની પ્રાપ્તિના કારણ બને છે, પરંતુ છેલ્લા બાળ મુનિ પ્રત્યે રાગાતિશય હોવાની ખબર પાપમંત્રી 'પાલક'ને પડે છે ત્યારે તે કહે છે કે આચાર્ય! તમને યદિ બાળમુનિ પ્રત્યે પ્રેમ છે તો તમારી સામે જ આને પહેલા પીલી નાખું અને પાલક મંત્રીના માણસોએ તે બાળમુનિને ઘાણીમાં નાખી દીધો અને ખંધકાચાર્ય પોતાની લેશ્યાથી નીચે પડે છે, શોક સંતાપના માલિક બને છે. ઘાણીમાં નાખેલા મુનિના હાડકા 'કડકડ' કરતાં ચુરાઈ જાય છે. ત્યાર પછી સૌથી છેલ્લો નંબર આચાર્યનો આવે છે અને માણસો તેમને ઉપાડીને ઘાણીમાં નાખે છે. પાંચસો મુનિઓને કેવળજ્ઞાન પ્રાપ્ત કરાવનારા સૂરિજી પોતે સમાધિમાં રહી શકયા નથી અને નિદાનગ્રસ્ત થઇને દેવયોનિ પ્રાપ્ત કરીને આખી નગરીને ભસ્મીભૂત કરે છે, જે દંડકારણ્યના નામે પ્રસિદ્ધ છે.

## પાપના ત્યાગપૂર્વક ધર્મધ્યાન શા માટે ?

કેવળી ભગવંતનું શાસન કહે છે કે હે ગૌતમ! ભવ

ભવાંતરમાં દુર્ગતિ દાયક ત્રણે લેશ્યાઓના સ્વામી ન થવું હોય તો સૌથી પહેલા તારા વ્યાપાર અને વ્યવહારને શુદ્ધ કરવા માટે પ્રયત્નશીલ બનજે. જેનાથી કર્મોના બંધનમાંથી તારો છુટકારો થતાં જ તું પુણ્યાનુબંધી પુણ્યની ઉપાર્જના કરી શકશે જેના પ્રતાપે આવનારા મનુષ્ય ભવમાં તને ખરાબ સ્વભાવના પિતા, માતા, સ્ત્રી, પુત્ર, જમાઈ અને મિત્ર મંડળ આદિ મળવા પામશે નહીં અને અંતરાય વિનાનો તારો મનુષ્ય અવતાર ધર્મધ્યાનની આરાધના કરવા માટે પવિત્ર લેશ્યાઓનો માલિક બનીને કેવળજ્ઞાનનો માર્ગ પ્રાપ્ત કરવા માટે ભાગ્યશાળી બનશે.

શતક ૧૯ નો ઉદ્દેશો પહેલો પૂર્ણ.



# શતક ૧૯ મું : ઉદ્દેશક—૨

## કૃષ્ણલેશ્યાનો માલિક કૃષ્ણલેશ્યાના ગર્ભને ઉત્પન્ન કરે ?

ગૌતમસ્વામીજી પૂછે છે કે હે પ્રભો ! લેશ્યાઓ કેટલી કહી છે? જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! પ્રજ્ઞાપના સૂત્રના સતરમા પદમાં જે ગર્ભનો ઉદ્દેશો કહ્યો છે તે સંપૂર્ણ અહીં સમજી લેવાનો છે, તે આ પ્રમાણે :-

હે પ્રભો ! જે મનુષ્ય અત્યારે કૃષ્ણ લેશ્યાનો માલિક છે તે શું કૃષ્ણ લેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરી શકે છે?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! કૃષ્ણ લેશ્યાવાળો જીવ કૃષ્ણ લેશ્યાવાળા ગર્ભને યાવત્ નીલ, કાપોત, તેજ, પદ્મ અને શુકલલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરી શકે છે. તથા પુરુષ કૃષ્ણલેશ્યાવાળો હોય અને સ્ત્રી પણ તે સમયે કૃષ્ણલેશ્યાવાળી હોય તો ગર્ભ પણ કૃષ્ણ લેશ્યાવાળો બનશે. આ બધી વાતો અકર્મભૂમિ અને કર્મભૂમિ માટે જાણવી. કેવળ અકર્મભૂમિમાં પહેલાની ચાર લેશ્યા જ હોય છે.

**નોંધ** :-આ પ્રશ્નનો આશય કંઇક આવો હશે, કે જન્મથી લઇને માણસ કૃષ્ણ લેશ્યાવાળો હોય, પરંતુ એ તો નક્કી છે કે માનવની લેશ્યા પ્રતિ સમયે બદલાતી હોવાનાં કારણે સ્ત્રી સહવાસ દરમિયાન તેની લેશ્યા યદિ કૃષ્ણ રહેલી હશે તો ગર્ભમાં બાલક પણ કૃષ્ણ લેશ્યાવાળો જ આવશે. અને તે સમયે યદિ નીલ લેશ્યા હશે તો ગર્ભમાં નીલલેશ્યાવાળું સંતાન

આવશે અને ઋણાનુંબંધના કારણે તેના ઘરે કોઈ ભાગ્યશાળી પુણ્ય પનોતો જીવ જન્મવાનો હોય તો સ્વાભાવિક છે કે રાત દિવસ કૃષ્ણ લેશ્યામાં રહેનારાને પણ સ્ત્રી સહવાસના સમયે પવિત્રભાવ, દયાભાવના ઉદય થતાં તેનાથી ગર્ભમાં શુક્ર લેશ્યા વાળો જીવ આવશે અને જન્મશે. ભૂતકાળનો ઇતિહાસ અને આજના સંસારને પણ પ્રત્યક્ષ કરીએ તો ખ્યાલ આવ્યા વિના રહેશે નહી કે, અત્યંત ક્રુર નિર્દયી ગણિકા આદિના ઘેર પણ મહાપુરુષ જન્મે છે અને યાવત્ કેવળજ્ઞાન મેળવીને મોક્ષ સુધી જઇ શકે છે.

ભંગીના કુળમાં જન્મેલો મેતારજ, ચાંડાલના ઘેર જન્મેલ હરિકેશી અને ગણિકાને ત્યાં જન્મેલી કોશા વેશ્યાના ઉદાહરણો સૌની સામે છે.

તેવી રીતે આજન્મ શુક્લલેશ્યા, પદ્મલેશ્યા કે તેજોલેશ્યાનો સ્વામી, સારા વિચાર, આચાર, ધર્માનુષ્ઠાન આદિમાં શ્રદ્ધાવાળો હોવા છતાં પણ સ્ત્રી સહવાસના સમયે યદિ અસભ્ય નિર્દયી બીભત્સ અને ગંદી ભાવનાવાળો થઇ સંભોગ ક્રિયા કરશે તો તેને ત્યાં પણ કૃષ્ણ લેશ્યાવાળો જીવ ઉત્પન્ન થઇ શકે છે. જે સમાજ–દેશ–સંપ્રદાય અને કુટુંબને માટે કલેશ, વૈર અને વિરોધનું કારણ બની શકશે.

અત્યન્ત નિકાચિત મૈથુન કર્મના નિયાણા બાંધીને લીધેલા જન્મવાળા માનવની વાત ભલે ન કરીએ તો પણ આ સૂત્રથી આપણે એટલું તો તારવી શકીએ છીએ કે જેઓ અનિકાચિત કર્મી છે તેઓ નીચે પ્રમાણે ધ્યાન રાખે અને પોતાના ગૃહસ્થાશ્રમને ચલાવે તો સુન્દર, સરળ, પુણ્યકર્મી સંતાનોને જન્મ દેવાનું પુણ્ય કર્મ મેળવી શકે છે....તે આ પ્રમાણે :–

(૧) ગૃહસ્થાશ્રમ માંડતા પહેલા મારા સંસ્કારો, ભાષાઓ-ચેષ્ટાઓ ખરાબમાં ખરાબ હોઇ શકે છે, પણ લગ્ન સંસ્થા સ્વીકાર્યા પછી મારે સૌથી પહેલા તે સંસ્કારોને, ભાષાઓને કે ચેષ્ટાઓને સુધાર્યા વિના ચાલી શકે તેમ નથી.

(૨) હજારો રૂપીઆ ખર્ચીને ઉભા કરેલા બગીચાના ઝાડો યદિ વાંઝીયા રહે, નિરસ રહે કે ખાટા-તીખા અને કડવા ફળવાળા રહે તો છેવટે તે બગીચાને અને ઝાડોને બાળીને ખાખ કર્યા વિના બીજો માર્ગ નથી. તે જ પ્રમાણે માંડેલા ગૃહસ્થાશ્રમના ફળો સંતાન હોય છે તે યદિ અવિવેકી, ભ્રષ્ટાચારી, હિંસક, જૂઠાબોલા, ચોર, કે રસ્તે ચાલતા બીજી સ્ત્રીઓની મશ્કરી કે આખમીંચામણા કરનારા હોય તો તેવા સંતાનોથી પૂર્ણ ગૃહસ્થાશ્રમી ગામને, દેશને, સમાજને અને ધર્મને કલંકિત કરનારી બને છે અને મર્યા પછી તેવા ગૃહસ્થોને કોઈ યાદ કરનાર પણ મળતો નથી. તે માટે મારા સંતાન પુણ્યકર્મી બને તદર્થે મારે લગ્ન ચોરીમાં બેસતા પહેલા ખોટી ચેષ્ટા, અસભ્યતાના સંસ્કારો તથા મૈથુનાતિરેકતાની ભાવનાને છોડ્યા વિના બીજો માર્ગ નથી જ.

(૩) બાલ્યાવસ્થા, લગ્નાવસ્થા અને વૃદ્ધાવસ્થા આ ત્રણેના ધર્મો, કર્મો સર્વથા જૂદા જૂદા હોવાથી લગ્ન પહેલા બાલ્યકાળમાં ગમે તેવા કુસંસ્કારો પડી ગયા હોય તો પણ લગ્નાવસ્થા સ્વીકાર્યા પછી તે કનિષ્ઠ, અસભ્ય પાપવર્ધક સંસ્કારોને છોડવા જ પડશે અને જુવાનીના જે દોષો છે તે વૃદ્ધાવસ્થાના કિનારે આવેલા માનવોને છોડવાના જ રહેશે, અન્યથા તેમની વૃદ્ધાવસ્થા સડેલી, વિવેક વિનાની, ગંદા વિચારોની અને મસ્તિષ્ક શક્તિના અભાવમાં તેમનું જીવન

સર્વથા નિંદનીય, નાપાક અને દયા ખાવા જેવું બનશે. આજે પણ આપણે પ્રત્યક્ષ જાણી શકીએ છીએ કે જેમની જુવાની સર્વથા નાપાક રીતે પસાર થઈ હશે તે વૃદ્ધો ચાહે ગ્રેજ્યુએટ–ડબલ ગ્રેજ્યુટ, કેન્દ્ર કે પ્રાન્ત સરકારોના સત્તાધીશો, પ્રોફેસરો કે મિનિસ્ટરો હશે તો પણ તેઓ દેશને માટે, સમાજને માટે કે પોતાની જાતને માટે પણ સર્વથા નિષ્ફળ, ઘાતક અને નિંદનીય બન્યા છે. માટે ઉપર પ્રમાણેની ત્રણે અવસ્થાઓને પવિત્રતમ કરવા માટે જીવનમાં સુંદર વિચારો, આચારો અને રહેણી કરણીને સભ્ય બનાવવામાં જ ડહાપણ છે.

(૪) સુંદર, પવિત્ર, દાનેશ્વરી, દયાળુ, શૂરવીર કે ભક્ત માનવને ઉત્પન્ન કરવા માટે ગૃહસ્થાશ્રમીઓએ, બદામપાક, સાલમપાક, ટોપરાપાક, કેશરીયા દૂધ, મલાઇ. માવો કે બીજા પૌષ્ટિક પદાર્થો ઉપરાંત ચન્દ્રોદય, અભ્રક ભસ્મ કે નાઇટ પીલ્સની ગોળીઓ ખાવા માત્રથી કંઈ સફળતા મળતી નથી. એટલે કે આવા પદાર્થોને ખાવાની લાલસા ઉપર કોઈ પણ ગૃહસ્થાશ્રમીએ પોતાના ઘરમાં રામચંદ્રજી, મહાવીરસ્વામી, વસ્તુપાલ, તેજપાલ, ભામાશા, જગડુશા, અનુપમાદેવી, ચંદન-બાળા કે રાજીમતી જેવાં સંતાનો મેળવી શકયા નથી.

માટે પતિ અને પત્નિની પવિત્ર ભાવના, મર્યાદાપૂર્વકની ગૃહસ્થાશ્રમી, વ્રતમય જીવન, તથા નીતિ–ન્યાય સંપન્ન વ્યવ-હાર હશે તો સારા સંતાનો માગ્યા વિના કે માલ મસાલા ખાધા વિના પણ મળશે.

પ્રદ્યુમ્નકુમારની પ્રાપ્તિમાં કૃષ્ણ અને રૂક્મણીને બાર વર્ષ સુધી વિયોગાવસ્થામાં રહેવું પડયું છે.

સિદ્ધાર્થ રાજા તથા ત્રિશલા રાણી, અશ્વસેન રાજા અને વામા રાણીના પવિત્ર, શિયળસમ્પન્ન અને સત્યપૂર્ણ જીવન કાવ્યોમાં ગૂંથાયેલા છે. ઇત્યાદિક વાતોને પોતાની મસ્તિષ્કની ડાયરીમાં નોંધીને જે ભાગ્યશાળીઓ સ્વપ્નસૃષ્ટિમાં રાચવા કરતાં સત્ય સૃષ્ટિમાં વિચરશે તો ગૃહસ્થાશ્રમના સુન્દરતમ ફળો મેળવ્યા વિના રહેશે નહિ.

રાવણ અને શૂર્પણખા ગમે તેવા સત્તાધીશો, રૂપાળા કે ધરાને ધ્રુજાવનારા હશે, તો યે સંસારમાં વિના મોતે મરીને દુર્ગતિ ભાજન થયા છે. નેમિનાથ ભગવાનના કુટુંબમાં જન્મેલા દુર્યોધન, દુઃશાસન આદિની રાજસત્તા ઓછી ન હતી પણ તેમના જાતીય દૂષણો મર્યાદાતીત થયેલા હોવાથી પોતાના વડિલોની સામે ભરસભામાં મોટા ભાઇ પાંડવોની ધર્મપત્ની દ્રૌપદીને બદઇરાદાથી જાંઘ બતાવીને ઇસારો કરનારા કૌરવોનું નામ પ્રાતઃકાળમાં લેનાર કોઇ નથી.

આ બધી વાતોનું ધ્યાન રાખીને મારો પુત્ર લક્ષાધિપતિ, કરોડાધિપતિ કે મિનિસ્ટર બને તે કરતાં શિયળ સંપન્ન, પવિત્ર અને સદાચારી બનવા પામે તેવી ભાવનાવાળા માતા-પિતા જ પોતાની વૃદ્ધાવસ્થાને સુખમય બનાવી શકશે.

ઇત્યાદિક વિચારો સાથે સ્વીકારેલી લગ્નાવસ્થા પ્રત્યે ધ્યાન આપનાર જ ખરો માનવ છે, બહાદુરોમાં પણ બહાદુર છે તથા પંડિતોનો પણ મહાપંડિત છે.

**શતક ૧૯નો ઉદ્દેશો બીજો પૂર્ણ**

卐

# શતક ૧૯ મું : ઉદ્દેશક–૩

આ ઉદ્દેશામાં પૃથ્વીકાયિક, અપ્કાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક જીવો માટેની વિશેષ વક્તવ્યતા છે. તેમાં પણ સૌથી પહેલા પૃથ્વીકાયિકો માટે વિસ્તારથી છે.

## બાર દ્વાર વડે પૃથ્વીકાયિકોની વિશેષ વક્તવ્યતા :

તે દ્વારો–' સ્યાત્, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, યોગ, ઉપયોગ, કિમાહાર, પ્રાણાતિપાત, ઉત્પાત, સ્થિતિ, સમુદ્ઘાત અને ઉદ્વર્તના વગેરે ઉપર પ્રમાણે છે.

સ્યાત્....હે પ્રભો ! શું કોઇક સમયે પૃથ્વીકાયન જીવો બે–ત્રણ–ચાર કે પાંચ ભેગા થઇને પહેલા સાધારણ શરીરનો બંધ કરે છે ? તે શરીરને યોગ્ય પુદ્ગલોનું ગ્રહણ કરી બંધ કરે છે ? બંધ કર્યા પછી તેઓ આહાર ગ્રહણ કરે છે ? ગ્રહણ કરેલા આહારને પરિણમાવે છે ? અને ત્યાર પછી તેઓ વિશિષ્ટ શરીરને બાંધે છે ? યદ્યપિ સંસારવર્તી જીવોને પ્રતિ સમય નિરંતર આહાર હોય છે, તે કારણે પહેલા સામાન્ય શરીરના બંધ સમયે પણ આહાર ક્રિયા તો ચાલુ જ હોય છે, તેમ છતાં પણ પ્રશ્નમાં પહેલા શરીર બાંધે પછી આહાર લે, આમ કહેવાનું તાત્પર્ય આ છે કે વિશિષ્ટ શરીરની રચનાની અપેક્ષાએ જીવ ઉત્પત્તિ સમયે ઓજ આહાર ગ્રહણ કરે છે. ત્યાર પછી શરીર સ્પર્શ દ્વારા લોમાહાર કરે છે તેને પરિણમાવે અને વિશેષરૂપે શરીરનો બંધ કરે છે. આ પ્રશ્ન છે અને તેનો આશય છે.

યથાર્થ જ્ઞાનના સાગર ભગવંતે જવાબમાં કહ્યું કે, હે ગૌતમ! તારો પ્રશ્ન ઠીક નથી. કેમકે પૃથ્વીકાયિકો બધાએ પૃથક્-પૃથક્ આહાર કરવાવાળા અને તેનું પરિણમન કરનારા હોય છે. તેથી તેઓ ભેગા મળીને નહીં પણ પોતાનું શરીર જુદુ જુદુ બાંધે છે.

લેશ્યાઓ તેમને કૃષ્ણ-નીલ-કાપોત અને તેજ નામે ચાર લેશ્યા હોય છે.

દૃષ્ટિમાં તેઓ મિથ્યાદૃષ્ટિવાળા જ હોય છે. સમ્યક્ કે મિશ્રદૃષ્ટિ તેમને નથી હોતી કેમકે આ બંને પંચેન્દ્રિયોને હોય છે.

જ્ઞાનદ્વારમાં પૃથ્વીકાયિકો મિથ્યાદૃષ્ટિ હોવાથી મતિજ્ઞાન કે શ્રુતજ્ઞાનવાળા નથી હોતા પણ મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન હોય છે.

યોગદ્વારમાં તેઓ કેવળ કાયયોગના જ માલિક હોય છે. કેમકે મનોયોગ કેવળ સંજ્ઞી પંચેન્દ્રિયોને તથા વચનયોગ બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીમાં હોય છે, તે માટે નિકૃષ્ટ પાપકર્મી પૃથ્વીકાયિકોને (એકેન્દ્રિયોને) કેવળ કાયયોગ જ હોય છે.

ઉપયોગદ્વારઃ-સાકારોપયોગ (જ્ઞાન) અને નિરાકારોપયોગ (દર્શન) આ બંને ઉપયોગો પૃથ્વીકાયિકોને હોય છે. કેમકે જીવમાત્રનું લક્ષણ જ જ્ઞાનદર્શન છે, જે પોતાના લક્ષ્યને કોઈ કાળે પણ છોડતું નથી. યદ્યપિ એકેન્દ્રિયોનું જ્ઞાન સર્વથા અસ્પષ્ટ છે, અભાવ નથી. યદિ જીવમાં જ્ઞાનનો અભાવ માનવામાં આવે તો જીવ અને અજીવમાં ફરક રહેતો નથી, માટે તેમને પણ ઉપયોગ માન્ય છે.

આહારને પ્રજ્ઞાપના સૂત્રના આહાર ઉદ્દેશાથી જાણવાની ભલામણ કરતાં કહેવાયું કે 'પોતાના સર્વાત્મ પ્રદેશોથી દ્રવ્યાપેક્ષાએ અનંત પ્રદેશાત્મક, ક્ષેત્રથી અસંખ્યાત પ્રદેશાવગાઢ, કાળથી અન્યતર અર્થાત્ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટકાળમાં તથા ભાવથી વર્ણ–ગંધ–રસ અને સ્પર્શવંત પુદ્ગલો આહારમાં લે છે.

આહારિત પુદ્ગલોને શરીર અને ઇન્દ્રિયોરૂપે પરિણમવામાં તેઓ સમર્થ છે ? ભગવંતે કહ્યું કે, તેઓ ગ્રહણ કરેલા આહારને શરીર અને ઇન્દ્રિયરૂપે, પરિણમાવી શકે છે અને જે પુદ્ગલોનો આહાર કરતા નથી તેમનો પરિણામ થતો નથી તથા આહાર કરેલાનો અસાર ભાવ મળની જેમ નાશ પામે છે.

પૃથ્વીકાયિકોને શું તેવા પ્રકારની સંજ્ઞા, પ્રજ્ઞા, મન અને વાણી હોય છે ! જેના દ્વારા અમે આહાર કરીએ છીએ એવો વિચાર આવે ? બીજાઓને પણ શું કહી શકે છે કે 'અમે આહાર કર્યો ?'

મતિ એટલે અર્થાવગ્રહ ઠીક થવામાં કારણભૂત પ્રજ્ઞા છે જે સૂક્ષ્માર્થને ગ્રહણ કરનારી છે. મન એટલે મનોદ્રવ્યને જ મન કહેવાય છે અને વાણી એટલે દ્રવ્યશ્રુતરૂપ શબ્દોનો વ્યવહાર.

જવાબમાં ભગવંતે કહ્યું કે 'પૃથ્વીકાયિકોને 'હું આહાર કરૂ છું,' તેવો ખ્યાલ હોતો નથી. પણ અના ભોગ રૂપ–આહાર તો તેઓ કરે જ છે. તેવી રીતે ઈષ્ટ કે અનિષ્ટ સ્પર્શનું વેદન અનાભોગપૂર્વક થાય છે પણ તેમને પોતાને તેનું સંવેદન થતું નથી.

અવિરતિનાં કારણે પૃથ્વીકાયિકોને પ્રાણાતિપાત (હિંસા)

મૃષાવાદ યાવત્ મિથ્યાત્વ દર્શન નામના ૧૮ પાપસ્થાનો હોય છે તથા એક સ્થાનીય પૃથ્વીકાયિકો બીજા સ્થાનમાં રહેલા પૃથ્વી કાયિકોનું હનન કરે છે છતાં પણ તેમને એવો ખ્યાલ હોતો નથી કે 'અમે કોઇને મારી રહ્યાં છીએ કે સામેવાળા જીવો મરી રહ્યાં છે' આ જીવોને ઉત્પન્ન થવાના સાત લાખ સ્થાનો છે તે કારણે કાળી માટીના પૃથ્વીકાયિકો અને લાલ માટીના પૃથ્વીકાયિક જીવો સર્વથા જુદા છે. માટે બંનેનું મિશ્રણ પરસ્પર ઘાતક બને છે. આ કારણે જ જૈન મુનિઓને માટે નિયત્ વિધાન છે કે 'એક ખેતરમાંથી બીજામાં જતા કે ગામમાં પ્રવેશ કરતાં પોતાના પગને પૂંજીને આગળ જાય.'

પૃથ્વીકાયિક જીવો કેવળ નરક ગતિને છોડી શેષ મનુષ્ય, તિર્યંચ કે દેવગતિમાંથી નીકળીને પૃથ્વીકાયત્વ પ્રાપ્ત કરે છે. નરકભૂમિથી સીધા પૃથ્વીકાયમાં અવાતું નથી, દેવભૂમિમાં રહેલી સુગંધી પાણીની વાવડીઓ, ત્યાંના ભોગ સાધનો આદિમાં રહેલી આસક્તિના કારણે દેવો પણ પૃથ્વીકાયમાં અવતરી શકે છે.

જઘન્યથી અંતર્મુહુર્ત અને ઉત્કૃષ્ટથી બાવીસ હજાર વર્ષ સુધી પૃથ્વીકાયિકોની સ્થિતિ છે.

વેદના, કષાય અને મારણાંતિક સમુદ્ઘાતો ત્રણ હોય છે. કેટલાક જીવો મારણાંતિક સમુદ્ઘાત કરીને અને કેટલાક તે વિના પણ મરે છે.

પૃથ્વીકાયના જીવો મરીને નરક અને દેવલોકમાં જતા નથી પણ મનુષ્ય કે તિર્યંચમાં જાય છે.

આ પ્રમાણે અપ્કાયિકો માટે પણ જાણવું. વિશેષમાં

તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત હજાર વર્ષની જાણવી. તેજસ્ કાયિકોની ત્રણ અહોરાત્ર જાણવી. મરીને તિર્યંચગતિમાં તથા લેશ્યા ત્રણ જાણવી. વાયુકાયિકોને વૈક્રિય, વેદના, કષાય અને મારણાંતિક સમુદ્‌ઘાત ચાર જાણવા. બાદર નિગોદ વનસ્પતિકાયિક જે લોકના મધ્યમાં છે તેમનો આહાર છ દિશાનો જાણવો.

## પૃથ્વીકાયાદિની અવગાહનાનું અલ્પ-બહુત્વ :

ઉપર્યુક્ત પાંચ સ્થાવરો, સૂક્ષ્મ-બાદર-પર્યાપ્ત અને અપર્યાપ્તરૂપે ચાર પ્રકારના છે. તેમની જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અવગાહના કોની કોનાથી વધારે ?

જવાબમાં કહેવાયું છે કે પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદની અવગાહના સૌથી થોડી છે.

અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિકોની અવગાહના તેનાથી અસંખ્યાત ગણી વધારે છે.

અપર્યાપ્ત સૂક્ષ્મ અગ્નિકાયિકોની જઘન્ય અવગાહના અસંખ્યાત ગુણ વધારે. અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકોની તેનાથી અસંખ્યાત ગુણ વધારે. અપર્યાપ્ત બાદર વાયુકાયિકોની, પર્યાપ્ત બાદર અગ્નિકાયની, અપર્યાપ્ત બાદર અપ્કાયની, અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયની પર્યાપ્ત તથા અપર્યાપ્ત પ્રત્યેક શરીરવાળા વનસ્પતિકાય તથા બાદર નિગોદની ક્રમે ક્રમે અસંખ્યાત ગુણ વધારે છે. અને પરસ્પરમાં સરખી છે. તેથી પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદ અસંખ્યાત ગુણા છે. તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદની

ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક છે આ ક્રમે પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદ, પર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિકની જઘન્ય, તેનાથી અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિક ઉત્કૃષ્ટ પહેલાથી વિશેષાધિક છે. સૂક્ષ્મ તેજસ્કાયિક જઘન્ય અને ઉત્કૃષ્ટ ઉપર પ્રમાણે જાણવી. શેષ વક્તવ્ય સૂત્રથી જાણવું.

## પાંચ સ્થાવરોમાં કોણ કોનાથી સૂક્ષ્મ છે :

હે પ્રભો ! પાંચ સ્થાવરોમાં કોણ કોનાથી સૂક્ષ્મ છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે, હે ગૌતમ ! પાંચેમાં વનસ્પતિ-કાયિક જીવો સર્વથી સૂક્ષ્મ છે, સૂક્ષ્મતર છે.

વનસ્પતિને છોડી શેષ ચારે સ્થાવરોમાં વાયુકાયિકો સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે.

વાયુકાયને છોડી શેષ ત્રણે એટલે, પૃથ્વી, અપ્ અને તેજસ્કાયમાં સૌથી સૂક્ષ્મ તેજસ્કાયિકો છે.

પૃથ્વી અને અપ્કાયમાં અપ્કાયિકો સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે.

બાદરની અપેક્ષાએ પાંચે નિકાયોમાં વનસ્પતિકાય જ બાદર છે, બાદરતર છે.

વનસ્પતિને ત્યાગી ચારે સ્થાવરોમાં પૃથ્વીકાયિકો બાદર અને બાદરકાય છે.

અપ્, તેજસ્ અને વાયુકાયમાં અપ્કાયિકો બાદર છે.

તેજસ અને વાયુમાં તેજસ્કાયિકો બાદર છે.

## પૃથ્વીકાયાદિમાં શરીરની વિશાળતા

હે પ્રભો! પૃથ્વીકાયિક જીવોનું શરીર કેટલું વિશાળ છે? જવાબમાં ભગવંતે કહ્યું કે અનંત સૂક્ષ્મ વનસ્પતિકાયનાં શરીર પ્રમાણમાં કેવળ એક સૂક્ષ્મ વાયુકાયિક હોય છે. સારાંશ કે સૂક્ષ્મ વનસ્પતિકાયના અનંત જીવોનું જે શરીર પ્રમાણ હોય છે. તેટલા પ્રમાણમાં સૂક્ષ્મ વાયુકાયના એક જીવના શરીરનું પ્રમાણ છે. આગળ આ પ્રમાણે જાણવું.

અસંખ્યાત સૂક્ષ્મ વાયુકાયિકોના શરીર પ્રમાણમાં સૂક્ષ્મ તેજસ્કાયનું શરીર પ્રમાણ છે.

અસંખ્યાત સૂક્ષ્મ તેજસ્કાય જીવોના પ્રમાણમાં એક સૂક્ષ્મ અપ્કાય જીવનું શરીર છે તથા સૂક્ષ્મ પૃથ્વીકાયનું શરીર પણ જાણવું.

અસંખ્યાત સૂક્ષ્મ પૃથ્વીકાયના શરીર પ્રમાણમાં એક બાદર વાયુકાના જીવનું શરીર પ્રમાણ છે.

અસંખ્યાત બાદર વાયુકાય જીવોનાં શરીર પ્રમાણમાં એક બાદર તેજસ્કાયનું શરીર પ્રમાણ છે.

અસંખ્યાત બાદર તેજસ્કાયના પ્રમાણમાં એક બાદર અપ્કાયનું પ્રમાણ છે.

અસંખ્યાત બાદર અપ્કાયના પ્રમાણમાં એક બાદર પૃથ્વીકાયનું શરીર જાણવું.

હે ગૌતમ! પૃથ્વીકાયનું શરીર ઉપર પ્રમાણે જાણવું.

## પૃથ્વીકાયિક જીવોની અવગાહના કેટલી છે?

જવાબમાં ભગવંતે દૃષ્ટાંતની કલ્પના કરીને ફરમાવ્યું કે જુવાન, સશક્ત, સુષમકાળમાં જન્મેલી, વાંટવાની ક્રિયામાં નિપુણ, થાક ન લાગે તેવી, આદિ વિશેષણોથી યુક્ત ચક્રવર્તી રાજાની દાસી પત્થર ઉપર લાખના ગોળા પ્રમાણ પૃથ્વીકાયને મૂકે અને વજ્રમય ગોળ પત્થરથી ચટણીની જેમ વાટે, ફરી ભેગા કરીને વાટે, આમ એકવીશ વાર વાટવાની ક્રિયા કરે તો પણ હે ગૌતમ! તે પૃથ્વીકાય જીવોને બરાબર વાટી શકતી નથી, લાખના ગોળા પ્રમાણમાં રહેલા પૃથ્વીકાયિકોમાંથી પણ કેટલાક શિલા પર લાગ્યા જ હોતા નથી. કેટલાક વાટવાના પત્થરને લાગ્યા નથી હોતા, કેટલાક ઘસાવા છતાં વટાતા પણ નથી, આદિ કારણથી હે ગૌતમ! તમે જાણી શકો છો કે પૃથ્વીકાયિકોની અવગાહના કેટલી સૂક્ષ્મ હોય છે.

પૃથ્વીકાયિકો પત્થર ઉપર ઘસાવવા, રગડાવવા છતાં કેવી વેદના ભોગવે છે? જવાબમાં કહેવાયું કે બધી રીતે અત્યંત સશક્ત માણસ ગુસ્સામાં આવીને સર્વથા નિર્બલ, વૃદ્ધ, ભૂખથી પીડિત, રોગીષ્ટ માણસના માથા ઉપર જોરથી મારેલા મુક્કાથી જે વેદનાનો અનુભવ થાય તેના કરતાં પણ ઘણી વધારે વેદના પૃથ્વીકાયિકો ભોગવે છે. આ પ્રમાણે અપૂકાયિક અને વાયુકાયિકો માટે પણ જાણવું.

**શતક ૧૯નો ઉદ્દેશો ત્રીજો પૂર્ણ**

# શતક ૧૯ મું : ઉદ્દેશક–૪

## નારકો શું મહાવેદનાદિવાળા છે ?

ગૌતમસ્વામી પૂછે છે કે હે પ્રભો ! નરક ગતિમાં રહેનારા નારકો શું મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના અને મહાનિર્જરાના માલિકો છે ? અહીં આ ચારે પદોના અલ્પ અને મહા આ બંનેની કલ્પના કરી છે. જેથી બધા મળીને સોળ ભાંગા બને છે. તે આ પ્રમાણે :—

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | મહા આશ્રવ | મહા ક્રિયા | મહા વેદના | મહા નિર્જરા |
| ૨ | ,, | ,, | ,, | અલ્પ નિર્જરા |
| ૩ | ,, | ,, | અલ્પ વેદના | મહા નિર્જરા |
| ૪ | ,, | ,, | ,, | અલ્પ નિર્જરા |
| ૫ | ,, | અલ્પ ક્રિયા | મહા વેદના | મહા નિર્જરા |
| ૬ | ,, | ,, | ,, | અલ્પ નિર્જરા |
| ૭ | ,, | ,, | અલ્પ વેદના | મહા નિર્જરા |
| ૮ | ,, | ,, | ,, | અલ્પ નિર્જરા |
| ૯ | અલ્પ આશ્રવ | મહા ક્રિયા | મહા વેદના | મહા નિર્જરા |
| ૧૦ | ,, | ,, | ,, | અલ્પ નિર્જરા |
| ૧૧ | ,, | ,, | અલ્પ વેદના | મહા નિર્જરા |
| ૧૨ | ,, | ,, | ,, | અલ્પ નિર્જરા |
| ૧૩ | ,, | અલ્પ ક્રિયા | મહા વેદના | મહા નિર્જરા |
| ૧૪ | ,, | ,, | ,, | અલ્પ નિર્જરા |
| ૧૫ | ,, | ,, | અલ્પ વેદના | મહા નિર્જરા |
| ૧૬ | ,, | ,, | ,, | અલ્પ નિર્જરા |

ઉપર પ્રમાણેના ૧૬ ભાંગામાં આપણે નારકો માટે જ વિચારણા કરવાની છે.

( ૧ ) પહેલા ભાંગામાં નારકો એટલા માટે નથી કે, તેઓ મહાભયંકર આશ્રવ કર્મની સેવના કરીને પાંચે ક્રિયાઓમાં પૂર્ણ રૂપે ડૂબેલા હોવાથી નરકગતિમાં અસહ્ય વેદના ભોગવવા છતાં પણ કર્મોની નિર્જરા વધારે કરી શકતા નથી, કેમકે માનવ અવતારમાં લોહીનું બૂંદ બૂંદ જ્યારે કૃષ્ણ લેશ્યામાં ઓતપ્રોત થાય છે, ત્યારે તે જીવાત્માઓની સર્વ સાધારણ ક્રિયા પણ મહા ચિકણા કર્મોને બાંધનાર બને છે. આ રીતે અતિનિકાચિત કર્મોનો બંધ કરેલા તેઓ નરકમાં ક્ષેત્ર વેદના, પરમાધામી વેદના અને પરસ્પર વેદનાઓને ભોગવવા છતાં પણ કર્મોની નિર્જરા વધારે કરી શકતા નથી કેમકે નિયાણાબદ્ધ તે નારકો માર ખાવામાં અને બીજાને મારવામાં જ મસ્તાન બનેલા હોવાથી કર્મોની નિર્જરાનું લક્ષ્ય પ્રાયઃ કરી તેમને હોતું નથી. માટે પહેલા ભાંગામાં નારકોનો નિષેધ છે.

( ૨ ) બીજો ભાંગો જે મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના અને અલ્પ નિર્જરાનો છે, આમાં નારકો સમાવિષ્ટ થશે, કેમકે તે કર્મોની નિર્જરા અલ્પ કરનારા છે.

( ૩ ) ત્રીજા ભાંગાનો નિષેધ ફરમાવતાં પ્રભુએ કહ્યું કે નારકોને નિર્જરા અલ્પ હોવાથી આ ભાંગો તેમના માટે નથી. નારકો મહા વેદનાવાળા હોવાથી તેઓને અલ્પ વેદના હોતી નથી. આ કારણે પણ ત્રીજો ભાંગો તેમને નથી. કદાચ અમુક જ સમય પૂરતી પરમાધામીઓની વેદનાનો અભાવ રહેતો હોય તો પણ તેમને ક્ષેત્ર જન્મ અને પરસ્પરોદીરિત વેદના તો હર હાલતમાં પણ અલ્પ હોતી નથી. અત્યંત વેદનાને ભોગવનારા હોવાથી તેઓ ચાહે ગમે તેવા બરાડા પાડે, રોવે, માથા પછાડે તો પણ હે ગૌતમ ! તેઓને કોઈ બચાવનાર

નથી. માનવતારમાં જેમનાં નિમિત્તે મહાભયંકર કર્મો કર્યાં તે પણ નરકમાં જતાં પોતાના પતિને, પિતાને, પુત્રોને બચાવવા માટે કે વેદનામાં ભાગ લેવા માટે ત્યાં જઇ શકતા નથી, કેમકે સૌના હાથમાં આયુષ્ય કર્મની બેડી પડી છે, માટે જ કપાલને કૂટતો, આંખોમાંથી શ્રાવણ ભાદરવો વરસાવતો તથા ચોથી નરકમાં ત્રણે પ્રકારની મહાભયંકર વેદનાઓને ભોગવતો અયોધ્યાનો રાજા લક્ષ્મણ કહે છે :–

" मया परिजनस्यार्थे कृत कर्म सुदारुणम् ।
एकाकी तेन दह्येऽए गतास्ते फल भोगिनः ॥ "

સારાંશ કે જે સીતાજીની રક્ષા માટે ભયંકર રણમેદાન રમીને લાખો કરોડો માણસોને મોતના ઘાટે ઉતાર્યા, તે સીતાજી અત્યારે ઇન્દ્રપદ ભોગવી રહ્યાં છે. જે મોટા ભાઈ રામચન્દ્રજીને પિતાજી માફક સમજી તેમનાં ચરણોનો ભક્ત બન્યો, તેમને પ્રસન્ન રાખવા માટે મેં શું નથી કર્યું ? પણ હાય રે ! મારા કર્મ–અજ્ઞાન–મોહ–માયા. આજે રામચન્દ્રજી કેવળજ્ઞાનની ભૂમિકામાં પહોંચ્યાં છે પણ નરકમાં રીબાતા પોતાના લક્ષ્મણ ભૈયાના માથા પર હાથ મૂકવા પણ તૈયાર નથી. વનમાળા આદિ મારી પટ્ટરાણીઓ અને બીજી બધી–રાણીઓને શણગારવામાં, ખવડાવવામાં, પીવડાવવામાં હું કેટલો બધો મોહઘેલો બન્યો હતો, પણ વાહરે સંસાર ! આજે એકેય સ્ત્રી મને આશ્વાસન દેવા માટે તૈયાર નથી. ઇત્યાદિ કારણોને લઈ નારક જીવો મહાવેદનાવાળા હોવાથી ત્રીજો ભંગો તેમના માટે નથી.

( ૪ ) અલ્પ નિર્જરાવાળા હોવા છતાં પણ નારકો અલ્પ વેદનાવાળા ન હોવાથી ચોથા ભાંગામાં પણ તેઓ આવી શકતા નથી.

( ૫ ) મહા નિર્જરાના માલિકો નારકો હોતા નથી માટે આ પાંચમો ભાંગો પણ તેમને નથી.

( ૬ ) નારકો અલ્પક્રિયાવાળા નથી હોતા પણ મહાક્રિયાને કરનારા હોવાથી આ ભાંગામાં પણ તેઓ નથી.

( ૭ ) આ ભાંગો પણ તેમને નથી, કેમકે વેદના અને ક્રિયા તેમને અલ્પ હોતી નથી. મહામિથ્યાત્વપૂર્વક વૈરાનુબંધમાં ધૂંઆપુંઆ થયેલા તેઓ પ્રતિસમયે બીજા નારકોને મારવામાં, કાપવામાં, છેદવામાં, તેમના શરીરના ટૂકડે ટૂકડા કરવામાં જ રચ્યાપચ્યા હોવાથી, મહાક્રિયાવાળા જ હોય છે અને બીજાઓ દ્વારા થતી મારકાટને રીબાતા રીબાતા સહન કરવાથી મહા-વેદનાવાળા હોય છે. યદ્યપિ જીવાત્માની શક્તિ અનંત છે અને કર્મસત્તા પણ અનંત શક્તિ સમ્પન્ન છે, માટે ઘણીવાર ઘણા સ્થળે જીવાત્માની શક્તિ એવી રીતે દબાઇ ગયેલી હોય છે, જેનાં કારણે કર્મરાજાનો માર ખાવા સિવાય બીજો એકેય માર્ગ નથી.

( ૮ ) આ ભાંગામાં મહાશ્રવ અને અલ્પ નિર્જરા હોવા છતાં પણ તેઓ અલ્પક્રિયા અને વેદનાવાળા નથી.

( ૯ ) અલ્પાશ્રવ અને મહાનિર્જરાવાળો આ ભાંગો હોવાથી નારકોને માટે ઉપર્યુક્ત નથી.

( ૧૦ ) અલ્પાશ્રવના કારણે આ ભાંગો પણ નથી. ૧૧થી ૧૬ આ ભાંગા પણ તેમને નથી.

ઉપરના વિવેચનથી જણાઇ આવે છે કે નારકોને માટે બીજો ભાંગો જ ઉપયુક્ત છે.

અસુરકુમારોને માટે ચતુર્થભંગ એટલે કે તેઓ અલ્પ-વેદના અને અલ્પનિર્જરાવાળા, મહાઆશ્રવ અને મહાક્રિયાવાળા

હોય છે. કારણમાં કહેવાયું છે કે વિશિષ્ટ પ્રકારની વિરતિના અભાવમાં તેઓ મહાઆશ્રવવાળા અને મહાક્રિયાવાળા હોય છે અને પ્રાયઃ કરી અશાતા વેદનીય કર્મના ઉદયના અભાવથી અલ્પવેદનાવાળા અને અશુભ પરિણામવાળા હોવાથી તેમને નિર્જરા પણ અલ્પ હોય છે. શેષ ૧૫ ભાંગા અસુરકુમારોને નથી યાવત્ સ્તનિતકુમાર સુધી.

એકેન્દ્રિય જીવો માટે જાણવાનું કે તેમના પરિણામોની વિચિત્રતાના કારણે તેમને બધાએ ભાંગા હોય છે, કેમકે અધ્યવસાયોની તરતમતા તેમને હોય છે. આ પ્રમાણે બેઇન્દ્રિયથી મનુષ્યોને માટે પણ બધા ભાંગા જાણવા.

વ્યંતરથી લઈ વૈમાનિક દેવો માટે ચોથો ભાંગો જાણવો.

શતક ૧૯ નો ઉદ્દેશો ચોથો પૂર્ણ.

# શતક ૧૯ મું : ઉદ્દેશક–૫

## નારકો શું ચરમ છે ? કે પરમ છે ?

ગૌતમસ્વામીએ પૂછ્યું કે હે પ્રભો ! નારકો શું ચરમ છે કે પરમ છે ? અહીં ચરમ અલ્પ આયુષ્યવાળા નારકો અને પરમ એટલે દીર્ઘ આયુષ્યવાળા નારકો જાણવાં. જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! નારકો ચરમ અને પરમ પણ છે.

ફરીથી ગૌતમસ્વામીએ પૂછ્યું કે અલ્પ આયુષ્યવાળા નારકો કરતાં દીર્ઘ આયુષ્યવાળા ( પરમ ) નારકો શું મહાકર્મવાળા, મહાક્રિયાવાળા, મહાઆશ્રવવાળા અને મહાવેદનાવાળા છે ? અને દીર્ઘ ઉમ્રવાળા નારકોથી અલ્પ આયુષ્યવાળા નારકો શું અલ્પ કર્મવાળા, અલ્પ ક્રિયાવાળા, અલ્પ આશ્રવવાળા અને અલ્પ વેદનાવાળા હોય છે ?

જવાબમાં ભગવંતે 'હા' કહી છે. અર્થાત્ પ્રશ્ન પ્રમાણે જ ઉત્તર સમજવો.

કારણમાં કહેવાયું છે કે કર્મોની સ્થિતિની અપેક્ષાએ આ વાત છે, અર્થાત્ અલ્પ આયુષ્યવાળા નારકોની નરક સ્થિતિ હવે બહુ ઓછી રહી છે અને તે પહેલાં ઘણાં ઘણાં કર્મો, વેદનાઓ વગેરે ભોગવાઈ ગયેલા હોવાથી તેઓ અલ્પ કર્મવાળા, અલ્પ ક્રિયાવાળા, અલ્પ આશ્રવવાળા અને અલ્પ વેદનાવાળા કહેવાયા છે. જ્યારે દીર્ઘ આયુષ્યવાળા પરમ નારકોની કર્મ સ્થિતિ ઘણી દીર્ઘ હોવાથી તેમને કર્મો પણ ભોગવવાના ઘણા શેષ છે. માટે તેઓ મહાકર્મી, મહાક્રિયાવંત, મહાશ્રવી અને મહાવેદનાવાળા હોય છે.

## અસુરકુમાર દેવો માટેની વક્તવ્યતા :

હે ગૌતમ ! અસુરકુમાર દેવો પણ ચરમ અને પરમ છે પરંતુ નારકોથી તેમને વિપરીત સમજવા. કેમકે પરમ એટલે સ્થિતિ દીર્ઘ હોવાથી અલ્પકર્મી છે, અશાતા વેદનીય તેમને અલ્પ છે, અલ્પક્રિયાવંત છે કેમકે કાયિકી વગેરે અશુભ ક્રિયા વડે થનારા આશ્રવો તેમને અલ્પ છે. આ પ્રમાણે વેદના પણ તેમને અલ્પ છે, તથા પરમ અસુરકુમારો મહા કર્મી, મહાક્રિયાવાળા, મહાવેદનાવાળા અને મહાઆશ્રવવાળા હોય છે. યાવત્ સ્તનિતકુમાર સુધી જાણવું.

એકેન્દ્રિયો, વિકલેન્દ્રિયો, તિર્યંચો, મનુષ્યો પરમની અપેક્ષાએ મહાકર્મવાળા આદિ જાણવા અને ચરમની અપેક્ષાએ અલ્પ જાણવા.

શેષ દેવો અસુરકુમારની જેમ જાણવા.

## વેદના કેટલા પ્રકારે અને કોને કેટલી વેદના ?

ભગવંતે વેદના બે પ્રકારની કહી છે તે આ પ્રમાણે 'નિદા અને અનિદા' નિદા શબ્દમાં 'નિ' ઉપસર્ગ છે અને પહેલા ગણનો "દૈવ શોધને" ધાતુ છે તેમાંથી બનેલા 'નિદા' શબ્દનો અર્થ વેદના વિશેષ એટલે કે જ્ઞાનયુક્ત વેદના, તેનો પણ સરળાર્થ છે, જેમાં જીવની શુદ્ધિ નિયત હોય તે નિદા કહેવાય છે. આનાથી નિદા, જ્ઞાન, આભોગ આદિ એકાર્થ શબ્દો છે માટે નિદાપૂર્વક–સમજદારીપૂર્વક એટલે કે "મારા જ કરેલા કર્મો મારે ભોગવવાના છે" તેમ સમજીને જે

વેદના ભોગવાય તેને નિદા કહે છે. અથવા સમ્યગ્-વિવેકપૂર્વક જે વેદના ભોગવાય તે નિદા છે.

નરક નિગોદમાં રહેલા જીવોથી યાવત તીર્થંકર પદને ભોગવનારાઓને પણ કરેલાં કર્મો નિમિત મળતા ઉદયમાં આવ્યા વિના રહેતા નથી. તે સમયે કર્મોનું વેદન શી રીતે કરવું ? તે આ પ્રશ્નનો આશય છે. કારણ કે "कर्मोरतं सर्वं जगत्प्रपञ्चम्" સુખ-દુઃખ, સંયોગ-વિયોગ, હર્ષ-ગ્લાનિ, જીવન-મરણ, હાનિ-લાભ, હસવું-રડવું, આદિ દ્વન્દ્વોના અનુભવમાં જીવ માત્રના પોતાના જ કરેલાં કર્મો કારણભૂત છે. જે સમયે પ્રાપ્ત થતાં ઉદયમાં આવવાના જ છે અથવા જીવ માત્રને પ્રતિ સમયે જે નવાં નવાં કર્મોનું બંધન થાય છે તેમ તેમ બંધાયેલા કર્મોનો ઉદય પણ નિયત છે. તેવા સમયે ઉદયમાં વર્તતાં કર્મોને શી રીતે ભોગવવા ? જેથી જૂના કર્મો ખપે અને નવાં કર્મોનું બંધન અટકે તેવી વિચારણા કરવી તેને જ 'નિદા' કહેવાય છે. "नियतं दायति आत्मानं शोषयतीति निदा" નવાં પાપ કર્મોથી આત્માને બચાવવો અને શોધવો તે 'નિદા' છે.

નિકાચિત પાપકર્મોનો ભાર માથા પર લઈને નરકમાં રહેલા કેટલાક નારકોની જ્ઞાનસંજ્ઞા સમાપ્ત થતી નથી. જેઓ સંજ્ઞી જીવની પર્યાયથી મરણ પામીને નરકમાં ગયેલા છે તેઓ સમ્યગ્ વિવેકપૂર્વક પોતાના કરેલા કર્મોને અને કર્મોના મારને સહન કરે છે. તથા અસંજ્ઞી મૂઢ અવસ્થામાં મરણ પામીને જે નરકમાં ગયા છે તેઓ વિચારી પણ શકતા નથી કે 'અમારાથી ભોગવાતો આ દુઃખનો ભાર કયા કર્મોને આભારી છે ?' માટે હે ગૌતમ ! મેં આ પ્રમાણે કહ્યું કે કેટલાક નારકો જ્ઞાનપૂર્વક અને કેટલાક અજ્ઞાનપૂર્વક વેદે છે.

અસુરકુમારાદિ દેવો પણ ઉપર પ્રમાણે જાણવા.

સ્થાવરો અને વિકલેન્દ્રિય જીવો અસંજ્ઞી હોવાથી અનિદા વેદનાને ભોગવનારા છે.

મનુષ્યોને બંને પ્રકારની વેદના જાણવી. દેવોમાં પણ જે મિથ્યાદૃષ્ટિ છે તેઓ સમ્યગ્ વિવેક વિનાના હોવાથી અનિદા વેદના ભોગવે છે. વિશેષ કથન પ્રજ્ઞાપના સૂત્રથી જાણવું.

ભગવંતની યથાર્થ વાણીને સાંભળીને ગૌતમસ્વામી ખુશ થયા છતાં દ્રવ્ય અને ભાવથી ભગવંતને વંદન કરી ધ્યાનમાં સ્થિર થયાં.

શતક ૧૯ નો ઉદ્દેશો પાંચમો પૂર્ણ.

卐

# શતક ૧૯ મું : ઉદ્દેશક—૬

## દ્વીપ સમુદ્રની વક્તવ્યતા :

આ વિષયમાં સૂત્રકાર સુધર્માસ્વામી પોતે જીવાભિગમ સૂત્રમાં દ્વીપ સમુદ્રઉદ્દેશક નામનો ઉદ્દેશો છે તે આખું એ પ્રકરણ ત્યાંથી જાણી લેવાની ભલામણ કરે છે. તેમાં જ્યોતિષિક પંડિત પ્રકરણને છોડવાનું કહ્યું છે, જેમાં સૂર્ય અને ચંદ્રની હકીકત આવે છે, છેવટે ભગવંતે કહ્યું કે અસંખ્ય દ્વીપ સમુદ્રોમાં આપણો જીવ અનંતવાર ફરી આવ્યો છે.

શતક ૧૯નો ઉદ્દેશો છઠ્ઠો પૂર્ણ.

# શતક ૧૯ મું : ઉદ્દેશક–૭

## દેવોના વિમાન આદિ માટેની વક્તવ્યતા :

ગૌતમસ્વામીના પૂછવાથી ભગવંતે કહ્યું કે અસુરકુમારોના આવાસો ૬૪ લાખ છે, જે સ્ફટિક જેવા નિર્મલ, ચમકતા, ચિકણા, સુંદર, આકારવાળા છે, ત્યાં અનેક પ્રકારના જીવો અને પુદ્ગલો ઉત્પન્ન થાય છે, મરે છે અને પુનઃ ત્યાં જ ઉત્પન્ન થાય છે. આ આવાસો શાશ્વતા છે, જે દ્રવ્યાર્થિક નયે જાણવા, અને વર્ણ–ગંધ–રસ અને સ્પર્શ પર્યાયોની અપેક્ષાએ અશાશ્વત એટલે અનિત્ય છે. યાવત્ સ્તનિત દેવો આ વાત જાણવી.

ભૂમિની અંદર ભૌમેય નગરાવાસો વાનવ્યંતરના કેટલા છે ? ભગવંતે અસંખ્ય કહ્યાં છે. જ્યોતિષ દેવોના વિમાનાવાસો અસંખ્યાત પ્રમાણ છે. સૌધર્મ દેવલોકના ૩૨ લાખ વિમાનવાસો છે યાવત્ અચ્યુત દેવલોક સુધી જાણવું.

**શતક ૧૯ નો ઉદ્દેશો સાતમો પૂર્ણ.**

# શતક ૧૯ મું : ઉદ્દેશક-૮

## નિર્વૃતિ કાર્યનિષ્પતિ કેટલા પ્રકારની છે ?

ગૌતમસ્વામીએ પૂછ્યું કે હે પ્રભો ! જીવનિર્વૃતિના કેટલા ભેદો છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! જીવનિર્વૃતિ પાંચ પ્રકારે છે તે આ પ્રમાણે :-એકેન્દ્રિય જીવ નિર્વૃતિ, દ્વીન્દ્રિય જીવ નિર્વૃતિ, ત્રીઇન્દ્રિય જીવ નિર્વૃતિ, ચતુરિન્દ્રિય જીવ નિર્વૃતિ અને પંચેન્દ્રિય જીવ નિર્વૃતિ. સારાંશ કે ગત ભવોના ઉપાર્જન કરેલા એકેન્દ્રિય જાતિ નામકર્મને વશીભૂત થઇને જીવો પોતાનું એકેન્દ્રિય શરીર બાંધે તે એકેન્દ્રિય જીવ નિર્વૃતિ કહેવાય છે. આ પ્રમાણે બીજા જીવો પણ પોતપોતાના જાતિ નામ કર્મ પ્રમાણે શરીરોની નિર્વૃતિ કરે છે. બેઇન્દ્રિય જીવોને દ્વીન્દ્રિય જાતિ નામ કર્મ, ત્રણ ઇન્દ્રિય જીવોને ત્રીરિન્દ્રિય જાતિ નામ કર્મ, આ રીતે ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય માટે પણ જાણવું.

કર્મોની સત્તામાં કોઇની પણ દખલગિરિ કામે આવતી નથી. સ્વતંત્ર આત્માને પણ પોતાના કરેલા કર્મોને કારણે તેવી જ પરિસ્થિતિ તેમની સામે ઉભી થાય છે. જેથી અનિચ્છાએ પણ તે તે શરીરોને મેળવ્યા વિના છુટકો નથી.

ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે, આ જ પ્રમાણે એકેન્દ્રિય જીવ નિર્વૃતિ પણ નીચે પ્રમાણે પાંચ પ્રકારની છે. પૃથ્વીકાય એકેન્દ્રિય જીવ નિર્વૃતિ, યાવત્ વનસ્પતિકાય જીવ નિર્વૃતિ સમજવી. એકેન્દ્રિય જાતિ નામકર્મ-અંતર્ગત, પૃથ્વી-

કાય, અપ્કાયાદિ જાતિ નામકર્મને વશ બનેલા જીવો પૃથ્વી, અપ્, તેજ, વાયુ અને વનસ્પતિના શરીરની રચના કરે છે.

પૃથ્વીકાયિક જીવ નિર્વૃતિ પણ સૂક્ષ્મ અને બાદરરૂપે બે પ્રકારે છે : (૧) સૂક્ષ્મ પૃથ્વીકાય એકેન્દ્રિય જીવ નિર્વૃતિ અને (૨) બાદર પૃથ્વીકાય એકેન્દ્રિય જીવ નિર્વૃતિ. અહીં આપેક્ષિક સૂક્ષ્મ નથી લેવાનો પણ સૂક્ષ્મ નામકર્મને આધીન થઈને જીવ સૂક્ષ્મ શરીરને ધારણ કરે તે સૂક્ષ્મ છે, જે અસંખ્યાતા જીવો ભેગા મળે તો પણ કેવળી સિવાય બીજાને માટે ચક્ષુગોચર નથી થતા.

એક શરીર છોડીને બીજું શરીર લેવાને માટે જૈન શાસનમાં આયુષ્યકર્મ, નામકર્મ અને આનુપૂર્વી નામકર્મની વ્યવસ્થા છે. જેમકે રાગ–દ્વેષ અને મોહ–માયામાં અંધ બનીને આરંભ–સમારંભ, પરિગ્રહ, વૈરાનુબંધ તથા વિષયાનુબંધ આદિના કારણે અથવા અરિહંતનું પૂજન, દાન, શિયળ તપ અને શુદ્ધ કે શુભ ભાવોના કારણે જીવ માત્ર તે તે ગતિને યોગ્ય આયુષ્યકર્મનું બંધન કરે છે. પછી તે ગતિઓમાં જવા માટે તેવા પ્રકારના શુભ કે અશુભ નામકર્મને ઉપાર્જ્યા વિના છુટકો નથી. પરંતુ કોઈ પણ જીવ પોતાના ચાલુ ભવની માયાને છોડવા માંગતો નથી તેમ છતાં પણ કર્મસત્તા જબરદસ્ત હોવાનાં કારણે ચાલુ ભવની આયુષ્યકર્મની બેડી તૂટતાં જ આગામી ભવની બેડી તેના હાથમાં પડી જાય છે, પણ પ્રત્યેક જીવાત્માને પોતાના ચાલુ ભવના કરેલા શુભાશુભ કર્મોનો ખ્યાલ હોય છે માટે તે જાણતો હોય છે કે હું અહીંથી મર્યા પછી હલકી જાતિમાં જન્મવાનો છું અને જવાનો ભાવ નથી હોતો માટે આયુષ્યકર્મનો છેલ્લો પ્રદેશ ભોગવીને શરીરથી છૂટો પડતો આત્મા સીધો ઉપર તરફ જાય છે. તે

સમયે જ આનુપૂર્વી કર્મ તેને પકડી પાડે છે અને જીવાત્માને તે ગતિ તરફ લઈ જઈને જ્યાં જન્મવાનું છે ત્યાં પટકી પાડે છે. આ વિષયમાં જીવ સર્વથા પરાધીન છે, શક્તિહીન છે અને કર્મોની સત્તા ખૂબ શક્ત હોવાથી જીવનું કંઈપણ ચાલી શકતું નથી.

જીવ નિવૃતિનું પ્રકરણ ઠેઠ વૈમાનિક દેવો સુધી જાણવું. વિશેષમાં તેમના પણ બે ભેદ છે જે પર્યાપ્ત સર્વાર્થ સિદ્ધ વૈમાનિક અને અપર્યાપ્ત સિદ્ધ વૈમાનિક.

## હે પ્રભો ! કર્મ નિર્વૃત્તિ કેટલા પ્રકારની છે?

જવાબમાં ભગવંતે, જ્ઞાનાવરણીય કર્મ નિર્વૃત્તિ અંતરાય કર્મ નિર્વૃત્તિ આ પ્રમાણે આઠ પ્રકારે કહી છે.

ભૂતકાળના સંખ્યાત, અસંખ્યાત ભવોના કરેલા કર્મો આત્માના એક એક પ્રદેશમાં અનંતવર્ગણારૂપે પડ્યાં જ છે. જેનાથી આ ચાલુ ભવમાં પણ તેવા પ્રકારના સંસ્કારો, પરિસ્થિતિઓ, ખાનપાન, મિત્ર વર્ગ, પાડોશી વર્ગ આદિની પ્રાપ્તિ થાય છે અને તેના કારણે તેવા પ્રકારની અશુભ ચેષ્ટા, સંસ્કાર, દુરાચારી માતાપિતા, મિત્ર અને પડોશીઓના કારણે જીવને રાગદ્વેષની માયામાં અનિચ્છાએ પણ સપડાયા વિના ચાલતું નથી. મધના વાટકામાં પડેલી માખીને મર્યા વિના જેમ બીજો રસ્તો નથી તેમ કોઈક સમયે સંસ્કારિત આત્માને પણ રાગદ્વેષની માયા જાળમાં ફસાઈ ફરીથી નવા કર્મો બાંધ્યા વિના ચાલે તેમ નથી. આ ચાલુ પ્રકરણમાં ચાલુ ભવના બંધાતા કર્મોની નિર્વૃત્તિ–નિષ્પતિ લેવાની છે. મોહ કર્મના તીવ્રતમ રસમાં લીન બનીને જે કર્મો બંધાય છે તે

પ્રાયઃ ઘાતિકર્મો જાણવા, જેનાં કારણે જીવની બધીએ શક્તિઓ આવૃત થાય છે, અને બીજા અઘાતિ કર્મ છે, જે આત્માની અમુક શક્તિઓને અવરોધે છે જેનું વિસ્તૃત વર્ણન પહેલા તથા બીજા ભાગમાં વર્ણવાઈ ગયું છે.

મતિજ્ઞાનાવરણીયાદિ યાવત્ અંતરાય કર્મ નિર્વૃતિની ઉત્તર પ્રકૃતિઓ કર્મ ગ્રંથાદિથી જાણી લેવી. આજના ઉપાર્જન કરેલાં કર્મો પોતાના જઘન્ય કે ઉત્કૃષ્ટ અબાધા કાળની મર્યાદા સુધી, સૂતેલા અજગરની જેમ પોતાની અસર બતાવી શકતા નથી, ત્યારપછી તે કર્મો ચલાયમાન થવાની તૈયારી કરીને ઉદયાવલિકામાં પ્રવેશ કરે છે અને જીવ માત્રને સુખ–દુઃખ ભોગવવામાં કારણ બને છે.

નારકોને પણ આઠે કર્મોની નિર્વૃતિ અને પુનઃ બંધન કહ્યું છે, જે વૈમાનિક સુધીના બધાએ દંડકોમાં જાણવી.

## શરીર નિર્વૃતિ કેટલા પ્રકારે છે?

ભગવંતે કહ્યું કે, જે કર્મોના કારણે જીવ પોતાના સુખ–દુઃખ ભોગવવાને માટે શરીરોની રચના કરે છે તે શરીર નિર્વૃતિ કહેવાય છે. કેમકે શરીરના માધ્યમ વિના કોઈપણ જીવાત્મા પુણ્ય પાપના ફળોને ભોગવી શકતો નથી, માટે શરીરનું ગ્રહણ કરવું અત્યાવશ્યક છે. વિગ્રહ ગતિમાં સ્થૂળ શરીર વિનાનો જીવ ગમે તેટલા ધમપછાડા કરે તો પણ સીપાઈઓના હાથમાં સપડાયેલા શરીરધારીની જેમ કર્મોની બેડીમાં ફસાયેલા જીવને છેવટે ચોથા સમયમાં પણ સ્થૂળ શરીર ધાર્યા વિના છૂટકો નથી. ઘાતિ કર્મોની કાતિલ અસર જ્યાં સુધી જીવને છે ત્યાં સુધી કાર્મણ શરીર જ (સૂક્ષ્મ શરીર) બીજા શરીરોનું મૂળ કારણ બને છે, પરંતુ તેમનો નાશ થાય

પછી કાર્મણ શરીર પણ દિવસે દિવસે ક્ષીણ થતું જાય છે અને શૈલેશી અવસ્થા પછી તો સિદ્ધશિલા તરફ પ્રસ્થાન કરતાં આત્માના પ્રદેશોથી સૂક્ષ્મ શરીર સર્વથા છુટું પડે છે અને 'कारणं विना कार्यं नोत्पद्यते ' આ ઉક્તિએ સિદ્ધ ભગવાનને કોઇ કાળે શરીર ગ્રહણ કરવું પડતું નથી.

ભગવંતે કહ્યું કે હે ગૌતમ! ઔદારિક શરીર નિર્વૃતિ આદિ શરીર નિર્વૃતિ પાંચ પ્રકારે જાણવી. નારકોને તૈજસ, કાર્મણ અને વૈક્રિય શરીર નિર્વૃતિ હોય છે. દેવો માટે પણ તેમ જ જાણવું. જ્યારે મનુષ્ય અને તિર્યંચોને તૈજસ કાર્મણ ઔદારિક નિર્વૃતિ સમજવી. શેષ જીવોને યથાયોગ્ય નિર્વૃતિ જાણવી.

## ઇન્દ્રિય નિર્વૃતિ કેટલા પ્રકારે છે?

સારામાં સારા કારીગરો પાસે ગમે તેટલું સુંદરમાં સુંદર મકાન બનાવ્યું હોય, તો પણ બારી–બારણા વિનાનું મકાન કોઇને માટે પણ શા કામનું? એ જ પ્રમાણે 'शरीरं भोगायतनं' ભલે રહ્યું પણ ઇંદ્રિયો વિનાનું શરીર કોઇ કાળે ભોગાયતન બનતું નથી. જેનાથી આત્માને સ્પર્શ, રસ, સૂંઘવાનું, જોવાનું કે સાંભળવાનું કે તેનાથી તે વિષયોનું જ્ઞાન થાય, અનુભવ થાય તેને ઇન્દ્રિયો કહેવાય છે, જે જ્ઞાનેન્દ્રિયો રૂપે પ્રસિદ્ધ છે. હાથ–પગ–ઉપસ્થ ગુદા આદિ તો મૃત શરીર(મડદા)ને પણ હોય છે, પરંતુ ભાવ–ઇન્દ્રિયના અભાવમાં તે તે અવયવોથી મડદાને કોઇપણ જાતનું જ્ઞાન થતું નથી કેમકે ઇન્દ્રિયોનું તાદાત્મ્ય કે સાહચર્ય જીવ સાથે જ હોય છે પણ જડ ઇન્દ્રિયો સાથે નથી હોતું. આ કારણે જ જૈન શાસને માનેલી દ્રવ્ય કે ભાવ સ્પર્શેન્દ્રિય એટલી બધી વ્યાપક છે જેનાથી હાથમાં

પગમાં ઉપસ્થમાં કે ગુદા આદિમાં પણ તે કાર્યાન્વિત થઇને તે તે સ્પર્શોનો અનુભવ જીવાત્માને અબાધરૂપે થયા વિના રહેતું નથી, તેથી કર્મેન્દ્રિયોની સત્તાને માનવામાં ઇન્દ્રિયોની સંખ્યા મર્યાદામાં રહેવા પામશે નહી, આ કારણે જ અતીન્દ્રિય જ્ઞાની ભગવંતે કહ્યું કે હે ગૌતમ! પોત પોતાના આકારને પ્રાપ્ત થયેલી ઇન્દ્રિય નિર્વૃતિ પાંચ પ્રકારે છે, તે આ પ્રમાણે સ્પર્શેન્દ્રિય નિર્વૃતિ યાવત શ્રવણેન્દ્રિય નિર્વૃતિ.

ગૌતમ! પૌદ્ગલિક હોવાથી ઇન્દ્રિયો જડ છે પરંતુ ચૈતન્ય આત્માના સહવાસે તેમનામાં પોતપોતાના વિષયોનું ગ્રહણ કરવાનું સામર્થ્ય આવે છે માટે भोक्ता प्रेरकश्च आत्मा इन्द्रियाणि भोग्यानि प्रेर्याणिवी ओदनवत् कन्दुकवत् वा। जीवे विद्यमाने सति इन्द्रियाणि सक्रियाणि शरीरवत्.

આ તર્કથી પણ જણાય છે કે ચોખા (ભાત)ની જેમ ઇન્દ્રિયો ભોગ્ય હોય છે. અને જે ભોગ્ય, ભોગ્ય સાધન કે પ્રેર્ય હોય છે તેઓ ભોક્તા કે પ્રેરક જુદો હોય છે. જેમ ચોખા જુદા છે અને ખાનારો જુદો છે તેવી રીતે આત્મા ભોક્તા છે અને ઇન્દ્રિયોના માધ્યમથી પોતાના પુણ્ય પાપના ફળોને ભોગવે છે. એટલે કે સુખદુ:ખ ભોગવવાને માટે ઇન્દ્રિયો સશકત કારણ છે. હાથમાં રહેલા કાચના ગોળાને ફેરવનાર માણસ હોય છે કેમકે ગોળો પોતાની મેળે કદી પણ ફરતો નથી. આ પ્રમાણે ઇન્દ્રિયો પ્રેય હોવાથી તેનો પ્રેરક આત્મા છે, માટે જ આત્માથી પ્રેય બનીને જ સ્પર્શેન્દ્રિયથી સ્પર્શનું જ્ઞાન થાય છે, યાવત્ કર્ણેન્દ્રિયથી સાંભળવાનું થાય છે.

શેષ વિષય પહેલા ભાગથી જાણવો.

## ભાષા નિર્વૃતિ કેટલા પ્રકારે છે?

ગૌતમ! સત્યાભાષા, મૃષાભાષા, સત્યામૃષાભાષા અને અસત્યામૃષાભાષારૂપ ભાષા નિર્વૃતિના ચાર પ્રકાર છે, જેની વિસ્તૃત ચર્ચા પહેલા અને બીજા ભાગમાંથી જોઈ લેવી.

મનોનિર્વૃતિ પણ ચાર પ્રકારની જાણવી. વિશેષમાં એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવોમાં મનોનિર્વૃતિ હોતી નથી.

## કષાય નિર્વૃતિ કેટલા પ્રકારની છે?

ગૌતમ! ક્રોધ, માન, માયા અને લોભ રૂપે કષાય નિર્વૃતિના ચાર પ્રકાર કહેવાયા છે. જીવ જેમ પ્રતિ સમયે કર્મોની નિર્જરા કરે છે, તેમ પ્રતિ સમયે સાતે કર્મોનું બંધન પણ કરે છે. જેનાં કારણે ચોરાશી લાખ બજારવાળી સંસારની ચારે ગતિમાં "પ્લે ગ્રાઉંડ"ના ફુટબોલની જેમ આત્માને રખડપટ્ટી કર્યા વિના કોઇ કાળે પણ છૂટકો નથી 'अतति सततं गच्छतीति आत्मा' વણથંભ્યે પ્રતિ સમય જૂદા જૂદા પર્યાયોમાં ફરે તે આત્મા છે.

અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવને કાર્મણ શરીર વળગેલું છે. "कर्मणां समूह इति कार्मणम्" કર્મ શબ્દને સમૂહ અર્થમાં "અણ" પ્રત્યય લગાડવાથી કાર્મણ શબ્દ બન્યો છે, માટે બધાએ કર્મોમાં મોહનીય કર્મ પણ વિદ્યમાન હોવાથી ગમે ત્યારે પણ જીવાત્માને ક્રોધમોહ, માનમોહ, માયામોહ અને લોભમોહનો ઉદય થયા વિના રહેતો નથી, અને જે સમયે કષાય નામના મોહ કર્મનો ઉદય થશે ત્યારે જીવને તેવા તેવા નિમિતો મળવાથી પુનઃ ક્રોધ–નિર્વૃતિ

આદિ થયા વિના પણ રહેવાની નથી. આ કારણે ભગવંતે કષાય-નિર્વૃતિ ચાર પ્રકારે કહી છે.

ક્રોધ, માન, માયા અને લોભ કષાયને કરવાની ઇચ્છા ન હોવા છતાં પણ જે જે જીવો સાથે નિયાણા કર્મો બંધાયેલા હોય છે, તેમના તરફથી તેવી જ પરિસ્થિતિ ઉભી થશે. જેનાથી માનવ ક્રોધાદિ કર્યા વિના રહી શકતો નથી. ઘણીવાર પરિસ્થિતિ એટલી બધી તાકાતવાળી હોય છે કે માણસની શક્તિ ત્યાં કંઈ પણ કામમાં આવતી નથી અને લાચાર બનીને પરિસ્થિતિનાં કારણે કષાય કર્યા વિના રહેવાતું નથી.

ક્રોધાદિ કષાયો કેવળજ્ઞાનના બાધક, સંસારના મૂળીયાઓને દૃઢ કરાવનાર છે, યદિ આ વાત ઉપર આપણને શ્રદ્ધા હોય તો, જેનાં કારણે આપણને કષાય થાય તે ચેતન કે અચેતન નિમિત્તો પણ આપણા શત્રુજ સમજવાના રહેશે, કેમકે તેમનાથી આપણને કષાય થાય છે. આટલું સમજવા છતાં જીવને વળગેલી સંસારની માયા જ એટલી બધી લપસણી હોય છે જેનાથી માણસ ક્રોધ કષાયને તાબે થશે, પરંતુ કેવળજ્ઞાનનો રસ્તો તેને મંજુર હોતો નથી અને તે સમય પૂરતો તેમના ઉપશમનો રસ્તો પણ છોડી દે છે. આ પ્રમાણે ક્રોધાદિમાં ધમધમતો ફરીથી મોહકર્મનો રસ્તો જાણીબુઝીને સ્વીકારી લે છે.

માટે જ અરિહંતોએ કહ્યું કે જીવાત્મન્! તારા કટ્ટર શત્રુઓ ક્રોધ-માન-માયા અને લોભ છે, તેને તું કેમ ઓળખતો નથી; મિથ્યાજ્ઞાનના કારણે બાહ્યનિમિત્તોને શત્રુ માનીને જીવન શા માટે બરબાદ કરી રહ્યો છે. માટે મિથ્યાજ્ઞાન છોડ અને સાચું જ્ઞાન મેળવ, જેથી તારા આત્માના શત્રુઓને પરાસ્ત

કરવા માટે સમર્થ બની શકે. ખૂબ યાદ રાખજે કે કેવળજ્ઞાનનો બાધક-કષાય સિવાય બીજો કોઈ નથી.

આ વાત ૨૪ દંડકો માટે પણ જાણવી.

## વર્ણનિર્વૃતિ કેટલા પ્રકારની છે ?

ઉપચારથી રસ, ગંધ અને સ્પર્શ પણ સમજી લેવાના છે. શરીર પૌદ્ગલિક હોવાનાં કારણે તેમાં વર્ણ-ગંધ-રસ અને સ્પર્શની વિદ્યમાનતા અવશ્યમેવ રહેલી જ હોય છે. માતાની કુક્ષિમાં બંધાતા શરીરમાં વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ ક્યાંથી આવ્યાં ? જવાબમાં કહેવાયું છે કે ગત ભવમાં નામકર્મની ઉપાર્જના કરતી વખતે શુભ વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ અથવા જીવનમાં પાપબુદ્ધિ વધારે હોય, ગુરૂઓનું અપમાન હોય, આપ બડાઈ હોય અને માયાના જાળમાં લપટાયેલો હોય ત્યારે જીવાત્મા અશુભ નામકર્મના કારણે અશુભ વર્ણ, અશુભ રસ, અશુભ ગંધ અને અશુભ સ્પર્શને પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે પોતાના કરેલા શુભ કે અશુભ નામકર્મના કારણે વર્ણાદિમાં શુભાશુભત્વ આવે છે. માતા-પિતા ગમે તેટલા સારા કે ગોરા હોય તો પણ સંતાનનો કાળો રંગ, દુર્ગંધ મારતો પરસેવો, કર્કશ કે ખરબચડું કે લુખું શરીર હોય છે. આ વાતોમાં બીજાને કારણ માનવા કરતાં જાતકના કર્મો જ મુખ્ય કારણ છે.

ભગવંતે કહ્યું કે :—

વર્ણ : કાળો, નીલો, લાલ, પીળો અને ધોળો પાંચ પ્રકારે છે.
ગંધ : સુગંધ અને દુર્ગંધ એ બે પ્રકારે છે.

આ પ્રમાણે રસ પાંચ છે અને સ્પર્શ આઠ છે.

## સંસ્થાન નિર્વૃતિ કેટલા પ્રકારની છે :

હે ગૌતમ ! તેના છ પ્રકાર છે. જે પહેલા ભાગથી જાણી લેવા. શરીરના આકાર વિશેષને સંસ્થાન કહેવાય છે. જેમકે સમચતુરસ સંસ્થાન નિર્વૃતિ, ન્યગ્રોધ પરિમંડળ સંસ્થાન નિર્વૃતિ, સાદિક સંસ્થાન નિર્વૃતિ, વામન સંસ્થાન નિર્વૃતિ, કુબ્જ સંસ્થાન નિર્વૃતિ અને હુંડક સંસ્થાન નિર્વૃતિ.

નારક જીવોને હુંડક સંસ્થાન નિર્વૃતિ હોય છે.

અસુરકુમાર યાવત્ સ્તનિક દેવોને સમચતુરસ સંસ્થાન.

પૃથ્વીકાયિકોનું સંસ્થાન મસૂરની દાલ અથવા ચન્દ્રના આકાર જેવું હોય છે.

અપ્કાયિકો–પાણીના પરપોટા જેવા સંસ્થાનવાળા છે.

તેજસ્કાયિક જીવો ધ્વજાના આકાર જેવા સંસ્થાનવાળા છે.

વનસ્પતિકાયિકોનું સંસ્થાન અનિયત છે.

પંચેન્દ્રિય મનુષ્ય અને તિર્યંચોને છ સંસ્થાન જાણવા.

## સંજ્ઞા નિર્વૃતિ માટેની વક્તવ્યતા :

જીવ માત્રને આહાર સંજ્ઞા નિર્વૃતિ, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા નિર્વૃતિ રૂપે ચાર પ્રકારની છે, જે મોહજન્ય અને મોહજનક છે. પરંતુ જે ભાગ્યશાળી મોહને જીતવા માટેના પ્રયત્નો કરશે તેની ચારે સંજ્ઞાઓ પાતળી પડતાં

પડતાં એક દિવસે સત્તામાંથી પણ સંજ્ઞા જશે અને જ્ઞાનની ચરમ સીમાને પ્રાપ્ત કરશે.

લેશ્યા નિર્વૃતિ છ પ્રકારની છે. કેવળ સિદ્ધાત્મા જ લેશ્યા વિનાના છે.

દૃષ્ટિ નિર્વૃતિના ત્રણ પ્રકાર છે, અનાદિકાળથી કે પતન પામીને એકેન્દ્રિયાવતારમાં રહેલા અનંતાનંત જીવો મિથ્યા દૃષ્ટિ હોય છે, અને જ્યાં સુધી તે અવતારમાં રહેશે ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિની પ્રાપ્તિ નથી. જ્યારે બીજા જીવોને તારતમ્ય ભાવથી ત્રણે દૃષ્ટિ હોય છે.

## જ્ઞાન નિર્વૃતિ કેટલા પ્રકારે છે?

આભિનિબોધિક ( મતિ ) શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન રૂપે જ્ઞાન નિર્વૃતિ પાંચ પ્રકારે જાણવી. અહીં જે જ્ઞાન નિર્વૃતિ કહી છે તે સમ્યગ્જ્ઞાન સંબંધી જાણવી. જેની સમ્યગ્દર્શનની હયાતી દરમિયાન જ સંભાવના હોય છે. એટલે કે ક્ષાયોપશમિક દર્શનમાં ક્ષાયોપશમિક જ્ઞાન હોય છે. જેનાં કારણે જીવાત્મામાં એક બીજાની વિરૂદ્ધ કર્મ પ્રકૃતિઓનો ઉદય નકારી શકાતો નથી. માટે મતિજ્ઞાન અને મતિજ્ઞાનાવરણીય કર્મના ઉદય કાળમાં યદિ મતિજ્ઞાનમાં સ્થિરતા આવશે અથવા સ્વાધ્યાય બળ કેળવીને સંસારની માયાને ગૌણ કરશે તો તેનું મતિજ્ઞાનાવરણીય અશક્ત બનશે, જેથી જીવનું ઉત્થાન થવામાં વાંધો નથી આવતો. અન્યથા મતિજ્ઞાનાવરણીય કર્મના ઝપાટામાં મતિજ્ઞાન ફસાઈ ગયું તો જીવાત્માને પતનમાર્ગ નિશ્ચિત છે. આ પ્રમાણે બીજા જ્ઞાનો માટે પણ ઘટાવી લેવું.

એકેન્દ્રિય જીવોને છોડીને શેષ જીવોને જ્ઞાન નિર્વૃતિ કહી છે.

અજ્ઞાન નિર્વૃતિ પણ બધા જીવોમાં સમજવી.

યોગ નિર્વૃતિ પણ ઉપર પ્રમાણે જાણવી.

ઉપયોગ નિર્વૃતિ પણ ૨૪ દંડકોમાં જાણવી.

શતક ૧૯ નો ઉદ્દેશો આઠમો પૂર્ણ.

# શતક ૧૯ મું : ઉદ્દેશક-૯

## કરણ માટેની વિશેષ વક્તવ્યતા :

ગૌતમસ્વામીએ પરમાત્માને પૂછયું કે હે પ્રભો ! જૈન શાસનમાં કરણો કેટલા પ્રકારના છે ?

જવાબમાં પરમાત્મા શ્રી મહાવીરસ્વામીએ કહ્યું કે હે ગૌતમ ! અનાદિ કાળથી શાશ્વતા જૈન શાસનમાં કરણોના પાંચ પ્રકાર છે. તે આ પ્રમાણે : દ્રવ્યકરણ, ક્ષેત્રકરણ, કાળકરણ, ભવકરણ અને ભાવકરણ.

" क्रियते निष्पाद्यते कार्यं येन तत् कारणम् " જેનાથી કાર્ય કરાય એટલે કે કાર્યની નિષ્પતિમાં જે અસાધારણ કારણ હોય તેને કરણ કહેવાય છે. આગળના પ્રકરણમાં નિર્વૃતિનું વર્ણન કર્યું છે અને તેનામાં તથા કરણમાં ક્રિયાપણું રહેલું હોવાથી બંનેમાં ફરક શું ? જવાબમાં કહેવાયું છે કે જે ક્રિયા હજી ચાલુ છે તે કરણ છે અને નિર્વૃતિમાં કાર્યની પૂર્ણાહુતિ છે. આ પ્રમાણે બંનેમાં ફરક હોવાથી આ સૂત્રમાં કરણ માટેની વક્તવ્યતા કહેવામાં આવે છે.

(૧) દ્રવ્યકરણ :-દ્રવ્ય રૂપે જે કરણ છે તેને દ્રવ્યકરણ જાણવું, જેમકે કુહાડી વડે લાંકડું કપાશે અથવા કપાઇ રહ્યું છે માટે કુહાડીને દ્રવ્યકરણ જાણવું. માટીના પિંડનો ઘડો બનશે માટે તે દ્રવ્યકરણ એવી રીતે સલાઈ વડે અંજન અંજાશે માટે તે દ્રવ્યકરણ છે.

(૨) ક્ષેત્રકરણ :-જે ક્રિયા કરવામાં ક્ષેત્ર કારણ બને તે

ક્ષેત્ર કરણ છે. શાલિ, ડાંગર આદિથી ક્ષેત્રનું કરવું તે નામક્ષેત્ર કરણ છે. અથવા ક્ષેત્ર દ્વારા સ્વાધ્યાય આદિ કરવું તે પણ ક્ષેત્રકરણ છે.

(૩) કાળ કરણ :-જેમાં કાળ કારણ બને તે કાળકરણ છે, અથવા અમુક સમયે અમુક કામ કરવું તે કાળકરણ છે.

(૪) ભવકરણ :-નારક વગેરે પર્યાયને ભવ કહેવાય છે. અથવા નરકાદિ ભવોનું કરવું તે ભવકરણ છે.

(૫) ભાવ કરણ :-અને ભાવ જ કરણ છે અથવા ભાવનુ કરવું તેને ભાવકરણ કહેવાય છે.

ઉપર્યુક્ત પાંચે કરણો ૨૪ દંડકોમાં જાણી લેવા.

ઔદારિકાદિ રૂપે શરીર કરણ પાંચ પ્રકારે જાણવા. માતાની કુક્ષિમાં ઔદારિક શરીરની રચના સમયે ઔદારિક કરણ જાણવું, અને શરીરરચના પૂર્ણ થયે શરીર નિર્વૃતિ જાણવી. આ પ્રમાણે બીજા શરીરો માટે કલ્પી લેવું. નારક અને દેવોને તૈજસ કાર્મણ તથા વૈક્રિય શરીર હોવાથી તેમને શરીર કરણો ત્રણ જ છે. મતલબ કે નારકો અને દેવો ઔદારિક શરીરની ગમે તેટલી ઈચ્છા રાખે તો પણ સંસારનું સંચાલન ઈશ્વર કે જીવાત્માની સ્વેચ્છાને આધીન નહી હોવાથી કોઈની પણ ઈચ્છા ક્યાંય પણ કામમાં આવતી નથી. કેમકે તેમનાં પ્રારબ્ધ કર્મો ઔદારિકકરણને યોગ્ય ન હોવાથી, ગમે તેટલા ધમપછાડા કરે તો એ ઔદારિક કે આહારક શરીરની રચનાને માટે તેઓ સમર્થ બનતા નથી.

કરાયેલા પાપકર્મોને ભોગવવાને માટે નારકોને અને પુણ્ય કર્મોને ભોગવવાને માટે દેવોને વૈક્રિયકરણ જ પોતે બાકીમાં

હોવાથી તે શરીર જ તેમને માટે શેષ છે. પાપ કર્મોની ચરમસીમા ભોગવવાને માટે ઔદારિક શરીર પર્યાપ્ત હોતું નથી, માટે તેમને વૈક્રિય શરીર જ રચવાનું રહે છે, જે કાપ્યા પછી, ભાંગ્યા પછી, છોલાયા પછી પણ પારાની જેમ ફરીથી સંધાઇ જાય છે. જ્યારે પુણ્ય કર્મોની વિપુલતા દેવોને ભોગવવાની છે માટે ઔદારિક શરીરમાં અવશ્ય થવા વાળી હાનિ-વૃદ્ધિ-શક્તિ-અશક્તિ રહેલી હોવાથી પુણ્ય કર્મના ભોગવટામાં તે બાધક બનવા પામે છે, જેમકે સાગરોપમના આયુષ્યવાળા દેવેન્દ્રને પલ્યોપમની કે બે પલ્યોપમની આયુષ્ય મર્યાદાવાળી દેવીઓની સંખ્યા તમે ગણી શકો છો? ક્યારેય ગણત્રી માંડી છે, ૧૦ કોડાકોડી પલ્યોપમનો એક સાગરોપમ હોય છે. આ હિસાબે એક ઈન્દ્રને જેની સંખ્યા નથી તેટલી દેવીઓને પોતાનાં ભોગમાં લીધા વિના છુટકો નથી. તેવી સ્થિતિમાં તેમને ઔદારિક શરીર હોય તો ઇન્દ્ર મહારાજની કઇ દશા થાય? સારાંશ કે મનુષ્યના એકવારના વીર્ય ક્ષયમાં ગ્લાનિ-મ્લાનિ અને લમણે હાથ દઇને બેસવા જેવી દશા થાય છે જે ઔદારિક શરીરને આભારી છે, માટે જ દેવોને વૈક્રિય શરીર હોય છે તેથી લાખો-કરોડો કે અબજો દેવીઓને ભોગવવા છતાં પણ તેમનાં શરીરે થાક નથી, ગ્લાનિ નથી, મ્લાનિ નથી, અને લમણે હાથ દઇને બેસવા જેવી સ્થિતિ નથી.

તિર્યંચ અને મનુષ્યોને તૈજસ-કાર્મણ અને ઔદારિક શરીર હોય છે, માટે તેમને ત્રણ કરણ કહ્યાં છે. છઠ્ઠે ગુણસ્થાનકે ચતુર્દશ પૂર્વધારીને આહારક શરીર પણ હોય છે, માટે તેમને આ કરણ વધારાનું સમજવું.

## ઇન્દ્રિય કરણ કેટલા પ્રકારે છે?

ભગવંતે પાંચ પ્રકાર કહ્યાં છે. ઇન્દ્રિય પર્યાપ્તિ વડે

ઇન્દ્રિયોની રચના કરવી અથવા સતામાં પડેલી પર્યાપ્તિથી કરવું તે ઇન્દ્રિય કરણ છે. તે પાંચ પ્રકારે છે, જે સ્પષ્ટ છે.

## ભાષાકરણ કેટલા પ્રકારે છે?

પુણ્ય કર્મોદયે ભાષા પર્યાપ્તિ ઉપાર્જન કરેલી હોવાથી જીવને ભાષાકરણ વડે ભાષાને એટલે બોલવાની અને પોતાના ભાવો બીજાને જણાવવા માટે ભાષાની પ્રાપ્તિ થાય છે.

એકેન્દ્રિયાવતારમાં અનંતાનંત જીવાત્માઓને છોડીને શેષ બધાય જીવોને ભાષાની પ્રાપ્તિ થયેલી હોય છે. પ્રતિ સમયે કરાંતા કર્મોમાં જ્યારે પુણ્ય અને પાપકર્મોનું મિશ્રણ હોય છે એટલે કે માનવ, જ્ઞાનની વિચિત્રતાનાં કારણે પુણ્ય અને પાપનું બંધન એક સાથે જ કરતો હોય છે. જેમકે હાથ વડે દાન પણ દેતો હોય અને લેનારને જીભથી સરસ્વતી પણ સંભળાવતો હોય છે. ન છુટકે બ્રહ્મચર્ય પાળી રહ્યો છે, અને હૈયામાં બળતરા પણ કરતો હોય છે. આયંબીલ એકાસણા કરી રહ્યો છે અને ઉપાશ્રયમાં જવું પડયું. શરમે હાથ જોડ્યા તેનો અફસોસ પણ કરી રહ્યો છે. આઠ નવકારનો કાયોત્સર્ગ પણ કરે છે અને "શાન્તિનાથ શાતા કરજો, ઘી કપાસીયાના ભાવ વધારજો" જેથી ઝટપટ ઘર ભેગો થાઉં. આ પ્રમાણે સારા અને નરસા બંને જાતના સંસ્કારોમાં જીવાત્મા લપટાઇ ગયેલો હોવાથી માનવોના ચાર ભેદો સ્પષ્ટ દેખાઇ આવે છે તે આ પ્રમાણે :–

(૧) મારૂં ગમે તે થાય તોયે ધર્મ અને વ્યવહારના નામે પણ સત્ય ભાષા જ બોલવી.

(૨) સાચું બોલીએ તો ભૂખે મરવાના દિવસો જોવા પડે માટે પોલીટિકલ (માયા–મૃષાવાદ) બનીને ઠાવકાઇથી જૂઠ ભાષા જ બોલવામાં મજા છે.

(૩) કંઇક સત્ય અને કંઈક જૂઠ એટલે કે દ્વિઅર્થી ભાષા બોલવી જેમાં સત્ય અને જૂઠ સમાયેલા હોય છે,

(૪) લૌકિક વ્યવહારમાં કરાતો ભાષાવ્યવહાર કરવો.

ઉપર પ્રમાણેના ચારે પ્રકારના માનવોનાં કારણે ભાષા પણ ચાર પ્રકારની છે અને કરણ પણ તેટલા જ જાણવા.

મનઃકરણ, કષાયકરણ, સંજ્ઞાકરણ ચાર પ્રકારે છે. સમુદ્ઘાત કરણના સાત પ્રકાર છે. લેશ્યાકરણ છ પ્રકારે, વેદકરણ ત્રણ પ્રકારે, પ્રાણાતિપાત કરણ પાંચ પ્રકારે છે, જે એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા અને પંચિંદિયા આ પાંચે પ્રકારના જીવોનો અભિહ્યા, વત્તિઆ, લેસિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા, ઉદ્દવિયા, પરિયાવિયા, કિલામિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા અને જીવિયાઓ વવરોવિઆ. આ દશ પ્રકારે પ્રાણાતિપાત (હત્યા) થાય છે.

## પુદ્ગલકરણ કેટલા પ્રકારે છે ?

ભગવંતે વર્ણ–ગંધ–રસ–સ્પર્શ અને સંસ્થાન ભેદ વડે પુદ્ગલકરણ પાંચ પ્રકારે કહ્યું છે. અજીવ હોવાના કારણે પુદ્ગલો જડ હોવા છતાં પણ વર્ણાદિમાં ફેરફાર થતો આપણે પ્રત્યક્ષ અનુભવીએ છીએ. પરમાણુમાં એક વર્ણ–ગંધ–રસ અને બે સ્પર્શ હોવાથી તે કોઈ પણ જીવના ભોગમાં ઉપયુક્ત થતો નથી તે કારણે જીવોના પુણ્ય–પાપને આધીન થઇને પરમાણુ-

ઓના સ્કંધો બને છે. જેમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ હોય છે માટે તે સ્કંધો જીવમાત્રના ભોગમાં ઉપયુક્ત બને છે.

જીવના સંખ્યાત, અસંખ્યાત અને અનંત પુણ્યોમાં તારતમ્ય ભાવ રહેલો હોવાથી એક સમયે એક જીવનો પુણ્યોદય ૧૦૦ પૈસા જેટલો હોય છે, બીજા સમયે ૯૯ પૈસા જેટલો યાવત્ એક સમય એવો પણ આવતો હોય છે કે માણસના શરીરમાં ફેર નથી પડતો પણ પુણ્યોદયમાં ફેર પડતા એક પૈસા જેટલું જ પુણ્ય શેષ રહેતું હોય છે જેનાં કારણે વિપુલ સંપતિમાં રહેવા છતાં પણ માન્યા પદાર્થો મેળવવામાં ક્યાંયથી પણ અંતરાય આવતા. થોડા સમય પુરતું આર્તધ્યાન મનની બેચેની અને ચિત્તની ચંચલતા પ્રાપ્ત થતાં વાર લાગતી નથી. તેવી રીતે એક જીવને પાપોદય ૧૦૦ પૈસા જેટલો ઉદયમાં હોય છે યાવત્ તે જ જીવને બીજા સમયે ૧ પૈસા જેટલો પાપોદય અને ૯૯ પૈસા જેટલો પુણ્યોદય વર્તતો હોવાથી. તેના ભોગવટામાં આવનારા પુદ્ગલોના વર્ણ–ગંધ–રસ–સ્પર્શ અને સંસ્થાન પણ બદલાઈ જાય છે.

નરકભૂમિની અને દેવભૂમિની પૃથ્વી, પાણી, વાયુ આદિ એક સમાન હોવા છતાં પણ નરકભૂમિમાંના જીવોના પાપોદયે ત્યાંની પૃથ્વી દુર્ગંધમય, પાણી તેજાબ જેવું અને વાયુ અસહ્ય ઉષ્ણતાવાળું બને છે, જ્યારે દેવલોકના જીવોના પુણ્ય કર્મો વધારે હોવાથી ત્યાંની પૃથ્વી સુગંધ દેનારી, પાણી શીતલ સ્વાદ અને વાયુ પણ સુખ સ્પર્શ બને છે.

તીર્થંકર પરમાત્માઓ જે ભૂમિ પર ચરણ સ્પર્શ કરે છે તે સમયે જ તે સ્થાનના હવામાન સૌને માટે અનુકુળ હોય

છે અને પાપકર્મી જીવાત્માના કારણે ભૂમિનું હવામાન સૌને માટે પ્રતિકુળ બને છે. તમે પણ પુણ્યશાળી છો. પણ સમજો કે બપોરના સમયે તમારા પુણ્યમાં પંચર પડે અને બારી પાસે બેસવા છતાં તમને હવા મળતી નથી. મળે છે તો દુર્ગંધ વાળી મળે છે, અને તમારા ઉઠયા પછી તે બારી પાસે બીજો માણસ બેસે છે અને હવા પણ શીતલ તથા સુંગધી થઈ જાય છે. આમાં શું કારણ? હવામાં રહેલા વર્ણ–ગંધ–રસ અને સ્પર્શ શાથી બદલાયા? કોણે બદલ્યા? કયારે બદલ્યા? આ પ્રશ્નોનો ઉકેલ અનુભવ જ્ઞાનના માલિક જ ઉકેલી શકે છે. જ્યારે પુસ્તકોના જ્ઞાની ગાથાઓને ફેરવી ફેરવીને થાકયા પછી ઉકેલી શકતો નથી. આ કારણે સંડાસ સાફ કરનારી ભંગણને હજારો ગાળો ભાંડતા કહેશે કે ભંગણ સમયસર કેમ આવતી નથી? પૈસો આપીએ છીએ? આ પ્રમાણે એક સાધક દુર્ગંધના કારણે પોતાના સંયમ યોગને આર્તધ્યાનમાં તાણીને પોતાના અશાતા વેદનીયના ખજાનાને વધારશે. જ્યારે અનુભવજ્ઞાની તે સમયે વિચારશે કે મારા હજારો પ્રકારના પુણ્યકર્મની વચ્ચે ૨–૪ કલાક માટે પાપકર્મનાં મિશ્રણનો ઉદય છે. જેથી ભંગણ આવતી નથી. પોતાના આત્માને સમજાવતા કહેશે કે 'આના કરતાં પણ ભયંકર દુર્ગંધનો અનુભવ મેં નરકમાં કર્યો છે તો મનુષ્યભવમાં મારા પાપના કારણે થોડા સમય પૂરતી દુર્ગંધથી મારા સંયમ યોગને હું શા માટે બગાડું? આ પ્રમાણે સ્પર્શ–રસ અને વર્ણ સંબંધી વિચારણામાં અનુભવી આત્મા પોતાના સંયમને વાંધો આવવા દેતો નથી, જ્યારે પુસ્તક પંડિતો વાતે વાતે સંયમ ગુણઠાણાને દૂષિત કરશે. માટે શ્રીપાળ રાજાના રાસમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે કહ્યું કે:—

સંશય નવિ ભાંજે શ્રુતજ્ઞાને, અનુભવ નિશ્ચય જેઠો રે;
વાદવિવાદ અનિશ્ચિત કરતો, અનુભવ વિણુ જાય હેઠો રે.

જિમ જિમ બહુશ્રુત બહુજન સંમત, બહુ શિષ્યનો શેઠો રે;
તિમ તિમ જિન શાસનનો વૈરી, જો નાવ અનુભવ નેઠો રે.

મારે તો ગુરુચરણુ પસાયે, અનુભવ દિલમાંહી પેઠો રે;
ઋદ્ધિ વૃદ્ધિ પ્રગટી ઘટમાંહે, આતમ રતિ હુઈ બેઠો રે.

વર્ણકરણુ પાંચ પ્રકારે, ગંધકરણુ બે પ્રકારે, રસકરણુ પાંચ પ્રકારે, સ્પર્શકરણુ આઠ પ્રકારે અને સંસ્થાનકરણુ પાંચ પ્રકારે જાણવું.

શતક ૧૯ નો ઉદ્દેશો નવમો પૂર્ણ.



## શતક ૧૯ મું : ઉદ્દેશક-૧૦

### વાન વ્યંતર દેવો શું સમાહાર છે ?

આ શતકનો છેલ્લો ઉદ્દેશો છે. જવાબમાં ભગવતે કહ્યું કે હે ગૌતમ ! વાન વ્યંતર દેવો સમાહારવાળા, સમાન શરીરવાળા અને સમાન ઉચ્છવાસ કે નિશ્વાસવાળા હોતા નથી. શેષવાત પહેલા અને બીજા ભાગથી જાણવી.

**શતક ૧૯ નો ઉદ્દેશો દસમો પૂર્ણ**

### સમાપ્તિ વચન

જગત્પૂજ્ય, નવયુગપ્રવર્તક શાસ્ત્ર વિશારદ, જૈનાચાર્ય સ્વ. ૧૦૦૮ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના શિષ્ય, શાસન દીપક સ્વ. મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજના શિષ્ય, ન્યાય-વ્યાકરણ-કાવ્યતીર્થ, પન્યાસપદ વિભૂષિત શ્રી પૂર્ણાનંદવિજય (કુમારશ્રમણ) ગણિવર્યે પોતાના મતિજ્ઞાનના વિકાસાર્થે શ્રુતજ્ઞાનના સંસ્કારાર્થે દ્વાદશાંગીમાં સર્વશ્રેષ્ઠ ભગવતી સૂત્રનું ઓગણીશમું શતક દશ ઉદ્દેશાઓ સાથે વિવેચિત કર્યું છે.

"सर्वे जीवाः जैनत्वं प्राप्नुयुः
सर्वेषां भद्रं भूयात् इत्याशासे"

## શતક ૧૯ મું પૂર્ણ

# શતક ૨૦ મું : ઉદ્દેશક—૧

આ શતકમાં નીચે પ્રમાણેના દશ ઉદ્દેશા છે.

બેઇન્દ્રિય જીવોની વક્તવ્યતા, આકાશ, પ્રાણાતિપાતાદિ, ઇન્દ્રિયોના ઉપચયની વક્તવ્યતા, અનંત પ્રદેશી સ્કંધ રત્નપ્રભાદિમાં અંતરાલ, પ્રયોગાદિબંધ, કર્મભૂમિ આદિની વક્તવ્યતા, વિદ્યાચારણાદિ, સોપક્રમ અને નિરૂપક્રમ આયુષ્ય માટેની વક્તવ્યતા; આ પ્રમાણે ક્રમશઃ દશ ઉદ્દેશા છે.

## બેઇન્દ્રિય જીવો પહેલા
## શું સાધારણ શરીર બાંધે છે?

રાજગૃહી નગરીમાં સમવસરણસ્થ ભગવાન મહાવીરસ્વામીને વંદન નમન કરવા માટે પર્ષદા આવી, ધર્મોપદેશ થયો. ત્યાર પછી ગૌતમસ્વામીજીએ પૂછ્યું કે, હે પ્રભો! ચાર પાંચ કે છ આદિ બેઇન્દ્રિય જીવો ભેગા મળીને પહેલા સાધારણ શરીર બાંધે? પછી આહાર કરે? તેનું પરિણામ કરે? ત્યારપછી વિશેષ શરીરનું બંધન કરી શકે છે?

જવાબમાં પરમાત્માએ કહ્યું કે હે ગૌતમ! આ તારી વાત ઠીક નથી, કેમકે બેઇન્દ્રિય જીવો ભેગા મળીને આહાર કરતા નથી, પરંતુ જૂદા જૂદા રહીને એટલે કે એક એક રૂપમાં રહીને જ આહાર કરે છે, જુદા જુદા જ પરિણમન કરે છે; માટે તેઓ એક સાથે મળીને શરીરનું બંધન કરતા નથી પણ જૂદા જૂદા પોતપોતાના શરીરને બાંધે છે.

કૃષ્ણ–નીલ અને કાપોત નામે ત્રણ લેશ્યાઓ તેમને હોય છે. કોઈ સમ્યગ્દૃષ્ટિ અને કોઈ મિથ્યાદૃષ્ટિસંપન્ન હોય છે, પરંતુ મિશ્રદૃષ્ટિત્વ તેમને નથી. કેમકે સાસ્વાદન સમ્યક્ત્વથી પતિતને બેઇન્દ્રિયમાં ઉત્પન્ન થવાના સમયમાં અપર્યાપ્તિ અવસ્થામાં સમ્યગ્ કે મિથ્યાદૃષ્ટિની સંભાવના છે, પણ મિશ્રદૃષ્ટિની સંભાવના નથી. મતિ, શ્રુતજ્ઞાન, શરીર અને વચન યોગી અને છ દિશાનો આહાર કરનારા છે. તેમને ઈષ્ટ કે અનિષ્ટ રસો કે સ્પર્શોને વિષય કરનારૂં પ્રતિસંવેદનનું જ્ઞાન હોતું નથી, તેમ છતાં તેઓ આહાર કરે છે, સ્પર્શ કરે છે પણ તે વિષયનું જ્ઞાન નથી હોતું. આ રસ કે સ્પર્શ મને ગમે છે, આ નથી ગમતું, આવું તેમને નથી. આ પ્રમાણે ત્રણ અને ચાર ઇન્દ્રિય જીવોને પણ જાણવાં, વિશેષમાં બેઇન્દ્રિય જીવોને સ્પર્શ તથા રસ, ત્રણ ઇન્દ્રિય જીવોને સ્પર્શ–રસ અને ઘ્રાણ. જ્યારે ચાર ઇન્દ્રિય જીવને સ્પર્શ, રસ, ઘ્રાણ અને ચક્ષુ હોય છે. બેઇન્દ્રિય જીવોની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટથી બાર વર્ષની છે. ત્રીરિન્દ્રિયની ઉત્કૃષ્ટ સ્થિતિ ૪૯ દિવસની તથા ચતુરિન્દ્રિયની છ મહિનાની છે. જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્તની જાણવી.

પંચેન્દ્રિય જીવોને છ લેશ્યા, ત્રણ દૃષ્ટિ, મતિ–શ્રુત-અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન નામે ચાર જ્ઞાન, જ્યારે અતીન્દ્રિયને કેવળજ્ઞાન પણ હોય છે. પંચેન્દ્રિય તિર્યંચો સંજ્ઞી અને અસંજ્ઞી બે પ્રકારે છે. સંજ્ઞીને મન હોવાથી ઈષ્ટ અનિષ્ટનો ખ્યાલ રહે છે અને મન વિનાના અસંજ્ઞીઓને 'હું આહાર કરૂં છું' આવી વિચારણા નથી.

## પંચેન્દ્રિય જીવો શું પ્રાણાતિપાતમાં વર્તતા હોય છે ?

ગૌતમસ્વામી પૂછે છે કે, હે પ્રભો ! પંચેન્દ્રિય જીવો શું પ્રાણાતિપાતાદિ અઢારે પાપસ્થાનકોમાં વિદ્યમાન હોય છે? સૂત્રમાં પહેલું અને છેલ્લું પાપસ્થાનક ગ્રહણ કરાયું છે તો પણ ઉપચારથી વચ્ચે રહેલા સોળે (૧૬) પાપસ્થાનકો પણ ગ્રહણ થઈ જાય છે.

જવાબમાં ભગવંતે કહ્યું કે, હે ગૌતમ ! કેટલાક પંચેન્દ્રિયો પ્રાણાતિપાતાદિમાં હોય છે અને કેટલાક નથી હોતા. કારણમાં કહેવાયું છે કે સંયત અને અસંયતરૂપે પંચેન્દ્રિય જીવો બે પ્રકારના છે, તેમાંથી જે સંયત છે તેઓ પ્રાણાતિપાતાદિમાં નથી હોતાં, અને જે અસંયત છે તેઓ પ્રતિસમયે પાપસ્થાનકોમાં હોય છે. સારાંશ કે સંસારી જીવને જ્યાં સુધી મન–વચન અને કાયાના યોગ છે ત્યાં સુધી તેને ક્રિયા કર્યા વિના ચાલતું નથી, અને જ્યાં ક્રિયા છે ત્યાં પ્રાણાતિપાતાદિનું સેવન નકારી શકાતું નથી. પરંતુ અનંતાનુબંધી કષાયોનું પ્રાબલ્ય હણાઈ ગયું હોય કે દબાઈ ગયું હોય ત્યારે જીવાત્માને રાગ તથા દ્વેષની ચિકાસ ન હોવાથી સમ્યગ્જ્ઞાનના પ્રકાશમાં તે ભાગ્યશાળીઓ સમજણપૂર્વક પાપોને પાપ સમજીને તેમનો ત્યાગ કરે છે, તેથી તેમનું મિથ્યાદર્શન એટલે ( सर्वेषां पापस्थानकानां जनकः ) સર્વથા કમજોર થાય છે અથવા હણાઈ જાય છે તેથી " नष्टे कारणे कार्योत्पत्तिर्न भवति " અથવા " निमित्ताभावे नैमि तकस्यापि अभावः " એટલે કે કારણ નાશ પામ્યા પછી કાર્યોત્પતિ પણ શી રીતે થશે ? માટે તેવા જીવોને સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ જેમ જેમ મળે છે અને વધે છે

તેમ તેમ અનિવાર્યરૂપે ક્રિયાઓ કરવા છતાં પણ તેઓ કોઈ પણ જીવને કે પ્રાણોને હણવાની ઈચ્છાવાળા હોતા નથી. ક્રોધ, માન, માયા, લોભ, ભય, હાસ્યથી જૂઠ પણ બોલતા નથી. ન દીધેલું તૃણ માત્ર પણ લેતાં નથી. બ્રહ્મસ્થાનથી મનનું ચાંચલ્ય વધે તેવાં મૈથુન કર્મના સર્વથા ત્યાગી હોય છે. મૂર્ચ્છાજનક પરિગ્રહનો અભાવ છે, કારણ હોય કે ન હોય તો પણ ક્રોધ કરતા નથી. આઠે મદના ત્યાગી હોવાથી તેમને માન કષાય નથી. સરળ સ્વભાવ કેળવેલો હોવાથી કોઇના પ્રત્યે રાગ નથી, દ્વેષ નથી, કલહ નથી, પૈશૂન્ય નથી, પર-પરિવાદ નથી, માયા મૃષાવાદ નથી અને મિથ્યાત્વને પહેલાથી મારી દીધેલો છે.

બેશક! બધાએ જીવો આટલી ઉચ્ચ કક્ષાના સંયત હોતા નથી તો પણ જેમનું મિથ્યાત્વ હણાઈ ગયું હશે તેઓ અમુક પદાર્થોમાં વિરતિવાળા અને બીજા પદાર્થોના સેવનમાં ઉપયોગવાળા હોય છે, માટે તેઓ પણ સંયત હોવાથી પ્રાણાતિ-પાતમાં હોતા નથી. કદાચ અનિવાર્યરૂપે કાંઇક કરવું પડે તો સૂકા વસ્ત્ર પર લાગેલી ધૂળને જેમ ખરી જતા વાર લાગતી નથી તેમ તે સાધક

एवं अट्ठविहं कम्मं रागदोससमज्जिअं ।
आलोअंतो अ निंदंतो खिप्पं हणई सुसावओ ॥
कयपावो वि मणुस्सो आलोइअ निंदिअ गुरुसगासे ।
होइ अइरेगलहुओ ओहरिअ भरुव्व भारवहो ॥

આ પ્રમાણે આલોચના–નિંદના અને ગર્હા કરતો કર્મ-મુક્ત બને છે. આ આશયથી જ કહેવાયું છે કે સંયત જીવો

પાપસ્થાનકમાં નથી એટલે કે તેમાં તત્પર નથી. કદાચ હોય તો પણ અકિંચિત્કર છે. જ્યારે અસંયતો તેનાથી વિપરીત જાણવા.

જે અસંજ્ઞી પંચેન્દ્રિય છે, તેઓને તેવું જ્ઞાન નથી હોતું કે અમે બીજાઓ દ્વારા હણાઈ રહ્યાં છીએ કે તેઓ અમારા ઘાતક છે અને જે સંજ્ઞી પંચેન્દ્રિય જીવો છે તેમને મનથી ખબર પડે છે કે અમુક જીવો અમારા ઘાતક છે અને અમે તેમનાથી હણાઈ રહ્યાં છીએ.

જંકશન સ્ટેશન પર જેમ ચારે બાજુથી ગાડીઓ આવીને ઊભી રહે છે તેમ સર્વાર્થસિદ્ધ જીવોથી લઈને ચારે ગતિના જીવો પંચેન્દ્રિય મનુષ્યાવતારને પ્રાપ્ત કરી શકે છે. તેઓ જઘન્યથી આન્તર્મુહૂર્તિક આયુષ્યવાળા છે અને ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમની સ્થિતિવાળા છે, જે સર્વાર્થસિદ્ધની તથા સાતમી નરકની અપેક્ષાએ જાણવી અને મનુષ્યનો જીવ ચારે ગતિ-ઓમાં જાય છે.

અલ્પ બહુત્વ

સૌ જીવોમાં પંચેન્દ્રિય જીવો ઓછા છે.

ચાર ઇન્દ્રિય જીવો તેમનાથી વિશેષાધિક છે.

ત્રણ ઇન્દ્રિયવાળા અને બેઇન્દ્રિય જીવો ક્રમશઃ વિશેષા-ધિક છે.

આ પ્રમાણે ભગવંતની વાણી સાંભળીને ખુશ ખુશ થયેલા ગૌતમસ્વામીએ દ્રવ્ય અને ભાવથી વંદન કર્યું અને પોતાના આસને જઈ ધ્યાનસ્થ થયાં.

**શતક ૨૦નો ઉદ્દેશો પહેલો પૂર્ણ.**

# શતક ૨૦ મું : ઉદ્દેશક–૨

## આકાશાસ્તિકાય કેટલા પ્રકારે છે ?

પ્રશ્નના જવાબમાં ભગવંતે કહ્યું કે, હે ગૌતમ ! જૈન શાસનમાં આકાશના બે પ્રકાર છે. યદ્યપિ તે એક જ અને અખંડ દ્રવ્ય રૂપ હોવા છતાં આધેય(આકાશમાં રહેનારા દ્રવ્યો)ની વિદ્યમાનતા અને અવિદ્યમાનતાના કારણે તેના બે વિભાગો પડે છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવાસ્તિકાય અને પરમાણુથી લઇને અનંતાનંત સ્કંધમય પુદ્ગલાસ્તિકાય જેમાં રહે છે તે લોકાકાશ કહેવાય છે અને જે સ્થાને તેઓનું અસ્તિત્વ નથી તે અલોકાકાશ છે.

દ્રવ્યમાત્રના ધર્મો પણ હોય છે, કેમકે ધર્મ વિનાનું દ્રવ્ય હોતું નથી; માટે આ ધર્માદિ ચાર દ્રવ્યોની વિદ્યમાનતા જ્યાં સમાપ્ત થાય છે ત્યાં સુધી જ લોકાકાશ છે. તેનાથી આગળ અલોકાકાશ છે, જેમાં એકેય દ્રવ્યનું ચલન–ગમન–ઉપવેશન કે અસ્તિત્વ પણ નથી.

લોકાકાશ શું જીવાદિ રૂપ છે ?

પૂછવાનો આશય આ છે કે યદિ લોકાકાશ સદ્રૂપ છે તો તે જીવરૂપ છે ? કે જીવદેશરૂપ છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે, જીવો લોકાકાશમાં છે તેના દેશો તથા પ્રદેશો પણ ત્યાં જ હોઈ શકે છે, તેથી લોકાકાશ જીવરૂપ છે, જીવદેશરૂપ પણ છે અને જીવપ્રદેશરૂપ છે. આ કથન એકબીજાના સાહચર્યના કારણે જ સમજવું, જેમ કે

લોકાકાશ જીવ વિનાનો ભૂતકાળમાં પણ નહતો અને ભાવિકાળમાં પણ રહેવાનો નથી અને જીવોને લોકાકાશ વિના ક્યાંય પણ રહેવાનું સ્થાન નથી.

નિગોદ, નરક અને સિદ્ધશિલામાં બિરાજમાન જીવો પણ લોકાકાશમાં જ છે.

લોકાકાશ જીવ સ્વરૂપ છે, તેનો અર્થ જીવ અને આકાશ એક જ છે તેમ સમજવાનું નથી. કેમકે જીવ ચેતન છે અને લોકાકાશ અચેતન (જડ) છે. તેમ કોઇના પ્રયત્ન વિશેષથી પણ બંનેના દેશો કે પ્રદેશોમાં મિશ્રણ થવાનું નથી અને કદાચ થાય તો પ્રત્યક્ષ દેખાતા સંસારના સંચાલનમાં ગડબડ થયા વિના રહે નહીં; પરંતુ સ્યાદ્વાદપૂર્ણ જૈન શાસનની માન્યતામાં આવી ગડબડો કોઈ કાળે થતી નથી, કેમકે આ બંને તત્ત્વો અનાદિ કાળના શાશ્વતા છે, જેનાં ઉત્પાદનમાં કે સ્થિરતામાં કોઇની શક્તિ વિશેષ કામે આવવાની નથી, આવતી નથી અને આવશે પણ નહીં. તેમ છતાં પણ આજના જેવો સંસાર અને તેનું સંચાલન જેવું આજે છે તેવું જ હજાર–લાખ કે કરોડો વર્ષ કે કલ્પ પહેલાં પણ હતું અને ભવિષ્યમાં પણ રહેશે.

નદી–નાળા, પર્વત, ઝાડ, મનુષ્ય, ગાય–ભેંસ, કીડા–મંકોડા આદિ અનંતાનંત જીવોનો કે પુદ્ગલોનો દ્રવ્યરૂપે કોઇ પણ કાળે નાશ થયો નથી અને થવાનો નથી. બેશક પર્યાયોના ફેરફારના કારણે નદીનાં સ્થાને મકાનોની પરંપરા અને મકાનોના સ્થાને સમુદ્રની હાજરી હોઇ શકે છે. તેટલા માત્રથી સંસારના સર્વથા નાશની કલ્પના કરી લેવી તેનું જ નામ છે અજ્ઞાનતા.

ધર્માસ્તિકાયની વિશાળતાનું વર્ણન કરતાં ભગવંતે કહ્યું

કે, લોક જેમ વિશાળ છે તે પ્રમાણે ધર્માસ્તિકાયાદિ પદાર્થો પણ તેટલા જ પ્રમાણમાં વિશાળ છે. આવું પણ કોઇ કાળે બનતું નથી કે લોકાકાશના એક ભાગમાં ધર્માસ્તિકાયનો અને બીજા ભાગમાં અધર્માસ્તિકાયનો પ્રદેશ રહેતો હોય?

હે ગૌતમ! મારા જૈન શાસનમાં કપોળ કલ્પિત કે મન ઘડંત ઠંડા પાણીના ગપ્પા કે ગધેડાના સિંગ ઉઘાડવા જેવી કલ્પના છે જ નહીં.

કેમકે કેવળજ્ઞાનના માલિક અરિહંતોને સંસાર જેવા સ્વરુપે છે તેવા પ્રકારે જ "करामलकवद्विश्वं" સ્પષ્ટ દેખાય છે, માટે હું કહું છું જે પ્રદેશમાં લોકાકાશ છે તે જ પ્રદેશમાં જ ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય, જીવાસ્તિકાયના પ્રદેશો વિદ્યમાન છે. છતાં પણ બધાઓનું મિશ્રણ થયું નથી, થતું નથી અને થશે નહી. તેવી રીતે કોઇને પણ પોતાનો ધર્મ છોડવાનો હોતો નથી. ૧૪ રજ્જુલોકમાં ધર્માસ્તિકાયાદિ વ્યાપ્ત થઇને રહ્યાં છે. આ પ્રમાણે પુદ્ગલાસ્તિકાયના પ્રદેશો પણ વ્યાપ્ત છે, સર્વાર્થસિદ્ધ વિમાનમાં, સિદ્ધશિલામાં કે નરક આદિમાં પુદ્ગલાસ્તિકાયની સત્તા રહેલી જ છે. ઉદાહરણરુપે મનુષ્ય, હાથી, કીડી, કંથુ કે વનસ્પતિ આદિ ચેતન પદાર્થોમાં જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયનો અનુભવ સ્પષ્ટ થાય છે. કેમકે શરીરનાં અંગો તથા ઉપાંગો પૌદ્ગલિક છે, તેવી રીતે પૌદ્ગલિક પદાર્થો આકાશાસ્તિકાય વિનાના હોતા નથી, અન્યથા પગમાં કાંટો, ખીલો કે ટાંચણી આદિ પદાર્થો શી રીતે ઘુસી જાય છે? લોખંડના ગોળામાં અગ્નિનો પ્રવેશ આકાશને આભારી છે. આ બધી વાતો કેવળજ્ઞાનીના કથનાનુસાર સદ્વિવેક અને સદ્‌બુદ્ધિથી પણ નિર્ણીત થઇ જાય છે.

આ લોકાકાશ ત્રણ ભાગમાં વિભક્ત છે. અધોલોક, તિર્યંચ લોક અને ઉર્ધ્વલોક. આ ચાલુ પ્રશ્ન અધોલોક પૂરતો હોવાથી ગૌતમ સ્વામી પૂછે છે કે, હે પ્રભો ! અધોલોક, ધર્માસ્તિકાયના કેટલા ભાગને વ્યાપ્ત કરીને રહે છે? ભગવંતે કહ્યું કે ધર્માસ્તિકાયના અર્ધાથી કંઈક વધારે ભાગને અવગાહીને અધોલોક રહેલો છે.

સિદ્ધશિલા, લોકાકાશના અસંખ્યાતમા ભાગને વ્યાપ્ત કરીને રહી છે એટલે કે લોકાકાશના સંખ્યાતમા ભાગને કે સર્વલોકાકાશને વ્યાપ્ત કરીને સિદ્ધશિલા રહી નથી.

## પાંચે દ્રવ્યોના પર્યાયનામો કેટકેટલા છે ?

એક જ વસ્તુના અર્થને જુદા જુદા શબ્દોથી જાણવાની ઈચ્છા પ્રત્યેક માનવને થાય છે, કેમકે જુદા જુદા પર્યાયોથી અર્થને જાણ્યો હોય તો જ્ઞાનની વૃદ્ધિનું કારણ બને છે. જૈન શાસનનું 'નિક્ષેપા' પ્રકરણ જ આ વાતની સાક્ષી આપે છે કે એક જ વ્યક્તિને યથાર્થરૂપે જાણવા માટે નામ સ્થાપના દ્રવ્ય અને ભાવની જુદી જુદી અપેક્ષાઓ છે, જે સાર્થક છે. જેના માધ્યમથી જિજ્ઞાસુને ચારે તરફનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. આ ચાલુ પ્રશ્નમાં પણ ગૌતમસ્વામીજીના દયાપૂર્ણ માનસની ઝાંખી થયા વિના રહેતી નથી. પોતે લગભગ કૃતકૃત્ય છે તો પણ જનમાનસને જ્ઞાનની અત્યુત્તમ પ્રભાવના કરવાની ઉત્કટ ભાવનાથી પ્રેરાઈને પૂછે છે કે હે પ્રભો !

## ધર્મતત્ત્વના પર્યાયવાચક શબ્દો કેટલા છે ?

જવાબમાં દયાના સાગર, ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે, હે ગૌતમ ! ધર્મતત્ત્વને સ્પષ્ટ કરનારા અનેક શબ્દો છે જેનાથી ધર્મની વાચ્યતા સ્પષ્ટ રૂપે જાણી શકાય છે.

ધર્મનો વાસ્તવિક મર્મ સમજવામાં ન આવ્યો હોય ત્યાં સુધી માનવના જીવનમાં અવિદ્યા, અસ્મિતા, અભિનિવેશ, રાગ અને દ્વેષ નામના કર્મક્લેશો ભડકે બળતા હોવાથી શાંતિ, સુખ અને સમાધિ સર્વથા ખોવાઈ જાય છે. ફળ સ્વરૂપે દેશ, સમાજ અને સંપ્રદાયોના અભિનેતાના હૃદય ટૂંકા બને છે અને ધર્મની આડમાં પશુ હત્યા, શરાબપાન, ભાંગ, પરસ્ત્રી-ગમન, વેશ્યાગમન, જૂઠ, પ્રપંચ આદિ ગંદા તત્વોની ઉત્પત્તિ તથા વૃદ્ધિ થાય છે અને માનવ, માનવના ખોળીયામાં પશુતુલ્ય બનીને સૌની સાથે વૈર–વિરોધવાળો અને સંસારને ખારો ઝેર બનાવવામાં ભાગીદાર બને છે.

આંખ ઉપર પાટા બાંધેલા માનવને પોતાની પડખે, ઉંચે નીચે યાવત્ શરીર પર રહેલા જૂદા જૂદા વસ્ત્રોના રંગનો નિર્ણય કરવો અશક્ય છે, તેવી રીતે અજ્ઞાન( જ્ઞાનાવરણીય )ને વશ થયેલા આત્માને પણ સમ્યગ્જ્ઞાન તરફ દુર્લક્ષ્ય હોવાથી કોઈપણ વસ્તુનો બીજા પ્રકારે નિર્ણય કરવામાં તે શક્તિ-સમ્પન્ન હોતો નથી, તેથી વિપરીત સાંશયિક, ભ્રમિત જ્ઞાનના પૂર્વગ્રહથી અંધ બનેલા માનવનું મતિજ્ઞાન અવિકસિત જ રહેવા પામે છે સમ્યગ્દર્શનનો પ્રકાશ પ્રાપ્ત કર્યા પછી જ્ઞાનાવરણીય કર્મના પુદ્ગલોમાં શૈથિલ્ય આવે છે જેથી એક જ પદાર્થને જૂદા પર્યાયોથી જાણીને જ્ઞાનનો વિકાસ સાધે છે.

જે ધર્મની આરાધના કરીને માનવ પોતાનું કલ્યાણ ઇચ્છે તે ધર્મને સર્વાંગી રીતે જાણ્યા પછી જ કષાયોની તાકાત ઓછી થાય છે. પરિણામે તે સાધક શબ્દોના જાલામાંથી બહાર આવીને અર્થની વિચારણા કરવા માટે ઉત્સાહિત થાય છે.

હવે આપણે ભગવતી સૂત્રના અનુસારે ' ધર્મ 'ના વાચક

શબ્દો કેટલા છે? અને કયા કયા અર્થમાં ગોઠવાયા છે તે જાણીએ. જેથી સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ થતાં સમ્યગ્દર્શન અને ચારિત્રમાં પણ શુદ્ધિ આવવા પામશે.

(૧) धम्मेइ वा :–અહીં અને આગળ કહેવાતા પર્યાયોમાં 'વા'નો અર્થ વિકલ્પ અર્થમાં જાણવો. ગતિશીલ જીવ અને પુદ્ગલને સહાય કરનાર 'ધર્મ' છે, એટલે કે ધર્માસ્તિકાય દ્રવ્યને લઈ ગતિશીલ પદાર્થો ગતિ કરે છે. અલોકાકાશમાં આ દ્રવ્ય ન હોવાથી ત્યાં કોઈને જવા માટે પ્રશ્ન જ રહેતો નથી.

(૨) धम्मत्थिकाएइ वा :–દ્રવ્યમાત્ર પ્રદેશાત્મક હોવાથી અહીં અસ્તિનો અર્થ પ્રદેશ અને કાયનો અર્થ સમૂહ સમજવો. એટલે ધર્માસ્તિકાયને અસંખ્યાત પ્રદેશ છે. લોકાકાશને પણ અસંખ્યેય પ્રદેશ હોવાથી અલોકાકાશમાં આધારનો અભાવ હોવાથી આધેય (જીવ તથા પુદ્ગલો) ત્યાં હર હાલતમાં જઈ શકતા નથી.

(૩) पाणाइवाय वेरमणेई वा :–એટલે પ્રાણાતિપાતનું વિરમણ (ત્યાગ) જ ધર્મ છે, સંસારનો પ્રત્યેક માનવ ધર્મ શબ્દનું ઉચ્ચારણ કરે છે અને જીવનમાં યથાશક્ય ધર્મને આરાધે છે. પ્રશ્ન એ છે કે અહીં ધર્મ કયો લેવો? જવાબમાં કહેવાયું છે કે જે ક્રિયામાં, અનુષ્ઠાનમાં, દેવપૂજામાં, પ્રાણાતિપાતનું વિરમણ થતું હોય તે ધર્મ છે અને તેવા ધર્મની આરાધના જ માનવ માત્રનું કલ્યાણ કરાવવામાં સમર્થ છે. જે ચારિત્રધર્મનો સ્વીકાર કર્યા વિના પ્રાણાતિપાતનું વિરમણ થવું સર્વથા અશક્ય છે.

માટે ચારિત્ર જ ધર્મ છે. ચારિત્ર કોને કહેવાય? તેની વ્યાખ્યાઓ જુદી જુદી રીતે સમજીએ તે આ પ્રમાણે.

चारित्रमेव धर्मः અથવા धर्मःचारित्ररुपः (જીવા. ૨૫૬)

धर्मः श्रुत चारित्र लक्षणः (ભગ : ૯૦, ઉતરા, ૧૭૭)

जीवस्य स्वभावो धर्मः (દશ ૧૨૬)

दुर्गतो प्रपतन्तमात्मानं धारयतीति धर्मः (આ. ૧૩૪)

धर्मो जिनाज्ञारुपः चारित्रलक्षणः (ઠાણા ૨૪૧)

धर्मः वस्तु स्वभावः आचारो वा (ઉતરા ૧૨૮)

ઈત્યાદિ વ્યાખ્યાઓથી આપણે જાણી શકીએ છીએ કે જીવનો સ્વભાવ ધર્મ છે, દુર્ગતિમાં પડતા જીવને ધારણ કરે તે ધર્મ છે, જિનેશ્વરદેવની આજ્ઞારૂપ ચારિત્રની આરાધના ધર્મ છે. શુદ્ધ પવિત્ર આચાર જ ધર્મ છે અને અજર તથા અમર આત્માને સ્વભાવમાં રાખવો ધર્મ છે.

ચારિત્ર એટલે શું ?

चरन्ति गच्छन्ति अनेन मुक्तिमिति चारित्रम्
(ઉતરા. ૫૫૬)

चारित्रं चारित्र मोहनीय क्षय क्षयोपशम जो जीव परिणामः (ભગ. ૩૫૦)

चारित्रं सावद्य योग निव्रति लक्षणम् (પ્રશ્ન. ૧૩૨)

अन्य जन्मोपाताष्टविधकर्म सचयापचयाय चरणं चारित्रम् (આવ. ૭૮)

कर्मणां चयस्य रिक्तोकरणात् चारित्र, आत्मनो विरतिरूप परिणामो वा (ઠાણા. ૨૪)

बाह्य सदनुष्ठानम् चारित्रं (જ્ઞાતા. ૭)

ઉપરની જૂદી જૂદી વ્યાખ્યાઓ આપણને સમજાવે છે કે 'અપુનરાવૃતિવાળી મુક્તિ જેનાથી મળે તે ચારિત્ર છે.

ચારિત્રમોહનીય કર્મના ક્ષય કે ક્ષયોપશમથી જીવના શુદ્ધ કે શુભ પરિણામ વિશેષને ચારિત્ર કહે છે.

સંપૂર્ણ પ્રકારે પાંચે ઇન્દ્રિયોના, ચારે કષાયોના, ત્રણે યોગના આશ્રવ માર્ગનો અવરોધ કે વિરામ કરાવે તે સમ્યક્ ચારિત્ર છે. ગત ભવોના ઉપાર્જિત આઠે કર્મોના ઢગલાને મર્યાદિત કરાવે કે નાશ કરાવે તે ચારિત્ર છે.

આત્મામાં પાપોની વિરતિ જેનાથી થાય તે ચારિત્ર છે. અથવા બાહ્ય દૃષ્ટિએ અહિંસક અનુષ્ઠાનને ચારિત્ર કહે છે. ઉપર પ્રમાણેની વ્યાખ્યાઓથી ચારિત્રનું સ્પષ્ટીકરણ થઈ જાય છે.

આજનો આખોએ સંસાર ચારિત્ર–સદાચાર–પવિત્રાચાર–આદિ શબ્દોનું ઉચ્ચારણ કરે છે, પણ ચારિત્રનું તાત્પર્ય ન જાણવાના કારણે બીજી બાજુ તેમનાં જીવનમાંથી માંસભોજન, શરાબપાન, પરસ્ત્રી કે વેશ્યાગમન, જુગાર, કંદમૂળભક્ષણ, અનંતકાય, ભાંગ–અફીણ કે તમાકુ સેવન આદિ દુર્ગુણોનો અંત દેખાતો નથી. ત્યારે જૈન શાસનને શ્રદ્ધાન્વિત કરનાર ભાગ્યશાળીને કર્મોનો ઉપદ્રવ શક્તિહીન થવાના કારણે પાપોના સમૂળ ત્યાગપૂર્વકનું સર્વવિરતિ ચારિત્રધર્મ સ્વીકાર કરે છે અને ગુરુઆજ્ઞા, સ્વાધ્યાય, તપ, જપમાં મસ્ત બનીને તેની પાલના કરી આખાએ સંસારનો મિત્ર બને છે.

આવો ચારિત્રધર્મ જીવનમાં શી રીતે આવે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે 'पाणाइवाय वेरमणेई वा' એટલે કે :–પ્રાણાતિપાતનું વિરમણ જ ચારિત્ર છે.

પ્રાણાતિપાત એટલે શું ?

प्राणानां प्राणस्य वा अतिपातः हननं मारणं छेदनं

भेदनं आदिः यत्र वर्तते स प्राणातिपातः ।। આ પ્રાણોની સંખ્યા દશની છે જેની વિદ્યમાનતાથી જ 'પ્રાણી' કહેવાય છે. પત્થર, રેલગાડી, પ્લેન આદિને પ્રાણીના નામથી કોઇ પણ ઓળખતા નથી. તેમના સંબોધન પણ કરતા નથી કેમકે તેમને પ્રાણ છે જ નહીં. જ્યારે એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જીવોને પ્રાણો અવશ્ય હોય છે માટે તેમને 'પ્રાણી' કહીએ છીએ. શ્વાસોશ્વાસ લેવા મૂકવાની ક્રિયા કરે તે જીવ છે, અન્યાન્ય પર્યાયોમાં સતત ગમન કરે તે આત્મા છે. પ્રાણો દશ પ્રકારના છે : ૫ ઇન્દ્રિય, ૩ યોગ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય. આ દશ પ્રાણોમાંથી કોઈ પણ એકાદને કે બધાઓને હાનિ પહોંચાડવાનો ભાવ રાખવો અથવા તે માટેની ક્રિયા કરવી તે પ્રાણાતિપાત છે. જે છોડ્યા વિના ચારિત્રી ( સર્વવિરતિવંત ) બની શકતો નથી.

સ્વ કે પર શાસ્ત્રોના ઘાત વિનાની પૃથ્વી, પાણી, અગ્નિ, વનસ્પતિ કે વાયુ સચેતન હોવાથી પ્રાણી છે અને સ્પર્શેન્દ્રિય, શરીર, શ્વાસોશ્વાસ તથા આયુષ્ય નામના ચાર પ્રાણ છે. અળસીયા, વાસી રોટલી-રોટલા, ખીચડી આદિમાં થનારા બેઇન્દ્રિય જીવોને રસનેન્દ્રિય અને વાગ્યોગ મળીને છ પ્રાણ છે, તેઇન્દ્રિય જીવોને ૭ પ્રાણ છે, ચતુરિન્દ્રિય જીવોને ૮ પ્રાણ છે, અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને ૯ પ્રાણ છે તથા સંજ્ઞી મનુષ્યને પાંચ ઇન્દ્રિયો, ત્રણે યોગો, શ્વાસોશ્વાસ અને આયુષ્ય નામના દશે પ્રાણો છે. સારાંશ કે ફળ, પાણી, વાયુ, વિજળી, ગુલાબ-મોગરા આદિના ફૂલો, ભૂંડ, સસલા, હરણ, ગાય, બળદ, વાનર, ઘેટા, મોર, દેડકા, કાચબા, નાના મોટા માછલા, સર્પ, વિંછુ, કીડી, મંકોડી, માંકડ, જૂ, લીખ આદિ બધાએ પ્રાણી છે માટે કોઈ પણ પ્રાણીનો તેના પ્રાણોથી વિયોગ કરવો, કરાવવો અને અનુમોદવો તથા કોઇની આંખ,

કોઈના કાન, કોઈની ચામડી, કોઈની જીભ કે કોઈના મનનો કે તેની પ્રવૃત્તિનો તથા શ્વાસોશ્વાસનો ઘાત કરવો, છેદ કરવો અથવા કોઈને ભૂખે મારવો, દુઃખી બનાવવો આદિ પ્રાણાતિપાત છે.

## પ્રાણાતિપાત સ્વધર્મ નથી :

આ પ્રાણાતિપાત જીવનો સ્વભાવ (સ્વધર્મ) હોઈ શકે નહીં. કેમકે જેના માટે જીવાત્માને કંઈક કરવું પડે તે સ્વધર્મ નથી પણ પરધર્મ છે, પ્રાણાતિપાતાદિ ક્રિયામાં જીવમાત્રને વિશેષ પ્રવૃત્તિ કરવાની ફરજ પડે છે, તે વિના કોઈપણ જીવનો ઘાત, હનન, દુઃખોત્પાદન, પીડન, મારણ, તાડન, આક્રમણ આદિ થતું નથી. માટે જ પ્રાણાતિપાત (જીવહિંસા) કોઈ કાળે સ્વધર્મ નથી, પણ પરધર્મ જ છે અને 'परधर्मो भयावहः' એટલે કે પ્રાણાતિપાતાદિમાં મરવું તે અત્યંત ભયાવહ છે. કેમકે બીજા પ્રાણીને મારનાર જ બીજા ભવમાં યમદૂતોનો માર ખાય છે, ભૂખે મારનાર ભૂખે મરે છે, રોવડાવનાર રોવે છે, બીજાના હાથ પગ આંખ-કાન કે ચામડીને કાપનારનો જ આવતા ભવમાં પગ કપાય છે, હાથ છેદાય છે, આંખ સર્વથા કમજોર હોય છે, કાને બહેરો હોય છે, પગનો લંગડો ઈત્યાદિક ફલાદેશોને જોયા પછી નિશ્ચિત થાય છે કે પ્રાણાતિપાત ધર્મ નથી, ચારિત્ર નથી પણ મહાભયંકર પાપ છે, માટે તેનું વિરમણ કરવું, કરવાની ટ્રેનિંગ લેવી તેને જ ધર્મ કહેવાય છે, ચારિત્ર-સદાચાર કહેવાય છે.

અને જેના માટે આત્માને કંઈપણ પ્રયત્ન કરવાનો રહેતો નથી માટે પ્રાણાતિપાત વિરમણ સ્વધર્મ છે, તેથી જ "स्वधर्मे निधनं श्रेयः એટલે અહિંસા ધર્મની આરાધના કરતાં કરતાં મૃત્યુ પણ થાય તે શ્રેયસ્કર છે.

(૪) मुसावाय वेरमणेई वा....મૃષાવાદનું વિરમણ કરવું તે ધર્મ છે, ચારિત્ર છે. ક્રોધ–માન–માયા–લોભ–મોહ–હાસ્ય અને ભયમાં આવીને સ્વાર્થવશ કે અજ્ઞાનવશ જુઠ બોલવું તે ધર્મ નથી, જે અઢાર પાપસ્થાનકોમાં બીજા નંબરનું મહાભયંકર પાપ છે.

"सतोऽपलापोऽसतश्च प्ररूपणं मृषावादः" (પ્રજ્ઞા. ૪૩૮)

"आत्मपरोभयार्थं अलीकवचनम् मृषावादः" (સમ. ૨૫)

આ વિષય પહેલા ભાગમાં ચર્ચાઈ ગયો છે.

(૫) अदत्तादान वेरमणेई वा....નહીં દીધેલી વસ્તુનું ગ્રહણ કરવું તે અદત્તાદાન પાપ છે અને તેનું વિરમણ કરવું તે ધર્મ છે.

(૬) मेहुण वेरमणेई वा....મૈથુનકર્મ પાપ છે અને તેનું વિરમણ ધર્મ છે–ચારિત્ર છે.

(૭) परिग्गह वेरमणेई वा....બાહ્ય અને આભ્યંતર પરિગ્રહનું વિરમણ ધર્મ છે.

ઉપર્યુક્ત પાંચે પ્રકારના પાપસ્થાનકોને ધર્મસાધના, મંત્રોપાસના, ક્રિયાકાંડ, યજ્ઞયાગ, દેવ–દેવી ઉપાસના આદિમાં અવશ્ય ત્યાગવા જોઈએ. મેલું કપડું જેમ મેલવાળા પાણીમાં સાફ થતું નથી તેમ જે સ્વયં પાપ છે તેનાથી ધર્મની ઉત્પત્તિ, સાધનાની સિદ્ધિ, મંત્રોપાસનાનું ફળ, ક્રિયાકાંડની ફળશ્રુતિ, યજ્ઞયાગની સત્યાર્થતા કે દેવ–દેવીની પ્રસન્નતા શી રીતે પ્રાપ્ત થશે? માટે તેમનું વિરમણ જ ધર્મ છે. અહિંસા ધર્મના પરમોપાસક, દયામૂર્તિ, ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે–પ્રાણાતિપાતાદિ પાપ છે અને તેનો ત્યાગ, ત્યાગની ભાવના જ ધર્મ છે.

(૮) कोह विवेगेइ वा जाव मिच्छादंसण सल्ल विवेगेईवाः– ક્રોધનો વિવેક કરવો યાવત્ માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશૂન્ય, પરપરિવાદ, રતિ, અરતિ, માયા મૃષાવાદ અને મિથ્યાત્વશલ્ય આ ભાવ પાપોનો વિવેક એટલે ત્યાગ કરવો તે ધર્માસ્તિકાય અર્થાત્ ધર્મનો પર્યાય છે, માટે ભાવપાપોનો ત્યાગ જ ધર્મ છે.

## ક્રોધનો ત્યાગ શી રીતે કરવો ?

વિવેક(ત્યાગ)નો બીજો અર્થ પૃથક્કરણ છે, માટે ક્રોધ કરતી સમયે વિચાર કરવો કે ક્રોધ કરવાથી લાભ થશે કે હાનિ ? લાભ કદાચ થાય તો તે ચિરસ્થાયી છે કે ક્ષણસ્થાયી ? ચિરસ્થાયી લાભ પણ આત્માને માટે કે વ્યવહારને માટે ? આત્માને માટે હોય તો તે સદ્ગતિદાયક છે કે દુર્ગતિદાયક ? યદિ સદ્ગતિદાયક હોય તો તે એક ભવને માટે છે કે પરંપરાના ભવોને માટે ? યદિ આ ભવ પૂરતો જ લાભ હોય તો લાખના બાર હજાર કરવાં જેવું થશે કેમકે સંસારમાં આપણે પ્રત્યક્ષ જોઈ રહ્યાં છીએ કે રોગિષ્ટ, મહારોગિષ્ટ માણસ જેટલો દુઃખી નથી તેના કરતા હજારો લાખો ગુણા વધારે ક્રોધાન્ધ માણસ દુઃખી છે. અને જેનો એક ભવ બગડશે તેના પરંપરાના ભવો શી રીતે સુધરશે ? માટે ક્રોધ એ પાપ છે, મહાપાપ છે, ચંડાલ સમો છે અને તેનો વિવેકપૂર્વક વિચાર કરી ત્યાગ કરવો તે ધર્મ છે.

માનવના જીવનમાં અહંકારની માત્રાનું જોર વધારે હોય છે અને ક્રોધ તથા અહંકાર લંગોટીયા મિત્રો છે કેમકે ક્રોધની ઉત્પતિ પ્રાયઃ કરી ગર્વ, અહંકાર, માન તથા મદને અધીન છે.

## ક્રોધને ત્યાગવા માટેના કારણો :

માણસના જીવનમાં ધર્મભાવ હોય, કેવળજ્ઞાન મેળવવાની તીવ્ર ઇચ્છા હોય, તો નીચેના ઉપાયોનો ખ્યાલ રાખીને ક્રોધ છોડી દેવા માટે જ સૌથી પહેલા ટ્રેનિંગ લેવી. કદાચ તારા મનમાં એમ હોય કે સામેવાળો માણસ મને ગાળો ભાંડે છે, નિંદા કરે છે, અપમાન કરે છે તે મારાથી શી રીતે સહન થાય ? આવી સ્થિતિમાં વિચારવું કે સામેવાળો જે રીતે મને ગાળો આદિ ભાંડે છે તે વાતો ( મેટર ) સાચી છે કે ખોટી ? યદિ સાચી હોય અને મારામાં ગુપ્ત કે અગુપ્ત દોષ છે તો સામેવાળા ઉપર રોષ કરવાથી મને શું ફાયદો ? યદિ જૂઠી હોય તો વિચારવાનું કે તે બિચારો પોતાના આત્માને, મનને, બુદ્ધિને મલિન કરી મારા પ્રત્યે લડી રહ્યો છે, તો દયા પાત્ર જેવા આના પર મારે શા માટે રોષ કરવો ?

ક્રોધ ત્યાગવા માટે જ્યાં સુધી સાધક ક્રોધમાં રહેલા ગુણ-દોષોનો નિર્ણય સત્યસ્વરૂપે ન કરે ત્યાં સુધી ક્રોધ છોડી શકાતો નથી. કાળા નાગના મોઢામાં અમૃત, સૂર્યમાં શીતલતા, બરફમાં ઉષ્ણુતા કોઇ કાળે હોતી નથી, તેવી રીતે ક્રોધમાં એકેય ગુણ કોઇએ જોયો નથી, જોવાતો નથી અને જોવાશે નહીં, માટે ક્રોધ દોષોનો સાગર છે. જેમકે ક્રોધનો ઉદય થતા જ માણસના રોમે રોમમાં દ્વેષભાવની પ્રાદુર્ભૂતિ થાય છે, મિત્રો પણ શત્રુ બને છે, ડગલે પગલે અપમાન થતું રહે છે, પોતાની જ બોલેલી ભાષા અને પ્રતિજ્ઞાઓ પણ સ્મૃતિમાં રહેતી નથી, મતિ ભ્રંશ થાય છે, એટલે કે ક્રોધી માણસને પોતાની સત્તાનો પણ ખ્યાલ રહેતો નથી તો પછી બીજાને આપેલા વચનોની યાદ શી રીતે રહેશે ? તથા ક્રોધ અને વ્રતોનું પાલન

બંનેને બારમો ચન્દ્ર હોવાથી એકવાર નહીં પણ હજારો વાર અનુભવ કરી જુઓ કે ક્રોધી માણસને પોતાના વ્રત, નિયમ અને પ્રત્યાખ્યાનો કંઇ પણ યાદ રહેતા નથી. આ બધી વાતોથી એટલું જ જણાય છે કે ક્રોધમાં દોષોથી અતિરિકત બીજું કંઇ પણ નથી માટે ત્યાજ્ય છે.

મારા કરેલા કર્મો જ મારે ભોગવવાના છે માટે બીજા ઉપર ક્રોધ કરવો નકામો છે, ગાળો ભાંડવી બેકાર છે. આ પ્રમાણે કરવાથી ક્રોધનો નિગ્રહ થાય છે, જે ધર્મ છે.

( ૯ ) माणविवेगेइ वा :-માન કષાયનો ત્યાગ કરવો તે માનવિવેક છે, યદિ માનનો ત્યાગ ધર્મ હોય તો માન-અભિમાન-ગર્વ-અહંકાર અને આઠે પ્રકારનો મદ પાપ છે, અધર્મ છે.

અનાદિકાળથી આપણો આત્મા મિથ્યાત્વનાં કારણે સુકાઈ ગયેલા ચામડાના જેવો કઠણ બનેલો છે, જેમાં મૂળ કારણ માન કષાય છે, કેમકે ગર્વિષ્ઠ માણસ, વડિલો, પૂજ્યો, ગુરુઓ માતા પિતાઓનો ભક્ત કોઈ કાળે બની શકતો નથી, માટે એમની સારી શિખામણોને સાંભળવા માટે પણ તૈયાર નથી હોતો. તે આત્માને નરમ કરવા માટે તેની પાસે એકેય માર્ગ નથી. ફળસ્વરૂપે સંસારભરના બધાય માનવો કરતાં આ ઘમંડી લાલો ખાવામાં, પીવામાં, ચાલવામાં, બોલવામાં અને બીજાઓને જવાબ દેવામાં સર્વથા જુદા પડતાં અનુભવાય છે.

ભાંગનો પ્યાલો પીધા પછી સૌથી પહેલા શરીરમાં માદકતા આવે છે, હાથ-પગ-આંખમાં કંઈક ગરમી વધે છે અને ત્યાર પછી પીનારને પૂર્ણ નશો ચડે છે. આ પ્રમાણે પૂર્વભવના કરેલા, આચરેલા, વધારેલા અને ચિકણાબંધને બાંધેલા ચારિત્ર્ય મોહનીય કર્મના કારણે જાતકને જાતિ, લાભ, કુળ, ઐશ્વર્ય,

બળ, રૂપ તપ અને શ્રુતનો મદ જેમ જેમ વધતો જાય છે, તેમ તેમ માન અહંકારરૂપી કષાય પોતાના અસલી સ્વરૂપમાં આવીને જાતકને સર્વથા ઊંધે રસ્તે ચડાવીને બેહાલ કરી દે છે. તે સમયે નશામાં ચકચૂર બનેલા તેને એટલું પણ ખ્યાલમાં નથી રહેતું કે કોઇક ભવની હું આટલી બધી પુણ્ય સામગ્રી મેળવીને આવ્યો છું, માટે તે બધાય પુણ્યને સર્વથા સમાપ્ત કરાવનાર મદસ્થાનોને સેવવા ન જોઇએ. કેમકે–(૧) અનંત ભવોમાં હલકી જાતિઓ મેળવ્યા પછી આ ભવમાં રાધાવેધની સમાન ઉચ્ચ જાતિ મેળવવા ભાગ્યશાળી થયો છું. (૨) તેવી રીતે અનંતાનંત હલકા, ગંદા અને અસભ્ય આચારવાળા ખાનદાનોમાં બેહાલ અવસ્થા ભોગવ્યા પછી જ ઉચ્ચ કુળ મેળવ્યું છે. (૩) અજબ ગજબના દાન પુણ્ય કર્યા પછી જુદી જુદી જાતના લાભો મળ્યા છે. (૪) ઐશ્વર્ય એટલે ધન–ધાન્ય–સુંદર વસ્ત્રો આદિની પ્રાપ્તિ ઓછા પુણ્યવાળાઓને થતી નથી. (૫) કેટલાય જીવોને અભયદાન, રોટીદાન, વસ્ત્રદાન આપ્યાના કારણે સુંદર શરીર અને રૂપસંપતિ મળી છે. (૬) બુદ્ધિબળ મેળવવામાં કેટલાય ભવોની તપશ્ચર્યા કારણભૂત છે. (૭) ઉત્સાહ, વીર્ય, પરાક્રમ આદિ પણ બધાઓને એટલે પુણ્ય વિનાનાઓને મળતા નથી. (૮) ગુરૂઓના ચરણમાં રહીને સંયમ અને તપોધર્મની આરાધનાના ફળરૂપે જ્ઞાનશક્તિ સાંપડે છે.

મને જ્યારે ઉપરની બધી વાતો ઓછાવતા અંશે મળી ગઈ છે તો મારે જાતિમદ, કુળમદ, લાભમદ, ઐશ્વર્યમદ, બળમદ, રૂપમદ, તપોમદ અને શ્રુતમદ કરીને આવનારા અનંત ભવોને શા માટે બગાડવા? આમ વિચારીને તે જાતક પાપ સ્વરૂપ અભિમાનના ત્યાગ માટે જ પ્રયત્નશીલ રહેશે.

(૧૦) मायाविवेगेई वा :–સમજદારીપૂર્વક માયાનો ત્યાગ

કરવો તે ધર્મ છે અને માયાનું સેવન અધર્મ છે-પાપ છે. કેમકે માયાના સેવનથી આત્મપરિણામોમાં શુદ્ધિ આવતી નથી. પરિણામે સૌની સાથે ખાસ કરીને પોતાના જાત ભાઈ, સાધર્મિક ભાઈ આદિની સાથે વિસંવાદ એટલે કષાય-ક્લેશ, વૈર-વિરોધ કરાવીને જીવન બરબાદ કરાવનાર આ પાપ છે. આત્માના અધ્યવસાયોમાં છલ, પ્રપંચ, મૃષાવાદાદિને પેદા કરાવનાર નિકૃતિ અર્થાત્ પોતાના સહવાસમાં રહેનારા માતા, પિતા, ભાઈ, ભાભી, બહેન, જાતિબંધુ, ઉપરાંત વિદ્યાગુરુ, ધર્મગુરુ આદિ સાથે માયા ચરણનું સેવન કરાવનાર આ 'માયા' મહાપાપ છે. જેનાથી બધાય પુણ્ય કર્મોની સમાપ્તિ થાય છે અને આ લોકમાં તથા આવનારા લોકમાં અશુભતમ પાપ કર્મોનું બંધન થાય છે. આવી રીતનું માયાચરણ જે અનુષ્ઠાનોમાં, તપમાં, સ્વાધ્યાયમાં, જાપમાં કે ગમે તેવા પવિત્રમાં પવિત્ર કાર્યોમાં હોય તે તે બધાએ કર્મો તેના નિષ્ફળ જાય છે. આ કારણે જ ત્રિશલા પુત્ર મહાવીરસ્વામીજીએ કહ્યું કે, માયાનો ત્યાગ જ ધર્મ છે.

(૧૧) लोभ विवेगेइ वा :-લોભનો ત્યાગ કરવો તે ધર્મ છે અને પરિગ્રહ સંજ્ઞામાં મસ્તાન બનીને લોભાંધ થયેલો માનવ અધર્મી છે, લોભ અધર્મ છે.

રાક્ષસના સહવાસમાં જેમ કોઈ પણ સુખી બનતો નથી તેમ પુત્રલોભ, દ્રવ્યલોભ, સ્ત્રીલોભ, યશ અને કીર્તિલોભ, વસ્ત્ર પરિધાનલોભ, શરીર શણગારલોભ આદિ ગમે તે પ્રકારના લોભના સહવાસમાં કોઈ પણ આત્મા પવિત્ર અને સુખી બની શકતો નથી. હજારો મણ સાબુથી શરીર પણ પવિત્ર થતું નથી તો પછી લોભના સહવાસમાં આત્મા શી રીતે પવિત્ર બનશે? માટે શરીરની ગમે તેટલી શુદ્ધિમાં આત્માની શુદ્ધિની

કલ્પના ભ્રાંતિ અને અજ્ઞાન છે. પરંતુ આત્માથી શુદ્ધ સદાચારી અને પવિત્ર માનવનું શરીર શુદ્ધ જ હોય છે. આટલું વધારે સમજવું જોઇએ કે શરીરને આત્મા સાથે કંઇ પણ લેણાદેણી નથી કેમકે :–

"વપુ વિનાશી તું અવિનાશી, અબ હૈ ઈનકા વિલાસી;
વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી."

એટલે કે શરીર વિનાશી છે અને આત્મા અજર, અમર, શુદ્ધ અને પવિત્ર છે. પરંતુ મોહમાયાના કારણે શરીરની માયામાં ફસાયેલો છે, અને જ્યારે આ શરીરનો સંબંધ છુટી જશે ત્યારે આ જીવ પોતે શિવ બનશે, આત્મા જ પરમાત્મા અને નર જ નારાયણ બનશે.

કૂતરાને સોનાની થાળીમાં ગમે તેવા મિષ્ટાન્ન ખવડાવવામાં આવે તો પણ તે નાપાકની નજર ઉંદરડાને તાકવા માટે ક્યારેય પણ ભૂલતી નથી. તેવી રીતે લોભાંધ માણસ ચાહે ગમે તેવા પવિત્ર સ્થાનમાં કે ગુરુ ચરણોમાં હોય તો પણ તે ભાગ્યશાળી પોતાના સ્વાર્થ માટે જ રાહ જોતો હોય છે, માટે જ કહેવાયું છે કે :–

"સોનારા થાળમાંહે કૂતાને પરોસ્યો,
વો કોઇ જાણે જમવા નજારામાં;
વો જીમ કોણી જાણે, ખાય કોણી જાણે,
પણ ભસવા લાગ્યો સઘલાને."

તેવી રીતે જેની જીભમાં કડવાસ હોય, બોલવામાં ગરમી હોય, ચાલવામાં વાંકી નજર હોય, સ્નેહી અને હિતેચ્છુઓ સાથે પણ બોલવા બેસવાનો સમય ન હોય, મહાઉપકારી ગુરુઓ

સાથે પણ કડકાઈથી બોલનારો હોય તો નક્કી સમજી લેજો કે આ બધા લક્ષણો લોભી સ્વાર્થી માણસના છે, માટે તિર્થંકર દેવોએ કહ્યું છે કે લોભ પાપ જ છે, જેના મૂળમાં પરિગ્રહ સંજ્ઞા કામ કરી રહી છે.

(૧૨) राग विवेगेई वा:–રાગનો ત્યાગ કરવો તે ધર્મ છે. જ્યારે રાગ–રાગાત્મક જીવન, રાગવતી ભાષા પાપ છે, કારણ કે આત્માનો તે મોટામાં મોટો શત્રુ છે, માટે તેની જુદી જુદી રીતે કરાયેલી વ્યાખ્યાઓ જાણવાથી આપણને ખબર પડશે કે રાગને શા માટે પાપ કહેવાયું છે.

(१) राग: रक्ता (જીવા. ૧૭૩)

શુદ્ધ અને નિર્મલ આત્માને પણ જુદી જુદી લેશ્યાઓનો રંગ લગાડનાર રાગ છે, અન્યથા સામાયિકસ્થ અને સમાધિસ્થ થવાની ભાવનાવાળો સાધક, પોતાની સાધના અવસ્થામાં પોતાની આંખના ડોળા શા માટે ફેરવતો હશે ? બોલવાની ચેષ્ટા કે બીજાને સાંભળવાની કે સંભળાવવાની ચેષ્ટા, હાથ–પગ કે આંખની ચેષ્ટા અને સંકેત, તથા વિના કારણે પણ હાથ–પગને ઉંચાનીચા કરવાના ભાવ શા માટે રાખતો હશે ? સારાંશ કે ૪૮ મિનિટ માટે અતિ ઉચ્ચ અવસ્થાને અરિહંત તથા ગુરુની સાક્ષીએ સ્વીકાર્યા પછી સાધકને બોલવામાં, જોવામાં, સાંભળવામાં, કે બીજી ઔદાયિક પ્રવૃત્તિ કરવામાં રાગ વિના બીજું કયું કારણ છે ? માટે જ પોતાની આંખને, કાનને, જીભને, કે મનજીભાઈને મૌન આપી શકતો નથી. ધર્મધ્યાનના ઊંડામાં ઊંડા તત્વો જાણે છે, ચર્ચે છે, ઉપદેશે છે, પણ પોતે અમલમાં મૂકી શકતો નથી, ચર્ચામાં બીજાને હરાવી શકે છે પણ પોતાના દોષોને મારી શકતો નથી.

(२) रुपादि आक्षेपजनितः प्रीतिविशेषः (આવઃ ૨૭૨)

મનગમતા રૂપ-રસ-ગંધ અને આક્ષેપથી જીવાત્માને પ્રીતિ પ્રેમ-આસક્તિ પુનઃ ચાહના અને તેના સ્વાદની પ્રશંસા આદિની પ્રાદુર્ભૂતિમાં રાગ સિવાય બીજું કંઇ પણ નથી તેથી વધતી કે વધારી દીધેલી રૂપાદિની પ્રીતિ, સાધકને સાધનામાંથી ભ્રષ્ટ કર્યા વિના રહેતી નથી.

(३) रागः रागानुभूति रुपत्वात्, अस्य अब्रह्मणो विंशतितम नाम ( प्रश्न ९९ )

એટલે કે મૈથુન દ્રવ્ય અને ભાવ ભેદથી બે પ્રકારનો છે. દ્રવ્ય મૈથુન ( સંભોગ મૈથુન ) સેવવા માટેની અનુકૂળતા આવે કે ન આવે પણ પાંચે ઇન્દ્રિયોના ભોગવટામાંથી ઉત્પન્ન થયેલો રાગ સ્વયં ભાવમૈથુન છે. પ્રશ્ન વ્યાકરણમાં મૈથુનના જે પર્યાયો છે તેમાં વીસમો પર્યાય રાગ છે. માટે જ પક્ખી સૂત્રમાં "सद्दारूवारसागंधा फासाणं पवियारणे" એટલે કે પાંચે ઇન્દ્રિયોનો ભોગાતિરેક પ્રવિચાર ( મૈથુન ) જ છે.

(४) पित्रादिषु स्नेहरागः ( प्रश्न. १३७ )

આત્માના એકાંત શત્રુ જેવાં રાગનાં કારણે સાધક આત્માને પિતા આદિ પર સ્નેહની અતિરેકતા ઉત્પન્ન થાય છે અને અવસર મળતા આ સ્નેહરાગ અમુક વ્યક્તિ સાથે કામરાગ અને અમુક સાથે દૃષ્ટિરાગ ઉત્પન્ન કરાવીને જ્ઞાનાત્માને પણ જ્ઞાનમાર્ગથી નીચે પાડી દે છે.

'ज्ञातस्य फलं विरतिः' આ જ્ઞાન જ્યાં સુધી આત્મામાં પરિપકવ થતું નથી કે પરિપકવતા લાવવા દેતું નથી તેમાં મૂળ કારણ રાગ છે. જેનાથી બોલતા તો બોલાય છે કે....

“ કોઈ કોઇનો નથી રે કોઈ કોઇનો નથી....” પણ કાજલની ડબીમાં ભરેલા કાજલની જેમ અમુક સાથે સ્નેહરાગ, અમુક સાથે કામરાગ અને અમુક સાથે દૃષ્ટિરાગ ભારોભાર ભરેલો હોય છે, તેવી રીતે “ તારી મારી પ્રીત જેમ ચંદાને ચકોર....” પણ તે જ સમયે ગજવામાં રહેલી તીજોરીની ચાવી પર હાથ હોય તો ? મંદિરના ભંડારમાં પાંચ પૈસાથી વધારે ન પડે તેવો ખ્યાલ હોય તો ? ત્રણે રાગમાંથી એકાદ રાગનો પણ મેમ્બર સામે ( ચૈત્યવંદન સમયે ) જોવાઈ જાય તો ?

( ૧૩ ) दोसविवेगेई वा :–વિવેકપૂર્વક દ્વેષનો ત્યાગ કરવો ધર્મ છે અને દ્વેષ સ્વયં પાપ જ છે જે રાગનો લંગોટિયો મિત્ર છે. માટે આમંત્રણ આપ્યા વિના દ્વેષની હાજરી પ્રકારાંતરે પણ આત્મામાં અવશ્ય હોય છે. હવે આપણે આ પાપને જુદી જુદી રીતે જાણીએ.

(१) द्वेषोऽप्रीति लक्षण: ( આવ. ૮૪૮ )

અહી અપ્રીતિનો અર્થ ‘અનભિલષણીયતા’ છે. જેનાથી અણગમતા શબ્દ–રસ–ગંધ અને સ્પર્શ પ્રત્યે અનભિલષણીયતા એટલે જે શબ્દો સાંભળવાથી, રસાસ્વાદ કરવાથી, ગંધથી, સ્પર્શથી માણસના નાકનો ટેરવો વાતે વાતે ચડી જાય, જીભમાં કડવાસ આવે, આંખોમાં ઘૃણા આવે આ બધા ખેલ તમાશા કે નખરા દ્વેષના સમજવા. અન્યથા પોતાના સ્વાર્થ પૂરતી અમુક વાત સાંભળી કે પોતાની પ્રશંસા પર્યંતની વાત સાંભળી ત્યાં સુધી સાંભળનારની આંખમાં ચમક–પ્રસન્નતા અને રાગ સંપન્નતા પ્રત્યક્ષ દેખાઇ જાય છે અને પછીથી બીજી વાત અથવા પોતાના ગરજ વિનાની વાત સાંભળતા જ તેના નાકનું ટેરવું શા માટે ચડે છે ? સંભળાવનારતો તેનો તે છે ત્યારે સાંભળનારના જીવનમાં

દ્વેષની માત્રા સિવાય બીજી કલ્પના કઈ કરવાની? અમુક રસવતી ( ભોજન ) આરોગતા મનની પ્રસન્નતા ખૂબ રહી અને જ્યાં અણુગમતી દાળ કે શાકનું નામ સાંભળ્યું કે ભાઇ સાહેબને બધોય ટેસ્ટ જય સિયારામ થઇ જાય છે. આમ થવામાં દાળ કે શાક તો બિચારા જડ હોવાનાં કારણે દ્વેષ રહિત છે ત્યારે ખાનાર જ દ્વેષ પૂર્ણ છે તેમ માનવાંમાં તમને કંઈ વાંધો છે?

ઈત્યાદિ કારણોથી જાણી લેજો કે ‘ દ્વેષ પાપ જ છે માટે કહેવાયું છે કે “ ઉગ્રવિહારીને તપ જપ ક્રિયા કરતા, દ્વેષ તે ભવમાંહે ફરીયા....”

( २ ) दोषः मालिन्य कारणम् । ( ઔપ. ૧૬ )

दोषः मालिन्य कारिणी चेष्टा ( જીવા. २७७ )

બંને સૂત્રોનો અર્થ એક જ છે કે સારા નિમિતોમાં રહેવા છતાં અને પવિત્રતમ સ્થાનમાં બેઠેલા હોઇએ ત્યારે પણ નિમિતો મળતા આપણા માનસિક અને આધ્યાત્મિક જીવનમાં જે મલિનતા આવે છે, તેમાં દ્વેષભાવ જ કામ કરી રહ્યો છે.

સામેવાળી વ્યક્તિ જ્યારે આપણી વાત ન માનતી હોય, આપણી સત્તાને પડકારતી હોય, આજ્ઞા વિરુદ્ધ કાર્યો કરવાની ટેવવાળી હોય ત્યારે માનવનું મન દ્વેષ સંજ્ઞાવાળું થઇને લેશ્યાઓમાં બગાડ લાવ્યા વિના રહેતું નથી. પોતાની ગરજની વાત સાંભળવી ગમી ગઇ પણ તેજ માણસ જ્યારે અણગમતા વિષયોની વાત કરે છે ત્યારે આપણું મન કલુષિત થતાં જ લાલ પીળું થાય છે, આમાં પણ દ્વેષ જ છુપાયેલો છે.

( ३ ) अनभिव्यक्त क्रोधमान स्वरूपम प्रीतिमात्रं द्वेषः
( ભગ. ૮૦ )

ચેતન કે અચેતન પદાર્થ પ્રત્યે થતાં દ્વેષના મૂળમાં છુપાઈને ક્રોધ તથા માન પડેલા જ હોય છે, જે કારણે આપણી સામે અણગમતી ( મેટર ) વાત આવે છે ત્યારે આંતર જીવનમાં છુપાયેલા ક્રોધ પોતાના દાવપેચ રમવાની શરૂઆત કરે છે અને અભિમાનનો સથવારો મળતા જાણે અગ્નિમાં ઘી હોમાયું હોય તેવી અવસ્થા જીવાત્માની થતાં આપણા રોમેરોમમાં સામેવાળાનું કાટલું કાઢવા માટે આર્તધ્યાન થાય છે અને બે કાબૂ થયેલું આર્તધ્યાન, રૌદ્રધ્યાનમાં પ્રવેશ કરતા કોઈની કે કોઈના ગુણઠાણાઓની પણ શરમ રાખતું નથી. છટ્ઠું ગુણઠાણું પ્રમત સંયમીનું છે. શુદ્ધ શ્રદ્ધા અને સંવેગપૂર્વક સંયમની આરાધના કરતાં પણ બાહ્ય પૌદ્ગલિક પદાર્થના નિમિત મળે છે ત્યારે હોઠ ફડકયા વિના રહેતા નથી, તે સમયે સાધકની જ્ઞાનમાત્રા પર પડદો આવે છે અને દીક્ષા લેતાં પહેલા માતાપિતા, તથા બહારના પૌદ્ગલિક પદાર્થોને વોસિરાવી દીધા પછી પણ પાતળું કપડું, પાતળી મલમલ અને બીજા પણ સારા પદાર્થો સાધકને દ્વેષમાં તાણીને પવિત્ર સમાધિમાંથી ચલિત કરી શકે છે. આ કારણે જ છટ્ઠે ગુણસ્થાનકે કષાયોની વિદ્યમાનતાને શાસ્ત્રકારોએ નિષેધી નથી.

(૪) अन्यथाऽवस्थिते हिवस्तुन्यन्यथा भाषणं दोषः

( પ્રજ્ઞા. ૨૫૫ )

આત્મ પ્રદેશોમાં જ્યારે દ્વેષપર્યાયનું પરિણમન થાય છે ત્યારે સામેવાળો બહુશ્રુત હોય, તપસ્વી હોય, સંયમમાં સ્થિર

હોય તો પણ દુધમાંથી પોરાની જેમ તેમના અમુક દોષોને, પ્રમાદોને આગળ કરી તેમની નિંદાનો અવસર જવા દેવામાં આવતો નથી તે, આ દ્વેષ નામના પાપનું કારણ છે.

(૫) दूषयति विशुद्धभव्यात्मानं विकृति नयतीति दोष:

(ઉતરા. ૩૭૩)

પવિત્ર આત્માને વૈકારિક અને વૈભાવિક ભાવોમાં તાણીને દુષિત કરે તે દ્વેષ છે.

ઉપર્યુક્ત કારણોને લઇ અરિહંતદેવોનું શાસન કહે છે કે દ્વેષ પાપ છે અને તેનો ત્યાગ ધર્મ છે.

(૧૪) कलह विवेगेइ वा:–મોક્ષાભિલાષિણી પુરુષાર્થ શક્તિ વડે 'કલહ'નો ત્યાગ કરવો ધર્મ છે, જ્યારે કલહ સ્વયં પાપ છે, માટે તેના પરાક્રમો આપણે જાણી લઇએ, કેમકે સામેવાળા શત્રુઓના પરાક્રમ જ્યાં સુધી જાણવામાં ન આવે ત્યાં સુધી તેની સાથેની વ્યૂહ રચનામાં ભૂલ અને માર પણ ખાવા પડે છે. આ પ્રમાણે સાધક માત્ર જે પાપસ્થાનકોનું આલોચન કરે છે અને તેનાથી મુક્તિ ઇચ્છે છે પણ તે પાપસ્થાનકો કેટલી તાકાતવાળા છે તેનો પરિચય જ્યાં સુધી કરવામાં ન આવે ત્યાં સુધી તેનામાંથી મુક્તિ સંભવિત નથી, તેથી આચારાંગ સૂત્રમાં કહેવાયું છે કે સૌ પહેલા પાપોને જાણવા, ત્યાર પછી પાપ સેવનનો અવસર આવે ત્યારે તેની સામે મોરચો માંડીને તેનો પરાજ્ય કરવો એટલે કે તેનો ત્યાગ કરવો જોઇએ, ત્યારે જ સાધકને સાધનામાં સફળતા મળતા વાર લાગતી નથી. કલહ પાપની ભયંકરતા શાસ્ત્રકારો નીચે પ્રમાણે બતાવી રહ્યાં છે.

(१) कल्हः वचनशटिः ( ભગ. ૧૯૮ )

कलहः शटिः ( પ્રજ્ઞા. ૪૩૮, જીવા. ૧૩૮ )

ત્રણે આગમોથી કલહ શબ્દનો અર્થ સ્પષ્ટ થાય છે કે– રાડ પાડીને બોલવું, ઉતાવળમાં આવીને બોલવું, ઇર્ષ્યાયુક્ત થઇને બોલવામાં ગરમી લાવવી જેનાથી ઠંડુ માથું પણ ગરમ થઈ જાય, ઈત્યાદિમાં કલહ નામનું પાપ જ કામ કરી રહ્યું છે.

અનાદિકાળથી અનંત જીવો સાથે સામાન્ય કે વિશેષરૂપે, પ્રગટ કે અપ્રગટરૂપે પણ દ્વેષના નિયાણા બાંધેલા હોવાથી સામેવાળાની સાથે વાતો કરવાનો અવસર આવે કે તેની વાત ગમે ત્યાં ચર્ચાય ત્યારે આપણે શબ્દોથી તડને ફડ કર્યા વિના રહેતા નથી. ઘણા માણસો પોતાના મોઢે જ કહેતા ફરે છે કે "હું તો તડને ફડ કરનારો છું, કોઇની પણ શરમ રાખનારો નથી" આ સ્થિતિમાં જૈન શાસન હિતબુદ્ધિથી કહે છે કે– "ભાઈ! આ સંસાર તારો નથી, તેનું સંચાલન કરવા તું અવતર્યો નથી, તેમજ સંસારના જીવોનું અધિપતિત્વ તારા હાથમાં નથી, માટે તડ કે ફડ કરવાનું છોડીને તું સમાધિસ્થ બન, કેમકે સંસારના જીવો પોતાના કર્મોને આધીન થઇને પોતપોતાનું નાટક રમી રહ્યાં છે તેમાં તું વિષ ઘોળીશમા, આગ લગાડીશમા અને તડ કે ફડ કરીશમા. અને માની લઇએ કે તારા અજ્ઞાન અને મોહ દોષથી વ્યાપ્ત બનીને તું તડ ને ફડ કરશે તોયે સંસારનું કંઈ પણ બગડવાનું નથી. આજ સુધી ઘણાએ તડફડ કરી પણ અંતે તો રાખમાં મળીને નામ નિશાન વિનાના થઈ ગયા છે માટે તું તેવો થઈશમા."

(२) वाचिको विग्रहः ( ઉતરા. ૩૪૭ )

જીવોની સાથે શબ્દોનો ઝઘડો કરાવનાર કલહ પાપ છે.

કર્મવશ બનીને ગમે તેની સાથે કર્કશ શબ્દો બોલીને લેવાદેવા વગરનું શાબ્દિકયુદ્ધ રમવાની આદત આ જીવાત્માને પડેલી છે. દેવ દુર્લભ માનવનો અવતાર મેળવીને આત્મામાં પડેલી તે ખોટી આદતોને સુધારવા માટે જ સૌથી પ્રથમ પ્રયત્ન કરવો જોઈતો હતો, પણ અહંકાર સંજ્ઞાના પાપે ક્રોધ આવ્યા વિના રહેતો નથી અને ન પહોંચાય ત્યાં શાબ્દિક ઝઘડાઓના વ્યૂહમાં ગોઠવાઈ માણસ આર્તધ્યાનનો માલિક બને છે તથા અંતે પોતાનું અધઃપતન પોતાના હાથે જ નોતરી લે છે.

આ અવસર્પિણી કાળના છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર-સ્વામીની વાણી ઉત્તરાધ્યયન સૂત્રમાં સંગ્રહાયેલી છે. તે સૂત્ર કહે છે કે ‘ શબ્દ કલહ, જીભા જોડી, દંતક્લેશ મહા પાપ છે, માટે તેનો પ્રયત્ન પૂર્વક ત્યાગ કરજો, કારણકે ‘ वचनविग्रहो लक्ष्मीनाशकः ” શબ્દોના ઝઘડા, દાંતોનો ક્લેશ, લક્ષ્મીનો નાશ કરનારો છે, જેનાથી ચક્રવર્તિઓના માટલાનું પાણી પણ સુકાઈ જાય છે તો પછી ઓછા પુણ્યવાલા તમારા અમારા માટે શું કહેવાનું હોય !

( ३ ) इह प्रेम हासादि प्रभवं युद्धं कलहः ( ભગ. ૫૭૩ )

પ્રેમ અને હાસ્ય–મશ્કરી કુતૂહલ, આદિથી ઉત્પન્ન થયેલો કલહ પણ જીવનમાં યુદ્ધનું કારણ બને છે. માણસનું જીવન સ્વાર્થાંધ હોવાથી પોતાના પ્રેમપાત્ર વ્યક્તિ પાસેથી જ્યારે અમુક સ્વાર્થ નથી સધાતો ત્યારે પ્રેમમાંથી કલહ ઉત્પન્ન થયા વિના રહેતો નથી, જે પોતાનાં વ્યક્તિત્વને ખારો ઝેર બનાવી દે છે. હાસ્ય–મશ્કરી આદિથી ઉત્પન્ન થતાં કલહો આપણી નજરે જ જોઇ રહ્યાં છીએ, વૃદ્ધો પણ કહે છે કે ‘ રોગનું મૂળ ખાંસી અને ક્લેશનું મૂળ હાંસી ”

( ૪ ) महता शब्देनान्योन्य समञ्जस भाषणं कलहः
( ભગ: ૫૭૨ )

પોતાના વ્યક્તિગત દ્વેષ-સ્વાર્થ કે અભિનિવેશ (કદાગ્રહ)ને વશ થઈ, સમાજમાં, ટોળામાં, મંડળમાં, સંઘની મિટિંગમાં કે બીજી કોઈ સંસ્થાની બેઠકમાં, આપસી વેરઝેરને ઓકવા માટે મોટે મોટેથી બરાડા પાડવા, તોફાનો કરવા, સમાજ કે શાસનના સારા અને પવિત્ર કાર્યોના ઠરાવો પાસ ન થવા દેવા. અસમંજસ કે અસભ્યભાષા વ્યવહાર કરવો અને આખી મિટિંગને બગાડી દેવી તેમાં કલહ કરવાની પોતાની ભવભવાંતરની પાપવાસના જ મુખ્ય કામ કરી રહી હોય છે. જે પાપ છે મહાપાપ છે.

દ્રવ્યપાપો કરતાં ભાવપાપો એટલા માટે મહાભયંકર છે કે તે આખાએ સમાજમાં ફેલાઈ જતાં હજારો નિર્દોષ માનવોની જીભ અને કાન પાપથી ખરડાઈ જાય છે, માટે કહેવાયું છે કે ' પાપ કરવાવાળા કરતાં પાપને પ્રકાશિત કરનારા અને તેમાં સહાયભૂત થનારા ક્રોધ, માન, માયા, લોભ, આદિ તેર પાપોના માલિકો વધારે પાપી બને છે. કેમકે હિંસા, જૂઠ, ચોરી, મૈથુન કે પરિગ્રહના પાપ સેવકોને, પોતાનાં પાપનો ખ્યાલ આવતા જ તેનો પ્રતિકાર ( આલોચના ) માટે ગુરુ સમક્ષ તપ આદિનો દંડ લઈને છુટકારો મેળવી શકે છે. પરંતુ ક્રોધીને ક્રોધનો, અહંકારીને પોતાના મદનો, માયાવીને માયાનો, લોભાંધને લોભનો ખ્યાલ આવવો બહુ જ મુશ્કેલ હોય છે. પરસ્ત્રીના રાગીને ' હું આ બહુ જ ખરાબ કામ કરી રહ્યો છું ' આવો ખ્યાલ આવ્યો હોય કે દ્વેષી માણસને પોતાના હૈયામાં ભડકે બળતા દ્વેષનો ખ્યાલ આવતો હોય તેનું

અનુમાન લગાડવું એ પણ જોખમ છે. માટે શાસ્ત્રકારો કહે છે 'ભાવ પાપોનો પ્રતિકાર લગભગ અશકય છે, કારણકે અમુક સમય પૂરતા તે પાપો ભલે સૂનેલા સર્પની જેમ શાંત દેખાય તો પણ નિમિત મળતા તો પોતાની ફણા ચડાવ્યા વિના રહેતા નથી.

(૧૫) अब्भक्खाण विवेगेई वा:-અભ્યાખ્યાનનો ત્યાગ કરવો ધર્મ છે અને અભ્યાખ્યાનનું સેવન કરવું તે સ્વયં પાપ છે, આનો અર્થ શાસ્ત્રમાં આ પ્રમાણે છે.

(१) अभ्याख्यानमसदभि योग: (આચા. ૪૪)

(२) असदोषारोपणम् (ઠાણા. ૨૬)

વ્યક્તિ વિશેષમાં જે વસ્તુ અસદ્ હોય તેને દ્વેષ તથા સ્વાર્થમાં આવીને તેનું આરોપણ તે વ્યક્તિમાં કરવું તે અભ્યાખ્યાન છે. વ્યાવહારિક ભાષામાં જે કલંક નામે કહેવાય છે.

ગુણસંપન્ન માનવમાં અવિદ્યમાન દોષોનું આરોપણ કરવું તે અભ્યાખ્યાન પાપના કારણે થાય છે.

(૧૬) पिशुन विवेगेई वा:-પિશુન કર્મ એટલે પૈશુન્યનો ત્યાગ કરવો ધર્મ છે. પોતાની જાતને પંડિત, મહાપંડિત, તપસ્વી, ત્યાગી માનનારાઓના ખ્યાલમાં પણ ન આવે તેવું આ પાપ છે. જેના કારણે સાધક જીવનમાં ગુપ્ત રીતે પણ કેટલીય ખરાબીઓ સર્જાય છે તે આપણે શાસ્ત્રીય પદ્ધતિએ જાણીએ.

(१) पिशुनं परदोषा विष्ककरणरूपम् (પ્રશ્ન. ૩૬)

કેટલાક જીવોની ખાસ (સ્પેશીયલ) આદત જ હોય છે,

જેનાથી જ્યારે ને ત્યારે બીજાઓને માટે ખરાબ બોલ્યા વિના રહેતા નથી. તેવી રીતે પોતાનાં જીવનમાં સારા તત્ત્વો ન હોવા છતાંય બીજાની આગળ પોતાની મહત્તા ગાતા પહેલા બીજાને હલકો બતાવ્યા વિના છુટકો નથી, જે સાધક જીવનમાં દોષ છે.

(२) पिशुनः पृष्टि मांसखादकः (દશ. ૨૫૧)

જેના માટે બોલવું છે તેની ગેરહાજરી (તેની પાછળ)માં તેના છતા અછતા દુર્ગુણોની રામાયણ ઉચ્ચારવી તે કનિષ્ઠ પાપ છે, અક્ષમ્ય અપરાધ છે. તથા વૈયક્તિક કે સામાજિક જીવનને બગાડવાનું મહાપાપ છે. વાઘ-વરૂ માણસની સામે આવીને તેનો શિકાર કરે છે અને માંસ ખાય છે તે હજી નિંદનીય બનતો નથી, પણ કોઇની પીઠ પાછળ વાંકું બોલવું તે હિંસક જનાવર કરતાં પણ ખતરનાક કર્મ છે. કેમકે હિંસક જનાવરોથી માનવ સમાજને જે હાનિ થઇ હશે તેના કરતાં પિશુન કર્મના દલાલોથી, ચાડીયાઓથી માનવ જાતને, દેશને કે ધાર્મિક સંપ્રદાયોને ન પૂરાય તેવી હાનિ થઈ છે. માટે જ મહાવીરસ્વામીએ કહ્યું કે હે સાધક! તારા ધર્મકાર્યો યદિ સુરક્ષિત રાખવા હોય તો પૈશુન્ય કર્મને સર્વથા છોડી દેજે. કદાચ તને બોલતા ન આવડે તો મૌન ધારજે અથવા રજાઇ ઓઢીને સૂઈ જજે, એમાં કલ્યાણ છે. પુણ્યોદયે મળેલી જીભને પારકાની ચાડીમાં, નિંદામાં કે અવહેલનામાં ઉપયુક્ત કરવા કરતાં મૌનધર્મ સર્વશ્રેષ્ઠ ધર્મ છે.

(३) पिशुनः छेदभेद कर्ता (દશ. ૨૫૪)

માનવ સમાજને એકીકરણમાં નહી રહેવા દેવામાં આ પિશુન કર્મનો મોટામાં મોટો ભાગ છે,-કેમ કે બીજાઓમાં

ભાગલા પડાવવા, બીજાઓની પાર્ટીઓ, સંઘો, મંડળો અને સંઘસત્તાને પણ તોડાવવામાં, ફોડાવવામાં અને એકબીજાની વચ્ચે આંખો લડાવવાના કામમાં ક્યાંય પ્રચ્છન્ન રૂપે ક્યાંય પ્રગટરૂપે આ પૈશુન્ય કર્મની જ બોલબાલા છે.

(૪) पिशुनः खलाः (પ્રશ્ન ૪૧)

પારકાનું લોહી પીવામાં 'મચ્છર'ની હુશીઆરી તમે જાણો છો? તે સીધે સીધો માણસને કરડતો નથી, પણ સૌથી પહેલા માણસના કાન પાસે આવીને મધુર ગૂંજન કરે છે અને પછી ડંખ મારી લોહી પીવે છે. તેવી રીતે પિશુન (ચાડી ખાનાર) ને પણ ખલ કહેવાય છે, જે મિઠાબોલો, ખુશામત કરનારો, બીજાને છેતરનારો અને એક બીજાની વાત એક બીજાના કાનમાં એવી રીતે નાખે છે જેનાથી સાંભળનાર ભદ્રિક માણસને કંઇ ખબર પડી શકતી નથી. આજ કારણે ભારતવર્ષમાં ક્યાંય એકીકરણ નથી. સમાનાધિકરણ નથી.

સત્ યુગમાં કેવળ એક જ 'નારદ' જન્મતા હતાં પણ કલિયુગમાં સૌ શ્રીમંતોનો, ટ્રસ્ટીઓનો, જાતના અગ્રણીઓનો, રાજનૈતિકોનો, મહિલા મંડળોનો અને નાની મોટી સંસ્થાઓ ઉપરાંત ધર્મદેવોનો પણ નારદ જૂદો જૂદો હોવાથી કોઇને કોઇનાથી મેળ નથી, સહકાર નથી. વિશ્વાસ નથી, પ્રેમ નથી. આ કારણે જ સંત શિરોમણિ તુલસીદાસજીને પણ કહેવું પડ્યું છે કે....

'सतजुगमें सातो वार थे, कलजुगमें रहे चार।
तुलसी ये तीनो न रहे, रवि–मगल बुधवार ॥'

રવિવારને ઇતવાર પણ કહેવાય છે અને 'व' તથા 'ब' માં ફરક ન હોવાથી ઇતબાર પણ કહેવાય અને ઇતબારનો

અર્થ વિશ્વાસ પણ થાય છે, જેમકે....' आपको मेरे पर इतबार नही रहा '....આજના સ્વાર્થી જમાનામાં ઇતબાર ( વિશ્વાસ ) શબ્દ કેવળ શબ્દકોષમાં જ સચવાઈ રહ્યો છે. વિશ્વાસ નથી માટે કોઇના માટે મંગળ ભાવના કેવળ ઔપચારિક રહેવા પામી છે. અને સદ્‌બુદ્ધિ ( બુધવાર ) ન હોવાથી મંગળ પણ ક્યાંથી રહે ? આ બધા પ્રસંગોમાં પિશુન, ખલ, નારદ ભગવંતોની મહેરબાની પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ દેખાઇ રહી છે, તમને નથી દેખાતી ? ક્યાંથી દેખાય ? કેમ કે પાપકર્મોની સૂક્ષ્મતાને જાણવા માટે તમે ક્યારેય પ્રયત્ન કર્યો નથી, પરિણામે પાપ સંખ્યાની ગાથા બોલ્યા પણ તેમને વોસિરાવી શકયા નહી.

( ૫ ) पिशुनः सूचकः ( ઉતરા. ૫૪૯ )

સૂચક એટલે ચાડીયો ( કર્ણેજવ ) બીજાના કાનમાં ફૂંક શી રીતે મારવી તેમાં તે પૂરેપૂરા સાવધાન હોય છે; રોટલા બે કલાક પછી ખાશે તો પણ તેમને વાંધો નથી પરંતુ પારકી ભાંજગડમાં અતિનિપુણ બનેલા અથવા પૂર્વભવથી આ પાપનો ભારો માથા પર લઇને અવતરેલા જ્યાં સુધી પોતાના પેટનો ઉભરો બીજાની આગળ ઠાલવે નહીં ત્યાં સુધી તેમને કોઈ કાળે ચેન પડતું નથી. યદ્યપિ ચાડીઆઓના હાથમાં કશુંએ આવતું નથી તોયે કોઇની વાત તેઓ પેટમાં સંઘરી શકતા નથી.

( ૧૭ ) परपरिवाय विवेगेई वाः પરપરિવાદનો ત્યાગ ધર્મ છે–ધાર્મિકતા છે જ્યારે પરપરિવાદ સ્વયં પાપ છે. પાપ સ્વાર્થ, મોહ, ક્રોધ, ઇર્ષ્યા કે લોભ આદિને વશ થઇ પારકા માટે કંઈક અવળું બોલવું તેને પરપરિવાદ કહેવાય છે. વ્યંગ, મશ્કરી, કુતૂહલવશ પણ આ પાપ જીવનમાં આવે છે, વધે છે

અને એક દિવસે સારા સાધકોનું પણ અધઃપતન કરાવવા માટે સમર્થ બને છે.

આ પાપ કેટલું ભયંકર છે તેને શાસ્ત્રની સાક્ષીથી જાણી લઈએ :

(१) विप्रकीर्णं परेषां गुणदोष वचनम् । ( ભગ. ૮૦ )

રાજીમતિની એક સખીએ બીજી સખીને કહ્યું : 'તને શું ખબર પડી? સાંભળ ત્યારે વરરાજા નેમિનાથમાં યદ્યપિ બધાય ગુણો છે. પણ....પણ વરરાજા પોતે કાળીયારામ છે.' બસ ! આનું નામ જ પરપરિવાદ છે. જેના કારણે પ્રારંભમાં સામેવાળાની સારી વાતો કરી અને અંતમાં 'પણ કે પરંતુ' શબ્દ લગાડીને ગોળને ગોબર કરી નાખવાની આદત પર-પરિવાદકોમાં રહેલી હોવાથી તે બિચારાઓને ખબર પણ પડતી નથી કે મારા બોલવાથી કુટુંબમાં, સમાજમાં કે સંઘમાં વિવાહની વરસી થઈ રહી હોય છે.

(२) परपरिवादः प्रभूतजन समक्षं परदोष विकत्थनम् ।

( પ્રજ્ઞા. ૪૩૮ )

પાણીની ડોલમાં તેલનું એક બૂંદ પણ સમગ્ર પાણીને તેલીયું કરી નાખે છે. તેમ આ પ્રસ્તુત પરપરિવાદ નામનો દોષ વ્યક્તિ માત્રને વિક્ષુબ્ધ કરવાને માટે સમર્થ હોય છે. જેના કારણે છેવટે પોતાની માવડીને માટે પણ બે ખરાબ શબ્દો બોલ્યા વિના તેમની જીભની ખણજ મટતી નથી. રામલાલે છગનલાલને કહ્યું કે અલ્યા! તારી મા બહુ જ ધાર્મિક છે, સામાયિક-સામાયિક અને સામાયિક કરતી જ રહે છે. ત્યારે છગનભાઈ કહે છેઃ હા, તારી વાત તો સાચી! મારી મા જેવી મા કોઈને પણ મળવાની નથી. આ રીતે બીજાની સામે માવડીના બધાય

ગુણો ગાયા પછી કહેશે કે મારી માવડીમાં બધુંય સારૂં છે, પણ ઘરમાં કંકાસની આદત તેની મટતી નથી.... આ પ્રમાણે પરપરિવાદના દોષે દૂધપાકમાં ખટાશ નાખવા જેવું કરી નાખશે માટે આ પાપ છે.

(૧૮) रइ–अरइ विवेगेई वा–રતિ–અરતિના ત્યાગને ધર્મ કહ્યો છે, જ્યારે રતિ અને અરતિ સ્વયં પાપ જ છે કેમ કે તેના માલિકની લેશ્યાઓને સ્થિર ન રાખવામાં આ દોષ મુખ્ય ભાગ ભજવી રહ્યો છે. માટે કહેવાયું છે કે....

रतिः विषयेषु मोहनीयोदयात् चित्ताभिरतिः ( ભગ. ૮૦ )

સ્ટેજ પર જૂદા જૂદા રૂપ, વેષ અને ભાષા આદિને ધારણ કરતા નટની જેમ મોહનીય કર્મનાં ઉદયમાં માનવનું મન એકેય પદાર્થ પર સ્થિર રહેતું નથી, માટે જ પાંચ મિનિટ પહેલા જે પદાર્થ ગમતે હતો તે બીજી ક્ષણે ગમતો નથી. આજે આની સાથે આનન્દથી રહ્યાં, હસ્યા, બોલ્યા અને ખાધા પીધા પણ બીજા દિવસે તેજ વ્યક્તિ સાથે લડ્યાં, ઝગડ્યાં. આજે ખાવામાં 'અડદ'ની દાળ ગમી અને બીજા દિવસે તે દાળ માટે જીભાજોડી કરી ઘરમાં ક્લેશ ઉભો કર્યો, ઇત્યાદિ પ્રસંગોમાં કઠપૂતળીની જેમ આપણને, આપણી બુદ્ધિને ભમાવનાર, નચાવનાર મોહકર્મ સિવાય બીજું એકેય તત્ત્વ નથી. આ કર્મથી ઉત્પન્ન થયેલી રતિ–અરતિ નામની જોગમાયાના પાપે સાધકની લેશ્યાઓ કેવી રીતે સ્થિર રહેવા પામશે? અને તે વિના સાધકના કેવા હાલ અને તમાશા થશે? તે મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.ના જ્ઞાનસારનું સ્થૈર્યાષ્ટકને ભણ્યા અને મનન કર્યા પછી જ કંઇક જ્ઞાન સંજ્ઞાની પ્રાપ્તિ સુલભ બને છે.

(૧૯) मायामोस विवेगेई वा–માયા મૃષાવાદ, અઢાર પાપસ્થાનકોમાં સત્તરમું પાપ છે, જેમાં માયા પાપ અને મૃષાવાદ પાપ, આ બંને પાપોનું મિશ્રણ હોવાથી ભલભલા સાધકોને માટે પણ માયા મૃષાવાદનો ત્યાગ અત્યંત કષ્ટસાધ્ય બને છે. કેમકે :–

( १ ) माया, मृषा वेषांतर करणतो लोक वि प्रतारणम्
(જ્ઞાતા. ૭૫)

( २ ) वेषान्तर भाषान्तर करणेन यत्परवञ्चनं
तत् माया मृषा (ભગ ૮૦)

બીજાઓને ઠગવાને માટે વેષ પલટો, ભાષા પલટો કે પક્ષ પલટો કરાવવામાં હુશિયાર બનાવનાર આ પાપ છે. પૂર્વ-ભવના વૈરનાં કારણે નાગરાજ અવસર આવ્યે પોતાના શિકારને ડંખ માર્યા વિના રહેતો નથી, તેવી રીતે માયા મૃષાવાદના ખેલાડીઓ પણ પોતાના શિકારને કઇ રીતે સ્વાધીન કરવો તેના દાવપેચમાં રચ્યાપચ્યા જ હોય છે. રાવણરાજાનું પાપ ભરેલું મન જ્યારે સીતાજીને કબજે કરવામાં ચક્કર મારી રહ્યું હતું ત્યારે ભાષા અને વેષમાં પરિવર્તન કરી દંડકારણ્યમાં સાધુ મહારાજના વેષે એકાકિની સીતાજી પાસે આવે છે તે આ પ્રમાણે :–

डिम् डिम् डिम् डिम् डिडिम् डिम्
डिमिति डमरुं वाद्यन् सूक्ष्मनादं!
वम् वम् वम् वम् ववम् वम् प्रबलगलबल तालमालम्ब्य तुभ्यम् !
कपूंरा क्लुप्त भस्माञ्चित सकलतनूसद्रमुद्रासमुद्रो ।
मायायोगी दशास्यो रघुरमणपुरप्राङ्गणे प्रादुरासीत् ॥

અને માયામૃષાવાદનો પરમ ભક્ત બનેલો રાવણ સીતાજીને ઉપાડી ગયો. પરિણામે સંસારમાં રામાયણની રચના થઈ અને હજારો–લાખો તથા કરોડો માનવો માર્યા ગયા જેમની વિધવા બનેલી સ્ત્રીઓ અને પુત્ર વિહોણી માવડીઓના ગરમાગરમ અશ્રુબિંદુઓ ભારતની ભૂમિનાં નસીબમાં રહ્યાં.

(૩) माया मृषावाद (ઔપ. ૭૯)

માયા–કપટ–છલ–ધૂર્તતા–પરવંચના–દાંભિક્તા અને શરારત પૂર્વક જૂઠ બોલવું તેને માયા મૃષાવાદ કહેવાય છે. આવા ભાગ્યશાલિઓના ટાંટીયા નરક તરફ હોય છે અને જીભ ઉપર મોક્ષની વાતો હોય છે. માટે કહેવાયું છે કે "મારે કહેવું છે કંઈ, મારે કરવું છે કંઇ, એમ કરી ભવજલ તરવો છે ભાઇ!"

(૨૦) मिच्छादंसण विवेगेई वा :–મિથ્યાદર્શન, મિથ્યાત્વ, મિથ્યાદષ્ટિનો ત્યાગ કરવો ધર્મ છે, કેમકે ભયંકર અંધકારમાં માણસ જેમ અથડાય છે તેમ આત્મા પણ મિથ્યાત્વના ગાઢ અંધકારમાં ગોથા ખાતો અથડાઇ રહ્યો છે. જેની વિગતો બીજા ભાગમાં જોઈ લેવી.

ધર્માસ્તિકાયના પર્યાયોના વર્ણનમાં આવેલા અઢારે પાપ સ્થાનકોને વિસ્તારથી જોયા પછી હવે આગળ ચાલીએ.

(૨૧) इरियासमिईइवा :–ઈર્યાસમિતિ ધર્મ છે. સમ્યક્ પ્રકારે એટલે કોઈપણ જીવની વિરાધના કર્યા વિના ગમન–આગમન કરવું તે ઈર્યાસમિતિ છે. પહેલા પ્રાણાતિપાત કહેવાઈ ગયું છે જે ઘણા જીવોની તથા તેમના પ્રાણોની હત્યા કરાવનાર હોઇને પ્રત્યેક જીવને હત્યાના પાપમાંથી બચવાની ભાવના રાખે છે, પરંતુ ગતભવોના કરેલા પાપોના તથા અન્યાન્ય જીવો સાથે કરેલા–કરાયેલા અને અનુમોદેલા

વૈરવિરોધના કારણે જે સંસ્કારો પડ્યા હોય છે તેનાં કારણે ચાલવામાં, ખાવામાં, પીવામાં, સૂવા-ઉઠવા-બેસવામાં ખ્યાલ રાખી શકાતો ન હોવાના કારણે જીવહત્યા કરવાની ભાવના ન હોવા છતાં પણ તેનાથી જીવહત્યા થઈ જવાની શક્યતા નકારી શકાતી નથી. તે માટે અરિહંતદેવોના શાસને જીવ માત્રને પાપમાંથી બચાવવાને માટે ઈર્યાસમિતિની યોજના કરી છે. 'ઈર્યા' એટલે ગમન જેને કર્યા વિના જીવ માત્રને ચાલી શકે તેમ નથી, માટે 'સમિતિ' અર્થાત્ ચાલવું પડે, બેસવું પડે, સૂવું પડે કે ખાવું-પીવું પડે તે બધી આવશ્યક ક્રિયાઓને ઉપયોગપૂર્વક કરે. મારા ચાલવાથી પણ કોઈ જીવની હત્યા ન થાય તે પ્રમાણે આંખોનો ઉપયોગ કરીને પછીથી પગ મૂકે તો જીવવિરાધનાથી બચી શકાય છે. માટે ઈર્યાસમિતિ ધર્મ છે.

ધર્મની આવશ્યકતા મુનિ તથા ગૃહસ્થને એકસમાન રહી છે, માટે જેમાં એક પૈસાની પણ આવશ્યકતા પડતી નથી, પરસેવો પાડવો પડતો નથી, તેવો ઈર્યાસમિતિ એટલે ઉપયોગ-પૂર્વક ચાલવું આદિ ધર્મ શા માટે ન આચરવો? જેમાં ચર્ચાની આવશ્યકતા નથી. વિતંડાવાદની કે તર્કવાદની પણ જરૂરત નથી, કેમકે સૌથી નિરાળો અને પવિત્રમાં પવિત્ર આ ધર્મ છે. સાધુ મુનિરાજો તો દિવસ કે રાતમાં ઈર્યાસમિતિ-પૂર્વક જ ચાલે છે અને વિવેક સમ્પન્ન, અહિંસાપ્રેમી ગૃહસ્થો પણ ઉપયોગપૂર્વક ચાલવાનો પ્રયત્ન કરે છે. યદ્યપિ ગૃહસ્થને ગૃહસ્થાશ્રમ ચલાવવા માટે આરંભ અને પરિગ્રહ કરવા પડશે તો પણ નિરર્થક જીવહત્યા ન થવા પામે અથવા ઉપયોગપૂર્વક ચાલતા યદિ અમુક જીવો બચી જતા હોય તો ગૃહસ્થને પણ ઈર્યાસમિતિપૂર્વક ચાલવામાં હાનિ નથી પણ ફાયદો જ છે.

(૨૨) भाषासमिई इवा–ઋણાનુબંધના કારણે બોલવું પડે છે, માટે ભાષાનો ઉપયોગ નિર્દોષ રીતે કરવા માટે ભાષા-સમિતિ ધર્મ છે. આ ધર્મની આરાધનાથી જૂઠ બોલવાની, વધારે બોલવાની, હાસ્ય–મશ્કરી કરવાની તથા ક્રોધ કષાય કરવાની આદતો ઉપર મર્યાદા આવશે તેથી સાધુ કે ગૃહસ્થ બન્ને માટે ઉપાદેય ધર્મ ભાષા સમિતિનો છે.

( ૨૩ ) एसणा समिई इवा–ભોજન પાનમાં જ્યાં સુધી બને ત્યાં સુધી નિર્દોષતા આવે તે માટે એષણા સમિતિ છે. જે ધર્મ છે અને ધાર્મિકતા ઉત્પન્ન કરવા માટે ઉપાદેય ટ્રેનિંગ છે.

( ૨૪ ) आयाण भडमत निक्खेवण समिई इवा–સોયથી લઈને વસ્ત્ર, પાત્ર, વાસણ કે કોઈ પણ પદાર્થને એક સ્થાનથી લઈ બીજે મૂકવામાં સમ્યક્ પ્રકારે એટલે નાનામાં નાના જીવનો પણ હનન, મારણ, આક્રમણ, તાડન ન થવા પામે તે માટે આ ધર્મ છે.

( ૨૫ ) उच्चार पासवणखेल्ल सिंघाण परिट्ठावणा समिई इवा–એટલે શરીરમાંથી બહાર આવતા મળ, મૂત્ર, કફ, નાકનો મેલ, ફેંકવાનું પાણી, લોહી, પરૂ કે કાચ, લોખંડ આદિ પદાર્થોને તેવી રીતે ફેંકવા ( પરઠવા ) જેથી તે પદાર્થો ફેંકતાં પણ જીવજંતુ મરવા ન પામે.

ઉપર પ્રમાણેની પાંચ સમિતિઓની આરાધના કરવી તે ધર્મ છે, ધર્મને ઉત્પન્ન કરાવનારી છે, માટે સૌ કોઇને ગ્રાહ્ય છે.

( ૨૬ ) मणगुती इवा–મનને વાંદરાની ઉપમા હોવાથી યદિ તમારૂં મન અનિગૃહીત હશે તો દેખતાં દેખતાં તમને સાતમી નરક સુધી પણ લઈ જશે. માટે તેને કંટ્રોલ કરવો

શ્રેયસ્કર છે. યદ્યપિ સંસારભરના બધાય કાર્યો કરતાં મનને સંયમિત કરવાનું કામ અતિ કઠણ છે, તો પણ તે માટે ધીમે ધીમે અભ્યાસ કરતા રહીયે તો એક દિવસે આત્માની જીત થશે અને મનજીભાઇને પોતાના બધાય શસ્ત્રો નીચે મૂક્યા વિના ચાલવાનું નથી.

મનને ગમન કરવા માટે બે માર્ગ છે. એક છે પાપનો માર્ગ અને બીજો પુણ્યનો માર્ગ છે. આ બંને માર્ગોમાંથી તમારે નિર્ણય કરવાનો રહેશે કે મારે મારા મનને કયા રસ્તે લઇ જવું. જીવનના પ્રારંભમાં જ યદિ નિર્ણય કરવામાં ભૂલ કરી લીધી તો પછીથી મન તમારા હાથમાં આવવા માટે એટલા બધા તોફાનો કરશે કે તમે ક્યાંયના પણ રહેશો નહિ. માટે ટૂંકી આ માનવ જીન્દગીમાં પણ નિરર્થક પાપોમાંથી બચીએ તે માટે સદાચાર માર્ગ, સન્માર્ગ તથા પુણ્યના માર્ગે જ પ્રયાણ કરવું કલ્યાણકારી છે. અન્યથા મનજીભાઇને માટે પાપમાર્ગ ઉઘાડો જ છે.

( ૨૭ ) वयगुत्ती इवा–પાંચે ઇન્દ્રિયોમાં જીભ ઇન્દ્રિય વધારે ખતરનાક હોવાથી તેના પર સખત કંટ્રોલ કરવો તે વચનગુપ્તિ ધર્મ છે.

( ૨૮ ) कायगुत्ती इवा–અને શરીરને, જે બધાય પાપેનું મૂળ સ્થાન છે, આધેય છે તેને જેમ બને તેમ સર્વથા ગુપ્ત રાખવું તે કાયગુપ્તિ ધર્મ છે. આ પ્રમાણે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ મળીને આઠને પ્રવચન માતા તરીકે કહી છે, જે યથાર્થ છે. માતાના અભાવમાં જેમ પુત્રની પ્રાપ્તિ નથી તેમ અષ્ટ પ્રવચન માતાની આરાધના અને પાલના કર્યા વિના ચારિત્ર ધર્મની પ્રાપ્તિ નથી.

'धारणाद्धर्म उच्यते' આ વ્યુત્પત્તિને ચરિત્રાર્થ કરતો ધર્મ અષ્ટ પ્રવચન માતાની આરાધના સિવાય બીજો એકેય નથી.

## અધર્માસ્તિકાયના પર્યાયવાચક શબ્દો કેટલા છે?

જવાબમાં ભગવંતે કહ્યું કે 'અનેક શબ્દો છે.' તે આ પ્રમાણે : અધર્મ–અધર્માસ્તિકાય, પ્રાણાતિપાતાદિ યાવત્ મિથ્યાત્વશલ્ય, અષ્ટ પ્રવચન માતાનો અભાવ આદિ અધર્માસ્તિકાયના વાચક છે. ઉપરના સૂત્રમાં પ્રાણાતિપાદિનો વિરમણ ધર્મ બતાવવામાં આવ્યો છે, જ્યારે આ સૂત્રમાં અઢારે પાપોનો ત્યાગ ન કરવો તે અધર્મ છે. અષ્ટ પ્રવચન માતાનું પાલન જ ધર્મ છે, જ્યારે તેનું વિરાધન એકાંતે પાપ છે. આ પ્રમાણે ક્રોધાદિ પણ પાપ છે, જે પાપોનું સેવન જીવમાત્રને દુર્ગતિ તરફ લઈ જનારૂ છે ત્યારે તેમનો ત્યાગ જ માણસ જાતનો ઉદ્ધાર કરે છે. માટે બધાય ધર્મોની (ધર્મ સંબંધી) વ્યાખ્યાઓ એક જ રહી છે કે દુર્ગતિથી બચાવે તે ધર્મ છે. સત્ય, સદાચાર, નીતિ, ન્યાય અપાવે તે ધર્મ છે, પરંતુ તેની સાર્થકતા ત્યારે જ થશે કે માનવ માત્ર પાપોનો ત્યાગ કરવાની ટ્રેનિંગ પોતાના જીવનમાં સૌથી પહેલાં ચાલુ કરે. જેમ જેમ તેના પાપોના દ્વાર બંધ થતા જશે તેમ તેમ તેનો આત્મા અહિંસક, સત્યવાદી, સદાચારી અને ભૌતિકવાદનો ત્યાગી બનવા પામશે, જે સદ્‌ગતિદાયક અને છેવટે મોક્ષમાર્ગ તરફ આગળ વધવાનું કારણ બનશે.

## આકાશાસ્તિકાયના પર્યાયો કેટલા ?

ભગવંતે કહ્યું કે હે ગૌતમ! અનેક પર્યાયોને ધરાવનારો આકાશાસ્તિકાય અસંખ્યેય પ્રદેશાત્મક, બધાય દ્રવ્યોનો આધાર છે. હવે તેના પર્યાયોની વ્યુત્પતિ તથા નિર્યુક્તિપૂર્વકની વ્યાખ્યા નીચે પ્રમાણે જાણવી.

(૧) આકાશ :–જ્યાં પ્રત્યેક દ્રવ્યો પોતપોતાના સ્વભાવને પ્રાપ્ત કરે છે.

(૨) ગગન :–સૂક્ષ્મ દ્રવ્યોના ગમનના વિષયભૂત હોવાથી ગગન છે.

(૩) નભ :–જેને છદ્મસ્થ કોઈ કાળે દૃષ્ટિ ગોચર કરતો નથી.

(૪) સમ :–નીચા અને ઉચાપણાથી રહિત છે.

(૫) વિષમ :–છદ્મસ્થોને માટે દુર્ગમ હોય છે.

(૬) ખહ :–પ્રલય કાળે પણ વિદ્યમાન રહેતુ હોય છે.

(૭) વિહ :-જીવોને બધાય કાર્યો કરવાનું સ્થાન છે.

(૮) વીચિ :–જુદા જુદા સ્વભાવના દ્રવ્યોને ધારણ કરે છે.

(૯) વિવર :–ઢાંકણ કરનાર કોઈ ન હોવાથી એટલે કે આકાશને આચ્છાદિત કરનાર કોઈ નથી.

(૧૦) અંબર :–માવડી જેમ પોતાના પુત્રને જળ આપે છે તેમ આકાશ પણ જળને ધારણ કરે છે.

(૧૧) અંબરસ :–આનાથી જળરૂપી રસ ઉત્પન્ન થાય છે.

(૧૨) છિદ્ર :–પોલાણવાળું છે. કેમ કે સ્વયં પોલું હોવાથી સૌને અવકાશ આપે છે. લોંખડના ગોળામાં રહેલું

આકાશ પોલું હોવાથી જ તેના અણુઅણુમાં અગ્નિનો પ્રવેશ સુલભ બને છે.

(૧૩) ઝુસિર :–શોષણ ક્રિયામાં સહાયક છે.

(૧૪) માર્ગ :–બીજી ગતિમાં જનારા જીવને તે માર્ગ આપનાર છે એટલે કે બીજા ભવે જતાં જીવનું ગમન આકાશ પ્રદેશની પંક્તિ અનુસાર થાય છે. સારાંશ કે કોઈ જીવને સમશ્રેણિ અને કોઈને વિશ્રેણી હોય છે.

(૧૫) વિમુખ :–આદિ વિનાનો હોવાથી વિમુખ છે.

(૧૬) અટ્ટ :–જીવની ગમનાગમન ચેષ્ટા આકાશમાં થાય છે.

(૧૭) વ્યોમ :–આધેયભૂત પદાર્થોની વિશેષ પ્રકારે રક્ષા કરે છે, એટલે કે દ્રવ્યમાત્ર ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય સ્વભાવનું છે માટે તેની રક્ષા આકાશ કરે છે.

(૧૮) ભાજન :–આધારભૂત છે.

(૧૯) અંતરિક્ષ :–વ્યાપક હોવાથી તેના મધ્યમાં સૌનાં દર્શન થાય છે કેમ કે બધા દ્રવ્યો આકાશની મધ્યમાં છે.

(૨૦) શ્યામ :–અમૂર્ત હોવાથી વર્ણાદિ રહિત છે, તથાપિ જોવાવાળાને શ્યામ દેખાય છે.

(૨૧) અવકાશ:–અવકાશાંતર બીજું નામ છે.

(૨૨) અગમ :–સર્વત્ર વ્યાપક હોવાથી પોતે ગમન વિનાનો છે.

(૨૩) સ્ફટિક :–સ્વયં સ્વચ્છ છે.

(૨૪) અનંત :–સમાપ્તિ વિનાનું છે.

## જીવાસ્તિકાયના પર્યાયો કેટલા ?

ભગવંતે કહ્યું કે આના અનેક પર્યાયો છે. અસંખ્યેય-પ્રદેશાત્મક હોવાથી જીવને જીવાસ્તિકાય કહેવાય છે.

" नाणं च दंसणं चेव चरित्तं च तवो तहा ।
वीरियं उवओगो अ एअं जीवस्स लक्खणं ॥ "

જેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ હોય તે જીવ છે. જીવ લક્ષ્ય છે અને જ્ઞાનાદિ લક્ષણો છે. કેમ કે જીવને છોડીને જ્ઞાનાદિને રહેવાનું સ્થાન બીજે ક્યાંય નથી.

હવે વિશેષ જ્ઞાન કરાવવાના ઇરાદાથી સૂત્રકાર પોતે જ જીવના પર્યાયોનું કથન કરે છે:

(૧) જીવ-જે જીવે છે તે જીવ છે. પાંચ ઇન્દ્રિયો, ત્રણ બળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય. આ દશ પ્રાણો વડે જીવતો રહે, શ્વાસોશ્વાસ લેવા મૂકવાની ક્રિયા કરે, શરીરની વૃદ્ધિ હાનિ થતી રહે તે ચૈતન્યવંત જીવ કહેવાય છે. એટલે કે તે તે ભવ પૂરતા પોતાનાં કરેલાં શુભાશુભ કર્મોને ભોગવવાને માટે દશે પ્રાણો વડે ચેતનામય બન્યો રહે તે જીવ છે. આત્મા જીવે છે, કેમ કે તેની પાંચે ઇન્દ્રિયો, ત્રણે બળો, શ્વાસોશ્વાસ અને આયુષ્ય કર્મ પોતપોતાનું કાર્ય કરી રહ્યાં છે માટે આત્માને જીવ કહેવાય છે, અને જ્યાં સુધી તેનામાં ઓછા-વત્તે અંશે પણ ચેતના છે, દ્રવ્ય અને ભાવ પ્રાણો છે ત્યાં સુધી તે ચેતન છે, અન્યથા અર્થાત્ પૃથ્વીથી લઇને દેવ સુધીના શરીરમાંથી ચેતના શક્તિની સમાપ્તિ થતાં તે મડદું કહેવાય છે, જે જડ છે.

(૨) પ્રાણ-શ્વાસોશ્વાસરૂપ પ્રાણોને ધારણ કરેલા હોવાથી તેને પ્રાણ પણ કહેવાય છે.

(૩) ભૂત–પોતાના મૌલિક સ્વભાવને કોઈ કાળે છોડતો ન હોવાથી ત્રણે કાળમાં જેની વિદ્યમાનતા હોય છે માટે ભૂત કહેવાય છે. સારાંશ કે હાટ, હવેલી, વસ્ત્ર, ઘડિયાળ, માટલું આદિ પદાર્થોની જેમ જીવ કોઈનાથી પણ ઉત્પન્ન ન થતો હોવાથી અનાદિ છે અને કોઈનાથી પણ નષ્ટ થવાનો નથી માટે અનંત છે.

(૪) સત્ત્વ–જીવના અસ્તિત્વને કોઈ કાળે કોઈનાથી પણ વાંધો આવ્યો નથી, આવતો નથી અને આવશે નહીં માટે સત્ત્વ કહેવાય છે.

(૫) વિજ્ઞ–ચેતના શક્તિ વિનાનો જીવ હોતો નથી.

(૬) ચેતઃ–જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ચય કરનાર હોવાથી ચેતઃ કહેવાય છે.

(૭) આત્મા–જ્ઞાનથી જ્ઞેય પદાર્થોને વ્યાપ્ત કરનારો છે.

(૮) જેતા–પુદ્ગલોને જિતનાર હોવાથી જેતા છે.

(૯) રંગણુ – રાગના સંબંધથી સંબંધિત હોવાથી રંગણુ છે.

(૧૦) હિંડુક–ચારે ગતિઓમાં હિંડન એટલે ફરનારો હોવાથી હિંડુક કહેવાય છે.

(૧૧) પુદ્ગલ–પુદ્ગલોનો સહવાસી હોય છે માટે જીવને પણ પુદ્ગલ કહેવાય છે.

(૧૨) માનવ–અનાદિ હોવાથી નવીનતા વિનાનો છે.

(૧૩) કર્તા–આઠે કર્મોનો કારક હોય છે.

(૧૪) વિકર્તા-ઉપાર્જિત કર્મોનો નાશક હોવાથી.

(૧૫) જગત-૮૪ લાખ જીવાયોનિમાં જેની ઉત્પત્તિ થઈ હોવાથી જગત કહેવાય છે.

(૧૬) સ્વયંભૂ-પોતાની મેળે જ ઉત્પાતાદિ ક્રિયા કરે છે.

(૧૭) અન્તરાત્મા-સમ્યગ્દર્શનવાળો હોવાથી શરીરને તથા આત્માને જુદો કરનારો છે.

આ પ્રમાણે જીવના અનેક પર્યાયો જાણવા.

## પુદ્ગલાસ્તિકાયના પર્યાયો કેટલા ?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ! નીચે પ્રમાણે અનેક પર્યાયોથી પુદ્ગલાસ્તિકાય છે. જેમકે પરમાણુ પુદ્ગલ, દ્વિપ્રદેશિક, ત્રિપ્રદેશિક, ચતુઃપ્રદેશિક, યાવત્ સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશિક સુધીના પર્યાયો જાણવા.

શતક ૨૦નો ઉદ્દેશો બીજો પૂર્ણ.

# શતક ૨૦ મું : ઉદ્દેશક–૩

## આત્મિક સુખ એટલે શું ?

મેઘના અવાજને સાંભળીને મયૂરનું, પાણીથી ભરેલા તળાવને જોઇ તૃષાતુર માનવનું, માવડીના અવાજને સાંભળીને બાળકનું હૃદય આનંદ વિભોર થયા વિના રહેતું નથી, તે પ્રમાણે અનંત સંસારમાં અનંતવાર કર્મરાજાનો પેટ ભરીને માર ખાધા પછી, વિરહ વેદના ભોગવ્યા પછી રોગ-શોક-સંતાપ–આધિ–વ્યાધિમાં તરફડ્યા પછી, કોઇક સમયે જીવાત્માને આવા વિચારો જરૂર આવે છે કે ઘણાઓ માટે સારૂં કરવા છતાં પણ મારે માર કેમ ખાવો પડે છે ? પુત્ર પરિવાર માટે બધુંય કરી ચૂક્યો છું, છતાં સંસારમાં કોઈ કોઈનું કેમ થતું નથી ? ત્યારે શું અત્યાર સુધી હું જે માનતો હતો તે સાચું છે કે સત્ય તત્ત્વ બીજુ કંઇ જુદુ જ છે ? મારૂં માનેલું યદિ સાચું હોય તો આધિ વ્યાધિ અને વિયોગાદિ દુઃખો મને શા માટે ભોગવવા પડે છે ? તેથી મારૂં માનેલું સાચું નથી પણ સંસારમાં સુખી થવા માટે સત્યતત્ત્વ કંઇક જુદુ જ લાગે છે. આવા વિચારો આવતાં જ ભૂખ્યો માણસ જેમ ભોજનને, તરસ્યો માણસ પાણીને અને ઠંડીથી ધ્રુજતો માણસ વસ્ત્રને શોધે છે, તેમ તે ભાગ્યશાળી પણ સત્યતત્વને ગોતવાને માટે કમર કસીને તૈયાર થશે, ત્યાર પછી પંચમહાવ્રતધારી, સંસારના જીવમાત્રના પરમમિત્ર, દયાના સાગર, અપરાધીઓના અપરાધને માફ કરનારા મુનિરાજોના ચરણમાં આવીને સત્યતત્ત્વ મેળવવાને માટે નમ્રાતિનમ્ર બનીને તેમનાં ચરણોની સેવા કરશે.

મતિજ્ઞાન અને મતિઅજ્ઞાનમાં જ્ઞાનતત્વ રહેલું હોવા છતાં એકમાં સત્યજ્ઞાન છે અને બીજામાં મિથ્યાજ્ઞાન છે. માણસના જીવનમાં જ્યાં સુધી મિથ્યાજ્ઞાન, સંશયજ્ઞાન રહેલું હોય છે ત્યાં સુધી તેનો આત્મા શક્તિ સંપન્ન બની શકતો નથી, કેમકે આત્માને માટે સમ્યગ્જ્ઞાન જ જબરદસ્ત શક્તિ છે, જેનાં કારણે અનાદિકાળના કર્મોના કુસંસ્કારોને ત્યાગે છે અને સારા સંસ્કારોમાં પ્રવેશ કરે છે. જે અનાદિકાળમાં આવું બન્યુ નથી. મિથ્યાજ્ઞાનમાં આત્માની શક્તિઓ અવળે રસ્તે ગયેલી હોવાથી પાપો, પાપના માર્ગો જાણવા છતાં પણ ત્યાગી શકાતું નથી કસાઇખાને હજારો લાખો મૂક પ્રાણીઓ ઉપર કસાઇ કર્મ કરનાર કસાઇનું આંતરમન કોઇક સમયે જરૂર કબૂલ કરે છે કે આ હું પાપકર્મ કરી રહ્યો છું, શરાબપાન કરનારો પણ 'હું શરાબ પીવું છું' આવું બોલતા પણ શરમાય છે. ગણિકા પણ સમજે છે કે અમારા પાપોદયના કારણે દુરાચારમય જીવન મળ્યુ, તેવા માતપિતા અને શિક્ષકો મળ્યા જેના પાપે અમને નિંદનીય કર્મ કરવા પડે છે. આ પાપ કર્મને પણ ગણિકા પોતાના મોઢે કહી શકતી નથી. ઈત્યાદિક પ્રસંગોમાં મિથ્યાજ્ઞાનનો જોર વધારે હોવાના કારણે સમજદારી હોવા છતાં પણ પાપો ત્યાગવા માટે તેઓ સમર્થ બનતા નથી. સારાંશ કે આવા માનવો પૂર્વના પાપકર્મોનો ભારો લઇને મનુષ્યાવતારમાં આવે છે અને ફરીથી દુર્બુદ્ધિવશ થઇને પાપો કરે છે, પરિણામે ભયંકરમાં ભયંકર પાપકર્મોને કરી નરકાવતાર મેળવવાની યોગ્યતા ધારણ કરવાની ફરજ પડે છે.

જ્યારે ભાગ્યશાળી આત્માઓ પ્રારંભમાં થોડું કષ્ટ ભોગવીને પણ સત્યજ્ઞાનનો પ્રકાશ પામતાં જ પાપોને છોડવા માટેનો પ્રયત્ન કરે છે. તેઓ સમજતા હોય છે કે જન્મવું અને મરવું

પ્રાકૃતિક ધર્મો હોવાથી સર્વથા અનિવાર્ય છે. એટલે કે જન્મ લીધેલાને મરવાનું સર્વથા અનિવાર્ય છે, એમ સમજી પોતાના આત્માને દૃઢ કરીને બધા પાપો, પાપોના સંસ્કારો, તથા તે સંસ્કારોની માયાને એક સાથે લાત મારી હમેશાને માટે સીધા રસ્તે પવિત્ર માર્ગે આવી જાય છે.

જીવનમાં જ્યારે સમ્યગ્‌જ્ઞાન હોતું નથી ત્યારે આત્માની શક્તિઓ એટલી બધી દબાયેલી હોય છે જેનાં કારણે પાપોની સજા ભોગવે છે, સર્વત્ર અપમાનિત થાય છે, પોલીસોનાં ડંડા ખાય છે. ભરબજારમાં કાળા મોઢા થાય છે, તો પણ તેઓ પાપકર્મોને ઓળખી પણ શકતા નથી તો પછી ત્યાગી દેવાની વાત જ ક્યાં રહી ? આ પ્રમાણે ઉપરના બંને તત્ત્વાંશોમાં સત્ય જ્ઞાન અને મિથ્યા જ્ઞાનમાં કેટલી તાકાત રહેલી છે તે સાફ સાફ દેખાઈ રહી છે.

ઘણીવાર આવું પણ જોવામાં આવે છે કે 'સંસારની માયા મળી ન હોય, મળેલીને ભોગવવામાં અંતરાયો નડ્યા હોય કે નડતા હોય અથવા ભોગવવાને માટે ભોક્તામાં શક્તિ જ ન હોય તો સંભવ છે કે, ભાડુતી વૈરાગ્યવંત બનીને ઉપરના મનથી માયાને છોડી પણ દે છે, પરન્તુ આંતર જીવનમાં સમ્યગ્‌જ્ઞાનની પકડ જોરદાર ન હોવાના કારણે બાહ્યદૃષ્ટિએ છોડી દીધેલા પાપોને ત્યાગવા માટે આભ્યંતર મનની તૈયારી હોતી નથી, ફળ સ્વરૂપે તેની ભોગૈષણા, વિતૈષણા અને લોકૈષણા જીવતી ડાકણ બનીને પણ વૈરાગીને સંતાપ્યા વિના રહેતી નથી. આવી સ્થિતિમાં યદિ વૈરાગી પાસે ગુરુકુળવાસ થોડો પણ ન રહ્યો અને સ્વાધ્યાય બળ પણ ન રહ્યો તો હતોભ્રષ્ટ, તતોભ્રષ્ટ થયેલો તે સાધક સાચો સાધક બની શકતો નથી.

શરીરમાં શક્તિ હશે તો આત્મામાં પણ શક્તિ આવશે તેમ સમજીને આત્માનો ખ્યાલ રાખ્યા વિના શરીરના પોષણમાં જીન્દગી પસાર કર્યે છતે પણ તેનો આત્મા કોઈ કાળે શક્ત બની શકયો નથી. કેમકે પાયાની ખોટ જીન્દગીના છેલ્લા શ્વાસે પણ નડ્યા વિના રહેતી નથી. આત્માથી શક્તિ હીન બનેલા કે આત્મજ્ઞાન જેમને પ્રાપ્ત થયું નથી તેવા આત્માઓને આટલું પણ સત્યજ્ઞાન હોતું નથી કે શરીર અને આત્મા જૂદા–સર્વથા જૂદા હોવાથી ગમે તેટલા કેશરીયા દૂધ કે માલ મિષ્ટાન્નથી પોષાયેલા શરીરથી આત્મામાં શક્તિ કેવી રીતે આવવાની હતી? આ પ્રમાણે અજ્ઞાનના કારણે આખી જીંદગી શરીરને પોષવા છતાં પણ આત્માને સમ્યગ્જ્ઞાનથી પરિપુષ્ટ કરી શકતા નથી, ત્યારે ભાગ્યમાં ભોગૈષણાદિ જ શેષ રહે તેમાં શું આશ્ચર્ય?

આનાથી વિપરીત આપણે જાણીએ છીએ કે સત્યજ્ઞાનના સદ્ભાવમાં આયંબીલ તપશ્ચર્યા દ્વારા લુખા–સુકા ભોજન કરનારા, એકાસણા દ્વારા એક જ ટાઇમ ખાનારા અને ઉપવાસાદિ દ્વારા ચારે પ્રકારના આહારનો ત્યાગ કરનારાઓનો આત્મા દિનપ્રતિદિન પવિત્ર બનતો જાય છે, જેનાથી પોતાના સંયમ કાળમાં એકેય પાપ સેવવાની કે ભોગવાઈ ગયેલા પાપોને યાદ કરવાની ઇચ્છા તેમને મુદલ હોતી નથી. તેથી જૈન સૂત્રકારોએ કહ્યું કે "સત્યજ્ઞાન જ આત્માની શક્તિ છે."

ભગવાન મહાવીરસ્વામીના સમવસરણમાં તેમની વાણી સાંભળવા માટે લાખો કરોડોની સંખ્યામાં માનવ સમુદાય એકાગ્ર થઇને બેઠો છે, જેમાંથી કેટલાય જ્ઞાની છે, કેટલાયે જ્ઞાનેચ્છુ છે, અને ખાસ કરીને આ વિષયમાં દેવાધિદેવ ભગવંત શું કહે છે તે જાણવાની તમન્નાવાળા છે. ભાવદયાના ભરેલા

અને જીવમાત્રને સત્યજ્ઞાનની પ્રભાવના કરવામાં દૃઢ પ્રતિજ્ઞાવાળા ગૌતમસ્વામી પૂછે છે કે, હે પ્રભો! નીચે લખેલા ભાવો આત્માથી અતિરિક્ત જડ પદાર્થમાં શું નથી પરિણમતા? સારાંશ કે આ ભાવો જીવમાં જ રહે છે કે અજીવમાં રહેતા હશે?

જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ! આ સંસારમાં ચેતન અને જડને છોડીને બીજું એકેય તત્વ નથી, કેમકે બંનેનું મિશ્રણ જ સંસાર છે, તેમ છતાં પણ બંનેના ધર્મો સર્વથા જુદા જ હોય છે. ચેતનના ધર્મો જડમાં હોતા નથી અને જડના ધર્મો ચેતનમાં નથી હોતા.

## જીવમાં રહેલા ભાવોનું વર્ણન

૧ થી ૧૮ પ્રાણાતિપાતાદિ પાપસ્થાનકો

(૧૯) ઔત્પતાતિકી બુદ્ધિ-સમય પર તાત્કાલિકી બુદ્ધિ.

(૨૦) વૈનયિકી બુદ્ધિ-વડીલોના વિનયથી ઉત્પન્ન થયેલી બુદ્ધિ.

(૨૧) કાર્મિણીબુદ્ધિ-કાર્ય કરતાં કરતાં જે બુદ્ધિ થાય તે.

(૨૨) પારિણામિકી-વયની પરિપક્વતાને લઈ થાય છે.

(૨૩) અવગ્રહ મતિજ્ઞાન-સામે દેખાતું કંઈક છે, અર્થાત ઠુંઠો નથી પણ માનવ છે.

(૨૪) ઇહામતિજ્ઞાન-સામેનો માણસ પંજાબી હોવો જોઇએ.

(૨૫) અવાયમતિજ્ઞાન-બીજા જ્ઞાનનો પરિહાર થવાથી સામેવાલો પંજાબી જ છે.

(૨૬) ધારણામતિજ્ઞાન-મસ્તિષ્કમાં તે જ્ઞાનના સંસ્કારો પડે તે.

(૨૭) ઉત્થાન-આત્માની વિદ્યમાનતામાં કાયાનો વ્યાપાર.

( ૨૮ ) કર્મ-ભોક્તૃત્વ પદ ધારક આત્માનો વ્યાપાર.

( ૨૯ ) બળ-ભોક્તાથી પ્રેરિત થઇને શરીરમાં પ્રયત્ન વિશેષ થાય તે.

( ૩૦ ) વીર્ય-વસ્તુ પ્રાપ્તિ માટે આત્માનો પરાક્રમ વિશેષ.

( ૩૧ ) પુરુષાકાર-પુરુષાર્થ વિશેષ.

( ૩૨ ) નારકત્વ-જેનાથી સાતે નરકોની પ્રાપ્તિ થાય.

( ૩૩ ) દેવત્વ-જેનાથી દેવલોકની પ્રાપ્તિ થાય.

( ૩૪ ) પાંચ સ્થાવર-જે કર્મથી સ્થાવરત્વ પ્રાપ્ત થાય.

( ૩૫ ) વિકલેન્દ્રિયત્વ-જેનાથી બે, ત્રણ, ચાર ઇન્દ્રિયોની પ્રાપ્તિ થાય.

( ૩૬ ) જ્ઞાનાવરણીયાદિ આઠે કર્મ.

( ૩૭ ) કૃષ્ણાદિ છ લેશ્યાઓ.

( ૩૮ ) ત્રણે દૃષ્ટિ.

( ૩૯ ) ચારે દર્શન.

( ૪૦ ) મતિજ્ઞાનાદિ પાંચ જ્ઞાન.

( ૪૧ ) ત્રણ અજ્ઞાન.

( ૪૨ ) આહારાદિ ચાર સંજ્ઞા.

( ૪૩ ) ઔદારિકાદિ પાંચ શરીર, ત્રણ યોગ, બે ઉપયોગ.

ઉપર પ્રમાણેના તથા તેના જેવા બીજા ભાવો ચેતનમાં હોય છે, જડમાં હોતા નથી.

ચેતના શક્તિ જેમાં મુદ્દલ નથી તેવા જડ પદાર્થોમાં-

ઉપર્યુક્ત એકેય ભાવ હોઈ શકતો નથી. આ બધી વાતો દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામીએ કહી છે. બીજા દર્શનવાળા જે પુરુષ અને પ્રકૃતિને માને છે તેઓ આમ કહે છે કે-પુરુષ સર્વથા નિર્દોષ, નિર્લેપ, અકર્તા અને કેવળ દ્રષ્ટા હોવાથી કંઈપણ કરતો નથી, જ્યારે સંસારની માયાના નાટકો જેમાં ખાવાનું, પીવાનું, ઉઠવાનું, બેસવાનું, પરણવાનું આદિની ક્રિયાઓ રહેલી છે, તે બધી પ્રકૃતિ કરે છે જે સર્વથા જડ છે. પરંતુ ઉપરની માન્યતા તથ્ય પૂર્ણ એટલા માટે નથી કે પુરુષથી પ્રેરિત થયા વિના જડ પદાર્થ કંઈ પણ કરી શકતો નથી, ચેતના શક્તિ ગયા પછી મૃત શરીરને કંઈ પણ પ્રવૃત્તિ કરતાં કોઈએ જોયું છે? શરીર અને આંખ-કાન-નાક-સ્પર્શ આદિ બધુંય પૂર્વવત્ હોવા છતાં પૂરો સંસાર એક અનુભવ કરી રહ્યો છે કે, જડ પ્રકૃતિ કેવળ સાધન છે જે પરતંત્ર હોય છે અને જીવાત્મા પોતે સ્વતંત્ર હોવાથી ક્રિયા માત્રનો કર્તા છે. સાતે નારકોમાં ક્રિયા કરનારો આત્મા સર્વથા સ્વતંત્ર હોવાથી કર્તા છે, જેની પ્રેરણા વિના કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન કે અધિકરણાદિ સર્વથા નિષ્ક્રિય છે.

બીજી વાત આ છે કે પ્રકૃતિને કર્તા માનીએ તો અઢારે પાપોને પ્રકૃતિ કરે અને તેનાથી ઉપાર્જિત નરકાદિના દુઃખો (ફળો) પુરુષ આત્મા ભોગવે તે શી રીતે બનવા પામશે? અને કદાચ બને તો સંસારની બધી વ્યવસ્થામાં ગોટાળા થયા વિના રહેશે નહીં, પરંતુ અનાદિ કાળથી ચાલ્યા આવતા સંસારના સંચાલનમાં કોઈએ પણ ગડબડ થએલી જોઈ નથી, જોવાતી નથી, અને જોવાશે પણ નહીં, આ કારણથી દિવ્ય જ્ઞાનના સ્વામી દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે આત્મા પોતે જ ક્રિયાઓને કરે છે, ભોગવે છે, સંસારમાં રખડે

છે, અને સંસારના બધાય કર્મોને નિર્મૂળ કરી નિર્વાણપદ પણ આત્મા જ મેળવે છે.

કીડા, મંકોડા, ગાય, કૂતરા, કાગડા અને માનવ આદિ ચેતનાવંત હોવાથી પોતાના જીવન–મરણ, સુખ કે દુઃખ આદિમાં સતર્ક રહે છે. રેલ ગાડીના પાટા પર કીડીઓ ફરતી હોય કે સર્પ–નોળીયા–કાનખજુરા આદિ ફરતા હોય અને તે જ સમયે ગાડી આવવાનો સમય થવાથી પાટા ધમધમ કરતા હોય ત્યારે તે જીવાત્માઓ કોઈને પૂછ્યા વિના પણ ભયસંજ્ઞાથી પ્રેરિત થઇ પોતાની મેળે જ પ્રાણ બચાવવા માટે પાટા ઉપરથી નીચે ઉતરવા માટે પ્રયત્ન કરે છે. જ્યારે રેલગાડીનું એન્જિન ચાહે લાખો મણ વજનને લઈ જતું હોય તો પણ સર્વથા જડ હોવાથી આગળના પાટા ઉખડી ગયા છે, જોખમ છે, છતાં બિચારા એન્જિનને કંઈ પણ ખબર પડતી નથી, કેમકે જડ હોવાથી તેને જ્ઞાન–અજ્ઞાન ઉપયોગ કે સંજ્ઞા આદિ કંઇ પણ છે જ નહીં, જેથી પોતાનો નિર્ણય પોતે કરી શકે. માટે જડ પદાર્થ માત્ર પુરુષ પ્રેરિત થઇને જ ગતિવંત બને છે, આ કારણે એંજિનમાં સ્વાભાવિકી ગતિ નથી પણ પ્રાયોગિકી ગતિ છે, અને પ્રયોગ કરીને ચલાવનાર ડ્રાઈવર માનવ હોવાથી ચેતનવંત છે.

પ્રશ્નનો સારાંશ આ છે કે જીવાત્માને પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ છે. અજીવને પુણ્યપાપાદિ નથી, તો પછી પૌદ્ગલિક પદાર્થોથી બીજા જીવનું ઉપદ્રવણ, તાડન, તર્જન, મારણ, પીડન, હનન, બંધન અને છેવટે પ્રાણ વિયોજન પણ થાય છે, યદ્યપિ પુદ્ગલોના પ્રયોગ કરનારને તો જીવ હિંસા છે જ પરન્તુ જે પત્થરથી, લોખંડના ટૂકડાથી કે બીજા કોઈ પણ

શસ્ત્ર વડે જેનું નુકશાન થયું છે, માન્યુ કે અત્યારે જડ હોવાથી તે પુદ્ગલો જીવહિંસાના માલિક બનતા નથી, તો પણ તે પત્થર, ભૂતકાળમાં ગમે તે જીવનો શેષ રહેલો પદ્ગલ હોવાથી અત્યારે તે જીવ ચાહે ગમે તે અવતારમાં હશે તો પણ તેને પાપ લાગ્યા વિના રહેવાનું નથી. આ પ્રમાણે બીજા પુદ્ગલો ચાહે તે બંદુક, તલવાર, રીવોલ્વર, બોમ, ધારીયો, કુહાડો, લાકડો, ડંડો, ચપ્પુ, દાતરડો, દોરી, દોરડું કે ચરવળો, તથા દંડાસન પણ હોય તો એ પુદ્ગલો જેના શેષ રહ્યાં હશે તેના માલિકને ચાહે તે વ્રતધારી હોય, મુનિ હોય, પ્રતિમાધારી હોય, મંદિરના ગભારામાં પરમાત્મા સામે ઉભો હોય તો પણ તે ભાગ્યશાળીને પાપની અસર થયા વિના રહેવાની નથી, અર્થાત્ તેને પણ પાપ લાગશે જ. ગતભવમાં કે બીજા કોઈ ભવમાં શ્રીમંતાઇને વોસિરાવ્યા વિના મૃત્યુ પામેલો જીવ–અત્યારે ગમે ત્યાં હશે તો એ તે ભવની શેષ રહેલી શ્રીમંતાઇ દ્વારા સેવાતા પાપનો ભાર તેને પણ લાગે છે. અનંત ભવોની પોતાની સ્ત્રીઓ જેનો ત્યાગ જ્ઞાનવૈરાગ્યપૂર્વક કર્યો નથી માટે તે સ્ત્રીઓનો આત્મા ગમે ત્યાં રહીને પાપ કરશે તેનો ભાગ સ્ત્રીનો ત્યાગ ન કરનારને પણ લાગે છે.

અનંત સંસારની અનંત માયામાં એ જ વૈચિત્ર્ય છે કે જીવાત્માના માથા પર અનંતભવોના કરેલા પાપો અને શેષ રહેલા તે તે પુદ્ગલો અત્યારે જેવા જેવા પાપો કરતા હશે તે બધાય પાપોથી જીવ લેપાયા વિના રહેતો નથી. આવી સ્થિતિમાં આત્મકલ્યાણ કેટલું મોંઘુ છે? અને કેટલું સોંઘુ છે? તેથી જ પૂજાની ઢાલમાં વીરવિજયજી મહારાજે લલકાર્યું છે:

'તુમ આગમ આરિસો જોવતા રે લોલ.
દૂર દિઠું છે શિવપુર શહેર રે.' મને સંસાર.

આંખ બંધ કરીને મંદિરમાં બેઠા હોઇએ કે કાયોત્સર્ગમાં બેઠા કે ઉભા હોઇએ, ત્યારે જે જે ઔદાયિક, વૈકારિક, વૈભાવિક કે તામસિક ભાવો આપણને સતાવીને ધ્યાન તોડાવતા હોય, ત્યારે તેના પ્રત્યે સૂક્ષ્મ જ્ઞાન માત્રા આપણે મૂકીએ તો જણાઈ આવશે કે આ ચાલુ ભવની માયા કરતાં પણ ભૂતકાળના ભવોની ભોગવાયેલી માયા કેટલી જબરદસ્ત તાકાતવાળી હોય છે? કયા ભવની કઈ વાત, પુદ્‌ગલ, સ્ત્રી, બાળક, દ્વેષી, રાગી વગેરે આપણી સામે કેવા રૂપે, ક્યાંથી આવીને ચડે છે, જેનાં કારણે વીતરાગના મંદિરોમાં, પૌષધવ્રતમાં, કે કાયોત્સર્ગમાં પણ આપણે રાગી અને દ્વેષી બનીને લીધેલા વ્રતને, પ્રતિજ્ઞાને તોડી નાખવા તૈયાર થઇએ છીએ અથવા તોડી પણ દઇએ છીએ.

આ ભવમાં માંડેલી ગૃહસ્થાશ્રમીમાં વ્રતધારી બનીને અને ખાસ કરીને 'સ્વસ્ત્રી સંતોષ'ની મર્યાદાને કરી લીધા પછી પણ જ્યારે અમુક સમય, અમુક પરિસ્થિતિ અને અમુક સ્થાનમાં બીજી કોઇ મદમાતી સ્ત્રીને જોઇએ છીએ ત્યારે તે સ્ત્રીનું શરીર પુદ્‌ગલ આ ભવમાં આપણા વિલાસમાં નથી આવવાનું છતાં પણ આપણા રોમે રોમમાં ચંચલતા ક્યાંથી આવી? તે યદિ પૂર્વભવની રાગ સંબંધવાળી હશે? તો તેનો પક્ષપાત કરવાની અને દ્વેષ સંબંધવાળી હશે? તો તેને તિરસ્કારવાની વૃતિ અને પ્રવૃતિ ક્યાંથી અને કેવી રીતે થઇ?

મન–વચન અને કાયાના પાપોનો ત્યાગ કર્યા પછી અને ચૌરાસી આશાતનાનો ખ્યાલ બરાબર છે તો દેરાસરમાં આવ્યા પછી અમુક પ્રસંગના કારણે આપણે રાગદ્વેષમાં તણાઈ જઇએ છીએ, તે સમયે થોડો વિચાર કરીએ તો જણાઈ આવશે કે

નિર્ણીત કરેલી પ્રતિજ્ઞાને તોડાવી મંદિરના ઓટલા ઉપર, રંગમંડપમાં કે ગભારામાં પણ પૌદ્‌ગલિક પ્રસંગના કારણે આપણને શા માટે રોષ આવે છે? પ્રસંગ પૌદ્‌ગલિકના હોય કે ચેતનાવંત માણસનો હોય તો એ તે સમય પૂરતા તો તમને રોષવાળા કરી દે છે અને ધર્મધ્યાનથી ભ્રષ્ટ કરી આર્તધ્યાન તરફ લઈ જનારા બને છે. માન્યું કે પૌદ્‌ગલિક પ્રસંગ સાથે તમને વ્યક્તિગત સંબંધ ન હતો, તોએ તમને ધર્મ ધ્યાનથી ચલીત કરાવનાર તે બંનેનો તમારા પહેલા ભવની સાથે કંઈ ને કંઈ સંબંધ તો જરૂર હોવો જ જોઈએ.

ઇત્યાદિ અગણિત કારણોને આપણે સ્પષ્ટરૂપે ન પણ જાણીએ તો યે તે તમારા જીવનને બગાડવા માટે નિમિત્ત તો બને જ છે.

આ બધાય અગમ્ય કારણોના સાક્ષાત્કારને કરનાર કેવળી ભગવંતે ભવ આલોયણાની, વારે વારે મિચ્છામિ દુક્કડમ્‌ની, થયેલા અપરાધોની માફી માંગવાની અને ધીમે ધીમે તે પાપોને ત્યાગવાની ભલામણ જે કરી છે તે ઉપરના કારણોને લઈને સર્વથા સાર્થક બનવા પામે છે.

## ગર્ભગત જીવને વર્ણાદિ કેટલા?

હે પ્રભો! ગર્ભમાં આવેલા જીવને વર્ણો, રસો, ગંધો અને સ્પર્શો કેટલી સંખ્યામાં હોય છે?

જવાબમાં ભગવંતે કહ્યું કે, હે ગૌતમ! ગર્ભગત જીવને પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને આઠ સ્પર્શ હોય છે, કેમકે કર્મોના કારણે શરીર સંબંધથી બંધાયેલા જીવને શરીર લીધા વિના છુટકો નથી, તે માટે તેનામાં બધાય વર્ણાદિ હોય છે.

વધારે હકીકત બારમા શતકના પાંચમા ઉદ્દેશામાં જોઇ જવાની ભલામણ કરી છે. યાવત્ જ્યાં સુધી કર્મોની વર્ગણા અને પરંપરા છે ત્યાં સુધી શરીર છે.

ભગવંતની વાણી સાંભળીને ગૌતમસ્વામીએ કહ્યું કે. હે પ્રભો ! આપની વાણી સત્ય છે. અમે શ્રદ્ધામાં ઉતારીએ છીએ.

શતક ૨૦નો ઉદ્દેશો ત્રીજો પૂર્ણ.

# શતક ૨૦ મું : ઉદ્દેશક–૪

## ઇન્દ્રિયોની વૃદ્ધિ કેટલા પ્રકારની છે ?

જવાબમાં ભગવંતે પાંચ પ્રકારે કહી છે. તે આ પ્રમાણે– શ્રોત્રેન્દ્રિયોપચય, નેત્રેન્દ્રિયોપચય, રસનેદ્રિયોપચય, ઘ્રાણેંદ્રિયોપચય અને સ્પર્શેન્દ્રિયોપચય, શેષ વાત પ્રજ્ઞાપન સૂત્રના ૧૫મા પદના બીજા ઉદ્દેશાથી જાણવા માટે ભલામણ કરાઇ છે. જેનાથી ઇન્દ્રિયોને યોગ્ય પુદ્ગલોનું ગ્રહણ થાય તે ઇન્દ્રિયોપચય છે. ઉપચય એટલે વૃદ્ધિ. પૂર્વભવમાં ઉપાર્જન કરેલા ઇન્દ્રિય પર્યાપ્તિ નામકર્મને આધીન થઇને તથા પ્રતિ સમયે ગ્રહણ કરાતા ઇન્દ્રિય પુદ્ગલોથી તેનો ઉપચય થાય છે.

શતક ૨૦ નો ઉદ્દેશો ચોથો પૂર્ણ.

# શતક ૨૦ મું : ઉદ્દેશક–૫

## પરમાણુમાં વર્ણાદિ કેટલા ?

વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ આ ચારે પુદ્ગલોમાં જ હોય છે, તેથી ગૌતમસ્વામી પૂછે છે કે હે પ્રભો ! પુદ્ગલ પરમાણુમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ કેટલા હોય છે ? જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ ! પુદ્ગલના એક પરમાણુમાં એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શ અવશ્યમેવ રહેલા હોય છે, જે બધાયના વીશ ભેદ છે. જેમાંથી પરમાણુમાં પાંચ ગુણ અને સ્કંધમાં વીશ ગુણની વિદ્યમાનતા જાણવી. દ્વિ પ્રદેશિકથી લઇ અનંત પ્રદેશિક સ્કંધો જાણવા. એટલે કે એક પરમાણુ બીજા પરમાણુને મળે તે દ્વિ પ્રદેશિક. આ પ્રમાણે જ અનંત પરમાણુ ભેગા થાય તે અનંત પ્રદેશિક સ્કંધ કહેવાય છે.

શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ આ ચાર સ્પર્શોમાંથી પરમાણુમાં બે સ્પર્શ જ જાણવા. શીત અને ઉષ્ણ તથા સ્નિગ્ધ અને રૂક્ષ પરસ્પર વિરોધી હોવાથી બેમાંથી એક સ્પર્શ જાણવો. જેમકે શીત અને સ્નિગ્ધ, ઉષ્ણ અને સ્નિગ્ધ, શીત અને રૂક્ષ, તથા ઉષ્ણ અને રૂક્ષ.

પરસ્પર વિરુદ્ધ બે પરમાણુ જ્યારે ભેગા મળે તેને સ્કંધ કહેવાય છે, જેની ચર્ચા પહેલા અને બીજા ભાગમાં કરી છે.

ભેગા થનારા પરમાણુમાં કોઇ પરમાણુ કાળો, ધોળો, પીળો, નીલો, અને રાતો આમાંથી એક વર્ણવાળો હોય, પાંચ રસમાંથી એક રસવાળો, બે ગંધમાંથી એક ગંધવાળો અને ચાર સ્થર્શમાં બે સ્પર્શ હોય. આ પ્રમાણે પાંચ ગુણ સમજવા.

પરમાણુમાં કાર્યત્વ રહેલું હોવાથી, સ્કંધ જે વર્ણનો હશે તેનાથી છુટા પડેલા પરમાણુમાં પણ તેજ વર્ણ રહેશે, જેમકે કાળા રંગનો સ્કંધ હોય તો તેનો પરમાણુ પણ તે વર્ણનો જ હશે. એટલે તે પરમાણુ કાળા વર્ણવાળો કહેવાશે. આ પ્રમાણે બીજા વર્ણ માટે પણ જાણવુ. પાંચ રસ, બે ગંધ, અને સ્પર્શમાંથી ગમે તે રસ, ગંધ કે સ્પર્શ હશે પરમાણુમાં પણ તેજ રસાદિ રહેશે. સ્પર્શમાં કાં તો સ્નિગ્ધ અને કાં તો રૂક્ષ આ બન્ને વર્ણમાં એક સ્પર્શ સાથે શીત અને ઉષ્ણમાંથી એક શેષ રહેતા બે સ્પર્શ અને ઉપરના ત્રણ ગુણ મળતા પાંચ ગુણ પરમાણુના સમજવા.

પરમાણુમાં કારણત્વ પણ રહેલું હોવાથી બે પરમાણુ જ્યારે ભેગા મળશે ત્યારે તે કાં તો સ્નિગ્ધ હશે કાં રૂક્ષ હશે. પણ બન્ને પરમાણુ રૂક્ષ હોતા કે બન્ને સ્નિગ્ધ હોતા બંધ થતો નથી અને એકલો પરમાણુ સંસાર માટે કંઈ પણ કરવા માટે ક્ષમતાવાળો નથી. પણ સ્કંધ કે સ્કંધોથી સંસારનો વ્યવહાર ચાલે છે. તે બધામાં વર્ણાદિ માટેની વ્યવસ્થા નીચે પ્રમાણે છે.

ભગવંતે ફરમાવ્યું કે જ્યારે બે પરમાણુ ભેગા મળે ત્યારે તે બન્ને એક જ વર્ણના, એક જ રસના, એક જ ગંધના હોય અને સ્પર્શ પણ સમાન હોય તો દ્વિપ્રદેશિક સ્કંધ પણ એક વર્ણ, એક ગંધ, એકરસ અને સ્પર્શ બેની સંભાવના જાણવી. પરંતુ ભેગા મળતા બન્ને પરમાણુ જુદા જુદા વર્ણના હોય જેમ એક પરમાણુ કાળો અને બીજો ધોળો, એક તીખા રસનો, બીજો કડવા રસનો. એક સુગંધ, બીજો દુર્ગંધ. ત્યારે દ્વિપ્રદેશિક સ્કંધ પણ બે વર્ણ, બે રસ અને બે ગંધનો કહેવાશે, સ્પર્શ–બે–ત્રણ કે ચાર હોય છે. આનો સ્પષ્ટાર્થ આ

પ્રમાણે છે. બીજા પરમાણુને મળવાવાળો કદાચ ધોળો વર્ણવાળો હોય તો મરનાર પરમાણુ પાંચ વર્ણમાં ગમે તે વર્ણનો હોઈ શકે છે. સામે વાળો તીખા રસનો હોય તો મળનાર પાંચ રસમાંથી ગમે તે રસનો હોય, ગંધ માટે પણ ઉપર પ્રમાણે જાણવું. સ્પર્શની વ્યાખ્યા નીચે પ્રમાણે જાણવી. મળવાવાળો કદાચ સ્નિગ્ધ હોય તો મળનારો બીજો પરમાણુ રૂક્ષ હોવો જોઈએ અને શીત કે ઉષ્ણમાંથી ગમે તે હોય ત્યારે સ્કંધ બે સ્પર્શવાળો કહેવાશે; જેમ શીત+સ્નિગ્ધ, શીત+રૂક્ષ, ઉષ્ણ+સ્નિગ્ધ તથા ઉષ્ણ+રૂક્ષ.

દ્વિપ્રદેશિક સ્કંધમાં ત્રણ સ્પર્શ નીચે પ્રમાણે થશે. સર્વાંશે તે બંને પરમાણુ શીત હોય ત્યારે એક દેશમાં સ્નિગ્ધ અને બીજા દેશમાં રૂક્ષ પણ હોતા ત્રણ સ્પર્શ થશે. ચાર સ્પર્શ આ પ્રમાણે, એક દેશ શીત, બીજો ઉષ્ણ અને બંનેમાંથી એક દેશ સ્નિગ્ધ અને બીજો રૂક્ષ હોતા દ્વિપ્રદેશિક સ્કંધ ચાર સ્પર્શવાળો પણ થશે. શેષ વર્ણન મૂળ સૂત્રથી જાણવું. ત્રિપ્રદેશિક સ્કંધ માટે ભગવંતે કહ્યું કે તેમાં કદાચ એક બે કે ત્રણ વર્ણ હોઈ શકે છે. મળનારા ત્રણે પરમાણુ એક જ વર્ણના હોતા ત્રિપ્રદેશિક સ્કંધ પણ એક વર્ણવાળો રહેશે, એક પરમાણુમાં એક વર્ણ અને મળનારા બન્ને પરમાણુમાં બીજી જાતનો એક જ વર્ણ હોતા બે વર્ણ અને ત્રણે પરમાણુ જુદા જુદા વર્ણોથી ત્રણ વર્ણવાળો ત્રિપ્રદેશિક સ્કંધ બનશે. રસ ગંધ અને સ્પર્શ માટે ઉપરની કલ્પના કરવી. આ પ્રમાણે અનંત પ્રદેશિક સ્કંધ માટે પણ જાણવું જે મૂળ પાઠમાં સ્પષ્ટ છે.

## પરમાણુ કેટલા પ્રકારે છે ?

ભગવંતે નીચે પ્રમાણે ચાર પ્રકારે પરમાણુ કહ્યાં છે :-

દ્રવ્ય પરમાણુ, ક્ષેત્ર પરમાણુ, કાળ પરમાણુ, ભાવ પરમાણુ.

**દ્રવ્ય પરમાણુ** :—અછેદ્ય, અભેદ્ય, અદાહ્ય અને અગ્રાહ્ય રૂપે ચાર પ્રકારના છે.

ક્ષેત્ર પરમાણુ :–અનર્ધ સરખી સંખ્યાનો અભાવ હોવાથી પરમાણુનો અર્ધો ભાગ હોતો નથી.

અમધ્ય—વિષમ સંખ્યાનો પણ અભાવ હોવાથી તેને મધ્યભાગ પણ હોતો નથી.

અપ્રદેશ–એક પ્રદેશથી અતિરિક્ત બીજાનો અભાવ હોવાથી તે અપ્રદેશી છે.

અવિભાગિમ—સ્વયં એક પ્રદેશિક જ હોવાથી બીજા પ્રદેશનો અભાવ છે.

કાળ પરમાણુ :—કાળની અપેક્ષાએ અવર્ણ, અગંધ, અરસ અને અસ્પર્શ હોય છે.

યદ્યપિ પરમાણુ વર્ણાદિથીયુક્ત હોય છે તો પણ તેની વિવક્ષા અહીં કરી નથી.

**ભાવ પરમાણુ** :—વર્ણાદિ સમ્પન્ન છે.

શતક ૨૦ નો ઉદ્દેશો પાંચમો પૂર્ણ.

# શતક ૨૦ મું : ઉદ્દેશક—૬

## પૃથ્વીકાયિકાદિના ઉત્પાદ માટે વક્તવ્યતા :

હે પ્રભો ! રત્નપ્રભા તથા શર્કરાપ્રભા નરક પૃથ્વીની વચ્ચે રહેલો પૃથ્વીકાયિક જીવ મરણ સમુદ્ઘાત કરી સૌધર્મ દેવલોકમાં પૃથ્વીકાયિકરૂપે ઉત્પન્ન થવા યોગ્ય છે? ઉત્પન્નાન્તર આહાર કરે ? અથવા પહેલા આહાર કરીને પછી ઉત્પન્ન થાય છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે પહેલા આહાર કરીને પછી ઉત્પન્ન થાય છે અથવા ઉત્પન્ન થયા પછી આહાર કરે છે.

અતિતીવ્ર મરણાંત દુઃખથી પીડિત જીવ અન્તર્મુહૂર્ત પ્રમાણ આયુષ્ય શેષ રહે ત્યારે આત્મપ્રદેશોથી મુખાદિ છિદ્રોને પૂરી દે છે, પહોળાઈ અને જાડાઈ શરીર જેટલી રાખે છે અને લંબાઈમાં જે સ્થાને ઉત્પન્ન થવાનું છે તેટલા ક્ષેત્રને વ્યાપીને અન્તર્મુહૂર્તમાં મરણ પામે અને આયુષ્ય કર્મના ઘણા પુદ્ગલોનો નાશ કરે છે તેને મરણાંત સમુદ્ઘાત કહે છે. કોઈ એક જીવ સમુદ્ઘાત કરીને ભવાંતરમાં ઉત્પન્ન થાય છે. પછી આહાર કરે છે તથા શરીરની રચના કરે છે. કોઈ બીજો જીવ સમુદ્ઘાત કર્યા પછી પાછો પોતાનાં શરીરમાં આવીને ફરીથી સમુદ્ઘાત કરી ભવાંતરમાં ઉત્પન્ન થાય છે. જીવોનો સમુદ્ઘાત બે પ્રકારે છે, જ્યારે દેશથી સમુદ્ઘાત કરે છે ત્યારે મરણ સમુદ્ઘાતથી નિવૃત થઈ, પહેલાનાં શરીરને છોડી દડાની ગતિથી જાય છે. માટે પહેલા ઉત્પન્ન થાય છે પછી આહાર કરે છે પરન્તુ સર્વ સમુદ્ઘાતમાં ઇલિકા ગતિએ ત્યાં જાય છે. પછી

શરીરનો ત્યાગ કરે છે, તે કારણે પહેલા આહાર કરે પછી ઉત્પન્ન થાય છે.

આજ ક્રમે રત્નપ્રભા–શર્કરાપ્રભાની વચ્ચે સમુદ્‌ઘાત કરતો પૃથ્વીકાયિક ઈશાન કલ્પમાં યાવત્ ઈષત્ પ્રાગ્ ભારા સુધી જાણવું પૃથ્વીકાયિક જીવ, સૌધર્મ, ઈશાન, સનત્કુમાર માહેન્દ્ર, કલ્પની વચ્ચે મરણ સમુદ્‌ઘાત કરીને પહેલી ભૂમિમાં પૃથ્વીકાયિકરૂપે ઉત્પતિ પહેલાની જેમ સમજવી, યાવત્ શર્કરાપ્રભાથી સાતમી સુધી.

અપ્કાયિક જીવો માટે પણ ઉપર પ્રમાણે તથા સાતે–પૃથ્વીઓના ઘનોદધિ અને ઘનોદધિ વલયોમાં પણ પૂર્વવત્.

શતક ૨૦નો ઉદ્દેશો છઠ્ઠો પૂર્ણ.

# શતક ૨૦ મું : ઉદ્દેશક–૭

## બંધ માટેની વિશેષ વકતવ્યતા :

હે પ્રભો ! બંધ કેટલા પ્રકારે છે ?

જવાબમાં ભગવંતે નીચે પ્રમાણે ત્રણ બંધો કહ્યા છે.

(૧) જીવ પ્રયોગ બંધ :–મન, વચન અને કાયાના સૂક્ષ્મ કે બાદર વ્યાપારો વડે કર્મ પુદ્ગલોનો આત્માની સાથે જે સંબંધ થાય છે તે જીવ પ્રયોગ બંધ છે.

(૨) અનંતર બંધ–કર્મ પુદ્ગલોનો બંધ થયા પછીના સમયે જે બંધ થાય તે અનંતર બંધ છે.

(૩) પરંપર બંધ–અને દ્વિતીયાદિ સમયે થતા બંધને પરંપર બંધ કહેવાય છે.

આ ત્રણે બંધો ૨૪ દંડકો માટે જાણવા.

**નોંધ** :–આ સૂત્રથી કર્મોનો બંધ જીવાત્માના મન-વચન અને કાયાના વ્યાપારોને આધીન છે, પરંતુ ઇશ્વરને આધીન નથી માટે સ્વતંત્ર છે.

"ઇશ્વર સૌથી પહેલા માણસની બુદ્ધિ બગાડે છે, ત્યાર પછી તે માણસ દુષ્કૃત્યોને કરે છે" આ સિદ્ધાંત સત્ય નથી કેમકે ભવભવાંતરના પોતાના જ કરેલા જ્ઞાનાવરણીયાદિના કારણે માણસ દુર્બુદ્ધિનો માલિક બનીને પુનઃપુનઃ જ્ઞાનાવરણીયાદિ કર્મોને બાંધે છે. કેમકે તેના અવાન્તર ભેદમાં મતિજ્ઞાનાવરણીય કર્મ પણ સમાહિત હોવાથી તેની તીવ્રતાના કારણે માણસની

બુદ્ધિ મલિન, પાપોન્મુખી, હિંસક, વૈર–વિરોધ વર્ધક અને તામસિક હોવાથી તે હંમેશા દુર્બુદ્ધિમય જ રહેવા પામે છે.

ચોવીસ દંડકોમાં ઉદય પ્રાપ્ત જ્ઞાનાવરણીયાદિ કર્મનો બંધ પણ ત્રણ પ્રકારે છે. અહીં

(૧) ઉદયમાં આવેલા જ્ઞાનાવરણીયક મંનો બંધ પૂર્વ કાળની અપેક્ષાએ જાણવો.

(૨) વિપાક અને પ્રદેશ આ બન્ને રીતે જ્ઞાનાવરણીય કર્મ વેદાય છે. અહીં વિપાકોદયે વેદવા લાયક કર્મનો બંધ સમજવો.

(૩) જ્ઞાનાવરણીયના ઉદયમાં જે કર્મ બંધાય કે વેદાય તેનો બંધ જાણવો. (ટીકાકાર)

ચોવીશે દંડકોમાં ઉદય પ્રાપ્ત સ્ત્રીવેદનો અને ઉપચારથી પુરુષ તથા નપુંસકવેદના બંધ યથાયોગ્ય જાણવા.

તથૈવ દર્શનમોહનીય, ચારિત્રમોહનીય, ઔદારિકાદિ શરીર, આહારાદિ સંજ્ઞા, કૃષ્ણાદિ લેશ્યા, સમ્યગ્મિથ્યા અને મિશ્રદષ્ટિ, મતિજ્ઞાનાદિ જ્ઞાન, ત્રણ અજ્ઞાન આદિનો બંધ ત્રણ પ્રકારે પૂર્વવત્ જાણવો. અહીં દષ્ટિ, અજ્ઞાન, અપૌદ્ગલિક છે માટે આ સૂત્રમાં બંધનો અર્થ સંબંધ માત્રથી વિવક્ષિત જાણવો.

**શતક ૨૦નો ઉદ્દેશો સાતમો પૂર્ણ**

# શતક ૨૦ મું : ઉદ્દેશક—૮

## કર્મભૂમિ આદિ માટેની વકતવ્યતા :

જવાબમાં ભગવંતે, પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહ રૂપે પંદર કર્મભૂમિઓ કહી છે. જ્યાં

( ૧ ) અસિ :–તલવાર, ચપ્પુ, કુહાડો, બાણ, આદિ શસ્ત્રો વિદ્યમાન હોય છે અને તેનો ઉપયોગ કરનારા પણ છે.

( ૨ ) મસિ :–લેખનાદિના સાધનો હોય છે.

( ૩ ) કસિ :–ખેતીવાડી, બાગ, વાડી આદિ હોય છે, ઉપરના ત્રણે કર્મો હોવાથી તે કર્મભૂમિ કહેવાય છે.

આ ક્ષેત્રોમાં જન્મેલા માનવોને રાગ છે, દ્વેષ છે, માટે કર્મોને બાંધે છે અને જ્યારે સંસારથી કંટાળે છે ત્યારે વૈરાગ્ય-વાસિત થઇને કર્મોનું હનન કરે છે. જ્યાં રાગદ્વેષની પ્રક્રિયા હોય છે ત્યાં વૈરાગ્યાદિની પ્રાદુર્ભૂતિ પણ હોય છે.

જંબૂદ્વીપમાં છ પર્વતોની વચ્ચે સાત ક્ષેત્રો રહેલા છે, તેમાંથી ભરત, ઐરાવત અને મહાવિદેહને કર્મભૂમિ કહી છે. જમ્બૂદ્વીપ, ઘાતકીખંડ અને પુષ્કરાવર્તમાં પાંચ ભરત, પાંચ ઐરાવત અને પાંચ મહાવિદેહની સંખ્યા ગણતાં પંદર ભૂમિઓ થાય છે.

જ્યાં ઉપરોક્ત પદાર્થો નથી તેવાં હૈમવત, હરણ્યવત, હરિવર્ષ, રમ્યક્, દેવકુરૂ તથા ઉતરકુરૂ, આ છ ક્ષેત્રો પણ પાંચ પાંચની સંખ્યામાં હોવાથી અકર્મભૂમિઓની સંખ્યા ત્રીશની કહેવાઈ છે. જ્યાં પુણ્ય કર્મની પ્રચુરતા હોવાથી આ ક્ષેત્રો ભોગભૂમિ કહેવાય છે. મહાવિદેહ ક્ષેત્ર કર્મભૂમિ છે છતાં તત્રસ્થ દેવકુરૂ અને ઉતરકુરૂ નામની બે અકર્મભૂમિઓ પણ

કહેવાઈ છે. આમાં મનુષ્યોના જ ભેદ તરીકે યુગલિયાઓ જન્મે છે, તેઓ ભોગ પ્રધાન હોવાથી અરિહંતોના ધર્મની યોગસાધના મુદ્દલ કરી શકતા નથી, પુણ્યકર્મની પ્રચુરતાના કારણે કષાય-ભાવ પણ મંદ હોય છે તેથી દેવગતિ તેમને માટે નિયમા છે. કેમકે યોગ અને ભોગ એક સાથે રહેતા નથી. તેમ છતાં પણ જુગાર, માંસ ભોજન, શરાબપાન આદિના કારણે નરકભૂમિ પણ નકારી શકાતી નથી. તો પછી મનુષ્યોને માટે શું પૂછવાનું ?

ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળની મર્યાદા ભરત અને ઐરાવત ક્ષેત્રને માટે છે, જ્યારે મહાવિદેહ ક્ષેત્રમાં સદૈવ ચોથો આરો છે.

મહાવિદેહ ક્ષેત્ર અને પાંચ ભરત તથા પાંચ ઐરાવત ક્ષેત્રના વચલા બાવીશ તીર્થંકરો પાંચ મહાવ્રત અને સપ્રતિ-ક્રમણ ધર્મનો ઉપદેશ કરતા નથી. જ્યારે પહેલા અને છેલ્લા તીર્થંકરો પાંચ મહાવ્રતનો ઉપદેશ કરે છે અને મહાવિદેહમાં ચાર વ્રતોનો ધર્મ છે.

જંબૂદ્વિપના ભરતક્ષેત્રમાં આ ચાલુ અવસર્પિણી કાળમાં ઋષભ, અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, સુપ્રભ, સુપાર્શ્વ, ચંદ્રપ્રભુ, પુષ્પદંત, (સુવિધિ) શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ, અનંત, ધર્મ, શાંતિ, કુંથુ, અર, મલ્લિ, મુનિસુવ્રત, નમિ, નેમી, પાર્શ્વ અને વર્ધમાન નામે ચોવીસ તીર્થંકર થયા છે.

ઉપરના ચોવીશ તીર્થંકરોના અંતરા તેવીશ (૨૩) જાણવા. જેમ ઋષભ અને અજિતનો અંતર, અજિત અને સંભવનો, તેમ પાર્શ્વ અને વર્ધમાનનો અંતર આમાંથી ઋષભથી ચંદ્રપ્રભ સુધી અને શાંતિનાથથી મહાવીરસ્વામી સુધી આઠ આઠ અંતરામાં કાલિક શ્રુતનો વિચ્છેદ થયો નથી. જ્યારે સુવિધિનાથથી ધર્મ-નાથ સુધીના સાત અંતરોમાં કાલિક શ્રુતનો વિચ્છેદ થયો છે.

જેનું અધ્યયન દિવસ અને રાત્રિના પહેલા અને છેલ્લા પહોરમાં થાય તે આચારાંગાદિ કાલિકશ્રુત કહેવાય છે અને બધા કાળે જેનું અધ્યયન થાય તે દશવૈકાલિકાદિ ઉત્કાલિક શ્રુત છે. જ્યારે દૃષ્ટિવાદનો વિચ્છેદ બધાય અંતરોમાં જાણવો.

મહાવીરસ્વામીનું પૂર્વાગત શ્રુત એક હજાર વર્ષ સુધી રહેશે. જ્યારે બીજા તીર્થંકરોમાંથી કેટલાકનો સંખ્યાતા અને કેટલાકનો અસંખ્યાત કાળ જાણવો.

મહાવીરસ્વામીનું શાસન એકવીસ હજાર વર્ષ સુધી રહેશે જ્યારે આવતી ઉત્સર્પિણીના છેલ્લા તીર્થંકરનું શાસન હજાર વર્ષ ન્યુન એક લાખ પૂર્વનો જાણવો. જેમકે ૮૪ લાખ પૂર્વના આયુષ્યવાળા ઋષભદેવે ૮૩ લાખ પૂર્વ ગૃહસ્થાશ્રમમાં રહી છેલ્લા પૂર્વમાં દીક્ષા લીધી અને હજાર વર્ષ છદ્મસ્થ રહ્યાં ત્યાર પછી કેવળજ્ઞાન થયું.

અરિહંતો નિયમા તીર્થંકર હોય છે, પણ તીર્થ હોતા નથી. જ્યારે સાધુ-સાધ્વી શ્રાવક અને શ્રાવિકા તીર્થ છે. મહાવ્રત-ધારીની જેમ અણુવ્રતધારી પણ તીર્થ સ્વરૂપ છે.

અરિહંતો નિયમા પ્રવચની હોય છે, જ્યારે આચારાંગાદિ પ્રવચન છે.

ઉગ્ર, ભોગ, રાજન્ય, ઇક્ષ્વાકૂ, જ્ઞાન, કૌરવ્ય કુળના ક્ષત્રિયો યદિ જૈન શાસનને માન્ય કરે તો સિદ્ધ બુદ્ધ યાવત્ નિર્વાણ પામે છે. જ્યારે કેટલાક દેવલોકમાં જાય છે.

શતક ૨૦ નો ઉદ્દેશો આઠમો પૂર્ણ.

# શતક ૨૦ મું : ઉદ્દેશક–૯

## વિદ્યા તથા ચારણોની વક્તવ્યતા :

હે પ્રભો ! ચારણો કેટલા કહ્યાં છે ?

જવાબમાં ભગવંતે વિદ્યાચારણ તથા જંઘાચારણ રૂપે બે પ્રકારે કહ્યાં છે. પોતાની લબ્ધિથી આકાશમાર્ગે અતિશય ગમન કરવાની શક્તિ વિશેષના માલિકને ચારણમુનિ કહેવાય છે. તેમાં પૂર્વગત શ્રુતદ્વારા ગમન કરનારને વિદ્યાચારણ અને જંઘાના વ્યાપારથી ગમન કરનારને જંઘાચારણ કહેવાય છે.

ભગવંતે ફરમાવ્યું કે નિરંતર છઠ્ઠ ( બે ઉપવાસ )ની તપશ્ચર્યા વડે અને પૂર્વગત શ્રુતરૂપ વિદ્યા વડે તપોલબ્ધિને પ્રાપ્ત થયેલો મુનિ વિદ્યાચારણ છે. જેની આકાશમાં ફરવાની શક્તિ ત્રણ લાખ, સોળ હજાર, બસો સત્યાવીશ યોજનની પરિધિવાળા જંબૂદ્વીપને કોઈ મહર્દ્ધિક દેવ ‘ આ કરૂં છું ’ એમ ત્રણ ચપટી વગાડે તેટલા કાળમાં આ મુનિ ત્રણવાર જંબુદ્વીપની પરિધિને ગતિ વડે પૂર્ણ કરે છે. તેમની તિર્યગ્ગતિ એક ઉત્પાત વડે માનુષોતર પર્વત ઉપર સ્થિર રહે છે અને ત્યાંના ચૈત્યો (જિનેશ્વર દેવના મંદિરો)ને વાંદી બીજા ઉત્પાતે નંદીશ્વરદ્વીપના ચૈત્યોને વાંદી ત્યાંથી ત્રીજા ઉત્પાતે પાછા પોતાના સ્થાને આવે છે. આજનો માનવ એકાદ ફૂટ ક્ષેત્રમાં પોતાનું પગલું માંડી શકે છે જ્યારે સાત્ત્વિક તપ–જપ–જ્ઞાન તથા પૂર્વજ્ઞાન આદિથી લબ્ધિ સંપન્ન મુનિ એક પગલે માનુષોતર, બીજે નંદીશ્વર અને ત્રીજે પગલે પોતાના સ્થાને આવી જાય છે.

એક ઉત્પાતે નંદનવન, બીજે પાંડુકવન અને ત્રીજે પોતાના સ્થાને આવે છે. શાશ્વત-અશાશ્વત જિન મંદિરોને જુહારવા માટે લબ્ધિસમ્પન્ન મુનિની આ ગતિ છે. આ પ્રમાણે અરિહંત મંદિરોને વાંદી નમીને પવિત્રાનુષ્ઠાન કર્યે છતે પણ ગમનાગમનનું પ્રતિક્રમણ જો કરવામાં આવે તો તે આરાધક છે, અન્યથા આરાધક નથી થતાં, સારાંશ કે સારામાં સારા શુદ્ધાનુષ્ઠાનોનું પ્રતિક્રમણ આવશ્યક છે.

નિરંતર અઠ્ઠમ અઠ્ઠમ ( ત્રણ ઉપવાસ ) વડે જે લબ્ધિ પ્રાપ્ત થાય તે જંઘા ચારણ છે. વિદ્યાચારણની લબ્ધિથી જંઘા ચારણની લબ્ધિ વિશેષ અધિક હોય છે, માટે દેવની ત્રણ ચપટીમાં આ મુનિ ૨૧ વાર પ્રદક્ષિણા કરે છે. એક ઉત્પાત વડે રુચકવર દ્વીપ, બીજે નંદીશ્વર દ્વીપ અને ત્રીજા ઉત્પાતે પોતાના સ્થાને આવી જાય છે.

શતક ૨૦ નો ઉદ્દેશો નવમો પૂર્ણ.

# શતક ૨૦ મું : ઉદ્દેશક–૧૦

## આયુષ્યાદિ માટેની વક્તવ્યતા :

હે પ્રભો ! જીવો સોપક્રમ આયુષ્યવાળા છે કે નિરુપક્રમ આયુષ્યવાળા છે ?

જવાબમાં ભગવંતે કહ્યું કે–હે ગૌતમ ! જીવો બન્ને પ્રકારના આયુષ્યવાળા છે.

નારકો, દેવો, અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચો અને મનુષ્યો, ઉત્તમ પુરુષો, અને ચરમ શરીરવાળા–નિરુપક્રમી આયુષ્યવાળા જ હોય છે, શેષ બધાય જીવો બન્ને પ્રકારના જાણવા.

સમય પૂર્ણ થયા પહેલા, શસ્ત્ર, વિષ, પર્વત ઉપરથી પડવું. નદી, વાવડીમાં પડવું, સર્પ, વાઘ, સિંહ આદિથી મરવું, વધારે ભૂખ તરસથી મરવું આદિ થાય તે સોપક્રમ અર્થાત્ મરવાના નિમિત્તો મલ્યે વચ્ચે જ યાત્રા સંકેલી લેવી તે સોપ્રક્રમ આયુષ્યને આભારી છે.

નારકો નરકમાં આત્મોપક્રમ પરોપક્રમ અને નિરુપક્રમ વડે ઉત્પન્ન થાય છે.

પોત પોતાના વડે પૂર્વભવના આયુષ્યને ઘટાડી ઉત્પન્ન થાય તે આત્મોપક્રમ કહેવાય છે.

બીજા વડે પૂર્વભવનું આયુષ્ય ઘટાડી ઉત્પન્ન થાય તે પરોપક્રમ અને આયુષ્યને ઘટાડ્યા વિના ઉત્પન્ન થાય તે નિરુપક્રમ છે.

નારકો નરકમાંથી કેવળ નિરુપક્રમ વડે જ ઉદ્વર્તે છે. પણ પોતાની મેળે કે પારકા વડે તેમના આયુષ્યનો ક્ષય થતો નથી. દેવો માટે પણ જાણવું.

જ્યારે પૃથ્વીકાયિકોથી લઈ મનુષ્યો સુધીના જીવો ત્રણે પ્રકારે ઉદ્વર્તે છે.

નારકો કતિ સંચિત, અકતિ સંચિત અને અવ્યક્ત સંચિત હોય છે.

બીજી ગતિમાંથી આવી એક સમયે સંખ્યાતા ઉત્પન્ન થાય તે કતિ સંચિત કહેવાય છે. અસંખ્યાતા ઉત્પન્ન થાય તે અકતિ સંચિત અને એક જ ઉત્પન્ન થાય તે અવ્યક્ત સંચિત જેમાં બે સંખ્યાથી શીર્ષ પહેલિકા સુધી ગણત્રી થાય તે સંખ્યાતા કહેવાય છે, અને ત્યાર પછી અસંખ્યાતા.

નારકો ત્રણ પ્રકારના છે કેમકે એક સમયે એકથી લઈ અસંખ્યાતા સુધીના જીવો નરકમાં જનારા હોય છે.

પૃથ્વીકાયિકાદિ પાંચ દંડક અકતિસંચિત છે. કારણ કે એક સમયમાં અસંખ્યાતા ઉત્પન્ન થાય છે અને વનસ્પતિકાયિકો અનંત છે.

સિદ્ધાત્માઓ અકતિ સંચિત નથી કેમકે એક સમયે એકથી લઈ સંખ્યાત સુધી જીવો સિદ્ધ બને છે.

ઋષભદેવના નિર્વાણ સમયે ૧૦૮ સંખ્યામાં સિદ્ધ થયાં છે, જય હો સિદ્ધ ભગવંતોનો ! અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરનારા પુણ્યાત્માઓનો !

શતક ૨૦ નો દશમો ઉદ્દેશો પૂર્ણ.

## સમાપ્તિ વચન

અજ્ઞાનીઓના અજ્ઞાનાંધકારને ભેદવામાં ઝળહળ સૂર્ય જેવા સંયમ અને બ્રહ્મચર્યની સાધના વડે ચમકતા શુક્રના તારા જેવા, ઉપદેશામૃત વડે જીવાત્માઓના કષાયને શાંત કરવામાં ચન્દ્ર જેવા, જર્મન, ફ્રાંસ, ઇટાલી, અમેરિકા, યુરોપ આદિ દેશોના વિદ્વાનોને જૈન ધર્મનો પરિચય કરાવવામાં બ્રહ્મા જેવા.

સ્યાદ્વાદ–નયાદિ તત્ત્વ દ્વારા ભારતીય વિદ્વાનોની ધાર્મિક રક્ષા કરવામાં વિષ્ણુ જેવા, અને અજ્ઞાન–મિથ્યાભ્રમ તથા રૂઢીવાદને દફનાવવામાં શંકર જેવા શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય ૧૦૦૮ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ, દેવાધિદેવ, ભગવાન મહાવીરસ્વામીની ૭૪ મી પાટપરંપરાને દેદીપ્યમાન કરી જગતમાં અમર થયા છે. તેમના ઘણા શિષ્યોમાં, શાસનદીપક, સ્વ. મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજ પોતાની સાહિત્ય રચના, વક્તૃત્વકળા આદિ સદ્‌ગુણોથી જૈન જૈનેતરોમાં પ્રસિદ્ધિને પ્રાપ્ત થયેલા હતાં. તેમનાં શિષ્ય ન્યાય વ્યાકરણ કાવ્ય તીર્થ પંન્યાસ શ્રી પૂર્ણાનન્દવિજયજીએ (કુમારશ્રમણે) પોતાના શ્રુતજ્ઞાનના અભ્યાસ માટે, મતિજ્ઞાનના વિકાસ માટે અને સ્વાધ્યાયની વૃદ્ધિ માટે ભગવતી સૂત્ર જેવા આગમ ગ્રન્થ ઉપર યથામતિ વિવેચના કરી છે.

शुभं भूयात् सर्वेषां जीवानाम् ।।
सर्वे जीवा अहिंसा तन्त्र प्राप्नुयुः ।।

## શતક ૨૦ મું પૂર્ણ

સં. ૨૦૩૫, અક્ષય તૃતીયા, મુંબઈ સાંતાક્રુઝ (વેસ્ટ)ના ઉપાશ્રયે આ પ્રસ્તુત પુસ્તક સંપન્ન થયું.

**ભગવતી સૂત્ર સાર સંગ્રહ ભાગ ત્રીજો**

## સમાપ્ત.

# શુદ્ધિપત્રક

| અશુદ્ધિ | શુદ્ધિ | પૃષ્ઠ | પંક્તિ |
|---|---|---|---|
| ણેમાં | ણોમાં | ૨૧ | ૬ |
| ગવ: | ગર્વ: | ૨૧ | ૧૫ |
| ત્યજ | ત્યજં | ૨૩ | ૩ |
| ત્યજ | ત્યજં | ૨૩ | ૪ |
| દભ | દંભ | ૨૩ | ૪ |
| લોચલ | લોચમલ | ૨૩ | ૫ |
| પદ | પર | ૨૪ | ૮ |
| પરણ્યાં હતાં | પરણી હતી | ૨૭ | ૩ |
| હતા | હતી | ૨૭ | ૫ |
| નન્તે | નન્તૈ | ૩૧ | ૧૧ |
| ચમાં | ચ | ૩૯ | ૧ |
| ત્વ | ત્વં | ૪૦ | ૧૭ |
| અને જે વ્યક્તિઓને મળેલી દક્ષતા સારા માટે છે | ૦ | ૪૨ | ૧૯ |
| શ્યતે | સ્યતે | ૪૩ | ૫ |
| સ્પશ | સ્પર્શ | ૭૩ | ૭ |
| યાગાત્ | યોગાત્ | ૭૩ | ૧૩ |
| કમ | કર્મ | ૭૩ | ૨૨ |
| રોષ | શેષ | ૭૫ | ૯ |
| નિદિત | નિંદિત | ૭૭ | ૧૯ |
| બધ | બંધ | ૮૮ | ૯ |
| અહોરાત્રમાં | પ્રત્યેક રાશિમાં | ૯૮ | ૧૬ |
| જે સંસાર | જેથી સંસાર | ૧૦૧ | ૭ |
| પર | પરક | ૧૧૭ | ૧૧ |
| ચયતે | ચયંતે | ૧૪૧ | ૧૧ |
| થયું | ધાયું | ૧૫૧ | ૧૭ |
| કથમ્ | કથનમ્ | ૧૫૯ | ૧ |

| અશુદ્ધિ | શુદ્ધિ | પૃષ્ઠ | પંક્તિ |
|---|---|---|---|
| કદાગ્ર | ૦ | ૧૬૭ | ૧૪ |
| પ્રયોય | પ્રયોગ | ૧૬૮ | ૨૦ |
| ડંટ | ડેંટ | ૧૬૯ | ૧૫ |
| ને માટે | ને ૦ | ૧૬૯ | ૨૪ |
| ૧૮૦૦૦ | ૧૮૦૦૦૦ | ૧૭૪ | ૬ |
| હેય | હોય | ૧૭૯ | ૧૮ |
| પોગ્ગ | પોગ્ગ | ૧૮૭ | ૧૭ |
| જેવાં હતાં | જેવું હતું | ૧૯૭ | ૨૨ |
| સાજા આવ્યા | ૦ આવ્યો | ૧૯૮ | ૨૧ |
| બેઠા | બેઠો | ૧૯૮ | ૨૨ |
| પરલોકના નાશમાં | ૦ | ૨૦૯ | ૯ |
| ત્યા | ત્યાની | ૨૧૫ | ૮ |
| પાંચ ભેદે અને | ૦ | ૨૧૯ | ૯ |
| ધાર | ધારા | ૨૩૧ | ૧૦ |
| માંથી | ૦ | ૨૩૫ | ૧૪ |
| સવ | સર્વ | ૨૪૬ | ૨૫ |
| નંબરના | નંબરના મિથ્યાત્વી | ૨૫૨ | ૨૩ |
| યના | યતા | ૨૭૫ | ૧૫ |
| રસ | રસ્ર | ૨૭૭ | ૯ |
| ચાય | આય | ૨૭૭ | ૧૦ |
| શુદ્ર | શુક્ર | ૨૯૩ | ૧૭ |
| ખાન | ધાન | ૨૯૭ | ૫ |
| કરતા રહેતા હતાં | કરતો રહેતો હતો | ૨૯૭ | ૧૬ |
| ઘણુ | ઘણા | ૩૦૫ | ૨૩ |
| મનની | મતની | ૩૧૦ | ૧૯ |
| સ્રસત્ય | અસત્ય | ૩૧૧ | ૧૯ |
| કે કેમ | જેમ કેઃ– | ૩૩૪ | ૧૩ |
| શીલ | રહીત | ૩૪૪ | ૨૨ |
| તેમને | તેમ તે | ૩૫૩ | ૨ |

| અશુદ્ધિ | શુદ્ધિ | પૃષ્ઠ | પંક્તિ |
|---|---|---|---|
| દેવાનું | દેવાતું | ૩૫૩ | ૮ |
| પ્રર્યા | પર્યા | ૩૫૩ | ૧૯ |
| મોગા | માં ગાયન | ૩૫૫ | ૧૮ |
| વાચન | પાચન | ૩૫૬ | ૨૩ |
| જ્ઞાન | જ્ઞાત | ૩૬૫ | ૧૫ |
| વીંદ | વંદિ | ૩૬૭ | ૧૪ |
| જેવા | ૦ | ૩૭૫ | ૨૦ |
| માંથી | માં | ૩૯૪ | ૨ |
| વહુન | વહુત | ૪૦૮ | ૨ |
| ચરમોચરમ | ચરમાચરમ | ૪૧૪ | ૧૦ |
| જન્મ | જન્ય | ૪૨૮ | ૯ |
| સુંદર | સુંદરતા | ૪૩૫ | ૫ |
| જોવા માટે | જોવા ૦ | ૪૩૫ | ૧૬ |
| શતિ | શીત | ૪૪૨ | ૨૦ |
| પ્રણિધાત | પ્રણિધાન | ૪૪૮ | ૧ |
| દાઠા | દાઢા | ૪૫૩ | ૧૬ |
| પ્રાણિધાત | પ્રણિધાન | ૪૬૭ | ૬ |
| શબ્દથી | શબ્દ | ૪૬૮ | ૧૧ |
| બન્યો | થી બન્યો | ૪૬૮ | ૧૨ |
| ધરાવવા | ધરાવતી | ૪૭૧ | ૨૨ |
| ભાવિને | ભાવિના | ૪૭૩ | ૧૯ |
| નીમાયા | ની માયા | ૪૭૪ | ૨૪ |
| અને | અને વર્તમાન | ૪૭૯ | ૧૨ |
| ત્રણ | ૦ | ૪૮૪ | ૩ |
| જીવ | ૦ | ૪૮૫ | ૪ |
| પભુ | પણ | ૪૮૫ | ૧૨ |
| રણૌ | રિણૌ | ૪૯૩ | ૨ |
| મલાઇ માટે | મલાઈ ચાટે | ૪૯૮ | ૧૮ |
| કેફ્ટ | ફેફ્ટ | ૪૯૮ | ૨૫ |

| અશુદ્ધિ | શુદ્ધિ | પૃષ્ઠ | પંક્તિ |
|---|---|---|---|
| કરરાથી | કરવાથી | | ૨૧ |
| દિવસ | દિવશ | | ૧૧ |
| શુક્રે | શુકલ | ૫૨૦ | ૪ |
| दह्योडए | दह्योऽहं | ૫૩૪ | ૯ |
| ભગો | ભાંગો | ૫૩૪ | ૨૨ |
| प्रेर्पा | प्रेर्या | ૫૪૭ | ૧૧ |
| वी | वा | ૫૪૭ | ૧૧ |
| ભોગ્ય | ૦ | ૫૪૭ | ૧૪ |
| તેઓ | તેનાથી | ૫૪૭ | ૧૫ |
| કારણુ | કરણુ | ૫૪૭ | ૧૯ |
| कारणम् | करणम् | ૫૫૪ | ૮ |
| હુયા | હુયા | ૫૫૮ | ૧૩ |
| व्रति | वृंति | ૫૭૪ | ૧૬ |
| શાસ્ત્રો | શસ્ત્રો | ૫૭૬ | ૧૩ |
| योन्य | योन्या | ૫૯૩ | ૧ |
| કર્ણેંજવ | કર્ણેંજપ | ૫૯૭ | ૧૩ |
| ગમતે | ગમતો | ૫૯૯ | ૧૩ |
| वाध्य | वादय | ૬૦૦ | ૨૦ |
| तुभ्यम् | तुल्यम् | ૬૦૦ | ૨૧ |
| क्लु | क्लृ | ૬૦૦ | ૨૨ |
| सद्र | रुद्र | ૬૦૦ | ૨૨ |
| જીવને | જીવ | ૬૦૧ | ૨૩ |
| હતો | ઈતો | ૬૧૩ | ૨૪ |
| નારકો | કારકો | ૬૧૭ | ૧૫ |
| મરનાર | મળનાર | ૬૨૫ | ૨ |

# પંન્યાસ શ્રી પૂર્ણાનન્દવિજયજીના
## અન્ય પુસ્તકો :

| | |
|---|---|
| ૧; ભગવતી સૂત્ર સાર સંગ્રહ ભાગ ૧ (આવૃત્તિ બીજી) મૂલ્ય | ૮-૦૦ |
| ૨. ભગવતી સૂત્ર સાર સંગ્રહ ભાગ ૧ (હિન્દી આવૃત્તિ) | ૧૦-૦૦ |
| ૩. ભગવતી સૂત્ર સાર સંગ્રહ ભાગ ૨ શતક ૬ થી ૧૧ પેજ ૬૦૦ | ૮-૦૦ |
| ભગવતી સૂત્ર સાર સંગ્રહ ભાગ ૩ શતક ૧૨ થી ૨૦ | ૧૦-૦૦ |
| ૪. બારવ્રત (આવૃત્તિ ત્રીજી) ગુજરાતી | ૧-૫૦ |
| ૫. ભગવાન શ્રી મહાવીરસ્વામીનું દિવ્ય જીવન ગુજરાતી | ૧-૦૦ |
| ૬. શ્રી મહાવીરસ્વામીએ કહ્યું કે ... ... | અમૂલ્ય |
| ૭. સિદ્ધશિલાના સોપાન | ,, |
| ૮. કેવળજ્ઞાનની પગદંડી | ,, |

-: પ્રાપ્તિસ્થાન :-

૧ જગજીવનદાસ કસ્તૂરચંદ શાહ
વિદ્યાવિજય સ્મારક ગ્રંથમાલા,
પો. સાઠંબા (સાબરકાંઠા) (A. P. Rly)

૨ સોમચંદ ડી. શાહ
જીવન નિવાસ સામે, પાલીતાણા (સૌરાષ્ટ્ર)

૩ મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
ગોડીજી ચાલ, ૧ માળે, કીકાસ્ટ્રીટ, મુંબઈ-૩.

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ ૩૮૦ ००૧